
દર્શન અને ચિંતન ગ્રંથમાળા

૪

# દાર્શનિક ચિંતન

પંડિત સુખલાલજી





દર્શન અને ચિંતન ગ્રંથમાળા-૪

# દાર્શનિક ચિંતન

પં. સુખલાલજી

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

**Darshanik Chintan**
by Pandit Sukhlalji
Published by Gurjar Grantha Ratna Karyalaya
Opp. Ratanpolnaka, Gandhi Road,
Ahmedabad - 380 001

© પરિચય ટ્રસ્ટ

પહેલી આવૃત્તિ : ડિસેમ્બર ૨૦૦૩
(દર્શન અને ચિંતન ભા. ૨(૧૯૫૭)ના
દાર્શનિક ચિંતન વિભાગનાં કેટલાંક લેખોનું
પુનર્મુદ્રણ તથા અન્ય ૧૩ નવા લેખો સાથે)

પ્રત : ૭૫૦

પૃષ્ઠસંખ્યા : **૧૦+૨૫૭**

કિંમત : રૂ. ૧૫૫

પ્રકાશક
અમરભાઈ ઠાકોરલાલ શાહ
**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

ટાઇપસેટિંગ
**શારદાબહેન ચિમનભાઈ ઍજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર**
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

મુદ્રક
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

# પ્રકાશકીય

પં. સુખલાલજી એટલે ગુજરાતનું ગૌરવ અને ભારતીય દર્શનની આગવી પ્રતિભા. તેમના નામનું સ્મરણ થતાં જ સાહિત્ય, ભાષા, ધર્મ અને દર્શનના જીવતા જાગતા વિશ્વવિદ્યાલયનું સ્મરણ થઈ આવે. તેમના લખાણમાં સાગર જેવું ગાંભીર્ય અને સ્ફટિકરત્ન જેવી પારદર્શકતા, વિચારોમાં સચ્ચાઈની સાધનાનો રણકાર અને પ્રસ્તુતિમાં સરળતા સહેજે જણાઈ આવે. તેમના વિચારો, ચિંતન અને મનન સાગર જેવું અગાધ હોવા છતાં ક્યાંય જ્ઞાનનું અભિમાન, વિદ્યાનું ગૌરવ કે જાણકારીનો અહં જોવા ન મળે અને જેટલું કહે તે બધું જ જાણે અતળ ઊંડાણમાંથી નીકળી રહ્યું હોય તેમ જણાય, છતાંય હંમેશાં સત્ય સ્વીકારવા અને નવાં તથ્યો પ્રાપ્ત થતાં, પોતાના વિચારોને કે મતને પરિવર્તિત કરવો પડે તો તે પણ સહર્ષ કરવાની તત્પરતા. મનની ઉન્મુક્ત દશા આવા અનેક ગુણોથી યુક્ત તેમનું જીવન હતું. તેમની સાધના માત્ર જ્ઞાન સુધી જ સીમિત ન હતી. આચાર અને વિચારનાં તમામ ક્ષેત્રો સુધી વિસ્તરેલી હતી. તેમના લેખો વર્ષો પૂર્વે લખાયેલા હતા છતાં આજેય પ્રસ્તુત છે. કોઈ ઋષિનાં ઉપનિષદ્‌વાક્યો વાંચતા હોઈએ તેવો આ લખાણ વાંચતાં અનુભવ થાય. આ લખાણો પૂર્વે 'દર્શન અને ચિંતન'માં પ્રગટ થયાં હતાં પણ છેલ્લાં કેટલાંય વર્ષોથી તે અપ્રાપ્ય થયાં હતાં તેને પુનઃ પ્રકાશિત કરતાં અમે અત્યંત હર્ષ અને આનંદની લાગણી અનુભવીએ છીએ.

પં. સુખલાલજીનો ગૂર્જર સાથેનો આત્મીય સંબંધ રહ્યો છે. ગૂર્જરની યાત્રાના આરંભનાં વર્ષોમાં તેમની પ્રેરણા અને માર્ગદર્શનરૂપી સંબલ (ભાથું) સતત મળતું રહ્યું છે. તેમનો અમારી સંસ્થા ઉપરનો ઉપકાર અનન્ય છે. તે ઉપકારના ભારથી મુક્ત થવું તો અસંભવિત છે પણ તેમના ભારને કંઈક હળવો કરવા તેમના વિચારોને જીવંત રાખવા અને તેમની ચિંતનની ગંગાને વહેતી રાખવાના આ પ્રયાસ દ્વારા ઋણસ્વીકાર સ્વરૂપે પ્રસ્તુત ગ્રંથમાળાનું અમે પુનઃ મુદ્રણ કરી રહ્યા છીએ.

આ કાર્યમાં અમને પરિચય ટ્રસ્ટે પૂરો સહયોગ આપ્યો છે. તેમના સહયોગ વિના અમારી ભાવનાને મૂર્ત સ્વરૂપ ન જ મળી શકત. આ ક્ષણે અમે પરિચય ટ્રસ્ટના ટ્રસ્ટીમંડળનો તથા ચંદ્રકાન્તભાઈ શાહનો આભાર માનીએ છીએ. આ ગ્રંથમાળાનું સંપાદનકાર્ય લા. દ. ભારતીય વિદ્યામંદિરના નિયામક પંડિત જિતેન્દ્ર બી. શાહે તેમનું પોતાનું જ કામ સમજીને ખંતથી કરી આપેલ છે તે બદલ તેમનો પણ આભાર માનીએ છીએ.

—ગૂર્જર પરિવાર

# મોતીનો ચારો

ભારતની ભૂમિ એટલે ધર્મસંસ્થાપકો, ધર્મોપદેશકો, તત્ત્વજ્ઞાનીઓ અને ચિંતકોની ભૂમિ. આ ભૂમિએ અનેક મહાત્માઓ અને તત્ત્વચિંતકોને જન્મ આપ્યો છે. પ્રાચીનકાળથી જ ધર્મ અને દર્શનનું ઊંડું ચિંતન થવા લાગ્યું હતું. સમયે સમયે થયેલા મહાપુરુષોએ આ તત્ત્વચિંતનને સિંચ્યું છે. આજે તે વટવૃક્ષ સમાન બન્યું છે. વેદ, ઉપનિષદ, આગમ અને પાલિત્રિપિટક ભારતીય તત્ત્વજ્ઞાનના અમૂલ્ય ભંડાર સમાન છે. તેમાં ભારતીય સંસ્કૃતિના મૂળભૂત મૌલિક વિચારોનો સંગ્રહ થયેલો છે. આ ગ્રંથો વિશ્વના પદાર્થોના વાસ્તવિક જ્ઞાનની માત્ર ચર્ચા જ નથી કરતા પરંતુ તેમાં વિષયોનું વાસ્તવિક જ્ઞાન ઉપરાંત તે દ્વારા જીવનશોધન કરવા માટે દોષોને નિર્મૂળ કરવાની પદ્ધતિ અને અંતે મોક્ષ પ્રાપ્ત કરવાની કળા પણ દર્શાવી છે. આ ભારતીય પરંપરાની વિશેષતા છે. આ ભારતીય ચિંતનને પછીના કાળના ઋષિમુનિઓએ અને વિદ્વાનોએ ટીકાગ્રંથો અને મૌલિક ગ્રંથોની રચના દ્વારા વધુ સમૃદ્ધ બનાવ્યું છે. આજે તો આ સમગ્ર સાહિત્યનો વ્યાપ, આપણે આશ્ચર્ય અનુભવીએ તેટલો વિશાળ છે. પણ ખરી વિશેષતા તો એ છે કે ભારતીય ધર્મ કે દર્શનની કોઈ પણ એક શાખાનું જ્ઞાન મેળવવા માટે પણ ભારતની અન્ય તમામ શાખા-પ્રશાખાનું જ્ઞાન આવશ્યક છે. અન્યથા ભારતીય ધર્મ-દર્શનનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થતું નથી. પંડિત સુખલાલજીએ આ તમામ શાખાઓ અને પ્રશાખાઓનું સંપૂર્ણ અધ્યયન કર્યું હતું તે તેમનાં લખાણોનું ઊંડાણ અને તેમાં રહેલી વિગતોથી જાણવા મળે છે.

ભારતીય દર્શનોની મુખ્ય ત્રણ શાખા વૈદિક, બૌદ્ધ અને જૈન. તે ત્રણેય શાખાઓનાં રચાયેલાં તમામ દાર્શનિક સાહિત્યનો અભ્યાસ, લુપ્ત થયેલી શાખાઓનાં બીજો શોધવા માટે પ્રાપ્ત સાહિત્યનો ઊંડાણપૂર્વક અભ્યાસ અને આ અભ્યાસ પણ નિષ્પક્ષપણે, પૂર્વગ્રહ અને હઠાગ્રહ કે કદાગ્રહ વગર કરવો એમ કરતાં કરતાં કેટલીય રૂઢ થયેલી માન્યતાઓને ત્યાગવી અને તેનો પણ છેદ ઉડાવવો, આમ કરવા જતાં સમાજ અને ધર્મનો આક્રોશ સહન

કરવો પડે તો પણ હસતામુખે સહન કરવો અને આવા કાર્ય માટે કોઈ પણ આપત્તિ, મુશ્કેલી કે કઠિનાઈ સહન કરવી પડે તો તે સમતાપૂર્વક સહન કરીને પણ પ્રાપ્ત થયેલ સત્યને છોડવું નહીં તે પંડિત સુખલાલજીના જીવનની વિશેષતા હતી. આમ છતાં પ્રાપ્ત થયેલ કે તારવેલ મંતવ્યોમાં કોઈ નવાં તથ્યો પ્રાપ્ત થતાં તે મતવ્યોને બદલવા પડે તો તેને બદલવામાં જરાય સંકોચ નહીં તે બદલાયેલ મંતવ્યને પણ જાહેર કરે. આવી તેમની સત્યસાધના હતી.

પંડિત સુખલાલજીનો મુખ્ય વિષય દર્શન હતો. એટલે તેમનાં લખાણોમાં દાર્શનિક ચિંતન સહજરૂપે જોવા મળે. પણ આ ચિંતનમાં ક્યાંય સાંપ્રદાયિક અભિનિવેશ કે અન્ય દર્શનને હલકા ચીતરવાની પ્રવૃત્તિ જોવા ન મળે. જે અને જેટલું લખાય તે બધું ઊંડા ચિંતન, અનેક આધારો, વિભિન્ન વિચારધારાઓ સાથે તુલનાઓ કર્યા બાદ જ લખાય. પૂર્વાવસ્થામાં તેમણે સંસ્કૃત ભાષામાં લેખો લખવાનો વિચાર કર્યો હતો પરંતુ તે લોકભાષા ન હોવાથી અંતે તેમણે ગુજરાતી-હિન્દી ભાષામાં જ લખવાનું નક્કી કર્યું અને આજે તેમના ચિંતનનું નવનીત પ્રાપ્ત થાય છે.

નવ્યન્યાયના જનક ગંગેશ ઉપાધ્યાયના તત્ત્વચિંતામણિ અને તેના ઉપરની ટીકાઓ તથા નવ્યન્યાયના અન્ય ગ્રંથોના અધ્યયનથી તેમની પ્રજ્ઞા અત્યંત સૂક્ષ્મ, તીક્ષ્ણ અને વેધક બની હતી.

નવ્ય ન્યાય માટે કહેવાય છે કે તેની શૈલી વાળની પણ ખાલ ઉતારે તેટલી જટિલ છે. આવી જટિલ શૈલીનો અભ્યાસ વગર ચક્ષુએ તે સમયના મહાપંડિત બાલકૃષ્ણ મિશ્ર પાસે કર્યો. તેમની અધ્યયનની ઊંડી તાલાવેલી અને તીવ્ર સ્મરણશક્તિ જેવા ગુણોથી તેમના ગુરુઓ પણ તેમના પ્રતિ વિશેષ સ્નેહ ધરાવતા હતા. આ દર્શનના અધ્યયન પછી અધ્યાપન અને લેખનકાળમાં તેમણે પ્રાપ્ત જ્ઞાનને આધારે અનેક ગ્રંથોનું સંપાદન કર્યું હતું. સમયે સમયે દર્શનનાં વિવિધ પાસાંઓ ઉપર લેખ લખ્યા હતા અને પ્રવચનો આપ્યાં હતાં. આ દાર્શનિક લેખોનો સંગ્રહ પ્રસ્તુત ગ્રંથમાં કરવામાં આવ્યો છે.

ભારતીય પરંપરામાં તો ડૉ. રાધાકૃષ્ણન્, શ્રી અરવિંદ, ડૉ. ભગવાનદાસ, હિરયન્ના, વિધુશેખર ભટ્ટાચાર્ય જેવા દાર્શનિકોએ ભારતીય દર્શન સાહિત્યને સમૃદ્ધ બનાવવામાં અને લોકભાષામાં ઉતારવામાં ઘણું મહત્ત્વપૂર્ણ યોગદાન આપેલુ છે. પણ ગુજરાતમાં ગુજરાતી ભાષામાં તત્ત્વજ્ઞાનના ગ્રંથો ખૂબ જ અલ્પ સંખ્યામાં રચાયા છે. એટલું જ નહીં પણ જૂજ સંખ્યામાં રચાયેલા સાહિત્યમાં પણ પ્રમાણભૂત કહી શકાય તેવું સાહિત્ય

તો સાવ અલ્પ જ છે. આ ખોટ પંડિતજીને પણ સાલતી હતી તેથી તેઓ લોકભાષા ગુજરાતીમાં જ તત્ત્વચિંતનના ગ્રંથો લખાય તેવો આગ્રહ સેવતા હતા. આવા આગ્રહને કારણે જ તેમણે પણ ગુજરાતી ભાષામાં જ પોતાનું ચિંતન રજૂ કર્યું છે. તેનાથી ગુજરાતી ભાષા અને ભારતીય ચિંતન સમૃદ્ધ થયાં છે. તેમના ગુજરાતી ભાષામાં લખાયેલા દાર્શનિક લેખોમાં ઊંડું ચિંતન, અનેક ગ્રંથોનું દોહન, સરળ ભાષા અને સ્પષ્ટ વિચારો જોવા મળે છે.

ભારતીય દર્શનોમાં આધ્યાત્મિક વિકાસક્રમમાં લેખમાં સાંસારિક અવસ્થાથી માંડી મોક્ષ સુધીની પ્રક્રિયાનો ભારતની ત્રણે મુખ્ય ધારાઓનું તુલનાત્મક શૈલીએ ચિંતન અને ત્રણેય ધારાઓની તાત્ત્વિક એકતાનું ચિંતન વાંચતાં જ તેમની સૂક્ષ્મ પ્રજ્ઞાનો વિશાળ વાચનનો, નિષ્પક્ષદૃષ્ટિ અને સમન્વયાત્મક અભિગમનો પરિચય થાય છે. આ લેખ તત્ત્વ જિજ્ઞાસુઓને ભારતીય તત્ત્વચિંતનની અપૂર્વ સમૃદ્ધિનો ખ્યાલ અપાવે છે. વેદ, ઉપનિષદ, બૌદ્ધ, જૈન આદિ તમામ પરંપરાના ગ્રંથો પંડિતજીને જાણે કે આત્મસાત્ થયેલા હોય તેમ જણાય છે. ઝીણામાં ઝીણી વિગતો અને તેમાં પડેલા વિચારબીજોનું સંકલન જોવા મળે છે.

ગુજરાતી ભાષામાં દાર્શનિક તત્ત્વજ્ઞાનના ગ્રંથો રચાય તે તેમનું સ્વપ્ન હતું. લોકભાષામાં દાર્શનિક ગ્રંથોનો અભાવ તેમને સાલતો હતો. લોકભાષામાં આવા ગ્રંથોના અભાવને કારણે લોકોમાં દાર્શનિક અભિરુચિનો અભાવ અને ધીરે ધીરે મૂળગ્રંથો પ્રત્યે પણ ઉદાસીન ભાવ જોવા મળે છે. આજે પણ ગુજરાતી ભાષામાં આવા સાહિત્યની ઊણપ વર્તાય છે. તેમણે પચાસ વર્ષ પૂર્વે આપેલ વ્યાખ્યાનના વિચારો આજે પણ આપણને જાણે કે ઢંઢોળી રહ્યા છે.

સંસાર અને ધર્મનું અનુશીલન. આમ તો આ સંસાર અને ધર્મ નામના ગ્રંથનું પંડિતજીએ કરેલ અનુશીલન છે. પણ આ લેખમાં ભારતીય દર્શનને લગતા અનેક વિષયોનું ચિંતન હોવાથી તેને પરિશીલન નામના વિભાગને બદલે આ વિભાગમાં સમાવિષ્ટ કર્યો છે. આ લેખમાં તત્ત્વજ્ઞાન અને ધર્મનો પરસ્પર સંબંધ દર્શાવ્યો છે. અને જણાવ્યું છે કે તત્ત્વજ્ઞાનનું પર્યવસાન ધર્માચારમાં જ થવું જોઈએ. જે તત્ત્વજ્ઞાન ધર્માચારમાં ન પરિણમે તેને તત્ત્વજ્ઞાન કહેવાનો શો અર્થ ? અને ધર્માચાર પણ તે જ મુખ્ય હોઈ શકે જેમાં પ્રથમ માનવતાની શુદ્ધિવૃદ્ધિ અભિપ્રેત હોય ત્યાર બાદ જ અને તેનાથી સંબદ્ધ જ સર્વભૂતહિતનો વિચાર યોગ્ય ગણાય, માનવતાનું પૂરેપૂરું પોષણ ન થતું હોય ત્યારે સર્વભૂતહિતગામી ધર્માચારો પણ શુષ્ક થઈ જાય છે. આમ

તેમણે ધર્મ અને તત્ત્વજ્ઞાનના તાત્ત્વિક સંબંધની સરળ ભાષામાં રજૂઆત કરી છે.

સ્ત્રીજાતિ આગમોનો અભ્યાસ કરી શકે કે કેમ ? આ વિવાદિત પ્રશ્નનો ઇતિહાસ ઘણો પ્રાચીન છે તેના જવાબો પણ સમયે સમયે અપાયા છે. અહીં પંડિતજીએ આ પ્રશ્નનું તાત્ત્વિક ચિંતન રજૂ કર્યું છે. આ પ્રશ્નનો જવાબ તેમણે રૂઢ માનસ કે ધાર્મિક પરંપરાગત માન્યતાને આધારે નહીં પરંતુ તર્કદૃષ્ટિએ અને શાસ્ત્રોની મર્યાદાની દૃષ્ટિએ ચર્ચ્યો છે.

આ લેખોમાં ભારતીય તત્ત્વજ્ઞાનનાં મૂળભૂત તત્ત્વો જીવ, જગત, ઈશ્વર ઉપર ગંભીર ચિંતન સરળ ભાષામાં રજૂ કર્યું છે. ભારતીય તત્ત્વજ્ઞાનના અભ્યાસુએ આ લેખમાળા અવશ્ય વાંચવા વિચારવા લાયક છે. લેખોમાં લૌકિક અને લોકોત્તર, વ્યવહાર અને નિશ્ચય, સંવૃત્તિ અને પરમાર્થ, વ્યવહાર અને પારમાર્થિક, નેયાર્થ અને નીતાર્થ, માયા અને સત્ય જેવા શબ્દયુગલો, પરંપરાગત વિચારણાઓ, સાંપ્રદાયિકતા વગેરે દ્વારા ભારતીય શાસ્ત્રોમાં થયેલ વિચારોત્ક્રાન્તિનો ઇતિહાસ રજૂ થયો છે.

તત્ત્વજિજ્ઞાસુઓ માટે મોતીના ચારા જેવું ચિંતન છે. આ લેખમાળામાં રજૂ થયેલા લેખોમાં ભારતીય પરંપરાના અત્યંત શુષ્ક અને જટિલ એવા તત્ત્વજ્ઞાનના વિષયને અત્યંત સરળ અને રોચક શૈલીમાં ગુજરાતી ભાષામાં રજૂ કર્યો છે. તત્ત્વજ્ઞાનના અભ્યાસુને આ લેખો નવી દિશા આપે તેવા છે અને સંશોધન કેવી રીતે કરવું જોઈએ ? ચિંતનની ભૂમિકા કેવી હોવી જોઈએ ? વગેરે માટે માર્ગદર્શન આપે તેવા લેખો છે. વારંવાર વાંચવા અને વિચારવા લાયક આ લેખોએ ગુજરાતી સાહિત્ય અને વિશેષ તો ગુજરાતી ભાષામાં દાર્શનિક સાહિત્યને સમૃદ્ધ કર્યું છે.

—જિતેન્દ્ર બી. શાહ

# અનુક્રમણિકા


૧. ભારતીય દર્શનોમાં આધ્યાત્મિક વિકાસક્રમ ........................ ૧
૨. ગુજરાતી ભાષામાં દાર્શનિક તત્ત્વજ્ઞાન ........................ ૧૪
૩. 'સંસાર અને ધર્મ'નું અનુશીલન ........................ ૨૧
૪. સ્ત્રીજાતિને દૃષ્ટિવાદ અંગ ભણવાના નિષેધ પર એક વિચાર ... ૩૭
૫. બ્રહ્મ અને સમ ........................ ૪૨
૬. ભારતીય તત્ત્વજ્ઞાનની રૂપરેખા ........................ ૪૯
૭. સ્વસ્થ અને ઉત્ક્રાન્ત જીવનની કળા ........................ ૬૩
૮. તત્ત્વજ્ઞાન ને ધર્મની પરસ્પર અસર ........................ ૭૧
૯. દાર્શનિક ક્ષેત્રમાં સંશોધન ........................ ૮૬
૧૦. સાંપ્રદાયિકતા અને તેના પુરાવાઓનું દિગ્દર્શન (૧) ........... ૯૧
૧૧. સાંપ્રદાયિકતા અને તેના પુરાવાઓનું દિગ્દર્શન (૨) ........... ૧૩૭
૧૨. સાંપ્રદાયિકતા અને તેના પુરાવાઓનું દિગ્દર્શન (૩) ........... ૧૫૭
૧૩. ચાર્વાક દર્શન ........................ ૧૮૦
૧૪. અંતઃસમૃદ્ધિનું મૂલ્ય ........................ ૧૮૫
૧૫. માનવતાના પાયા, એનું મૂલ્યાંકન અને
જીવનમાં એનો વિનિયોગ ........................ ૧૯૦
૧૬. મંગળ આશા ........................ ૨૧૧
૧૭. આદિમંગળ ........................ ૨૧૬
૧૮. જીવનદૃષ્ટિમાં મૌલિક પરિવર્તન ........................ ૨૨૩
૧૯. દાર્શનિક વિવરણ ........................ ૨૨૭
૨૦. માનવ મનની ભીતરમાં ........................ ૨૩૦
પરિશિષ્ટ-૧ શબ્દ સૂચિ ........................ ૨૩૮
દર્શન અને ચિંતન ગ્રંથમાળા ભાગ ૧-૬નો અનુક્રમ ........... ૨૫૩

દાર્શનિક ચિંતન

•

પં. સુખલાલજી

પ્રજ્ઞા અને બુદ્ધિ, એ બેમાં ફેર છે. બુદ્ધિ, એ આપણા બધા લોકોની રોજ કામ કરવાની સામાન્ય બુદ્ધિ છે. પણ એ બુદ્ધિ જ્યારે કલ્યાણાભિમુખ થાય છે, જ્યારે એ સદ્‌વૃત્તિમાં પલટાઈ જાય છે, ત્યારે એ પ્રજ્ઞા કહેવાય છે. અને પ્રજ્ઞા અને હાથ, એ બે મળે એટલે માણસનો જન્મ આખો બદલાઈ જાય છે. મહાવીરે આ જ દૃષ્ટિથી મનુષ્યજન્મને શ્રેષ્ઠ કહ્યો કે જો મનુષ્યજન્મ મળે તો જ શ્રદ્ધા, શ્રુતિ-શાસ્ત્ર અને સંયમનો પુરુષાર્થ, એ બધું સંભવે છે, મનુષ્યજન્મ સિવાય નહીં. એ જ રીતે વ્યાસે જે હંસગીતામાં કહ્યું તેનો અર્થ પણ આ જ છે કે "જો માણસે દૈવી વૃત્તિઓને જગાડવી હોય તો એણે પ્રજ્ઞાને પ્રગટાવવી જોઈએ."

જો સાચા અર્થમાં આપણે જ્ઞાનમાર્ગનું અનુસરણ કરીએ તો સદ્‌ગુણોનો વિકાસ થવો જોઈએ, પરંતુ થાય છે ઊંધું. આપણે જ્ઞાન માર્ગને નામે વૈરાગ્ય લઈને લંગોટી ધારણ કરીએ છીએ, શિષ્યો બનાવીએ છીએ અને આલોકની સાંસારિક જવાબદારીઓથી મુક્ત થઈએ છીએ. જ્યારે વૈરાગ્યનો સાચો અર્થ એ કે જેના પર રાગ હોય તેનાથી વિરક્ત થવું પરંતુ આપણે તો વૈરાગ્ય લઈએ છીએ આવશ્યક જવાબદારીઓમાંથી અને કરવા યોગ્ય કામોમાંથી.

તત્ત્વજ્ઞાનનું પર્યવસાન ધર્માચારમાં જ થવું જોઈએ. જે તત્ત્વજ્ઞાન ધર્માચારમાં ન પરિણમે તેને તત્ત્વજ્ઞાન કહેવાનો શો અર્થ ? અને ધર્માચાર પણ તે જ મુખ્ય હોઈ શકે જેમાં પ્રથમ માનવતાની શુદ્ધિવૃદ્ધિ અભિપ્રેત હોય ત્યાર બાદ જ અને તેનાથી સંબદ્ધ જ સર્વભૂતહિતનો વિચાર યોગ્ય ગણાય. માનવતાનું પૂરેપૂરું પોષણ ન થતું હોય ત્યારે સર્વભૂતહિતગામી ધર્માચારો પણ શુષ્ક થઈ જાય છે.

# ૧. ભારતીય દર્શનોમાં આધ્યાત્મિક વિકાસક્રમ

દર્શન એટલે તત્ત્વવિદ્યા. અત્યારે દેશભેદની દૃષ્ટિએ દર્શન બે ભાગમાં વહેંચાઈ જાય છે : યુરોપીય અને ભારતીય યુરોપીય દર્શનનું ધ્યેય મુખ્ય ભાગે અમુક વિષયોની ચર્ચા કરી તેનું વાસ્તવિક જ્ઞાન મેળવવા પૂરતું છે. જ્યારે ભારતીય દર્શનનું ધ્યેય તે તે વિષયોનું વાસ્તવિક જ્ઞાન મેળવવા ઉપરાંત છેવટે તે દ્વારા મોક્ષ મેળવવા સુધીનું છે.[1] આ કારણથી ભારતીય દર્શનોના પ્રતિપાદ્ય વિષયનું ક્ષેત્ર સંસાર અને તેની પરની સ્થિતિ સુધી લંબાયેલું છે. તેમાં મોક્ષનું સ્વરૂપ શું ? તેને પ્રાપ્ત કરવાના સાધનો કયાં અને કેટલાં ? મોક્ષના અધિકારી આત્માનું સ્વરૂપ કેવું છે ? સંસાર એટલે શું ? ઇત્યાદિ અનેક આધ્યાત્મિક વિષયોની ચર્ચા પ્રધાનપદ ભોગવે છે.

મોક્ષ એટલે આધ્યાત્મિક વિકાસની પૂર્ણતા. આવી પૂર્ણતા કાંઈ એકાએક પ્રાપ્ત થઈ શકતી નથી, કારણ તેને પ્રાપ્ત કરવામાં અમુક વખત વ્યતીત કરવો પડે છે, તેથી જ મોક્ષ મેળવવા માટે આધ્યાત્મિક ઉત્ક્રાંતિનો ક્રમ સ્વીકારવો પડે છે. તત્ત્વજિજ્ઞાસુઓના હૃદયમાં સ્વાભાવિક રીતે જ એવો પ્રશ્ન ઉદ્ભવે છે કે આ આધ્યાત્મિક ઉત્ક્રાંતિનો ક્રમ કેવા પ્રકારનો હોય છે ? આનો ઉત્તર સ્વતંત્ર રીતે આપવા કરતાં તે સંબંધમાં આર્ય દર્શનોના જે ભિન્ન ભિન્ન વિચારો મળી આવે છે તેનું સંક્ષેપમાં એકત્ર પ્રદર્શન કરી દેવું એ વિશેષ ઉપયોગી છે. એમ ધારી પ્રસ્તુત લેખમાં તે વિચારોનો સંગ્રહ કરવાનો ઉદ્દેશ રાખેલો છે. આ ઉપરથી વાચકને ભિન્ન ભિન્ન દર્શનોની આધ્યાત્મિક ઉત્ક્રાંતિના ક્રમ સંબંધી વિચારસરણી જાણવાની તક મળશે અને તે ઉપર

---

૧. તે તે દર્શનના મૂળ ગ્રંથ જોતાં આ બાબત આપોઆપ જણાઈ આવે છે. ઉદાહરણ તરીકે જુઓ ન્યાય દર્શનનું પહેલું સૂત્ર, યોગદર્શનનું છેલ્લું સૂત્ર, સાંખ્ય દર્શનનું પહેલું સૂત્ર, અને વેદાન્ત દર્શનનું પહેલું તથા છેલ્લું સૂત્ર, તે જ પ્રમાણે જૈન દર્શન માટે જુઓ તત્ત્વાર્થાધિગમનું પહેલું સૂત્ર.

સ્વતંત્ર વિચાર કરવાની વૃત્તિ ઉદ્‌ભવશે.

ભારતીય દર્શનોની મુખ્ય ત્રણ શાખા ગણાય. વૈદિક, બૌદ્ધ અને જૈન. પહેલી શાખા બ્રાહ્મણ પંથની અને બીજી શાખાઓ શ્રમણપંથની છે. જોકે પ્રાચીનકાળમાં શ્રમણપંથની બીજી અનેક શાખાઓ હતી, પણ આજે તે શાખાઓનાં સ્વતંત્ર સાહિત્ય કે સંપ્રદાય કાંઈ પણ શેષ નથી. શ્રમણપંથની અનેક પ્રાચીન શાખાઓનાં છૂટાંછવાયાં નામ અથવા અસ્તવ્યસ્ત મંતવ્યો વર્તમાન સંપ્રદાયોના સાહિત્યમાં મળી આવે છે.[1] તેમાં આજીવક સંપ્રદાયનું નામ ખાસ નોંધવા જેવું છે, કારણ કે તેનાં અન્ય મંતવ્યો સાથે આધ્યાત્મિક ઉત્ક્રાંતિના ક્રમને લગતા કેટલાક વિચારો બૌદ્ધ સાહિત્યમાંથી મળી આવે છે. બ્રાહ્મણપંથ અને શ્રમણપંથની અનેક ભિન્નતાઓમાંની એક ભિન્નતા એ છે કે જ્યારે બ્રાહ્મણ પંથનું સાહિત્ય મુખ્યપણે પ્રાકૃત ભાષાનું ગૌરવ વધારે છે. આ કારણથી અને અન્ય કારણથી આધ્યાત્મિક ઉત્ક્રાંતિના ક્રમને લગતા તે બંને પંથોના વિચારોમાં ભાષાનો, પરિભાષાનો અને પ્રતિપાદન- પદ્ધતિનો ભેદ હોય તે સ્વાભાવિક છે. છતાં સૂક્ષ્મ દૃષ્ટિએ નિમજ્જન કરનાર તે વિચારોનું ઐક્ય સમજાયા સિવાય રહેશે નહિ.

આધ્યાત્મિક ઉત્ક્રાંતિના ક્રમનો વિચાર આવતાં જ તેની સાથે તેનાં આરંભનો અને સમાપ્તિનો વિચાર આવે છે. તેનો આરંભ એ તેની પૂર્વસીમા અને તેની સમાપ્તિ એ તેની ઉત્તર સીમા. પૂર્વસીમાથી ઉત્તરસીમા સુધી વિકાસનો વૃદ્ધિક્રમ એ જ આધ્યાત્મિક ઉત્ક્રાંતિક્રમની મર્યાદા. તેના પહેલાંની સ્થિતિ એ આધ્યાત્મિક અવિકાસ અથવા પ્રાથમિક સંસારદશા અને તેના પછીની સ્થિતિ એ મોક્ષ અથવા આધ્યાત્મિક વિકાસની પૂર્ણતા. આ રીતે કાળની દૃષ્ટિએ સંક્ષેપમાં આત્માની અવસ્થા ત્રણ ભાગમાં વહેંચાઈ જાય છે : (અ) આધ્યાત્મિક અવિકાસ, (બ) આધ્યાત્મિક વિકાસક્રમ; (ક) મોક્ષ.

અ. આત્મા સ્થાયી સુખ અને પૂર્ણજ્ઞાન માટે તલસે છે, તેમ જ તે દુઃખ કે અજ્ઞાનને જરાયે પસંદ કરતો નથી. છતાં તે દુઃખ અને અજ્ઞાનનાં વમળમાં ગોથાં ખાય છે, તેનું શું કારણ ? આ એક ગૂઢ પ્રશ્ન છે, પણ તેનો ઉત્તર તત્ત્વજ્ઞોને સ્ફુરેલો છે. તે એ છે કે "સુખ અને જ્ઞાન મેળવવાની સ્વાભાવિક વૃત્તિથી આત્માનું પૂર્ણાનંદ અને પૂર્ણજ્ઞાનમય સ્વરૂપ સાબિત થાય છે, કારણ કે તે જ્યાં સુધી પૂર્ણાનંદ અને પૂર્ણજ્ઞાન ન મેળવે ત્યાં સુધી સંતોષ પામી

---

૧. જુઓ દીઘનિકાય, બ્રહ્મજાલસુત્ત.

શકતો નથી; છતાં તેના ઉપર અજ્ઞાન અને રાગદ્વેષના એવા પ્રબળ સંસ્કારો છે કે જેને લીધે તે ખરા સુખનું ભાન કરી શકતો નથી, અગર કાંઈક ભાન થયું તો પણ તે ખરા સુખની પ્રાપ્તિ માટે પ્રવૃત્તિ કરી શકતો નથી." અજ્ઞાન એ ચેતનાના સ્ફુરણનું વિરોધી તત્ત્વ છે. તેથી જ્યાં સુધી અજ્ઞાનની તીવ્રતા હોય ત્યાં સુધી ચેતનાનું સ્ફુરણ અત્યંત મંદ હોય છે. તેને લીધે ખરા સુખ અને ખરા સુખના સાધનનો ભાસ જ થવા પામતો નથી. આ કારણથી આત્મા પોતે એક વિષયમાં સુખ મળવાની ધારણાથી પ્રવૃત્તિ કરે છે અને તેમાં છેવટે નિરાશ થવાથી બીજા વિષય તરફ વળે છે. બીજા વિષયમાં નિરાશ થતાં વળી ત્રીજા વિષય તરફ દોડે છે. આ રીતે તેની સ્થિતિ વમળમાં પડેલ લાકડાના જેવી કે વંટોળિયામાં ઊડતા તણખલા જેવી થઈ જાય છે. આવી કષ્ટપરંપરા અનુભવતાં કાંઈક અજ્ઞાન ઓછું થાય છે, તોય રાગદ્વેષની તીવ્રતાને લીધે સુખની ખરી દિશામાં પ્રયાણ કરી શકાતું નથી. અજ્ઞાનની સહજ મંદતાથી ઘણી વાર એવું ભાન થાય છે કે સુખ અને દુઃખનાં બીજ બાહ્ય જગતમાં નથી, છતાં રાગદ્વેષની તીવ્રતાને પરિણામે પૂર્વ પરિચિત વિષયોને જ સુખ અને દુઃખનાં સાધન માની તેમાં હર્ષ અને વિષાદનો અનુભવ થયા કરે છે. આ સ્થિતિ ચોક્કસ લક્ષ્ય વિનાની હોવાથી દિશાનો ચોક્કસ નિશ્ચય કર્યા સિવાય વહાણ હંકારનાર ખલાસીની સ્થિતિ જેવી છે. આ જ સ્થિતિ આધ્યાત્મિક અવિકાસ કાળની છે.

બ. અજ્ઞાન અને રાગદ્વેષના ચક્રનું બળ પણ હંમેશાં જેવું ને તેવું ન જ રહી શકે, કારણ તે બળ ગમે તેટલું વધારે હોય તો પણ છેવટે આત્મિક બળ સામે તો અગણ્ય છે. લાખો મણ ઘાસ અને લાકડાંને બાળવા તેટલા જ અગ્નિની જરૂર નથી હોતી. તે માટે તો અગ્નિનો એક કણ પણ બસ છે. શુભ પ્રમાણમાં થોડું હોય તો પણ તે લાખો ગણા અશુભ કરતાં વધારે બળવાન હોય છે. જ્યારે આત્મામાં ચેતનતાનું સ્ફુરણ સહજ વધે છે અને રાગદ્વેષ સાથેના આત્માના યુદ્ધમાં જ્યારે રાગદ્વેષની શક્તિ ઘટે છે, ત્યારે આત્માનું વીર્ય, જે અત્યાર સુધી ઊલટી દિશામાં કામ કરતું, તે ખરી દિશામાં વળે છે. તે જ વખતે આત્મા પોતાના ધ્યેયનો નિર્ધાર કરી તે મેળવવા દૃઢ નિશ્ચય કરી લે છે અને તે માટે તે પ્રવૃત્તિ કરવા લાગે છે. આ વખતે આધ્યાત્મિક વિકાસનો પાયો નંખાય છે. હવે પછી આત્મા પોતાની જ્ઞાન અને વીર્યશક્તિની મદદ લઈ અજ્ઞાન અને રાગદ્વેષ સાથે કુસ્તી કરવા અખાડામાં ઊતરી જાય છે; કદાચ તે ક્યારેક હાર ખાય છે, પણ છેવટે તે

હારના પરિણામે જ વધેલ જ્ઞાન અને વીર્યશક્તિને લઈ હરાવનાર અજ્ઞાન અને રાગદ્વેષને દબાવતો જ જાય છે. જેમ જેમ તે દબાવતો જાય છે તેમ તેમ તેનો ઉત્સાહ વધતો જાય છે. ઉત્સાહવૃદ્ધિ સાથે જ એક અપૂર્વ આનંદની લહેર છૂટે છે, અને આનંદની લહરીમાં આનખશિખ ડૂબેલ આત્મા અજ્ઞાન તેમ જ રાગદ્વેષના ચક્રને વધારે ને વધારે નિર્બળ કરતો પોતાની સહજ સ્થિતિ તરફ આગળ વધતો જાય છે. આ સ્થિતિ આધ્યાત્મિક વિકાસક્રમની છે.

ક. આ સ્થિતિની છેવટની મર્યાદા એ જ વિકાસની પૂર્ણતા. આ પૂર્ણતા પ્રાપ્ત થઈ એટલે સંસારથી પર સ્થિતિ પ્રાપ્ત થઈ. તેમાં કેવળ સ્વાભાવિક આનંદનું જ સામ્રાજ્ય હોય છે. આ મોક્ષકાળ.

આટલો સામાન્ય વિચાર કર્યા પછી હવે તે સંબંધમાં પ્રત્યેક દર્શનના વિચારો ક્રમશઃ જોઈએ.

**વૈદિક દર્શન**

ઉપનિષદ અને અન્ય ગ્રંથોમાં આધ્યાત્મિક વિચારની પ્રધાનતા હોવાથી તેમાં વિકાસક્રમને લગતા વિચારો મળી આવે એ સ્વાભાવિક છે. છતાં વૈદિક સાહિત્યમાં યોગદર્શન ઉપરનું વ્યાસભાષ્ય અને યોગવાસિષ્ઠ એ બે ગ્રંથો એવા છે જેમાં આધ્યાત્મિક વિકાસક્રમ વ્યવસ્થિત રીતે સાંગોપાંગ આલેખાયેલો છે, જ્યારે અન્ય ગ્રંથોમાં તેટલો પૂર્ણ રીતે નથી. તેથી એ બે ગ્રંથોમાંથી જ વૈદિક દર્શનની તે સંબંધી માન્યતા અત્રે જણાવીશું.

યોગદર્શનમાં મહર્ષિ પતંજલિએ મોક્ષના સાધનરૂપે યોગનું વર્ણન કરેલ છે. યોગ એટલે આધ્યાત્મિક વિકાસક્રમની ભૂમિકાઓ. જે ભૂમિકામાં યોગનો આરંભ થાય છે, તે ભૂમિકાથી માંડી અને તે યોગ ક્રમશઃ પુષ્ટ થતાં થતાં જે ભૂમિકામાં પૂર્ણ કલાએ પહોંચે છે ત્યાં સુધીની ચિત્તની ભૂમિકાઓ આધ્યાત્મિક વિકાસક્રમમાં આવી જાય છે. યોગનો આરંભ થયા પહેલાંની ભૂમિકાઓ એ આધ્યાત્મિક અવિકાસની ભૂમિકાઓ છે.

આ પ્રકારના સૂત્રકારના અભિપ્રાયને સ્પષ્ટ કરવા માટે ભાષ્યકાર મહર્ષિ વ્યાસે ચિત્તની પાંચ ભૂમિકાઓ બતાવી છે : (૧) ક્ષિપ્ત, (૨) મૂઢ, (૩) વિક્ષિપ્ત, (૪) એકાગ્ર, અને (૫) નિરુદ્ધ.[1] આ પાંચમાં પહેલી બે

---

૧. (૧) જે ચિત્ત હંમેશાં રજોગુણની બહુલતાથી અનેક વિષયોમાં પ્રેરાતું હોવાથી અત્યન્ત અસ્થિર હોય છે, તે ક્ષિપ્ત. (૨) જે ચિત્ત તમોગુણના પ્રાબલ્યથી નિદ્રાવૃત્તિવાળું બને તે મૂઢ. (૩) જે ચિત્ત અસ્થિરતા વિશેષ હોવા છતાં ક્યારેક ક્યારેક પ્રશસ્ત વિષયોમાં સ્થિરતા અનુભવે તે વિક્ષિપ્ત. (૪) જે ચિત્ત એકતાન-સ્થિર બની જાય તે એકાગ્ર.

એટલે ક્ષિપ્ત અને મૂઢ ભૂમિકાઓ અવિકાસસૂચક છે. ત્રીજી વિક્ષિપ્ત ભૂમિકા એ અવિકાસ અને વિકાસનું સંમેલન છે. પણ તેમાં વિકાસ કરતાં અવિકાસનું બળ ઘણું વધારે છે. ચોથી એકાગ્રભૂમિકામાં વિકાસનું બળ વધે છે, અને તે સવિશેષ વધતાં પાંચમી નિરુદ્ધ- ભૂમિકામાં પૂર્ણ કલાએ પહોંચે છે. તેથી આ રીતે ભાષ્યકારની વિચારસરણીનું સંક્ષેપમાં પૃથક્કરણ કરીએ તો સાર એટલો જ નીકળે છે કે ક્ષિપ્ત; મૂઢ અને વિક્ષિપ્ત એ ત્રણ ભૂમિકાઓમાં અવિકાસકાળ હોય છે, જ્યારે છેલ્લી બે એકાગ્ર અને નિરુદ્ધભૂમિકાઓમાં વિકાસક્રમ અથવા આધ્યાત્મિક ઉત્ક્રાંતિનો ક્રમ હોય છે.[૧] આ પાંચ ભૂમિકાઓ બાદની સ્થિતિ એ મોક્ષકાળ.

યોગવાસિષ્ઠમાં ચેતનની સ્થિતિના સંક્ષેપથી બે ભાગ કરવામાં આવ્યા છે : (૧) અજ્ઞાનમય અને (૨) જ્ઞાનમય. અજ્ઞાનમય સ્થિતિ એટલે અવિકાસકાળ અને જ્ઞાનમય સ્થિતિ એટલે વિકાસકાળ. આ વિકાસકાળ પછી મોક્ષકાળ આવે છે. અજ્ઞાનમય સ્થિતિના સાત વિભાગ કરી તેને સાત અજ્ઞાન-ભૂમિકાઓના નામથી ઓળખાવ્યા છે; જેમ કે (૧) બીજજાગ્રત, (૨) જાગ્રત, (૩) મહાજાગ્રત, (૪) જાગ્રતસ્વપ્ન, (૫) સ્વપ્ન, (૬) સ્વપ્નજાગ્રત, અને (૭) સુષુપ્તક.[૨] જ્ઞાનમય સ્થિતિના પણ સાત ભાગ કરી

---

(૫) જે ચિત્તમાં તમામ વૃત્તિઓનો નિરોધ થઈ ગયો હોય અને માત્ર સંસ્કારો જ બાકી રહ્યા હોય તે નિરુદ્ધ.

૧. આ પાંચ ચિત્તોમાં પહેલાં બે તો અનુક્રમે રજોગુણ અને તમોગુણની બહુલતાને લીધે નિઃશ્રેયસપ્રાપ્તિમાં હેતુ થઈ શકતાં નથી; એટલું જ નહિ, બલકે તે ઊલટાં નિઃશ્રેયસનાં બાધક છે, જેથી તે યોગકોટિમાં ગણાયા યોગ્ય નથી અર્થાત્ તે બે ચિત્તની સ્થિતિઓમાં આધ્યાત્મિક અવિકાસ હોય છે, વિક્ષિપ્ત ચિત્ત ક્યારેક ક્યારેક સાત્ત્વિક વિષયોમાં સમાધિ મેળવે છે ખરું પણ તે સમાધિ સામે અસ્થિરતા એટલી બધી હોય છે કે જેથી તે પણ યોગકોટિમાં ગણાવા યોગ્ય નથી. એકાગ્ર અને નિરુદ્ધ એ બે જ ચિત્ત વખતે જે સમાધિ હોય છે તે યોગ કહેવાય છે, એકાગ્રચિત્ત વખતે જે યોગ હોય છે તે સંપ્રજ્ઞાત અને નિરુદ્ધ ચિત્ત વખતે જે યોગ હોય છે તે અસંપ્રજ્ઞાત. જુઓ પાતંજલદર્શન, પાદ ૧, સૂ ૧ વ્યાસભાષ્ય તથા વાચસ્પતિ મિશ્રની ટીકા.

૨. (૧) પહેલી ભૂમિકામાં અહંત્વ-મમત્વ બુદ્ધિની જાગૃતિ નથી હોતી, માત્ર તેવી જાગૃતિની બીજરૂપે યોગ્યતા હોય છે તેથી તે બીજ જાગ્રત કહેવાય છે. આ ભૂમિકા વનસ્પતિ જેવા ક્ષુદ્ર નિકાયમાં માની શકાય. (૨) બીજી ભૂમિકામાં અહંત્વમમત્વબુદ્ધિ અલ્પાંશે જાગે છે, તેથી તે જાગ્રત કહેવાય છે. આ ભૂમિકા કીટ, પતંગ, પશુ, પક્ષીમાં માની શકાય. (૩) ત્રીજી ભૂમિકામાં અહંત્વ-મમત્વબુદ્ધિ

તેને સાત ભૂમિકાઓના નામથી ઓળખાવ્યા છે; જેમકે (૧) શુભેચ્છા, (૨) વિચારણા, (૩) તનુમાનસા, (૪) સત્ત્વાપત્તિ, (૫) અસંસક્તિ, (૬) પદાર્થાભાવની, અને (૭) તુર્યગા.[1] સાત અજ્ઞાન ભૂમિકાઓમાં અજ્ઞાનનું પ્રાબલ્ય હોવાથી તે અવિકાસ કાળમાં ગણાવી જોઈએ; તેથી ઊલટું સાત જ્ઞાન ભૂમિકાઓમાં ક્રમશઃ જ્ઞાનવૃદ્ધિ થતી હોવાથી તે વિકાસક્રમના કાળમાં ગણાવી જોઈએ. જ્ઞાનની સાતમી ભૂમિકામાં વિકાસ પૂર્ણકલાએ પહોંચે છે. તેથી ત્યારબાદની સ્થિતિ તે મોક્ષકાળ છે.

---

વિશેષ પુષ્ટ હોય છે, તેથી તે મહાજાગ્રત કહેવાય છે. આ ભૂમિકા મનુષ્ય, દેવ આદિ નિકાયમાં માની શકાય. (૪) ચોથી ભૂમિકામાં જાગ્રત અવસ્થાના મનોરાજ્ય–ભ્રમનો સમાવેશ થાય છે; જેમ કે એકને બદલે બે ચંદ્ર દેખાવા, છીપમાં રૂપાનું ભાન અને ઝાંઝવામાં પાણીની બુદ્ધિ. આ હેતુથી આ ભૂમિકા જાગ્રતસ્વપ્ન કહેવાય છે. (૫) પાંચમી ભૂમિકામાં નિદ્રા વખતે આવેલ સ્વપ્નનું જાગ્યા બાદ જે ભાન થાય છે તેનો સમાવેશ છે. તેથી તે સ્વપ્ન કહેવાય છે. (૬) છઠ્ઠી ભૂમિકામાં વર્ષોનાં વર્ષો સુધી ચાલુ રહેલ સ્વપ્નનો સમાવેશ થાય છે. આ સ્વપ્ન શરીરપાત થાય છતાં પણ ચાલુ રહે છે, તેથી તે સ્વપ્નજાગ્રત કહેવાય છે. (૭) સાતમી ભૂમિકા ગાઢ નિદ્રાની હોય છે, જેમાં જડ જેવી સ્થિતિ થઈ જાય છે અને કર્મો માત્ર વાસનારૂપે રહેલાં હોય છે, તેથી તે સુષુપ્તિ કહેવાય છે. ત્રીજીથી સાતમી સુધીની પાંચ ભૂમિકાઓ સ્પષ્ટપણે મનુષ્યનિકાયમાં અનુભવાય છે. જુઓ યોગવાસિષ્ઠ, ઉત્પત્તિપ્રકરણ ૧, સર્ગ ૧૧૭.

૧. (૧) હું મૂઢ જ શા માટે રહું ? હવે તો શાસ્ત્ર અને સજ્જન દ્વારા કાંઈક આત્માવલોકન કરીશ એવી વૈરાગ્યપૂર્વક જે ઇચ્છા તે શુભેચ્છા. (૨) શાસ્ત્ર અને સજ્જનના સંસર્ગપૂર્વક વૈરાગ્યાભાસને લીધે જે સદાચારમાં પ્રવૃત્તિ થવી તે વિચારણા (૩) શુભેચ્છા અને વિચારણાને લીધે જે ઇંદ્રિયોના વિષયોમાં આસક્તિ ઘટે છે તે તનુમાનસા કહેવાય છે, કારણ કે તેમાં સંકલ્પ-વિકલ્પ ઓછા થાય છે. (૪) ત્રણ ભૂમિકાઓના અભ્યાસથી ચિત્ત સુધ્ધાંમાં પણ વિરતિ થવાથી સત્ય અને શુદ્ધ એવા આત્મામાં જે સ્થિતિ થવા પામે છે તે સત્ત્વાપત્તિ. (૫) પૂર્વની ચાર ભૂમિકાઓના અભ્યાસથી અને સમાધિના અસંગરૂપ પરિપાકથી એવી અવસ્થા થાય છે કે જેમાં ચિત્તની અંદર નિરતિશય આત્માનંદનો ચમત્કાર પુષ્ટ થયેલ હોય છે તે અસંસક્તિ ભૂમિકા. (૬) પાંચ ભૂમિકાઓના અભ્યાસથી પ્રગટ થયેલ આત્મારામ સ્થિતિને લીધે એક એવી દશા પ્રાપ્ત થાય છે કે બાહ્ય ને આભ્યંતર બધા પદાર્થોની ભાવના છૂટી જાય છે. દેહયાત્રા ફક્ત બીજાના પ્રયત્નને લઈને ચાલે છે. તે પદાર્થાભાવની ભૂમિકા. (૭) છ ભૂમિકાઓના અભ્યાસને લીધે ભેદભાવનું ભાન બિલકુલ શમી જવાથી જે એકમાત્ર સ્વભાવનિષ્ઠા પ્રાપ્ત થાય છે તે તુર્યગા. આ સાતમી તુર્યગાવસ્થા જીવન્મુક્તામાં હોય છે. વિદેહમુક્તનો વિષય ત્યારબાદની તુર્યાતીત અવસ્થા છે. જુઓ યોગવાસિષ્ઠ, ઉત્પત્તિ પ્ર. સ. ૧૧૮ નિર્વાણ પ્ર. સ. ૧૨૦.

## બૌદ્ધ દર્શન

બૌદ્ધ સાહિત્યના મૌલિક ગ્રંથો પિટકના નામે ઓળખાય છે. પિટકમાં અનેક જગાએ આધ્યાત્મિક વિકાસના ક્રમનું વ્યવસ્થિત અને સ્પષ્ટ વર્ણન છે. તેમાં વ્યક્તિની છ સ્થિતિઓ કરવામાં આવી છે. તે આ પ્રમાણે : (૧) અંધ પુથુજ્જન, (૨) કલ્યાણપુથુજ્જન, (૩) સોતાપન્ન, (૪) સકદાગામી, (૫) ઔપપાતિક, અને (૬) અરહા[૧]. જેમાં પહેલી સ્થિતિ એ આધ્યાત્મિક અવિકાસનો કાળ છે. બીજી સ્થિતિમાં વિકાસનું સ્ફુરણ અલ્પાંશે અને અવિકાસનો પ્રભાવ સવિશેષ હોય છે. ત્રીજીથી છઠ્ઠી સુધીની ચારે સ્થિતિઓમાં ઉત્તરોત્તર આધ્યાત્મિક વિકાસ જ વધતો જાય છે અને તે વિકાસ છઠ્ઠી સ્થિતિમાં પૂર્ણ કલાએ પહોંચે છે. ત્યાર બાદ નિર્વાણતત્ત્વ પ્રાપ્ત થાય છે. આ બૌદ્ધ વિચારસરણીનું પૃથક્કરણ કરીએ તો એમ કહી શકાય કે પહેલી બે સ્થિતિઓ એ અવિકાસકાળ છે. ત્રીજીથી છઠ્ઠી સુધીની ચાર સ્થિતિઓ વિકાસ કાળ છે અને છ સ્થિતિઓ પછી નિર્વાણકાળ છે.

## જૈન દર્શન

જૈન સાહિત્યના પ્રાચીન ગ્રંથો, જે આગમના નામથી ઓળખાય છે, તેમાં સુધ્ધાં આધ્યાત્મિક વિકાસના ક્રમ સંબંધી વિચારો વ્યવસ્થિત રીતે મળી આવે છે. તેમાં આત્મિક સ્થિતિના ચૌદ વિભાગો કરવામાં આવ્યા છે જે

---

૧. (૧-૨) પુથુજ્જન એટલે સામાન્ય મનુષ્ય, તેના અંધપુથુજ્જન અને કલ્યાણપુથુજ્જન એવા બે ભેદો છે. યથા–

**दुवे पुथुज्जना वुत्ता बुद्धेनादिच्चबंधुना ।**
**अंधो पुथुज्जनो एको कल्याणेको पुथुज्जनो ॥**

–મજ્ઝિમનિકાય, મૂળ પરિયાય, સુત્તવણ્ણના.

આ બંનેમાં સંયોજના (બંધન) તો દશે હોય છે, છતાં અંતર એટલું જ કે પહેલાને આર્યદર્શન અથવા સત્સંગ પ્રાપ્ત થયેલ નથી હોતાં, જ્યારે બીજાને પ્રાપ્ત થયેલ છે. આ બને નિર્વાણમાર્ગથી પરાઙ્મુખ હોય છે. (૩) નિર્વાણમાર્ગને પ્રાપ્ત થયેલાના ચાર પ્રકાર છે. જેણે ત્રણ સંયોજનાનો ક્ષય કર્યો હોય તે સોતાપન્ન. (૪) જેણે ત્રણનો ક્ષય અને પછીની બેનું શૈથિલ્ય કર્યું હોત તે સકદાગામી. (૫) જેણે પાંચેનો ક્ષય કર્યો હોય તે ઔપપાતિક. (૬) જેણે દસે સંયોજનાનો ક્ષય કર્યો હોય તે અરહા. સોતાપન્ન વધારેમાં વધારે સાત વાર મનુષ્યલોકમાં અવતરે છે, ત્યાર બાદ અવશ્ય નિર્વાણ પામે છે. ઔપપાતિક બ્રહ્મલોકમાંથી જ નિર્વાણ પામે છે. અરહા તે સ્થિતિમાંથી જ નિર્વાણ મેળવે છે. દસ સંયોજનાઓ માટે જુઓ અંગુત્તરનિકાય, પૃ. ૧૭, ફૂટનોટ ૧૩ અને મજ્ઝિમનિકાય તથા બુદ્ધ, ધર્મ આણિ સંઘ (મરાઠી) પૃ. ૯૯.

ગુણસ્થાનને[1] નામે ઓળખાય છે. તે ગુણસ્થાનો આ પ્રમાણે : (૧) મિથ્યાદષ્ટિ,[2] (૨) સાસ્વાદન, (૩) સમ્યક્‌મિથ્યાદષ્ટિ, (૪) અવિરત સમ્યગ્દષ્ટિ, (૫) દેશવિરતિ (વિરતાવિરત), (૬) પ્રમત્તસંયત, (૭) અપ્રમત્તસંયત. (૮) અપૂર્વકરણ (નિવૃત્તિબાદર), (૯) અનિવૃત્તિબાદર, (૧૦) સૂક્ષ્મસંપરાય, (૧૧) ઉપશાંતમોહ (૧૨) ક્ષીણમોહ, (૧૩) સંયોગકેવલી, (૧૪) અયોગકેવલી.[3] પ્રથમ ગુણસ્થાન એ અવિકાસકાળ છે.

---

૧. ગુણસ્થાન–ગુણ એટલે આત્માની ચેતના, સમ્યક્ત્વ, ચારિત્ર, વીર્ય આદિ શક્તિઓ, સ્થાન એટલે તે શક્તિઓની શુદ્ધતાની તરતમભાવવાવી અવસ્થાઓ. આત્માના સહજ ગુણો વિવિધ આવરણોથી સંસારદશામાં આવૃત છે. જેમ જેમ આવરણોની વિરલતા કે ક્ષયનું પ્રમાણ જેટલું વિશેષ તેટલી ગુણોની શુદ્ધિ વિશેષ અને આવરણોની વિરલતા કે ક્ષયનું પ્રમાણ જેટલું ઓછું તેટલી ગુણોની શુદ્ધિ ઓછી. આ રીતે આત્મિક ગુણોની શુદ્ધિના પ્રકર્ષ કે અપકર્ષવાળા અસંખ્યાત પ્રકારો સંભવે છે, પણ સંક્ષેપમાં તેને ચૌદ ભાગમાં વહેંચી નાખેલા છે, જે ગુણસ્થાન કહેવાય છે. ગુણસ્થાનની કલ્પના મુખ્યતયા મોહનીય કર્મની વિરલતા અને ક્ષયને આધારે કરવામાં આવી છે. મોહનીય કર્મની મુખ્ય બે શક્તિઓ છે. પહેલી શક્તિનું કાર્ય આત્માના સમ્યક્ત્વ ગુણને આવૃત કરવાનું છે જેથી આત્મામાં તાત્ત્વિક રુચિ કે સત્યદર્શન થવા પામતું નથી. બીજી શક્તિનું કાર્ય આત્માના ચારિત્રગુણને આવૃત્ત કરવાનું છે, જેથી આત્મા તાત્ત્વિક રુચિ કે સત્યદર્શન થયા છતાં પણ તદનુસાર પ્રવૃત્તિ કરી સ્વરૂપલાભ કરી શકતો નથી. સમ્યક્ત્વની પ્રતિબંધક એવી મોહનીયની પ્રથમ શક્તિ દર્શનમોહનીય અને ચારિત્રની પ્રતિબંધક એવી મોહનીયની બીજી શક્તિ ચારિત્રમોહનીય કહેવાય છે. આ બેમાં દર્શનમોહનીય પ્રબળ છે, કારણ કે જ્યાં સુધી તેની વિરલતા કે ક્ષય ન થાય ત્યાં સુધી ચારિત્રમોહનીયનું બળ ઘટતું નથી, દર્શન મોહનીયનું બળ ઘટ્યું એટલે ચારિત્રમોહનીય ક્રમે ક્રમે નિર્બળ થઈ છેવટે સર્વથા ક્ષીણ થવાનું જ. સમસ્ત કર્માવરણોમાં પ્રધાનતમ અને બલવત્તમ મોહનીય જ છે. તેનું કારણ એ છે કે જ્યાં સુધી મોહનીયની શક્તિ તીવ્ર હોય ત્યાં સુધી અન્ય આવરણો તીવ્ર જ રહે છે અને તેની શક્તિ ઘટતાં જ અન્ય આવરણોનું બળ મંદ થતું જાય છે. આ જ કારણથી ગુણસ્થાનોની કલ્પના મોહનીય કર્મના તરતમભાવને આધારે કરવામાં આવી છે.

૨. જુઓ સમવાયાંગ, ૧૪ મો સમવાય.

૩. (૧) જે અવસ્થામાં દર્શનમોહનીયની પ્રબળતાને લીધે સમ્યક્ત્વ ગુણ આવૃત થયેલો હોવાથી આત્માની તત્ત્વરુચિ જ પ્રગટી શકતી નથી અને જેથી તેની દૃષ્ટિ મિથ્યા (સત્ય વિરુદ્ધ) હોય છે તે અવસ્થા-મિથ્યાદષ્ટિ. (૨) અગિયારમા ગુણસ્થાનથી પતિત થઈ પ્રથમ ગુણસ્થાન ઉપર આવતાં વચ્ચે બહુ જ થોડા વખત સુધી જે અવસ્થા પ્રાપ્ત થાય છે તે અવસ્થા સાસ્વાદન. આનું સાસ્વાદન નામ એટલા માટે છે કે તેમાં પતનોન્મુખ આત્માને તત્ત્વરુચિનો સ્વલ્પ પણ આસ્વાદ હોય છે, જેવી રીતે મિષ્ટાન્નના ભોજન

બીજા અને ત્રીજા એ બે ગુણસ્થાનમાં વિકાસનું સહજ સ્ફુરણ હોય છે, પણ તેમાં પ્રબળતા અવિકાસની જ હોય છે. ચોથાથી વિકાસ ક્રમશઃ વધતાં વધતાં

---

બાદ ઊલટી થતી વખતે એક વિલક્ષણ સ્વાદ હોય છે. આ બીજું ગુણસ્થાન પતનોન્મુખ આત્માને જ હોય છે. (૩) હીંચકે હીંચતા માણસની પેઠે જે અવસ્થામાં આત્મા દોલાયમાન હોય છે, જેને લીધે તે સર્વથા સત્યદર્શન કરી શકતો નથી કે સર્વથા મિથ્યાદષ્ટિની સ્થિતિમાં રહી શકતો નથી અર્થાત્ તેની સંશયાળુ જેવી સ્થિતિ બની જાય છે, તે અવસ્થા સમ્યક્મિથ્યાદષ્ટિ. આ ગુણસ્થાનમાં દર્શનમોહનીયનું વિષ પ્રથમ જેટલું તીવ્ર રહેતું નથી, પણ તે હોય છે ખરું. (૪) જે અવસ્થામાં દર્શનમોહનીયનું બળ કાં તો બિલકુલ શમી જાય છે કે વિરલ થઈ જાય છે, અને કાં તો બિલકુલ ક્ષીણ થઈ જાય છે જેને લીધે આત્મા અસંદિગ્ધપણે સત્યદર્શન કરી શકે છે. આ અવસ્થા અવિરતસમ્યગ્દષ્ટિ. આનું અવિરત નામ એટલા માટે છે કે તેમાં ચારિત્ર મોહનીયની સત્તા સવિશેષ હોવાથી વિરતિ (ત્યાગવૃત્તિ) ઉદય પામતી નથી. (૫) જે અવસ્થામાં સત્યદર્શન ઉપરાંત અલ્પાંશે પણ ત્યાગવૃત્તિનો ઉદય થાય છે તે દેશવિરતિ. આમાં ચારિત્રમોહનીયની સત્તા અવશ્ય ઘટેલી હોય છે અને તેની કમીના પ્રમાણમાં ત્યાગવૃત્તિ હોય છે. (૬) જે અવસ્થામાં ત્યાગવૃત્તિ પૂર્ણ રીતે ઉદય પામે છે છતાં વચ્ચે વચ્ચે પ્રમાદ (સ્ખલન) સંભવે છે, તે પ્રમત્તસંયત. (૭) જે અવસ્થામાં પ્રમાદનો જરાયે સંભવ નથી તે અપ્રમત્તસંયત. (૮) જે અવસ્થામાં પહેલાં ક્યારે પણ નહિ અનુભવેલ આત્મશુદ્ધિનો અનુભવ થાય છે અને અપૂર્વ વીર્યોલ્લાસ—આત્મિક સામર્થ્ય પ્રગટે છે તે અવસ્થા અપૂર્વકરણ આનું બીજું નામ નિવૃત્તિબાદર પણ છે. (૯) જે અવસ્થામાં ચારિત્રમોહનીય કર્મના શેષ રહેલ અંશોને શમાવવાનું કે ક્ષીણ કરવાનું કામ ચાલતું હોય છે, તે અવસ્થા અનિવૃત્તિબાદર. (૧૦) જે અવસ્થામાં મોહનીયનો અંશ લોન રૂપે જ ઉદયમાન હોય છે અને તે પણ બહુ સૂક્ષ્મ પ્રમાણમાં, તે અવસ્થા સૂક્ષ્મસંપરાય. (૧૧) જે અવસ્થામાં સૂક્ષ્મ લોભ સુધ્ધાં શમી જાય છે, તે ઉપશાંતમોહનીય, આ ગુણસ્થાનમાં દર્શનમોહનીયનો સર્વથા ક્ષય સંભવે ખરો, પણ ચારિત્રમોહનીયનો તેવો ક્ષય નથી હોતો, માત્ર તેની સર્વાંશે ઉપશાંતિ હોય છે. આને લીધે જ મોહનો ફરી ઉદ્રેક થતાં આ ગુણસ્થાનથી આશ્ય પતન થાય છે અને પ્રથમ ગુણસ્થાન સુધી જવું પડે છે. (૧૨) જે અવસ્થામાં દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયના સર્વથા ક્ષય થઈ જાય છે તે ક્ષીણમોહનીય આ સ્થિતિથી પતન સંભવતું જ નથી. (૧૩) જે અવસ્થામાં મોહના આત્યંતિક અભાવને લીધે વીતરાગ દશા પ્રગટવા સાથે સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય છે તે અવસ્થા સંયોગ ગુણસ્થાન. આ ગુણસ્થાનમાં શારીરિક, માનસિક અને વાચિક વ્યાપાર હોય છે, એથી આને જીવન્મુક્તિ કહી શકાય. (૧૪) જે અવસ્થામાં શારીરિક, માનસિક, વાચિક પ્રવૃત્તિનો પણ અભાવ થઈ જાય છે તે અયોગ ગુણસ્થાન. આ ગુણસ્થાન છેલ્લું છે. તેથી શરીરપાત થતાં જ તેની સમાપ્તિ થાય છે અને ત્યાર બાદ ગુણસ્થાનાતીત—વિદેહમુક્તિ પ્રાપ્ત થાય છે. આ માટે જુઓ કર્મગ્રંથ બીજા

છેવટે ચૌદમા ગુણસ્થાને પૂર્ણ કલાએ પહોંચે છે અને ત્યારબાદ મોક્ષ પ્રાપ્ત થાય છે. જૈન વિચારસરણીનું પૃથક્કરણ એટલું જ કરી શકાય કે પહેલાં ત્રણ ગુણસ્થાનો એ અવિકાસકાળ છે અને ચોથાથી ચૌદમા સુધીનાં ગુણસ્થાનો વિકાસ અને તેની વૃદ્ધિનો કાળ છે; ત્યારબાદ મોક્ષકાળ છે.

આ પ્રાચીન જૈન વિચારને હરિભદ્રસૂરિએ બીજી રીતે પણ વર્ણવ્યો છે. તેઓના વર્ણનમાં બે પ્રકાર છે : પહેલા પ્રકારમાં અવિકાસ અને વિકાસક્રમ બન્નેનો સમાવેશ કરેલ છે[1]. અવિકાસ કાળને તેઓ ઓઘદૃષ્ટિના નામથી અને વિકાસક્રમને સદ્દૃષ્ટિના નામથી ઓળખાવે છે.[2] મિત્રા, તારા, બલા, દીપ્રા,

---

૧. જુઓ યોગદૃષ્ટિ સમુચ્ચય.

૨. દૃષ્ટિ એટલે દર્શન અથવા બોધ. આના બે પ્રકાર છે. પહેલામાં સત્ શ્રદ્ધાનો (તાત્ત્વિક રુચિનો) અભાવ હોય છે જ્યારે બીજામાં સત્ શ્રદ્ધા હોય છે. પહેલો પ્રકાર ઓઘદૃષ્ટિ અને બીજો યોગદૃષ્ટિ કહેવાય છે. પહેલાંમાં આત્માનું વલણ સંસારપ્રવાહ તરફ અને બીજામાં આધ્યાત્મિક વિકાસ તરફ હોય છે. તેથી યોગદૃષ્ટિ એ સદ્દૃષ્ટિ કહેવાય છે. જેમ સમેઘ રાત્રિ, અમેઘ રાત્રિ; સમેઘ દિવસ અને અમેઘ દિવસમાં અનુક્રમે અતિમદતમ, મદતમ, મદતર અને મંદ ચાક્ષુષ જ્ઞાન હોય છે. તેમાંય ગ્રહાવિષ્ટ અને ગ્રહમુક્ત પુરુષના ભેદથી, બાળ અને તરુણ પુરુષના ભેદથી, તેમ જ વિકૃત નેત્રવાળા અને અવિકૃત નેત્રવાળા પુરુષના ભેદથી ચાક્ષુષ જ્ઞાનની અસ્પષ્ટતા કે સ્પષ્ટતા તરતમભાવે હોય છે; તેવી રીતે ઓઘદૃષ્ટિની દશામાં સંસાર- પ્રવાહનું વલણ છતાં આવરણના તરતમભાવે જ્ઞાન તારતમ્યવાળું હોય છે. આ ઓઘદૃષ્ટિ ગમે તેવી હોય તોયે તે આધ્યાત્મિક વિકાસની દૃષ્ટિએ અસદ્દૃષ્ટિ જ છે. ત્યારબાદ જ્યારથી આધ્યાત્મિક વિકાસનો આરંભ થાય છે, પછી ભલે તેમાં બાહ્ય જ્ઞાન ઓછું હોય છતાં, ત્યારથી સદ્દૃષ્ટિ શરૂ થાય છે. કારણ કે તે વખતે આત્માનું વલણ સંસારોન્મુખ ન રહેતાં મોક્ષોન્મુખ થઈ જાય છે. આ સદ્દૃષ્ટિ (યોગદૃષ્ટિ)ના વિકાસના તારતમ્ય પ્રમાણે આઠ ભેદો છે. આ આઠ ભેદોમાં ઉત્તરોત્તર બોધ અને સવિશેષ જાગૃતિ થાય છે. પહેલી મિત્રા નામક દૃષ્ટિમાં બોધ અને વીર્યનું બળ તૃણાગ્નિની પ્રભા જેવું હોય છે. બીજી તારા દૃષ્ટિમાં છાણાના અગ્નિની પ્રભા જેવું, ત્રીજી બલા દૃષ્ટિમાં લાકડાના અગ્નિની પ્રભા જેવું, ચોથી દીપ્રા દૃષ્ટિમાં દીવાની પ્રભા જેવું, પાંચમી સ્થિરા દૃષ્ટિમાં રત્નની પ્રભા જેવું, છઠ્ઠી કાન્તા દૃષ્ટિમાં નક્ષત્રની પ્રભા જેવું, સાતમી પ્રભા દૃષ્ટિમાં સૂર્યની પ્રભા જેવું, અને આઠમી પરા દૃષ્ટિમાં ચંદ્રની પ્રભા જેવું હોય છે.

જોકે આમાંની પહેલી ચાર દૃષ્ટિઓમાં સ્પષ્ટપણે જ્ઞેય આત્મસ્વરૂપનું સંવેદન નથી હોતું, ફક્ત છેલ્લી ચાર દૃષ્ટિઓમાં જ તેવું સંવેદન હોય છે, છતાં પ્રથમની ચાર દૃષ્ટિઓને સદ્દૃષ્ટિમાં ગણવાનું કારણ એ છે કે તે સ્થિતિમાં આવ્યા પછી આધ્યાત્મિક ઉત્ક્રાંતિનો માર્ગ નિશ્ચિત થઈ જાય છે. યોગના યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠ અંગોને આધારે સદ્દૃષ્ટિના આઠ

સ્થિરા, કાન્તા, પ્રભા અને પરા એવા આઠ વિભાગ કરે છે. આ આઠે વિભાગોમાં ઉત્તરોત્તર વિકાસનો ક્રમ વધતો જાય છે. પહેલી મિત્રા આદિ ચાર દૃષ્ટિઓમાં આધ્યાત્મિક વિકાસ હોય છે ખરો, પણ તેમાં કોઈક અજ્ઞાન અને મોહનું પ્રાબલ્ય રહે છે, જ્યારે સ્થિરા આદિ પાછલી ચાર દૃષ્ટિઓમાં જ્ઞાન અને નિર્મોહતાનું પ્રાબલ્ય વધતું જાય છે. બીજા પ્રકારના[1] વર્ણનમાં તે આચાર્યે માત્ર આધ્યાત્મિક વિકાસના ક્રમનું જ યોગરૂપે[2] વર્ણન કર્યું છે; તે પહેલાંની સ્થિતિ વર્ણવી નથી. યોગના તેઓએ અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિક્ષય એવા પાંચ ભાગો કરેલા છે.[3]

---

વિભાગો સમજવાના છે. પહેલી દૃષ્ટિમાં યમની સ્થિરતા, બીજીમાં નિયમની, એમ અનુક્રમે આઠમીમાં સમાધિની સ્થિરતા મુખ્યપણે હોય છે.

૧. જુઓ યોગબિંદુ.

૨. યોગ એટલે જેનાથી મોક્ષ પ્રાપ્ત કરી શકાય તેવો ધર્મવ્યાપાર. અનાદિ કાળચક્રમાં જ્યાં સુધી આત્માની પ્રવૃત્તિ-પરાઙ્મુખ હોઈ લક્ષ્યભ્રષ્ટ હોય છે, ત્યાં સુધીની તેની બધી ક્રિયા શુભાશય વિનાની હોવાથી યોગકોટિમાં આવતી નથી. જ્યારથી તેની પ્રવૃત્તિ બદલાઈ સ્વરૂપોન્મુખ થાય છે ત્યારથી જ તેની ક્રિયામાં શુભાશયનું તત્ત્વ દાખલ થાય છે અને તેથી તેવો શુભાશયવાળો વ્યાપાર ધર્મવ્યાપાર કહેવાય છે અને તે પરિણામે મોક્ષજનક હોઈ યોગ નામને પાત્ર બને છે. આ રીતે આત્માના અનાદિ સંસારકાળના બે ભાગ થઈ જાય છે : એ અધાર્મિક અને બીજો ધાર્મિક, અધાર્મિક કાળમાં ધર્મની પ્રવૃત્તિ હોય તો પણ તે ધર્મ ખાતર નથી હોતી, કેવળ 'લોકોપંક્તિ' (લોકરંજન) ખાતર હોય છે. તેથી તેવી પ્રવૃત્તિ ધર્મકોટિમાં ગણવા યોગ્ય નથી. ધર્મ ખાતર ધર્મની પ્રવૃત્તિ ધાર્મિક કાળમાં જ શરૂ થાય છે, તેથી તે પ્રવૃત્તિ યોગ કહેવાય છે. જુઓ યોગબિંદુ.

૩. (૧) જ્યારે થોડા કે ઘણા ત્યાગ સાથે શાસ્ત્રીય તત્ત્વચિંતન હોય છે અને મૈત્રી, કરુણાદિ ભાવનાઓ વિશેષ સિદ્ધ થઈ જાય છે, ત્યારે તે સ્થિતિ અધ્યાત્મ કહેવાય છે. (૨) જ્યારે મન સમાધિપૂર્વક સતત અભ્યાસ કરવાથી અધ્યાત્મ વડે સુવિશેષ પુષ્ટ થાય છે, ત્યારે તે ભાવના છે. ભાવનાથી અશુભ અભ્યાસ ટળે છે, શુભ અભ્યાસની અનુકૂળતા વધે છે અને સુંદર ચિત્તની વૃદ્ધિ થાય છે. (૩) જ્યારે ચિત્ત ફક્ત શુભ વિષયને જ આલંબીને રહેલું હોય છે, અને તેથી તે સ્થિર દીપક જેવું પ્રકાશમાન હોઈ સૂક્ષ્મ બોધવાળું બની જાય. છે ત્યારે તે ધ્યાન કહેવાય છે. ધ્યાનથી દરેક કામમાં ચિત્ત આત્માધીન થઈ જાય છે, ભાવ નિશ્ચલ થાય છે અને બંધનોનો વિચ્છેદ થાય છે. (૪) અજ્ઞાનને લીધે ઇષ્ટ-અનિષ્ટરૂપે કલ્પાયેલી વસ્તુઓમાંથી જ્યારે વિવેકને લીધે ઇષ્ટ-અનિષ્ટપણાની ભાવના નષ્ટ થાય છે ત્યારે તેવી સ્થિતિ સમતા કહેવાય છે. (૫) વાસનાના સંબંધથી ઉત્પન્ન થનારી વૃત્તિઓનો નિર્મૂળ નિરોધ કરવો તે વૃત્તિસંક્ષય. જુઓ યોગબિંદુ શ્લો. ૩૫૭થી ૩૬૫

આ બન્ને પ્રકારનાં વર્ણનો એ પ્રાચીન જૈન ગુણસ્થાનકના વિચારોનું નવીન પદ્ધતિએ વર્ણન માત્ર છે.

## આજીવક દર્શન

આ દર્શનનાં સ્વતંત્ર સાહિત્ય અને સંપ્રદાય નથી, તથાપિ તેના આધ્યાત્મિક વિકાસક્રમ સંબંધી વિચારો બૌદ્ધ ગ્રંથમાં સચવાઈ રહેલ છે. જોકે સંપ્રદાય ન હોવાથી તે વિચારોનો સ્પષ્ટ ખુલાસો તે ગ્રંથમાં નથી જણાતો તો પણ તે વિચારો જેવા મળે છે તેવા સંગ્રહવા જરૂરના છે.[1] આજીવક દર્શન આધ્યાત્મિક આઠ પાયરીઓ માને છે. તે આ પ્રમાણે : મંદ, ખિડ્ડા,

---

૧. મજ્ઝિમનિકાય નામના પ્રાચીન બૌદ્ધ ગ્રંથના સામઞ્ઞફલસુત્ત પ્રકરણમાં આજીવક સંપ્રદાયના નેતા મંખલી ગોશાળનો ઉલ્લેખ છે અને મૂળમાં તેના કેટલાક વિચારો આપેલા છે. આ ગ્રંથની બુદ્ધઘોષકૃત સુમંગલવિલાસિની ટીકામાં આજીવક દર્શનની આઠ પાયરીઓનું વર્ણન છે, જે આ પ્રમાણે છે : (૧) જન્મદિવસથી સાત દિવસ સુધી ગર્ભનિષ્ક્રમણજન્ય દુઃખને લીધે પ્રાણી મંદ (મોમુહ) સ્થિતમાં રહે છે. આ પહેલી મંદ ભૂમિકા. (૨) દુર્ગતિમાંથી આવીને જે બાળકે જન્મ લીધેલો હોય છે તે વારંવાર રુએ અને વિલાપ કરે છે, તેમ જ સુગતિમાંથી આવી જન્મ લીધેલ બાળક સુગતિનું સ્મરણ કરી હાસ્ય કરે છે. આ ખિડ્ડા (ક્રીડા) ભૂમિકા. (૩) માબાપના હાથ કે પગ પકડીને અગર ખાટલો કે બાજોઠ પકડીને બાળક જમીન ઉપર પગ માંડે છે, તે પદવીમંસા ભૂમિકા (૪) પગથી સ્વતંત્ર રીતે ચાલવાનું સામર્થ્ય આવે છે તે ઉજુગત (ઋજુગત) ભૂમિકા. (૫) શિલ્પકળા શીખવાનો વખત તે સેખ્ (શૈક્ષ) ભૂમિકા. (૬) ઘરથી નીકળી સંન્યાસ લીધેલ વખત તે સમણ (શ્રમણ) ભૂમિકા. (૭) આચાર્યને સેવી જ્ઞાન મેળવવાનો વખત તે જિન ભૂમિકા (૮) પ્રાજ્ઞ થયેલ ભિક્ષુ (જિન) જ્યારે કાંઈ પણ નથી બોલતો તેવા નિર્લોભ શ્રમણની સ્થિતિ એ પન્ન (પ્રાજ્ઞ) ભૂમિકા.

આ આઠ ભૂમિકાઓનાં નામ અને તેની વ્યાખ્યા બુદ્ધઘોષે આપેલ છે. બુદ્ધઘોષના વખતમાં એટલે ઈ. સ. પાંચમા-છઠ્ઠા સૈકામાં કદાચ આજીવક સંપ્રદાય અગર તેનું સાહિત્ય થોડું ઘણું હશે, તે ઉપરથી તેને આ નામો મળ્યાં હશે, પણ એટલું તો સ્પષ્ટ જણાય છે કે બુદ્ધઘોષની આ વ્યાખ્યા યુક્તિસંગત નથી, કારણ એ છે કે તેની એ વ્યાખ્યામાં બાળકના જન્મથી માંડી યૌવનકાળ સુધીનું વ્યાવહારિક વર્ણન છે જે આધ્યાત્મિક વિકાસ સાથે બંધબેસતું નથી. તેનો ખરો અર્થ તે સંપ્રદાય પ્રમાણે શો હશે તે અત્યારે સાધનના અભાવે કહી ન શકાય, પણ એ ભૂમિકાઓનાં નામ અને તેમાં રહેલ આધ્યાત્મિક વિકાસના ક્રમનો સંબંધ વિચારતાં એમ જણાય છે કે આ ભૂમિકાઓનો જન્મ સાથે કશો સંબંધ નથી. તે દ્વારા ફક્ત અજ્ઞાનની પ્રબળતાઓ અને જ્ઞાનની ક્રમશઃ વૃદ્ધિનો જ ભાવ સૂચવવાનો આશય હોય તેમ જણાય છે. આની પુષ્ટિમાં એટલું જ કહી શકાય કે આજીવક દર્શન એ પ્રાચીન કાળમાં શ્રમણપથોમાંનું એક ખાસ દર્શન હતું અને તેનો સંપ્રદાય મોટો હતો. તેવી સ્થિતમાં તેના આધ્યાત્મિક

પદવીમંસા, ઉજુગત, સેખ, સમણ, જિન અને પત્ર. આ આઠમાં પ્રથમની ત્રણ અવિકાસ અને પાછળની પાંચ ભૂમિકાઓ વિકાસક્રમની જણાય છે. ત્યારબાદ મોક્ષકાળ હોવો જોઈએ.

—પુરાતત્ત્વ પુસ્તક ૧માંથી ઉદ્ધૃત.

•

ઉત્ક્રાંતિને લગતા વિચારો અન્ય શ્રમણપંથને અગર બ્રાહ્મણપંથને મળતા હોય તે વધારે સંભવિત છે. પ્રો. હોર્નલે પોતાના ઉવાસગદસાઓના અનુવાદમાં ભા.૨ના પરિશિષ્ટના પૃ. ૨૩ ઉપર બુદ્ધઘોષના ઉક્ત વિચારો આપ્યા છે.

## ૨. ગુજરાતી ભાષામાં દાર્શનિક તત્ત્વજ્ઞાન

ભારતની જ્ઞાનસમૃદ્ધિ બહુ જૂના વખતથી જાણીતી છે અને અપાર છે. તે અનેક જાતની છે. એ જ્ઞાનસમૃદ્ધિની અનેક શાખાઓમાં એક જ શાખા આ વિદ્યાના અભ્યુત્થાનકાળમાં હજુ પણ એવી રહી છે કે જેની બાબતમાં પશ્ચિમીય વિચારકોની દૃષ્ટિ પણ ભારત તરફ રહે છે. એ શાખા તે દાર્શનિક વિદ્યાની શાખા.

ભારતીય દર્શનવિદ્યાની ત્રણ પ્રધાન શાખાઓમાં વૈદિક શાખા લઈએ, અને તેના પહેલેથી ઠેઠ સુધીના સાહિત્યની રચનાના પ્રદેશો તરફ નજર ફેંકીએ તો આપણને જણાશે કે વૈદિક દર્શન સાહિત્યની રચનામાં ગુજરાતનો ફાળો પહેલેથી આજ સુધી નથી જ, વેદો, ઉપનિષદો, સૂત્રો, ભાષ્યો, ટીકાઓ અને પ્રકરણ ગ્રંથો કે ક્રોડપત્રો—એ બધાંની રચનામાં પંજાબ, બ્રહ્માવર્ત, કાશી, મિથિલા, દક્ષિણ, બંગાળ અને કાશ્મીર જનપદ વગેરેનો હિસ્સો છે, પણ એકાદ સંદિગ્ધ અપવાદને બાદ કરીએ તો એ રચનાઓમાં ગુજરાતનો ફાવો નજરે નથી જ પડતો.

બૌદ્ધ પિટકોનો ઉદ્‌ગમ તો મગધમાં થયો. એનું સંસ્કૃત સંસ્કરણ અને પછીનું દાર્શનિક સાહિત્ય હિન્દુસ્તાનના બધા ભાગોમાં જન્મ્યું. ગુજરાતમાં જન્મેલું બૌદ્ધ સાહિત્ય કયું અને કેટલું છે એનો સ્પષ્ટ નિર્ણય કરવો અત્યારે કઠણ છે, છતાં એમાં જરાયે શંકા નથી કે સાતમા સૈકા પહેલાં અને ત્યાં સુધીના જે મોટા મોટા બૌદ્ધ મઠોમાં ગુણમતિ, સ્થિરમતિ જેવા અસાધારણ વિદ્વાન ભિક્ષુકો રહેતા હતા અને ભણાવતા ત્યાં બૌદ્ધ સાહિત્ય અવશ્ય રચાયું હતું. બોધિચર્યાવતાર જેવા વિશિષ્ટ ગ્રંથની રચના કાઠિયાવાડમાં (સૌરાષ્ટ્રમાં) જ થયાનું કલ્પાય છે.

આવી સ્થિતિ છતાં ગુજરાતને શરમાવા કે સંકોચાવા જેવું કશું જ નથી. તેનું કારણ એ છે કે તેણે જૈન દાર્શનિક સાહિત્યની રચનામાં મોટામાં મોટો ફાળો આપ્યો છે. આપણે જાણીએ છીએ કે મૂળમાં તો જૈન દર્શનનું

સાહિત્ય બૌદ્ધ દર્શનના સાહિત્યની પેઠે મગધમાં જ જન્મ પામેલું, પણ પછીના કાળમાં તેની રચના દક્ષિણ અને ઉત્તર હિન્દુસ્તાનમાં થતી ગઈ અને છેલ્લાં પંદરસો વર્ષનો ઇતિહાસ સ્પષ્ટ કહે છે કે જૈન દર્શનના પ્રધાનતમ સાહિત્યની રચના, તેની પુરવણી અને તેનો વિકાસ એ બધું ગુજરાતમાં જ થયું છે. ગુજરાતે માત્ર જૈન દર્શનના સાહિત્યને જન્માવી કે વિકસાવીને જ સંતોષ નથી માન્યો, પણ એણે તો પોતાની ખોળીમાં જુદા જુદા પ્રાંતોમાં જન્મેલા અને ઊછરેલા કીમતી સાહિત્યને બહુ કાળજીથી સંભાળી રાખ્યું છે અને તેથી જ કેટલાયે અપૂર્વ અને દુર્લભ ગ્રંથો તો એકમાત્ર ગુજરાતના ખૂણેખાંચરેથી જ અત્યારે પણ જડી આવે છે.

દર્શન સાહિત્યને ઉત્પન્ન કરવાની, રક્ષવાની અને સાચવવાની ગૌરવગાથા ટૂંકમાં આટલી જ છે, પણ એ સાહિત્ય એટલે પ્રાકૃત, પાલિ અને સંસ્કૃત ભાષામાં લખાયેલું સાહિત્ય એટલું જ. જ્યારથી ઉક્ત ભાષાઓ બોલચાલમાંથી લોપ પામી અને વિદ્વાનોના પઠન-પાઠનની જ ભાષા રહી, માત્ર શાસ્ત્રીય ભાષા તરીકે જ એનો ઉપયોગ રહ્યો અને એ ભાષાઓમાં વસ્તુ વિચારવાનો પ્રઘાત ઓછો થઈ ગયો અને તેની જગ્યાએ તેની બીજી લોકભાષારૂપ પુત્રીઓ આવી, એટલે કે ભાષાયુગ શરૂ થયો, ત્યારથી એ લોકભાષાઓમાં દર્શન-સાહિત્ય કેટલું ગુજરાતમાં રચાયું છે. અગર તો સંસ્કૃત આદિમાં પ્રથમ રચાયેલ દર્શન-સાહિત્યને ગુજરાતે પોતાની ચાલુ ભાષામાં કેટલું ઉતાર્યું છે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. બૌદ્ધ સંપ્રદાય તો ક્યારનોય લોપ પામેલો હોવાથી માત્ર ગુજરાતમાં જ નહિ પણ અન્ય પ્રાંતોમાં સુધ્ધાં તેના સાહિત્યની લોકભાષાઓમાં રચના થાય એની શક્યતા જ રહી ન હતી. પણ જાગતા અને ચોમેર પથરાયેલા વૈદિક સંપ્રદાયના દાર્શનિક સાહિત્ય વિશે પણ ગુજરાતનો લોકભાષામાં ફાળો તદ્દન સાધારણ જ ગણાય. નરસિંહ મહેતા, મીરાંબાઈ, દાદુ, અખો કે સ્વામીનારાયણ સંપ્રદાયના કેટલાક સાધુઓ વગેરે, જેઓ મુખ્યપણે ભક્ત જ હતા, તેમણે પોતાની ભક્તિની અજબ ધૂનમાં પ્રસંગવશ જે તાત્ત્વિક વિચારો લોકભાષામાં મૂક્યા છે તેને બાદ કરીએ તો ગુજરાતમાં લખાયેલો સંગીત અને વ્યવસ્થિત વૈદિક તત્ત્વજ્ઞાનનો ગ્રંથ આપણે ભાગ્યે જ મેળવી શકીશું. જૈનોની જાહોજલાલી ગુજરાતમાં ઘણા લાંબા કાળથી ચાલી આવે છે. તે સંપ્રદાયના ત્યાગીઓ પણ સેંકડોની સંખ્યામાં ગુજરાતમાં પહેલેથી જ થતા અને રહેતા આવ્યા છે. તેમણે નવી નવી કૃતિઓથી જ્ઞાનભંડારો ભરી કાઢ્યા છે. તેમ છતાં તે તે સમયની ચાલુ

ગુજરાતી ભાષામાં તેઓએ તત્ત્વજ્ઞાનના પ્રકાણ્ડ અને ઊંડા ગ્રંથો સંસ્કૃત-પ્રાકૃત ભાષાની પેઠે લોકભાષામાં જ રચ્યા હોય એમ ભાગ્યે જ કહી શકાય. બે ચાર અપવાદભૂત કર્તાઓને બાદ કરીએ તો બધા લેખકોની મુખ્ય પ્રવૃત્તિ ભાષાયુગમાં પણ સંસ્કૃત અને પ્રાકૃત ભાષા તરફ જ રહી છે. લોકો ઉપર શાસ્ત્રીય ભાષાઓનો પ્રભાવ અને પ્રતિષ્ઠા એટલાં બધાં પડેલાં અને જામી ગયેલાં કે તે જ ભાષાઓમાં લખનારા તેઓની દૃષ્ટિમાં વિદ્વાન ગણાતા અને તેથી જ લેખકો જાણે-અજાણે પ્રચલિત લોકભાષા છોડી શાસ્ત્રીય ભાષાઓમાં લખવા પ્રેરાતા. આનાં ઇષ્ટ કરતાં અનિષ્ટ પરિણામો વધારે આવ્યા છે. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાની સાચવણી અને ખિલવણી ઇષ્ટ પરિણામમાં ગણીએ તોપણ અનિષ્ટનું પલ્લું ભારે જ રહે છે, એ વાત નીચેના મુદ્દાઓ સમજનાર કબૂલ્યા વિના નહિ રહે.

(ક) માતૃભાષા અને બોલચાલની ભાષામાં જ કરાતો વિચાર ઊંડો વ્યાપક અને સ્ફુટ હોઈ શકે એ સિદ્ધાંત પ્રમાણે વિચાર એક ભાષામાં ને લખવાનું બીજી ભાષામાં હોવાથી વિચાર અને લેખન વચ્ચે અસામંજસ્ય.

(ખ) શાસ્ત્રીય ભાષાઓમાં વિચારો લખવાથી સાધારણ લોકોમાં તેની બહુ જ ઓછી પહોંચ અને જે થોડોઘણો પ્રવેશ થાય તે પણ સંદિગ્ધ અને પાંગળો. જે લોકો શાસ્ત્રીય ભાષા ન જાણવા છતાં પ્રતિભાશીલ અને જિજ્ઞાસુ હોય તેવા વિચારકો તરફથી તત્ત્વજ્ઞાનના વિકાસમાં ઓછામાં ઓછો ફાળો અને તેટલા જ પ્રમાણમાં લોકભાષાની ઓછામાં ઓછી ખિલવણી. પરિણામે તત્ત્વજ્ઞાન અને ચાલુ ભાષામાં જીવંતપણું ઓછું, નવનવાપણું ઓછું અને જૂના વારસા ઉપર નભવાપણું ઘણું.

વર્તમાન સમયનો વિચાર કરીએ તો તો પહેલાં તે વિચારની પોષક ભૂમિકા ટૂંકામાં વિચારી જઈએ, અને તે માટે માત્ર કેટલાક મુદ્દાઓ પ્રશ્નરૂપમાં જ પહેલાં મૂકી દઈએ :

(ક) જીવનમાં તત્ત્વજ્ઞાનને લગતા વિચારોનું સ્થાન છે કે નહિ ? મનુષ્યવૃત્તિ સ્વાભાવિક રીતે તત્ત્વજ્ઞાનના પ્રદેશ તરફ ઢળે છે કે નહિ ? તત્ત્વજ્ઞાન મેળવવાની તક તે શોધે છે કે નહિ ? અને સરળ રીતે પ્રાપ્ત થઈ હોય તો તેને તે પસંદ કરે છે કે નહિ ?

(ખ) માત્ર પુરુષવર્ગ અને તેમાંયે માત્ર શિક્ષિતવર્ગ જ તત્ત્વજ્ઞાનમાં રસ લે છે કે સ્ત્રીવર્ગ અને બીજા સાધારણ કોટિના દરેક જણ તત્ત્વજ્ઞાનને

સમજવાના અધિકારી હોય છે અને તેઓ પણ તે બાબતમાં રસ લે છે ?

(ગ) વિદેશી ભાષા, શાસ્ત્રીય ભાષા અને પરપ્રાંતની ભાષામાં ગૂંથાયેલ વિચારો સમજવા અને તેને પચાવવા એ સહજ છે કે માતૃભાષામાં મુકાયેલા વિચારો અને તે મારફત મળતું જ્ઞાન સમજવું અને જીવનમાં ઉતારવું સહજ છે ?

(ઘ) ખાસ વિશિષ્ટ વર્ગ જ અને તેમાંયે બહુ ઉચ્ચ કેળવણી પામેલા વિવિધ ભાષાના અભ્યાસીઓ જ તત્ત્વજ્ઞાન વિશે વિચાર કરી શકે અને નવનવા પ્રશ્નો ઉપર પોતાના વિચારો જણાવી શકે તેમ જ તેનો વિકાસ કરી શકે કે અનેક ભાષાઓ ન જાણનાર અને માત્ર માતૃભાષામાં બોલનાર માણસોમાં પણ એની પ્રતિભા સંભવે ખરી કે જેથી વિશિષ્ટ વિદ્વાનો જેટલો જ તેઓ વિચારમાં નવો ફાળો આપી શકે ?

(ઙ) ચાલુ ભાષાની ભૂમિકાના તત્ત્વજ્ઞાનમાં વિચારોનું ખેડાણ અને ફેલાવો થવાથી ભાષાસમૃદ્ધિ અને તેનું સામર્થ્ય વધે છે કે નહિ અને જ્ઞાનની બધી શાખાઓને વિશેષ વ્યાપક બનાવવા એવી ભાષાની સમૃદ્ધિ તથા શક્તિ જરૂરનાં છે કે નહિ ?

ઉપરના બધા અસ્તિ નાસ્તિરૂપ પ્રશ્નોનો ઉત્તર હા માં જ આવતો હોય અને ઉભય પક્ષરૂપ પ્રશ્નનો ઉત્તર બીજા પક્ષના સ્વીકારમાં જ આવતો હોય, તો એમ સ્વીકાર્યા સિવાય કદી ચાલી જ નહિ શકે કે ગુજરાતી ભાષામાં બીજી જ્ઞાનશાખાઓની પેઠે તત્ત્વજ્ઞાનની શાખાને ખૂબ ખેડવી. હવે જોઈએ કે એ શાખાને ગુજરાતી ભાષામાં ખેડવી એટલે શું ? અને ત્યાર પછી આપણે જોશું કે આ શાખા વર્તમાન ગુજરાતી ભાષામાં કેટલી ખેડાઈ છે, એટલે આપણું કર્તવ્ય સ્પષ્ટ થઈ જશે.

(૧) હજારો વર્ષનાં તપ અને ચિંતનને પરિણામે આપણા પૂર્વ જ ઋષિઓ અને વિદ્વાનોએ જે તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં અનેકવિધ અને અનેક ભાષાઓમાં આપણને વારસો આપ્યો છે તે સમગ્ર વારસો સરળ અને શુદ્ધ ગુજરાતી ભાષામાં યથાર્થપણે ઉતારવો અને મૂળ પારિભાષિક શબ્દોની સ્પષ્ટ વ્યાખ્યા આપી તે શબ્દો ચાલુ ભાષામાં સુગમ અને સુબોધ રીતે મૂકવા.

(૨) પ્રાચીન તત્ત્વજ્ઞાનના મહત્ત્વપૂર્ણ ગ્રંથોનાં પ્રામાણિક અનુવાદ અને સ્ફોટન ઉપરાંત તેના સારભૂત ટૂંકા મનનીય નિબંધો ગુજરાતીમાં લખવા, જેમાં વિવેચકદષ્ટિ અને તુલનાદૃષ્ટિ નિષ્પક્ષપણે કામ કરતી હોય.

(૩) સમગ્ર ભારતીય તત્ત્વજ્ઞાનની શાખાઓનો પહેલેથી ઠેઠ સુધી ઇતિહાસ ગુજરાતીમાં તૈયાર કરવો અને તેવી જ રીતે તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં થયેલા વિશિષ્ટ વિદ્વાનોનાં પ્રામાણિક જીવનો આલેખવાં.

(૪) ભારતીય તત્ત્વજ્ઞાનમાં મુખ્યપણે કેટલા વિષયો સ્પર્શાયેલા છે અને એક એક વિષયને અંગે બીજા ઉપવિષયો કેટકેટલા છે તેની નોંધ કરી પ્રત્યેક વિષય પરત્વે તત્ત્વજ્ઞાનની બધી શાખાઓ શું શું માન્યતા ધરાવે છે તેનો તુલનાત્મક ઇતિહાસ ગુજરાતીમાં ઉતારવો.

(૫) ભારત બહારના પ્રદેશોમાં પહેલેથી અત્યાર સુધી તત્ત્વજ્ઞાન વિશે જે જે ચિંતનો થયાં હોય તેમાંથી મહત્ત્વપૂર્ણ ભાગ સ્વરૂપ, તુલના અને ઇતિહાસરૂપે શુદ્ધ અને સરળ ગુજરાતીમાં ઉતારવો અને એ રીતે ભારતીય તત્ત્વજ્ઞાનને ઇતર દેશના એવા વિચારો સાથે સરખાવવાનો માર્ગ સરળ કરી મૂકવો.

(૬) જે વિષયો ભારતીય તત્ત્વજ્ઞાનમાં આવ્યા ન હોય અથવા ઓછા ચર્ચાયા હોય અથવા તો અસ્પષ્ટ ચર્ચાયા હોય અને પશ્ચિમી તત્ત્વજ્ઞોએ એનો વિચાર ઊંડો તેમ જ સ્પષ્ટ કર્યો હોય તો તેવા વિષયોની યાદી કરી તે દરેક વિષય પરત્વે જે જે ઇતર દેશોમાં લખાયું હોય તે યથાર્થપણે ગુજરાતીમાં ઉતારવું, જેથી આપણો વારસો વધારે સમૃદ્ધ કરવાની સગવડ મળે.

(૭) ભિન્ન ભિન્ન કક્ષાના અભ્યાસીઓ માટે સંપૂર્ણ માહિતીવાળી પ્રસ્તુત વિષયક ચોપડીઓ તૈયાર કરવી.

ઉપર જે મહાન કાર્યો બતાવવામાં આવ્યાં છે તેને ટૂંકમાં તત્ત્વજ્ઞાનનું ખેડાણ કહી શકાય. હવે જો આ ખેડાણ આવશ્યક હોય અને ભાવિ વિશાળ ખેડાણ માટે ખાસ જરૂરનું હોય તો હવે એ જોવું પ્રાપ્ત થાય છે કે આપણી ચાલુ ગુજરાતી ભાષામાં ખેડાણ કેટલું થયેલું છે.

પહેલું બૌદ્ધ તત્ત્વજ્ઞાન લઈએ. અધ્યાપક કોસાંબીજીનાં નાનાં નાનાં બેત્રણ પુસ્તકો બાદ કરીએ તો તે સંપ્રદાયનું ગુજરાતી સાહિત્ય કશું જ નથી, જ્યારે એ સંપ્રદાયનું પ્રાચીન સાહિત્ય ઘણું અગત્યનું અને વિશાળ છે. જૈન

સંપ્રદાયનાં તત્ત્વજ્ઞાનવિષયક સર્વસ્પર્શી ગ્રંથો તો ગુજરાતીમાં નથી જ. જૂની ગુજરાતીમાં એ સંપ્રદાયના મૂળ આગમો ઉપરના ગ્રંથો છે, જે આજે કાર્યસાધક નથી. ચાલુ જમાનાની વિકસિત ભાષામાં થયેલા એ સંપ્રદાયના આગમાનુવાદો માત્ર ગણ્યાગાંઠ્યા છે. જૂની ગુજરાતીમાં લખાયેલા કેટલાક મહત્ત્વપૂર્ણ તત્ત્વજ્ઞાનના ગ્રંથો છે, તે પણ પદ્ધતિસર ચાલુ ગુજરાતીમાં તૈયાર થયેલા નથી. એટલે એકંદર ગુજરાતી મારફત જૈન તત્ત્વજ્ઞાનની વિશાળ અજમાયશ કરવા ઇચ્છનારને કશી જ પૂર્ણ સગવડ નથી એમ કહી શકાય. વૈદિક સંપ્રદાયના સ્થૂળ રીતે છે. અને વિસ્તારથી જોતાં તેથીયે વધારે દર્શનો છે. એમાનાં ઘણાંખરાં દર્શનો ઉપર તો અપાર અને ગંભીર સાહિત્ય લખાયેલું છે. તે જોતાં માત્ર યોગ કે સાંખ્યદર્શનના થયેલા ગુજરાતી અનુવાદો એ તદ્દન અપૂર્ણ ગણાય. વેદાંતદર્શનનાં ત્રણ ભાષ્યોના અનુવાદો છે, પણ વૈદિક બધાં દર્શનોના મહત્ત્વપૂર્ણ ગ્રંથો તો ગુજરાતીમાં અસ્પૃશ્ય જ રહ્યા છે. નિબંધ સાહિત્યમાં આચાર્ય ધ્રુવના "આપણો ધર્મ" નામક પુસ્તકમાં જે ટૂંકા ટૂંકા લેખો છે તે સિવાય બીજા કોઈએ કશું જ લખ્યું નથી. ઇતિહાસની દિશામાં રા. નર્મદાશંકર મહેતાનો પ્રયત્ન ખૂબ પ્રશંસનીય છે, પણ હજી એમાં ઘણું કરવાનું બાકી રહી જાય છે. પાઠ્યપુસ્તકોમાં આચાર્ય ધ્રુવની ત્રણ ચોપડીઓ સિવાય કશું જ નથી. એટલે એકંદર રીતે જોતાં ગુજરાતી ભાષામાં તત્ત્વજ્ઞાન વિષયક સાહિત્ય જેટલું અને જેવું ઊતરવું જોઈએ તેનો સહસ્રાંશ પણ આજે નથી.

આવી સ્થિતિમાં 'ગુજરાતી સાહિત્ય પરિષદ' અગર બીજી તેવી સંસ્થાઓનું શું કર્તવ્ય છે તે કહેવાની જુદી જરૂર નથી, પણ જ્યારે આજ કેળવણી વધતી જાય છે, તેનો વિસ્તાર અને ઊંડાણ વધારવાના ચોમેરથી પ્રયત્નો ચાલી રહ્યા છે, કેળવણી પામેલાઓ કાર્યક્ષેત્ર શોધી રહ્યા છે, ત્યારે તેવા કેળવાયેલા યુવકો અને અનુભવીઓને હવે પદ્ધતિસરનું ઉપર નિર્દેશ્યા પ્રમાણે સાહિત્ય તૈયાર કરાવવું એ એક જ સૂચન કરવું બાકી રહે છે. આ સિવાય બીજો એક માર્ગ કાંઈક સરળ છે અને છતાં કઠણ પણ છે. દરેક સંપ્રદાયમાં ઓછાવત્તા સંતો, ધર્મગુરુઓ અને વિશિષ્ટ રસ ધરાવનારા અનુયાયી ગૃહસ્થો હોય છે. તેઓને આ ઉપયોગી દિશામાં વળવામાં આવે તો વધારે કામ ઓછે ખર્ચે થાય, અને એક વાર વાસ્તવિક દિશા મળતાં શક્તિનો ઉપયોગ ઝઘડાની અને કૂપમંડૂકતાની દિશામાંથી થતો અટકે.

જૂના જમાનામાં જ્યારે ચીનને જ્ઞાનની ભૂખ જાગી ત્યારે તેણે અનેક

કઠોર સહિષ્ણુ ભિક્ષુઓને મોકલી હિન્દુસ્તાનમાંથી સંસ્કૃત અને પ્રાકૃત હજારો ગ્રંથોના અનુવાદો ચીની ભાષામાં કરાવરાવ્યા અને કેટલીક વાર તો એક એક બ્રાહ્મણ વિદ્વાન પાસે સેંકડો સંસ્કૃત ગ્રંથોના ચીની ભાષામાં અનુવાદ કરાવ્યા. મુસલમાન બાદશાહો અને અમીરોએ પણ પોતાના દેશમાં જ્ઞાનસમૃદ્ધિ વધારવા પોતાના અનેક વિદ્વાનો પાસે અને અનેક પરજાતિના હિન્દુસ્તાની વિદ્વાનો પાસે આર્યસાહિત્યના તરજુમાઓ અરબી, ફારસી અને ઉર્દૂ ભાષામાં કરાવ્યા. તિબેટવાસીઓએ પણ એ જ કર્યું અને છેલ્લે જોઈએ તો જર્મન, ફ્રેન્ચ અને અંગ્રેજી ભાષાના વિશિષ્ટ વિદ્વાનોએ પોતપોતાના દેશની જ્ઞાનસમૃદ્ધિ વધારવા તેમ જ લોકોના માનસ અને અભ્યાસને ઊંચા ધોરણ ઉપર મૂકવા દુનિયાના બધા ભાગમાંથી બને તેટલું વધારેમાં વધારે સાહિત્ય અનેકરૂપે પોતપોતાની ભાષામાં ઉતાર્યું. સંસ્કૃત, પ્રાકૃત અને પાલિ ભાષાનો જ પારંપરિક વારસો ભોગવનાર આપણે અંગ્રેજી, ફ્રેન્ચ કે જર્મન ભાષા તરફ જોવું પડે છે. એક વાર બાળક માને ધાવવું છોડે અને તેના ખોળામાં ખેલવાનો નિર્વ્યાજ આનંદ જતો કરે ત્યારે તેની પરમાતાના હાથે એના ખોળામાં જે વલે સંભવે તે વલે સાહિત્યની બાબતમાં આપણી છે. તેથી જેઓ તત્ત્વજ્ઞાનના વિચારોને ઉચ્ચ ભૂમિકા ઉપર લઈ જવા ઇચ્છતા હોય, તેનો ફેલાવો ઇચ્છતા હોય, તેમની ફરજ છે કે તેમણે એ બધું જ્ઞાન વ્યવસ્થિત રીતે માતૃભાષામાં આવે એવો પ્રયત્ન કરવો.

દક્ષિણી, બંગાળી અને હિંદી ભાષામાં આ માટે પ્રયત્નો થઈ રહેલા છે. અને કેટલેક અંશે તો તેઓ આપણા કરતાં આગળ વધ્યા છે. ગુજરાતી ભાષાની ક્ષમતા બીજી એકે ભાષા કરતાં ઓછી નથી; ઊલટું, તેની વિચાર કરવાની અને તેને વ્યક્ત કરવાની શક્તિ પ્રમાણમાં વધારે છે. સંસ્કૃત અને પ્રાકૃતનો તેને સાથ છે; ફારસી, ઉર્દૂ, અંગ્રેજી, આદિનો પણ તેને સહયોગ છે. એવી સ્થિતિમાં તે ભાષાના સાહિત્યને તત્ત્વજ્ઞાનના ગુલાબી ફૂલની સૌરભથી સુવાસિત કરી મૂકવું એ એક જ ઋષિઋણ, દેશઋણ કે સમયઋણ આપણા ઉપર બાકી રહે છે. એને ન ફેડનાર કે ફેડવામાં મંદ ઉત્સાહ રાખનાર પોતાને સાહિત્ય કેવી કહે તો એ સાહિત્યનો દ્રોહ જ કરે છે, એમ સત્ય કહેવરાવે છે.*

— પ્રસ્થાન, માહ, ૧૯૮૫

---

★ નવમી ગુજરાતી સાહિત્ય પરિષદમાં આપેલો નિબંધ.

# ૩. 'સંસાર અને ધર્મ'નું અનુશીલન

## ખંડ પહેલો

### ૧. તત્ત્વજ્ઞાનના મૂળ પ્રશ્નો

આ લેખ એક ભાઈના પ્રશ્નનો ઉત્તર આપવાની દૃષ્ટિથી લખાયેલો છે, પણ વસ્તુતઃ તે સ્વતંત્ર લેખ જ છે. તત્ત્વજ્ઞાન કોણ શોધી, ચલાવી કે વધારી શકે ? તત્ત્વજ્ઞાન અને ભૌતિક વિજ્ઞાન વચ્ચે શું શું સરખાપણું છે અને ક્યાંથી કેવો ભેદ દેખાય છે ? તત્ત્વજ્ઞાનની શોધમાં વાદો ક્યાં સુધી સાધક થાય છે અને ક્યારે બાધક થાય છે ? સત્યનો શોધક વાસનાનું નિયમન કરે કે તેનો ઉચ્છેદ કરે કે તેને વિશુદ્ધ કરે ? ઇત્યાદિ પ્રશ્નોની સચોટ સમજણ અને છણાવટ આપી છે અને કરી છે. જગત દુઃખવાદીઓએ જગતને દુઃખરૂપ કહ્યું છે, જેમ કે સાંખ્ય, બુદ્ધ આદિએ. પણ એ દુઃખરૂપતા એકાંતિક નથી અને છે તે અપેક્ષાએ છે એ બહુ સ્પષ્ટતાથી આ લેખમાં સમજાવ્યું છે. ખરી રીતે જેણે જેણે જગતને દુઃખમય કહ્યું છે તે બધાએ એક શરત મૂકી છે અને તે શરત તૃષ્ણાની. જો તૃષ્ણા હોય તો સર્વત્ર દુઃખ જ ભાસવાનું. જ્યાં સુખ હોય ત્યાં પણ તૃષ્ણા આવી કે તે પ્રતિકૂલવેદનીય બની જવાનું, परिणामतापसंस्कार—એ યોગસૂત્રમાં દુઃખનું કારણ તૃષ્ણાને જ કહેલું છે. જેણે વાસનાજય કે તૃષ્ણાજય કર્યો તે બુદ્ધ કે બીજો ગમે તે હોય અને છતાંયે તેને પોતાને દુઃખ ભાસે કે અનુભવાય તો તત્ત્વજ્ઞ, સાધક કે યોગી થવામાં શો લાભ ? આથી સિદ્ધ છે કે એવા લોકો દુઃખી ન હતા; સદા સુખી અને સંતુષ્ટ હતા. જગતમાં આપણી પેઠે જીવેલા પણ ખરા. એ જગતે એમને દુઃખ કેમ ન આપ્યું ? ઉત્તર એક જ કે તૃષ્ણા ન હતી. અને તૃષ્ણા ન છતાં તેમનું જીવન પણ દુઃખસંતપ્ત હોત તો તેઓ તૃષ્ણાત્યાગનો ઉપદેશ કરવાને બદલે જીવનનો અંત જ આણવા કહેત. એટલે શ્રી. મશરૂવાળાએ જગતની સુખદુઃખરૂપતા વિશે લેખમાં જે કહ્યું છે તે યથાર્થ છે. વિવેકીને બધું દુઃખરૂપ છે એનો અર્થ એટલો જ કે જે તૃષ્ણા-

અતૃષ્ણા વચ્ચેનું અંતર જુએ છે એન ઉભયજન્ય પરિણામો નિહાળે છે તે તૃષ્ણાકોટિમાં આવતી સમગ્ર વસ્તુઓ, પછી ભલે તે ગમે તેવી સુખરૂપ ભાસતી હોય, તેને દુઃખરૂપ લેખે છે, અર્થાત્ તે વિવેકી તૃષ્ણા ન હોય ત્યારે પ્રકૃતિથી પર બનવાને લીધે પ્રાકૃત આઘાતોને દુઃખરૂપ નથી લેખતો. આવો વિવેકી પણ આગમાં શૈત્યનો કે બરફમાં આગનો અનુભવ નથી કરતો. તેની ઇન્દ્રિયો અન્યની પેઠે છે તે રૂપે જ વસ્તુને અનુભવે છે. પણ એમ બને કે એક અવિવેકી આગ, ઝેર કે શૂળીથી પ્રતિકૂળ વેદના થતાં જ જીવનમોહને લીધે હાયહાય પોકારી ઊઠે; જ્યારે વિવેકી એ પ્રતિકૂળ વેદના અનુભવવા છતાં મન ઉપર એટલો કાબૂ રાખે કે તેથી તેની પ્રસન્નતામાં ફેર ન પડે. સૉક્રેટિસને ઝેર તો કડવું જ લાગેલું, એનો કેફ પણ ચડેલો, પણ કોઈ ઉચ્ચ સિદ્ધાન્ત અને આદર્શના પાલનની ખુમારીમાં તેને એ દુઃખ સહ્ય બનેલું. એ જ વાત ક્રાઇસ્ટ અને બીજાને લાગુ પડે છે. સુખદુઃખ એ માનસિક સંવેદન છે. મનને જેવું ઘડ્યું હોય તે પ્રમાણે છેવટની અસર થાય. એટલે જગતની સુખ કે દુઃખરૂપતા માનસિક ઘડતર પર અવલંબિત છે. જગત પોતે નથી સુખરૂપ કે દુઃખરૂપ. એ તો અવ્યક્ત અને અવક્તવ્ય જેવું છે. જીવનની ધારામાં અનેક સ્થૂળ-સૂક્ષ્મ તત્ત્વોનો સમાવેશ છે. તેમાંથી કોઈ એક અંશને પૂર્ણ જીવન માની પૂરા જીવનની વ્યાખ્યા કરી ન શકાય. વળી, વ્યાખ્યા પણ અધિકારી પ્રમાણે જ થાય છે.

આ લેખ જેટલો સુસ્પષ્ટ છે તેટલો જ સુપઠ અને ભ્રમનિવારક હોઈ પ્રથમથી અંત સુધીના તત્ત્વજિજ્ઞાસુને માટે ઉપયોગી છે. તે સ્ફૂર્તિ આપે છે ને નિરાસા નિવારી પુરુષાર્થ પ્રેરે છે.

## ૨. જીવનનો અર્થ

જીવનનો અંતિમ ઉદ્દેશ શો છે ? તેનો ઉત્તર કલ્પનાઓથી અનેક રીતે અપાયો છે. એનો અનુભવ હોત તો મતભેદ ન હોત. તેથી જીવનનો અર્થ શો છે એ જાણવા કરતાં જીવન શું છે અને તે કઈ રીતે જીવી શકાય—બીજાની સુખ-સગવડને ખલેલ ન પહોંચે એમ કેવી રીતે જીવી શકાય—એ જ જાણવું હિતાવહ છે; તે શક્ય પણ છે. જે વસ્તુને લેખક સંયમ અને વિવેક કહે છે તેને એક શબ્દમાં વર્ણવવી હોય તો જીવનકલા શબ્દથી વર્ણવી શકાય. જીવનકલાનો અર્થ સ્થૂળ નથી, પણ બહુ સૂક્ષ્મ અને વ્યાપક છે. જેમ જીવનકલામાં પોતાના જીવનની સલામતી તેમ અન્યના જીવનની પણ

સલામતી સમાય છે. એમાં નથી ભયને કે કાર્પણ્યને સ્થાન; એમાં તેજસ્વી પુરુષાર્થ અને કરુણાવૃત્તિ આવે છે. એટલે સંક્ષેપમાં કઈ રીતે જીવન જીવવું એ ઠીકઠીક જાણ્યું હોય તો જીવનનો અંતિમ હેતુ (જો તે હશે તો) આપોઆપ જણાઈ જશે. જીવન સાથે જ જિજ્ઞાસા, કલ્પના, સર્જકતા, સંકલ્પશક્તિ અને શ્રદ્ધાળુ આશા—એ પાંચે સિદ્ધિઓ મનુષ્યને પ્રાપ્ત છે. જેમ શારીરિક તેમજ માનસિક જીવન પણ ન વેડફાય, એ કલા સિદ્ધ કરવાની રહે છે. માનસિક જીવન વેડફાતાં શારીરિક જીવન વેડફાય જ છે અને માનસિક જીવનને વેડફ્યા વિના—એને સુરક્ષિત રાખીને—શારીરિક જીવન વેડફી પણ ન શકે. તેથી બંને જીવનનો સુસંવાદ સાધવાની કલા એ જ જીવનકલા છે. દરેક સંત કે સાધકે એ જ કલા ખીલવી હોય છે. પછી એ પ્રશ્ન બહુ મહત્ત્વ નથી ધરાવતો કે જીવનના મૂળમાં શું છે અને તે ક્યાં જઈ થંભે છે અથવા તેને અંતે શું છે ? આ પ્રશ્ન અનાદિત્વ અને અનંતત્ત્વનો હોઈ જ્ઞાન-મર્યાદાની બહારનો પણ હોઈ શકે, પણ જીવનકલાનો પ્રશ્ન મધ્યકાલનો છે, તેથી તે એક રીતે સાદિ-સાંત છે. પણ એના સાદિ-સાંતપણાનો ઠીકઠીક સમાધાનકારી ઉકેલ મળે તો પેલા અનાદિ—અનંત પ્રશ્નનો પણ ઉકેલ ક્યારેક આવી જ જાય. આ લેખનું ઉત્થાન વિનોદી રીતે થયું છે, પણ તે ઉત્તરોત્તર અનુભવ મૂલક હોવાથી લેખ અંતે ગંભીરતામાં જ સરતો જાય છે અને છેવટે બુદ્ધિ અને હૃદયને સ્પર્શે છે.

### ૩. સંસારમાં રસ

'સંસારમાં રસ' છે તે અનિવાર્ય છે. એને વિશુદ્ધ અને વિકસિત કરવો એટલું જ આપણાથી શક્ય છે. એનો ઉચ્છેદ શક્ય નથી. જો આ સાચું હોય તો જે સામાન્ય રીતે સંસાર ગણાય છે તે ઉપરાંત આ વ્યાપક સંસાર વિશેની દૃષ્ટિ જીવનકલા દરમ્યાન જ કેળવવી જોઈએ. એ કેળવણીથી અનેક જીવનવ્યાપી અને દેશકાલની વિસ્તૃત મર્યાદાવાળી જીવનદૃષ્ટિ ઘડાવાની. એમ થતાં માત્ર વર્તમાન અંગત જીવનમાં જે રાગ કે રસ છે તે ફેલાઈ વધારે સૂક્ષ્મ અને વ્યાપક થવાનો. એની સંઘનતા ઘટતાં જ એનું બંધક તત્ત્વ ઓસરવાનું. એ રીતે એનો રસ સહજ રીતે જ પોષાવાનો અને વધવાનો અને છતાં એ સંકીર્ણ અર્થમાં રસ ઉપરથી વૈરાગ્ય પણ સધાવાનો. સારાંશ કે 'સ્વ'માં વધારે 'પર' સમાતાં તે 'સ્વ' વિસ્તૃત બનવાનો અને સ્વ-પરનું અંતર નહિ રહેવાનું. એ જ સંસારમાં રસની વૃદ્ધિ અને શુદ્ધિ છે.

## ૪. જીવનમાં મૃત્યુનું સ્થાન

જેમ 'સંસારમાં રસ' એ લેખમાં વૈયક્તિક જીવનમાં પૂરી થતી સંકીર્ણ દૃષ્ટિને વિસ્તારવાની અને વિશાળ તેમ જ વિશાળતર જીવનને સ્પર્શવાની સૂચના છે, કે જે સૂચના એક તરફથી વૈરાગ્યનો ખુલાસો કરે છે અને બીજી તરફથી સંસારના રસને પુષ્ટિ આપે છે, તે જ રીતે 'જીવનમાં મૃત્યુને સ્થાન' આ લેખ પણ વિશાળ જીવનની દૃષ્ટિએ મૃત્યુની ઉપકારતા, આવશ્યકતા અને અનિવાર્યતા વર્ણવે છે. એ દેખીતું નિરાશા અને શોકજનક મરણ પણ વસ્તુતઃ તેવું નથી; ઊલટું, તે વિશાળ જીવનને વિકસવાનો તેમ જ વ્યવસ્થિત ચાલવાનો રસ્તો મોકળો કરે છે. આ વસ્તુ બિલકુલ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારતાં અનુભવસિદ્ધ જ લાગે છે. ખરી રીતે 'સંસારમાં રસ' અને 'જીવનમાં મૃત્યુનું સ્થાન' એ બન્ને મુદ્દાઓ પાછળ એક જ દૃષ્ટિ રહેલી છે; અને તે એ કે વૈયક્તિક તેમ જ સંકુચિત જીવન પૂરતી પોષાયેલી અને પોષાતી દૃષ્ટિને વિસ્તારવી અને અન્ય જીવન સાથે તેનો અભેદ અથવા સુમેળ સાધવો. ધર્મદૃષ્ટિ કે તત્ત્વદૃષ્ટિ આવા વિશાળ જીવનના અર્થમાંથી જ સ્ફૂરે છે. વિશાળ જીવનનો અર્થ અને તેનો વૈયક્તિક જીવન સાથે મેળ અથવા તે સમષ્ટિ જીવનથી વ્યષ્ટિજીવનની અભિન્નતા અને અભેદમૂલક પરિણામો ન સમજાય ત્યાં લગી સંસારમાં સદા વૈરાગ્યપૂત રસ અને મૃત્યુ-નિર્ભયતા આવે નહિ. વૈરાગ્ય એટલે વૈયક્તિક તૃષ્ણાનો વિલય કરી સર્વ સુખ માટે તેમ જ વિશાળ જીવનના વિકાસ માટે રસ કેળવવો અર્થાત્ તૃષ્ણાંનું વ્યાપક અને શુદ્ધ ઊર્ધ્વીકરણ કરવું. એ જ રીતે મૃત્યુ નિર્ભયતા એટલે વિશાળ જીવનને ઉપકારક થવાની અગર તેની સાથે સુમેળ સાધવાની હોંશ અને તમન્ના. જેમ એકલો બ્રહ્મચારી સ્વપ્રવૃત્તિમાં સંતુષ્ટ હોય અને પછી તે બુદ્ધિપૂર્વક ગાર્હસ્થ્ય સ્વીકારે ત્યારે બ્રહ્મચર્યાશ્રમ પૂરતું તેનું મરણ પણ વસ્તુતઃ ગાર્હસ્થ્ય-જીવનનું ઉપકારક હોઈ અનેકનાં જીવન સાથે સુમેળ સાધે છે અને તેથી તે બ્રહ્મચર્યાશ્રમનો પરિત્યાગ દુઃખદ નથી લેખાતો. ઊલટું વધાવી લેવાય છે. તેમ જ મૃત્યુનું છે. બીજી રીતે કહીએ તો ઘરે બેસી કમાતો માણસ વધારે કમાવા પ્રવાસ કરે ત્યારે તેનો પ્રવાસ મૂળ હેતુનો સાધક હોઈ આવકારદાયક બને છે. તેમ મૃત્યુ વિશે છે.

આવી વિશાળ દૃષ્ટિ કેળવવી એ જ લેખનો આશય છે. જો આવી દૃષ્ટિ કેળવવી હોય તો વાસનાઓને વધારે શુભ અને શુદ્ધ કરવી જ જોઈએ. એમ થયું એટલે આંતરજગત બદલાયું. એને જ સ્વર્ગ માની જૂના અર્થો નવેસર ઘટાવવા.

## ૫. મૃત્યુ પર જીત

સાર્વજનિક કલ્યાણ, જે મહાયાનની ભાવનારૂપ છે અને જે દીર્ઘકાળે જ સિદ્ધ થઈ શકે અને જે એકલે હાથે કે એક જ જન્મમાં સિદ્ધ થઈ ન શકે, તેને જ શ્રેય માનવાની વ્યાપક દૃષ્ટિ પ્રકટી હોય ત્યારે મરણને જીતી શકાય છે, જીવન અને મરણ સમ થઈ જાય છે, કારણ કે તે સમજે છે કે જીવીને સાધતો હતો તે મરીને પણ સાધીશ અને મરણ એ બીજાઓમાં વધારે પ્રેરણા મૂકશે. સાર્વજનિક કલ્યાણની સિદ્ધિ તો અનેકને હાથે જ થવાની, એટલે બીજાઓમાં તે માટેની પ્રેરણા જન્મે એ પણ જીવીને કરવા બરોબર જ છે. વળી વૈયક્તિક પુનર્જન્મ હોય તો પણ તે મરીને ફરી ફરી એ જ કરવાનો છે.

આ લેખમાં જલકણ, નાળા અને ગંગાનો જે સંબંધ વર્ણવ્યો છે, ગંગાના પ્રવાહની અખંડતા અને શાશ્વતતા માટે જે જલકણ અને નદીનાળાનો ભોગ અપાતો વર્ણવ્યો છે તે દૃષ્ટાન્ત અતિ મનોરમ અને મૂળ મુદ્દાનું સમર્થક છે. અલબત્ત, લેખક વૈયક્તિક મોક્ષ અને પુનર્જન્મ પર ભાર ન આપતાં સામૂહિક મોક્ષ અન પુનર્જન્મ ઉપર જ ભાર આપે છે. પણ વૈયક્તિક મોક્ષ અને પુનર્જન્મ માની લઈએ તો પણ તે માન્યતાવાળો સાચો સાધક જીવનમરણમાં સમતોલ રહી શકે છે. બુદ્ધ અને મહાવીર એ તેવા મોક્ષ અને પુનર્જન્મમાં માનતા અને છતાં તેમને મરણમાં જીવન જેટલી જ શાંતિ હતી. મરણ અનિવાર્ય છે એમ સમજી જેણે જીવનનો સફલ ઉપયોગ કર્યો હોય અને વાસનાજય કર્યો હોય તે વ્યક્તિ સામૂહિક કલ્યાણની દૃષ્ટિએ કે વૈયક્તિક કલ્યાણની દૃષ્ટિએ પ્રયત્ન કરનાર હોય તો પણ સર્વત્ર જીવનમરણમાં સમ રહી શકે અને મૃત્યુજય સાધી શકે.

आपूर्यमाणमचलमप्रतिष्ठं એનો ભાવ લેખકે પોતાની તત્ત્વદૃષ્ટિ પ્રમાણે અતિ અદ્ભુત રીતે બતાવ્યો છે. પણ તેનો ભાવ વૈયક્તિક મોક્ષની દૃષ્ટિએ પણ ઘટાવી શકાય. વસ્તુતઃ લેખકની દૃષ્ટિ મહાયાની જ છે. એ દૃષ્ટિએ જ બધા પ્રશ્નોનું નિરાકરણ તે કરે છે.

## ૬. જીવન સુખમય કે દુઃખમય

આ લેખમાં 'જીવન સુખમય કે દુઃખમય' એ પ્રશ્ન પર વિચાર દર્શાવતાં છેવટે વિવેક અને પુરુષાર્થની હિમાયત કરી છે. જેણે જગતને માત્ર દુઃખરૂપ માન્યું છે તેણે પણ એ જ વાત પ્રતિપાદી છે કે વિવેક અને પુરુષાર્થ સેવવા–વધારવા. જેણે સુખરૂપ બ્રહ્મ હોવાથી જગતને પણ સુખરૂપ જ માન્યું

છે અને દુઃખને માત્ર આભાસ માન્યું છે તેણે પણ એ જ વાત કહી છે. સુખ અને દુઃખ બન્નેને જગતમાં માનનારા પણ એ જ વાત કહે છે. એટલે આ લેખમાં તત્ત્વતઃ બહુ નવીનતા નથી; હોય તો દૃષ્ટાન્ત પૂરતી અવશ્ય છે. લપસણા ઢાળનો અને હિમાલયનો દાખલો સમર્થક છે. તેથીયે વધારે સમર્થક તો ગરમ પાણીથી આગ ગરમ ન થાય ત્યારે ગરમ પાણીને ભાંડવાનો દાખલો છે.

દુઃખને નિવારવા મથવું અને સુખની સમૃદ્ધિ વધારવા યત્ન કરવો એનો અર્થ છેવટે તો એટલો જ છે કે આત્મા સુખસ્થિતિ જ પસંદ કરે છે—ભલે તે ઉત્તરોત્તર પ્રગતિશીલ હોય. અને દુઃખ નિવારવા મથે છે તેનો અર્થ સ્વગત વૈયક્તિક સ્થિતિને નિવારવા મથે છે એટલો જ થયો. અને તે જ સ્થિતિ સંસાર છે. એટલે જો દાર્શનિકોએ સંસારને દુઃખરૂપ કહ્યો હોય તો તે ખોટું નથી. એમણે સંસારમાં સુખનું અસ્તિત્વ કબૂલ્યું છે પણ તે સુખને દુઃખ કોટિનું માન્યું છે, કારણ કે તે સ્થાયી સંતોષ નથી આપતું. એટલે સ્થાયી સંતોષ કે વિકસતા સંતોષને જ દાર્શનિકોએ સુખ કહ્યું છે. કોઈએ એ જ વસ્તુને દુઃખાભાવરૂપે વિશેષ દૃષ્ટિએ વર્ણવી છે તો કોઈએ ભાવાત્મક સુખરૂપે. પણ આ વર્ણન તો મુક્તિદશાનું છે. સંસારદશામાં તો બધાએ સુખ એ દુઃખ મિશ્રિત જ માન્યાં છે. એમાં દુઃખભાવના કરવાનો ઉપદેશ વૈરાગ્ય ઉત્પન્ન કરવા માટે છે. એટલે તે ઉપદેશ કોઈ ભૌતિક સુખમાં પૂર્ણતા માની તેમાં રાચી રહેવાનો નિષેધમાત્ર કરે છે. વ્યવહારદશામાં સાપેક્ષ સુખ અને દુઃખનું અસ્તિત્વ બધા જ સ્વીકારે છે અને બધા જ વિવેક અને પુરુષાર્થ ઉપર ભાર આપે છે. અલબત્ત, આ ભાર આપવાની દૃષ્ટિ અત્યારે કર્મયોગમાં પણ ઘટાવી શકાય. પહેલાં તે ભક્તિ અને જ્ઞાનયોગમાં પણ ઘટાવાતી. સાર્વજનિક કલ્યાણને પરમ ધ્યેય અને શ્રેય માની તે માટે જ વિવેક અને પુરુષાર્થ સેવવો હોય તો પણ એ ઇષ્ટ અને શક્ય છે. ગમે તે સત્કાર્ય—પછી તે વૈયક્તિક હોય કે સામૂહિક હોય—તેમાં વિવેક અને પુરુષાર્થ આવશ્યક છે જ. લેખકે આ મુદ્દાનું વિશદીકરણ પોતાની ઢબે કર્યું છે એટલું જ એ વિશદીકરણ તાજગી તો આપે જ છે.

**પરિશિષ્ટ પૃ. ૪૬.**

जगमें जीना दो दिन का આના ઉત્તરમાં લેખકે જે હિંદી ભજન રચ્યું છે તે ભારે આકર્ષક અને ગેય છે. ખરી રીતે **બે દિવસનું જીવન** એનો શબ્દાર્થ

લેવાનો નથી, માત્ર અલ્પ જીવનને જ પૂર્ણ માની તેને સુખનું સાધન લેખનાર રાગી અને નાસ્તિકોને તે ભજન ચીમકી આપે છે અને સૂચવે તો એ છે કે શરીરજીવન એ શાશ્વત જીવનની સિદ્ધિઓ મેળવવાનું એક સાધન છે. એનો ઉપયોગ એ રીતે જ કરવો. માત્ર વર્તમાન સુખમાં મહાજીવનની સિદ્ધિઓ ન વીસરવી. બ્રહ્માનંદનો એ જ ભાવ છે. એને બહુ યોગ્ય રીતે લેખકે નવા ભજનમાં સ્ફુટ કર્યો છે. બે દિવસનું જીવન એ કથનનો તાત્પર્યાર્થ જ્યારે નવા ભજનમાં બહુ ખૂબીથી વ્યક્ત થાય છે ત્યારે જૂના અને નવા ભજન વચ્ચે વિરોધ નથી રહેતો. પહેલાનો વ્યંગાર્થ બીજાનો વાચ્યાર્થ બને છે. એટલું ખરું કે સ્થૂલદૃષ્ટિ લોકો 'બે દિવસનું જીવન' એટલા કથન ઉપરથી વર્તમાન જીવન પ્રત્યે વૈરાગ્ય કે ઉદાસીનતા કેળવે તોયે તેમાં સામષ્ટિક જીવનનું કલ્યાણ સાધવાની સ્ફૂર્તિ નથી પ્રગટતી. જ્યારે નવું ભજન એવો સંસ્કાર ઊભો કરે છે કે તે એવી સ્ફૂર્તિ પ્રગટાવે. ખરી રીતે પ્રાચીન ઉદ્ગારોના ગૂઢ અર્થો ન સમજાયાથી જે દોષો ઉત્પન્ન થાય છે તે આવા સ્પષ્ટીકરણથી જ દૂર થાય. 'હંસલો નાનો ને દેવળ જૂનું રે થયું' એ ઉદ્ગાર કેટલો અર્થવાહી છે ! પણ તેનું લેખકે કરેલ ભાષ્ય ન હોય તો બહુ ન સમજાય; રૂપકથી આગળ ન વધી શકાય.

## ખંડ બીજો

### ૧. અવતારભક્તિ

આમાં જે વિચાર મૂક્યો છે તે બહુ કામનો છે. અવતાર અને ગુરુભક્તિને નામે જે વિકૃતિઓ જામી છે તેનું નિવારણ થવું જ જોઈએ. અને આ લેખ તે માટે બહુ ઉપયોગી છે. જ્યાં દેખો ત્યાં અવતાર અને ગુરુભક્તિને નામે સંપ્રદાયો ચાલે જ છે. ખૂબી તો એ છે કે એક સંપ્રદાય બીજાના અવતાર અને ગુરુને ભક્તિપાત્ર નથી લેખતોઃ જ્યારે બધા અત્યંત વિરોધી રૂપે પ્રવર્તે છેઃ આ લેખમાં બ્રાહ્મણમાનસની જે કલ્પનાચાતુરી, જે વિનોદક શૈલી અને જે રૂપકવર્ણનની હથોટીનો ઉલ્લેખ છે તે સાચો છે. આ લેખ સ્ત્રીપુરુષ દરેકને—ખાસ કરી ભોળા શ્રદ્ધાળુને—માટે બહુ કામનો છે.

### ૨. બે દૃષ્ટિઓ

બે દૃષ્ટિમાં એક નૈગમ યા વ્યવહાર યા મિશ્રિત કે આરોપિત દૃષ્ટિ છે. જ્યારે બીજી શુદ્ધ અને નિશ્ચયદૃષ્ટિ છે. આરોપિત દૃષ્ટિ પ્રમાણે અવતાર અને ગુરુને પરમેશ્વર માનવામાં આવે છે. એનો મૂળ ઉદ્દેશ તો અવતાર અને ગુરુનું

બહુમાન વધારવાનો અને ભક્તિ પોષવાનો છે, પણ અવિવેક ભળતાં જ તેનું પરિણામ અનિષ્ટ આવે છે. બહુમાન પામનાર અને બહુમાનનું ફળ ભોગવનાર માન અને ભોગની લાલસામાં ભક્તોનું પતન નિહાળી નથી શકતા. ભક્તો પણ ગાડરિયા પ્રવાહથી વધારે ને વધારે પડતા જાય છે. તેથી જાગ્રત કરવા માટેની બીજી શુદ્ધ દૃષ્ટિ છે, જે એવા પતનથી બચાવે ખરી. ઈશ્વર કે ખુદા એ સાવ જુદી વસ્તુ છે એવું દૃષ્ટિબિંદુ ક્રિશ્ચિયન, મુસલમાન ને યહૂદીનું છે. જેઓ ઈશ્વરને સ્વતંત્ર વ્યક્તિ ન માનતાં માનવમાત્રમાં પ્રયત્નસાધ્ય ઈશ્વરત્વ માને છે તેઓ કોઈ ને અવતાર માને છે ત્યારે એનો અર્થ એટલો જ છે કે તેણે પ્રયત્નથી ઈશ્વરત્વ સિદ્ધ કર્યું. બીજા પણ તેમ કરી શકે. એટલે તેના પ્રત્યે બહુમાન વધે છે, પણ તે સીમિત નથી રહેતું. ગુરુને તો તેઓ ત્યાં લગી જ માને છે, જ્યાં લગી તેનામાં ગુરુયોગ્ય સદ્‌ગુણો હોય. એટલે ગુરુમાં ઈશ્વરત્વનો વારસો માનવાની ભૂલથી બચી જાય છે. ગુરુને ઈશ્વર જેવા માનવાને પરિણામે સર્વાર્પણથી ભાવનામાંથી અનાચાર પોષાયો છે, એટલે એ દૃષ્ટિનું સંશોધન ઇષ્ટ છે.

અવતાર કે ગુરુમાં ઈશ્વરની માન્યતાનો જે લાક્ષણિક કે આલંકારિક અર્થ છે તે લેખકે બહુ સરસ રીતે સ્ફુટ કર્યો છે. કનક-સુવર્ણ અને જલ-સમુદ્રનાં દૃષ્ટાન્તો સમર્થક છે.

આ લેખમાં માન્યતા પાછળની દૃષ્ટિનું સંશોધન છે. તત્ત્વજ્ઞાન કે દૃષ્ટિસંશોધન આચાર ઘડે છે. આચારનું પીઠબળ જ એ છે. પણ એક વાર આચાર સ્થપાયા પછી તેની પ્રેરક દૃષ્ટિમાં ફરી કોઈ સંશોધન કરે ત્યારે નવા સંશોધન પ્રમાણે પુનઃ આચાર જલદી જલદી બદલાતો નથી. એટલે દૃષ્ટિમાં સંશોધનો થતાં રહે છે અને જૂની આચારપ્રણાલીઓ પણ ચાલુ રહે છે. તત્ત્વજ્ઞાન આગળ વધે છે અને આચાર પાછળ જ પડ્યો રહે છે. અદ્વૈતનું તત્ત્વજ્ઞાન ખરું, પણ જીવનમાં સ્પર્શાસ્પર્શનો આચાર માત્ર દ્વૈતપ્રધાન જ છે. અદ્વૈત વ્યવહાર વર્ણધર્મમાં નથી. એ સૂચવે છે કે આચારનું ખોખું જૂનું અને અદ્વૈતભાવના પાછળની. અદ્વૈત ઉપર જ પ્રથમથી આચાર ઘડાયો હોય તો આવો સ્પર્શાસ્પર્શ આવી ન શકે. ભ્રાતૃભાવનો સિદ્ધાંત દલીલમાં છે. તન્મૂલક તેનો આચાર પણ પ્રથમથી જ છે. એ સિદ્ધાંત ને આચાર સાથે સાથે ચાલે છે, જ્યારે હિંદુ ધર્મમાં તેમ નથી. મૂર્તિમાં ઈશ્વરત્વ માનવાંની વિરુદ્ધ દૃષ્ટિ નવા સંપ્રદાયો દ્વારા આવી, પણ સાધારણ સમાજ મૂર્તિ માનતો ન અટક્યો. यत्र नार्यस्तु पूज्यन्तेએ વિચાર ક્યારેક સ્થિર થયો, પણ વ્યવહારમાં

નારીની અવગણના જ ચાલુ રહી. અવગણના નહિ તો તેનું ઊતરતું સ્થાન તો ખરું જ; સમાનતાનો વ્યવહાર સ્થપાયો નહિ. આ બધું સૂચવે છે કે વિચારો વિદ્યુતવેગે ગતિ કરે છે અને આચાર રગશિયા ગાડાને વેગ.

### ૩. ઉપાસનાશુદ્ધિ

આ લેખમાં સત્ય અને અવ્યભિચારિણી ભક્તિ ઉપર ભાર આપ્યો છે. ધાર્મિકતા માટે એ આવશ્યક છે. માત્ર ધર્મગ્રંથોનું અધ્યયન કે પાંડિત્યપૂર્ણ અધ્યયન કે વિશાળ વાચન ધાર્મિકતા આણી શકતાં નથી. ઊલટું, એવી બહુશ્રુતત્વવૃત્તિ ધાર્મિકતાને રોકે પણ છે. ધાર્મિકતા એટલે ધર્મનિષ્ઠા; ધર્મનિષ્ઠા એટલે સદ્‌ગુણોની ખિલવણી અને કોઈ એક આદર્શ પ્રત્યે અનન્ય નિષ્ઠા. આ એક નિરાળી જ ભૂખ છે, જે અધ્યયનના ખોરાકથી સંતોષી ન શકાય. આવો અંગત અનુભવ છે જ.

લેખકે જોકે હિંદુધર્મની ઉપાસનાને ખીચડીરૂપ કહી છે અને ઇસ્લામની ઉપાસનાને સચ્ચારિણી અનન્ય નિષ્ઠા કહી છે. એ વાત સાચી પણ છે. પરંતુ એમાં જ્ઞાન ન હોવાથી બંને દોષાવહ બને છે. ખીચડી-ઉપાસના એટલે ફાવે ત્યાંથી લાભ ઉઠાવવા ફાવે તેને વળગવાની વૃત્તિ. અને એકનિષ્ઠ ઉપાસના એટલે એકને જ વળગવાની વૃત્તિ. આ બંનેમાં જો ચિત્ત જાગતું હોય ને વિવેક હોય તો બંને ગુણાવહ નીપજે. અનેક દેવોનો સમન્વય જ્ઞાનશુદ્ધ હોય તો મુસલમાનની પેઠે અન્ય પ્રત્યે અદેખાઈ કે દ્વેષ ન આવે. મુસલમાનોએ જ અન્ય દેવોનો ધ્વંસ કર્યો છે, તે અજ્ઞાનયુક્ત એકનિષ્ઠાને કારણે. જો ખરેખર તલસ્પર્શી જ્ઞાન હોય તો એકનિષ્ઠ ઉપાસના હોય કે બહુનિષ્ઠ ઉપાસના હોય તોય તે ઉદાત્ત બને. એટલે મારી દૃષ્ટિએ જો જરૂર હોય તો સમત્વ, ઉદારતા, ચિત્તશુદ્ધિ અને વિવેકની છે. માત્ર ખુદાનો ઉપાસક પણ જો તે શુદ્ધચિત્ત હોય તો ઇતર દેવો પ્રત્યે સહિષ્ણુ તો થવાનો જ. અને અનેક દેવોનો ઉપાસક. પણ તેવો શુદ્ધિચિત્ત હોય તો તે પણ આડે રસ્તે ન દોરાય કે કોઈને દોરે નહિ. ગાંધીજીની પ્રાર્થના શંભુમેળો હતી તેટલા માત્રથી તે વ્યભિચારિણી હતી અને ઊલટું ઔરંગજેબની નમાજ અવ્યભિચારિણી હોવાથી અનુકરણીય હતી એમ પણ નહિ કહી શકાય. ગાંધીજીમાં સાચી ધર્મનિષ્ઠા અને વિવેકી સમચિત્તતા હતી તેથી તે પ્રાર્થના ખીચડી હોવા છતાં શોભતી. પણ એક મંદિરમાં બેસાડેલ અનેક દેવોનો શંભુમેળો એ કુતૂહલવર્ધક બને પણ ચિત્તશોધક કે

ધર્મપોષક ન બને. કોઈ ફકીર માત્ર ખુદાને માનવા છતાં બિલકુલ વિવેકી, સમચિત્ત હોય તો તેનું સ્થાન અનુકરણીય ખરું. એટલે લેખક અવ્યભિચારિણી ભક્તિ વિશે કહે છે ત્યારે તેમાં વિવેકી જ્ઞાન અને સમચિત્તતાની હિમાયત છે જ. અને દેવ-સમન્વયમાં પણ જો એ તત્ત્વ હોય તો લેખકે સ્પષ્ટ કહ્યાં ન છતાં તે ગ્રાહ્ય ગણાવું જોઈએ. લેખકનો ધર્મવિકાસ થયો તે અમુક રીતે ખરું. પણ બધાનો વિકાસ કાંઈ એક જ રીતે નથી થતો. રામકૃષ્ણ ધાર્મિક હતા એમાં શંકા નથી. તેમની ઉપાસનામાં અનેક દેવનિષ્ઠા હતી અને છતાં વિકાસ થયો.

## ૪. ઈશ્વરનિષ્ઠાનું બળ

સત્યને વળગી રહીને જ જીવનક્રમ ચલાવવાની અને પોતાનું ધ્યેય સિદ્ધ કરવાની જે શક્તિ તે જ સત્યાગ્રહ. આમાં સાધ્ય અને સાધન વચ્ચે સંબંધ સત્યનો જ હોય છે. આ જ ઈશ્વરનિષ્ઠાનું બળ અગર અધ્યાત્મબળ છે.

## ૫. પરોક્ષપૂજા

માત્ર પરોક્ષનો જ મહિમા ગાવો—સ્વીકારવો એ જીવનને પાંગળું એ આંધળું બનાવે છે. ભૂતકાળના ગ્રંથો, આદર્શો કે સત્પુરુષો પ્રત્યેની શ્રદ્ધાએ વર્તમાન કાળના યોગ્ય પુરુષ પાસેથી તત્ત્વદૃષ્ટિ શીખવતાં અને વર્તમાન કર્તવ્યનું ભાન કરતાં આડે આવવું ન જોઈએ. એ પ્રાચીન શ્રદ્ધા વર્તમાન પ્રકટ પુરુષો પ્રત્યે નવે રૂપે જન્મવી જોઈએ. તો જ તેનું સંસ્કરણ થયું ગણાય, નહિ તો મરણ.

## ૬. ખોટી ભાવિકતા

ચાલુ જીવનવ્યવહારમાંથી કોઈ નાની જેવી બાબત પકડી લઈ તેનું જ્યારે લેખક વિશ્લેષણ કરે છે એ અંધશ્રદ્ધા તેમ જ માણસની નબળાઈ ઉપર પ્રહાર કરે છે ત્યારે તે સાચું હોવા ઉપરાંત બહુ મનોરમ પણ બને છે. એમની એ હથોટી છે. બે દૃષ્ટિવાળા લેખમાં પણ એક પ્રવાસ વખતે બનેલ ઘટનાના તાત્ત્વિક વિશ્લેષણનું મનોરમ ચિત્ર છે.

## ૭. ઈશ્વર વિશે કેટલાક પ્રશ્નો.

આ લેખમાં ઈશ્વર અને કર્મનું જીવનમાં શું સ્થાન છે એનું વર્ણન છે. અને ઈશ્વર વિશે નાસ્તિકતા પેદા કરનાર નવલેખકોની ચીમકી લીધી છે.

## સંસાર અને ધર્મ

### ૧. ધર્મનું નવનિર્માણ; ૨ . નવી દૃષ્ટિ

નવી દૃષ્ટિમાં એમણે જુદે જુદે સમયે જે કાંઈ વિચાર્યું અને છણ્યું છે તેમ જ આચર્યું છે તેનો ટૂંકમાં પડઘો છે. એમણે તત્ત્વજ્ઞાન વિશે, સમાજ-સુધારા વિશે, જીવનના અર્થ વિશે, ઈશ્વરનિષ્ઠા વિશે કે સંપ્રદાયો વિશે જે કાંઈ વિસ્તારથી લખ્યું છે, તેનો સાર જ આમાં આવ્યો હોય એમ લાગે છે. એટલે નવી દૃષ્ટિવાળો લેખ સૂત્રાત્મક છે. બીજા ઘણા લેખો એનાં ભાષ્યો છે. અભ્યાસી પ્રથમ નવી દૃષ્ટિ વાંચે અને પછી તે મુદ્દા કે નિયમ પરત્વે જે અન્ય લેખો હોય તેને વાંચે તો અભ્યાસમાં, સમજણમાં સરળતા પડે. દા. ત. 'નવી દૃષ્ટિ'માં જીવનનો અર્થ નવેસર સમજવાનું કહ્યું છે. આ માટે વાચકે 'જીવનનો અર્થ' એ લેખ વાંચવો ઘટે. કર્મ વ્યક્તિગત કે સમાજગત એનો ઉત્તર 'ઈશ્વર વિશે કેટલાક ભ્રમો' એ લેખમાંથી મળે. એમ કહી શકાય કે આ લેખ નાની જીવનપોથી છે.

### ૩. શાસ્ત્રદૃષ્ટિની મર્યાદા

આ લેખમાં સંતદૃષ્ટિની અગર તો અનુભવની કે વિવેકશક્તિની શ્રેષ્ઠતા સ્થાપી છે, જે સામર્થ્યયોગની કોટિમાં આવે. કેમ કે એ પ્રત્યક્ષ પ્રમાણ છે. શાસ્ત્રાવલંબી દૃષ્ટિ ગમે તેવી વિદ્વત્તાવાળી હોય તોય તે પરોક્ષ છે અને આસપાસના દબાણથી કે અનુસરણથી મુક્તપણે વિચરી શકતી નથી. ગમે તેવો વિદ્વાન પણ પરંપરાને ઓળંગી નથી શકતો; જ્યારે સંતમાં એ સામર્થ્ય હોય છે. શાસ્ત્રાવલંબન લોકભક્તિમાં પરિણમે છે. તે અનુસ્રોત પ્રવૃત્તિ છે; જ્યારે સંતદૃષ્ટિ તેથી ઊલટી છે. તેમાંથી જ શાસ્ત્રો અને વિદ્વાનોને ખોરાક મળી રહે છે. લોકો સંતની દૃષ્ટિને આવકારે છે ત્યારે એમ નથી જોતા કે એણે કેટલાં શાસ્ત્રો વાંચ્યાં કે કેવો વિદ્વાન ? જ્યારે તેઓ વિદ્વાન પાસે તેની અપેક્ષા રાખે છે. શાસ્ત્રદૃષ્ટિવાળા માણસોનું આત્યંતિક સમર્થન કરીને પણ છેવટે સંતના પગમાં જ પડે છે, કેમ કે તે બંધનમુક્ત છે. આ લેખ દરેક સાંપ્રદાયિક મનોવૃત્તિવાળા માટે ભારે મનનીય છે.

### ૪. શાસ્ત્રવિવેક

આમાં અનુભવ અને શાસ્ત્ર, આપ્તવાક્ય તેમ જ અનુમાન વચ્ચેનું તારતમ્ય બતાવ્યું છે, જેને નહિ જાણવાની મૂઢતા આવે છે. આ અને શાસ્ત્રદૃષ્ટિવાળો લેખ બંને એકબીજાના પૂરક છે. બંને દ્વારા સામર્થ્યયોગનું જ

મહત્ત્વ બતાવાય છે અને તે માટે યોગની અનિવાર્યતા પણ સૂચવાય છે.

## ૫. ધર્મસંમેલનની મર્યાદા

આ લેખમાં ધર્મસંમેલનની મર્યાદા એક સાચા સત્યાગ્રહીને શોભે એ રીતે બતાવી છે. જાણે કે ગાંધીજી એકધર્મનિષ્ઠ રહીને અનેક ધર્મો પ્રત્યે સમભાવ પોષી દરેકમાં જે મહત્ત્વનો સુધારો કરવા જીવન જીવ્યા છે, તેનું જ નિરૂપણ આમાં ન હોય ? ખરી રીતે ગૂઢ અને વિવિધ સમસ્યાઓનો ખાસ કરી સર્વધર્મસમભાવને લગતી સમસ્યાઓનો ઉકેલ કરવો હોય તો તે માત્ર કલ્પનાથી નથી થઈ શકતો, પણ એ પ્રકારનું કોઈ જીવન જીવ્યો હોય અને એવા જીવનનો આખો પટ નિહાળ્યો હોય અને પોતે પણ પછી એમાં હૃદયથી રસ લેતો થયો હોય તો જ આવો ઉકેલ સ્પષ્ટપણે સૂચવી શકાય છે; કેમ કે એક બાજુથી તેણે બીજાનું એવું જીવન નિહાળ્યું હોય છે અને બીજી બાજુથી તેણે પણ એ માર્ગમાં રસ લઈ અનુભવ સાધ્યો હોય છે. આ જ કારણથી વર્તમાનની પેઠે અતીત ઘટનાઓ પણ સામે હોય તેમ લાગે છે. આ લેખમાં લેખક તેવું જ નિરૂપણકૌશલ દર્શાવે છે.

## ૬. સંકલ્પસિદ્ધિ

સંકલ્પસિદ્ધિના નિરૂપણ દ્વારા તો કર્મના કાયદાનું જ નિરૂપણ કર્યું છે, તે અનુભવસિદ્ધ હોવાથી તાદૃશ છે. એ વિચાર એમણે સાધના દરમિયાન કર્યો હશે.

## ૭. જપ

જપ વિશે જે લખ્યું છે તે તેમણે અનુભવ્યું જ છે. પ્રાચીન સાધકોનો અનુભવ તો હતો જ. બાપુના જપે સૌને બતાવી આપ્યું કે તે કેવો ચિત્તની સ્થિરતા, ધ્યેયની સ્મૃતિ અને સંકલ્પની સિદ્ધિમાં ઉપયોગી છે. છેવટે પણ ‘રામ’ એ જ નામે તેમને સમાહિત ચિત્તે મરણને આવકારવા પ્રેર્યા.

પણ આ લેખમાં જે જંગલનો અને સ્ટોરહાઉસનો દાખલો છે તે ચિત્તગત નાના-મોટા અસ્તવ્યસ્ત અને ચંચલ-અચંચલ, સારા-નરસા સંસ્કારો કે સંકલ્પોનો હૂબહૂ ચિતાર આપે છે અને દરેકને પોતાનું મન સાક્ષાત્ જેવું કરવામાં મદદ આપે છે. ખરી રીતે આધ્યાત્મિક સાધનામાં ઉપયોગી મનાતી જપ જેવી વસ્તુઓને લેખક દરેક ક્ષેત્રમાં ઉપયોગી થઈ પડે એવી જાતનો ખુલાસો કરે છે. આવું વિશ્લેષણ, વિશદીકરણ, અને વ્યાપકીકરણ ભાગ્યે જ અન્યત્ર હશે.

### ૮. यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ।

કર્મ અને ધર્મ વચ્ચે ભેદ નથી માન્યો એ બરાબર છે. કેમ કે ધર્મ-બુદ્ધિથી જ કરાય તે કર્મ એ વ્યાખ્યા સારરૂપ છે. વળી ચિત્તશુદ્ધિ અને તે માટેના યમ-નિયમ, ભાવના આદિ દ્વારા જીવન એ લક્ષ્ય હોય તો આત્મસાક્ષાત્કાર વગેરે હશે તો આપોઆપ સિદ્ધ થઈ જશે, અન્યથા સ્વરૂપનિષ્ઠા તો થશે જ.

### ૯. બ્રહ્મચર્ય અને અપરિગ્રહ

બ્રહ્મચર્ય પાળતો પણ પરિગ્રહી દેખાય છે. મર્યાદિત બ્રહ્મચર્ય હોય છતાં અપરિગ્રહી હોઈ શકે; બ્રહ્મચર્ય અને અપરિગ્રહ વચ્ચે કારણ-કાર્યભાવ નથી. પણ અપરિગ્રહની દૃષ્ટિએ બ્રહ્મચર્ય સ્વીકાર્યું હોય તો તે પોષક જરૂર બને. મર્યાદિત બ્રહ્મચર્યથી સંતતિ થાય તોય તે અમુક પ્રમાણમાં અપરિગ્રહનું પોષક બને છે. કેટલીક વાર અપરિગ્રહની શુદ્ધ ભાવનામાંથી બ્રહ્મચર્ય સાચી રીતે આવે છે. કેટલીક વાર શુદ્ધ બ્રહ્મચર્યની દૃષ્ટિ હોય તો અપરિગ્રહ આપોઆપ પોષાય છે. મૂળ વાત સાચી સમજણ અને વિવેકની છે.

### ૧૫. કમજોર સાત્ત્વિકતા

ધર્મ અને સાધનયોગ વિશે અનેક ભ્રમો પ્રવર્તે છે. તે ભ્રમો મનમાં પડ્યા હોવા છતાં જ્ઞાનથી મોક્ષ છે કે ચારિત્રથી મોક્ષ છે—એ સૂત્રને અવલંબી જ્ઞાન કે ચારિત્રસિદ્ધિનો પ્રયત્ન થાય છે. તેથી સાચું જ્ઞાન તો મળતું નથી અને માત્ર ચાલુ વ્રતોમાં જ ચારિત્રની ઇતિશ્રી સમજાય છે. તેથી જ્ઞાન, મોક્ષ, ચારિત્ર ઇત્યાદિ વિશે સાચા જ્ઞાનની જરૂર છે, એ ભ્રમ નિવારવાની પણ જરૂર છે. જ્ઞાન જેટલી જ બલ્કે તેથીયે વધારે સિદ્ધાંતને વળગી રહેવાની વૃત્તિ આવશ્યક છે. જન્મ-મરણના કાલ્પનિક ભયો એ ભ્રમ છે. જપ-તપ કે વ્રતનાં સ્થૂળ રૂપો, જો એમાં સૂક્ષ્મ વિવેક, ધૈર્ય અને સત્પુરુષાર્થ ન હોય તો, દ્રવ્યરૂપ બની જાય છે. આવા દ્રવ્યધર્મથી બચવાનું દરેક સાચા ધર્માત્માએ કહ્યું છે. જેનામાં ભાવધર્મ જાગતો હોય તેનો બધો વ્યવહાર ધર્મરૂપ જ બની જાય છે. ભાવધર્મ એટલે સૂક્ષ્મ વિવેક, તેને વધારવા અને શોધવાની ખંત, સતત જાગૃતિ અને પૌર્વાપર્યનું ભાન. વિશાળ આદર્શ પ્રમાણે જીવન જીવ્યા વિના અસંતોષનો સમાવેશ થાય છે.

### ૧૬. કર્મક્ષય અને પ્રવૃત્તિ

આ લેખમાં દરેક મુક્તિવાંછુ સંપ્રદાયને સંતોષે એવો નિવૃત્તિ-પ્રવૃત્તિ,

વૃત્તિ અને પરાવૃત્તિનો ખુલાસો છે. જે કર્મ જ્ઞાન અને ચારિત્રને ઉત્તરોત્તર વિકસાવે, તેના ઉપર માઠી અસર ન કરે, તે કર્મ નિવૃત્તિ કોટિમાં આવે છે. એમ કરતાં જ્ઞાન અને ચારિત્રની એવી સ્થિતિ આવે છે કે પછી કર્મ તેના ઉપર કોઈ પણ જાતની અસર કરી શકતાં જ નથી. આ જ સ્થિતિ મોક્ષ છે.

આ લેખમાં સભાન દાન આપનાર અને સભાનપણે પામનાર વચ્ચે જે વૃત્તિભેદને કારણે ફેર બતાવ્યો છે તે જૈન પરંપરાના ગ્રંથો સમજવામાં ઉપયોગી છે. વળી ક ખ ગ ઘ એ ચારે દાનકર્માદિ છોડી દે અને પ ફ બ ભ ચારે અન્ન ન પામે, ભૂખ્યા રહે તો ત્યાં પણ જુદી જુદી અસર દેખાય છે. એટલે પ્રવૃત્તિ કે પરાવૃત્તિમાં ફેર નથી પડતો; પણ જો કોઈ શુદ્ધ આશયથી સભાનપણે એ ચારે દાન આપે અને ચારે લે તો તેમાં કાંઈ ભેદ નહિ જણાય. ચારે લેનાર કે દેનારનાં જ્ઞાન કે ચારિત્ર ઉપર કુસંસ્કારની રજ નહિ પડે. ઊલટાં તે વધારે જળહળશે. કારણ કે એની પાછળ વિવેક, સમભાવ, કર્તવ્યબુદ્ધિ અને અનહંકાર છે. આ લેખ બહુ જ ગેરસમજ દૂર કરનારો હોવાથી સર્વોપયોગી છે. અને એ ભ્રમણાનિરાસ કરાવનારો છે. કમજોર સાત્ત્વિકતાની પેઠે આ લેખ ધર્મવર્ગમાં ચલાવવા જેવો છે, અથવા અધિકારીને વાંચવાની ભલામણ કરવા જેવો છે.

તત્ત્વજ્ઞાનના કેટલાક ગહન લેખો અમુકને માટે જ ઉપયોગી છે, જ્યારે કમજોર સાત્ત્વિકતા અને કર્મક્ષયવાળા લેખ સર્વગમ્ય જેવાં છે. તેથી એ ઉચ્ચ વર્ગમાં સમજાવવા લાયક છે. આ બે અને બીજા એવા કેટલાય લેખો અમુક કક્ષાના જિજ્ઞાસુની દૃષ્ટિએ જુદા તારવી છપાવવાં અને ધર્મવર્ગમાં ચલાવવા જેવા છે. એમાં સંકલ્પસિદ્ધિ અને જપ જેવા લેખોને પણ સ્થાન છે.

## ૧૭. ધર્મ અને તત્ત્વજ્ઞાન

આધ્યાત્મિક શોધ કરતી વખતે અંતરવલોકન, પૃથક્કરણ અને વાસનાશોધન તો સ્વપૂરતું જ વ્યક્તિ પૂરતું જ, પ્રત્યગતિમાન પૂરતું જ કરવાનું હોય છે. એ જેમ જેમ થાય તેમ તેમ વ્યક્તિત્વ કે જીવત્વ ઓસરતું જાય છે અને તેમાંથી પરિણમતો આચાર તેટલા પ્રમાણમાં વ્યાપક અને મહાયાની બને છે. અને છેવટે સર્વના કલ્યાણથી અતિરિક્ત સ્વકલ્યાણ કે સ્વમુક્તિ ભાસતી જ નથી. જો જગતના મૂળમાં એક જ ચૈતન્ય છે એમ માન્યું હોય તો કોઈ પણ મુમુક્ષુ વ્યક્તિગત મોક્ષ કલ્પી શકે નહિ. તેમાં જ સંતુષ્ટ રહી શકે. અને જો જગતના મૂળમાં અનેક ચેતન છતાં તે સમાન છે એમ

માન્યું તોપણ કોઈ મુમુક્ષુ વૈયક્તિક મોક્ષનો આદર્શ સાધી સંતુષ્ટ થઈ શકે નહિ; કેમ કે તો તો તેનો સમાનતાનો સિદ્ધાન્ત જ હણાય. એકચૈતન્યવાદી હોય કે અનેક-સમાન-ચૈતન્યવાદી હોય—બંને સાચા મુમુક્ષુ હોય તો તેણે મહાયાની થવું જ રહ્યું. એમ લાગે છે કે આ જ કારણથી મહાયાનની ભાવના ઉદયમાં આપમેળે આવી હશે. વૈયક્તિક મોક્ષનો વિચાર કાં તો ચેતનવૈષમ્યના વિચારમાંથી, કાં તો પુણ્ય-પાપકૃત સહજ અને અનિવાર્ય વૈષમ્યના વિચારમાંથી જે જાતિવાદી કર્મકાંડ ચાલેલો તેના જ અવશેષરૂપે સંભવે છે. જ્યારે મોક્ષની કલ્પના ન હતી કે નહિ હોય ત્યારે પણ લોકો પુણ્ય દ્વારા ઉચ્ચ પદ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતા, પણ તે પ્રયત્ન પોતા પૂરતો જ હતો. આ સંસ્કાર વારસાગત થઈ ગયો. જ્યારે મોક્ષની ભાવના દાખલ થઈ ત્યારે પણ એ જ વૈયક્તિક ઉચ્ચતાપ્રાપ્તિના સંસ્કારને લીધે વૈયક્તિક મોક્ષનું જ વલણ રહ્યું ને હજી લગી ચાલુ છે. પણ આત્મસમાનતાવાદ અગર આત્મૈક્યવાદીની સાથે એનો મેળ નથી. સમાનતા અને એકતાની અનુભૂતિ તો સર્વમુક્તિ દ્વારા જ થઈ શકે. એટલે સર્વમુક્તિની દૃષ્ટિએ જ મુમુક્ષુનો આચાર-વ્યવહાર હોવો ઘટે; એ જ આદર્શ હોઈ શકે. ''આપણે રીઢા વ્યક્તિવાદી બન્યા. જેને પોતાના જ હિતની વધારે ચિંતા લાગે અને જગતની બિલકુલ ન લાગે તે વધારે સાચો મુમુક્ષુ કહેવાય.'' (પૃ. ૧૮૮)

એ ઉપરથી મુદ્દો એ ફલિત થાય છે કે આધ્યાત્મિક સાધના વખતે અને સિદ્ધિ પછી પ્રથમ હીનયાની માનસ નિવારવું ઘટે.

વૈષમ્યની અવસ્થા વખતે તેની આવૃત્તિ માટે જે કર્મવાદ વૈયક્તિક દૃષ્ટિએ વિચારાયેલો તે જ સમાનતા અને અદ્વૈતની અવસ્થા વખતે પણ તે જ રીતે વિચારવામાં આવ્યો. અને એ સામાજિક કર્મફળ ભોગવાય છે. એકનું કર્મ બીજામાં ફળ આપે છે. એ સામાજિક કર્મફળવાદ. કોઈ એકનું કર્મમાત્ર તેનામાં જ સમાપ્ત થાય છે અને બીજાને તેનો અનુભવ થતો જ નથી, આવો વિચાર તે વૈયક્તિક કર્મવાદ છે. આથી ઊલટું તે સામાજિક કર્મવાદ.

અહીં જે વ્યક્તિમાત્રનો પરસ્પર અનિવાર્ય સંબંધ કહ્યો છે, કોઈ બીજાથી સાવ છૂટું ન હોવાથી વાત કહી છે તે વસ્તુતઃ સાર્વજનિક કલ્યાણમય આચાર સ્થાપવાની વૃત્તિમાંથી ઉદ્‌ભવેલ છે અથવા એ જ તત્ત્વજ્ઞાનને આધારે સાર્વજનિક આચાર ઘડાવો જોઈએ એવું વિધાન ઇષ્ટ છે. આ તત્ત્વજ્ઞાનનો વાદ દ્રવ્ય-પર્યાયમાં, બ્રહ્મ-જીવમાં, વ્યષ્ટિ-સમષ્ટિમાં, અંશાંશીમાં છે તો ખરો, પણ તે આચારપર્યાવસાયી નથી બન્યો. વૈચિત્ર્ય અવસ્થાના

વ્યક્તિવાદ વિષયક આચાર સામે ઉદ્દ્ભવી શક્યો નથી. તત્ત્વજ્ઞાન આગળ વધતું ગયું, પણ વૈયક્તિક કર્મવાદ અને આચારવાદ એની સાથે મારી મચડીને બેસાડવામાં આવ્યો અથવા તેનો તે જ કાયમ રહ્યો. અત્યારે એ આગળ વધેલ તત્ત્વજ્ઞાન પ્રમાણે જ ધર્મ ઘડાવો જોઈએ.

આમાં તત્ત્વજ્ઞાન અને ધર્મ બંનેને તદ્દન મુક્તદ્વાર કરવામાં આવ્યા છે જેથી તે જે જે સંપ્રદાયને આશ્રયે ઉદ્દ્ભવ્યા હોય અગર પાછળથી વિકાસ પામ્યા હોય અને તેમાં જ રૂંધાઈ ગયા હોય તે બધા સંપ્રદાયોથી મુક્તિ મેળવી એકબીજાને આલિંગે, ભેટે અને સમૂહવત્ વ્યાપક બને. વળી એમાં એ પણ ઉદ્દિષ્ટ છે કે તત્ત્વજ્ઞાનનું પર્યવસાન ધર્માચારમાં જ થવું જોઈએ. જે તત્ત્વજ્ઞાન ધર્માચારમાં ન પરિણમે તેને તત્ત્વજ્ઞાન કહેવાનો શો અર્થ ? અને ધર્માચાર પણ તે જ મુખ્ય હોઈ શકે જેમાં પ્રથમ માનવતાની શુદ્ધિવૃદ્ધિ અભિપ્રેત હોય ત્યાર બાદ જ અને તેનાથી સંબદ્ધ જ સર્વભૂતહિતનો વિચાર યોગ્ય ગણાય. માનવતાનું પૂરેપૂરું પોષણ ન થતું હોય ત્યારે સર્વભૂતહિતગામી ધર્માચારો પણ શુષ્ક થઈ જાય છે.*

●

---

★ શ્રી કિશોરલાલ મશરૂવાળા કૃત "સંસાર અને ધર્મ" ગ્રંથનું પંડિતજીએ કરેલ અનુશીલન.

# ૪. સ્ત્રીજાતિને દૃષ્ટિવાદ અંગ ભણવાના નિષેધ પર એક વિચાર

**સમાનતા :** વ્યવહાર અને શાસ્ત્ર એ બન્ને સ્ત્રીજાતિને શારીરિક અને આધ્યાત્મિક વિકાસમાં પુરુષજાતિની સમાન સિદ્ધ કરે છે. શારીરિક બળમાં પ્રો. રામમૂર્તિથી કુમારી તારાબાઈ કોઈ પણ રીતે ઊતરે તેવી નથી. તેવી જ રીત વક્તૃત્વકલામાં અને અનેક પ્રકારના વિચારમાં વિદુષી એની બિસેન્ટ કોઈ પણ વિચાર કે વક્તા પુરુષથી ઊતરે એવાં નથી. તે જ પ્રકારે કવિત્વશક્તિમાં કોઈ પણ પ્રસિદ્ધ પુરુષ કરતાં શ્રીમતી સરોજિનીદેવી પાછાં પડે તેવાં નથી. ખરી રીતે નિયમ એ છે કે સમાન સાધન અને અવસર મળે તો સ્ત્રી પણ પુરુષ જેટલું સામર્થ્ય પ્રાપ્ત કરી શકે છે. શ્વેતાંબર આચાર્યોએ સ્ત્રીને પુરુષની બરાબર કેવલજ્ઞાન અને મોક્ષની અધિકારિણી અર્થાત્ શારીરિક અને આધ્યાત્મિક વિકાસની અધિકારિણી સિદ્ધ કરેલ છે. પ્રમાણ માટે જુઓ પ્રજ્ઞાપના સૂ. ૭; સૂ. નંદી સૂ. ૨૧.

આ વિષયમાં મતભેદ ધરાવનાર દિગંબર આચાર્યો સામે તેઓએ (શ્વેતાંબરાચાર્યોએ) બહુ લખ્યું છે. જુઓ નંદી-ટીકા પૃ. ૧૩૧-૧૩૩, પ્રજ્ઞાપના ટીકા પૃ. ૨૦-૨૨; શાસ્ત્રવાર્તાસમુચ્ચય- ટીકા પૃ. ૪૨૫-૪૩૦.

આલંકારિક પંડિત રાજશેખર મધ્યસ્થભાવપૂર્વક સ્ત્રીજાતિને પુરુષજાતિની સમાન વર્ણવી છે.

'पुरुषवत् योषितोऽपि कवीभवेयुः । संस्कारो ह्यात्मनि समवैति, न स्त्रैणं पौरुषं वा विभागमपेक्षते । श्रूयन्ते दृश्यन्ते च राजपुत्र्यो महामात्रदुहितरो गणिकोः कौतुकिभर्याश्च शास्त्रप्रतिबुद्धाः कवयश्च' — કાવ્યમીમાંસા, અધ્યાય ૧૦

અર્થાત્ સ્ત્રીઓ પણ પુરુષની જેમ કવિ થઈ શકે, કારણ કે સંસ્કાર-શિક્ષાએ આત્મામાં ઊતરે છે. તે કંઈ સ્ત્રીજાતિ કે પુરુષજાતિના ભેદની અપેક્ષા-પરવા નથી કરતો. સાંભળવામાં આવે છે અને જોવામાં પણ આવે

છે કે રાજપુત્રીઓ, મહામંત્રીની પુત્રીઓ, ગણિકાઓ અને નટભાર્યાઓ શાસ્ત્રજ્ઞ તેમ જ કવિ હતી અને છે.

વિરોધ : સ્ત્રીને દૃષ્ટિવાદ ભણવા માટે જે નિષેધ કરાયેલો છે તેમાં બે પ્રકારે વિરોધ આવે છે : (૧) તર્કદૃષ્ટિથી, (૨) શાસ્ત્રની મર્યાદાથી.

(૧) એક તરફ સ્ત્રીને કેવલજ્ઞાન અને મોક્ષ સુધ્ધાંની અધિકારિણી માનવી અને બીજી તરફ દૃષ્ટિવાદની–શ્રુતજ્ઞાન દૃષ્ટિવાદની–શ્રુતજ્ઞાન વિશેષની પણ અધિકારિણી ન માનવી–અયોગ્ય ઠરાવવી એ એવું વિરુદ્ધ જણાય છે જેમ કોઈને રત્ન સોંપીને કહેવું કે તું કોડીની રક્ષા નહિ કરી શકે.

(૨) દૃષ્ટિવાદના અધ્યયનનો નિષેધ કરવાથી શાસ્ત્રકથિત કાર્યકારણની મર્યાદામાં પણ બાધ આવે છે. તે આ રીતે : શુક્લધ્યાનના પહેલા બે પાદ (અંશ પ્રાપ્ત કર્યા વિના કેવલજ્ઞાન ઉત્પન્ન નથી થતું. પૂર્વ નામક શ્રુતના જ્ઞાનની પ્રાપ્તિ વિના શુક્લધ્યાનનાં પ્રથમનાં બે પાદ પ્રાપ્ત નથી થતાં અને પૂર્વશ્રુત એ દૃષ્ટિવાદનો એક હિસ્સો છે. આ મર્યાદા શાસ્ત્રમનિર્વિવાદ સ્વીકારવામાં આવી છે. – "शुक्ले चाद्ये पूर्व- विदः ।" તત્ત્વાર્થ અ. ૯, સૂ. ૨૬.

આ કારણથી સ્ત્રીને દૃષ્ટિવાદના અધ્યયન અધિકારિણી ન માની કેવલજ્ઞાનની અધિકારિણી માનવી એ સ્પષ્ટ વિરુદ્ધ જણાય છે.

દૃષ્ટિવાદના અધિકારનાં કારણોના વિષયમાં બે પક્ષ છે. પહેલો પક્ષ જિનભદ્રગણી ક્ષમાક્ષમણ આદિનો. એ પક્ષ સ્ત્રીમાં તુચ્છત્વ, અભિમાન, ઇંદ્રિય ચાંચલ્ય, મતિમાંદ્ય આદિ માનસિક દોષો બતાવીને તેને દૃષ્ટિવાદના અધ્યયનનો નિષેધ કરે છે. તે માટે જુઓ વિશેષાવશ્યક-ભાષ્ય ગા. ૫૫૨

બીજો પક્ષ હરિભદ્રસૂરિ આદિનો છે. આ પક્ષ અશુદ્ધિરૂપ શારીરિક દોષ બતાવીને તેનો નિષેધ કરે છે. જેમ કે –

"कथं द्वादशांगप्रतिषेधः ? तथाविधविग्रहे ततो दोषात् ।"

—લલિતવિસ્તાર પૃ. ૧૧૧/૧

નયદૃષ્ટિથી વિરોધનો પરિહાર : દૃષ્ટિવાદના અનધિકારથી સ્ત્રીને કેવલજ્ઞાન પ્રાપ્ત કરવામાં જે ઉપર પ્રમાણે તત્ત્વાર્થકથિત કાર્યકારણ- ભાવનો વિરોધ દેખાય છે તે વસ્તુતઃ વિરોધ નથી, કારણ કે શાસ્ત્ર સ્ત્રીમાં દૃષ્ટિવાદના અર્થની યોગ્યતા માને છે, પણ ફક્ત શાબ્દિક અધ્યયનનો તે નિષેધ કરે છે.

'श्रेणिपरिणतौ तु कालगर्भवद्भावतो भावोऽविरुद्ध एव ।'

– લલિતવિસ્તરા તથા એની મુનિચંદ્રસૂરિકૃત પંજિકા પૃ. ૧૧૧

તપ; ભાવના આદિથી જ્યારે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ તીવ્ર થઈ જાય છે ત્યારે સ્ત્રી શાબ્દિક પાઠ સિવાય જ દૃષ્ટિવાદનું સંપૂર્ણ અર્થજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. અને શુક્લધ્યાનનાં બે પાદ પ્રાપ્ત કરીને કેવલજ્ઞાન પણ પ્રાપ્ત કરી શકે છે.

'यदि च शास्त्रयोगागम्यसामर्थ्ययोगावसेयभावेध्वति सूक्ष्मेष्वपि तेषां विशिष्टक्षायोपशमप्रभवप्रभावयोगात् पूर्वधरस्वेय बोधातिरेकसद्भावा-याद्यशुक्लध्यानद्वयप्राप्तेः केवलव्याप्तिक्रमेण मुक्तिप्राप्तिरिति न योषः । अध्ययनमन्तरेणामि भावतः पूर्ववित्वसंभवात्, इति विभाव्यते, तदा निर्ग्रन्थीनामप्येवं द्वितयसंभवे योषाभावात् ।' —शास्त्रवार्तासमुच्चय पृ. ४२६

ગુરુમુખથી શાબ્દિક અધ્યયન કર્યા વિના અર્થબોધ ન થાય એવો નિયમ નથી, કારણ કે અનેક માણસો એવા દેખાય છે કે જેઓ કોઈ પણ માણસ પાસે ભણ્યા વિના જ મનન અને ચિંતન દ્વારા પોતાના ઇષ્ટ વિષયનું ઊંડું જ્ઞાન મેળવી શકે છે.

હવે રહ્યો શાબ્દિક અધ્યયનનો નિષેધ. તે નિષેધ આ પ્રશ્ન ઉપર અનેક તર્ક-વિતર્ક ઉત્પન્ન કરે છે; જેમ કે જે મનુષ્યની અંદર અર્થજ્ઞાનની યોગ્યતા માની શકાય, તે મનુષ્યને શાબ્દિક અધ્યયન માટે અયોગ્ય માનવો એ કેટલું સંગત છે ? શબ્દ એ તો અર્થજ્ઞાનનું સાધનમાત્ર છે. તપ, ભાવના આદિ અન્ય સાધનોથી જે માણસ અર્થજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે તે માણસ તે જ્ઞાન શબ્દ દ્વારા સંપાદન કરવામાં અયોગ્ય છે એમ કહેવું તે ક્યાં સુધી વાજબી છે ? શાબ્દિક અધ્યયનના નિષેધ માટે જે તુચ્છપણું, અભિમાન આદિ માનસિક દોષ દેખાડવામાં આવ્યા છે તે શું પુરુષજાતિમાં નથી હોતાં ? જો વિશિષ્ટ પુરુષોમાં તે દોષોનો અભાવ હોવાથી પુરુષસામાન્ય માટે શાબ્દિક અધ્યયનનો નિષેધ ન કર્યો તો શું પુરુષ સમાન વિશિષ્ટ સ્ત્રીઓનો સંભવ નથી ? અને જો અસંભવ હોય તો સ્ત્રીમોક્ષનું વર્ણન પણ કેમ સંભવી શકે ? શાબ્દિક અધ્યયન માટે જે શારીરિક દોષોની સંભાવના કરી છે તે પણ શું બધી સ્ત્રીઓને લાગુ પડે છે ? જો કેટલીક સ્ત્રીઓમાં લાગુ પડતું હોય તો શું કેટલાક પુરુષોમાં પણ શારીરિક અશુદ્ધિની સંભાવના નથી ? આવી દશામાં પુરુષ જાતિને છોડી સ્ત્રીજાતિ માટે શાબ્દિક અધ્યયનનો નિષેધ શા માટે કરાયો ? આ તર્કોની સંબંધમાં સંક્ષેપમાં એટલું જ કહેવાનું છે કે માનસિક અથવા શારીરિક દોષ બતાવીને શાબ્દિક અધ્યયનનો જે નિષેધ કરાયેલો છે તે પ્રાયિક જણાય છે; અર્થાત્ વિશિષ્ટ સ્ત્રીઓ દૃષ્ટિવાદનું અર્થજ્ઞાન,

વીતરાગભાવ, કેવળજ્ઞાન અને મોક્ષને પ્રાપ્ત કરવામાં સમર્થ થાય છે, તો પછી તેનામાં માનસિક દોષની સંભાવના પણ કેમ હોઈ શકે ? તેમ જ વૃદ્ધ, અપ્રમાદી અને પરમપવિત્ર આચારવાળી સ્ત્રીઓમાં શારીરિક અશુદ્ધિ પણ કેમ બતાવી શકાય ? જેને દૃષ્ટિવાદના અધ્યયન માટે યોગ્ય માન્ય તે પુરુષો પણ—જેવા કે સ્થૂલભદ્ર, દુર્બલિક પુષ્પમિત્ર આદિ—તુચ્છત્વ, સ્મૃતિદોષ વગેરે કારણોથી દૃષ્ટિવાદની રક્ષા ન કરી શક્યા.

'तेण चिंतियं भगीणिणं इड्ढिं दरिसेमि त्ति सीहरुवं विडव्वइ ।'

– આવશ્યક વૃત્તિ, પૃ. ૬૯૮-૧.

'ततो आयरिएहिं युव्वलियपुस्समित्तो तस्स वायणारिओ दिण्णो । ततो स्ते कइवि दिवसे वायणं याऊणं आयरियमुवट्ठि भणइ-मम वायणं देंतस्स नासति, जे य सण्णायघरे नाणुप्पेहियं, अतो मम अज्झरतस्सं नवमं पुव्वं नासिहि ति । तोहे आयरिया चिंत्तेति—जइ तव इयस्स परममेहाविस्स एवं झरंतस्स नासइ अन्नस्स चिरनट्ठं चेव ।'

– આવશ્યકવૃત્તિ, પૃ. ૩૦૮.

આવી વસ્તુસ્થિતિ હોવા છતાં પણ સ્ત્રીઓ માટે જ ભણવાનો નિષેધ કેમ કરાયો ? આ પ્રશ્નનો ઉત્તર બે રીતે આપી શકાય :

(૧) સમાન સામગ્રી મળવા છતાં પણ પુરુષોની સરખામણીમાં પુરુષો કરતાં સ્ત્રીઓનું થોડી સંખ્યામાં તૈયાર થવું, અને (૨) બીજી ઐતિહાસિક પરિસ્થિતિ.

(૧) જે પશ્ચિમ વગેરે દેશોમાં સ્ત્રીઓને ભણવા વગેરેની સામગ્રી પુરુષો સમાન પ્રાપ્ત થાય છે ત્યાંનો ઇતિહાસ જોવાથી આ જાણી શકાય છે કે સ્ત્રીઓ પુરુષોની તુલ્ય થઈ શકે છે; પરંતુ યોગ્ય વ્યક્તિઓની સંખ્યા સ્ત્રીજાતિની અપેક્ષાએ પુરુષ જાતિમાં વધારે થાય છે.

(૨) દિગંબર આચાર્ય કુંદકુંદ સરખાયે પણ શારીરિક અને માનસિક દોષોના કારણથી સ્ત્રીજાતિને દીક્ષા માટે અયોગ્ય ઠરાવી છે.

**'लिंगम्मि च इत्थीणं, थणंतरे णाहिकक्खेयसम्मि ।**
**भणिओ सुहमो काओ, तासं कह होइ पव्वज्जा ।'**

—ષટ્પાહુડગત સૂત્રપાહુડ ગા. ૨૪-૨૫.

અને વૈદિક વિદ્વાનોએ શારીરિક શુદ્ધિને અગ્રસ્થાને આપીને સ્ત્રી અને શૂદ્રજાતિને વેદના અધ્યયન માટે અયોગ્ય ઠરાવી "स्त्रीशूद्रौ नाधीयाताम्" એમ કહ્યું છે.

આ વિરોધી સંપ્રદાયોની એટલી બધી અસર પડી કે તેને લીધે સ્ત્રીજાતિની યોગ્યતા પુરુષ સમાન માનનાર શ્વેતાંબર આચાર્યો પણ તેને વિશેષ અધ્યયન માટે અયોગ્ય બતાવવા લાગ્યા હશે.

અગિયાર અંગ આદિ ભણાવવાનો અધિકાર માનવા છતાં પણ ફક્ત બારમા અંગના નિષેધનું કારણ એ પણ લાગે છે કે વ્યવહારમાં દષ્ટિવાદનું મહત્ત્વ સચવાય. તે કાળમાં વિશેષપણે શારીરિક શુદ્ધિ પૂર્વક ભણવામાં વેદ આદિ ગ્રંથોની મહત્તા સમજાતી હતી. દષ્ટિવાદ બધાં અંગોમાં પ્રધાન હતું, એટલા માટે વ્યવહારદષ્ટિથી તેની મહત્તા બતાવવા માટે બીજા મોટા પડોશી સમાજનું અનુકરણ થવું સ્વાભાવિક છે. આ કારણથી પારમાર્થિક દષ્ટિએ સ્ત્રીને સંપૂર્ણ રીતે યોગ્ય માનવા છતાં પણ આચાર્યોએ વ્યાવહારિક દષ્ટિથી શારીરિક અશુદ્ધિનો વિચાર કરી તેને શાબ્દિક અધ્યયન માટે અયોગ્ય બતાવી હોય એમ લાગે છે.

ભગવાન ગૌતમબુદ્ધે સ્ત્રીજાતિને ભિક્ષુપદ માટે અયોગ્ય ઠરાવી હતી, પરંતુ ભગવાન મહાવીરે તો પ્રથમથી જ જૈન શાસનમાં ચતુર્વિધ સંઘ પ્રથમથી જ સ્થાપિત છે અને સાધુ તથા શ્રાવકોની અપેક્ષાએ સાધ્વીઓ તથા શ્રાવિકાઓની સંખ્યા આરંભથી જ અધિક રહેલી છે. પરંતુ પોતાના પ્રધાન શિષ્ય આનંદના આગ્રહથી ગૌતમ બુદ્ધે જ્યારે સ્ત્રીઓને ભિક્ષુપદ આપ્યું ત્યારે તેની સંખ્યા ધીમે ધીમે ઘણી વધી અને કેટલીક શતાબ્દીઓ પછી અશિક્ષા, કુપ્રબંધ આદિ કેટલાંક કારણોથી તેમાંથી ઘણી સ્ત્રીઓ આચારભ્રષ્ટ થઈ, જેને લીધે બૌદ્ધ સંઘ એક પ્રકારે દૂષિત મનાવા લાગ્યો. સંભવ છે કે આ પરિસ્થિતિની જૈનો ઉપર કાંઈ અસર પડી હોય, જેથી દિગંબર આચાર્યોએ તો સ્ત્રીઓને ભિક્ષુપદ માટે પણ અયોગ્ય ઠરાવી અને શ્વેતાંબર આચાર્યોએ એ પ્રમાણે નહિ કરતાં સ્ત્રીજાતિનો ઉચ્ચ અધિકાર કાયમ રાખીને પણ તેમાં દુર્બળતા, ઇન્દ્રિયચપળતા આદિ દોષો વિશેષરૂપથી બતાવ્યા, કેમ કે સહચર સમજોના વ્યવહારોનો એકબીજા પર પ્રભાવ પડે તે અનિવાર્ય છે.

– જૈન સાહિત્ય સંશોધક, ખંડ ૩, અંક ૩.

•

# ૫. બ્રહ્મ અને સમ

હું તત્ત્વજ્ઞાનના બધા જ પ્રવાહોને આવરી લેનાર અનેક મુદ્દાઓ વિશે આજે નથી બોલતો : માત્ર બે મુદ્દાઓ લઈ તે વિશે ટૂંકમાં ચર્ચા કરવા ધારું છું. એ મુદ્દા એવા છે કે જે ભારતીય તત્ત્વચિંતનના લગભગ બધા જ પ્રવાહોને સ્પર્શે છે, અને તત્ત્વજ્ઞાનની વિવિધ સરણિઓની ચડતીઊતરતી કક્ષા પણ સૂચવે છે. તે બે મુદ્દા સૂત્રરૂપે આ રહ્યા :

(૧) बुद्धेस्तत्पक्षपाततः । અને (૨) વ્યવહાર-પરમાર્થ-દૃષ્ટિ

આનો સંક્ષિપ્ત અર્થ એ છે કે બુદ્ધિશક્તિના ઉદ્ભવનું કેન્દ્ર ભલે જુદું જુદું હોય, અને તેનાં વહેણો ભલે અનેક વળાંકો લેતાં પ્રવર્તમાન થાય—પણ છેવટે બુદ્ધિ કોઈ એક પરમ સત્ય ભણી જ વળે છે; કેમ કે બુદ્ધિનો મૂળગત સ્વભાવ સત્યને સ્પર્શવાનો છે. તે એવા સત્યને ન સ્પર્શે ત્યાં લગી એ સંતોષાતી નથી. આથી જ મહિમ્નસ્તોત્રના રચયિતા એ કહ્યું છે કે :

**रुचीनां वैचित्र्याद् ऋजुकुटिलनानापथजुषां**
**नृणामेकोगम्यस्त्वमसि पयसामर्णव इव ॥**

વ્યવહાર એટલે દશ્ય તેમ જ સામાન્ય જનથી સમજી શકાય એવી આચારવિચારની કક્ષાઓ. અને પરમાર્થ એટલે ધ્યાન, ચિંતન તેમ જ પ્રજ્ઞાની કક્ષાને સ્પર્શતી સૂક્ષ્મ તત્ત્વલક્ષી ભૂમિકાઓ.

ભારતીય તત્ત્વવિચારને સંબંધ છે ત્યાં લગી એમ કહી શકાય કે એ તત્ત્વવિચારનાં ઉદ્ગમસ્થાનો બે જુદાં જુદાં છે : એક છે સ્વાત્મા અને બીજું છે વિશ્વપ્રકૃતિ. અર્થાત્ પહેલું આંતર અને બીજું બાહ્ય.

કોઈ અજ્ઞાત કાળમાં મનુષ્ય પોતાની જાત વિશે વિચાર કરવા પ્રેરાયો : હું પોતે શું છું ? કેવો છું ? અને બીજા જીવો સાથે મારો શો સંબંધ છે ?— એવા પ્રશ્નો એને ઉદ્ભવ્યા. આનો ઉત્તર મેળવવા તે અંતર્મુખ થયો અને એને પોતાના સંશોધનને પરિણામે જણાયું કે હું એક સચેતન તત્ત્વ છું અને

બીજા પ્રાણીવર્ગમાં પણ એવી જ ચેતના છે. આ વિચારે તેને પોતાની જાત અને બીજા પ્રાણીવર્ગ વચ્ચે સમતાનું દર્શન કરાવ્યું એ દર્શનમાંથી સમભાવના વિવિધ અર્થો અને તેની ભૂમિકાઓ તત્ત્વવિચારમાં રજૂ થઈ. બુદ્ધિના આ વહેણને સમ તરીકે ઓળખાવવામાં આવે છે.

બુદ્ધિનું બીજું પ્રભવસ્થાન બાહ્ય પ્રકૃતિ છે. જેઓ વિશ્વપ્રકૃતિની વિવિધ બાજુઓ, ઘટનાઓ અને તેનાં પ્રેરક બળો તરફ આકર્ષાયા હતા તેમને એમાંથી કવિત્વની, કહો કે કવિત્વમય ચિંતનની ભૂમિકા લાધી. દા. ત. ઋગ્વેદના જે કવિએ ઉષાના ઉલ્લાસપ્રેરક અને રોમાંચકારી દર્શનનું સંવેદન ઝીલ્યું, તેણે ઉષાને એક રક્તવસ્ત્રા તરુણીરૂપે ઉષાસૂક્તમાં ગાઈ. સમુદ્રના ઊછળતા તરંગો અને તોફાનો વચ્ચે નૌકાયાત્રા કરતા ઋગ્વેદના જે કવિને સમુદ્રના અધિષ્ઠાયક વરુણનું રક્ષણહાર તરીકે સ્મરણ થઈ આવ્યું, તેણે વરુણસૂક્તમાં એ વરુણદેવને પોતાના સર્વશક્તિમાન રક્ષણહાર લેખે સ્તવ્યો. જેને અગ્નિની જ્વાળાઓ અને પ્રકાશક શક્તિઓનું રોમાંચક સંવેદન થયું તેણે અગ્નિનાં સૂક્તો રચ્યાં. જેને ગાઢ અંધકારવાળી રાત્રિનું રોમાંચક સંવેદન થયું તેણે રાત્રિસૂક્ત રચ્યું. એ જ રીતે વાક્, સ્કંભ, કાળ આદિ સૂક્તો વિશે કહી શકાય. પ્રકૃતિનાં એ જુદાં જુદાં પાસાં હોય કે તેમાં કોઈ દિવ્ય સત્ત્વો હોય, અગર એ બધાં પાછળ કોઈ એક જ પરમગૂઢ તત્ત્વ હોય, પણ આ જુદા જુદા કવિઓએ કરેલી પ્રાર્થનાઓ, દશ્યમાન પ્રકૃતિના કોઈ ને કોઈ પ્રતીકને આશ્રીને ઉદ્‌ભવી છે. આવી જુદાં જુદાં પ્રતીકોને સ્પર્શતી પ્રાર્થનાઓને બ્રહ્મ રૂપે ઓળખાવાતી. બ્રહ્મના આ પ્રાથમિક અર્થમાંથી ક્રમે ક્રમે અનેક અર્થો ફલિત થયા. જે યજ્ઞોમાં આ સૂક્તોનો વિનિયોગ થતો તે પણ બ્રહ્મ કહેવાયાં. તેના નિરૂપક ગ્રંથો અને વિધિવિધાન કરનાર પુરોહિતો પણ બ્રહ્મ, બ્રહ્મા કે બ્રાહ્મણ તરીકે વ્યવહારાયા. અને પ્રાચીન કાળમાં જ પ્રકૃતિનાં એ વિવિધ પાસાંઓ કે દિવ્ય સત્ત્વો, એ બધાંને એક જ તત્ત્વરૂપે પણ ઓળખાવવામાં આવ્યાં. અને ઋગ્વેદના પ્રથમ મંડળમાં જ સ્પષ્ટ દર્શાવવમાં આવ્યું છે કે ઇન્દ્ર, મિત્ર, વરુણ, અગ્નિ ઇત્યાદિ જુદાં જુદાં નામોથી જે સ્તવાય અને ગવાય છે તે તો છેવટે એક જ તત્ત્વ છે અને તે તત્ત્વ એટલે સત્. આમ પ્રકૃતિનાં અનેક પ્રતીકો છેવટે એક સત્‌રૂપ પરમ તત્ત્વમાં વિશ્રામ પામ્યાં અને એ વિચાર અનેક રીતે આગળ વિકસતો અને વિસ્તરતો ગયો.

સમભાવના ઉપાસકો સમન કે સમણ કહેવાયા. સંસ્કૃતમાં એનું શમન

અને શ્રમણ એવું રૂપાંતર થયું છે, પણ સમ શબ્દ સંસ્કૃત જ હોઈ તેનું સંસ્કૃતમાં સમન એવું રૂપ બને છે. બ્રહ્મન્‌ના ઉપાસકો અને ચિંતકો બ્રાહ્મણ કહેવાયા. પહેલો વર્ગ મુખ્યપણે આત્મલક્ષી રહ્યો; બીજો વર્ગ વિશ્વપ્રકૃતિમાંથી પ્રેરણા પામેલો અને તેનાં જ પ્રતીકો દ્વારા સૂક્ષ્મતમ તત્ત્વ સુધી પહોંચેલો, તેથી મુખ્યપણે પ્રકૃતિલક્ષી રહ્યો. આ રીતે બન્ને વર્ગની બુદ્ધિનું આદ્ય પ્રેરક સ્થાન જુદું જુદું હતું, પણ બન્ને વર્ગની બુદ્ધિનાં વહેણો તો કોઈ અંતિમ સત્ય ભણી જ વહ્યે જતાં હતાં.

વચલા અનેક ગાળાઓમાં આ બન્ને વહેણોની દિશા ફંટાતી કે ફંટાયા જેવી લાગતી. ક્યારેક એમાં સંઘર્ષ પણ જનમતો. પણ સમનો આત્મલક્ષી પ્રવાહ છેવટે સમગ્ર વિશ્વમાં ચેતનતત્ત્વ છે, અને એવું તત્ત્વ બધા દેહધારીઓમાં સ્વભાવે સમાન જ છે એ સ્થાપનામાં વિરમ્યો. તેથી જ તેણે પૃથ્વી, પાણી અને વનસ્પતિ સુધ્ધાંમાં ચેતનતત્ત્વ નિહાળ્યું અને અનુભવ્યું. બીજી બાજુ પ્રકૃતિલક્ષી બીજો વિચારપ્રવાહ વિશ્વનાં અનેક બાહ્ય પાસાંઓને સ્પર્શતાં સ્પર્શતાં અંતર તરફ વળ્યો અને એણે ઉપનિષદ્‌કાળમાં એ સ્પષ્ટપણે સ્થાપ્યું કે જે અખિલ વિશ્વના મૂળમાં એક સત્ કે બ્રહ્મ તત્ત્વ છે, તે જ દેહધારી જીવવ્યક્તિમાં પણ છે. આમ પહેલા પ્રવાહમાં વ્યક્તિગત ચિંતન સમગ્ર વિશ્વના સમભાવમાં પરિણમ્યું અને તેને આધારે જીવનનો આચારમાર્ગ પણ ગોઠવાયો. બીજી બાજુ વિશ્વના મૂળમાં દેખાયેલું પરમ તત્ત્વ તે જ વ્યક્તિગત જીવ છે, જીવ વ્યક્તિ એ પરમ તત્ત્વથી ભિન્ન છે જ નહીં, એવું અદ્વૈત પણ સ્થપાયું. અને એ અદ્વૈતને આધારે જ અનેક આચારોની યોજના પણ થઈ. ગંગા અને બ્રહ્મપુત્રાનાં પ્રભવસ્થાનો જુદાં જુદાં પણ છેવટે તે બન્ને પ્રવાહો એક જ મહાસમુદ્રમાં મળે છે, તે જ પ્રમાણે આત્મલક્ષી અને પ્રકૃતિલક્ષી બન્ને વિચારની ધારાઓ અંતે એક જ ભૂમિકા ઉપર આવી મળી. ભેદ દેખાતો હોય તો તે માત્ર શાબ્દિક, અને બહુ તો વચલા ગાળામાં સંઘર્ષને પરિણામે ઉત્પન્ન થયેલા સંસ્કારોને કારણે.

એ ખરું છે કે સમાજમાં, શાસ્ત્રોમાં અને શિલાલેખ આદિમાં પણ બ્રહ્મ અને સમની આસપાસ પ્રવર્તેલા વિચાર અને આચારના ભેદો કે વિરોધોની નોંધ છે આપણે બૌદ્ધ પિટકો, જૈન આગમો અને અશોકના શિલાલેખો, તેમ જ બીજા અનેક ગ્રંથોમાં બ્રાહ્મણ અને શ્રમણ, એ બે વર્ગોનો ઉલ્લેખ જોઈએ છીએ; મહાભાષ્યકાર પતંજલિએ આ બન્ને વર્ગોને શાશ્વત વિરોધી રૂપે પણ નિર્દેશ્યા છે. આમ છતાં, ઉપર કહેવામાં આવ્યું છે તેમ એ બન્ને પ્રવાહો

પોતપોતાની રીતે એક જ પરમ તત્ત્વને સ્પર્શે છે, એવું પ્રતિપાદન કરવામાં આવે તો એ કઈ દૃષ્ટિએ ? આ પ્રશ્નો ખુલાસો કર્યા વિના તત્ત્વજિજ્ઞાસા સંતોષાય નહીં.

એ દૃષ્ટિ તે પરમાર્થની. પરમાર્થદૃષ્ટિ કુળ, જાતિ, વંશ, ભાષા, ક્રિયાકાંડ અને વેશ આદિના ભેદોને અતિક્રમી વસ્તુના મૂળગત સ્વરૂપને નિહાળે છે, એટલે તે સહેજે અભેદ કે સમતા ભણી જ વળે છે. વ્યવહારમાં ઊભા થયેલા ભેદો અને વિરોધો સંપ્રદાયો તેમ જ તેના અનુગામીઓમાં પ્રવર્તેલા, અને ક્યારેક તેમાંથી સંઘર્ષ પણ જનમેલો, એ સંઘર્ષના સૂચક બ્રાહ્મણ-શ્રમણ વર્ગોના ભેદોની નોંધ તો સચવાઈ, પણ આ સાથે પરમાર્થ દૃષ્ટિને પામેલ એવા પ્રાજ્ઞ પુરુષોએ જે ઐક્ય જોયું કે અનુભવ્યું તેની નોંધ પણ અનેક પરંપરાનાં અનેક શાસ્ત્રોમાં સચવાઈ છે. જૈન આગમો, કે જેમાં બ્રાહ્મણ અને શ્રમણ વર્ગોના ભેદનો નિર્દેશ છે, તેમાં જ સાચા બ્રાહ્મણ અને સાચા શ્રમણનું સમીકરણ જોવા મળે છે. બૌદ્ધ પિટકોમાં પણ એવું જ સમીકરણ છે. મહાભારતમાં વ્યાસે સ્થળે સ્થળે સાચા બ્રાહ્મણની વ્યાખ્યા સાચા શ્રમણરૂપે જ આપી છે. વનપર્વમાં અજગરરૂપે અવતરેલ નહુષે સાચો બ્રાહ્મણ કોણ, એવો પ્રશ્ન યુધિષ્ઠિરને પૂછ્યો છે. ઉત્તરમાં યુધિષ્ઠિરના મુખે મહર્ષિ વ્યાસે કહ્યું છે કે દરેક જન્મ લેનાર સંકર પ્રજા છે. મનુના શબ્દો ટાંકી વ્યાસે સમર્થન કર્યું છે કે પ્રજામાત્ર સંકરજન્મા છે, અને સદ્‌વૃત્તવાળો શૂદ્ર એ જન્મે બ્રાહ્મણથી પણ ચડિયાતો છે. વ્યક્તિમાં સચ્ચરિત્ર અને પ્રજ્ઞા હોય ત્યારે જ તે સાચો બ્રાહ્મણ બને છે. આ થઈ પરમાર્થદૃષ્ટિ.

ગીતામાં **બ્રહ્મ** પદનો અનેકધા ઉલ્લેખ આવે છે. સાથે જ સમ પદ પણ ઉચ્ચ અર્થમાં મળે છે. पण्डिताः समदर्शिनः । એ વાક્ય તો બહુ જાણીતું છે. સુત્તનિપાત નામના બૌદ્ધ ગ્રંથમાં એક પરમટ્ઠસુત્ત છે. તેમાં ભારપૂર્વક કહ્યું છે કે બીજા ઊતરતા કે ખોટા, અને હું શ્રેષ્ઠ, એ પરમાર્થદૃષ્ટિ નથી.

ગંગા અને બ્રહ્મપુત્રાનાં પ્રભવસ્થાનો જુદાં, પણ તેમનું મિલનસ્થાન એક. આમ છતાં બન્ને મહાનદીઓના પટ જુદા, ઘાટ જુદા, કિનારાની વસતીઓ જુદી, ભાષા અને આચારો પણ જુદાં, આ જુદાઈમાં જ રચ્યાપચ્યા રહેનારાઓ મિલનસ્થાનની એકતાને જોઈ નથી શકતા. તેમ છતાં એ એકતા તો સાચી જ છે. એ જ રીતે ભિન્ન ભન્ન પ્રભવસ્થાનતી ઉદ્‌ભવેલ વિચારપ્રવાહો ભિન્ન ભિન્ન રીતે પોષાવાને લીધે એના સ્થૂળ આવરણમાં રાચતા અનુગામીઓ બન્ને પ્રવાહોનું સમીકરણ જોઈ નથી શકતા પણ એ

તથ્ય અબાધિત છે. એને જોનાર પ્રતિભાવાન પુરુષો સમયે સમયે અવતરતા જ રહ્યા છે, અને તે બધી જ પરંપરાઓમાં.

સમત્વ એ મુદ્રાલેખ હોવા છતાં જૈન અને બૌદ્ધ જેવી શ્રમણપરંપરાઓમાં બ્રહ્મચર્ય અને બ્રહ્મવિહાર શબ્દો એટલા બધા પ્રચલિત થાય છે કે તેને એ પરંપરાઓથી છૂટા પાડી શકાય તેમ છે જ નહીં. એ જ રીતે બ્રહ્મ તત્ત્વનો મુદ્રાલેખ ધરાવનાર વર્ગમાં પણ સમ પદ એવી રીતે એકરસ થયું છે કે તેને બ્રહ્મભાવથી કે બ્રાહ્મી સ્થિતિથી વિખૂટું પાડી શકાય તેમ છે જ નહીં.

પ્રાચીન કાળથી જ ચાલી આવતી આ પરમાર્થ દૃષ્ટિ ઉત્તર કાળમાં પણ કાળજીપૂર્વક પોષાતી રહી છે. તેથી જ જન્મે બ્રાહ્મણ, પણ સંપ્રદાયે બૌદ્ધ એવા વસુબંધુએ અભિધર્મકોષમાં સ્પષ્ટ કહ્યું કે श्रामण्यममलो मार्गः ब्राह्मण्यमेव तत् । એના જ્યેષ્ઠ બંધુ અસંગે પણ એવી મતલબની સૂચના ક્યાંક કરી છે.

પરમાર્થદૃષ્ટિની આ પરંપરા સાંપ્રદાયિક ગણાય એવા નરસિંહ મહેતામાં પણ વ્યક્ત થઈ છે. આખા, વિશ્વમાં એક તત્ત્વરૂપે એમણે હરિનું કીર્તન કર્યું. અને પછી એ હરિના ભક્ત વૈષ્ણવજનના એક લક્ષણરૂપે 'સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી' એમ પણ કહ્યું. એ જ રીતે સાંપ્રદાયિક મનાતા ઉપાધ્યાય યશોવિજયજીએ પણ કહ્યું કે સમત્વ પ્રાપ્ત કરવું એ જ બ્રહ્મપદની પ્રાપ્તિ છે.

છેલ્લે આ પરમાર્થ અને વ્યવહારદૃષ્ટિનો ભેદ તેમ જ પરમાર્થદૃષ્ટિની યથાર્થતા ડૉ. એ. બી. ધ્રુવે પણ દર્શાવી છે. એક બ્રાહ્મણીના હાથનું ભોજન તેમણે ન સ્વીકાર્યું ત્યારે તેમણે કહ્યું કે આ તો મારો એક કુટુંબગત નાગર સંસ્કાર છે, એનું વાસ્તવિકત્વ હું તર્કસિદ્ધ માનતો જ નથી, માત્ર સંસ્કારને અનુસરું છું, એટલું જ. ખરી દૃષ્ટિ એમણે બીજે સ્થળે નિર્દેશી છે. જૈન આગમ સૂત્રકૃતાંગની પ્રસ્તાવના લખતાં તેમણે કહ્યું છે. ''જૈન'' (શ્રમણ) થયા વિના 'બ્રાહ્મણ' થવાતું નથી, અને 'બ્રાહ્મણ' થયા વિના 'જૈન'' થવાતું નથી. તાત્પર્ય કે જૈન ધર્મનું તત્ત્વ ઇન્દ્રિયોને અને મનવૃત્તિઓને જીતવામાં છે અને બ્રાહ્મણ ધર્મનું તત્ત્વ વિશ્વની વિશાળતા આત્મામાં ઉતારવામાં છે.

આટલા સંક્ષેપ ઉપરથી આપણે એટલું પામી શકીએ છીએ કે બુદ્ધિ છેવટે એક જ સત્યમાં વિરમે છે અને સાથે એ પણ સમજી શકીએ છીએ કે વ્યવહારના ગમે તેટલા ભેદો અને વિરોધો અસ્તિત્વમાં હોય છતાં પરમાર્થદૃષ્ટિ કદી લોપાતી નથી.

## તત્ત્વજ્ઞાનનું અધ્યયન-અધ્યાપન

અહીં પ્રસંગવશ એક બીજા મુદ્દાની ચર્ચા પણ કરી લેવી પ્રસ્તુત છે. એ મુદ્દો છે તત્ત્વજ્ઞાનના અભ્યાસ અને વાતાવરણને લગતો. પશ્ચિમના સંપર્કને લીધે કૉલેજો અને યુનિવર્સિટીઓમાં પશ્ચિમીય તત્ત્વજ્ઞાને અભ્યાસક્રમમાં સ્થાન લીધું. શરૂઆતમાં મુખ્યપણે અધ્યાપકો પાશ્ચાત્ય એ તેઓ અંગ્રેજીમાં જ શીખવે; પુસ્તકો પણ અંગ્રેજી. ભારતીયો એ વિષયમાં આગળ આવવા લાગ્યા ત્યારે તેમણે પણ એ જ માર્ગ સ્વીકાર્યો. આ રીતે અંગ્રેજી ભાષામાં અવતરેલું પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન અંગ્રેજી ભાષા દ્વારા જ અંગ્રેજીના જાણકારોમાં ખેડાતું રહ્યું. આ સાથે ભારતીય તત્ત્વજ્ઞાન પણ અભ્યાસક્રમમાં દાખલ તો થયું, તો પણ એ તો રાણી સાથે દાસી ચાલે એ રીતે ! સંસ્કૃત, પાલિ, પ્રાકૃત આદિ ભારતીય ભાષાઓમાં જ જન્મેલું, ખેડાયેલું અને વિસ્તરેલુ એવું અનેક સંપ્રદાયોના તત્ત્વજ્ઞાનનું અધ્યયન ભારતીય અધ્યાપકો અને ભારતીય વિદ્યાર્થીઓ વચ્ચે પણ અંગ્રેજી દ્વારા જ ચાલતું રહ્યું. પરિણામ એ આવ્યું છે કે જે ભારતીયોને સંસ્કૃત આદિ ભારતીય ભાષાઓ સાવ સુગમ થઈ પડે તેવી છે, અને એ ભાષામાં લખાયેલ મૂળ ગ્રંથોનું અધ્યયન બહુ પ્રયાસ વિના શક્ય છે તે ભારતીય વિદ્યાર્થીઓ અને અધ્યાપકો અંગ્રેજી અનુવાદો, સારાંશો અને વિવેચનો દ્વારા જ એ જ્ઞાન મેળવે છે. જેમ પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન શીખવનાર કે શીખનાર એની મૂળ ગ્રીક, જર્મન, ફ્રેંચ આદિ ભાષાઓને જાણ્યા સિવાય જ તેના અંગ્રેજી અનુવાદો કે સારો દ્વારા તે શીખે છે તેમ ભારતીય તત્ત્વજ્ઞાન વિશે પણ બન્યું છે. આને લીધે માત્ર ઉચ્ચ કક્ષાના વિદ્યાર્થીઓ જ નહીં, પણ સારા સારા અધ્યાપકો પણ પોતાની વાત માતૃભાષામાં કે રાષ્ટ્રભાષામાં લખી શકતા નથી, એટલું જ નહીં, મોઢે કહેતાં પણ ખચકાય છે, અને ખુલ્લો એકરાર કરે છે કે આ તત્ત્વ કહેવા માટે પરિભાષાઓ નથી, કે ભાષા અધૂરી છે. જો અધ્યાપકો પણ આવા કુંઠિતશક્તિ હોય તો એ તત્ત્વજ્ઞાનનું વહેણ સામાન્ય અધિકારી પ્રજામાં આવે કેવી રીતે ? તેથી આજે નીચેની બાબતો તરફ ધ્યાન આપવું અનિવાર્ય લાગે છે.

૧. અભ્યાસમાં ઉચ્ચ વર્તુળોમાં ભારતીય તત્ત્વજ્ઞાનનું અધ્યયન-અધ્યાપન માત્ર પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનનો પાલવ પકડીને જ ચાલવું ન જોઈએ; એનું પણ સ્થાન પ્રધાન હોવું જોઈએ.

૨. અંગ્રેજી ભાષાંતરો કે વિવેચનો આદિનો છૂટથી લાભ લેવાય; પણ

ભારતીય તત્ત્વજ્ઞાન શીખનાર અને શીખવનાર બન્નેની સંસ્કૃત ભાષા અને તેમાં લખાયેલ દાર્શનિક ગ્રંથો સમજવા-સમજાવવાની એવી શક્તિ કેળવાવી જોઈએ કે જે વડે તેઓ મૂળ ગ્રંથનો ભાવ પૂરેપૂરો અને પ્રામાણિકપણે રજૂ કરી શકે. જો આટલું થાય તો જ તેઓ દ્વારા પોતપોતાની માતૃભાષા અને છેવટે રાષ્ટ્રભાષામાં તત્ત્વજ્ઞાન અવતરી શકે.

૩. આ સાથે જ પ્રાદેશિક ભાષાઓ કે રાષ્ટ્રભાષામાં તત્ત્વજ્ઞાનના મૌલિક સાહિત્યના અનુવાદો કે સાર-વિવેચનો લખાવાનો પ્રશ્ન આવે છે. આવા ગ્રંથો ન લખાય ત્યાં લગી એમ. એ. અને તે પછીના અભ્યાસમાં વિદ્યાર્થીઓને સાચું માર્ગદર્શન ન જ મળી શકે અને આવા મૌલિક અનુવાદ કે સારગ્રાહી વિવેચનો તો જ લખી શકાય, જો તે તે ભાષામાં લખાયેલ મૂળ તત્ત્વગ્રંથોને તે ભાષાના યોગ્ય અધિકાર સાથે જ શીખવા-શીખવવામાં આવે.

૪. ગુજરાતમાં વિશ્વવિદ્યાલયો એકથી વધારે છે. તેમાં અને ગુજરાત બહારનાં વિદ્યાકેન્દ્રોમાં તત્ત્વજ્ઞાનવિષયક ચર્ચા પરિષદો ચાલતી રહેવી જોઈએ, જેમાં નિબંધો રજૂ થાય; એના ઉપર ચર્ચા થાય, અને તુલનાત્મક તેમ જ ઐતિહાસિક દૃષ્ટિએ તત્ત્વના પ્રશ્નોને ચર્ચવાની એક નવી દિશા ઊઘડે. આ સાથે એ પણ ભુલાવું ન જોઈએ કે પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનના પ્રવાહોને આ ઉદાત્ત ચર્ચામાં યથાસંભવ સ્થાન મળે. આ ચર્ચાઓ મુક્તપણે ચાલે, અને તે દ્વારા ઇતર જિજ્ઞાસુ પણ લાભ મેળવી શકે, તે માટે એનું માધ્યમ સર્વસુલભ હોવું જોઈએ; નહીં કે પરંપરાગત એવું એક માત્ર અંગ્રેજીનું જ માધ્યમ.

ગુજરાતી સાહિત્ય પરિષદે મને તત્ત્વજ્ઞાન વિભાગના પ્રમુખ લેખે પસંદ કર્યો એ અધિકારની મારામાં યોગ્યતા છે કે નહીં, તે હું જાણું છું. પણ મેં આ સ્થળે મને જે સૂઝ્યું તે નમ્રપણે રજૂ કર્યું છે. જો પરિષદના વિવેકી સંચાલકોને એમાંથી કાંઈ પણ કરવા જેવું લાગે તો એ દિશામાં પ્રયત્ન કરે એવી મારી વિનંતી છે, કેમ કે પરિષદે પોતાના કાર્યક્ષેત્રમાં તત્ત્વજ્ઞાનને પણ સ્થાન આપ્યું છે એટલે એ માટે ઘટતું બધું જ કરી છૂટવાની એની ફરજ છે.

— બુદ્ધિપ્રકાશ

•

# ૬. ભારતીય તત્ત્વજ્ઞાનની રૂપરેખા[1]

ભારતીય તત્ત્વજ્ઞાનની પરિષદમાં એક જુદા વિભાગ તરીકે ગુજરાતી વિભાગનું સંમેલન આ વર્ષે પહેલવહેલું ગોઠવાયું છે. આ વિભાગીય અધિવેશનનો નિર્ણય બહુ મોડો લેવાયો છે, તેથી તેની જાણ જોઈએ તેટલા પ્રમાણમાં ગુજરાતમાં વસતાં કે ગુજરાત બહાર રહેતાં ભાઈબહેનોને થઈ નથી શકી. છતાં ઉપક્રમ તો થાય જ છે, અને સંભવ છે કે આગળની પરિષદોમાં ગુજરાતના આ દાખલાને અનુસરી ઇતર પ્રદેશોમાં પણ ભારતીય તત્ત્વજ્ઞાન પરિષદના ભાગ તરીકે ત્યાંની પ્રાદેશિક ભાષામાં આવા વિભાગીય અધિવેશનની ગોઠવણ ચાલુ રહે.

ગુજરાતમાં તત્ત્વજ્ઞાન કે ગુજરાતીમાં તત્ત્વજ્ઞાન, એનો અર્થ એવો નથી કે કોઈ ખાસ વિશિષ્ટતા ધરાવે એવું તત્ત્વજ્ઞાન ગુજરાતમાં ઉદ્ભવ્યું છે, કે વિકસ્યું છે. એનો એવો પણ અર્થ નથી કે ગુજરાતી ભાષી કોઈ ચિંતકે ગુજરાતી ભાષામાં ભારતીય તત્ત્વજ્ઞાનથી કાંઈક જુદું પડે કે કાંઈક જુદી વિશિષ્ટતા ધરાવે તત્ત્વજ્ઞાન ખેડ્યું હોય. વળી એનો એવો પણ અર્થ નથી કે કોઈ તત્ત્વજ્ઞાનનો આંતરિક સંબંધ કે વિકાસ એ માત્ર ગુજરાત કે ગુજરાતીની ખાસિયત સાથે વધારે મેળ ખાતો હોય. એનો સીધો અને સાદો અર્થ એટલો જ છે કે જે જે તત્ત્વજ્ઞાન ગુજરાતી ભાષામાં અવતર્યું છે કે અનેક રીતે પ્રસર્યું છે, તે ગુજરાતી કે ગુજરાત સાથે સંબંધ ધરાવનારું તત્ત્વજ્ઞાન.

ઉપર કહી તે વાત ગુજરાત સિવાયના ઇતર પ્રદેશો અને ઇતર પ્રાદેશિક ભાષાઓને પણ લાગુ પડે છે. તત્ત્વજ્ઞાન એ વસ્તુના યથાર્થ સ્વરૂપનો વિચાર કરે છે. વિચાર કરનાર કોઈ પણ દેશ, જાતિ, પંથનો હોય કે ગમે તે ભાષાભાષી હોય પણ એનું તત્ત્વચિંતન એ ખરી રીતે

---

૧. અમદાવાદમાં મળેલ ભારતીય તત્ત્વજ્ઞાન પરિષદના ૩૩મા અધિવેશનના ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે આપેલ ભાષણ તા. ૨૯-૧૨-૧૯૫૮.

માનવીય તત્ત્વચિંતન છે. અને એને દેશ, જાતિ, પંથ કે ભાષાનાં બંધનો આડે નથી આવતાં.

છેલ્લાં લગભગ સોએક વર્ષમાં પાશ્ચાત્ય વિદ્યાઓના સંપર્કને પરિણામે ગુજરાતમાં તત્ત્વજ્ઞાનને લગતું વિવિધ કાર્ય ગુજરાતી ભાષામાં થયું છે. અને એ પ્રમાણમાં ઓછું નથી; ગુણવત્તામાં તો કદાચ એ, તે વિષયના બંગાળી સાહિત્ય કરતાં બીજે જ નંબરે આવી શકે, તેમ મને લાગ્યું છે. આ સાહિત્યમાં વૈદિક, બૌદ્ધ, જૈન, જરથોષ્ટ્રી, યહૂદી, ક્રિશ્ચિયન અને ઇસ્લામ એ બધાનો સમાવેશ થાય છે. માત્ર ગુજરાતી ભાષા દ્વારા કોઈ તત્ત્વજ્ઞાન વિશે પરિચય કરવા ઇચ્છે તોય એને પુષ્કળ સામગ્રી મળી શકે તેવી ભૂમિકા તૈયાર છે. આ સામગ્રીમાં થોડું પણ એવું લખાણ મળી આવશે, કે જેને મહદંશે મૌલિક પણ કહી શકાય. આવા તત્ત્વજ્ઞાનીય સાહિત્યના વિવિધ પ્રકારોનું વિસ્તૃત વર્ણન આપવા જેવું છે જ; તે વર્ણન શ્રીયુત મુકુલભાઈ કલાર્થીએ તૈયાર કર્યું છે, જે અહીં યથાસમયે વંચાશે, અને જે ઘણું જ માહિતીપૂર્ણ છે.

આ બીજી બાબતો ચર્ચવાની પાછળ મારી નેમ એ છે કે જેઓ તત્ત્વજ્ઞાનમાં રસ લેતા હોય અને જેઓ ભારતીય તત્ત્વજ્ઞાનની પરંપરાઓને ઠીક ઠીક સમજવા ઇચ્છતા હોય, તેઓને એના મૂળ પ્રવાહોનો તેમ જ તેના વિકાસનો ટૂંકમાં પણ પ્રામાણિક ખ્યાલ આવે. પહેલાં હું તત્ત્વજ્ઞાનનો વિકાસ કયે ક્રમે થયેલો મને જણાય છે તે જણાવવા પ્રયત્ન કરું છું.

## તાત્ત્વિક મુદ્દાઓ અને તેનો વિકાસક્રમ

સામાન્ય રીતે તત્ત્વજ્ઞાનના મુખ્ય ત્રણ વિષયો મનાય છે અથવા છે : ભૌતિક યા અચેતન તત્ત્વ-અધિભૂત; જીવ, આત્મા યા ચિત્તતત્ત્વ-અધિદેવ; પરમચેતન પરમાત્મા યા બૃહત્-અધિબ્રહ્મ. આમાંથી જે ભૌતિક જગત છે, તે નેત્ર આદિ બાહ્ય ઇન્દ્રિયો દ્વારા એક યા બીજી રીતે ગમ્ય થવાની શક્યતા ધરાવે છે અને તે જગત સર્વ ચેતન માટે યા સર્વ દ્રષ્ટાઓ માટે સાધારણ છે. અર્થાત્ ભૌતિક વિશ્વ યા તેની ઘટનાઓ એ કેવળ એક જ વ્યક્તિ દ્વારા ગમ્ય થઈ શકે તેવી નથી હોતી. તેથી ભૌતિક વિશ્વ પરત્વે અનેક ચિંતકો પોતપોતાની શક્તિ અને રુચિ અનુસાર અવલોકન તેમ જ ચિંતન કરતા રહ્યા છે. પણ આથી ઊલટું અધિદેવ યા ચિત્તતત્ત્વ વિશે છે. ચિત્ત એ આંતરિક તત્ત્વ છે. એનું સીધું અવલોકન કે ચિંતન એ માત્ર તે જ કરી શકે છે. 'क'

ચિત્ત યા 'क' જીવનું સાક્ષાત્ નિરીક્ષણ યા ચિંતન એ 'ख' કે 'ग' વ્યક્તિ કરી ન શકે. તેથી જીવ આત્મા કે ચિત્ત પરત્વેનાં અવલોકનો યા અનુભવો એ દરેક વ્યક્તિનાં આગવાં હોય છે; ભલે એમાં પરસ્પરના વિચારવિનિમયથી સામ્ય દેખાય. ભૌતિક વિશ્વના નિરીક્ષણ વખતેય અનુભવ કરનારને પોતાના ચિત્તનું કાંઈક ને કાંઈક ભાન તો થતું જ રહે છે; પણ જ્યારે અનુભવિતા મુખ્યપણે અંતર્મુખ થઈ પોતાના આંતરિક સ્વરૂપનું અવલોકન કરે છે, ત્યારે એનું ભાન અને ચિંતન વધારે વિશાળ તેમ જ સ્પષ્ટ બને છે. અંતરિન્દ્રિયની યા મનની ગૂઢ શક્તિનો વિકાસ થયા પછી એની એવી પણ ભૂમિકા આવે છે કે જ્યારે તે સર્વ જીવાત્મા કે સર્વ ચિત્તતત્ત્વના અધિષ્ઠાન યા અન્તર્યામી તત્ત્વનો વિચાર કરવા પ્રેરાય છે. અને તે જાણવા પ્રયત્ન કરે છે કે કીટપતંગથી મનુષ્ય સુધીની ચડતી ઊતરતી કક્ષાઓના ચેતન વર્ગમાં કાંઈ એવું છે કે જે વસ્તુસ્થિતિએ એક જ હોય યા સમાન હોય ? આ પ્રયત્ન છેવટે પરમાત્મા, ઈશ્વર કે બૃહત્‌તત્ત્વની શોધમાં પરિણમે છે. તત્ત્વજ્ઞાનને લગતો આ વિકાસક્રમ ભારતીય પરંપરાઓમાં કેવી કેવી રીતે વ્યક્ત થયો છે, તે હવે આપણે જોઈએ.

### ભૌતિક અણુવાદ

ભૌતિક જગત પરત્વે આપણે ત્યાં મુખ્ય બે પરંપરાઓ છે : એક અણુવાદી અને બીજી પ્રકૃતિવાદી. અણુવાદીમાં પહેલાં ચાર્વાકો આવે. તેઓ આખું જગત ભૌતિક તત્ત્વમય માનતા, અને એમાં ગ્રીક ચિંતકોની પેઠે, ચાર કે પાંચ મૌલિક તત્ત્વનો સમાસ કરતા. એ તત્ત્વોની સૂક્ષ્મતા પણ તે કાળમાં બહુ દૂર સુધી ગયેલી નહીં; ઇન્દ્રિયગમ્ય થઈ શકે એવાં ભૌતિક તત્ત્વો એ જ ઘણું કરી એમને મતે મૂળ અને પ્રાથમિક તત્ત્વ હતાં. પણ કાંઈક નિરીક્ષણે અને વિશેષે તો કલ્પનાએ ચિંતકોને ઊંડાણ ભણી પ્રેર્યા. તેમણે કલ્પ્યું અને સ્થાપ્યું કે વધારેમાં વધારે શક્તિ ધરાવનાર ઇન્દ્રિયો જે દેખી શકે તેથી પણ અતિસૂક્ષ્મ તે તે ભૌતિક અણુઓ હોવા જ જોઈએ. આ વાદ વૈશેષિક પરંપરારૂપે વિકસ્યો અને વૈશેષિકો અતીન્દ્રિય પરમાણુવાદ સુધી ગયા. તેમણે એ પણ કહ્યું કે પૃથ્વી, પાણી આદિ ભૌતિક તત્ત્વોના અંતિમ પરમાણુઓ અતીન્દ્રિય છે, પણ તે પરસ્પર તદ્દન વિજાતીય છે. એટલે પાર્થિવ પરમાણુ કદી પાણી કે તેજ આદિરૂપે બદલાઈ ન શકે. આ વૈશેષિક વિચારધારાથી આગળ વધનાર અણુવાદીઓ પણ અસ્તિત્વમાં આવ્યા. તેઓની વિચારધારા

વૈશેષિક કહેવાતી વિચારધારા પછી જ અસ્તિત્વમાં આવી કે પહેલાં યા સમાનાન્તર—એ કહેવું સરલ નથી. પણ એ વિચારધારા વૈશેષિક વિચારધારાથી વધારે સૂક્ષ્મ અને વધારે સત્યની નજીક છે, એટલું તો ચોક્કસ. આ વિચારધારા જૈન પરંપરામાં બહુ વિસ્તાર પામી છે. તેણે કલ્પ્યું અને સ્થાપ્યું કે પાર્થિવ આદિ ભૌતિક પરમાણુઓ તે તે વ્યવહાર્ય ગુણધર્મને કારણે ભલે જુદા કહેવાતા અને મનાતા હોય, પણ મૂળમાં એ પરમાણુઓમાં કોઈ પાર્થિવત્વ આદિ સ્વતઃસિદ્ધ વિભાજક તત્ત્વ નથી. પરિસ્થિતિ અને પરિવર્તનવશ જે પરમાણુ પાર્થિવ હોય તે સંયોગ બદલાતાં જલીય પણ બની શકે અને વાયવીય પણ. જેમ આ પરંપરાએ પરમાણુઓમાંના સ્વતઃસિદ્ધ વિભાજક તત્ત્વને લોપી નાખ્યું, તેમ એણે સૂક્ષ્મતાની દિશામાં પણ બહુ જ વિશેષ પ્રગતિ કરી. વૈશેષિક પરંપરામાં મનાતો અંતિમ પરમાણુ જૈન કલ્પના પ્રમાણે એક મોટો સ્કંધ યા અનંત અવિભાજ્ય પરમાણુઓનો સમુદાય બની ગયો. આ અણુવાદની પ્રક્રિયા એથીયે આગળ વધી.. બૌદ્ધ પરંપરાએ પરમાણુ માનવા છતાં કહ્યું કે પરમાણુનો એવો અર્થ નથી કે કોઈ એક દ્રવ્ય સદા ધ્રુવ રહે અને તેમાં ગુણધર્મો રૂપાંતર પામતા જાય પણ એનો અર્થ એ છે કે એવું કોઈ ધ્રુવ પરમાણુ—દ્રવ્ય ન હોવા છતાં તેના ગુણધર્મોની પ્રતિસમય નવનવી બદલાતી ધારા ચાલ્યા જ કરે છે, એ અવિચ્છિન્ન ધારા તે જ દ્રવ એટલે પ્રવાહરૂપે વહેતી હોવાથી દ્રવ્ય કહેવાય છે. આમ બૌદ્ધ પરંપરાએ પહેલેથી મનાતા એક ધ્રુવ પરમાણુનો છેદ ઉડાડી તેના સ્થાનમાં પ્રતિસમય યા પ્રતિક્ષણ ઉદય પામતા નવનવા રૂપ, રસ આદિ ગુણધર્મોને જ પરમાણુ માન્યા. ટૂંકમાં ઉપર સૂચિત પરમાણુવાદને લગતી ચાર કલ્પનાઓ ભારતીય તત્ત્વજ્ઞાનમાં છે, એની આસપાસ અનેક કલ્પનાઓની સૃષ્ટિ ઊભી થયેલી છે, પણ મૂળમાં આ ચાર જ છે.

### ભૌતિક પ્રકૃતિવાદ

ભૌતિક જગત પરત્વેની બીજી પરંપરા એ પ્રકૃતિવાદી, જે સાંખ્ય પરંપરા તરીકે સુવિદિત છે. આગળ જતાં આ પણ પ્રકૃતિવાદ અનેક વેદાન્તી વિચારસરણીઓની ભૂમિકા બની ગયો છે. આ પરંપરા પ્રથમ પરંપરાની પેઠે મૌલિક અનંત પરમાણુઓ ઉપરથી ભૌતિક જગતનું સર્જન નથી માનતી. તે કહે છે કે વિશ્વના મૂળમાં અખંડ તત્ત્વ તો એક જ છે, અને તે પ્રકૃતિતત્ત્વ. આ તત્ત્વમાં જુદા જુદા ગુણધર્મો ધરાવનાર અને તેને વ્યક્ત કરનાર એવા

પરસ્પર અવિભાજ્ય અંશો કે ઘટકો છે, પણ તે મૂળ પ્રકૃતિતત્ત્વથી છૂટા નથી. પ્રકૃતિતત્ત્વ એક જ અને કોઈ ને મતે અનેક છતાં તે સમગ્ર વિશ્વમાં વ્યાપક છે. તે તત્ત્વ અણુવાદી પરંપરાની પેઠે પરમાણુ કહેવાય તો એ અર્થમાં કે તે ઇન્દ્રિયાતીત અને અતિસૂક્ષ્મ છે; પણ એ અર્થમાં નહીં કે એનું કદ યા પરિમાણ અતિ અલ્પ છે. પ્રકૃતિવાદીએ મૂળ એક પ્રકૃતિ માનીને પણ તેનામાં એટલી બધી સર્જકશક્તિ માની છે કે જેથી તે વિશ્વવૈવિધ્ય યા વૈશ્વરૂપ્યનો પૂરો ખુલાસો આપી શકે છે.

## બન્ને વાદની સર્જનપ્રક્રિયાની તુલના

અહીં ઉપર સૂચિત બે ભૌતિક વાદોની સર્જનપ્રક્રિયાને લઈ ટૂંકમાં સરખામણી કરીએ તો બન્નેના દૃષ્ટિકોણ સમજવામાં સરળતા થાય. દરેક અણુવાદી એમ માને છે કે પરમાણુઓના નાનામોટા સમુદાય દ્વારા છેવટે ઇન્દ્રિયગમ્ય બની શકે એવી ભૌતિક સૃષ્ટિ નિર્માણ થાય છે, જ્યારે પ્રકૃતિવાદી એમ માને છે કે અણુવાદીઓનાં પરમાણુ દ્રવ્યો કે એના સ્કંધો, એ તો પ્રકૃતિના સર્જન-વ્યાપારનો એક ભાગ છે, અને તે પણ બહુ આગળ જતાં આવે છે, પહેલાં તો પ્રકૃતિમાંથી જે સર્જન થાય છે, તે જ્ઞાયક કોટિનું યા જ્ઞાનપક્ષીય હોય છે. પ્રાથમિક સર્જનમાં જીવાત્મા દ્વારા જે સુખ, દુઃખ, જ્ઞાન, ઇચ્છા આદિ સ્વસંવેદ્ય ભાવો અનુભવાય છે, તે અસ્તિત્વમાં આવે છે, અને ક્રમે ક્રમે તેમાંથી જ્ઞાન મેળવનારી અને જ્ઞાનને વ્યવહાર્ય બનાવનારી શક્તિઓ યા ઇન્દ્રિયો રચાય છે. આ જ્ઞાતૃ, આ જ્ઞાનસાધન અને જ્ઞાનનું વાહન એ ત્રિવર્ગ રચાય ત્યારે જ સૂક્ષ્મ-સ્થૂળ ભૌતિક સૃષ્ટિના આવિર્ભાવનો કાળ આવે છે; પહેલાં જ્ઞાતૃ યા જ્ઞાયકપક્ષીય સૃષ્ટિ; અને પછી જ્ઞેય યા ઉપભોગ્ય સૃષ્ટિ. અણુવાદી સર્જનપ્રક્રિયામાં આવું કાંઈ નથી. તેમાં તો પ્રથમથી જ જ્ઞેય યા ઉપભોગ્ય સૃષ્ટિ રચાતી મનાય છે, અને કોઈ પણ અવસ્થામાં પરમાણુઓની બનેલી સૃષ્ટિ જ્ઞાયકપક્ષમાં પડતી જ નથી. આમ અણુવાદ સર્જનપ્રક્રિયા પ્રારંભથી અંત સુધી ભોગ્ય સૃષ્ટિના ઉત્પાદન-વિનાશનો જ વિચાર કરે છે; ત્યારે પ્રકૃતિવાદી સર્જનપ્રક્રિયા પ્રથમ જ્ઞાતા યા ભોક્તાના સર્જનને લગતો વ્યાપાર ઘટાવી ત્યાર બાદ ભોગ્ય સૃષ્ટિનો વિચાર ઘટાવે છે. આ મૌલિક ભેદ ઉપરથી એમ લાગે છે કે કદાચ તત્ત્વજ્ઞાનની કોઈ પ્રાચીન અવસ્થામાં એક પરંપરાએ મુખ્યપણે બહિર્મુખ થઈ સૃષ્ટિનો વિચાર પ્રારંભ્યો, અને અંતે પરમાણુ સુધી તે ગયો; જ્યારે બીજી પરંપરાએ

અન્તર્મુખ થઈ એ વિચાર પ્રારંભ્યો અને છેવટે તે સ્થૂળ વિશ્વના સર્જનને ઘટાવવામાં વિરમ્યો.

આ ભેદ જોતાં અને આગળ ઉપર જે જીવતત્ત્વ વિશે વિચાર ખેડાતો ગયો તે જોતાં, એમ લાગે છે કે પ્રથમ અણુવાદી ચાર્વાકે જીવનતત્ત્વ તો પોતે માનેલાં ભૌતિક તત્ત્વોમાંથી જ ઘટાવ્યું; ચૈતન્ય યા જીવન, એ ભૌતિક તત્ત્વોથી ખાસ સ્વતંત્ર નથી. પણ ભૌતિક તત્ત્વોનાં વિવિધ મિશ્રણોમાં જે મિશ્રણો શરીર આકાર ધારણ કરે અને સેન્દ્રિય બને તે મિશ્રણોમાં સુખદુઃખ આદિની લાગણી જેવું જ જીવન પ્રગટે. પણ બીજા અણુવાદી પક્ષોએ તેથી જુદા પડી એમ કહ્યું કે અણુસૃષ્ટિ એ તો ભોગ્યસૃષ્ટિ છે, અને જે ભોગ્ય હોય તેનો કોઈ ભોક્તા સચેતન હોવો જ જોઈએ. આ દલીલને આધારે તેમણે બધાએ ભોક્તાનું યા જીવનું અસ્તિત્વ સ્વતંત્ર માન્યું. કારણ કે એમની સર્જન-પ્રક્રિયામાં મૂળ પાયારૂપે તો પરમાણુઓ જ હતા; અને તેમાં તેમણે ચૈતન્ય સ્વીકાર્યું ન હતું, તેમ જ ચૈતન્ય પ્રગટ થાય એવી ચાર્વાકસંમત શક્તિ પણ સ્વીકારી ન હતી. આથી ઊલટું પ્રકૃતિવાદની સર્જનપ્રક્રિયામાં દેખાય છે એ પ્રક્રિયા પ્રમાણે જ્ઞાન, સુખદુઃખ, ઇચ્છા આદિ સ્વસંવેદ્ય મનોગત ભાવો એ તો પ્રકૃતિના સર્જનક્રમમાં આવિર્ભાવ પામતાં, પહેલા જ તબક્કે અસ્તિત્વમાં આવે. તેથી શરૂઆતના વખતમાં પ્રકૃતિવાદીને પણ કદાચ પ્રકૃતિથી ભિન્ન એવા ચેતનતત્ત્વની કલ્પના કરવી નહીં પડી હોય. અને જ્યારે એ કલ્પના કરવી પડી ત્યારે પ્રકૃતિવાદીને ચેતન સાથે પ્રકૃતિનો મેળ બેસાડવામાં અને પ્રકૃતિના બુદ્ધિ, જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય એ ત્રિવર્ગને સાર્થક ઠરાવવામાં પણ ભારે મુશ્કેલી અનુભવવી પડી હોય તેમ દેખાય છે.

ભૌતિક તત્ત્વોનાં સ્વરૂપ પરત્વે જે જે કલ્પનાઓ થતી ગઈ અને વિકસતી ગઈ, તે કલ્પનાઓ પ્રયોગની કસોટીએ ચડેલી નહીં. બે કે અનેક કલ્પનાઓના પુરસ્કર્તા પરસ્પર ચર્ચા કરે; એક બીજાની કલ્પનામાં ત્રુટિ કે અસંગતિ બતાવે. બીજો પોતાના બચાવ ઉપરાંત પહેલાની માન્યતામાં અસંગતિ દર્શાવે. આમ તર્ક-પ્રતિતર્કના પરિણામે દરેક વાદી પોતાનાં મંતવ્યોમાં કાંઈક ને કાંઈક સુધારો કે ઉમેરો કરતો ગયો છે, પણ કોઈ ભૌતિકવાદી પરંપરાએ પોતાની કલ્પનાને પ્રયોગની કસોટીએ ચડાવી તેની સારાસારતા સિદ્ધ નથી કરી. જેમ છેલ્લાં ચારસો-પાંચસો વર્ષમાં વૈજ્ઞાનિકોએ ભૌતિક તત્ત્વની પોતપોતાની કલ્પનાઓને અનેક પ્રયોગો દ્વારા કસવાનો પ્રયત્ન કર્યો છે, અને તેને પરિણામે અનેક જૂની માન્યતાઓ ભૂંસાઈ પણ ગઈ

છે; નવી માન્યતા અસ્તિત્વમાં આવતી ગઈ છે, અને તે પણ પ્રયોગમાં સાબિત થાય તો જ ટકી રહે છે, નહીં તો માત્ર ઐતિહાસિક નોંધમાં જ એનું સ્થાન રહે છે, તેમ ભારતીય તત્ત્વજ્ઞાનની ભૌતિક વિશ્વ પરત્વેની સેંકડો વર્ષોમાં ખેડાયેલી વિવિધ કલ્પના વિશે ક્યારેય બન્યું નથી તેથી આ કલ્પનાઓ આજે એ જ રૂપમાં સિદ્ધાન્ત કોટીમાં આવી શકે નહીં, અને છતાં એ તત્ત્વજ્ઞાનનો એક ભાગ તો ગણાય જ છે. આનો અર્થ મારી દષ્ટિએ એટલો જ થઈ શકે કે તે તે ચિંતકો મૂળે તો વસ્તુના યથાર્થ દર્શનની શોધમાં જ પ્રવૃત્ત થયેલા. તેમનાં સાધનો તે કાળે પરિમિત, અને વૈજ્ઞાનિક પ્રયોગની દિશા તેમણે ઉઘાડી જ ન હતી. તેથી આજના વૈજ્ઞાનિક પ્રયોગોના સમયમાં એ કલ્પનાઓનું મૂલ્ય અવશ્ય સિદ્ધાન્તકોટિનું નથી જ, છતાં ઉત્કટ જિજ્ઞાસુઓના પ્રાથમિક અને દીર્ઘકાલીન પ્રયત્નરૂપે તો એનું ઐતિહાસિક મૂલ્ય છે જ. અહીં એ પણ નોંધવું યોગ્ય ગણાશે કે ભૌતિક તત્ત્વોની વિવિધ કલ્પનાઓ સાથે બૌદ્ધિક સૂક્ષ્મતા, તાર્કિક સચોટતાનો સંબંધ જોડી શકાય; પણ ત્રૈકાલિક સર્વજ્ઞત્વ કે અબાધિત સ્વાનુભવનો સંબંધ જોડી ન શકાય. આ વિચારને વધારે સ્પષ્ટપણે સમજવામાં ઉપયોગી થઈ શકે એવો, એક લેખ હમણાં જ ''પ્રસ્થાન'' માસિકના ગત કારતક માસના અંકમાં 'પરમાણુની ભીતરમાં' શીર્ષકથી પ્રસિદ્ધ થયો છે. એના લેખક છે ડૉ. અશ્વિન મ. ત્રિવેદી અને શ્રી મહેન્દ્ર દેસાઈ.

## ચેતનવિષયક માન્યતાની ભૂમિકાઓ

હવે તત્ત્વજ્ઞાનના બીજા વિષય ચૈતન્ય ભણી વળીએ. વિચારકોને પહેલાં એમ તો લાગ્યું જ કે જ્ઞાન યા ચૈતન્યશક્તિ એક વિશિષ્ટ વસ્તુ છે. પણ તેનું ભૌતિક તત્ત્વથી નિરાળું અસ્તિત્વ તેમણે માન્યું નહીં. તેઓએ માન્યું કે, જેમ ભૌતિક તત્ત્વોમાં બાહ્ય ઇન્દ્રિયથી ગ્રહણ થઈ શકે એવા ગુણધર્મોનું અસ્તિત્વ છે, તેમ માત્ર મનથી જ ગ્રહી શકાય અને સમજી શકાય એવા જ્ઞાન કે ચૈતન્યગુણનું પણ અસ્તિત્વ છે—ભલે એ અસ્તિત્વ અમુક પરિસ્થિતિમાં જ દેખા દે. આ દૃષ્ટિએ તે ભૂતવાદી વિચારકોએ ચૈતન્યનું કેન્દ્ર ભૂતતત્ત્વોમાં માન્યું અને કહ્યું કે જીવન્ત દેહ વિલય પામે ત્યારે ભૌતિક તત્ત્વો વીંખાઈ જાય, અને ચૈતન્ય પણ ત્યાં જ અસ્ત પામે. કોઈ પ્રાણી જન્મ લે ત્યારે તેના શરીરમાં કોઈ પહેલાંનું સ્વતંત્ર ચૈતન્ય દાખલ નથી થતું, પણ નવા દેહ સાથે નવીન ચૈતન્યશક્તિ નિર્માણ થાય છે. આજે આ

ભૂતચૈતન્યવાદ ભારતના સામાન્ય માનસપ્રદેશમાંથી જાણે સાવ સરી ગયો હોય તેમ લાગે છે. પણ એ વિચારના થરો તો સાહિત્યમાં અનેક રીતે નોંધાયા છે. આ ચૈતન્યવાદની પ્રાથમિક ભૂમિકાથી આગળ વધી બીજા વિચારકોએ ચેતન યા ચૈતન્યનું ભૂતતત્ત્વોથી સ્વતંત્ર અને નિરાળું અસ્તિત્વ સ્થાપ્યું. આવા સ્વતંત્ર ચેતનવાદી અનેક પંથો અસ્તિત્વમાં આવ્યા. દરેકની દૃષ્ટિ એના સ્વરૂપ પરત્વે, ગુણધર્મ પરત્વે તેમજ વિકાસની પરાકાષ્ઠા પરત્વે જુદી જુદી ઘડાતી હતી. અંતે આ ચૈતન્યવાદી વર્ગમાંથી એક એવી દૃષ્ટિ પણ પ્રગટ થઈ કે જે અમૂર્ત જ્ઞાન યા ચૈતન્ય સિવાય બીજી કોઈ ભૌતિક વસ્તુનું સ્વતંત્ર અસ્તિત્વ જ ન માનતી. આમ ચેતનતત્ત્વની બાબતમાં મુખ્ય મુખ્ય જે વિચારપ્રવાહો ચાલ્યા તેનેય ત્રણ ભાગમાં મૂકી શકાય. પહેલો ભાગ ભૂતચેતનવાદી, જેમાં ભૌતિક શક્તિઓ, ગુણધર્મો અને ચૈતન્ય યા જ્ઞાનશક્તિ એ માત્ર ભૂતતત્ત્વના કેન્દ્રમાં જ મનાયાં. આ ભૂતતત્ત્વાદ્વૈતવાદ થયો. બીજો ભાગ એ કે જેમાં ભૌતિક તત્ત્વોથી ભિન્ન સ્વતંત્ર ચેતનતત્ત્વોનું શાશ્વત અસ્તિત્વ મનાયું. ત્રીજો ભાગ એ કે જેમાં જ્ઞાન, ચૈતન્ય યા સ્વસંવેદ્ય અમૂર્ત તત્ત્વ સિવાય બીજી કોઈ ભૂત-ભૌતિક જેવી વસ્તુઓનું સ્વતંત્ર અસ્તિત્વ જ નહીં. આ રીતે પહેલો ભાગ અને બીજો ભાગ, બન્ને પોતપોતાની રીતે અદ્વૈતી. પહેલાને ચૈતન્યનું ભાન ભૂતોમાંથી ઘટાવવાનું તો બીજાને ભૌતિકતા યા બાહ્યતાનું ભાન ચૈતન્ય યા જ્ઞાનશક્તિમાંથી ઘટાવવાનું; પહેલા અદ્વૈતમાં અવિદ્યાની કલ્પના કરવી ન પડતી; જ્યારે બીજા અદ્વૈતમાં અવિદ્યાનો આશ્રય અનિવાર્ય હતો. વિજ્ઞાનવાદી બૌદ્ધ હોય કે કેવલાદ્વૈતવાદી વેદાન્તી હોય, બન્નેને ઇન્દ્રિયગમ્ય બાહ્ય સૃષ્ટિના અનુભવની ઉત્પત્તિ એકમાત્ર અવિદ્યા, અજ્ઞાન યા માયાશક્તિનો આશ્રય લઈને જ કરવી પડતી. અને એ અવિદ્યા નામનું તત્ત્વ પણ કોઈ સ્વતંત્ર ન મનાતાં એક ચિરકાલીન વાસનારૂપે તેમ જ ચેતનના એક પાસા લેખે કલ્પાયું.

## આત્મદૃષ્ટિની પ્રયોગસિદ્ધતા

ચેતનતત્ત્વને લગતી ભારતીય પરંપરાઓની માન્યતાઓનો આ તો અતિસંક્ષેપ થયો. પણ અત્રે જે મુખ્ય વક્તવ્ય છે તે એ છે કે ચેતનવાદી દરેક પરંપરાના પુરસ્કર્તાઓમાં થોડા પણ પ્રામાણિક સાધકો પહેલેથી આજ લગી એવા થતા આવ્યા છે, કે જેમણે પોતપોતાની પરંપરાની આત્મદૃષ્ટિ સ્વીકારીને તેની સત્યતાનો અનુભવ કરવા પ્રયોગો કર્યા છે. તેઓ માત્ર

કલ્પનામાં વિહર્યાં નથી, પણ તે તે આત્મદષ્ટિની યથાર્થતાનો અનુભવ કરવા બહુ મથ્યા પણ છે. એટલે ભારતીય આત્મદષ્ટિની પરંપરાઓને માત્ર કલ્પનામૂલક કહી અવગણી શકાય તેમ નથી, કેમ કે એ કલ્પનાઓ પ્રયોગની કસોટીએ કોઈ ને કોઈ રૂપે ચડી છે. એ પ્રયોગની કસોટી તે જ યોગવિદ્યાને નામે પ્રસિદ્ધ છે. યોગવિદ્યાનું મુખ્ય ધ્યેય જ પહેલેથી એ રહ્યું છે કે સાધક પોતાના ચૈતન્યનો અનુભવ કરે.

આવો અનુભવ કરવાની પ્રયોગશાળા એ કાંઈ ભૌતિક પ્રયોગશાળા જેવી નથી હોતી, કે જેમાં દૂરદર્શક અને સૂક્ષ્મદર્શક યંત્રોની પૂરી સગવડ તેમ જ ગણિત આદિ વિદ્યાઓને બળે જ માત્ર આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થઈ શકે. એની પ્રયોગશાળા એ સાવ નિરાળી રચના છે. આવા પ્રયોગમાં જેણે જેણે ઝંપલાવ્યું તેઓએ પ્રથમ તો પોતાના મનને સ્થિર કરવા, શરીરને સમતોલ બનાવવા અને ચિંતનશીલ મનને વિઘ્નરૂપ તથા ક્લેશોને નિવારવાની યોજના કરી, અને તે દ્વારા આત્માનુભવનું એક શાસ્ત્ર ધીરે ધીરે ખીલવ્યું. જે જે પ્રામાણિક સાધકો થયા તે બધાની આત્મદષ્ટિ ભલે નોખી નોખી હોય, છતાં એના અનુભવપ્રયોગોનાં મુખ્ય અને સ્થિર પરિણામો સરખાં જ આવેલાં નોંધાયાં છે. સાધનાની પદ્ધતિ અને તેનાં ભિન્નભિન્ન અંગો ઉપર ભાર આપવાની બાબતમાં તેઓ ભલે જુદા પડતા હોય, પણ એ સાધનાપ્રયોગનાં અંતિમ પરિણામો તેમ જ વચગાળાની વિકાસમુખી યા શુદ્ધિલક્ષી અવસ્થાઓમાં બધાનો જ અનુભવ એકસરખો નોંધાયેલો છે. તે ઉપરથી એમ કહી શકાય કે ભારતીય ચિંતકો અને સાધકોએ ભલે ભૌતિક વિશ્વની બાબતમાં કલ્પનાવિહાર કર્યો હોય, પણ જીવ, આત્મા યા ચેતનતત્ત્વની બાબતમાં એમણે માત્ર કલ્પનામાં રમણ નથી કર્યું, પણ પોતપોતાની કલ્પના યા Hypothesisને અનુસરી એ અધ્યાત્મતત્ત્વને અનુભવવાનો પ્રયત્ન કર્યો છે. તેથી જ આજેય ભારત એક આધ્યાત્મિક દેશ તરીકે જાણીતો છે. એની આ ખ્યાતિમાં જો કાંઈ પણ સત્ય હોય તો તે આત્મદષ્ટિ ઉપર પ્રયોગ કે યોગ કરવો એ છે.

યોગની સાધના કરતાં કરતાં તેને ઉપયોગી થઈ શકે અને સામાજિક જીવનમાં પણ સહાયક થઈ શકે એવાં કેટલાંય શાસ્ત્રો ખીલ્યાં છે. માનસશાસ્ત્ર એ મનની શક્તિઓ અને મનનાં કાર્યોને લગતું શાસ્ત્ર છે. શરીરની અને પ્રાણવહનની ગતિ-વિધિને નિયમમાં રાખે એવું એક હઠયોગશાસ્ત્ર પણ અસ્તિત્વમાં આવ્યું છે. મનની અને ચૈતન્યની ગૂઢ

શક્તિઓ કઈ રીતે ખીલે, એનાં આવરણો કઈ રીતે દૂર થાય, એને દર્શાવતું શાસ્ત્ર પણ રચાયું છે. આવાં શાસ્ત્રો પણ પરંપરાભેદે જુદાં જુદાં છે. પણ બધાંયનો સૂર એક જ છે તેથી તે યોગવિદ્યાને નામે, ધ્યાન કે સમાધિને નામે પ્રસિદ્ધ હોય છતાં એ છેવટે તો ચેતનના સ્વાનુભવની પ્રયોગવિદ્યા જ છે.

## પરમાત્મતત્ત્વ

તત્ત્વજ્ઞાનનો ત્રીજો વિષય છે પરમાત્મતત્ત્વ. આ તત્ત્વ વિશે પણ તત્ત્વજ્ઞાનમાં અનેક પરંપરાઓ પ્રવર્તે છે. કોઈ ઈશ્વરતત્ત્વને જીવાત્માઓથી અને ભૌતિક તત્ત્વથી સાવ નિરાળું અને સ્વતંત્ર કલ્પે છે; તો બીજા અનેક એવા છે, જે પરમાત્મતત્ત્વને બાહ્ય વિશ્વ અને ચેતનતત્ત્વ એ બેથી સાવ નિરાળું ન માનતાં તેમાં એકરસ યા ઓતપ્રોત હોય તેવું માને છે. અથવા એમ કહો કે ભૂત અને આત્મા એ બન્ને પરમાત્મતત્ત્વના જ અંશો યા આવિર્ભાવો છે. કોઈ પરમાત્મતત્ત્વને સ્વતંત્ર ન માનતાં તમામ જીવાત્માઓમાં શક્તિરૂપે વિદ્યમાન માને છે અને એ જ શક્તિ વિકસતાં જીવાત્માઓ જ પરમાત્મા બની રહે છે.

મનુષ્ય ગમે તેટલો વિકાસશીલ હોય તોય એને વિકાસ કરતાં કરતાં જ્યારે કાંઈક પોતામાં ઊણપ ભાસે છે, ત્યારે તે કોઈ આવા પરિપૂર્ણ અને સર્વવ્યાપી શુદ્ધ તત્ત્વને માની તેને અવલંબી તેની ઉપાસનામાં લીન થાય છે. પછી એ તત્ત્વ તેનાથી જુદું હોય કે શક્તિરૂપે તેનામાં જ પડ્યું હોય. પણ એની ઉપાસનાની ઝંખના એને દ્વૈતભૂમિકામાં પ્રેરે જ છે. આવી ઉપાસનાઓ પણ માત્ર કલ્પનામાં નથી રહી. તે પણ પ્રયોગ યા સાધનાની કસોટીએ ચડી છે અને તેનાં પણ પરિણામો બધી જ પરંપરાઓમાં લગભગ એકસરખાં નોંધાયાં છે. એટલે એમ કહી શકાય કે પરમાત્મતત્ત્વની માન્યતા એ માત્ર કલ્પનારૂપ નથી રહી; એ માનજીવનના ઊંડા સ્તર સુધી સાકાર થઈ છે.

## તત્ત્વજ્ઞાન અને ધર્મનો સંબંધ તેમ જ વિચારોત્ક્રાંતિનાં કેટલાંક પાસાં

તત્ત્વજ્ઞાનની પરંપરાઓનો સાધના તેમ જ ઈશ્વરોપાસના સાથે સંબંધ થયો, અને તે તત્ત્વજ્ઞાન ધર્મ સાથે સંકલિત થઈ ગયું. ધર્મ એ મુખ્યપણે શ્રદ્ધા અને સાધનાનું ક્ષેત્ર હોય છે. તેથી તેમાં જે જે તત્ત્વજ્ઞાનના મુદ્દાઓ સંકળાય તે પણ મોટે ભાગે શ્રદ્ધાના વિષયો બની જાય છે. એટલે જેટલું બળ પ્રયોગવિદ્યામાં આવશ્યક હોય છે તે ધર્મક્ષેત્રે રહેવા નથી પામતું. આને લીધે અનેક કલ્પનાઓ પ્રયોગ વિના પણ સિદ્ધાંતનું રૂપ લઈ લે છે. અને દરેક

પરંપરાના વિચારકો ઘણી વાર યુક્તિ યા તર્કને બળે જ વિચાર કરે છે. આ વિચારનાં પરિણામો પણ એકંદર ઉત્ક્રાંતિગામી જ આવેલાં દેખાય છે.

જુદાં જુદાં ભારતીય શાસ્ત્રોમાં અનેક શબ્દયુગલો એવાં છે કે જે ઉપર સૂચવેલી વિચારોત્ક્રાંતિનાં સૂચક છે; જેમ કે લૌકિક અને લોકોત્તર, વ્યવહાર અને નિશ્ચય, સંવૃત્તિ અને પરમાર્થ, વ્યાવહારિક અને પારમાર્થિક, નેયાર્થ અને નીતાર્થ, માયા અને સત્ય ઇત્યાદિ.

જ્યારે માત્ર ભૂતવાદ હતો ત્યારે એનું કોઈ વિશિષ્ટ નામ ભાગ્યે જ પડ્યું હશે. પણ આત્મવાદ અસ્તિત્વમાં આવતાં જ ભૂતવાદને લોકાયત યા લૌકિક દૃષ્ટિ તરીકે ઊતરતું સ્થાન મળ્યું. અને આત્મવાદ લોકોત્તર યા અલૌકિક ગણાયો.

આત્મવાદ સ્થિર થયા પછી પણ એના સ્વરૂપ પરત્વે ઊંડાણ કેળવાવું શરૂ થયું. જે ક્લેશો, વાસનાઓ કે બળો ચૈતન્ય સાથે સંકલિત હોય તે સામાન્ય રીતે ચેતનના ભાગ જ ગણાય પણ જૈન જેવી પરંપરાઓએ તારવ્યું કે ચેતનનું ખરું સ્વરૂપ એથી જુદું છે. એ વસ્તુ નિશ્ચય સ્પષ્ટ કરવા તેમણે કહ્યું કે રોજિંદા જીવનમાં અનુભવાતું વાસનામિશ્રિત ચૈતન્ય એ વ્યવહાર છે; નિશ્ચયદૃષ્ટિએ તો એનું સ્વરૂપ ક્લેશ-વાસનાઓથી સર્વથા મુક્ત છે. એ જ રીતે જ્યારે એમની સામે પ્રશ્ન આવ્યો કે જો એક પરમાણુ અવિભાજ્ય એવા આકાશખંડમાં રહેતો હોય તો અનંતાનંત અણુઓ અને તેના સ્કંધો આકાશમાં સમાઈ ન શકે. આ પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યું કે અવિભાજ્ય આકાશક્ષેત્રમાં એક પરમાણુ સમાય છે એ વાત સાચી, પણ એ પરમાણુ બીજા અનેક અથવા અનંત પરમાણુઓને પણ પોતાના ક્ષેત્રમાં અવકાશ આપે છે. આ ઉપરથી પ્રશ્ન થયો કે અવિભાજ્ય આકાશક્ષેત્રમાં એક પરમાણુ પણ સમાય અને પરમાણુઓનો સ્કંધ પણ સમાય, તો એ મૂળ પરમાણુ અને સ્કંધ બે વચ્ચે પરિમાણનો ભેદ શો રહ્યો ? આના ઉત્તરમાં એ જૈન વિચારકોને વ્યવહાર અને નિશ્ચયદૃષ્ટિ મદદે આવી. તેમણે ખુલાસો કર્યો કે જે એક પરમાણુ તે નિશ્ચયપરમાણુ અને તે જ પરમાણુના અધિષ્ઠાન—ક્ષેત્રમાત્રમાં સમાતો અનંતાણુમય સ્કંધ એ વ્યવહારપરમાણું. આ રીતે જડ અને ચેતનતત્ત્વમાં જેમ જેમ વિચારનું ઊંડાણ વધતું ગયું અને પ્રથમની કલ્પનાઓમાં અસંગતિ દેખાવા લાગી તેમ તેમ વ્યવહાર અને નિશ્ચયની દૃષ્ટિનો આશ્રય લઈ તત્ત્વવિચાર ખીલતો ગયો.

બુદ્ધે સ્થાયી દ્રવ્યનો છેદ તો ઉડાડ્યો જ હતો અને બાહ્ય તેમ જ આન્તર

વિશ્વમાં ક્ષણિક ધર્મોનું અસ્તિત્વ જ સ્થાપ્યું હતું. પણ એ જ બૌદ્ધ પરંપરામાં જ્યારે એવો તબક્કો આવ્યો કે તેમાં બાહ્ય ભૌતિક તત્ત્વનું અસ્તિત્વ જ નકારાયું, ત્યારે એ વિજ્ઞાનવાદને બાહ્ય વિશ્વના થતા ઇન્દ્રિયગમ્ય અનુભવની સત્યતાનો ખુલાસો કરવાનો વારો આવ્યો એણે તરત જ કહી દીધું કે બાહ્ય વિશ્વ એ સત્ય છે, પણ તે સત્ય પારમાર્થિક નથી; માત્ર સંવૃત્તિસત્ય. સંવૃત્તિ એટલે અવિદ્યાનું ઢાંકણ. આ અવિદ્યાને લીધે જે ભાન થાય તે અવિદ્યાકાલીન સત્ય કહેવાય. આમ વિજ્ઞાનવાદે પોતાના ઉત્ક્રાન્ત યા વિકસિત દર્શનને સ્થાપવા પરમાર્થસત્યનો આશ્રય લીધો, અને પોતાના જ સમાનધર્મા ઇતર બૌદ્ધોની માન્યતાને સંવૃતિસત્ય કહી તેને પણ એક ખૂણામાં ગોઠવી.

બાહ્ય અને આંતર જગતના દ્વૈત તેમ જ અદ્વૈત વિશેની દીર્ઘકાલીન ચર્ચાઓ પછી જ્યારે શંકર જેવા આચાર્યોએ કેવલાદ્વૈત સ્થાપ્યું ત્યારે તેમને પહેલાંથી પ્રચલિત, શાસ્ત્રોમાં રૂઢ અને લોકમાનસમાં ઘર કરેલ દ્વૈત તેમ જ જીવોના અસ્તિત્વ અને પારસ્પરિક ભેદનો ખુલાસો તો કરવો જ રહ્યો. વળી, સ્વતંત્ર ઈશ્વર વિશેના મંતવ્યનું સ્થાન પણ ગોઠવવું જ રહ્યું. એટલે તેમણે પણ અખંડ સચ્ચિદાનંદ બ્રહ્મને પારમાર્થિક સત્યરૂપે પોતાના દર્શનમાં નિરૂપ્યું અને બીજાં વિરોધી દેખાતાં મંતવ્યો કે લોકપ્રવાદોને વ્યાવહારિક સત્યની કોટિમાં કોઈ ને કોઈ રૂપે ગોઠવ્યાં. માયાનો આશ્રય લઈ ઈશ્વરતત્ત્વનું નિરૂપણ કર્યું અને અવિદ્યાનો આશ્રય લઈ જીવોનું અસ્તિત્વ, તેમનો પારસ્પરિક ભેદ અને બાહ્ય જગતનો આભાસ—એ બધું ગોઠવ્યું. એક રીતે આ પ્રક્રિયા સંવૃતિસત્ય અને પરમાર્થસત્યના જેવી જ છે. નાગાર્જુને જે કહ્યું હતું અને વસુબંધુએ ત્રિસ્વભાવ નિર્દેશમાં જે નિરૂપ્યું હતું, તે કેવલાદ્વૈતવાદમાં કાંઈક રૂપાંતરથી નિરૂપાયું.

વિજ્ઞાનવાદે બાહ્ય જગતનું અસ્તિત્વ નકારી બૌદ્ધ પરંપરામાં વિચારની એક નવી દિશા ઉઘાડી હતી. પણ ક્ષણવાદી અને ધ્યાની બૌદ્ધો ત્યાં જ થોભે તેવા ન હતા. તેમાં શૂન્યવાદ અસ્તિત્વમાં આવ્યો. એ વાદે વિજ્ઞાનસંતતિ જેવાં આંતરિક સત્યોને પણ નિઃસ્વભાવ કહી એક રીતે સંવૃતિસત્યની કોટિમાં મૂકી દીધાં, અને કહ્યું કે તે નિરૂપણ નેયાર્થક છે, એટલે કે કલ્પના-સ્થાપનીય છે. નીતાર્થ એટલે બુદ્ધનું અંતિમ તાત્પર્ય તો માત્ર શૂન્યતામાં છે. જ્યાં મનની ગતિ નથી અને શાબ્દિક કલ્પનામાં જે બદ્ધ થઈ શકે નહીં તે તત્ત્વ અંતિમ અને એ બધા અભિનિવેશો, દૃષ્ટિઓ અને કલ્પનાઓથી શૂન્ય છે. એમાં

શૂન્યતાની દૃષ્ટિ–અભિનિવેશને પણ સ્થાન નથી. આ રીતે એક જ બૌદ્ધ પરંપરામાં ઉત્તરોત્તર વિચારક્રાન્તિ થતાં પૂર્વ પૂર્વ મંતવ્યોને ગૌણ સ્થાને ગોઠવવાં પડ્યાં.

છેલ્લે એક શબ્દયુગલ વિશે પણ થોડું કહી દેવું પ્રાસંગિક છે. માયા અને સત્ય એ બે શબ્દો બહુ જાણીતા છે, અને અતિ પ્રાચીન પણ છે. તેના અર્થોની છાયાઓ અનેક છે. જ્યાં કાલ્પનિકતા અને અવાસ્તવિકતાનો ભાવ સૂચવવો હોય ત્યાં સામાન્ય રીતે માયા પદ વપરાય છે, અને જ્યાં વાસ્તવિકતા યા અબાધિતતાનો ભાવ સૂચવવો હોય ત્યાં સત્ય પદ વપરાય છે. પણ જેમ જેમ સત્યની પ્રતીતિ વિકસતી તેમ જ સ્પષ્ટ થતી જાય તેમ તેમ પૂર્વ પૂર્વની સત્યપ્રતીતિઓને તત્ત્વચિંતકો લૌકિક, વ્યાવહારિક, સાંવૃતિક, નેયાર્થક અને માયિક કહી ઊતરતા ક્રમમાં ગોઠવતા આવ્યા છે. આ ક્રમ જેમ તત્ત્વજ્ઞાનમાં તેમ ધાર્મિક આચારમાં પણ દેખાય છે. જેમ જેમ ધર્મની સૂક્ષ્મતા વિચારાતી ગઈ અને આચરણમાં વ્યક્ત થતી ગઈ, તેમ તેમ સ્થૂળ કોટિના લોકગમ્ય બાહ્ય ધર્માચારોને લૌકિક, વ્યાવહારિક કે અપારમાર્થિક રૂપે ઓળખાવવાનું વલણ વધતું રહ્યું છે.

ઉપર જે ચર્ચા કરી છે તેના વિષયોને વિશેષ સ્ફુટપણે સમજવામાં ઉપયોગી થઈ શકે એવી બે મારી પુસ્તિકાઓની ભલામણ કરું તો તે અસ્થાને નહીં લેખાય. ગુજરાત વિદ્યાસભા તરફથી પ્રસિદ્ધ થયેલ 'અધ્યાત્મ વિચારણા' અને વડોદરા ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ તરફથી પ્રસિદ્ધ થયેલ 'ભારતીય તત્ત્વવિદ્યા' આ બંને પુસ્તિકાઓમાં મેં તે તે વિષયને કાંઈક વધારે વિગતથી યથાસંભવ ઐતિહાસિક દૃષ્ટિથી અને ઉપપત્તિપૂર્વક ચર્ચ્યા છે. સંભવ છે કે એનું વાચન તત્ત્વાભ્યાસીને ઉપયોગી નીવડે.

## ઉપસંહાર

હું તત્ત્વજ્ઞાનના અભ્યાસ પરત્વે જે દૃષ્ટિ ધરાવું છું તેનો નિર્દેશ કરવો યોગ્ય છે.

૧. તત્ત્વજ્ઞાનનો અભ્યાસી માત્ર સત્ય તરફ જ દૃષ્ટિ રાખે તો જ એ અભ્યાસમાંથી સારતત્ત્વ મેળવી શકે. તે માટે પ્રથમ તો એણે કોઈ પણ જાતના પૂર્વગ્રહને વશ ન જ થવું ઘટે.

૨. પોતે જે વિચાર સેવતો હોય કે જે નિષ્કર્ષ ઉપર પહોંચ્યો હોય, તેનાથી વિરુદ્ધ મતો, વિચારો કે સ્થાપનાઓ સામે ઉપસ્થિત થાય ત્યારે એણે

એના પ્રત્યે એટલો જ આદર કેળવવો જોઈએ, જેટલો પોતાના વિચાર પ્રત્યે હોય. આવા સમત્વ વિના પૂર્વગ્રહથી છૂટી જ ન શકાય.

૩. તત્ત્વજ્ઞાનના અભ્યાસનું ક્ષેત્ર જે રીતે વિસ્તરી રહ્યું છે, તે જોતાં અભ્યાસીએ કોઈ એક જ પરંપરાના તદ્‌વિષયક સાહિત્યમાં પુરાઈ ન રહેતાં બને તેટલી દૃષ્ટિમર્યાદા વિસ્તારતા જ જવું જોઈએ.

૪. તત્ત્વજ્ઞાન શબ્દથી સીધો અર્થ તો ફલિત એટલો જ થાય છે કે તે એક પ્રકારનું સત્યલક્ષી જ્ઞાન છે. પણ જીવન એ માત્ર જ્ઞાનમાં પરિસમાપ્ત નથી થતું. જ્ઞાન એ તો જીવનને દોરનાર એક ભોમિયા જેવું છે, અથવા આગળ પ્રગતિ કરવાના માર્ગ ઉપર પ્રકાશ પાથરનાર છે. જો તેને પરિણામે જીવનનો બીજો અને મહત્ત્વનો ભાગ જે નૈતિકતા છે તે ન ખીલે તો એ તત્ત્વજ્ઞાન વન્ધ્ય બની રહે. તેથી નિષ્ઠાવાન તત્ત્વજ્ઞો નૈતિકતા યા ચારિત્રની સાથે જ તત્ત્વજ્ઞાનનું મૂલ્યાંકન કરે છે.

૫. મને મારા અતિ અલ્પ અભ્યાસને પરિણામે પણ એવું જણાયું છે કે જુદી જુદી અનેક પરંપરાઓની વિચારસરણીઓ, એને પ્રગટ કરનારી પરિભાષાઓ અને એનાં વર્ગીકરણો ઘણી વાર ઉપર ઉપરથી પરસ્પર વિરુદ્ધ લાગે તોય એના મૂળમાં ઊંડા ઊતરતાં એમાં એક જાતનો સુસંવાદ જ રહેલો હોય છે. જો તત્ત્વજ્ઞ એ મૌલિક સંવાદી સૂરને પકડી લે તો એની આસપાસ બધી વિચારસરણીઓ યોગ્ય રીતે ગોઠવાઈ છે

●

# ૭. સ્વસ્થ અને ઉત્ક્રાન્ત જીવનની કળા

ઉપનિષદ એ અધ્યાત્મવિદ્યા છે. તેનું સ્થાન અધિભૂત અને અધિદૈવત વિદ્યાઓ પર છે. 'પર'નો અર્થ એ નથી કે તે વિદ્યા અપર વિદ્યાઓથી વિચ્છિન્ન છે. તેનું સ્થાન ઇતર વિદ્યાઓ કરતાં ચડિયાતું છે એનો અર્થ એ છે કે તે અપર વિદ્યાઓ ઉપર પ્રકાશ નાખે છે; એના દૃષ્ટિબિંદુને વિશેષ મોકળું અને વ્યાપક બનાવે છે. પરા વિદ્યાને અનુસરી વિચારતો કે જીવન જીવતો પુરુષ અપરા વિદ્યાઓના જીવનને તુચ્છકારતો કે અવગણતો નથી, પણ એ જીવનમાંય પોતાનું પ્રકાશમય જીવન-રસાયન એવી રીતે સીંચે છે કે તેથી ભૌતિક વિશ્વનું જીવન પણ સ્વસ્થ બને છે અને તે ઉત્ક્રાંતિમાં બાધક નં થતાં ઊલટું સહાયક બને છે.

ઉપનિષદોમાં અનેક પ્રાચીન છે; તેમાંય કેટલાંક વિશેષ પ્રાચીન છે. વિશેષ પ્રાચીન એવાં ઉપનિષદોમાં પણ એના કેટલાક ભાગો તેથીયે વધારે પ્રાચીન છે. આ દૃષ્ટિએ જોતાં એમ કહેવું જોઈએ કે સેંકડો વર્ષોના લાંબા કાળપટમાં થઈ ગયેલ અધ્યાત્મચિંતકો અને સાધકોના વિચાર-આચારનો અનુભવસિદ્ધ વારસો ઉપનિષદોમાં સચવાઈ રહ્યો છે. જેમ ઉપનિષદોમાં એ વારસો તે તે કાળની વૈદિક અને બ્રાહ્મણપરંપરામાં પ્રચલિત અને પ્રતિષ્ઠિત સંસ્કૃત ભાષા, વિશિષ્ટ પરિભાષાઓ તેમ જ જ્ઞાન અને આચારના સંકેતોમાં સચવાયેલો છે, તેમ એવો વારસો વૈદિકેતર શ્રમણ-પરંપરાઓની જુદી જુદી શાખાઓમાં તેમને સમ્મત અને તે કાળે પ્રચલિત એવી પ્રાકૃત ભાષાઓમાં અને તેમની જ વિશિષ્ટ પરિભાષાઓમાં તેમ જ તેમના જ વિચાર-આચારના સંકેતોમાં સચવાયેલો છે. આમ આધ્યાત્મિક જીવનનો મૂળગત વારસો એક અને સમાન હોવા છતાં તે જુદા જુદા સંપ્રદાયો, પંથો અને તેમની જુદી જુદી પરંપરાઓમાં જુદા જુદા દૃષ્ટિબિંદુથી વિકસ્યો અને વિસ્તર્યો છે. બ્રાહ્મણ-શ્રમણ પરંપરાના એ વિવિધ પંથો, સ્થાન અને કાળની દૃષ્ટિએ સાવ નજીક

હોવા છતાં, એક યા બીજે કારણે તેમનામાં આ વિદ્યાનો પારસ્પરિક વિનિમય બહુ નજીવો થયેલો છે. તેથી જ ઉપનિષદોનાં ભાષ્યો અને પ્રાચીન વ્યાખ્યાનોમાં શ્રમણપરંપરાના સાહિત્યનું પૂરતું પરિશીલન જોવામાં નથી આવતું. એ જ રીતે શ્રમણપરંપરાઓના પ્રાચીન ગ્રંથો કે તેની વ્યાખ્યાઓમાં મહત્ત્વપૂર્ણ એવાં પ્રાચીન ઉપનિષદોનું પરિશીલન પણ જોવામાં નથી આવતું.

આવી સાંપ્રદાયિક મર્યાદા લાંબો વખત ચાલી, પણ એ સંકુચિત કોચલું કાળક્રમે ભેદાયું. ખાસ કરી પહેલવહેલાં મુસલમાનો દ્વારા અને પછી યુરોપિયન વિદ્વાનો દ્વારા ઉપનિષદ જેવી અધ્યાત્મવિદ્યા ભારત બહાર દૂર દૂર સુધી પહોંચી અને હવે તે માત્ર એના પોતાના જન્મસ્થાનમાં સીમિત ન રહેતાં દેશ-દેશાન્તરના ગંભીર અભ્યાસીઓના ચિંતન-પરિશીલનનો વિષય બની. આને લીધે એ અધ્યાત્મવિદ્યા માત્ર અનેક વિવિધ ભાષાઓમાં જ ન અવતરી, પણ અનેક પાશ્ચાત્ય ભાષાઓમાં તેના ઉપર વિવેચનો સુધ્ધાં લખાયાં.

ભારતમાં પાશ્ચાત્ય સભ્યતા અને શિક્ષણના સંસ્કારો જેમ જેમ મહાવિદ્યાલય તેમ જ વિશ્વવિદ્યાલય દ્વારા વધારે વધારે ફેલાતા ચાલ્યા તેમ તેમ જૂની શિક્ષણપ્રણાલીના સંકુચિત માર્ગો વિશેષ અને વિશેષ મોકળા થતા ચાલ્યા. હવે બ્રાહ્મણ કે શ્રમણની સંપ્રદાયગત શાસ્ત્રીય વિદ્યા માત્ર તે તે સંપ્રદાય પૂરતી ન રહેતાં સર્વસાધારણ બનતી ગઈ. આને લીધે મહાવિદ્યાલયો તેમ જ વિશ્વવિદ્યાલયોના ભણતરમાં કોઈ જાતિભેદ કે પંથભેદ જેવી આડ ન રહી; અને પરિણામે જે ઉપનિષદોનાં વ્યાખ્યાનો માત્ર સંસ્કૃત ભાષામાં જ પ્રથમ થયેલાં તે જ ઉપનિષદોનાં ભાષાન્તરો, વિવેચનો આદિ અનેક ભારતીય ભાષાઓમાં પણ થયાં. તેથી જ આપણે અનેક ભારતીય ભાષાઓમાં પણ ઉપનિષદોના વ્યાપક અભ્યાસને પોષક થાય એવું વિવિધ પ્રકારનું અને વિવિધ કક્ષાનું સાહિત્ય અત્યારે મેળવી શકીએ છીએ.

જ્યાં લગી વ્યાખ્યા અને વિવેચનકારો માત્ર તે તે સંપ્રદાયનાં હતાં ત્યાં લગી ઉપનિષદોનાં ભાષ્યો અને વ્યાખ્યાનો માત્ર સંપ્રદાયની પરિભાષા અને તેના વિચાર-આચાર સૂચક સંકેતોમાં થતાં; પણ જ્યારે નવજાગૃતિએ વિદ્વાનોને વ્યાખ્યા કરવા પ્રેર્યા ત્યારે તેમણે એ પ્રાચીન વ્યાખ્યાઓનો માર્ગ સાવ છોડ્યો તો નહિ, પણ વધારામાં પોતપોતાના અભ્યાસની મર્યાદા અને પોતાના દૃષ્ટિબિંદુને અનુસરી તેમણે પોતાનાં નવયુગીન ભાષાન્તરો કે

વિવેચનોમાં અનેક નવીન તત્ત્વો અને કેટલીક નવીન વ્યાખ્યા-પદ્ધતિઓ પણ દાખલ કરી. આથી ઉપનિષદોની વિચારસમૃદ્ધિ વધતી અને ખીલતી ચાલી. એની સાથે સાથે તેના અભ્યાસ અને પરિશીલનનું ક્ષેત્ર પણ વિસ્તર્યું. એટલું જ નહિ, પણ એ અધ્યાત્મવિદ્યાનો પ્રભાવ જે ખરી રીતે આધિભૌતિક કે વ્યાવહારિક જીવનમાં અનિવાર્ય રીતે પડવો જ જોઈએ તે પણ વિશેષ વરતાવા લાગ્યો.

શ્રીમાન શંકરાચાર્ય પહેલાં કોઈ કોઈ ઉપનિષદ ઉપર કે તેના ખાસ ખાસ ભાગ ઉપર નાનીમોટી વ્યાખ્યાઓ થયેલી, પણ તે ઉપલબ્ધ નથી. અત્યારે જે પ્રાચીન વ્યાખ્યાઓ ઉપલબ્ધ છે તેમાં સૌથી પ્રાચીન વ્યાખ્યા શંકરાચાર્યની છે. તે પછી રામાનુજપરંપરાને અનુસરી થયેલી થોડીક વ્યાખ્યાઓ આવે છે. આ ભાષ્યો અને વ્યાખ્યાઓમાં ઋષિજીવનના વિચાર-આચારની પ્રણાલિકાઓ ઘણે અંશે સચવાયેલી છે, છતાં ઉપનિષદોનું મૂળગત અને અનન્ય સાધારણ કહી શકાય એવું બ્રહ્મચિંતન તે કાંઈ સાંપ્રદાયિક સંકેતોમાં જ પુરાઈ રહે એવું નબળું પોચું નથી. તેથી જ્યારે નવયુગના નવીન અભ્યાસીઓએ અને નવીન સાધકોએ ઉપનિષદ ઉપર વિચારવા ને લખવા માંડ્યું. ત્યારે તે બ્રહ્મચિંતન પંથગત પરિભાષાઓને ભેદી અનેક રીતે વધારે પ્રકાશિત થયું. એક બાજુ સાંપ્રદાયિક પરંપરાના વિદ્વાનો પોતપોતાના સંપ્રદાયને અનુસરીને જ ઉપનિષદોનાં ભાષાંતરો કે વ્યાખ્યાનો પોતપોતાની માતૃભાષામાં કરવા લાગ્યા ને અત્યારે પણ કરે છે, ત્યારે બીજી બાજુ અનેક સુવિચારક અનેક ઊંડા અભ્યાસી તેમ જ સાચા સાધકો તે જ ઉપનિષદો ઉપર માત્ર સંપ્રદાયને જ અનુસર્યા વિના મોકળે મને પોતાના અભ્યાસ અને સાધનાના અનુભવો ઉપનિષદોની અર્થછાયારૂપે ઉમેરી અને દર્શાવી પણ રહ્યા છે. દાખલા તરીકે ઈશાવાસ્ય અને કાઠક આદિ ઉપનિષદોનાં જે ગુજરાતી-હિંદી ભાષાન્તરો પંડિતપ્રણાલીના વિદ્વાનોએ કર્યાં છે તે માત્ર શાંકર કે રામાનુજની પરંપરાને અનુસરે છે, તો શ્રી અરવિંદનું ઈશાવાસ્યનું ભાષાન્તર અને તેના ઉપરનું વિવેચન અથવા શ્રી રાધાકૃષ્ણનનાં ઉપનિષદોનાં ભાષાન્તરો અને તે ઉપરનાં વિવેચનો એ અભિનવ સાધના અને અભિનવ અભ્યાસપ્રણાલીને અનુસરે છે.

શ્રી શંકરાચાર્ય કેવલાદ્વૈતી અને માયાવાદી છે. તેઓ સંન્યાસમાર્ગી અને મુખ્યપણે જ્ઞાનમાર્ગી હોઈ પોતાની દૃષ્ટિએ જ્યારે વ્યાખ્યાન કરે છે, ત્યારે કર્મમાર્ગને જ્ઞાનમાર્ગ કરતાં ગૌણ તરીકે લેખીને જ વ્યાખ્યાન કરે છે. જ્યાં

સ્પષ્ટપણે કર્મમાર્ગનું વિધાન હોય ત્યાં તેઓ કર્મમાર્ગની આવશ્યકતા માત્ર અજ્ઞ લોકો માટે જ સ્વીકારે છે, આત્મનિષ્ઠ એવા જ્ઞાની લોકો માટે તેઓ કર્મનો સંન્યાસ જ સ્વીકારે છે. આવી દૃષ્ટિને લીધે તેઓએ 'ईशावास्यं' ઇત્યાદિ પહેલા મંત્રનું વ્યાખ્યાન માત્ર સંન્યાસની દૃષ્ટિએ કર્યું છે અને 'कुर्वन्नेवेह कर्माणि' ઇત્યાદિ બીજા મંત્રનું વ્યાખ્યાન અજ્ઞ માટે વિધેય કર્મરૂપે કર્યું છે, અને તે કર્મો પણ અગ્નિહોત્રાદિ નિત્યનૈમિત્તિક જ તેમને અભિપ્રેત હોય એમ લાગે છે. આગળ જતાં પણ 'अन्धं तमः' ઇત્યાદિ મંત્રોમાં શંકરાચાર્ય જ્ઞાન-કર્મસમુચ્ચયની વાત કહે છે, પણ તે સમુચ્ચયમાં આત્મજ્ઞાન કે પરમાત્મજ્ઞાન અભિપ્રેત નથી, પણ દેવતાજ્ઞાન અભિપ્રેત છે. આનો સાર એ થયો કે શંકરાચાર્યે અધ્યાત્મજ્ઞાનને સર્વોત્કૃષ્ટ સ્થાન તો આપ્યું, પણ કર્મપથને તેનાથી છૂટો પાડી ઊતરતું સ્થાન આપ્યું. આની સામે રામાનુજાચાર્યની પરંપરા છે. તે જ્ઞાનકર્મસમુચ્ચયવાદી છે. આધ્યાત્મિક જ્ઞાનથી કર્મમાર્ગ ઊતરતો નથી, પણ જ્ઞાન અને કર્મ ઉભય એકબીજાના ઉપકારક હોઈ બધા આશ્રમો અને વર્ણો માટે શક્તિ અનુસાર ઉપાદેય છે. આ જ્ઞાનકર્મ-સમુચ્ચયવાદ મીમાંસક કુમારિલને તો સમ્મત હતો જ. શ્રમણપરંપરાની શાખાઓ પણ જ્ઞાન અને ક્રિયા (ચારિત્ર) એ ઉભયનું મોક્ષના સાધન લેખે સમાન સ્થાન આંકે છે. આ થઈ સંક્ષેપમાં ભારતીય ધર્મપરંપરાઓની મોક્ષસાધન વિશેની જીવનપ્રણાલી વિશેની માન્યતા.

પરંતુ નવજાગૃતિના યુગે જે વિચાર અને આચારની દિશામાં ઊંડી અને વિશાળ ક્રાન્તિ કરી તેણે આધ્યાત્મિક ચિંતન ઉપર પણ ભારે અસર પાડી. શ્રી અરવિંદ અસાધારણ તત્ત્વચિંતક અને અતિગંભીર અધ્યાત્મસાધક પણ છે. તેમણે ઈશાવાસ્ય ઉપર લખતાં સૂચવ્યું છે કે શંકરાચાર્યનો કર્મનિરપેક્ષ સંન્યાસી જ્ઞાનમાર્ગ એ ઉપનિષદોના વ્યાપક તાત્પર્યની વિરુદ્ધ છે. એમ કહી તેમણે કર્મમાર્ગનું સ્થાપન કર્યું છે અને તે કર્મમાર્ગની શુદ્ધિ અર્થે સાથે જ ઈશ્વરાર્પણરૂપ જ્ઞાનમાર્ગની પણ સમકક્ષ આવશ્યકતા સૂચવી છે. શ્રી અરવિંદ પોતાની રીતે જ્ઞાન-કર્મસમુચ્ચયનો પુરસ્કાર કરતા હોય તેમ લાગે છે. પોતાની રીતે એટલા માટે કે તેમના જ્ઞાન-કર્મ સમુચ્ચયમાં 'કર્મ' શબ્દથી માત્ર અગ્નિહોત્રાદિ નિત્યનૈમિત્તિક કર્મ નથી સમાતાં, પણ જીવનનાં બધાં ક્ષેત્રે અનિવાર્ય રીતે આવશ્યક હોય એવાં બધાં જ કર્મો સમાય છે. વર્ણ કે આશ્રમ કોઈ પણ હોય, દેશ કે કાળ ગમે તે હોય, પરંતુ જો મનુષ્ય ઉત્ક્રાંતિના માર્ગનો પ્રવાસી હોય તો તેણે બધાં જ કામો ઈશ્વરાર્પણ બુદ્ધિથી અર્થાત્

અહંત્વાભિમાન ત્યજીને કરવાં જોઈએ. શ્રી અરવિંદ આ રીતે જ્ઞાન-કર્મસમુચ્ચયવાદને વિકસાવે છે.

હવે ગાંધીજીનો દૃષ્ટિકોણ જોઈએ. ગાંધીજી કાંઈ શ્રી અરવિંદની પેઠે તત્ત્વચિંતક નથી, છતાં તેઓ જીવંત કર્મયોગી અને ઊંડી સમજણવાળા અધ્યાત્મ-સાધક છે. તેમણે પણ 'ईशावास्यं' એ પ્રથમ મંત્રને પોતાના સમગ્ર જીવનવ્યવહારની ચાવીરૂપે માની રહ્યું છે કે વિશ્વને એક અખંડ કુટુંબ માનીને જ તેમાં માણસે પ્રત્યેક કર્મ અનાસક્ત ભાવે—જ્ઞાનપૂર્વક આચરવું જોઈએ. ગાંધીજી ઈતર ચિંતકો કે વિદ્વાનોની પેઠે પોતાના કથનના સમર્થનમાં શાસ્ત્રીય અવતરણો નથી ટાંકતા, પણ જીવેલા અને જિવાતા જીવનના ઊંડામાં ઊંડા અનુભવને આધારે જીવનના દરેક ક્ષેત્રે અને જીવનની દરેક કક્ષાએ જ્ઞાન—કર્મ-સમુચ્ચયવાદને પોતાની રીતે વિકસાવે છે.

શ્રી રાધાકૃષ્ણન, જેઓ અસાધારણ બહુશ્રુત અને વિવેકી વિદ્વાન છે તેઓ, 'ईशावास्यं' એ પ્રથમ મંત્રનું વ્યાખ્યાન શંકરાચાર્યની દૃષ્ટિએ કરે છે, પણ સાથે જ શંકરાચાર્યના એકાંગી સંન્યાસી જ્ઞાનમાર્ગ પ્રત્યે, જાણે અરુચિ દર્શાવવા માટે જ ન હોય તેમ, તેમનાથી વિરુદ્ધ મતનાં અનેક સબળ અવતરણો આપે છે. એ અવતરણો માત્ર વૈદિક ગ્રંથોનાં જ નથી. એમનાં અવતરણો એટલે જગતના બધા જ સુપ્રસિદ્ધ ધર્મપંથોના અતિ સુપ્રસિદ્ધ એવા વિચારકો, સંતો અને સાધકોના ઉદ્‌ગારો.

આ રીતે આપણે જોયું કે નવજાગૃતિએ જે આધ્યાત્મિક ચિંતન અને આધ્યાત્મિક સાધનાને નવો વળાંક આપ્યો તેને પરિણામે એ જ પ્રાચીન ઉપનિષદોનું બ્રહ્મચિંતન કે અધ્યાત્મચિંતન કેટલું વિસ્તૃત અને કેવું વ્યાપક બન્યું છે.

શ્રી નાનાભાઈ ભટ્ટે પ્રસ્તુત પુસ્તકમાં ઈશાવાસ્ય અને કાઠક એ બે ઉપનિષદોનો ગુજરાતીમાં અર્થ આપી તે વિશે પોતાની સમજણ શી છે તે પણ દર્શાવી છે. શ્રી નાનાભાઈનો ઉછેર પ્રાચીન બ્રાહ્મણ પરંપરાના સંસ્કારો અને તેમાંય શંકરાચાર્યની પરંપરા પ્રમાણે થયો લાગે છે, પણ તેઓશ્રીએ જ્યારે શિક્ષણ અને કેળવણીનું ક્ષેત્ર સ્વીકાર્યું ત્યારે જ સાથે સાથે એમનામાં એક સાચા સાધકની વૃત્તિ ઉદયમાન થઈ. જેણે એમનું 'ઘડતર અને ચણતર' ધ્યાનથી વાંચ્યું છે અને જે એમના નિકટ પરિચયમાં આવ્યા છે તેઓ કબૂલ કરશે કે શ્રી નાનાભાઈએ આખી જિંદગી કેળવણીના કાર્યની વર્યા છતાં એ જ કેળવણીનું આલંબન લઈ જીવનપ્રણાલીગત રૂઢ સંસ્કારોમાંથી અનેક બાધક

સંસ્કારોને, સાપ કાંચળીને ઉતારે તેમ મૂળમાંથી જ દૂર કર્યા છે. એટલે જ શ્રી નાનાભાઈ જ્યારે ઈશાવાસ્ય ઉપનિષદનું ભાષાંતર કરે છે ત્યારે શંકરાચાર્યના કેવળાદ્વૈતી વિચારની છાયા ઝીલવા છતાં તેમના એકાંગી સંન્યાસમાર્ગી વિચારને નથી આવકારતા, પણ શ્રી અરવિંદ, શ્રી ગાંધીજી, શ્રીરાધાકૃષ્ણન આદિની પેઠે જીવનોપયોગી તમામ કર્મને જ્ઞાનની સમકક્ષ લેખી એ બેનો સુભગ સંવાદ સ્વીકારે છે.

ઉપરની ચર્ચાને આધારે એમ કહી શકાય કે ધાર્મિક અને સામાજિક જીવનની પરિસ્થિતિ બદલાતાં એક જ ગ્રંથનું અર્થદર્શન કેવી કેવી રીતે બદલાય છે. ઈશાવાસ્ય ઉપનિષદ રચાયું ત્યારે રચનારના મનમાં જે અર્થ વિવક્ષિત હશે તે જ અર્થ શંકરાચાર્ય આદિએ કર્યો છે એમ કહી ન શકાય. અને નવયુગના વ્યાખ્યાતાઓ તો સ્પષ્ટ રીતે જ નવી વિકાસશીલ દિશા સ્વીકારે છે. અને છતાં આ બધાં જ અર્થદર્શનોને સાપેક્ષપણે સત્ય લેખવાં જોઈએ.

પ્રસ્તુત પુસ્તકમાં કાઠકોપનિષદનો જે અનુવાદ કે સાર છે તે મહત્ત્વના અમુક મંત્રો પૂરતો જ છે. એમાં શ્રી નાનાભાઈએ પોતાની સમજણ પણ જુદી આપી છે. આ સ્થળે એ અનુવાદ, સમજણ કે સાર વિશે મારે ખાસ કાંઈ કહેવાનું નથી, પરંતુ સમગ્રભાવે નચિકેતાના આખ્યાન વિશે કાંઈક લખું તો એ અપ્રસ્તુત નથી.

જેણે નચિકેતાનું ઉપાખ્યાન રચ્યું તે નિષ્ઠાવાન સાધક અને પારદર્શી વિદ્વાન છે એ વિશે તો શંકાને કોઈ સ્થાન જ નથી. મારી દષ્ટિએ નચિકેતાનું આ ઉપાખ્યાન એ કોઈ બનેલી ઘટના નથી, પણ તે કાળ સુધીમાં ધર્મ અને અધ્યાત્મ-સાધનાની જે જે ઉત્ક્રાંતિ થઈ હતી અને થઈ રહી હતી તેનું સુરેખ ચિત્ર છે. નચિકેતા નામથી એક એવું જિજ્ઞાસુ શિષ્યપાત્ર સૂચવાય છે કે જે પારગામી આધ્યાત્મિક ગુરુ પાસે જઈ પોતાનો સંશય રજૂ કરે છે અને સંશય નિવૃત્ત થતાં અધ્યાત્મશોધની તે વખતમાં જ્ઞાત એવી ઉચ્ચમાં ઉચ્ચ ભૂમિકાને સ્વીકારી તે માર્ગે પ્રસ્થાન કરે છે. આ ઉપાખ્યાનમાં મુખ્ય બે નામ છે, નચિકેતા અને યમ. નચિકેતા શિષ્યં છે. ભાષ્યમાં અને બીજા વિવેચકોએ તેનો અર્થ 'અજ્ઞ' એવો કર્યો છે પરંતુ એનો સીધો અર્થ મારી દષ્ટિએ અસંશય યા અસંદિગ્ધ એવો જ કરવો જોઈએ, કેમકે એ ગુરુ યમ પાસે જાય છે ત્યારે એક મુખ્ય સંશયને લઈને જ જાય છે. તે સંશય ઉપનિષદમાં જ प्रेते मनुष्येऽस्तीत्येके, नास्तीत्येके એવા શબ્દોમાં સ્પષ્ટતયા રજૂ પણ થયો છે, અને

તેમાં विचिकित्सिते એ સંશયાર્થક પદ વપરાયું છે. વ્યાકરણમાં પણ 'નચિકેતા' શબ્દના મૂળમાં રહેલ 'કિત્' ધાતુનો અર્થ સંશય છે જ. શિષ્ય સંશયાળુરૂપે ઉપસ્થિત થાય છે અને ગુરુ યમ દ્વારા સંશય નિવૃત્ત થતાં તે 'નચિકેતા' એટલે અસંદિગ્ધ સ્થિતિમાં આવે છે. તેથી જ એ નચિકેતા નામથી પ્રસિદ્ધ થયો. સાધનામાં આવશ્યક પ્રાથમિક ભૂમિકારૂપે જ નિર્ણયનું સ્થાન છે તે 'નચિકેતા' પદથી સૂચવાય છે. 'યમ' શબ્દ એવો રૂઢ છે કે જે સાંભળતા જ કોઈ ભીષણ આકૃતિનું દર્શન થાય છે, પણ અહીં એ પદમાત્ર સંશયશીલ, વિવેકી એવા જ્ઞાની ગુરુનું સૂચક છે. ઉપાખ્યાન રચનારને તે કાળે વૈદિક સમાજમાં જે ક્રિયાકાંડની પ્રણાલિકાઓ તથા ધાર્મિક છતાં લોભી એવું કુટુંબજીવન જેવી વસ્તુઓ નજરે પડી, તેના માળખામાં તેણે પોતાનું વક્તવ્ય વરદાન—નો અસાધારણ પ્રસંગ ઊભો કરી વિશેષ કૌશળથી ગૂંથ્યું છે.

ભારતીય તત્ત્વચિંતન જે ત્રણ ભૂમિકાઓને સ્પર્શે છે તેનો આ ઉપાખ્યાનમાં ક્રમિક નિર્દેશ છે. પહેલી ભૂમિકા ઇન્દ્રિયગમ્ય ઇહલોકની છે. આ ચાર્વાકના ભૂતાત્મવાદ યા તજ્જીવતચ્છરીરવાદ તરીકે શાસ્ત્રોમાં નોંધાયેલી છે. આને જ લોકાયત મત કહે છે. બીજી ભૂમિકા પરલોક યા મનોગમ્ય લોકની છે જે સ્વર્ગ નામથી જાણીતી છે. પહેલી ભૂમિકામાંથી બીજી ભૂમિકામાં આવતાં એટલે તેમાં શ્રદ્ધા કેળવી ધર્મ આચરતાં જનસમાજને ઠીકઠીક સમય વ્યતીત કરવો પડ્યો હશે. પરંતુ એ બીજી ભૂમિકામાંથી આગળ વધી ત્રીજી ભૂમિકાની શોધ એ તો વધારે અઘરું કાર્ય છે. એ અઘરા કાર્ય અર્થે જ નચિકેતા યમ પાસે જાય છે. તેથી તે યમને કહે છે કે મનુષ્ય મરણોત્તર રહે છે કે નહિ એ બાબત મને સંદેહ છે. તે સંદેહ તમે નિવારો. યમ તરત જ કહે છે કે દેવોએ પણ પહેલાં આ વિશે સંદેહ કર્યો જ છે. આમ કહી યમ એ પ્રશ્નને અતિગહન અને સૂક્ષ્મ કહે છે. છેવટે યમનો ઉત્તર આ લોક અને પરલોકથી પર એવા આધ્યાત્મિક લોકના અસ્તિત્વને જ નિરૂપે છે; અને શ્રેયાન્ તરીકે વર્ણવી છેવટે એ હેય છે એમ કહે છે. સારાંશ એ છે કે નચિકેતાનું ઉપાખ્યાન મનુષ્ય અને દેવલોકથી પર એવા અધ્યાત્મલોકનું યા મોક્ષનું સ્થાપન કરવા માટે રચાયેલું છે. આ રચના કોઈ એવા યુગની ઝાંખી કરાવે છે કે જ્યારે સ્વર્ગથી પણ અસંતુષ્ટ થયેલ માનવ તેથીયે પર એવા લોકની શોધમાં નીકળેલો. આપણે જાણીએ છીએ કે સાંખ્ય જેવાં દર્શનોએ આ અધ્યાત્મલોકની શોધ અને સ્થાપનામાં સૌથી વધારે ભાગ ભજવ્યો છે. તેથી જ આગળ જતાં અહીં સાંખ્ય-યોગની પરિભાષામાં જ સાધનાનો ક્રમ

દર્શાવવામાં આવ્યો છે.

પૂજ્યશ્રી નાનાભાઈએ આટલી વૃદ્ધ ઉંમરે અને પાકટ અનુભવે બે ઉપનિષદોનું જે ગુજરાતીમાં રૂપાંતર અને વિવેચન કર્યું છે તે સરળ ગુજરાતી દ્વારા ઉપનિષદોમાં પ્રવેશ કરનાર માટે બહુ સહાયક થઈ શકશે એમ હું અંતઃકરણથી માનું છું.

બે ઉપનિષદો (નાનાભાઈ ભટ્ટ)ની પ્રસ્તાવના-૧૯૬૧

●

## ૮. તત્ત્વજ્ઞાન ને ધર્મની પરસ્પર અસર

જ્યાં લગી ભારતીય જીવનનો સંબંધ છે, ત્યાં લગી નિશ્ચિતપણે એમ કહી શકાય કે ભારતમાં કદી કોઈ ધર્મ તત્ત્વજ્ઞાનના સંબંધ વિનાનો ન હતો; અત્યારે પણ નથી. એ જ રીતે એમ પણ કહી શકાય કે, કોઈ તત્ત્વજ્ઞાન ક્યારેય ધર્મના આશ્રય વિના નથી ઉદ્‌ભવ્યું કે નથી પોષાયું અને વિકસ્યું. આ રીતે એ બન્નેનો સંબંધ ઓતપ્રોત જેવો રહ્યો હોય તો આપણે એ સહેજે સમજી શકીએ છીએ કે એકની અસર બીજા ઉપર પડ્યા વિના કદી રહી શકે નહીં. આના થોડાક દાખલાઓ આપણે અત્રે સાહિત્યના અને પ્રજાજીવનના આધારે જોવા પ્રયત્ન કરીશું, જેથી એ સમજી શકાય કે પ્રજાજીવનમાં વર્તમાન અને પોષાતા સંસ્કારો કેટલા પ્રાચીન તેમ જ ઊંડાં મૂળવાળા છે.

### ધર્મ અને તત્ત્વજ્ઞાનના અર્થ અને ઉપદેશ

ધર્મ શબ્દનો અર્થ જેમ વિશાળ છે, તેમ અનેક ભૂમિકાને સ્પર્શ કરે છે. વ્યક્તિગત જીવનમાં જે ઉત્ક્રાંતિશીલ ભાવો અને પ્રેરણાઓ ઉદય પામે છે, તે ધર્મ સૂક્ષ્મ છે. તેમાંથી ઉદ્‌ભવતા સ્થૂળ વ્યવહારો એ પણ ધર્મ છે અને સામાજિક જીવનને સુગ્રથિત, સુવ્યવસ્થિત અને વિકસતું રાખવા માટે જે આચારો કે વિચારો સાકાર થાય છે, તે પણ સામાજિક ધર્મ છે, જેમાં બધાં જ નીતિતત્ત્વોનો સમાસ થઈ જાય છે અને તે તે સમાજ કે વર્તુલમાં પ્રવર્તમાન ભક્તિ, ઉપાસના આદિ પ્રણાલીઓ અને સર્વજનસાધારણમાં ધાર્મિક લેખાય એવી પ્રથાઓનો પણ સમાસ થઈ જાય છે. આ રીતે ધર્મ એ વ્યક્તિગત જીવનની ભૂમિકા છે, તો બીજી બાજુ તે સામાજિક જીવનનાં સર્વ ક્ષેત્રોને સ્પર્શે છે.

તત્ત્વજ્ઞાન એ માત્ર ચિંતન, વિચાર અને નિશ્ચય સુધીની માનસિક કે ચેતનગત વસ્તુ છે. તેનું ધ્યેય જે જે જ્ઞેય વસ્તુ હોય તેને યથાવત્ રૂપે સમજવાનું તેમ જ તે માટે પ્રયત્ન કરવાનું છે. માનવસ્વભાવની એ એક

વિશેષતા છે. તેને જ લીધે માનવ તત્ત્વજ્ઞાનની અને ધર્મની પ્રવૃત્તિ કર્યા વિના કદી સંતોષ પામતો જ નથી.

## તત્ત્વજ્ઞાન ઉપર ધર્મની અસર દર્શાવતા મુદ્દાઓ

**૧. જાતિવાદ :** આજે અસ્પૃશ્યતાનિવારણનો પ્રશ્ન એ ભારત માટે એક પ્રાણપ્રશ્ન બની રહ્યો છે. હવે આ પ્રશ્નના મૂળમાં કયાં ધાર્મિક અને તત્ત્વજ્ઞાનનાં બળો આજ લગી કામ કરતાં આવ્યાં છે, તે જોઈએ. સામાન્ય રીતે પ્રાગ્-ઇતિહાસકાળથી આપણા દેશમાં મુખ્યપણે બે કર્મપ્રથાઓ ચાલી આવે છે. એક કર્મપ્રથા યજ્ઞયાગની આસપાસ વિકસી છે, જ્યારે બીજી તપ અને દેહદમન યા સંયમની આસપાસ વિકસી છે. પહેલી પ્રથામાં ખાસ વિશિષ્ટ વર્ગ જ પુરોહિત યા ગુરુપદનું સ્થાન લઈ શકે છે. એમાં વૈદિક મંત્રોનો શુદ્ધ પાઠ અને તે સાથે બીજી વિધિઓ સંકળોલી હોય છે. વારસાગત આવું શુદ્ધ પઠન અને અટપટી વિધિઓમાં નિષ્ણાતપણું એ સર્વને માટે ગમ્ય નથી. તેથી સહેજે જ એમાં ગુરુપદ લેનાર ખાસ બુદ્ધિશીલ અને બુદ્ધિજીવી વર્ગ જ સંભવે. બીજી પ્રથામાં કોઈ એવા અણિશુદ્ધ મંત્રપાઠ કે જટિલ વિધિઓને સ્થાન હતું જ નહીં. તેથી એમાં જે સ્ત્રી કે પુરુષ ઉત્સાહી અને પુરુષાર્થી હોય તે મોવડી બનતો, ગુરુપદ લઈ શકતો. આ કારણે એમાં ઊંચ-નીચના ભેદને કોઈ ખાસ સ્થાન ન રહેતું.

આર્યો પોતાને વર્ણને કારણે અને વંશને કારણે બીજાથી ચડિયાતા માનતા. આર્યેતર વર્ગ એ કારણે આર્યવર્ગથી જુદો પડતો. આર્ય વર્તુલમાં પણ વૈદિક બ્રાહ્મણો જ પ્રધાન સ્થાને હતા. આ રીતે ધર્મપરંપરાઓમાં જુદાં જુદાં બળોને લીધે ઊંચનીચનો ભાવ વધારે ને વધારે પોષાતો ગયો. આ ભાવની સામે બીજા વર્તુલના લોકો અનેક જાતની દલીલો કરતા અને ચર્ચાઓ પણ કરતા. છતાં ઊંચનીચના ભાવે ધર્મદૃષ્ટિએ ખાસ રૂપ પકડ્યું. મુખ્ય પુરસ્કર્તાઓ અને ગુરુઓ જન્મથી શ્રેષ્ઠત્વ સ્થાપવા લાગ્યા. આમ જાતિવાદનાં બીજ પોષાયાં.

કર્મકાંડી અને વેદરક્ષક મીમાંસક પરંપરાએ એક એવી પણ દલીલ કરી છે કે અમુક છોકરો બ્રાહ્મણ છે એનું પ્રમાણ એટલું જ હોઈ શકે કે એનાં માબાપ બ્રાહ્મણ હતાં. આ જન્મગત જાતિવાદનો બીજાં અનેક વર્તુલો તરફથી પ્રબળ અને પ્રબળતમ વિરોધ થતો રહ્યો, એનાં સુપરિણામ પણ નોંધાયાં છે, છતાં જન્મસિદ્ધ જાતિવાદ એ અમુક ધર્મ-પરંપરાઓમાં તો સિદ્ધ જેવી વસ્તુ

બની ગઈ. જન્મસિદ્ધ જાતિવાદના સમર્થકો મુખ્યપણે તો વૈદિક મીમાંસક બ્રાહ્મણો જ હતા, પણ એમના બુદ્ધિપ્રભાવ અને બીજા શાસ્ત્રીય વારસાઓને કારણે તે વાદની અસર બહુ મોટા વર્ગ ઉપર થતી રહી. આમ ધર્મના આચરણની બાબતમાં અધિકાર કે યોગ્યતાનો વિચાર જાતિ સાથે સંકળાયો. જે જન્મે બ્રાહ્મણ હોય તે સ્વભાવથી જ વધારે યોગ્ય લેખાયો. હવે આ જાતિવાદે તત્ત્વજ્ઞાનમાં પ્રવેશ કર્યો. પહેલાં આ વાદ પરત્વે જે અનુકૂળ-પ્રતિકૂળ ચર્ચાઓ ચાલતી તેમાંથી એક પ્રશ્ન એ ઉદ્ભવ્યો કે એ જાતિ જન્મસિદ્ધ હોય અને તે વિપરીત વર્તનને કારણે પણ બદલાતી ન હોય, તો તે જાતિ નિત્ય અપરિવર્તનશીલ હોવી જોઈએ.

તત્ત્વજ્ઞ પરંપરાઓમાં એક વૈશેષિક પરંપરા હતી, જે મૂળે તો એ જાતિવાદ સમર્થક કે વૈદિક ન હતી, પણ એ તત્ત્વજ્ઞ પરંપરામાંય અનેક શાસ્ત્રાભ્યાસી અને બુદ્ધિશીલ બ્રાહ્મણોએ પ્રધાન પદ મેળવ્યું. જે પરંપરાના એ સમર્થકો બન્યા તે પરંપરા મૂળે તો જાતિવાદી ન જ હતી, અને હવે જે સમર્થક તત્ત્વચિંતકો આવ્યા, તે જન્મગત જાતિવાદના સંસ્કાર લઈને આવ્યા. એમાંથી વૈશેષિક તત્ત્વજ્ઞાનની પરંપરામાં જાતિવાદનું સમર્થક ખાસ તત્ત્વજ્ઞાન ઊભું થયું. વૈદિક મીમાંસકોનો જે જાતિવાદનો પક્ષ હતો, તેનું સમર્થન વૈશેષિક તત્ત્વજ્ઞાનના પુરસ્કર્તાઓએ એક નવી જ યુક્તિથી શરૂ કર્યું. તે યુક્તિઓ વૈશેષિક તત્ત્વજ્ઞાનમાં નવો ઉમેરો પણ કર્યો. હવે આ તત્ત્વ એ શું તે જોઈએ.

વૈશેષિક પરંપરા મૂળમાં ત્રણ પદાર્થ માનતી : દ્રવ્ય, ગુણ અને કર્મ. એ માન્યતાનાં પ્રચીન સૂચનો અત્યારના કહેવાતા કણાદ સૂત્રપાઠમાંય સચવાયાં છે. જ્યારે નવા ચિંતકો નિત્ય જાતિવાદનું સમર્થન કરવા લાગ્યા, ત્યારે તેમણે વૈશેષિક તત્ત્વજ્ઞાનમાં ત્રણ ઉપરાંત બીજાં તત્ત્વોનો પણ સમાવેશ કર્યો. એ બીજાં તત્ત્વોમાં એક તત્ત્વ 'સામાન્ય' એ છે. સામાન્ય એટલે જાતિ, અને જાતિ એટલે તે નિત્ય, કદી નાશ ન પામનાર. નવા વૈશેષિક તત્ત્વચિંતકોએ સામાન્ય નામનું તત્ત્વ ઉમેર્યું અને તે તત્ત્વને માત્ર માનવવર્ગ પૂરતું કે આર્યવર્ગ પૂરતું કે પ્રાણીવર્ગ પૂરતું મર્યાદિત ન રાખ્યું; એમણે સ્થાપ્યું કે જડ કે સજીવ વસ્તુમાત્રમાં જ્યાં જ્યાં એકાકાર બુદ્ધિ થાય છે, ત્યાં એ બુદ્ધિનું નિયામક તત્ત્વ 'સામાન્ય' છે, જેમ ગાયોમાં ગાયપણું તેમ માણસમાં મનુષ્યત્વ; એટલું જ નહીં પણ ઘટપટ જેવી પાર્થિવ વસ્તુઓમાંય નિત્યજાતિ છે જ. વ્યક્તિ નાશ પામે ત્યારેય તેમાં રહેલી જાતિ નાશ પામતી નથી. નવી

વ્યક્તિઓ પેદા થાય ત્યારે અદશ્યરૂપે રહેલ પેલું નિત્ય જાતિતત્ત્વ એ વ્યક્તિઓ દ્વારા અનુભવમાં આવે એટલું જ. આ દલીલ દ્વારા વૈશિષિકોએ નિત્યજાતિવાદને વજ્રલેપ જેવો બનાવ્યો અને ધર્મકર્મના અધિકારમાં કે સામાજિક વ્યવહારોમાં એ માન્યતા રૂઢ થઈ કે બ્રાહ્મણત્વ, ક્ષત્રિયત્વ આદિ જાતિઓ છે, અને તે નિત્ય છે. યોગ્ય ગુણ-કર્મ ન હોય તોય એ જાતિઓ વિકૃત દેખાય, પણ મૂળે તો એ જાતિઓ સ્વતઃસિદ્ધ છે, ગુણકર્માધીન નથી.

બ્રાહ્મણત્વ, શૂદ્રત્વ આદિ જાતિઓ જન્મસિદ્ધ અને નિત્ય છે કે માત્ર ગુણ-કર્માધીન છે એ પ્રશ્ન વિશે હજારો વર્ષ થયાં ચર્ચા ચાલતી રહી, સેંકડો ગ્રંથો લખાયા, સુધારકો અને ક્રાંતિકારી પુરુષો આવ્યા, પણ જન્મસિદ્ધ જાતિવાદનું મંતવ્ય કોઈ ને કોઈ રૂપે પ્રજામાં એકરસ જેવું બની ગયું છે. આ પ્રશ્ન વિશે આપણે જોયું કે ધર્મપરંપરામાં યોગ્યતા અને અધિકારની ભૂમિકા એક વર્ગવિશેષમાં સીમિત થતાં ક્રમે ક્રમે જન્મજાતિવાદ કઈ રીતે અસ્તિત્વમાં આવ્યો, અને છેવટે એ વાદની વિરોધી એવી વૈશેષિક-ન્યાય જેવી પરંપરાઓમાંય એ વાદના સમર્થક એવા એક સામાન્ય નામના તત્ત્વનો તત્ત્વજ્ઞાનની પ્રક્રિયામાં કઈ રીતે ઉમેરો થયો.

તત્ત્વજ્ઞાનના મુખ્ય વિષયો તો જગત, જીવ અને ઈશ્વર, એ ગણાય એનું તત્ત્વજ્ઞાન એ અનુભવમૂલક હોય અને હોવું જોઈએ. જે વસ્તુ એક યા બીજે કારણે કલ્પનાથી મનાય કે નિષેધાય તેને તત્ત્વજ્ઞાનમાં કાયમી સ્થાન હોઈ ન શકે, પણ અહીં ઊલટું બન્યું. જાતિવાદ કલ્પના દ્વારા સમર્થન પામતાં પામતાં સામાન્ય નામન એક નિત્ય તત્ત્વ કે પદાર્થની સ્થાપનામાં પરિણમ્યો, અને ન્યાય વૈશેષિક તેમજ મીમાંસક આદિ પરપંરાઓના તત્ત્વજ્ઞાનવિષયક ગ્રંથોના અધ્યયન-અધ્યાપન સાથે નિત્યજાતિવાદ પ્રજામાં ઘર કરતો ગયો, તે એટલે સુધી કે બુદ્ધિ અને તર્ક એ વાદ સ્વીકારવાની ના પાડે તોય વારસાગત અને શ્રદ્ધાગત સંસ્કારો એ વાદ છોડવા ના જ પાડ્યા કરે. તેથી જ આપણે જોઈએ છીએ કે નિત્યજાતિવાદને પરિણામે જે શૂદ્રત્વ જાતિ સાથે કાળક્રમે અસ્પૃશ્યતાની ભાવના જોડાઈ ગઈ, તેનું નિવારણ કેટલું શ્રમસાધ્ય બની ગયું છે. નિત્ય જાતિવાદ તત્ત્વજ્ઞાનમાં સ્થાન પામ્યો, એટલે શાસ્ત્રો અને વિદ્વાનો એનું સમર્થન કરતા રહ્યા, ધર્મપરંપરામાં એ વાદને અનુસરીને જ ક્રિયાકાંડો અને સામાજિક વ્યવહારોના અધિકાર મનાતા રહ્યા. પરિણામે પ્રજાજીવન એવુ વિકૃત બની ગયું છે કે જૈન જેવા જેઓ મૂળમાં નિત્ય કે જન્મસિદ્ધ જાતિવાદના વિરોધી-કટ્ટર વિરોધી હતા અને છે તેમના ઉપર પણ આ

જાતિવાદની માઠી અસર દેખાય જ છે; અને એમનાં શાસ્ત્રોમાંય આવા જાતિવાદની સમર્થક પૂર્વ જન્મકૃત કર્મવાદની વિચારસરણીઓ ઊંચનીચ ગોત્રને નામે અસ્તિત્વમાં આવી છે.

## ૨. વેદની અપૌરુષેયતા અને સ્ફોટવાદ :

ધર્મપરંપરામાંથી બીજો એક મુદ્દો કે બીજું એક તત્ત્વ તત્ત્વજ્ઞાનની પરંપરામાં આવ્યું છે, અને તે સ્થિર થયું છે, તેનો પણ પહેલાં ચર્ચેલ મુદ્દાની પેઠે અહીં વિચાર કરી લઈએ. પહેલાં કહેવામાં આવ્યું છે કે યજ્ઞ—યાગ આદિ ક્રિયાકાંડની આસપાસ વૈદિક પરંપરા હતી ને આજેય છે. વૈદિક પરંપરામાં બ્રાહ્મણ પુરોહિતોનું જેમ ગુરુપદ તેમ જ વેદગ્રંથોનું પ્રાધાન્ય રહેલું છે. પ્રાચીન કાળથી એ તો મનાયું જ છે કે વેદ એ મંત્ર અને બ્રાહ્મણનું નામધેય છે. ક્રિયાકાંડમાં વેદમંત્રોનું અણિશુદ્ધ ઉચ્ચારણ થાય એ આવશ્યક મનાયું છે. એવું ઉચ્ચારણ કરવું અને એ મંત્રોને જેમ ને તેમ સાચવી રાખવા એ કામગીરી કોઈ સાધારણ નથી. પેઢીઓ થયાં જે વંશો તે તે મંત્રોને સાચવતા અને તેનો ક્રિયાકાંડમાં વિનિયોગ કરતા, તેમણે પોતાનું સમગ્ર બળ એની ઉપયોગી સેવામાં ખરચેલું. તેથી જેમ વેદમંત્રોની રક્ષા થઈ, તેમ તે પુરોહિતવર્ગની બુદ્ધિ, જિજ્ઞાસા અને સ્મૃતિશક્તિ પણ અસાધારણ રીતે કેળવાઈ.

વૈદિક મંત્રોની વધતી જતી પ્રતિષ્ઠા અને પુરોહિતવર્ગની જ્ઞાનોપાસના, એ બે તત્ત્વોને કારણે તેમનો બહુ મોટો વર્ગ તે તરફ આકર્ષાતો ગયો. પણ આ આકર્ષણપ્રવાહ સામે દેશમાં એક મોટો વર્ગ બાધક હતો. તે વર્ગ એટલે તાપસ, તપસ્વી, યોગી-ધ્યાની અને સંત-શ્રમણોનો. આ વર્ગમાં ફાંટા અનેક હતા, પણ એ બધાનું સામાન્ય લક્ષણ એ રહેલું કે તે તે પંથમાં જે કોઈ વધારે ત્યાગી, તપસ્વી કે સાધક-સિદ્ધ જેવો આગળ આવે તે, તે પંથનો નાયક. અને તેનાં જે ઉપદેશો કે વચનો અનુયાયીઓને સર્વથા માન્ય. તેથી આ વર્ગમાં સમાવેશ પામતા નાયકો કે પુરસ્કર્તાઓનાં વચનો, એ જ તે વર્ગમાં વેદનું સ્થાન ધરાવતાં. આ સાથે એ પણ ધ્યાનમાં રહે કે આ સંત- વર્ગમાં કોઈ બ્રાહ્મણ પુરોહિત જેવો પરંપરાગત કાયમી ગુરુવર્ગ નહોતો. તેથી જે જે સંતવચનો વેદ જેવાં મનાતાં, તે તે વચનો કે ઉપદેશોની અણિશુદ્ધ નોંધ કે સ્મૃતિ રાખનાર બ્રાહ્મણ પુરોહિત જેવો એક નિયત વર્ગ હતો જ નહીં.

જેમ જેમ વૈદિક અને વૈદિકેતર વર્ગો વધારે ને વધારે સંપર્કમાં આવતા

ગયા, તેમ તેમ તે બન્ને વચ્ચે પોતપોતાનાં શાસ્ત્રોની પવિત્રતા અને મહત્તા પરત્વે પણ વિચારસંઘર્ષ શરૂ થયો, અને તે ઉત્તરોત્તર વધતો ચાલ્યો. એક વર્ગે કહ્યું કે અમે માનીએ છીએ તે વેદો અતિ પ્રાચીન હોઈ, તેમ જ બુદ્ધિજીવી શિષ્ટ વર્ગ દ્વારા માન્ય હોઈ તે સર્વતોભાવેન પવિત્ર છે. સામે બીજા વર્ગની દલીલ એ હતી કે, માત્ર પ્રાચીનતા, એ કાંઈ મહત્તાનું લક્ષણ નથી; અને અમારાં સંતવચનોમાં જે નૈતિક સીધો ઉપદેશ છે, જે ત્યાગ તપ અને સંયમની સર્વગમ્ય વિચારસરણી છે, તે વેદમંત્રોમાં ક્યાં છે ? તેથી માનવજીવનને નૈતિક અને આધ્યાત્મિક દિશામાં સીધેસીધી દોરવણી આપનાર સંતવચનો જ વધારે પવિત્ર અને મહત્ત્વનાં છે. આ સંઘર્ષમાંથી છેવટે પ્રશ્ન ઉપસ્થિત એ થયો કે, જે બહુ પ્રાચીન હોય તે મહત્ત્વનું. વૈદિક બ્રાહ્મણોએ એ પ્રશ્ન પરત્વે પોતાની યુક્તિ રજૂ કરી કે, વેદો તો અપૌરુષેય છે, તેથી જેમ સંતવચનો તે તે પુરુષપ્રણીત છે, તેમ વેદો નથી. આથી પૌરુષેય સંત-ઉપદેશો કરતાં અપૌરુષેય વેદોનું સ્થાન બધી રીતે ચડિયાતું છે. આ દલીલ સામે બીજા વર્ગે એમ કહ્યું કે કોઈ ગ્રંથ કે શબ્દરાશિ ગમે તેટલો જૂનો હોય, તોય છેવટે કોઈ ને કોઈ પુરુષની કૃતિ તો હોવાની જ. વક્તા કે ઉચ્ચારયિતા વિના ગ્રંથ કે મંત્ર બને કેવી રીતે ? આના ઉત્તરમાં કુશળ મીમાંસકોએ એક અજબ દલીલ કરી કે વૈદિક મંત્રો, એ તો નિત્ય છે; નિત્ય એટલે કોઈએ ઉત્પન્ન કરેલ નહીં પણ સનાતન-અનાદિ; તેથી જ્યારે અમે અપૌરુષેય કહીએ છીએ ત્યારે એનો અર્થ એનો વક્તા અજ્ઞાત છે એવો નથી, પણ એ મંત્રો નિત્ય અને અનાદિ છે એવો છે. બીજા વર્ગે કહ્યું કે આપણે શબ્દો સાંભળીએ છીએ. તે બધા જ કોઈના પ્રયત્નથી ઉત્પન્ન થાય છે. એટલે વેદો પણ કોઈ ને કોઈ પુરુષના પ્રયત્નજનિત જ હોઈ શકે. શબ્દ હોય, અને છતાં તે અનુત્પન્ન કે નિત્ય હોય, એ બને કેમ ? જેમ અમારા સંતોના ઉપદેશો પ્રયત્નજન્ય છે, તેમ વેદો પણ પ્રયત્નજન્ય છે. જો શબ્દોને પુરુષપ્રયત્ન જન્ય માની લેવામાં આવે, તો તો વેદોનું સ્થાન સંતવચનો જેવું બને; તેથી મીમાંસકોને એ પરવડે તેમ હતું જ નહીં ! તેઓ ખરેખર સૂક્ષ્મબૂદ્ધિ તો હતા જ; તેમણે એક અદ્‌ભુત કલ્પના કરી કે સંતવચનો પુરુષપ્રણીત છે, અને પ્રણેતા પુરુષમાં દોષ હોય તે તેનાં વચનોમાં આવે જ; તેથી જે વચનો પુરુષપ્રણીત હોય તેમાં દોષનો સંભવ ખરો. વેદમંત્રોમાં એ સંભવ છે જ નહીં. તે પુરુષપ્રણીત ન હોવાને કારણે સ્વતઃશુદ્ધ અને પ્રમાણ છે. પણ બીજો વર્ગ ચૂપ બેસી રહે એવો તો હતો જ નહીં. એણે કહ્યું : મૂળ

પ્રશ્ન એ છે કે શબ્દો નિત્ય સંભવે કે નહીં ? આનો ઉત્તર આપવામાં મીમાંસકો પીછેહઠ કરે તેવા નિર્બળ ન હતા. તેમણે કહ્યું : શબ્દો નિત્ય જ છે. પુરુષપ્રયત્ન એ તો અદશ્ય એવા નિત્ય શબ્દોનો વ્યંજક યા પ્રકાશક છે. જેમ અંધકારમાં અદશ્ય વસ્તુ પ્રદીપથી પ્રકાશે, તેમ નિત્ય વિદ્યમાન પણ અગોચર શબ્દો પુરુષપ્રયત્નથી વ્યક્ત થાય છે. આ મીમાંસકોની દલીલ ન્યાય-વૈશેષિકના જાતિવાદમાંથી આવેલ સામાન્ય તત્ત્વ જેવી હતી. તેઓ પણ કહેતા કે જાતિતત્ત્વ અદશ્ય છે. જ્યારે તે તે પિંડ રચાય ત્યારે તે પિંડ દ્વારા તે તે જાતિ દશ્ય યા વ્યક્ત બને છે. ન્યાય-વૈશેષિક અને મીમાંસકોની દલીલ સમાનાંતર ચાલે છે. એ વિષયમાં કોનો કોના ઉપર પ્રભાવ હશે, તે કહી ન શકાય. પણ આ દલીલ—પ્રતિદલીલના બૃહત્ ચક્રમાંથી સ્ફોટ સિદ્ધાન્ત અસ્તિત્વમાં આવ્યો અને એણે માત્ર મીમાંસકોના વર્તુલમાં જ નહીં, પણ વૈય્યાકરણવર્તુલમાંય તત્ત્વ લેખે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. એક વાર સ્ફોટનો સિદ્ધાંત તત્ત્વજ્ઞાનમાં દાખલ થયો, પછી તો એની અસપાસ અનુકૂળ અને પ્રતિકૂળ ચર્ચાઓનું અનુભવશૂન્ય કલ્પનાપ્રધાન વાતાવરણ સરજાયું. બન્ને પક્ષના શાસ્ત્રવ્યાયામી તર્કપટુઓની આ દેશમાં કમી હતી જ નહીં. એમની ચર્ચા શાસ્ત્રીય બની અને એ તાત્ત્વિક પણ મનાઈ.

સ્ફોટવાદીઓનો ઉદ્દેશ એટલો જ હતો કે વેદો નિર્દોષપ્રમાણ સાબિત થાય. મીમાંસકો પહેલેથી જ કાળજી અને એકાગ્રતાપૂર્વક વેદપાઠની યથાવત્ રક્ષા તો કરતા જ આવતા. આ બાબતમાં એમનો જોટો જો મળી આવતો હોય તો તે જરથુષ્ટ્ર પરંપરાના દસ્તૂરો કહી શકાય. તેમણે પણ પ્રાચીન ગાથા—અવેસ્તાની એ જ કાળજીથી રક્ષા કરી છે. આ સુરક્ષાનું મૂલ્ય જેવુંતેવું નથી. પણ એ શબ્દપાઠરક્ષાના સર્વાંગીણ સતત પ્રયત્નને પરિણામે વેદમંત્રોના મૂળ અર્થો અને તેની પરંપરા તરફ જોઈતું ધ્યાન આપી ન શકાયું. પરિણામે અર્થ જાણ્યા-સમજ્યા વિના જ વેદમંત્રના પાઠનું પુણ્ય અને મહત્ત્વ વધી ગયું. યાસ્કે પણ નિરર્થક વેદપાઠનો નિર્દેશ કર્યો છે. વેદપાઠની રક્ષા થઈ, પણ મૂળ પ્રાચીન અર્થ લગભગ વીસરાઈ ગયો; જ્યારે સંતવર્ગના સાહિત્યમાં એમ ન બન્યું. અલબત્ત, બ્રાહ્મણવર્ગે જે શુદ્ધિ મંત્રપાઠમાં સાચવી રાખી, તે અને તેવી શુદ્ધિ સંતપરંપરાના કોઈ વચન-પાઠમાં સચવાઈ નથી લાગતી. એના અનુયાયીઓ ચડતી-ઊતરતી કક્ષાના અનેક લોકો હતા અને છે. દરેક પોતાના માન્ય સંતમહાપુરુષનાં વચનોને યાદ કરે, ફાવે તેમ ઉચ્ચારે એટલે પાઠની અખંડતા કે શુદ્ધિ ન સચવાય એ દેખીતું છે. છતાં એ સંતના

ઉપાસકોએ પોતાના માન્ય ઉપદેશોનો અર્થ તો સાચવી રાખ્યો. એનાં કારણોમાં એક એ પણ ખરું કે સંતના ઉપદેશો ચાલુ જીવનને વધારે સ્પર્શતા હતા, અને નૈતિક તેમ જ આધ્યાત્મિક જીવનની સીધી પ્રેરણા આપતા હતા. તેથી પાઠ કે વચનમાં એકતા ન હોય તોય તેઓ તેનો ભાવ સમજી લેતા. અને તેથી તેનો અર્થ તેમને યથાશક્તિ જ્ઞાત રહેતો.

આપણે ટૂંકમાં જોયું કે વૈદિક પાઠ વધારેમાં વધારે શુદ્ધ અને એકરૂપ સચવાયેલ મળે છે, ત્યારે પ્રાચીન સંતવચનો મધ્યકાલીન કે અર્વાચીન સંતોનાં વચનોની જેમ એટલા પ્રમાણમાં, શુદ્ધ પાઠવાળાં નથી મળતાં. પણ સાથે જ વૈદિક મંત્રો ઉપર અનાદિત્વ-અપૌરુષેયત્વની છાપ પડવાને કારણે અને તેના પાઠમાત્રમાં પુણ્ય મનાવાને કારણે તે મૂળ અર્થથી ચ્યુત થઈ ગયા અને પાછળથી તેનાં અર્થો માટે જે જે પ્રયત્નો થયા, અને હજી થાય છે, તે એક યા બીજી રીતે અધૂરા જ દેખાય છે.

શબ્દનિત્યત્વ અને તેના બચાવમાં ઉપસ્થિત થયેલ સ્ફોટવાદ, એના સમર્થનમાં મીમાંસકો અને વૈયાકરણોની તીક્ષ્ણ બુદ્ધિ એટલી બધી ખરચાઈ છે કે તે જોઈ કોઈને એમ વિચાર આવે ખરો કે તેમણે આવા કાલ્પનિક વાદોના પુરસ્કાર અને સમર્થનમાં જે બુદ્ધિપાટવ દાખવ્યું છે, તે તેમણે વૈદિક મંત્રોના પરંપરાગત અર્થ સાચવવામાં દાખવ્યું હોત તો એમનો પુરુષાર્થ વધારે દીપી આવત. ગમે તેમ હો, પણ અહીં તો મુખ્ય પ્રસ્તુત એટલું જ છે કે ધર્મપરંપરામાં શાસ્ત્રીય પ્રામાણ્ય અને શ્રેષ્ઠત્વનો જે પ્રશ્ન ઊભો થયેલો તેને લીધે ક્રમે ક્રમે તત્ત્વજ્ઞાનની પરંપરામાં શબ્દની નિત્યતા અને તેના સમર્થક સ્ફોટવાદે અગત્યનું સ્થાન પ્રાપ્ત કર્યું છે અને એ એક તાત્ત્વિક સિદ્ધાંત મનાતો થઈ ગયો છે.

### ૩. ઈશ્વરરચિત હોવાથી વેદોનું પ્રામાણ્ય :

શબ્દની નિત્યતા અને એનો સમર્થક સ્ફોટવાદ એ બન્ને પાછળ વિદ્વાનોનું પ્રચંડ બુદ્ધિબળ તો હતું, પણ એમાં ખામી હતી તે તો અનુભવની. અનુભવ વિનાની કલ્પનાઓ બુદ્ધિને આંજે ખરી, પણ છેવટે તે વિચારકને લાંબો વખત આકર્ષી કે જીતી ન શકે. બન્યું એમ કે વેદપ્રામાણ્યના જ સમર્થકોમાં એક એવો વર્ગ ઊભો થયો કે તે વેદોને પ્રમાણ માનતો, પણ તેને શબ્દનિત્યતા અને સ્ફોટવાદ યુક્તિસંગત ન લાગ્યાં. એને વેદનું પ્રામાણ્ય તો સાચવવું હતું, અને સાથે સાથે મીમાંસકો તેમ જ વૈયાકરણોના શબ્દનિત્યત્વ

અને સ્ફોટવાદને માન્ય રાખવો ન હતો. આ મૂંઝવણનો ઉકેલ એણે બીજી રીતે કાઢ્યો. એ વર્ગ હતો ન્યાય-વૈશેષિક દર્શનનો સમર્થક. એ દર્શનમાં કર્તા તરીકે મહેશ્વરે સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેથી તેણે કહી દીધું કે વેદમંત્રો છે તો અનિત્ય, પણ એનો રચયિતા કોઈ સાધારણ પુરુષકોટિનો સંતમહંત કે યોગી ધ્યાની નથી; એનો રચયિતા તો મહેશ્વર છે. મહેશ્વર એ પૂર્ણ શુદ્ધ વ્યક્તિ છે, અને તે જ સૃષ્ટિનો કર્તા-સંહર્તા છે. તેણે જ વેદો રચ્યા છે. તે સર્વજ્ઞ હોઈ નિર્દોષ છે, તેથી તેના રચેલ વેદોમાં દોષનો સંભવ જ નથી, એટલે બીજા પુરુષોનાં વચનમાં દોષનો સંભવ ભલે હોય, પણ વેદો રચિત હોવા છતાં, તે પૂર્ણ નિર્દોષ છે.

### ૪. સર્વજ્ઞ પુરુષરચિત હોવાથી જ શાસ્ત્રોનું પ્રામાણ્ય :

આ રીતે તત્ત્વજ્ઞાનની પરંપરામાં વેદનું પ્રામાણ્ય અને સર્વશ્રેષ્ઠત્વ સ્થાપવાની પ્રક્રિયાને પરિણામે ઈશ્વરનું વેદકર્તા તરીકે સ્થાપન શરૂ થયું. આ તત્ત્વજ્ઞાનના વાદ સામે સંતવર્ગમાં ગણાતા જૈન, બૌદ્ધ, આજીવક આદિને પોતપોતાના ગ્રંથોનું પ્રામાણ્ય અને સર્વશ્રેષ્ઠત્વ સ્થાપવાની સ્થિતિ આવી. એ વર્ગ પણ પોતપોતાની પરંપરા પ્રત્યે પૂરો વફાદાર અને શાસ્ત્રવ્યાયોગી પણ હતો. તેણે કહ્યું કે ઈશ્વર હોય તો તે નિઃશરીર હોવાનો. જે શરીરરહિત હોય તે સર્વજ્ઞ હોય તોય કંઠ, મુખ આદિ વિના ગ્રંથ ઉચ્ચારી કેમ શકે ? માટે ઈશ્વર તો વેદોને રચી જ ન શકે. પણ આમ કહેવા છતાં એમને પક્ષે એક મૂંઝવણ હતી. તે એ કે ન્યાય-વૈશેષિક દર્શને ઈશ્વરને સર્વજ્ઞ કહી તેથી નિર્દોષતા સ્થાપી હતી; જ્યારે સંતવર્ગ આવા કોઈ ઈશ્વરને ન માનતો. આ મૂંઝવણનો ઉકેલ એ સંતપક્ષના કેટલાક પંથોએ બહુ સરળતાથી કર્યો. તેમણે કહ્યું કે અમે જેને પૂર્ણ સિદ્ધપુરુષ માનીએ છીએ, તે પોતાના પ્રયત્નથી જ રાગ-દ્વેષ આદિ દોષોથી મુક્ત થયેલ છે, અને તે જ સર્વજ્ઞ છે. તેથી તેમનાં જ વચનો નિર્દોષ છે. આ કથનથી તત્ત્વજ્ઞાનમાં વળી એ પ્રશ્ન ચર્ચાતો થયો કે શું કોઈ પણ સશરીર વ્યક્તિ પોતાના ગમે તેવા અસાધારણ પ્રયત્નથી પણ, પોતાના જીવનકાળ દરમિયાન જ, સર્વથા નિર્દોષ થઈ શકે ? અને નિર્દોષ થાય તોય શું તે ત્રણે કાળની અને સર્વ દેશની સૂક્ષ્મસ્થૂળ યાવત્ વસ્તુઓને એક ક્ષણમાં સાક્ષાત્ દેખી-જાણી શકે ? આનો ઉત્તર જૈન પરંપરાએ હામાં આપ્યો. એણે એની સમર્થક યુક્તિઓ વિકસાવી.

ઉપરની ટૂંકી ચર્ચાથી આપણે એ જોઈ શક્યા કે ધર્મપરંપરાના

વાદમાંથી તત્ત્વજ્ઞાનની પરંપરામાં ત્રણ તાત્ત્વિક વાદો અસ્તિત્વમાં આવ્યા. જેમ કે (૧) શબ્દનિત્યત્વ અને સ્ફોટવાદ, (૨) ઈશ્વરપ્રણીત વેદવાદ, (૩) સ્વપ્રયત્નસિદ્ધ સર્વજ્ઞપુરુષપ્રણીત-શાસ્ત્રવાદ.

## ૫. ધર્મજ્ઞ તરીકે જ બુદ્ધનો સિંહનાદ :

તત્ત્વજ્ઞાનની જુદી જુદી પરંપરાઓમાં આ ત્રમે વાદોએ પોતપોતાનું એવું અચળ સ્થાન જમાવ્યું છે કે જાણે તેના અભ્યાસીને એમ જ લાગે છે કે આ સ્થાપિત તત્ત્વો નિઃશંક માનવા જેવાં છે. પણ ભારતીય બુદ્ધિએ જે પ્રકર્ષ શાસ્ત્રીય ક્ષેત્રે સાધ્યો હતો, અને એને જે ધ્યાનપ્રજ્ઞાનું પીઠબળ લાધ્યું હતું, તેને કારણે એ તત્ત્વવાદોની આંટીઘૂંટી અને ગૂંચમાંથી નીકળનાર પણ સાધકો થઈ આવતા. આવો એક સાધક તે તથાગત બુદ્ધ.

તથાગત બુદ્ધે સર્વ કોઈ સમજી શકે અને માની શકે એવી વાણીમાં સિંહનાદ કર્યો કે વેદો નિત્ય કે અપૌરુષેય તો હોઈ જ ન શકે, એટલું જ નહીં, કોઈ પણ વચન પુરુષપ્રયત્ન વિના ઉદ્ભવી ન શકે. વળી, એવો કોઈ ઈશ્વર પણ ન હોઈ શકે કે જે નિઃશરીર પણ હોય અને ગ્રંથો પણ ઉચ્ચારે કે રચે. વળી, એવો કોઈ પુરુષ પણ ન હોઈ શકે જે એક જ સમયમાં સર્વ દેશ-કાળની સૂક્ષ્મ-સ્થૂળ યાવત્ વસ્તુને હસ્તામલકવત્ સાક્ષાત્ જાણી-જોઈ શકે. હું પોતે એવી શક્તિનો કોઈ દાવો કરતો નથી; મારો દાવો ફક્ત એટલો જ છે કે માનવજાતને જે ધર્મની જરૂર છે, તે ધર્મનાં મૂળ તત્ત્વો હું અનુભવપૂર્વક કહું છું. જો મારું આ કથન લોકોને પોતાની વિચારશક્તિથી માનવા જેવું લાગે તો માને, પણ વર્તમાન જીવનમાં ઉપયોગી થઈ શકે, અને એ પ્રમાણે જીવી શકાય એવા ધર્મ સિવાય વધારે જાણવાને ઉપદેશવાનો મારો દાવો નથી. બુદ્ધના આ સિંહનાદે ઉપર સૂચિત ત્રણે તત્ત્વવાદો સામે એક મોટો પડકાર ફેંક્યો.

હવે બુદ્ધના કથનનો સૌને જવાબ દેવાનો સમય આવ્યો અને બુદ્ધ સામે ઉપર સૂચિત ત્રણે પરંપરાના તત્ત્વચિંતકોએ પોતપોતાની રીતે મોરચા માંડ્યા. એની લાંબી ચર્ચાઓ દરેક પરંપરાઓમાં અરસપરસ ચાલતી, અને માત્ર પોતપોતાની પરંપરામાં પણ ચાલતી. આ રીતે તત્ત્વજ્ઞાનને લગતું જે વિશાળ વાઙ્મય અત્યારે ઉપલબ્ધ છે, તેમાં આ વાદો પણ તાત્ત્વિક સિદ્ધાન્તરૂપે દૃષ્ટિગોચર થાય છે. અહીં કહેવાનું તો છેવટે એટલું જે. કે, આ તાત્ત્વિકવાદોનું મૂળ ઉદ્ભવસ્થાન ધર્મપરંપરા છે.

## ધર્મ ઉપર તત્ત્વજ્ઞાનની અસર દર્શાવતા મુદ્દાઓ

**પ્રાસ્તાવિક : નિવૃત્તિ અને પ્રવૃત્તિધર્મનાં** બળાબળ : હવે એક બીજા પ્રશ્ન ઉપર એકાગ્ર થઈએ. તે પ્રશ્ન એટલે તત્ત્વજ્ઞાનના કયા મુદ્દાએ ધર્મપરંપરા ઉપર વિશેષ અસર કરી છે, અને તે અસર કેવી રીતે સમાજવ્યાપી પણ બની છે. આ મુદ્દા વિશે કાંઈક કહીએ, તે પહેલાં સંક્ષેપમાં પૂર્વભૂમિકારૂપે નિવૃત્તિ-પ્રવૃત્તિના ઇતિહાસ તરફ ટૂંકમાં નજર નાખવી જરૂરી છે.

ભગવાન મહાવીર અને તથાગત બુદ્ધ પહેલાં લાંબા સમયથી દેશમાં નિવૃત્તિમાર્ગની પ્રતિષ્ઠા હતી જ. સાથે સાથે પ્રવૃત્તિમાર્ગ પણ પ્રાધાન્ય ભોગવતો. નિવૃત્તિમાર્ગનું મુખ્ય અને એકમાત્ર લક્ષ્ય તો જીવનનો વિશુદ્ધ કરવું અને તે દ્વારા મૃત્યુચક્રથી મુક્ત થવું એ હતું. આ લક્ષ્ય સિદ્ધ કરવા અનેક વ્યક્તિઓ અગાર અર્થાત્ ગૃહ છોડી અનગારપદ-ગૃહત્યાગીપણું સ્વીકારતી, વનવાસ કરતી કે ગામેગામ વિચરણ પણ કરતી. ઘરબાર કે બીજી સાધનસામગ્રીમાં ન લેપાવું, એ ખાસ ધ્યાન રખાતું. સામાન્ય રીતે આ માર્ગ મુખ્યપણે વ્યક્તિગામી જ હોઈ શકે, પણ અનેક સ્ત્રી-પુરુષો એ માર્ગે નીકળી પડતાં. બધાં જ સરખાં વિવેકી ભાગ્યે જ હોઈ શકે. તેથી નિવૃત્તમાર્ગના અનેક ફાંટાઓમાં સામાન્ય કક્ષાનાં અને ઘણીવાર મંદ શક્તિવાળાં યા એક કે બીજે કારણે જીવનક્ષેત્રમાં નાસીપાસ થયેલાં સ્ત્રી-પુરુષો પણ ઉમેદવાર તરીકે કે ભિક્ષુ તરીકે દાખલ થતાં. આ રીતે નિવૃત્તિમાર્ગના અનેક સંઘો અસ્તિત્વમાં આવેલા.

બીજી બાજુ પ્રવૃત્તિમાર્ગ પણ એના સ્વાભાવિક ક્રમમાં ચાલતો જ. એ માર્ગનું કેન્દ્રબિન્દુ ગૃહસ્થાશ્રમ. અને જ્યાં ગૃહસ્થાશ્રમ બંધાયો ત્યાં ત્યાં એનો સંબંધ કુટુંબ ઉપરાંત વિશાળ સમાજ અને રાષ્ટ્ર સાથે પણ આવવાનો જ. એ બધા નજીક દૂરના સંબંધોને સાચવવા અને તેને યોગ્ય રીતે પોષવાના અનેક પ્રવર્તક ધર્મો ગૃહસ્થાશ્રમની આસપાસ સ્થિર થયેલા. એ જ પ્રવર્તક ધર્મો નિવૃત્તિમાર્ગના અનુયાયીઓ-ભિક્ષુકો, તપસ્વીઓ કે અનગારોને પણ પોષતા. આમ પ્રવર્તક અને નિવર્તર ધર્મોનું પરસ્પર સહાયકારી ચક્ર પ્રવર્તતું જ હતું, જે આપણે અશોકનાં ધર્મ-શાસનોમાં વાંચી શકીએ છીએ.

પરંતુ પહેલેથી ધીરે ધીરે એવી મનોવૃત્તિ સમાજમાં ઘર કર્યે જતી હતી કે જો મુક્તિ મેળવવા ક્લેશો અને મોહ ત્યજવાં હોય તો કર્મક્ષેત્રમાં રહી એ કામ દુઃસાધ્ય છે. અને ગૃહસ્થાશ્રમ, એ તો એવું એક કર્મક્ષેત્ર જ છે, જ્યાં

કર્મ કરવાં જ પડે, અને કર્મ કરીએ તો અલિપ્ત રહી પણ ન શકાય. આવી વૃત્તિ સહેજે કર્તવ્યકર્મના ત્યાગ ભણી લોકોને પ્રેરતી અને કેટલીક વાર અધીર સ્ત્રી-પુરુષો અમરપદની લાલસાથી તણાઈ વર્તમાન જીવનને વિવિધ ઉપાયોથી ટૂંકાવવાનો કે સમાપ્ત કરવાનો પણ પ્રયત્ન કરતાં. આવી મનોવૃત્તિ સામે ચેતવણીરૂપે જે અમર વારસારૂપ બે ગ્રંથો આપણી સામે છે તેની અત્રે નોંધ લેવી જોઈએ. ઈશાવસ્ય ચેતવે છે કે કર્મ (પ્રાપ્ત અવશ્ય કર્તવ્ય) કર્યે જાવ અને શતાયુ થવાની ઈચ્છા રાખો. તમારે જો કાંઈ ત્યાગવા જેવું હોય અને શુદ્ધ જીવનની ઇચ્છા હોય તો પોતાને મળ્યું હોય તેમાંથી ત્યાગ કરી પછી એને ભોગવો અને બીજા કોઈની સંપત્તિની તો લાલસા જ ન રાખો. આમ કહી ઈશાવાસ્યે નિવૃત્તિ અને પ્રવૃત્તિનાં બંને હાર્દોને યોગ્ય રીતે એક જ મંત્રમાં ઉદ્‌ઘોષ્યાં. ગીતાએ એક કાલ્પનિક સંવાદ દ્વારા પણ એ જ મુદ્દાને અત્યંત આકર્ષક રીતે રજૂ કર્યો.

આવી વસ્તુસ્થિતિ હતી. પણ સાથે જ બીજાં બળો ઉદયમાં આવ્યે જતાં હતાં. ઉપનિષદના ચિંતકો જગતના મૂળ તત્ત્વરૂપે બ્રહ્મની સ્થાપના અને એની વ્યાખ્યા કર્યે જતા હતા. એ બ્રહ્મતત્ત્વનાં ચિંતનની આસપાસ અદ્વૈતભાવના પુષ્ટ થતી જતી હતી. બીજી બાજુ બૌદ્ધ નિકાયોમાં મહાસાંઘિક અસ્તિત્વમાં આવ્યા. લોકોત્તરવાદીઓ આગળ આવ્યા. એમનું તત્ત્વચિંતન સમની આસપાસ હતું. એ વિચાર પણ વધારે ઊંડાણ કેળવ્યે જતો હતો.

### ૧. વિજ્ઞાનવાદ અને શૂન્યવાદ :

એ જ મહાસાંઘિકોમાં એક એવો વિચાર ઉદયમાં આવ્યો આવ્યો કે, જો આસક્તિ-આસંગ અને તૃષ્ણા ત્યજવાં હોય અને સમત્વ સાધવું હોય તો પુત્ર-કલત્ર આદિ જગતની બાહ્ય વસ્તુઓને માત્ર ક્ષણિક અને અસ્થિર માનવાથી જ કામ ન સધાય; પણ એ બધી જ ઇંદ્રિયગમ્ય બાહ્ય સૃષ્ટિમાત્ર અવિદ્યાકલ્પિત છે અને સ્વપ્નમાં દેખાતી સૃષ્ટિ જેવી છે, એવી ભાવના કેળવવાથી જ તૃષ્ણાત્યાગરૂપ સમત્વ સાધી શકાય. આ વિચારે તેમને વિજ્ઞાનવાદ સ્થાપવા પ્રેર્યા, અસંગ અને વસુબંધુ આદિ વિજ્ઞાનવાદી વિદ્વાનોએ ભારપૂર્વક પ્રતિપાદન કર્યું કે મનોવિજ્ઞાન, જે સ્વપ્રકાશ અને સ્વસંવેદ્ય છે, તે સિવાય એના વિષય તરીકે દેખાતી સૂર્ય, ચંદ્ર, સમુદ્ર, પૃથ્વી આદિ બાહ્ય વસ્તુઓનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ જ નથી. સ્વતંત્ર અસ્તિત્વ તો માત્ર ક્ષણિક વિજ્ઞાનધારાનું જ છે. અવિદ્યાની અનાદિ વાસનાને લીધે જ એ

વિજ્ઞાનક્ષણો બાહ્યરૂપે ભાસે છે એટલું જ. આમ વિજ્ઞાનવાદે બાહ્ય સૃષ્ટિનું સ્વતંત્ર અસ્તિત્વ નકાર્યું ને માત્ર વિજ્ઞાનનું અસ્તિત્વ સ્વીકાર્યું.

બીજી બાજુ વિજ્ઞાનવાદની પણ ઉગ્ર સમાલોચના કરે એવો શૂન્યવાદ અસ્તિત્વમાં આવ્યે જતો હતો. એના પુરસ્કર્તા નાગાર્જુને અને તેના શિષ્ય આર્યદેવ આદિએ વિજ્ઞાનના સ્વતંત્ર સ્થાપન સામે પણ પ્રબળ વાંધો લીધો. એમણે કહ્યું કે જેમ બાહ્યસૃષ્ટિ અવિદ્યાકલ્પિત છે, તેમ વિજ્ઞાનોનું અસ્તિત્વ સ્થાપન કરવું, એ પણ અવિદ્યાકલ્પિત યા સંવૃતિમય છે. પરમાર્થદષ્ટિએ તો જે કાંઈ હોય તે કદી વાણી કે મનનો વિષય થઈ શકે જ નહિ. મનમાં જે કલ્પનાઓ ઊભી થાય છે, અને જે વાણી દ્વારા પ્રકટ થાય છે, તે કલ્પનાઓ અવિદ્યાને લીધે ઉદ્ભવે છે. એટલે 'આ છે કે તે છે,' 'આ આવું છે કે તે તેવું છે' ઇત્યાદિ જે વ્યવહાર થાય છે, તે પરમાર્થિક નથી. વ્યાવહારિક સત્ય એને કહો. પારમાર્થિક સત્ય, એ તો શૂન્ય છે, જેનું નિરૂપણ વાણી દ્વારા શક્ય નથી, અને માનસિક કલ્પનાઓથી પણ તે પર છે; એ સ્થિતિ પ્રજ્ઞાપારમિતાની છે. આ રીતે શૂન્યવાદે વિજ્ઞાનવાદને પણ કાલ્પનિક યા સાંવૃત ઠરાવ્યો.

બુદ્ધે તૃષ્ણાત્યાગ માટે ક્ષણિકત્વ, અનિત્યત્વ, અનાત્મભાવ અને શૂન્યતાની ભાવના કરવા કહેલું. એ ભાવના મૂળે તો આસક્તિ અને તન્મૂલક દોષો નિવારવા માટે હતી; પણ એ ભાવનાએ આગળ જતાં જુદાં વળાંક લીધો, અને તત્ત્વજ્ઞાનમાં વિજ્ઞાન તેમ જ શૂન્યવાદને જન્મ આપ્યો. બન્ને વાદો પોતપોતાનું તાત્ત્વિક દષ્ટિબિંદુ સ્થાપીને પણ છેવટે તો એ જ કહે છે કે બાહ્ય સૃષ્ટિ નકારી એટલે મમતા શેમાં થવાની ? એ જ રીતે શૂન્યત્વ સ્થપાયું એટલે મમતાને અવકાશ જ ક્યાં છે ? આમ બન્ને વાદોએ અનુક્રમે બાહ્ય સૃષ્ટિ નકારીને કે શૂન્યત્વ નિરૂપીને છેવટે નિવૃત્તિ ઉપર જ આત્યંતિક ભાર આપ્યો.

## ૨. કેવલાદ્વૈત બ્રહ્મવાદ :

બીજી બાજુ અદ્વૈતનું ચિંતન ખેડાતાં ખેડાતાં એવી સ્થિતિએ પહોંચ્યું કે શંકર જેવા નિર્ભય વિદ્વાને તેને કેવલાદ્વૈત રૂપે સ્થાપ્યું. કેવલાદ્વૈત એટલે એકમાત્ર સચ્ચિદાનંદરૂપ પરબ્રહ્મ વાસ્તવિક, અને એ સિવાય જે ભેદપ્રધાન સૃષ્ટિ દેખાય છે તે અવિદ્યાને લીધે; ખરી રીતે એ ભેદમય સૃષ્ટિનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નથી. બ્રહ્માધિષ્ઠિત યા બ્રહ્મની શક્તિરૂપે જે અનાદિ અજ્ઞાન યા

અવિદ્યા યા માયા છે, તેને લીધે અખંડ બ્રહ્મમાં વિવિધ ભેદમય સૃષ્ટિનો આભાસમાત્ર થાય છે. જેમ વિજ્ઞાનવાદે ક્ષણિક વિજ્ઞાનધારાઓ માની તેમાં અવિદ્યા કલ્પી હતી, તેમ શંકરે અખંડ બ્રહ્મમાં અવિદ્યાશક્તિ કલ્પી સૃષ્ટિનું ઉપપાદન કર્યું. શૂન્યવાદે અવિદ્યા તો માની જ, પણ એના અધિષ્ઠાન લેખે કોઈ પણ તત્ત્વને નિરૂપવાની ના પાડી. શૂન્યવાદ વાણી અને મનના અગોચરત્વને આધારે શૂન્યને પારમાર્થિક કહે છે. તો બ્રહ્મવાદી પણ બ્રહ્મને વાણી-મનથી અગોચર કહે જ છે. ફેર હોય તો એટલો જ છે કે, શૂન્યવાદ માત્ર નિષેધ કર્યે જાય છે, જ્યારે વિજ્ઞાનવાદ અને બ્રહ્મવાદ નેતિ નેતિ કહીને પણ અમુક ભાવાત્મક તત્ત્વ માને છે.

ઉપર સૂચવેલ તત્ત્વજ્ઞાનના ત્રણે વાદોનું લક્ષ્ય તો છેવટે એ જ છે પુનર્જન્મની ઘટમાળથી મુક્ત થવા ક્લેશો અને અવિદ્યાને નિર્મૂળ કરવાં. આમ ઉદ્દેશ તો એ જ છે, જે પૂર્વકાલીન નિવૃત્તિમાર્ગના પુરસ્કર્તા પરિવ્રાજકો કે અનગારોનો હતો; પણ એ ઉદ્દેશ સિદ્ધ કરવાની લાંબા વખતથી ચાલતી આવેલી પ્રણાલિકાઓમાં ઉપરના ત્રણે તત્ત્વવાદોએ ધર્મમરંપરામાં એક નવી ક્રાંતિ સર્જી. તે ક્રાંતિ એટલે જિવાતા બાહ્ય જગતને મિથ્યા માની તેને ત્યજવા માટેના વિવિધ ઉપાયોની શોધ. આ શોધને પરિણામે એક જ્ઞાનમાર્ગ અસ્તિત્વમાં આવ્યો, જે બ્રહ્મજ્ઞાનમાં ઇતિશ્રી (સંપૂર્ણતા) માની સર્વ લૌકિક–ધાર્મિક કર્તવ્યોને પણ બંધન માનવા લાગ્યો. જો જગત મિથ્યા છે, તો એને અંગે ઊભાં થતાં કર્તવ્યો પણ મિથ્યા જ હોઈ શકે; અને જે મિથ્યા છે, તે તો હેય (ત્યાજ્ય) છે. એટલે જગતમાં રહેવા છતાં, અને જગતને આધારે પોષાવા છતાં, તેને લગતાં કર્તવ્યોમાં ઉદાસીનતા ધારણ કરનાર એક સંન્યાસમાર્ગ પ્રવૃત્ત થયો. બીજી બાજુ વિજ્ઞાનવાદ અને શૂન્યવાદે પણ બાહ્ય જગત અને કલ્પનાઓને સંવૃતિ કહી માત્ર ધ્યાનપરાયણ રહેવાની અને ધ્યાન કરતાં કરતાં પણ અંતે નિર્વિકલ્પ દશા સાધવાની પ્રણાલિકા પોષી. એ પ્રણાલિકાને લીધે પણ એવો જ એક ધ્યાની કે યોગીવર્ગ ઊભો થયો, જેને સંઘ કે સમાજના કોઈ કર્તવ્ય સાથે જાણે લેવાદેવા ન હોય.

આ રીતે નૈષ્કર્મ્ય ધર્મ અને નિર્વિકલ્પક ધ્યાનધર્મ બન્ને ઉત્તરોત્તર પ્રબળ થતા ગયા, અને ધર્મપરંપરા ઉપરાંત સમાજ તેમ જ રાષ્ટ્રના પ્રવૃત્તિપ્રધાન જીવન ઉપર પણ તેમણે ભારે અસર પડી.

લોકો સમાજમાં રહેતા આવ્યા છે. એને લગતાં કર્તવ્યો પણ કર્યે જાય છે. અનેક જણ સમજપૂર્વક-વેઠ માન્યા વિના કર્તવ્યોનું પાલન પણ કરે છે.

ઈશાવાસ્ય અને ગીતાનો મંત્ર ભુલાયો નથી. છતાં એકંદર રીતે ભારતના સમાજ ઉપર એ નૈષ્કર્મ્યવાદ અને નિર્વિકલ્પક ધ્યાનવાદની એટલી બધી ઊંડી અસર થઈ છે કે તે અસરનાં અનિષ્ટ પરિણામો નિવારવા અત્યારે પણ અનેક વિશિષ્ટ સંતોને પાછો પુરુષાર્થ કરવો પડે છે.

આ રીતે આપણે જોયું કે, તત્ત્વજ્ઞાનના મુદ્દાએ ધાર્મિક અને સામાજિક જીવનમાં કઈ કઈ જાતની અસર પાડી છે. અહીં એ વિવક્ષિત (કહેવું જરૂરી) નથી કે કોઈ એક વાદ સારો અને બીજો ઊતરતો; અહીં તો માત્ર એટલું જ વિવક્ષિત છે કે તત્ત્વજ્ઞાનમાં અમુક ચિંતન ઊભું થતાં તે ચિંતનની અસર માત્ર એ ચિંતક સુધી જ નથી રહેતી, પણ એ ચિંતનની સમર્થક ધર્મપરંપરામાંય એ પ્રસરે છે, અને એનો ચેપ બહુ દૂરગામી પણ નીવડે છે.

– અખંડ આનંદ, ફેબ્રુઆરી - ૧૯૫૯

•

# ૯. દાર્શનિક ક્ષેત્રમાં સંશોધન

સામાન્ય રીતે સૌ કોઈ એમ જ સમજતા અને માનતા આવે છે કે દર્શનનો અર્થ થાય છે તત્ત્વ—સાક્ષાત્કાર. બધા દાર્શનિકો પોતપોતાનાં સાંપ્રદાયિક દર્શનને સાક્ષાત્કારરૂપ જ માનતા આવ્યા છે. તો અહીં સવાલ એ થાય છે કે સાક્ષાત્કાર કહેવો કોને ? એનો જવાબ એક જ હોઈ શકે છે કે જેમાં ભ્રમ યા સંદેહને અવકાશ ન હોય અને સાક્ષાત્કાર થયેલાં તત્ત્વોમાં પછી મતભેદ યા વિરોધ ન હોય. જો દર્શનની ઉક્ત સાક્ષાત્કારાત્મક વ્યાખ્યા બધાને માન્ય હોય તો બીજો પ્રશ્ન એ થાય છે કે અનેક સંપ્રદાયાશ્રિત વિવિધ દર્શનોમાં એક જ તત્ત્વના વિષયમાં આટલા વિધવિધ મતભેદો કેવી રીત અને એમાં અસમાધેય લાગે એવો પરસ્પર વિરોધ કયો ? આ શંકાનો જવાબ આપવા માટે આપણી પાસે એક જ રસ્તો છે કે આપણે દર્શન શબ્દનો કંઈ જુદો જ અર્થ સમજીએ. એનો જે સાક્ષાત્કાર અર્થ સમજવામાં આવે છે અને જે ચિરકાળથી શાસ્ત્રોમાં પણ લખાયેલો મળે છે, એ અર્થ જો યથાર્થ હોય તો મારા મત મુજબ એ સમગ્ર દર્શનો દ્વારા નિર્વિવાદ અને અસંદિગ્ધરૂપે સમ્મત નિમ્નલિખિત આધ્યાત્મિક પ્રમેયોમાં જ ઘટાવી શકાય છે.

૧. પુનર્જન્મ, ૨. એનું કારણ, ૩. પુનર્જન્મગ્રાહી કોઈ તત્ત્વ, ૪. સાધનવિશેષ દ્વારા પુનર્જન્મના કારણોનો ઉચ્છેદ.

આ પ્રમેયો સાક્ષાત્કારના વિષયો માની શકાય. ક્યારેક પણ કોઈ તપસ્વી દ્રષ્ટા કે દ્રષ્ટાઓને ઉક્ત તત્ત્વોનો સાક્ષાત્કાર થયો હશે એમ કહી શકાય, કારણ કે આજ સુધી કોઈ પણ આધ્યાત્મિક દર્શનમાં આ તથા આવાં તત્ત્વો વિશે ન તો મતભેદ પ્રકટ થયો છે, ન એમાંથી કોઈએ વિરોધ કર્યો છે. પરંતુ ઉક્તમૂળ આધ્યાત્મિક પ્રમેયોના વિશેષગત સ્વરૂપના વિષયમાં તથા એના સવિસ્તર વિચારમાં બધાં પ્રધાન દર્શનોમાં અને ક્યારેક તો એક જ દર્શનની અનેક શાખાઓમાં એટલા બધા મતભેદ અને વિરોધ શાસ્ત્રોમાં

દેખાય છે કે જેને જોઈને તટસ્થ સમાલોચક ક્યારેય પણ નહિ માની શકે કે કોઈ એક યા બધા સંપ્રદાયના સવિસ્તર મંતવ્ય સાક્ષાત્કારના વિષયો થયા હોય. અને જો આ મંતવ્ય સાક્ષાત્કૃત હોય તો કયા સંપ્રદાયના ? કોઈ એક સંપ્રદાયના પ્રવર્તકને વિવરણના વિષયમાં સાક્ષાત્કર્તા-દ્રષ્ટા સાબિત કરવો એ અઘરું કામ છે. આથી કરીને બહુ થયું તો ઉક્તમૂળ પ્રમેયોમાં દર્શનનો સાક્ષાત્કાર અર્થ સ્વીકારી લીધા બાદ વિવરણના વિષયમાં દર્શનનો કોઈ બીજો જ અર્થ કરવો પડશે.

વિચાર કરવાથી એમ લાગે છે કે દર્શનનો બીજો અર્થ 'સબળ પ્રતીતિ' જ કરવો ઠીક છે. શબ્દના અર્થોના પણ જુદા જુદા સ્તર હોય છે. દર્શનના અર્થનો આ બીજો સ્તર છે. આપણે વાચક ઉમાસ્વાતિના "तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्" સૂત્રમાં તથા એની વ્યાખ્યાઓમાં આ બીજો સ્તર સ્પષ્ટ દેખી શકીએ છીએ. વાચકે સાફ કહ્યું છે કે પ્રમેયોમાં શ્રદ્ધા એ જ દર્શન છે. અહીંયાં એ ન ભૂલવું જોઈએ કે શ્રદ્ધા એટલે બળવતી પ્રતીતિ યા વિશ્વાસ અને નહિ કે સાક્ષાત્કાર શ્રદ્ધા યા વિશ્વાસ, સાક્ષાત્કારને સંપ્રદાયમાં જીવિત રાખવા માટે એક ભૂમિકા વિશેષ છે જેને મેં દર્શનનો બીજો સ્તર કહ્યો છે.

આમ તો સંપ્રદાય પ્રત્યેક દેશના ચિન્તકોમાં જોવા મળે છે. યુરોપનાં તત્ત્વચિંતનની આદ્ય ભૂમિ ગ્રીસના ચિન્તકોમાં પણ પરસ્પરવિરોધી અનેક સંપ્રદાયો રહ્યા છે, પરંતુ ભારતીય તત્ત્વચિન્તકોના સંપ્રદાયની કથા કંઈક જુદી જ છે. આ દેશના સંપ્રદાય મૂળમાં ધર્મપ્રાણ અને ધર્મજીવી રહ્યા છે. બધા સંપ્રદાયોએ તત્ત્વચિન્તનને આશ્રય જ નથી આપ્યો, પરંતુ એના વિકાસ અને વિસ્તારમાં પણ બહુ ફાળો આપ્યો છે. એક રીતે ભારતીય તત્વચિન્તનનો બૌદ્ધિક પ્રદેશ જુદા જુદા સંપ્રદાયોના પ્રયત્નનું જ પરિણામ છે, પણ આપણે જે વિચારવાનું છે તે તો એ છે કે પ્રત્યેક સંપ્રદાય પોતાનાં જે મંતવ્યો પર સબળ વિશ્વાસ રાખે છે અને જે મંતવ્યોને બીજા વિરોધી સંપ્રદાયો બિલકુલ માનવાને તૈયાર નથી એ મંતવ્યો સાંપ્રદાયિક વિશ્વાસ યા સાંપ્રદાયિક ભાવનાના જ વિષયો માની શકાય છે. સાક્ષાત્કારના વિષયો નહિ. આવી રીતે સાક્ષાત્કારનો સામાન્ય સ્રોત સંપ્રદાયોની ભૂમિ પર વિવરણના વિશેષ પ્રવાહોમાં વિભાજિત થતાં જ વિશ્વાસ અને પ્રતીતિનું રૂપ ધારણ કરવા માંડે છે.

જ્યારે સાક્ષાત્કાર વિશ્વાસરૂપમાં પરિણત થયો ત્યારે એ વિશ્વાસને સ્થાપિત રાખવા અને એના સમર્થન માટે સંપ્રદાયોની કલ્પનાઓનો,

દલીલોનો તથા તર્કોનો આશ્રય લેવો પડ્યો. બધા સાંપ્રદાયિક તત્ત્વ- ચિન્તકો પોતપોતાના વિશ્વાસની પુષ્ટિ માટે કલ્પનાઓનો આશ્રય પૂર્ણ રીતે લેતા હોવા છતાં એમ માનતા રહ્યા કે અમે અને અમારો સંપ્રદાય જે કંઈ માને છે તે બધું કલ્પના નથી, કિન્તુ સાક્ષાત્કાર છે. આ પ્રમાણે કલ્પનાઓનો તથા સત્ય-અસત્ય અને અર્ધસત્ય તર્કોનો સમાવેશ પણ દર્શનના અર્થોમાં થઈ ગયો. એક તરફથી જ્યાં સંપ્રદાયે મૂળ દર્શન એટલે કે સાક્ષાત્કારની રક્ષા કરી અને એને સ્પષ્ટ કરવા માટે અનેક પ્રકારનાં ચિંતનને ચાલુ રાખ્યું તથા એને વ્યક્ત કરવાની અનેક મનોરમ કલ્પનાઓ કરી, ત્યાં બીજી બાજુથી સંપ્રદાયના વધારાથી વધતી તથા ફૂલીફાલનારી તત્ત્વચિંતનની વેલ એટલી પરાશ્રિત થઈ ગઈ કે એને સંપ્રદાય સિવાય બીજો કોઈ સહારો જ ન રહ્યો. ફલતઃ પર્દાનશીન પદ્મિનીઓ માફત તત્ત્વચિન્તનની વેલ પણ કોમળ અને સંકુચિત દૃષ્ટિવાળી બની ગઈ.

આપણે સાંપ્રદાયિક ચિંતકોનો આ ઝોક રોજ જોઈએ છીએ કે તેઓ પોતાનાં ચિંતનમાં કેટલીયે ઓછપ અથવા પોતાની દલીલોમાં કેટલીયે શિથિલતા હોય એને લગભગ પારખી જ નથી શકતા. અને બીજા વિરોધી સંપ્રદાયનાં તત્ત્વચિન્તનોમાં ગમે તેટલા સદ્ગુણો કે વિશદતા કેમ ન હોય એનો સ્વીકાર કરવામાં પણ તેઓ ખચકાય છે. સાંપ્રદાયિક તત્ત્વચિંતકોનું આ માનસ પણ વર્તાઈ આવે છે કે તેઓ અન્ય સંપ્રદાયના પ્રમેયોને કે વિશેષ ચિંતનોને સ્વીકારી લઈને મુક્ત કંઠે એના પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવામાં પણ ઢીલા પડે છે. દર્શન જયારે સાક્ષાત્કારની ભૂમિકાને ઉલ્લંઘી વિશ્વાસની ભૂમિકા પર આવે છે અને એમાં કલ્પનાઓ અને સત્યાસત્ય તર્કોનો પણ સમાવેશ થવા માંડે છે ત્યારે દર્શન સાંપ્રદાયિક સંકુચિત દૃષ્ટિઓમાં આવૃત્ત થઈને, મૂળમાં શુદ્ધ આધ્યાત્મક હોવા છતાં પણ અનેક દોષોનો પુંજ બની જાય છે. હવે તો પૃથક્કરણ કરવું જ કપરું થઈ ગયું છે કે દાર્શનિક ચિંતનમાં કયું કલ્પના માત્ર છે, કયો સાચો તર્ક છે, કે કયો અસત્ય તર્ક છે ? દરેક સંપ્રદાયના અનુયાયી, ભલે તે અશિક્ષિત હો કે શિક્ષિત હો, વિદ્યાર્થી હો કે પંડિત હો, એમ સમજીને જ પોતાના તત્ત્વચિંતક ગ્રંથોને સાંભળે છે યા ભણે-ભણાવે છે કે આ અમારા તત્ત્વગ્રંથમાં જે કંઈ લખ્યું છે તે અક્ષરશઃ સત્ય છે, એમાં ભ્રાંતિ કે સંદેહને અવકાશ જ નથી તથા આમાં જે કંઈ છે તે બીજા કોઈ સંપ્રદાયના ગ્રંથમાં નથી, અને હોય તો પણ અમારા સંપ્રદાયમાંથી એમાં ગયું છે. આ પ્રકારની પ્રત્યેક સંપ્રદાયની અપૂર્ણમાં પૂર્ણ માની લેવાની પ્રવૃતિ એટલી અધિક બળવતી

છે કે આનો કોઈ ઇલાજ ન થયો તો મનુષ્યજાતિના ઉપકારપ્રવૃત્ત થયેલ આ દર્શન મનુષ્યતાનું જ ઘાટક સિદ્ધ થશે.

હું સમજું છું કે ઉક્ત દોષને દૂર કરવા માટે અનેક ઉપાયોમાંનો એક ઉપાય એ પણ છે કે જ્યાં દાર્શનિક પ્રમેયોનું અધ્યયન તાત્ત્વિક દૃષ્ટિથી કરવું જોઈએ ત્યાં સાથે સાથે એ અધ્યયન ઐતિહાસિક તથા તુલનાત્મક દૃષ્ટિથી પણ કરવું જોઈએ. જ્યારે આપણે કોઈ પણ એક દર્શનના પ્રમેયોનું અધ્યયન, ઐતિહાસિક દૃષ્ટિથી તથા તુલનાત્મક દૃષ્ટિથી કરીએ છીએ ત્યારે આપણે અનેક બીજાં દર્શનો વિશે પણ જ્ઞાન મેળવવું પડે છે. આ જ્ઞાન અધૂરું કે વિપર્યસી નથી. પૂરું અને યથાસંભવ યથાર્થ જ્ઞાન થતાં જ આપણું માનસ વ્યાપક જ્ઞાનના આલોકથી ભરાઈ જાય છે. જ્ઞાનની વિશાળતા અને સ્પષ્ટતા આપણી દૃષ્ટિમાંથી સંકુચિતતા તથા તજ્જન્ય ભય આદિ દોષોને એવી જ રીતે દૂર કરે છે જે રીતે પ્રકાશ અંધારાને. આપણે અસર્વજ્ઞ અને અપૂર્ણ છીએ, તો પણ અધિક સત્યની નિકટ પહોંચવા માંગીએ છીએ. આપણે યોગી નથી તો પણ અધિકાધિક સત્ય તથા તત્ત્વદર્શનના અધિકારી બનવા માગીએ છીએ, તો આપણે માટે સાધારણ માર્ગ એ જ છે કે આપણે કોઈ પણ દર્શનને યથાસમ્ભીવ સર્વાંગીણ ઐતિહાસિક તથા તુલનાત્મક દૃષ્ટિથી વાંચીએ.

ભારતવર્ષને દર્શનોનું જન્મસ્થાન અને ક્રીડાભૂમિ માનવામાં આવે છે, અહીંનો અભણ પણ બ્રહ્મજ્ઞાન, મોક્ષ તથા અનેકાંત જેવા શબ્દોનો ડગલે ને પગલે ઉપયોગ કરે છે, છતાં પણ ભારતનો દાર્શનિક પૌરુષ- શૂન્ય કેમ થઈ ગયો છે ? આ અંગે વિચાર કરવો જરૂરી છે. આપણે જોઈએ છીએ કે દાર્શનિકના પ્રદેશમાં કોઈ એવા દોષ દાખલ થઈ ગયાં છે કે જેની તરફ ચિંતકોનું ધ્યાન અવશ્ય જવું જોઈએ. પહેલી વાત તો દર્શનોનાં પઠન સંબંધી ઉદ્દેશ્યની છે. જેને કોઈ બીજું ક્ષેત્ર ન મળે અને બુદ્ધિપ્રધાન આજીવિકા કરવી હોય તો બહુધા તે દર્શનો તરફ ઝૂકે છે. માનો કે દાર્શનિક અભ્યાસનો ઉદ્દેશ્ય કાં તો પ્રધાન તથા આજીવિકા થઈ ગયો છે કાં વાદવિજય કે બુદ્ધિવિલાસ થઈ ગયો છે. અને આનું ફળ પણ સર્વત્ર આપણને એક જ જોવા મળે છે કે કાં તો દાર્શનિક ગુલામ બની જાય છે યા સુખશીલ. આમ જ્યાં દર્શન શાશ્વત અમરતાની ગાથા અનિવાર્ય તથા પ્રતિક્ષણ મૃત્યુની ગાથા શીખવીને અભયનો સંકેત કરે છે ત્યાં એના અભ્યાસી આપણે નર્યા ભીરુ બની ગયા છીએ. જ્યાં દર્શન આપણને સત્યાસત્યનો વિવેક શીખવે છે, ત્યાં આપણે ઊલટા અસત્યને સમજવામાં પણ અસમર્થ થઈએ છીએ તથા એને જો સમજી શકીએ છીએ તો

એનો, પરિહાર કરવાના વિચારથી જ કંપી ઊઠીએ છીએ. દર્શન જ્યાં દિનરાત આત્મૈક્ય યા આત્મૌપમ્ય શીખવે છે ત્યાં આપણે ભેદ-પ્રભેદોને એથી પણ વધુ રૂપે પુષ્ટ કરવામાં લાગી જઈએ છીએ. આ બધું વિપરીત પરિણામ દેખાય છે. આનું કારણ એક જ છે અને તે દર્શનના અધ્યયનના ઉદ્દેશ્યને યોગ્ય રીતે ન સમજવું. દર્શનનો અભ્યાસ કરવાનો અધિકારી પણ એ જ થઈ શકે અને એણે જ કરવો જોઈએ જે સત્યાસત્યના વિવેકના સામર્થ્યને પ્રાપ્ત કરવા માંગતો હોય અને જે સત્યના સ્વીકારવાની હિંમતની અપેક્ષાએ અસત્યનો પરિહાર કરવાની હિંમત યા પૌરુષ સર્વપ્રથમ અને સર્વાધિક પ્રમાણમાં પ્રગટ કરવા માંગતો હોય. સંક્ષેપમાં દર્શનનાં અધ્યયનનો એકમાત્ર ઉદ્દેશ્ય એ જ છે કે જીવનની બહિર્ગત અને આંતર્ગત શુદ્ધિ. આ ઉદ્દેશ્ય સામે રાખીને જ એનું પઠન-પાઠન કરે ત્યારે એ માનવતાનો પોષાક બની શકે છે.

બીજી વાત છે દાર્શનિક પ્રદેશમાં નવાં સંશોધનોની અત્યાર સુધી એ જ જોવા મળે છે કે પ્રત્યેક સંપ્રદાયોમા જે માન્યતાઓ અને જે કલ્પનાઓ રૂઢ થઈ ગઈ છે એને જ એ સંપ્રદાયમાં સર્વજ્ઞ પ્રણીત માનવામાં આવે છે અને આવશ્યક નવા વિચારપ્રકાશનો એમાં પ્રવેશ જ નથી થઈ શકતો. પૂર્વે વડીલો દ્વારા કરવામાં આવેલાં અને ઉત્તરાધિકારમાં આપવામાં આવેલાં ચિંતનો તથા ધારણાઓના પ્રવાહ એ જ સંપ્રદાય છે. દરેક સંપ્રદાયને માનનાર પોતાનાં મંતવ્યોના સમર્થનમાં ઐતિહાસિક તથા વૈજ્ઞાનિક દૃષ્ટિની પ્રતિષ્ઠાનો ઉપયોગ તો કરવા માગે છે, પણ આ દૃષ્ટિનો ઉપયોગ ત્યાં સુધી જ એ કરે છે જ્યાં એને કંઈ પણ પરિવર્તન ન કરવું પડે. પરિવર્તન અને સંશોધનના નામથી યા તો સંપ્રદાય ગભરાય છે યા પોતાનામાં પહેલેથી જ બધું હોવાની ડિંગ મારે છે. એથી ભારતનો દાર્શનિક પાછળ પડી ગયો છે જ્યાં જ્યાં વૈજ્ઞાનિક પ્રમેયો દ્વારા યા વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા દાર્શનિક વિષયોમાં સંશોધન કરવાની ગુંજાશ હોય ત્યાં સર્વત્ર એનો ઉપયોગ જો ન કરવામાં આવે તો આ દાર્શનિક વિદ્યા કેવળ પુરાણોની જ વસ્તુ રહેશે. એથી દાર્શનિક ક્ષેત્રમાં સંશોધન કરવાની પ્રવૃત્તિ તરફ હજી પણ વધુ ઝોક આવવો આવશ્યક છે.

— જીવન માધુરી, નવેમ્બર - ૧૯૬૦

●

# ૧૦. સાંપ્રદાયિકતા અને તેના પુરાવાઓનું દિગ્દર્શન

## (૧)

હિંદુસ્તાનની જનતા એમ માને છે અને દાવો કરે છે કે દુનિયામાં બીજી કોઈ પ્રજા એમના જેટલી ધાર્મિક નથી, અને ધર્મનો વારસો એમના જેવો અને જેટલો બીજી કોઈ પ્રજાને મળ્યો નથી. જો આ માન્યતા સાચી હોય અને અમુક અંશમાં તે સાચી છે જ તો પ્રશ્ન થાય છે કે જેનાથી અકલ્યાણનો કશો જ સંભવ નથી, જેનું પાલન એ તેના પાલન કરનારને રક્ષે છે—નીચે પડતો અટકાવે છે—તેવા ધર્મનો વારસો મળ્યા છતાં હિંદુસ્તાનની પ્રજા પામર કેમ છે ? આ પ્રશ્ન સાથે જ નીચેના પ્રશ્નો ઉદ્ભવે છે. શું ધાર્મિકપણાનો વારસો મળ્યા વિશે હિંદુસ્તાનની પ્રજાનો દાવો એ એક ભ્રમ જ છે ? અથવા ધર્મની જે અમોઘ શક્તિ માનવામાં આવે છે તે કલ્પિત છે ? અથવા બીજું એવું કોઈ તત્ત્વ ધર્મ સાથે મળી ગયું છે કે જેને લીધે ધર્મ પોતાની અમોઘ શક્તિ પ્રમાણે કામ કરવાને બદલે ઊલટો પ્રજાના અધઃપાતમાં નિમિત્ત બને છે ?

ઉપનિષદનું અદ્વૈત તત્ત્વજ્ઞાન, જૈન ધર્મનાં તપ અને અહિંસાનાં અનુષ્ઠાન, તથા બૌદ્ધ ધર્મનો સામ્યવાદ આ પ્રજાને વારસામાં મળ્યાં છે, એ બીના ઐતિહાસિક હોવાથી તેનો ધાર્મિકપણાના વારસા વિશેનો દાવો ખોટો 'તો નથી જ. કલ્યાણ સાધવાની ધર્મની અમોઘ શક્તિ સાચી હોવાની સાબિતી પ્રાચીન અને અર્વાચીન અનેક મહાપુરુષોના ખરા જીવનથી મળે છે. ઉત્તરના આ બે અંશો જો વાસ્તવિક હોય તો છેવટના પ્રશ્નનો જ ઉત્તર વિચારવાનો બાકી રહે છે. એનો વિચાર કરતાં અનેક પુરાવાઓ ઉપરથી આપણને એમ માનવાને કારણ મળે છે કે કોઈ બીજા એવા અનિષ્ટ તત્ત્વના મિશ્રણને લીધે જ ધર્મની સાચી શક્તિ કુંઠિત થઈ ગઈ છે અને તેથી તે ઇષ્ટ સાધનને બદલે ભયાનક અનિષ્ટ સાધતી દેખાય છે. એ બીજું અનિષ્ટ તત્ત્વ કયું ? અને જે પુરાવા ઉપરથી ઉપરની માન્યતા બાંધવાને કારણ મળે છે તે પુરાવાઓ

કયા ? એ બતાવવું એ પ્રસ્તુત લેખનો ઉદ્દેશ છે.

ધર્મની શક્તિને તેના વાસ્તવિક રૂપમાં કામ કરતી કુંઠિત કરીને તેને અનિષ્ટ માર્ગે બળ આપનાર બીજું તત્ત્વ એ સાંપ્રદાયિકતા. અહીં સાંપ્રદાયિકતાનો અર્થ અને તેને લગતી બીજી ખાસ મુદ્દાની હકીકત પહેલાં જણાવી દેવી અગત્યની છે.

**વ્યાખ્યા :** સંપ્રદાય શબ્દ એ માત્ર રૂઢ કે માત્ર યૌગિક નથી પણ મિશ્ર (રૂઢયૌગિક) છે. પાતંજલ મત બતાવતાં કુસુમાંજલિમાં તાર્કિકપ્રવર ઉદયને સંપ્રદાય શબ્દનો માત્ર વેદ એટલો જ અર્થ લીધો છે[1]. કોશ અને વ્યવહાર બંને જોતાં એ શબ્દનો માત્ર વેદ અર્થ કરવો તે સંકુચિત છે. અમર એનો અર્થ 'ગુરુપરંપરાથી ચાલ્યો આવતો સદુપદેશ' એવો કરે છે[2]. અમરકોશનો આ અર્થ વિસ્તૃત અને પ્રથમ અર્થ કરતાં વધારે વાસ્તવિક છે.

વૈદિક સંપ્રદાય, બૌદ્ધ સંપ્રદાય, ચરક સંપ્રદાય, ગોરખ અને મચ્છન્દર સંપ્રદાય ઈત્યાદિ પ્રામાણિક વ્યવહારને લક્ષ્યમાં રાખી અમરકોશમાં જણાવેલ અર્થનું વિશેષ સ્પષ્ટીકરણ કરવું હોય તો આ પ્રમાણે કરી શકાય. એક અગર અનેક અસાધારણ મૂળભૂત વ્યક્તિઓથી ઊતરી આવતો જ્ઞાન, આચાર, કે ઉભયનો વિશિષ્ટ વારસો તે સંપ્રદાય.

આમ્નાય, તંત્ર, દર્શન, અને પરંપરા એ સર્વતન્ત્ર પ્રસિદ્ધ શબ્દો સંપ્રદાય શબ્દના ભાવને સૂચવે છે. તે ઉપરાતં માત્ર જૈન અને બૌદ્ધ સાહિત્યમાં તીર્થ શબ્દ અને જૈન સાહિત્યમાં સમય શબ્દ પણ એ અર્થમાં વિશેષ રૂઢ છે. સંપ્રદાય માટે તદ્દન સહજ અને ઘરગથ્થુ શબ્દ મત છે.

સાંપ્રદાયિકતા એટલે સંપ્રદાયનું અવિચારી બંધન અથવા મોહ. જૈન ગ્રંથોમાં દૃષ્ટિરાગ અને બૌદ્ધ ગ્રંથોમાં દૃષ્ટિ શબ્દ છે તે આ મતમોહ કે સંપ્રદાયબંધનના જ સૂચક છે.

માત્ર સંપ્રદાયનો સ્વીકાર એ જ સાંપ્રદાયિકતા નથી. કોઈ એક

---

૧. क्लेशकर्मविपाकाशयैरपरामृष्टो निर्माणकायमधिष्ठाय संप्रदायप्रद्योतकोऽनुग्राहकश्चेति पातंजलाः ॥ प्रथम स्तबक, कुसुमा० पृ. ४

"निर्माणकायमधिष्ठाय सर्वसंप्रदायप्रद्योतक इति पातंजलाः" कुसुमा.

वाचस्पत्यभिधान पृ. ५२४१.

૨. अथाम्नायः संप्रदायः । अमरकोश संकीर्णवर्गः श्लो. ११६५

संप्रदाय :—"गुरुपरंपरागते सदुपदेशे, उपचारात् तदुपदेशयुते जने च 1" अमरको. वाचस्पत्यभिधान पृ. ५२४१

સંપ્રદાયને સ્વીકાર્યા છતાં તેમાં દૃષ્ટિઉદારતાનું તત્ત્વ હોય તો ત્યાં સાંપ્રદાયિકતા નથી આવતી. એ તો સંકુચિત અને એકપક્ષીય અંધદૃષ્ટિમાંથી ઉદ્ભવે છે. કોઈ પણ સંપ્રદાયની ધૂંસરી ન જ સ્વીકારવી અથવા સ્વીકાર્યા પછી તો મોહમાં અંધ થઈ જવું એ બંને પરસ્પર વિરોધી છેડાઓ છે અને તેથી તે એકાંતરૂપ છે. એ બે છેડાઓની વચ્ચે થઈને નીકળતો પ્રામાણિક મધ્યમ માર્ગ દૃષ્ટિઉદારતાનો છે. કારણ એમાં સંપ્રદાયનો સ્વીકાર છતાં મિથ્યા અસ્મિતાનું તત્ત્વ નથી. કોઈ પણ જાતના સંપ્રદાયને ન માનવો એમાં મનુષ્યની વિશેષતારૂપ વિચારશક્તિની અવગણના છે, અને સંપ્રદાય સ્વીકારીને તેમાં અંધપણે બદ્ધ થઈ જવું એ સમભાવનો ઘાત છે; જ્યારે દૃષ્ટિઉદારતામાં વિચાર અને સમભાવ બંને તત્ત્વો સચવાય છે. જે રાગમાં દ્વેષનું બીજ સમાતું હોય તે રાગ પછી તે ગમે તેવા ઉત્તમોત્તમ ગણાતા વિષયમાં એ કેમ ન હોય છતાં વ્યામોહરૂપ હોઈ ત્યાજ્ય છે. અજ્ઞાન એ જેમ મનુષ્યને સત્યથી દૂર રાખે છે તેમ એવો વ્યામોહ પણ તેને સત્યની નજીક જતાં અટકાવે છે. દૃષ્ટિ-ઉદારતામાં સત્યની સમીપ લઈ જવાનો ગુણ છે.

બે દાખલાથી આ વસ્તુ વધારે સ્પષ્ટ કરીએ. ચિકિત્સાની એલોપેથિક કે બીજી કોઈ પદ્ધતિ સ્વીકાર્ય પછી તેમાં એટલા બધા બંધાઈ જવું કે ગમે તે વ્યક્તિ માટે અને ગમે તેવા દેશકાળમાં અને ગમે તેવી પરિસ્થિતિમાં તે જ પદ્ધતિની ઉપયોગિતા સ્વીકારવી, અને બીજી તમામ પદ્ધતિઓ વિશે કાં તો દ્વેષવૃત્તિ અને કાં તો દ્વેષમૂલક ઉદાસીનતા દાખવવી એ સંપ્રદાયવ્યામોહ. તેથી ઊલટું કોઈ પણ એક પદ્ધતિનો સવિશેષ આશ્રય લીધા પછી પણ ઇતર પદ્ધતિઓના વાસ્તવિક અંશો તે તે પદ્ધતિની દૃષ્ટિએ માન્ય રાખવા એ દૃષ્ટિઉદારતા. ચશ્માંની મદદથી જોનાર એમ કહે કે ચશ્માં સિવાય માત્ર આંખથી વસ્તુનું યથાર્થજ્ઞાન સંભવે જ નહિ, તો એ દૃષ્ટિરાગ; એ ચશ્માંની મદદથી જોનાર બીજો એમ કહે કે ચશ્માં વિના પણ અન્ય કેટલાયે જણ વસ્તુનું યથાર્થ જ્ઞાન કરી શકે છે, તો એ દૃષ્ટિઉદારતા.

**કારણમીમાંસા** : ધર્મને વિકૃત કરનાર મતાંધતા મનુષ્યબુદ્ધિમાં દાખલ થાય છે તેનું શું કારણ ? એનો વિચાર કરતાં જણાશે કે જેમ બાલમનુષ્ય પોતાની આજુબાજુના વાતાવરણમાંથી શ્રદ્ધા અને સંયમરૂપ ધર્મતત્ત્વને મેળવે છે, તેમ જ તે કુટુંબ, સમાજ, ધર્મસ્થાન અને પંડિતસંસ્થાના સંકુચિત વાતાવરણમાંથી મતાંધતા મેળવે અને કેળવે છે. બાલ્યકાળથી ધીરે ધીરે જાણ્યે અજાણ્યે સંચિત થયેલા મતાંધતાના સંસ્કારોનું સંશોધન જો ઉંમર અને બુદ્ધિની

વૃદ્ધિ થયા પછી પણ વિવેકશક્તિથી કરવામાં ન આવે તો ગમે તેટલી ઉંમર થયા પછી અને ગમે તેટલું પુસ્તકીય શિક્ષણ મેળવ્યા છતાંય માણસ એમ માનતો થઈ જાય છે કે મારો ધર્મ એ જ સાચો અને સર્વશ્રેષ્ઠ; ઇતર ધર્મો કાં તો ખોટા અને કાં તો ઊતરતા. મારા ઉપાસ્ય દેવો અને તેની મૂર્તિઓ એ જ આદર્શ અને બીજાના કાં તો દૂષિત કે તદ્દન સાધારણ. મને પ્રાપ્ત થયેલું તત્ત્વજ્ઞાન અને ધાર્મિક સાહિત્ય એ જ પૂર્ણ તથા પ્રથમ પંક્તિનું અને બીજાઓનું તેમાંથી ચોરેલું અગર ઉધાર લીધેલું. અમારા ધર્મગુરુઓ અને વિદ્વાનો એ જ ખરા ત્યાગી તેમ જ પ્રમાણભૂત, અને બીજાઓના ધર્મગુરુઓ ઢોંગી કે શિથિલ અને વિદ્વાનો અપ્રમાણભૂત. આવી મતાંધતા બંધાઈ જવાથી ધર્મનું શુદ્ધ અને ઉદાર બળ અશુદ્ધ તથા સાંકડે રસ્તે વહેવા લાગે છે અને તેમાં ઘણી વાર દુન્યવી સ્વાર્થ ન હોય તો પણ તે ધર્મઝનૂનનું રૂપ લે છે. એ રૂપથી મનુષ્યની કર્તવ્ય-અકર્તવ્ય વિષયની બુદ્ધિ લંગડી થઈ જાય છે. આ સ્થિતિ આવવાનું કારણ માત્ર વંશપરંપરા અને અન્યસંસર્ગથી પ્રાપ્ત થતા સંસ્કારોનું વિવેકબુદ્ધિથી સંશોધન ન કરવું અને તે રીતે ચિત્તની અશુદ્ધિને વધતી જવા દેવી એ જ છે.

**પુરાવાઓની મર્યાદા અને ઉદ્દેશનું સ્પષ્ટીકરણ** : આ સ્થળે જે પુરાવાઓ આપવા ધાર્યા છે તેનું ક્ષેત્ર મર્યાદિત છે. માત્ર આર્ય સાહિત્ય અને તેના પણ અમુક જ ભાગમાંથી પુરાવાઓ આપવા ધાર્યા છે. પણ આ વિષયમાં વધારે શોધ કરવા ઇચ્છનાર ધારે તો કોઈ પણ પ્રજાના કોઈ પણ વખતના સાહિત્યમાંથી તેવા પુરાવાઓ મેળવી શકે. આ પ્રયાસ તે દિશાનું સૂચન કરવા પૂરતો સ્થાલીપુલાક ન્યાય જેવો છે.

વૈદિક, જૈન અને બૌદ્ધ એ ત્રણ સંપ્રદાયના સાહિત્યમાંથી સાંપ્રદાયિકતાના નમૂનાઓ આપવામાં આવે છે. આ નમૂનાઓ ઘણે સ્થળે તો એવા છે કે તે જે સંપ્રદાયના સાહિત્યમાંથી લેવામાં આવ્યા હોય, તે સંપ્રદાયના શ્રદ્ધાળુઓને શરમાવે અગર ગ્લાનિ આપે તેવા છે. તેમ જ તે નૂમનાઓ જે વિરોધી સંપ્રદાયની ટીકા કરતા હોય છે તે સંપ્રદાયના અભિમાનીઓને આવેશ ઉત્પન્ન કરે તેવા પણ છે. છતાં એવા નમૂનાઓ આ લેખમાં રજૂ કરવાનો ઉદ્દેશ એ નથી કે તેથી કોઈને આઘાત પહોંચે અગર કોઈ પણ સંપ્રદાયની લેશ પણ અવમાનના થાય. અહીં કેવળ ઐતિહાસિક દૃષ્ટિથી જ નિરૂપણ કર્યું છે અને અભ્યાસીઓને તે દૃષ્ટિથી જ વિચારવા વિનંતી છે.

**પુરાવાઓના પ્રકારો** : મતાંધતાના પુરાવાઓના નમૂનાઓ બે પ્રકારના મળે છે : (૧) શાસ્ત્રોમાંથી અને (૨) વ્યાવહારિક જીવનમાંથી. શાસ્ત્રો એ જીવનનું પ્રતિબિંબ છે; જે ભાવના, જે વિચાર, કે જે વર્તન જીવનમાં ન હોય તે શાસ્ત્રમાં ક્યાંથી આવે ? જે શાસ્ત્રમાં હોય તે ભાવી પેઢીના જીવનમાં ઊતરે છે.

જનતાના સાંપ્રદાયિક જીવનમાં દાખલ થઈ જોનારને કાને અવિચારી અસહિષ્ણુતાનો ધ્વનિ પડશે. કાશી, બિહાર, અને મિથિલાના બ્રાહ્મણોને જૈન સંપ્રદાય વિશે તે એમ કહેતા સાંભળશે કે જૈનો નાસ્તિક છે, કારણ તેઓ વેદમાં માનતા નથી, બ્રાહ્મણોને ધર્મગુરુ લેખતા નથી, ઊલટું બ્રાહ્મણોને અપમાનિત કરવા કે દુઃખ દેવા જૈનો પોતાથી બનતું કરે છે. બ્રાહ્મણને પોતાને ઘેર નોતરી માંકડોથી ખદબદતા ખાટલામાં તેને સુવાડી તેના લોહીથી માંકડોને તૃપ્ત કરી દયાવૃત્તિનું પાલન કરવું એ જૈનોનું કામ છે. જૈનત્વાભિમાની ગૃહસ્થ કે ભિક્ષુને બ્રાહ્મણધર્મ વિશે એમ કહેતા જરૂર સાંભળશો કે તેઓ મિથ્યાત્વી છે. જ્ઞાન ગમે તેટલું હોય તો પણ તેઓ તત્ત્વ પામ્યા જ નથી. તેઓ દ્વેષી અને સ્વાર્થી છે. બૌદ્ધ ઉપાસક કે ભિક્ષુ પાસે જાઓ તો તેવી જ કટુક વાતો બીજા ધર્મ વિશે તમે જરૂર સાંભળો. આ જ કારણથી અંદર અંદરના કાયમી વિરોધના અર્થમાં સંસ્કૃત વૈયાકરણોએ અન્ય ઉદાહરણોની સાથે બ્રાહ્મણશ્રમણ[1] એ ઉદાહરણ પણ આપેલું છે. આ ઉપરાંત

---

૧. વિરોધ બે પ્રકારનો છે : જાતિ વિરોધ અને નૈમિત્તક વિરોધ. જાતિ વિરોધને જન્મવૈર અને બીજા વિરોધને કારણિક વૈર કહેવામાં આવે છે. સર્પ અને નોળિયા વચ્ચેનું, ઉંદર અને બિલાડી વચ્ચેનું વૈર જન્મ વૈર છે. દેવો અને અસુરો વચ્ચેનું પૌરાણિક યુદ્ધ કારણિક વૈર છે. કારણ કે તે એકલા પોતે અમૃત કે સ્વર્ગાદિ મેળવી લેવું અને બીજો મેળવવા ન પામે એવા લોભમાંથી જન્મેલું છે.

આ બે પ્રકારના વિરોધમાં બ્રાહ્મણો અને શ્રમણોનો વિરોધ પ્રથમ પ્રકારમાં વૈયાકરણોએ ગણેલો છે; એટલે તે વિરોધ જાતિ-શત્રુતા રૂપ છે. બ્રાહ્મણો એટલે સામાન્ય રીતે વેદપ્રતિષ્ઠાપક વર્ગ અને શ્રમણો એટલે વેદમાં ન માનનાર કે વેદવિરોધી વર્ગ. આ બન્ને વર્ગ વચ્ચેનો વિરોધ કારણિક જણાય છે છતાં તે વિરોધને વૈયાકરણોએ જાતિવિરોધ કહ્યો છે એમાં ખાસ રહસ્ય સમાયેલું છે. જેમ બિલાડી ઉંદરને જુએ કે તેનો પિત્તો ઊછળે અથવા જેમ નકુલ સર્પને જુએ કે તેનો કાબૂ જાય તેમ બ્રાહ્મણો અને શ્રમણો એકબીજાને જોઈ ક્રોધાવિષ્ટ થઈ જાય છે એવો અભિપ્રાય વૈયાકરણોના જાતિવિરોધ કથનમાં રહેલો છે.

ખરી રીતે બ્રાહ્મણો અને શ્રમણો એકબીજાની સાથે પડોશમાં રહે છે; અનેક કાર્યોમાં

એક જ વૈદિક સંપ્રદાયના બે વૈષ્ણવ અને શૈવ પંથો વચ્ચેનો એટલે સુધી વિરોધ નજરે પડશે કે, 'શિવ'નું નામ ન લેવાય તે માટે વૈષ્ણવ દરજીને

---

સાથે જોડાય છે અને ઘણી વાર તો વિદ્યામાં ગુરુશિષ્યનો સંબંધ પણ ધરાવે છે. આવી સ્થિતિમાં તેઓને સર્પ નકુલ જેવા જન્મશત્રુ કહેવા એ ખાસ અર્થ સૂચક છે ? અને તે એ કે એક વાર ધાર્મિક મતભેદ નિમિત્તે ઊભો થયેલ વિરોધ એ બન્નેમાં એટલે સુધી તીવ્ર થઈ ગયો કે એક વર્ગ બીજા વર્ગને જોઈ હૃદયમાં સ્વાભાવિક રીતે જ ચિડાઈ જાય. જેને આજે પ્રાચીન પ્રકૃતિના બ્રાહ્મણો અને શ્રમણોનો કાંઈક પરિચય હશે તે આ હકીકતને જરાપણ નિર્મૂળ નહીં કહે. અનેક વ્યવહારોમાં સાથે જોડાવા છતાં પણ ધર્માભિમાની બન્ને વર્ગો પ્રસંગ આવતાં એકબીજા વિશે કાંઈક લસતું બોલવાના જ. આ ઊંડા ધાર્મિક મતાંધતાના વિરોધને કારણિક વિરોધ કરતાં વધારે તીવ્ર જણાવવા ખાતર વૈયાકરણોએ જાતિવિરોધની કક્ષામાં મૂકેલો છે. જો કે તે વસ્તુતઃ જાતિવિરોધ તો નથી જ .

શ્રમણોમાં વેદવિરોધી બધાએ આવે છે. બૌદ્ધ, આજીવક, જૈન એ બધા શ્રમણપક્ષીય છે. એઓને બ્રાહ્મણગ્રંથોમાં નાસ્તિક શબ્દથી પણ ઓળખાવ્યા છે.

**नास्तिको वेदनिन्दकः । मनुस्मृ० अ० २ श्लो० ११**

આ બે વર્ગના વિરોધના ઇતિહાસનું મૂળ જો કે બહુ જૂનું છે અને તે બન્ને વર્ગના પ્રાચીન સાહિત્યમાં દેખાય છે, છતાં વ્યાકરણશાસ્ત્રમાં આ વિરોધનું ઉદાહરણ સૌથી પહેલાં જિનેંદ્રબુદ્ધિના ન્યાસમાં અત્યારે જોવામાં આવ્યું છે. જિનેંદ્રબુદ્ધિ એ બૌદ્ધ વિદ્વાન છે. તેનો ન્યાસ કાશિકા ઉપર છે. કાશિકા એ વામન અને જયાદિત્ય ઉભયની બનાવેલી પાણિનીય સૂત્રો ઉપરની બૃહદ્વૃત્તિ છે. જિનેંદ્રબુદ્ધિનો સમય ઈસ્વી. ૮ મો સૈકો મનાય છે. ત્યારબાદ કૈયટના મહાભાષ્ય ઉપરના વિવરણમાં એ ઉદાહરણ મળે છે. કૈયટનો સમય ૧૧મો સૈકો મનાય છે. જુઓ સીસ્ટીમ્સ ઑફ સંસ્કૃત ગ્રામર એસ. કે. બલ્વલ્કર પરિશિષ્ટ ૩. ત્યારબાદ આચાર્ય હેમચંદ્રના સ્વોપજ્ઞ શબ્દાનુશાસનમાં એ ઉદાહરણ મળે છે. મહાભાષ્ય ચાંદ્ર કે કાશિકા જેવા પ્રાચીન વ્યાકરણ ગ્રંથોમાં એ ઉદાહરણ નથી. પણ સાતમા સૈકા પછીના વ્યાકરણ ગ્રંથોમાં એ ઉદાહરણ છે. એ બીના પણ ખાસ ધ્યાન ખેંચે તેવી છે. આ સમય પૌરાણિક સમય અને પૌરાણિક સમય એટલે સંપ્રદાયોના વિરોધનો સમય. તેથી જ તે વિરોધના અસરની નોંધ વૈયાકરણો પણ લીધા વિના રહેતા નથી.

**ब्राह्मणनास्तिकम्** એવું ઉદાહરણ છે. તેની એકાદ દક્ષિણની પ્રતિમાં **श्रमण ब्राह्मणं** એવો પણ પાઠ છે. જુઓ પૃ. ૪૪૭ જિનેંદ્રબુદ્ધિના ન્યાસમાં.

કૈયટ **श्रमणब्राह्मणं** અને હેમચંદ્ર **ब्राह्मणश्रमणं** ઉદાહરણ આપે છે. જુઓ અનુક્રમે **महाभाष्य प्रदीपोद्द्योत** ૨-૪-૯ પૃ. ૭૮૧ કલકત્તા આવૃત્તિ **हैम०** ૩-૧૪૧.

શાકટાયનની અમોઘવૃત્તિ આ ટિપ્પણ લખતી વખતે હસ્તગત નથી; પણ એમાં એ ઉદાહરણ હોવાનો વધારે સંભવ છે કારણ તેની રચના પણ પૌરાણિક વિરોધના યુગમાં જ થયેલી છે.

'કપડું શીવ' એમ પણ નહિ કહે. આ રીતે ભિન્ન ભિન્ન સંપ્રદાયના લોકો એક જ દેશ અને એક જ કાળમાં સાથે રહેતા તથા અનેક હિતાહિતના પ્રશ્નમાં સમાન ભાગીદાર હોવા છતાં તેઓના જીવનમાં સાંપ્રદાયિક કટુકતા અને વિરોધની લાગણી પુષ્કળ રહેલી જણાશે. હવે સાંપ્રદાયિકતાના વિશેષ પુરાવાઓ તપાસીએ. પહેલાં વૈદિક સાહિત્ય લઈએ. વિક્રમના પૂર્વવર્તી વૈદિક સાહિત્યમાં સાંપ્રદાયિકતા નથી જ એમ તો ન જ કહી શકાય; પણ તે ત્યાર પછીના સાહિત્યમાં દેખાય છે તેવી ઉગ્ર અને સ્પષ્ટ નથી. વિક્રમના સમય દરમિયાનનું કે ત્યારબાદનું પુરાણ સાહિત્ય એ આપણને મતાંધતાના ઉગ્ર વિષના પ્રથમ નમૂનારૂપે જોવા મળે છે. આ પુરાણોનો પ્રભાવ સાધારણ જનતા ઉપર અપરિમિત હોવાથી તેમાં દાખલ થયેલી મતાંધતા વિશાળ જનતાના હૃદયપટ ઉપર ફેલાયેલી છે. એક વાર જનતાના હૃદયના ઊંડા ભાગમાં દાખલ થયેલ મતાંધતાનું વિષ પછી ધીરે ધીરે ભાવી પેઢીઓના વારસામાં એવી રીતે ઊતરતું ગયું કે તેનું પરિણામ સાહિત્યની બીજી શાખાઓમાં પણ જણાય છે. નાટક અને ચંપૂ કે અલંકારના રસિક, પરિહાસ પ્રિય (મશ્કરા) અને વિલાસી લેખકો એ વિશેની અસરથી મુક્ત ન રહી શકે એ કદાચ સમજી શકાય તેવી બાબત છે; પણ તત્ત્વજ્ઞાન અને મોક્ષપથના પ્રતિનિધિ હોવાનો વિશ્વાસ ધરાવનાર મહાન આચાર્યો અને વિદ્વાનો સુધ્ધાં એ વિષના ઉગ્ર પરિણામથી મુક્ત નથી રહી શક્યા, એ આર્ય તત્ત્વજ્ઞાનના શ્રેષ્ઠપણાનું અભિમાન રાખનારને આજે તો કાંઈક શરમાવે છે જ.

પ્રસ્તુત નમૂનાઓ માટે અહીં ત્રણ જાતનું વૈદિક સાહિત્ય પસંદ કરવામાં આવે છે : (૧) પુરાણ, (૨) નાટક, અને (૩) દર્શનશાસ્ત્ર. આ ત્રણે પ્રકારના નમૂનાઓ અનુક્રમે જોઈ ત્યારબાદ જૈન, અને બૌદ્ધ સાહિત્યમાંથી તેવા નમૂનાઓ જોવાનો યત્ન કરીશું

એતદ્દેશીય અને વિદેશીય[૧] બધા વિદ્વાનો પ્રચલિત પુરાણો પહેલાં પણ

---

૧. પુરાણો વિશે સવિસ્તર લખવાનું આ સ્થાન નથી, પણ તેની વ્યવસ્થિત માહિતી મેળવવા ઇચ્છનારે મરાઠીમાં વૈદ્ય ત્ર્યંબક ગુરુનાથ કાળેનું પુરાણ નિરીક્ષણ જોવું, તથા કેંબ્રીજ હિસ્ટરી ઑફ ઇન્ડિયામાં પ્રો. ઇ. જે રેપ્સનનો પુરાણો વિશેનો નિબંધ. વિન્સેટ સ્મિથનું અર્લી હિસ્ટરી ઑફ ઇન્ડિયામાં પુરાણોનો સમય એ નામનું પરિશિષ્ટ જોવું, અને પુરાણોના ખાસ અભ્યાસી ઍફ, ઇ. પાર્જિટર એમ. એ. કૃત ધ પુરાણ ટેક્સ્ટ ઑફ ધ સ્ટડિઝ. ઑફ ધ કલિ એજ તથા એન્શન્ટ ઇન્ડિઅન હિસ્ટોરિકલ ટ્રેડિશન એ પુસ્તકો જોવાં.

પુરાણ સાહિત્ય હોવાનું સ્વીકારે છે. એ પ્રાચીનપુરાણસાહિત્યમાં મતાંધતા હશે કે નહિ તે આજે નિશ્ચયપૂર્વક કહી ન શકાય. છતાં પ્રચલિત પુરાણોના મતાંધતાવિષયક નમૂના ઉપરથી પ્રાચીન પુરાણસાહિત્યમાં પણ તેવું કાંઈક હોવાનું સહજ અનુમાન થઈ આવે છે. અસ્તુ. શાસ્ત્ર કે લોકમાં પ્રિય થઈ પડેલો એવો કોઈ વિષય ભાગ્યે જ હશે કે જેનું પુરાણોમાં વર્ણન ન હોય. ધર્મ હોય કે તત્ત્વજ્ઞાન, આચાર હોય કે નીતિ, સંગીત હોય કે ચિત્ર, ભૂગોળ હોય કે ખગોળ, ગમે તે લ્યો; તેનું કાંઈક ને કાંઈક વર્ણન પુરાણોમાં મળે જ. તેથી પુરાણસાહિત્ય એ વહેતી નદીની પેઠે તીર્થસ્થાનની જેમ સર્વગ્રાહ્ય થઈ પડેલ છે. લોકહૃદયના જળના સારા અને નરસા એ બંને ભાગો પુરાણસાહિત્યની વહેતી નદીમાં દાખલ થયા છે; અને એ દાખલ થયેલા ભાગો પાછા ફરી લોકહૃદયમાં પ્રવેશતા જ જાય છે.

ઉપપુરાણો અનેક છે, પણ મુખ્ય પુરાણો અઢાર કહેવાય છે. તેની રચનાનો સમય સર્વાંશે નિશ્ચિત નથી, પણ સામાન્ય રીતે એની રચના વિક્રમ સંવત્ પછીની મનાય છે. પુરાણોના પૌર્વાપર્ય વિશે પણ અનેક મતો છે. છતાં વિષ્ણુપુરાણ પ્રાયઃ પ્રાચીન ગણાય છે. છ પુરાણોમાં વિષ્ણુ, છમાં શિવ, અને છમાં બ્રહ્માની પ્રધાનતા છે. સંપ્રદાય ગમે તે હોય પણ એ બધાં પુરાણો વૈદિક છે. અને તેથી વેદ, સ્મૃતિ, યજ્ઞ, વર્ણાશ્રમધર્મ, બ્રાહ્મણ, દેવ, શ્રાદ્ધ, આદિને સર્વાંશે માનનારા હોઈ તેની પ્રતિષ્ઠા સ્થાપે છે. આ કારણથી કેટલાંક પુરાણોમાં પ્રસંગે પ્રસંગે વૈદિકેતર સંપ્રદાયો વિશે ખૂબ વિરોધ નજરે પડે છે. ઘણી જગોએ તો એ વિરોધમાં અસહિષ્ણુતાનું જ તત્ત્વ મુખ્ય સ્થાન ભોગવે છે. વૈદિકેતર સંપ્રદાયોમાં મુખ્યપણે જૈન, બૌદ્ધ, અને ક્વચિત્ ચાર્વાક સંપ્રદાયની સામે જ પુરાણકારોએ લખ્યું છે. પણ મતાંધતા, અસહિષ્ણુતા કે દ્વેષ એ એક એવી ચેપી વસ્તુ છે કે એક વાર જીવનમાં દાખલ થયા પછી તેનો ઉપયોગ ક્યાં કરવો કે ન કરવો એ વિવેક જ રહી નથી શકતો. આ કારણથી શું વૈદિક, શું જૈન, કે શું બૌદ્ધ કોઈ પણ સંપ્રદાયના સાહિત્યમાં જેમ ઇતર સંપ્રદાય પ્રત્યે અસહિષ્ણુતા નજરે પડે છે તેમ તેમાંના કોઈ એક જ સંપ્રદાયના પેટાભેદો વચ્ચે પણ પુષ્કળ અસહિષ્ણુતા નજરે પડે છે. તેથી જ આપણે વૈષ્ણવસંપ્રદાયની પ્રધાનતાવાળાં પુરાણોમાં શૈવ આદિ સંપ્રદાયો પ્રત્યે અને શૈવસંપ્રદાયની પ્રધાનતાવાળાં પુરાણોમાં વૈષ્ણવ આદિ અન્ય સંપ્રદાયો પ્રત્યે અસહિષ્ણુતા જોઈએ છીએ. શિવ પુરાણમાં વિષ્ણનું પદ શિવ કરતાં હલકું સિદ્ધ કરવાનો પ્રયત્ન છે, તો પદ્મપુરાણમાં શૈવ સંપ્રદાયની લઘુતા

બતાવવાનો પ્રયત્ન છે. જે થોડાક નમૂનાઓ આગળ આપવામાં આવે છે તે ઉપરથી પેટાભેદ પ્રત્યેની અને ઇતર સંપ્રદાય પ્રત્યેની એમ બંને પ્રકારની અસહિષ્ણુતા લક્ષ્યમાં આવી શકશે.

કોઈ પણ એક કે અનેક વિરોધી સંપ્રદાય વિશે લખવાની અગર તેનું ગૌરવ ઘટાડવાની પુરાણકારોની પદ્ધિત મુખ્યપણે એક જ ફળદ્રૂપ કલ્પનાને આભારી છે. તે કલ્પના એ છે કે કોઈ બે પક્ષ લઢે, તેમાંથી એક હારે. હારનાર પક્ષ વિષ્ણુઆદિ પાસે મદદ મેળવવા જાય; એટલે વિષ્ણુઆદિ દેવો જીતનાર પક્ષને નિર્બળ બનાવવા તેના મૂળ (વૈદિક) ધર્મથી ભ્રષ્ટ કરી અવૈદિક ધર્મ સ્વીકારાવવા માટે પ્રગટાવે. છેવટે જીતનાર પક્ષને અવૈદિક ધર્મ દ્વાર નિર્બળ બનાવી લડાઈમાં બીજા પક્ષને વિજય અપાવે. અને એ રીતે અવૈદિક ધર્મો પ્રથમ વિજયી પણ પછી પરાજિત પક્ષની નિર્બળતાના સાધનરૂપે અસ્તિત્વમાં આવે. આ કલ્પનાનો ઉત્પાદક ગમે તે હોય પણ તેનો ઉપયોગ પુરાણોમાં જુદે જુદે રૂપે થયેલો છે. પ્રસંગ બદલી, વક્તા, શ્રોતા અને પાત્રના નામમાં પરિવર્તન કરી ઘણે ભાગે એ એક જ કલ્પનાનો ઉપયોગ જૈન, બૌદ્ધ આદિ અવૈદિક ધર્મોની ઉત્પત્તિની બાબતમાં પુરાણકારોએ કરેલ છે.

૧. પહેલાં વિષ્ણુપુરાણ લઈએ. તેમાં મૈત્રેય અને પરાશર વચ્ચેનો સંવાદ મળે છે. એ સંવાદમાં જૈન અને બૌદ્ધ ધર્મની ઉત્પત્તિ જણાવવામાં આવી છે. મૈત્રેય પરાશરને પૂછે છે કે નગ્ન એટલે શું ? એનો ઉત્તર આપતાં પરાશરે દેવાસુર યુદ્ધનો પ્રસંગ લઈ નગ્નની વ્યાખ્યા આપી છે. તેણે કહ્યું છે કે જ્યારે દેવો હાર્યા અને અસુરો જય પામ્યા ત્યારે વિષ્ણુએ અસુરોને નબળા પાડવા તેઓનું વેદધર્મરૂપ કવચ છીનવી લેવા એક માયામોહ ઉત્પન્ન કરી તેની મારફત જૈન અને બૌદ્ધ આદિ વેદબાહ્ય ધર્મો અસુરોમાં દાખલ કરાવ્યા. એ વેદભ્રષ્ટ થયેલા અસુરો જ નગ્ન. પારાશરે એ નગ્નના સ્પર્શમાત્રમાં સખત દોષ બતાવી આગળ જતાં તેની સાથે વાતચીત કરવામાં પણ કેટલો મહાન દોષ લાગે છે તે જણાવવા એક શતધનુ રાજા અને શૈબ્યા રાણીની પુરાતન આખ્યાયિકા આપી છે.

૨. મત્સ્યપુરાણમાં રજિરાજની એક વાત છે. તેમાં પણ દેવાસુર યુદ્ધનો પ્રસંગ આવે છે. એ પ્રસંગમાં રજિની સેવાથી પ્રસન્ન થઈ ઇન્દ્ર પોતે તેનો કૃત્રિમ પુત્ર બને છે. એને તેના રાજ્યનો વારસો મેળવે છે. રજિના સાચા સો પુત્રો ઇન્દ્રને હરાવી તેનું સર્વસ્વ છીનવી લે છે. એટલે ઇન્દ્રની પ્રાર્થનાથી

બૃહસ્પતિ પેલા સો રાજપુત્રોને નબળા પાડવા તેઓમાં જૈન ધર્મ દાખલ કરે છે અને તેઓને મૂળ વેદધર્મથી ભ્રષ્ટ કરી નાખે છે. એટલે ઇન્દ્ર એ રજિપુત્રોને હણી પોતાનું સ્વત્વ પાછું મેળવે છે.

૩. અગ્નિપુરાણમાં એ જ દેવાસુર યુદ્ધનો પ્રસંગ લઈ કહેવામાં આવે છે કે જીતેલા અસુરોને અધાર્મિક અને નિર્બળ બનાવા ઈશ્વરે બુદ્ધાવતાર લઈ તેઓને બૌદ્ધ બનાવ્યા, અને પછી આર્હત અવતાર લઈ એ અસુરોને જૈન બનાવ્યા. એ રીતે વેદબાહ્ય પાખંડધર્મો અસ્તિત્વમાં આવ્યા.

૪. વાયુપુરાણમાં બૃહસ્પતિ અને શંયુનો સંવાદ છે. બૃહસ્પતિ કહે છે કે નગ્નની નજરે પડેલી શ્રાદ્ધની કોઈ વસ્તુ પૂર્વજોને નથી પહોંચતી. એ સાંભળી શંયુ નગ્નનો અર્થ પૂછે છે. ઉત્તરમાં બૃહસ્પતિ કહે છે કે વેદત્રયી છોડનાર તે નગ્ન. આગળ વધી તે દેવાસુર યુદ્ધની કથાનો ઉલ્લેખ કરી તે યુદ્ધમાં હારેલ અસુરો દ્વારા ચારે વર્ણોની પાખંડસુષ્ટિ થયાનું જણાવે છે.

૫. શિવપુરાણમાં જૈનધર્મની ઉત્પત્તિનું વર્ણન આપતાં પ્રસંગે વિષ્ણુના જ મુખથી પોતાના અને બ્રહ્માના કરતાં શિવનું મહત્ત્વ સ્થાપિત કરવામાં આવ્યું છે. અને વેદધર્મથી બળવાન બનેલા ત્રિપુરવાસીઓને અધર્મપ્રાપ્તિ દ્વારા નિર્બળ બનાવવા વિષ્ણુ દ્વારા જ એક જૈન ધર્મનો ઉપદેશક પુરુષ સર્જાવવામાં આવ્યો છે અને એ પુરુષ મારફત અનેક પાખંડો ફેલાવવાનું કહેવામાં આવ્યું છે. છેવટે એ પાખંડ ધર્મના સ્વીકારથી અને વેદધર્મના ત્યાગથી નબળા પડેલા દૈત્યોના નિવાસસ્થાન ત્રિપુરનો શિવને હાથે દાહ કરાવામાં આવ્યો છે અને વિષ્ણુને એ કાર્ય સાધવાની ખટપટ બદલ કૃતકૃત્ય રૂપે વર્ણવવામાં આવ્યા છે.

૬. પદ્મપુરાણમાંથી અહીં ચાર પ્રસંગો લેવામાં આવ્યા છે. પહેલો પ્રસંગ વેનનો, બીજો દૈત્યો અને બનાવટી શુક્ર વચ્ચેના સંવાદનો, ત્રીજો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર એ ત્રણમાં મોટા દેવ કોણ એ વિશેના ઋષિઓના વિવાદનો, અને ચોથો પ્રસંગ શિવ અને પાર્વતીના ગુપ્ત વાર્તાલાપનો.

પહેલા પ્રસંગમાં માત્ર જૈનોપદેશક પાસેથી જૈન ધર્મનું સ્વરૂપ જાણી વેને વૈદિક ધર્મનો ત્યાગ કર્યાનું વર્ણન છે.

બીજા પ્રસંગમાં ઇન્દ્રને સ્વર્ગમાં નિર્ભયતાપૂર્વક રહેવા માટે દૈત્યોને મૃત્યુલોકમાં રાખી મૂકવાની ખટપટની કથા છે. એ માટે તેઓને જૈન ધર્મી બનાવી ઇચ્છાપૂર્વક તેઓ પાસે મૃત્યુલોકનો નિવાસ સ્વીકારાવવામાં આવ્યો છે.

ત્રીજા પ્રસંગમાં બ્રહ્મા અને રુદ્રનું સ્વરૂપ ગર્હિત કેમ થયું તેમ જ વિષ્ણુનું સ્વરૂપ પૂજ્ય કેમ બન્યું એ બતાવવા માટેની એક બીભત્સ કથા છે.

જૈન અને બૌદ્ધ ધર્મની ઉત્પત્તિ તથા પ્રચાર વિશે જે યુક્તિ અનેક પુરાણોમાં વારંવાર વિવિધ રૂપે કામમાં લીધી છે તે જ યુક્તિનો આશ્રય ચોથા પ્રસંગમાં કરેલો છે. એટલે વૈષ્ણવધર્મથી બળવાન બનેલા દૈત્યોને નિર્બળ બનાવવા વિષ્ણુના આદેશથી રુદ્રે શૈવ ધર્મનું પાખંડ ચલાવ્યાનું અને અનેક તામસ પુરાણો, સ્મૃતિઓ અને દર્શનો રચ્યાનું તેમા વર્ણન છે.

પદ્મપુરાણમાં છેલ્લા બે પ્રસંગોમાં વિષ્ણુ સિવાયના બ્રહ્મા, રુદ્ર આદિ દેવોનું નિકૃષ્ટપણું તથા વૈષ્ણવ ઉપાસના સિવાયના બીજા વૈદિક સંપ્રદાયોનું પાખંડીપણું સ્પષ્ટ રીતે બતાવવામાં આવ્યું છે. તેમ જ વૈષ્ણવ ન હોય તેવા બ્રાહ્મણ સુધ્ધાં સાથે સંભાષણ કે દર્શન કરવાની સ્પષ્ટ મનાઈ કરવામાં આવી છે.

૭. સ્કંદપુરાણમાં મોઢ, ત્રિવેદી અને ચતુર્વેદીનો ઇતિહાસ આપવાના પ્રસંગમાં કાન્યકુબ્જના નરપતિ આમ તથા મોઢેરાના સ્વામી કુમારપાળ વચ્ચે સંબંધ જોડેલા છે અને એ બે રાજાઓને જૈન ધર્મના પક્ષપાતી અને બ્રાહ્મણ ધર્મના દ્વેષી રૂપે ચીતર્યા છે. એ ચિત્રણને બંધબેસતું કરવા માટે પૂર્વાપર વિરુદ્ધ અનેક કલ્પિત ઘટનાઓ આલેખી છે.

૮. ભાગવતમાં કોંક, વેંક અને કુટક દેશના રાજા અર્હતે પાખંડ ધર્મ સ્વીકારવાની અને કલિયુગમાં અઘોર કૃત્ય કરવાની ભવિષ્યદ્-વાણી છે.

૯. કૂર્મપુરાણમાં બૌદ્ધ, જૈન, પાંચરાત્ર[૧], પાશુપત, આદિ અનેક સંપ્રદાયો પાખંડી હોવાનું તથા તેને પાણી સુદ્ધાં પણ ન આપવાનું કઠોર વિધાન છે.

પુરાણના નમૂનાઓની ટૂંકામાં ટૂંકી રૂપરેખા જાણી લીધા પછી તે નમૂનાઓને વિશેષ સ્પષ્ટ જાણવા ખાતર પુરાણનાં તે દરેક સ્થળનો ભાવાત્મક સાર નીચે આપવામાં આવે છે[૨].

---

૧. ભાગવત સંપ્રદાય કે ભક્તિમાર્ગનું પ્રાચીન એક નામ પાંચરાત્ર પણ છે. પાશુપત એ શૈવ સંપ્રદાયનું એક પ્રાચીન નામ છે. પાંચરાત્ર તથા પાશુપત વિશે વધારે માહિતી મેળવવા ઇચ્છનારે દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી લિખિત વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ તથા શૈવધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ તેમ જ નર્મદાશંકર દેવશંકર મહેતાકૃત હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ ભાગ ૨જો જોવો.

૨. જુઓ પરિશિષ્ટ ૧.

નાટક સાહિત્યની રચના બે પ્રકારની છે. એક રચનામાં રચનારનો પોતાના સંપ્રદાય કરતાં બીજા વિરોધી સંપ્રદાયો પ્રત્યે મતાંધતાપૂર્વક આક્ષેપ કરવાનો મુખ્ય હેતુ છે અને બીજી રચનામાં તેવો હેતુ મુખ્ય નથી. પણ કોઈ પણ સંપ્રદાયની રૂઢિગત અતિશયતાને લઈ તે નિમિત્તે હાસ્યરસ નિષ્પન્ન કરવાનો અથવા કોઈ પણ સંપ્રદાયના ધર્મગુરુને અમુક પાત્રરૂપે આલેખી કાંઈક નાટકીય વસ્તુ સિદ્ધ કરવાનો મુખ્ય પ્રયત્ન છે. પહેલી રચનાનું ઉદાહરણ પ્રબોધચંદ્રોદય છે. બીજી રચનાનાં ઉદાહરણો ચતુર્ભાણી, મૃચ્છકટિક, મુદ્રારાક્ષસ, મત્તવિલાસપ્રહસન,[1] લટકમેલક આદિ નાટકો અને પ્રહસનો છે.

પ્રબોધચંદ્રોદયનો રચયિતા વૈષ્ણવ હોઈ તેણે વૈષ્ણવ સિવાયના બધા ધર્મોને કાં તો તામસ અને કાં તો રાજસ ચિત્રિત કરવાનો અને વૈષ્ણવ સિદ્ધાંતને સાત્ત્વિક તથા સર્વોત્કૃષ્ટ બતાવવાનો પ્રયત્ન કર્યો છે. એ પ્રયત્નમાં તેણે જૈન, બૌદ્ધ, પાશુપત, આદિ સંપ્રદાયોને બની શકે તેટલા બીભત્સ રીતે વર્ણવવાનો પ્રયાસ કર્યો છે. તેનો આ હેતુ સમજવા ખરી રીતે આખું પ્રબોધચંદ્રોદય નાટક વાંચવું જોઈએ, પણ આ સ્થળે માત્ર મતાંધતાનો મુદ્દો સમજવામાં ઉપયોગી થઈ પડે તે ખાતર ત્રીજા અંકના અમુક ભાગનો અનુવાદ આપવામાં આવે છે. એટલો પણ અનુવાદ વાંચવાથી પ્રબોધચંદ્રોદયના રચયિતાનો સાંપ્રદાયિક અભિનિવેશ સ્પષ્ટ ધ્યાનમાં આવી શકે તેમ છે[2].

વૈદિક દર્શનસાહિત્યમાંથી મતાંધતાના નમૂના જણાવવા અહીં માત્ર ત્રણ ગ્રંથોમાંથી ઉતારા લેવામાં આવ્યા છે. પહેલો ગ્રંથ તન્ત્રવાર્તિક, બીજો શાંકરભાષ્ય અને ત્રીજો સાંખ્યતત્ત્વકૌમુદી. તન્ત્રવાર્તિક એ જૈમિનીય સૂત્ર ઉપરના શાબરભાષ્યની પ્રસિદ્ધ વિદ્વાન કુમારિલકૃત ટીકાનો એક ભાગ છે, શાંકરભાષ્ય એ અદ્વૈત વેદાન્તના પ્રતિભાસંપન્ન સૂત્રધાર આદિ શંકરાચાર્યની બાદરાયણ સૂત્રો ઉપરની વ્યાખ્યા છે અને સાંખ્યતત્ત્વકૌમુદી એ ઈશ્વરકૃષ્ણકૃત

---

૧. આશરે ચૌદમા સૈકામાં થઈ ગયેલ શ્રીશૃંગભૂપાલકૃત રસાર્ણવસુધાકરનું પ્રહસનવિષયક પ્રકરણ વાંચવું જોઈએ. એમાં પ્રહસનોના પ્રકારો અને લક્ષણો વર્ણવતાં જે ઉદાહરણો પસંદ કરી મૂકવામાં આવ્યાં છે, તે જોવાથી બીજા પ્રકારની રચનાનો ઉપર બતાવેલ હેતુ સ્પષ્ટ ધ્યાનમાં આવી શકશે. તે માટે જુઓ રસાર્ણવસુધાકર, પૃ. ૨૯૦થી આગળ.

૨. જુઓ પરિશિષ્ટ ૨.

સાંખ્યકારિકા ઉપરની વાચસ્પતિમિશ્રકૃત વ્યાખ્યા છે. કુમારિલે વૈદિક કર્મકાણ્ડના વિરોધી કોઈ પણ સંપ્રદાય (પછી તે વેદનો વિરોધી હોય કે અવિરોધી) પ્રત્યે ઉગ્ર રોષ દાખવી તે સંપ્રદાયોની યજ્ઞીય હિંસા ન સ્વીકારવાને કારણે જ અપ્રામાણિકતા બતાવવાની ચેષ્ટા કરી છે; અને બૌદ્ધ ધર્મના પ્રવર્તક ગૌતમના વિષયમાં તો એટલે સુધી કહ્યું છે કે તેણે ક્ષત્રિય છતાં ઉપદેશ કરવાનું અને ભિક્ષા માગવાનું બ્રાહ્મણકૃત્ય સ્વીકાર્યું એટલે એવા સ્વધર્મ ત્યાગીના સાચાપણા વિશે વિશ્વાસ જ કેવી રીતે રાખી શકાય ?

શંકરાચાર્ય પણ કુમારિલની પેઠે ગૌતમબુદ્ધ ઉપર એક આરોપ મૂકે છે. તે આરોપ પ્રજા દ્વેષનો. તેઓ કહે છે કે સઘળી પ્રજા આડે રસ્તે દોરાય એવો બુદ્ધનો પોતાના ધર્મ વિશે દુર્હેતુ હતો. જુદાં જુદાં બાર દર્શનો ઉપર ટીકા લખવાની ખ્યાતિ મેળવનાર દાર્શનિક વિચાર અને ભાષામાં અસાધારણ કાબૂ ધરાવનાર વાચસ્પતિમિશ્ર વેદ સિવાયના બધા જ આગમોને મિથ્યા આગમો કહે છે એ તે માટે દલીલો આપતાં એક એવી દલીલ આપે છે કે મ્લેચ્છ વગેરે કોઈ કોઈએ જ અને પશુ જેવા હલકટ પુરુષોએ જ વેદભિન્ન આગમો સ્વીકાર્યા છે માટે તે મિથ્યા આગમ છે[1].

ઉપર જે ત્રિવિધ વૈદિક સાહિત્યમાંના મતાંધતા વિષયક નમૂનાઓ ટૂંક પરિચય આપ્યો છે તેને સવિશેષ અને સ્પષ્ટ સમજવા માટે દરેક સ્થળના તે તે ભાગોનો ભાવાત્મક ટૂંક સાર કે અનુવાદ નીચે આપવામાં આવે છે.

લેખના પ્રાંતભાગમાં આ ઉતારાઓની સમાલોચનાનું કર્તવ્ય બાકી રાખી હમણાં તો વાચકોનું ધ્યાન એ દરેક પુરાવાઓને કાળજીપૂર્વક વાંચી તેના ઔચિત્ય-અનૌચિત્ય વિશે સ્વયંવિચાર કરવા તરફ ખેંચું છું.

## (પુરાણવિષયક) પરિશિષ્ટ-૧

### વિષ્ણુપુરાણ

નગ્ન કોને કહેવાય એવા મૈત્રેયના પ્રશ્નનો ઉત્તર આપતાં પરાશર તેને કહે છે કે જે વેદમાં નથી માનતો, તે નગ્ન. નગ્નના સ્વરૂપ વિશે વધારે ખુલાસો કરવા પરાશર પોતે સાંભળેલી એક વાત મૈત્રેયને કહી સંભળાવે છે. તે આ પ્રમાણે : પહેલાં દેવ અને અસુરોનું યુદ્ધ થયેલું. તેમાં વૈદિક કર્મરત અસુરોએ દેવોને હરાવ્યા. હારેલા દેવોએ વિષ્ણુ પાસે જઈ તેમની સ્તુતિ કરી. વિષ્ણુએ પ્રસન્ન થઈ પોતાના શરીરમાંથી એક માયામોહ પુરુષ

૧. જુઓ પરિશિષ્ટ ૩.

ઉત્પન્ન કરી દેવોને સહાયતાર્થે સોંપ્યો. માયામોહ દેવો સાથે અસુરોના તપસ્યાસ્થાન નર્મદાતટ ઉપર આવ્યો. ત્યાં તેણે માથું મુંડાવી, નગ્નરૂપ ધારણ કરી હાથમાં મયૂરપિચ્છ રાખી તપસ્યા કરતા અસુરોને આ પ્રમાણે ઉપદેશ કરવા માંડ્યો. તેણે અસુરોને સંબોધી કહ્યું, 'જો તમે પારલૌકિક ફલની ઇચ્છાથી તપ કરતા હો તો હું કહું તે જ માર્ગ યોગ્ય છે. અને તમે જ તેના અધિકારી છો.' એમ કહી તેઓને વેદમાર્ગથી ભ્રષ્ટ કર્યા, અને સંશયાત્મક સ્યાદ્વાદનો ઉપદેશ આપ્યો. માયામોહે ઉપદેશેલ નવા ધર્મને પામવા અર્હ (યોગ્ય) હોવાથી એ સ્વધર્મભ્રષ્ટ અસુરો આર્હત કહેવાયા. એકથી બીજા અને બીજાથી ત્રીજા એમ અનુક્રમે અનેક અસુરો સ્વધર્મ તજી નવા આર્હત મતમાં આવ્યા. ત્યારબાદ માયામોહે લાલ કપડાં પહેરી આંખમાં અંજન આંજી બીજા અસુરોને મધુર ઉપદેશ આપ્યો. તેણે કહ્યું 'મહાનુભાવો ! તમે યાજ્ઞિક પશુહિંસા છોડો. તેથી સ્વર્ગ મળવાનું નથી, આખું જગત વિજ્ઞાનમય છે અને દુઃખના પ્રવાહમાં તણાય છે'. આ ઉપદેશથી અનુક્રમે અનેક દૈત્યો સ્વધર્મ ત્યજી નવા માર્ગ ઉપર આવ્યા. ત્યારબાદ માયામોહે નવા નવા સ્વાંગ પહેરી અનેક જાતના ઉપદેશોથી બીજા પણ દાનવોને વેદવિમુખ કર્યા. વેદભ્રષ્ટ થયેલ એ અસુરોએ વેદ, દેવ, યજ્ઞ અને બ્રાહ્મણોની નિંદા કરવી શરૂ કરી, તેઓ કહેવા લાગ્યા કે 'યજ્ઞથી સ્વર્ગ મળે નહિ, જેમાં હિંસા થાય તે કર્મ ધર્મ ન હોઈ શકે. અગ્નિમાં ઘી હોમવાથી સ્વર્ગ મળે એ કથન બાળક જેવું છે. અનેક યજ્ઞો કરી ઇન્દ્રપદ મેળવ્યા બાદ જો સમિધ કાષ્ઠ વગેરે ખાવાના હોય તો પશુ થઈ લીલોછમ ઘાસચારો ચરવો એ જ વધારે શ્રેષ્ઠ છે, જો યજ્ઞમાં હોમાયેલ પશુઓ સ્વર્ગમાં જતા હોય તો સ્વર્ગ પમાડવા માબાપને શા માટે ન હોમવાં ? શ્રાદ્ધના વિષયમાં જો એકને (બ્રાહ્મણને) જમાડવાથી બીજા(પિતરો)ને તૃપ્તિ થતી હોય તો પરદેશમાં જતી વખતે ભાતું સાથે લેવાની શી જરૂર ? એક જણ ઘેર બેઠો જમે અને તે પ્રવાસી(મુસાફરીએ જનાર)ને પહોંચી જાય.' આવી આવી નિંદાથી જ્યારે બધા અસુરો કુપથગામી થયા, ત્યારે તેઓને સ્વધર્મભ્રષ્ટ જોઈ દેવોએ તૈયારીપૂર્વક ફરી યુદ્ધ કર્યું. એ યુદ્ધમાં પૂર્વના વેદધર્મરૂપ કવચ વિનાના તે અસુરો નાશ પામ્યા. પરાશર ઋષિ મૈત્રેયને કહે છે કે 'ત્યારથી માયામોહના એ ઉપદેશને માનનાર નગ્ન કહેવાય છે. અને એવા પાખંડીનો સ્પર્શ થાય તો કપડાં સહિત સ્નાન કરવું. વેદ, યજ્ઞ, દેવ, ઋષિ અને બ્રાહ્મણનો આદર ન કરનાર પાખંડીઓ સાથે કુશળ પ્રશ્ન કે વાર્તાલાપ સુધ્ધાં ન કરવો. તેઓનો સંસર્ગ

સર્વાંશે ત્યાજ્ય છે. એ નગ્નો એટલા બધા પાપી છે કે જો કોઈ શ્રદ્ધાવાન શ્રાદ્ધ કરતો હોય અને તે તરફ નગ્નોની નજર પડે તો તે શ્રાદ્ધથી પિતરોને તૃપ્તિ થતી નથી.

પાખંડીઓ સાથે માત્ર સંભાષણ કરવાથી શું અનિષ્ટ થાય છે તે સમજાવવા પરાશરે મૈત્રેયને એક પોતે સાંભળેલું પ્રાચીન આખ્યાન કહ્યું તે આ પ્રમાણે.

શતધનુ રાજા અને શૈબ્યા નામે તેની ધર્મપત્ની એ બંને વેદમાર્ગરત હતાં. એક વખત ગંગાસ્નાન કર્યા પછી તે રાજાએ પોતાના શિક્ષાગુરુના મિત્ર એક પાખંડી સાથે માત્ર ગુરુના દાક્ષિણ્ય ખાતર સંભાષણ કર્યું. તેને લીધે મરણ પછી તે રાજા શ્વાનયોનિમાં જન્મ્યો. અને શૈબ્યા મૌન રહેલી હોવાથી મરણ પછી કાશી રાજાની પુત્રીરૂપે અવતરી. તે બિચારી પતિવ્રતા હોવાથી પોતાના પતિની દુર્દશા જ્ઞાનદષ્ટિએ જોઈ કુંવારી રહી. પેલો જવાન, શિયાળ, વરૂ આદિ અનેક હલકી યોનિઓમાં ભટકતો છેવટે મોર યોનિમાં જનક રાજાને ત્યાં અવભૃથ સ્નાન (યજ્ઞને અંતે કરાતું તેની સમાપ્તિસૂચન સ્નાન)થી પાપમુક્ત થઈ જનકના પુત્રરૂપે જન્મ્યો. ત્યારબાદ પેલી કુમારી કાશીરાજપુત્રી તેને પરણી. માત્ર દાક્ષિણ્ય ખાતર સંભાષણ કરવાથી શતધનુ આ રીતે નીચ યોનિમાં રખડ્યો અને પાખંડી સાથે વાત ન કરતાં મૌન લેવાથી એ શૈબ્યા રાજપુત્રી થઈ. વેદનિંદક પાખંડીઓનો વિશેષ પરિચય તો દૂર રહ્યો, પણ એની સાથે સંભાષણ થયું હોય તોયે તે પાપ નિવારવા સૂર્યદર્શન કરવું જોઈએ. (બંગાળી આવૃત્તિ. અંશ ૩, અ. ૧૭-૧૮.)

## મત્સ્યપુરાણ

સૂત-સોમપુત્ર બુધ, તેનો પુત્ર પુરૂરવા. પુરૂરવાના સૌંદર્યથી આકર્ષાઈ ઉર્વશી તેને વરી. ધર્મ, અર્થ, કામ એ ત્રણેયે પુરૂરવાને પોતપોતાને અનુરૂપ વર અને શાપ આપ્યા. પુરૂરવાથી ઉર્વશીને આઠ પુત્રો થયા. તેમાંના જ્યેષ્ઠ આયુને પાંચ વીર પુત્રો થયા. તેઓમાંના ત્રીજા પુત્ર રજિને સો પુત્રો થયા. રજિએ નારાયણની આરાધના કરી તેથી તેણે પ્રસન્ન થઈ વરો આપ્યાં અને રજિ વિજયી થયો. ત્રણસો વર્ષ સુધી દેવાસુરનો સંગ્રામ ચાલ્યો. પ્રહ્લાદ અને શક્રના એ ભયાનક યુદ્ધમાં કોઈની હારજીત ન થઈ. ત્યારે દેવો અને અસુરો બ્રહ્મા પાસે ગયા, અને કોણ વિજયી થશે એમ પ્રશ્ન કર્યો. જે પક્ષમાં રજિ હોય તે જીતશે એમ બ્રહ્માએ જવાબ આપ્યો. છેવટે દેવોએ રજિને

પોતાની તરફ મેળવ્યો. રજિએ દેવોનું એવું કામ કર્યું કે તેથી ઇન્દ્ર પ્રસન્ન થઈ પોતે જ તેનો પુત્ર બન્યો. પછી રજિ ઈન્દ્રિને રાજ્ય સોંપી તપ માટે નીકળી ગયો. પાછળથી પેલા સો રજિના પુત્રોએ ઈન્દ્રનો વૈભવ, યજ્ઞભાગ અને રાજ્ય એ બધું છીનવી લીધું. તેથી ઈન્દ્રે દુઃખી થઈ વાચસ્પતિ પાસે જઈ રજિપુત્રો વિશે ફરિયાદ કરી અને સહાયતા માંગી.

બૃહસ્પતિએ ગ્રહશાંતિ અને પૌષ્ટિક કર્મ દ્વારા ઈન્દ્રને બલિષ્ઠ બનાવી વેદબાહ્ય જૈન ધર્મના આશ્રયથી તે રજિ પુત્રોને મોહિત કર્યા. બૃહસ્પતિએ બધા રજિપુત્રોને વેદત્રયભ્રષ્ટ કર્યા; એટલે ઈન્દ્રે તે વેદબાહ્ય અને હેતુવાદી એવા રજિપુત્રોને વજ્રથી હણી નાખ્યા. (મત્સ્યપુ. આનંદાશ્રમ. અ. ૨૪, શ્લો. ૨૮-૪૮.)

## અગ્નિપુરાણ

અગ્નિ કહે છે—પાઠક અને શ્રવણ કરનારને લાભદાયક એવો બુદ્ધાવતાર હવે કહીશ. પહેલાં દેવો અસુરોનું યુદ્ધ થયેલું. તેમાં દેવો હાર્યા. જ્યારે રક્ષણની ઈચ્છાથી દેવો ઈશ્વર પાસે ગયા ત્યારે ઈશ્વર પોતે માયામોહરૂપી શુદ્ધોદનપુત્ર બન્યો.

એ શુદ્ધોદનપુત્રે દૈત્યોને વેદધર્મ છોડાવી મોહિત કર્યા. વેદધર્મ ત્યજેલ બધા દૈત્યો એ જ બૌદ્ધો. બૌદ્ધોથી બીજા પણ વેદબાહ્ય થયા. તે જ માયામોહ શુદ્ધોદનપુત્રનું રૂપ છોડી આર્હત થયો, અને બીજાઓને આર્હત બનાવ્યા. આ રીતે બધા વેદવિમુખ પાખંડીઓ થયા, અને તેઓએ નરક યોગ્ય કામો કર્યાં ? (આનંદાશ્ર. અ. ૧૬ શ્લો. ૧-૪.)

## વાયુપુરાણ

બૃહસ્પતિ—વ્યવસ્થિત શ્રાદ્ધને નગ્નાદિ જોવા ન પામે, કારણ કે તેઓની દૃષ્ટિએ પડેલી વસ્તુઓ પિતા કે પિતામહોને પહોંચતી નથી.

શંયુ—હે દ્વિજવર ! નગ્નાદિ એટલે શું ? એ મને યથાર્થ અને નિશ્ચિત કહો. બૃહસ્પતિ કહે છે કે સર્વ ભૂતોનું આચ્છાદન એ વેદત્રયી. જે દ્વિજો વેદત્રયી ત્યજે છે તે નગ્ન.

પ્રથમ દેવાસુરોના યુદ્ધમાં હારેલા અસુરોએ બ્રાહ્મણ આદિ ચાર વર્ણોને પાખંડીઓ કર્યા, એ પાખંડસૃષ્ટિ બ્રહ્માએ કરી નથી.

બે શ્રાદ્ધમાં ભોજન કરનાર, નિર્ગ્રંથ, શાક્ય, પુષ્ટિને કલુષિત કરનાર એવા જેઓ ધર્મને નથી અનુસરતા તે જ નગ્નાદિ છે. (વડોદરા દેશી કેળવણી

ખાતા તરફથી પ્રકાશિત વાયુ પુ. પૃ. ૬૯૪-૬૯૫.)

## શિવપુરાણ

કાર્તિકેયે તારકાસુરને માર્યો, ત્યારબાદ તેના પુત્રોએ દારુણ તપ કર્યું. એ તપોનુષ્ઠાનથી પ્રસન્ન થઈ બ્રહ્માએ જ્યારે વર માગવા કહ્યું ત્યારે એ તારકપુત્રોએ વર માગ્યું કે ત્રણ પુરોનો આશ્રય લઈ અમે પૃથ્વી ઉપર વિચરીએ અને જે એક જ બાણથી એ ત્રણે પુરોનો નાશ કરે તે જ અમારો અંતક (મૃત્યુ) થાય. બીજા કોઈ અમને મારી શકે નહિ. આ વર બ્રહ્માએ કબૂલ કર્યું. ને મયદાનવ પાસે ત્રણ ઉત્તમ પુરો તૈયાર કરાવી આપ્યાં. તેમાં એ તારકપુત્રો જઈ વસ્યા અને પુરોના આશ્રયથી તથા વરદાનથી બહુ બલિષ્ઠ થઈ પડ્યા. તેઓનાં તેજથી ઈન્દ્રાદિ બધા દેવો ઝાંખા પડ્યા અને દુઃખી થઈ બ્રહ્મા પાસે ગયા, અને પોતાનું દુઃખ વર્ણવ્યું.

બ્રહ્માએ કહ્યું કે મારાથી જ અભ્યુદય પામેલ એ ત્રિપુરરાજનો મારા હાથે કેમ નાશ થાય ? તેથી તમે શિવ પાસે જાઓ. દેવો શિવ પાસે ગયા ત્યારે શિવે પણ બ્રહ્મા પ્રમાણે જ કહ્યું; અને ઉમેર્યું કે એ ત્રિપુરપતિઓ પુણ્યશાળી છે. તેથી તેઓનો નાશ શક્ય નથી. એ ઉત્તરથી દુઃખ પામી દેવો વિષ્ણુ પાસે ગયા. વિષ્ણુએ પણ શિવના ઉત્તરને બેવડાવ્યો. પણ જ્યારે દેવો બહુ ખિન્ન થયા ત્યારે વિષ્ણુએ ફરી વિચાર કર્યો ને છેવટે યજ્ઞોને સ્મર્યા. યજ્ઞો આવ્યા અને વિષ્ણુની સ્તુતિ કરવા લાગ્યા. એ ભગવાન વિષ્ણુએ ઈન્દ્રાદિ દેવોને કહ્યું કે આ ઉપસદ્ યજ્ઞથી પરમેશ્વર(શિવ)ની અર્ચા કરો. તેથી જ ત્રિપુરજય થશે. વિશેષ વિચારી વળી વિષ્ણુએ દેવોને કહ્યું, આ અસુરો નિષ્પાપ છે, નિષ્પાપને હણી શકાય નહિ, પણ કદાચ તેઓ પાપી હોય તો યે હણવા અશક્ય છે. કારણ કે તેઓ બ્રહ્માના વરથી બલિષ્ઠ બનેલા છે. ફક્ત રુદ્રના પ્રભાવથી એઓને હણી શકાશે. બ્રહ્મા, દેવ, દૈત્ય કે બીજા ઋષિમુનિઓ ગમે તે હોય પણ તે બધા શિવની મહેર વિના એઓને હણી શકશે નહિ. એક શંકર જ લીલામાત્રમાં એ કામ કરશે. એ શંકરના એક અંશ માત્રના પૂજનથી બ્રહ્મા બ્રહ્મત્વ, દેવો દેવત્વ અને હું વિષ્ણુત્વ પામેલ છીએ. તે માટે એ જ શિવના પૂજનથી લિંગાર્ચન વિધિથી અને રુદ્રયાગથી આપણે એ ત્રિપુરોને જીતીશું. પછી વિષ્ણુ અને દેવોએ મળી ઉપસદ્ યજ્ઞથી શિવની આરાધના કરી એટલે હજારો ભૂત ગણો અનેક જાતના શસ્ત્રાસ્ત્રોથી સજ્જ થઈને સામે આવી ઊભા અને નમ્યા. એ પ્રણત ભૂતગણોને હરિએ

(વિષ્ણુએ) કહ્યું કે દૈત્યોના ત્રણ પુરને તોડી, ફોડી, બાળી પછી તમે આવ્યા તેમ પાછા જઈ શકો. વિષ્ણુ શિવને પ્રણામ કરી ગણો સામે જોઈ વિચારમાં પડ્યા કે શું કરીશું ? તે દૈત્યોનું બળ તોડી દેવકાર્ય શી રીતે સાધીશું ? કારણ કે ધાર્મિકનો નાશ અભિચાર કર્મથી થઈ શકે નહિ. એ ત્રિપુરવાસી બધા દૈત્યો તો ધર્મિષ્ઠ જ છે, અને તપોધર્મના બળથી જ અવધ્ય બનેલા છે. ગમે તેટલું મહત્ પાપ કર્યું હોય છતાં જો શિવપૂજન કરવામાં આવે તો તે પાપ જતું રહે છે. શિવપૂજાથી મોટી ભોગસંપત્તિ મળે છે. એ બધા દૈત્યો લિંગપૂજાપરાયણ હોવાથી વૈભવશાળી થયેલા છે. તે માટે હું મારી માયાથી તેઓના ધર્મમાં વિઘ્ન કરીને તેઓના વિનાશ માટે ત્રિપુરનો ધ્વંસ કરીશ. આ પ્રમાણે વિચારી ભગવાન વિષ્ણુએ દૈત્યોના ધર્મમાં વિઘ્ન નાખવા માટે નિશ્ચય કર્યો. જ્યાં સુધી વેદધર્મ, લિંગપૂજા, શ્રુતિવિહિત સ્નાન, દાન આદિ ધર્મકૃત્યો રહેશે, ત્યાં સુધી તેઓનો નાશ થવાનો જ નથી. એવા નિશ્ચયથી વિષ્ણુએ દેવોને પોતપોતાને સ્થાને જવાની રજા આપી. અને પોતે સર્વ પાપ વિનાશકારક એવા દેવકાર્ય માટેનો વિધિ આરંભ્યો. એ વિધિ શો તે હવે સાંભળો.

સૂત–મહાતેજસ્વી માયાવી વિષ્ણુએ તે દૈત્યોના ધર્મમાં વિઘ્ન નાખવા માટે માયામય એક પુરુષ પોતાના દેહમાંથી સર્જ્યો; જે માથે મુંડો, મલિન વસ્ત્રવાળો કુંડીપાત્રયુક્ત થઈ હાથમાં પૂંજણીને ધારણ કરતો અને પગલે પગલે તે પૂંજણીને ફેરવતો. તેમ જ વસ્ત્રયુક્ત હાથને નિરંતર મોઢા ઉપર રાખતો અને ધર્મ (ધર્મલાભ) બોલતો વિષ્ણુને નમસ્કાર કરી ઊભો રહ્યો. ઉક્ત રૂપવાળા તે માયામય પુરુષે હાથ જોડી વિષ્ણુને કહ્યું કે હે અરિહન્ ! હે પૂજ્ય ! ફરમાવો. મારું શું કર્તવ્ય છે ? એ સાંભળી વિષ્ણુએ કહ્યું કે હે પુરુષ ! જે કાર્ય માટે મેં તને સર્જ્યો છે, તે કહું છું. બરાબર સમજી લે. તું મારા શરીરથી ઉત્પન્ન થયેલો હોવાને લીધે તારે મારું જ કામ કરવું તે યોગ્ય છે. તું મારો પોતાનો છે, તેથી હમેશાં પૂજ્ય બનીશ. હે માયામય પુરુષ ! આ માયાવી શાસ્ત્રો તું લે. એ શાસ્ત્ર ૧૬૦૦૦ પ્રમાણ છે. શ્રૌતસ્માર્તવિરુદ્ધ અને વર્ણાશ્રમવ્યવસ્થા વિનાનું છે. આજ લોકમાં (પરલોકમાં નહિ) સ્વર્ગ અને નરક હોવાનો વિશ્વાસ કરાવે તેવું છે. તેમ જ વેદભ્રષ્ટ અને કર્મવાદયુક્ત છે. આ શાસ્ત્ર તારાથી વિસ્તાર પામશે. અને હું તને સામર્થ્ય આપું છું તેથી તું નવું પણ રચી શકીશ. વશ્ય અને અવશ્ય કરનારી અનેક માયાઓ, રોધન, અરોધન (આવિર્ભાવ તિરોભાવ) ઇષ્ટાનિષ્ટપ્રદર્શન, અનેકવિધ

પિશુન કલ્પના અને બીજાં બધાં વિચિત્ર કાર્યો એ બધું તું કરી શકીશ. વિષ્ણુનું એ કથન સાંભળી માયામય પુરુષે હરિને પ્રણામ કરી કહ્યું કે જે આદેશ કરવો હોય તે ફરમાવો. ત્યારબાદ વિષ્ણુએ એ પુરુષને માયામય સૂત્ર (શાસ્ત્ર) ઉપદેશી તે ભણાવ્યું અને કહ્યું કે તારે આ શાસ્ત્ર એ ત્રિપુરવાસી દૈત્યોને ભણાવવું. વિશેષમાં વિષ્ણુએ કહ્યું, એ લોકોમાં શ્રૌતસ્માર્ત ધર્મ વર્તે છે. પણ તારે આ શાસ્ત્ર વડે તેનો ધ્વંસ કરવો; કરાણ કે તેથી જ તે દૈત્યોનો વિનાશ શક્ય છે.

હે માયામય પુરુષ ! તું એ રીતે નવીન ધર્મ દ્વારા ત્રિપુરોનો નાશ કરી કલિયુગ આવે ત્યાં સુધી મરુદેશમાં જઈ રહેજે. કલિ આવે કે તરત જ પોતાનો ધર્મ પ્રકાશવો. મારી આજ્ઞા છે કે એ તારો ધર્મ શિષ્ય, પ્રશિષ્ય આદિ પરિવાર દ્વારા બહુ વિસ્તાર પામશે. ત્યારબાદ તે મુંડીએ વિષ્ણુની આજ્ઞાનું પાલન કરીને ચાર શિષ્યો કર્યા અને તેઓને તે માયામય શાસ્ત્ર ભણાવ્યું. જેવી રીતે મુંડી તેવી રીતે તેના શિષ્યો પણ વિષ્ણુને નમસ્કાર કરીને ઊભા રહ્યા. એટલે વિષ્ણુએ તેઓને પ્રસન્ન થઈ કહ્યું કે તમો ધન્ય છો. મારા આદેશથી જેવી રીતે તમારા ગુરુ તેવી રીતે તમે પણ થશો. હાથમાં પાત્ર, મોઢે વસ્ત્રવાળા, મલિન કપડાં પહેરતા, અપભાષી, ધર્મલાભ એ પરમતત્ત્વ છે એમ બોલતા, વસ્ત્રના ખંડથી રચેલ માર્જની ધારણ કરતા, એવા એ પાખંડધર્મને આશ્રિત થયેલા ચાર મુંડી પુરુષોને હાથમાં લઈ વિષ્ણુએ તેઓના ગુરુ માયામય પુરુષને સોંપ્યા અને કહ્યું કે જેવો તું તેવા આ ચાર. તમે બધા મારા જ છો. પૂજ્ય, ઋષિ, યતિ, આચાર્ય, ઉપાધ્યાય એવા તમારાં આદિ નામો થશે. મારું પણ તમારે અરિહન્ એ નામ લેવું, ને એ નામનું ધ્યાન કરવું. ત્યારબાદ શિષ્યયુક્ત એ માયામયે ત્રિપુરમાં પ્રવેશ કરી માયા પ્રકટાવી નજીકના વનમાં શિષ્યસમેત જઈ માયાવીઓને પણ મોહ પમાડે એવી માયા પ્રવર્તાવી. જે જે તે વનમાં દર્શન માટે કે સમાગમ માટે ગયા, તે બધા તે માયામય પાસે દીક્ષિત થયા. નારદ પણ વિષ્ણુની આજ્ઞાથી તે મુંડી પાસે દીક્ષિત થયો. અને ત્રિપુરમાં પ્રવેશ કરી તેના સ્વામી દૈત્યરાજને તેણે નિવેદન કર્યું કે અહીં કોઈ યતિ આવેલ છે. અમે ઘણા ધર્મો જોયા પણ તેના જેવો બીજો ધર્મ નથી. એના સનાતન ધર્મને જોઈ અમે તેની દીક્ષા લીધી છે. તારી ઈચ્છા હોય તો તું પણ તેની પાસે દીક્ષા લે. નારદનું એ કથન સાંભળી ત્રિપુરપતિ વિદ્યુન્માલી મુંડી પાસે ગયો. એમ ધારીને કે જેની પાસે નારદે દીક્ષા લીધી તેની પાસે અમે પણ લઈએ. તે રાજા મુંડીની માયામાં ફસાયો

અને કહ્યું કે મને દીક્ષા આપો. એ સાંભળી મુંડીએ કહ્યું, હે રાજન્ ! હું તારી પાસે જે માગું છું તે કબૂલ કર, અને તે એ કે મારું વચન તારે અન્યથા ન કરવું. રાજા મુંડીના પાશમાં સપડાયો અને કબૂલ કર્યું. એટલે મુંડીએ વિદ્યુન્માલીને બોલાવીને કહ્યું કે હે રાજન્, તું મારી પાસે આવ અને આ મંત્ર સાંભળ. એમ કહી મોઢેથી વસ્ત્ર હઠાવી પોતાનું એવું તત્ત્વ રાજાને સંભળાવ્યું કે જેનાથી તેના ધર્મનો નાશ થાય. મુંડીએ રાજાને દીક્ષા લેવા કહ્યું કે તુરત જ તેણે અને અનુક્રમે બધા ત્રિપુરવાસીઓએ મુંડી પાસે દીક્ષા લીધી. અને એ મુનિના શિષ્યો પ્રશિષ્યોથી બધું ત્રિપુર વ્યાપી ગયું.

વિષ્ણુની આજ્ઞાથી માયામોહે સ્ત્રીધર્મનું અને શ્રાદ્ધધર્મોનું ખંડન કર્યું. શિવપૂજા તેમ જ વિષ્ણુના યજ્ઞભાગોને ખંડિત કર્યા. સ્નાન, દાન, તીર્થ આદિ સર્વે વેદધર્મો તેણે દૂર કર્યા. ત્રિપુરમાં અલક્ષ્મી (પડતી) આવી. અને બ્રહ્માની કૃપાથી જે લક્ષ્મી થઈ હતી તે ચાલી ગઈ. નારદે વિષ્ણુની માયાથી દૈત્યોને બુદ્ધિવ્યામોહ પમાડ્યો. જેવો એ માયામોહ પુરુષ તેવો જ નારદ. એથી શ્રૌતસ્માર્ત ધર્મો નાશ પામ્યા એટલે વિષ્ણુએ પાખંડ ધર્મ સ્થાપ્યો.

દૈત્યોમાં શિવનો ત્યાગ થયો. લિંગપૂજા ગઈ, સ્ત્રીધર્મ નાશ પામ્યો, દુરાચાર સ્થિર થયો. એટલે વિષ્ણુ પોતાને કૃતકૃત્ય માનતા દેવોને સાથે લઈ શિવ પાસે ગયા, અને તેઓની સ્તુતિ કરી. દેવોએ પણ સ્તુતિ કરી, અને કહ્યું કે વિષ્ણુની માયાથી દૈત્યો મોહ પામ્યા છે. હે શિવ ! હવે તેઓનો નાશ કરો, અને અમારી રક્ષા કરો. શિવે કહ્યું, કે મેં દેવકાર્ય તથા વિષ્ણનું અને નારદનું મહાબળ જાણી લીધું છે. હું દૈત્યોનો નાશ કરીશ. અનુક્રમે શિવે તે ત્રિપુરને બાળી નાંખ્યું. એમાં જે દૈત્યો રુદ્રની પૂજા કરતા હતા તેઓ ગણપતિ થયા. છેવટે પેલા મુંડીઓ આવ્યા અને બ્રહ્મા, વિષ્ણુ આદિ દેવોને નમન કરી બોલ્યા કે અમે શું કરીએ ? ઉત્તરમાં તેઓએ કહ્યું, જાવ તમે કલિયુગ પૂરો થાય ત્યાં સુધી મરુદેશમાં રહો. મુંડીઓ તેઓના આદેશ પ્રમાણે મરુદેશમાં ગયા. અને બીજા દેવો પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. (બંગાળી આવૃ. જ્ઞાનસંહિતા અ. ૧૯-૨૦-૨૧-૨૨.)

## પદ્મપુરાણ

અંગ નામે એક તપસ્વી શ્રેષ્ઠ બ્રાહ્મણ હતો, તે યમપુત્રી સુનીથાને પરણ્યો. તેણીને બ્રાહ્મણથી એક પુત્ર થયો જેનું નામ વેન રાખ્યું. વેન ધાર્મિક અને પ્રતાપી હતો.

ઋષિઓ—હે સૂત ! એ પ્રજાપાલન પરાયણ ધાર્મિક બ્રાહ્મણ શ્રેષ્ઠ વેનની પાપબુદ્ધિ કેમ થઈ તે કહો.

સૂત—હે વિપ્રો ! સુશંખે જે શાપ આપેલો તે કેમ ટળે ? તે શાપથી તેણે જે પાપાચાર સેવ્યો તે હું કહું છું. સાંભળો. વેન ધર્મપૂર્વક પ્રજા પાલન કરતો હતો. તેવામાં એક માયાવેશધારી પુરુષ આવ્યો, જે મોટો કદાવર, નગ્નરૂપધારી, સિતમુંડ, મુંડેલા માથાવાળો) મયૂર પિચ્છોની માર્જની બગલમાં રાખતો, હાથમાં નાળિયેરનું પાનપાત્ર ધારણ કરતો, વેદશાસ્ત્રને દૂષિત કરનાર અને મરુચ્છાસ્ત્રનો (?) પાઠ કરતો એવો હતો. તે પાપી પુરુષ વેનની સભામાં જલદી દાખલ થયો. તેને જોઈ વેને કહ્યું, આવા રૂપને ધારણ કરનાર તું કોણ છે અને મારી સભામાં કેમ આવ્યો છે ? આ તારો વેશ કયા પ્રકારનો છે ? તારું નામ શું ? તારાં ધર્મ અને કર્મ શું છે ? તારો કયો વેદ, કયો આચાર, શી જાતિ, શું જ્ઞાન, શો પ્રભાવ, અને ધર્મરૂપ સત્ય શું છે ? આ બધું મારી આગળ યથાર્થ રીતે કહે. વેનનું એ વચન સાંભળી તે પાપ પુરુષ બોલ્યો—વેન ! તું ખરેખર વ્યર્થ રાજ્ય કરે છે. હું ધર્મનું સર્વસ્વ છું, હું દેવનો સવિશેષ પૂજ્ય છું. હું જ્ઞાન છું. હું સત્ય છું. હું સનાતન ધાતા છું, હું ધર્મ છું. હું મોક્ષ છું. હું સર્વદેવમય છું અને બ્રહ્મદેહથી ઉત્પન્ન થયેલ હું સત્યપ્રતિજ્ઞ છું; એમાં કાંઈ ફેર નથી. મારું રૂપ એ જિનનું સ્વરૂપ છે, ને સત્યધર્મનું ક્લેવર છે જેનું જ્ઞાનતત્પર યોગીઓ ધ્યાન કરે છે.

વેન—તારો ધર્મ કેવો છે ? દર્શન કેવું અને આચાર કેવો છે તે બધું કહે.

પાપપુરુષ—જેમાં અર્હત્ દેવતા, નિર્ગ્રન્થ ગુરુ, અને દયા પરમ ધર્મ છે. તેથી મોક્ષ પમાય છે. હવે હું આચાર કહું છું. એમાં યજનયાજન કે વેદાધ્યયન નથી. સંધ્યા તપ નથી. દાનમાં સ્વધા સ્વાહા મંત્ર નથી. હવ્યકવ્યાદિક નથી, યજ્ઞાદિક ક્રિયાઓ નથી, પિતૃતર્પણ એટલે શ્રાદ્ધ નથી, અતિથિ નથી, વૈશ્વદેવ કર્મ નથી. કૃષ્ણપૂજા નથી. માત્ર તેમાં અરિહંતોનું ધ્યાન ઉત્તમ મનાય છે. આ બધું જૈન ધર્મનું સ્વરૂપ મેં તને કહ્યું.

વેન—જ્યાં વેદકથિત ધર્મ જેમકે યજ્ઞાદિક ક્રિયા કે પિતૃતર્પણ, વૈશ્વદેવિકકર્મ, દાન તપ વગેરે નથી, તો તેમાં ધર્મનું લક્ષણ શું ? દયાધર્મ કેવો છે ? એ બધું તું મારી સમક્ષ સ્પષ્ટ કહે.

પાપ—પાંચભૌતિક દેહ એ જ આત્મા છે અને તે પાણીના પરપોટાની જેમ ઉત્પન્ન થાય અને નાશ પામે છે. અંતકાલે આત્મા ચાલ્યો જાય છે. પાંચદૈહિકતત્ત્વો પાંચભૂતમાં મળી જાય છે. માણસો પરસ્પર મોહમુગ્ધ થઈ

પ્રવૃત્તિ કરે છે. મોહથી શ્રાદ્ધ કરે છે. મોહથી જ મરણતિથિયે પિતૃતર્પણ કરે છે. મરેલો ક્યાં રહે છે, શી રીતે ખાય છે ? હે નૃપ ! તેનું જ્ઞાન અને કાર્ય કેવાં છે તે કોણે જોયું છે ? તે બધું તું અમને કહે. શ્રાદ્ધ કોનું માનવું ? મિષ્ટભોજન તો માત્ર બ્રાહ્મણોને પહોંચે છે. તેવી રીતે વૈદિક યજ્ઞોમાં અનેક જાતની પશુહિંસા કરવામાં આવે છે, તેથી શો લાભ છે ? દયા વિનાનું કોઈ પણ ધર્મકૃત્ય નિષ્ફળ છે. દયા વિનાના આ વેદો એ અવેદો છે. ચાણ્ડાલ હોય કે શૂદ્ર જો તે દયાળુ હોય તો તે બ્રાહ્મણ છે અને બ્રાહ્મણ પણ નિર્દય હોય તો તે નિકૃષ્ટ છે. એક જિનદેવની આરાધના હૃદયથી કરવી, તેને જ નમસ્કાર કરવો. બીજાની તો વાત શી પણ માતાપિતા સુધ્ધાંને નમન ન કરવું.

વેન—બ્રાહ્મણ, આચાર્યો ગંગા આદિ નદીઓને તીર્થરૂપ વર્ણવે છે તો શું તે સાચું છે ? જો એ તીર્થોમાં તું ધર્મ માનતો હોય તો મને કહે.

પાપ—આકાશથી પાણી પડે છે, એ જ પાણી બધાં જલાશયોમાં સરખી રીતે છે; પછી એમાં તીર્થપણું શું ? પહાડો પણ પથ્થરના ઢગલા છે. એમાં પણ તીર્થપણું શું છે ? સ્નાનથી સિદ્ધિ થતી હોય તો માછલાં સૌથી પહેલા સિદ્ધિ પામે. એક જિનનું ધ્યાન જ શ્રેષ્ઠ છે. બીજું બધું વેદોક્તશ્રાદ્ધ યજ્ઞાદિક કર્મ વ્યર્થ છે.

સૂત—તે પાપપુરુષના ઉપદેશથી વેન ભરમાયો; અને તે પાપના પગમાં પડી તેનો ધર્મ સ્વીકાર્યો. તેથી યજ્ઞયાગાદિ વૈદિક ધર્મો લુપ્ત થયા અને સંપૂર્ણ પ્રજા પાપમાં પડી. પિતા અંગે અને માત્તા સુનીથાએ બહુ કહ્યું છતાં વેને કશું ગણકાર્યું નહિ. અને તીર્થ, સ્નાન, દાન આદિ બધું ત્યજી બેઠો. અંગના પૂછવાથી સુનીથાએ પોતાની બાલ્યાવસ્થામાં સુશંખ તપસ્વીનો જે કશા ઘાતરૂપ અપરાધ કર્યો હતો, અને તેને પરિણામે તે તપસ્વીએ દુષ્ટ પુત્ર થવાનો જે શાપ આપ્યો હતો, એ બધું કહી સંભળાવ્યું. ત્યારબાદ સાત ઋષિઓએ આવી આશ્વાસનપૂર્વક વેનને કહ્યું—હે વેન ! પાપકર્મ ત્યજી ધર્માચરણ કર. એ સાંભળી વેને હસતાં હસતાં કહ્યું—હું જ પવિત્ર છું. સનાતન જૈન ધર્મ મહાધર્મ છે. હે વિપ્રો ! તમે ધર્માત્મા એવા મને સેવો. ઋષિઓ-બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય એ ત્રણ દ્વિજ છે. સઘળી પ્રજા વેદાચાર પાલનથી જ જીવે છે. તું બ્રાહ્મણનો પુત્ર હોઈ બ્રાહ્મણ છે, અને પછીથી પૃથ્વી ઉપર પરાક્રમી રાજા થયો છે. પ્રજા રાજાના પુણ્યથી સુખી અને પાપથી દુઃખી થાય છે; તેથી તું અધમ છોડી સત્યધર્મ આચર. તેં જે ધર્મ સ્વીકાર્યો છે તે ત્રેતા કે દ્વાપરનો નથી પણ કલિનો છે. કલિમાં પ્રજા જૈન ધર્મનો આશ્રય

કરી પાપમુગ્ધ થશે અને દરેક માણસ વેદાચાર છોડી પાપમાં પડશે. જૈન ધર્મ પાપનું મૂળ છે. જૈન ધર્મથી બધા જે પાપમાં પડ્યા છે તેઓને ગોવિંદ પોતે મ્લેચ્છરૂપ ધારણ કરી પાપમુક્ત કરશે અને મ્લેચ્છોના નાશ માટે એ ગોવિંદ કલ્કિરૂપે થશે. તું કલિનો વ્યવહાર છોડી પુણ્ય આચર. વેને ન માન્યું એટલે એ સાતે બ્રહ્મપુત્રો ગુસ્સે થયા. એ જોઈ તેઓના શાપભયથી વેન વલ્મીકમાં પેસી ગયો. કુપિત ઋષિઓએ તે દુષ્ટને શોધી તેના ડાબા હાથનું મથન કર્યું એટલે તેમાંથી મહાહ્રસ્વ, નીલવર્ણ, રક્તનેત્ર એક બર્બર પેદા થયો જે બધા મ્લેચ્છોનો પાલનહાર થયો. ત્યારબાદ વેનના દક્ષિણ હાથનું તેઓએ મથન કર્યું, એટલે તેથી પૃથુ પ્રકટ્યો જેણે આ પૃથ્વીનું દોહન કર્યું. તેના પુણ્યપ્રભાવથી વેન ધાર્મિક થઈ છેવટે વિષ્ણુધામમાં પહોંચ્યો. (આનંદાશ્રમ અ. ૩૬ ભા. ૧)

દાનવ—હે ગુરો ! આ અસાર સંસારમાં અમને કાંઈ એવું જ્ઞાન આપો કે જેથી અમો મોક્ષ પામીએ.

શુક્રરૂપધારી બૃહસ્પતિ—હે દૈત્યો ! હું મોક્ષદાયી જ્ઞાન આપું છું તે સાંભળો. વેદત્રયીરૂપ જે શ્રુતિ છે તે વૈશ્વાનરના પ્રસાદથી દુઃખદ છે. યજ્ઞ અને શ્રાદ્ધ સ્વાર્થીઓએ બનાવ્યાં છે. વૈષ્ણવ અને શૈવધર્મ કુધર્મો છે. તે હિંસક અને સ્ત્રીયુક્ત પુરુષોએ પ્રચલિત કર્યો છે. રુદ્ર એ અર્ધનારીશ્વર છે, ભૂતગણથી વેષ્ટિત છે, અસ્થિ તથા ભસ્મ ધારણ કરે છે. તે મોક્ષ કેમ જશે ? સ્વર્ગ કે મોક્ષ કાંઈ નથી. લોકો વૃથા ક્લેશ સહે છે. વિષ્ણુ હિંસામાં સ્થિત છે, રાજસપ્રકૃતિ બ્રહ્મા પોતાની પ્રજા (પુત્રી ઉષા) ભોગવે છે. બીજા પણ વૈદિક દેવો અને ઋષિઓ માંસભક્ષક છે. આ બ્રાહ્મણો પણ માંસભક્ષક છે. આ ધર્મથી કોણ સ્વર્ગ કે મોક્ષ પામશે ? જે યજ્ઞાદિક વૈદિક કર્મો અને શ્રાદ્ધાતિ સ્માર્ત કર્મો છે તે વિષયમાં આ શ્રુતિ (કહેવત) છે કે યૂપને છેદી પશુઓને મારી લોહીનો કાદવ બનાવી જો સ્વર્ગમાં જવાતું હોય, તો નરકે કોણ જાય ? જો એકના ખાવાથી બીજાને તૃપ્તિ થતી હોય તો પરદેશમાં જનારે સાથે ખાવાનું ન લેવું. તેને જે સાથે લેવું હોય તે પાછળ રહેલ બીજાને જમાડી દેવું. ગુરુનું એ કથન સાંભળી બધા દાનવો સંસારથી વિરક્ત થઈ કહેવા લાગ્યા, હે ગુરુ ! અમને દીક્ષા આપો એ રીતે જ્યારે છન્ન (કપટરૂપધારી) ગુરુને દૈત્યોએ કહ્યું ત્યારે તે વિચારમાં પડ્યો કે આ દૈત્યોને મારે કેવી રીતે પાપી અને નરકગામી કરવા ? તેમ જ શ્રુતિબાહ્ય અને લોકમાં ઉપહાસાસ્પદ કેવી રીતે કરવા ? એમ વિચારી બૃહસ્પતિએ કેશવને સ્મર્યા.

એ સ્મરણ જાણી વિષ્ણુએ મહામોહ ઉત્પન્ન કરી બૃહસ્પતિને આપ્યો અને આ પ્રમાણે કહ્યું. આ મહામોહ તમારી સાથે મળી બધા દૈત્યોને વેદમાર્ગ બહિષ્કૃત કરી મોહિત કરશે. એમ કહીને વિષ્ણુ અંતર્ધાન થયા. એટલે માયામોહ દૈત્યો પાસે આવી બૃહસ્પતિને કહેવા લાગ્યો.

મહામોહ—હે શુક્ર ! હમણાં અહીં આવો, હું તમારી ભક્તિથી આકર્ષિત થઈ અનુગ્રહાર્થે અહીં આવ્યો છું. ત્યારબાદ માયામોહ દિગમ્બર, મુણ્ડી, મયૂરપિચ્છધારી થઈને ફરી નીચે પ્રમાણે બોલ્યો. દિગમ્બર—હે દૈત્ય રાજા, તમે તપ કરો છો પણ કહો કે એ તપ ઐહિક ફળ માટે કે પારલૌકિક ફળ માટે કરો છો ? દૈત્યો—અમે પારલૌકિક લાભ માટે તપ આદર્યું છે. તે બાબત તમે શું કહેવા માગો છો ?

દાનવ—હે પ્રભો ! અમે તારા તત્ત્વ માર્ગમાં દાખલ થયા છીએ. જો તું પ્રસન્ન હોય તો અનુગ્રહ કર. અમે દીક્ષા યોગ્ય બધી સામગ્રી લાવીએ કે જેથી તારી કૃપાથી મોક્ષ જલદી હસ્તગત થાય. ત્યારબાદ માયામોહે બધા દૈત્યોને કહ્યું. રક્તાંબર—આ શ્રેષ્ઠધી ગુરુ (શુક્રરૂપ ધારી બૃહસ્પતિ) મારી આજ્ઞાથી તમને બધાને મારા શાસનમાં દીક્ષિત કરશે. હે બ્રહ્મન્ ! આ બધા મારા પુત્રોને દીક્ષા આપ. એમ કહી માયામોહ ઇષ્ટ સ્થાને ચાલ્યો ગયો. તે ગયા બાદ દૈત્યોએ ભાર્ગવ(શુક્ર)ને કહ્યું —હે મહાભાગ ! અમને સંસારમોચની દીક્ષા આપ. શુક્રે તથાસ્તુ એમ કહી નર્મદા તટે જઈ બધા દૈત્યોને દિગંબર કર્યા. તેઓને મયૂરપિચ્છનો ધ્વજ, ચણોઠીની માળા આપીને શિરોલુંચન (કેશલોચ) કર્યું અને શુક્રે કહ્યું કે ''ધનનો ઈશ્વર ધનદદેવ કેશલુંચન અને વેષ ધારણથી પરમ સિદ્ધિ પામ્યો. એ જ રીતે મુનિત્વ પ્રાપ્ત થાય છે, એવું અર્હતો કહી ગયા છે. કેશોત્પાટન વડે માણસો દેવત્વને પામે છે તો પછી તમે કેશોત્પાટન કેમ નથી કરતા ?''

દેવોના પણ મનુષ્ય લોક વિશે મનોરથો એવા છે કે આ ભારતવર્ષમાં શ્રાવક કુળમાં ક્યારે જન્મ થશે ? અને કેશોત્પાટનપૂર્વક તપોયુક્ત આત્મા ક્યારે થશે ? ચોવીસ તીર્થંકર વગેરે ક્યારે પ્રાપ્ત થશે ? તેમ જ ક્યારે ઋષિ થઈને પંચાગ્નિ તપ તપીશું ? અથવા તપ કરતાં કરતાં મૃત્યુ પામીને પાષાણથી મસ્તક ક્યારે ભેદાશે ? નિર્જન અરણ્યમાં અમારો નિવાસ ક્યારે થશે ? ઇત્યાદિ અનેક પ્રકારે ઉપદેશ આપ્યો. ત્યારબાદ દાનવોએ કહ્યું, હે શુક્ર ! અમોને દીક્ષા આપ. તથાસ્તુ એમ કહી શુક્ર બોલ્યો. ''અન્ય દેવોને પ્રણામ ન કરવો. એક વાર ભોજન હસ્તપાત્રમાં કરવું. કેશકીટ રહિત પાણી

ઊભા ઊભા પીવું, અન્યની નજર ન પડે તેમ પ્રિય અપ્રિય વસ્તુને સમાન ગણી વાપરવી એમ નિયમો અને દીક્ષા આપી. શુક્ર સ્વર્ગે ચાલ્યો ગયો. ત્યાં જઈ તેણે બધી હકીકત દેવોને કહી એટલે દેવો નર્મદા તટે આવ્યા. પ્રહ્લાદ વિનાના દૈત્યોને જોઈ સંતુષ્ટ થઈ ઇન્દ્રે નમુચિ આદિ દૈત્યોને કહ્યું–હે દૈત્યો ! પહેલાં તમે સ્વર્ગમાં રાજ્ય કર્યું. હવે આ નગ્નમુણ્ડી કમંડલુયુક્ત વેદલોપક વ્રત કેમ શરૂ કર્યું છે ? ઉત્તરમાં દૈત્યોએ કહ્યું–હવે અમે અસુરપણું છોડી ઋષિધર્મ સ્વીકાર્યો છે, દરેક પ્રાણીને ધર્મવૃદ્ધિકારક તત્ત્વ કહીએ છીએ. જા તું નિર્ભય થઈ સ્વર્ગમાં રાજ્ય કર. એ સાંભળી ઇન્દ્ર સ્વર્ગમાં ગયો. (આનંદાશ્રમ ભા. ૩ અ. ૧૩ પૃ. ૮૨૭)

જેમ લોકો ચંડાળની સામે જોતા નથી તેમ અવૈષ્ણવ બ્રાહ્મણની સામે ન જોવું. કોઈ વૈષ્ણવ હોય પછી ભલે તે વર્ણબાહ્ય હોય તો પણ એના વડે સંસાર પવિત્ર થાય છે. (અ. ૨૪૫ શ્લો. ૩૪ તથા અ. ૨૫૨ શ્લો. ૫૨)

જે બ્રાહ્મણે ચક્રની છાપ લીધી નથી તેનો સંગ દૂરથી પરિહરવો.

(અ. ૨૫૨ શ્લો. ૫૧)

દિલીપ–આપે જે જીવ અને પર વગેરેનું સ્વરૂપ કહ્યું, સ્વર્ગ તથા મોક્ષનું સ્વરૂપ તથા તેનાં સાધન કહ્યાં તે બધું હું સમજ્યો. પણ હે ગુરો ! મારા મનમાં એક શંકા છે અને તે એ કે બ્રહ્મા અને રુદ્ર મહાભાગવત છતાંય આવા ગર્હિત રૂપને કેમ પામ્યા ?

વસિષ્ઠ–રાજન્ ! તમારી શંકાનું નિરાકરણ આ પ્રમાણે છે. મંદર પર્વત ઉપર સ્વાયંભુવ મનુના દીર્ઘ સત્ર પ્રસંગે શાસ્ત્રપંડિત અનેક ઋષિઓ ભેગા થયા. તે વખતે દેવતત્ત્વના સ્વરૂપ વિશે તે ઋષિઓએ ચર્ચા કરતાં એવો પ્રશ્ન કર્યો કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રણમાં કયો દેવ અવ્યય, પરમાત્મા અને સનાતન છે ? એમાંના કેટલાક ઋષિઓએ રુદ્રને મહાનમાં મહાન દેવ કહ્યો. કેટલાકે બ્રહ્માને જ પૂજ્ય કહ્યો. કોઈએ સૂર્યને પૂજ્ય જણાવ્યો અને કોઈએ શ્રીપતિને સનાતન જણાવ્યો.

આવી રીતે એ ઋષિઓ વચ્ચે મોટો વાદવિવાદ થયો. એ છેવટે નિર્ણયને માટે ભૃગુઋષિને કહેવામાં આવ્યું કે હે મુનિસત્તમ ! તમે એ ત્રણે દેવો પાસે જાઓ અને ચોક્કસ કરીને અમને જણાવો કે એ દેવોમાં કયો દેવ ઉત્તમ છે.

પછી ભૃગુઋષિ કૈલાસમાં વાસ કરતા મહાદેવજીને ઘેર સૌથી પ્રથમ ગયા. ત્યાં દ્વારપાળ તરીકે બેઠેલા મહારૌદ્ર નંદિને એ ભૃગુઋષિએ કહ્યું કે તું

ઘરમાં જઈને મહાદેવ(શંકર)ને ખબર આપ કે તમને મળવા માટે ભૃગુઋષિ આવેલા છે.

નંદિએ ભૃગુઋષિને કહ્યું કે અત્યારે તો શંકર દેવી સાથે ક્રીડા કરે છે માટે તું એને નહિ મળી શકે. જો જીવતા રહેવું હોય તો જેવો આવ્યો તેવો જ પાછો જા.

આ પ્રમાણે નંદિએ નકારો કર્યા છતાંય એ તપસ્વી ઋષિ શંકરને બારણે ઘણા દિવસ સુધી બેસી રહ્યા. તો પણ શંકર તો બહાર જ ન આવ્યા. છેવટે ભૃગુએ શંકરને નારી સંગમમગ્ન જાણીને શાપ આપ્યો કે તેનું સ્વરૂપ યોનિલિંગ જેવું થજો. એ શંકર અબ્રહ્મણ્યને પામેલો છે અને બ્રાહ્મણોને અપૂજ્ય છે. જે લોકો રુદ્રના ભક્ત થશે તેઓ ભસ્મ, લિંગ અને અસ્થિઓને પહેરનારા થશે અને વેદબાહ્ય પાખંડી ગણાશે.

ત્યાંથી ભૃગુ બ્રહ્માની પાસે ગયા, એ વખતે બ્રહ્મા દેવોની સાથે બેઠેલા હતા. બ્રહ્માને પ્રમાણ કરીને ભૃગુ ત્યાં બેઠા. બ્રહ્માને ભૃગુએ તો પ્રણામ કર્યા પણ સામું બ્રહ્માએ ભૃગુને પ્રણામ તો ન કર્યા પણ કુશળપ્રશ્ન પણ ન પૂછ્યા. એથી ભૃગુએ બ્રહ્માને શાપ આપ્યો કે ભૃગુનું અપમાન કરનાર આ રાજસ પ્રકૃતિવાળા બ્રહ્મા સર્વલોકમાં અપૂજ્ય થજો.

પછી છેવટે ભૃગુ વિષ્ણુલોકમાં ગયા જ્યાં કમલાપતિ નાગશય્યામાં પોઢેલા હતા. અને લક્ષ્મીજી એમના ચરણને તળાંસતાં હતાં. કમલાપતિને આ સ્થિતિમાં જોઈ ભૃગુને ક્રોધ આવ્યો અને પોતાનો ડાબો પગ એમણે વિષ્ણુની છાતી ઉપર મૂક્યો પછી તુરત જ ભગવાન ઊઠ્યા, પોતાના હાથ વતી ભૃગુના ચરણને પંપાળવા લાગ્યા; અને બોલ્યા કે આજે જ હું ધન્ય છું કે મને તમારો ચરણસ્પર્શ થયો. પછી તો સપત્નીક વિષ્ણુએ ભૃગુની પૂજા કરી.

આ રીતે ત્રણે દેવોને મળી આવી ભૃગએ પેલા ઋષિઓને કહ્યું કે ત્રણે દેવોમાં જો કોઈ ઉત્તમ હોય તો તે એકલા વિષ્ણુ જ છે.

જે કોઈ વિષ્ણુ સિવાય બીજા કોઈ દેવની પૂજા કરશે તે પાખંડીમાં ગણાશે; અને લોકગર્હાના ભાગી થશે. (આનંદાશ્ર અ. ૨૮૨ ભા. ૪ શ્લો ૧-૫૬)

બ્રાહ્મણે વિષ્ણુ સિવાય અન્ય દેવની સામે પણ ન જોવું, બીજા દેવની પૂજા ન કરવી, બીજા દેવનો પ્રસાદ ન લેવો, અને બીજા દેવના મંદિરે પણ ન જવું. (શ્લો. ૬૩ અ. ૨૮૨)

'પાખંડ કોને કહેવું' એ સંબંધમાં શિવ અને પાર્વતીનો સંવાદ :

પાર્વતી–મહેશ ! આપે કહ્યું કે પાખંડોનો સંગ ન કરવો, તો તે પાખંડો કેવાં છે ? એને ઓળખવાની કઈ કઈ નિશાની છે વગેરે હકીકતને આપ જણાવો.

રુદ્ર–જે લોકો જગન્નાથ નારાયણ સિવાય બીજા કોઈને દેવ કરીને માને છે તે લોકો પાખંડી છે. કપાળ, ભસ્મ અને અસ્થિને ધારણ કરનારા છે અને અવૈદિકની રીતે રહેનાર છે.

શંખ, ચક્ર વગેરે ચિહ્નો જે હરિને વહાલામાં વહાલાં છે તેનું જેઓ ધારણ નથી કરતા તેઓ પાખંડી છે. જે કોઈ બ્રહ્મા અને રુદ્રની સાથે વિષ્ણુની તુલના કરે તે પાખંડી છે. વધારે શું ? જે બ્રાહ્મણો છતાંય અવૈષ્ણવો છે તેઓ અસ્પૃશ્ય છે, સંભાષણીય નથી, અને જોવાલાયક પણ નથી.

પાર્વતી–મહેશ ! આપનું કહેવું સમજી, પણ મારે આપને એક વાત– જે બહુ જ છાની છે તે પૂછવી છે. અને એ આ છે. આપે કહ્યું કે પાખંડી લોકો કપાળ, સ્મ અને અસ્થિ ધારણ કરનારા છે તો હે મહારાજ ! આપ પોતે જ એ વસ્તુઓને શા માટે ધારણ કરો છો ?

મહેશ–ઉમે ! તું મારી અર્ધાંગના છે માટે જ તને એ છાની વાતનો પણ ખુલાસો કહી દઉં છું. પણ તારે એ વાતને ક્યાંય ન જણાવવી. સુવ્રતે ! જો, સાંભળ. પહેલાંના વખતમાં મોટા મોટા વૈષ્ણવભક્ત નમુચિ વગેરે મહાદૈત્યોએ ઇન્દ્ર વગેરે દેવોને હરાવ્યા અને તે બધા દેવોએ દૈત્યોથી ત્રાસ પામીને વિષ્ણુને શરણે જઈ તેમને દૈત્યોને હણવાની વિનંતી કરી. વિષ્ણુએ એ કામ મને સોંપ્યું અને કહ્યું કે "હે રુદ્ર, એ દૈત્યો અવધ્ય છે. પણ જો કોઈ રીતે એઓ પોતાનો ધર્મ છોડે તો જ નાશ પામે. રુદ્ર ! પાખંડધર્મનું આચરણ કરી, મોહક શાસ્ત્રો અને તામસ પુરાણોને રચાવીને તમે એ કામ કરી શકો છો. કણાદ, ગૌતમ, શક્તિ, ઉપમન્યુ, જૈમિનિ, કપિલ, દુર્વાસસ, મૃકંડુ, બૃહસ્પતિ અને જમદગ્નિ ભાર્ગવ એ દશ ઋષિઓ મારા ભક્ત છે. તેઓમાં તમારી તામસ શક્તિનો આવિર્ભાવ કરો જેથી તેઓ તામસ શાસ્ત્રોને રચે અને તમે પણ કપાળ, ભસ્મ અને ચર્મ વગેરે ચિહ્નોને ધારણ કરો અને પાશુપત ધર્મનો પ્રચાર કરો, કે જેથી એ શાસ્ત્રોને અને તમને જોઈ એઓ તમારા જેવું આચરણ કરે અને પાખંડી બને." હે દેવી ! આ પ્રમાણે વિષ્ણુના આગ્રહથી મેં મારો પાખંડ વેષ બનાવ્યો છે અને ગૌતમ, કણાદ વગેરે ઋષિઓ દ્વારા તામસ શાસ્ત્રોની રચના કરાવી છે.

પાર્વતી–આપે જે તામસશાસ્ત્રોની રચના કરાવી છે તે તામસશાસ્ત્રો

ક્યા ક્યા છે ?

રુદ્ર–જેના સ્મરણમાત્રથી જ્ઞાનીઓ પણ અધઃપાત થઈ શકે છે તે તામસશાસ્ત્રોનાં નામ આ છે. પાશુપત વગેરે શૈવ શાસ્ત્રો, કણાદ રચિત, વૈશેષિક, ગૌતમ રચિત ન્યાયશાસ્ત્ર, કપિલનું સાંખ્યશાસ્ત્ર, બૃહસ્પતિ રચિત ચાર્વાક શાસ્ત્ર, બુદ્ધપ્રણીત બૌદ્ધ શાસ્ત્ર, અને નગ્નમત, નીલપટમત, માયાવાદ, તથા જૈમિનીય શાસ્ત્ર. હે ગિરિજે ! એ બધાં તામસશાસ્ત્રો છે. તામસ પુરાણો પણ છે જેનાં નામ આ છે :

મત્સ્યપુરાણ, કૂર્મપુરાણ, લિંગપુરાણ, શિવપુરાણ, સ્કંદપુરાણ, અને અગ્નિપુરાણ. આ છ તામસ પુરાણો છે. વિષ્ણુપુરાણ, નારદીય પુરાણ, ભાગવત, ગરુડપુરાણ, પદ્મપુરાણ, વરાહપુરાણ એ છ સાત્ત્વિક પુરાણો છે. અને બ્રહ્માંડ, બ્રહ્મવૈવર્ત, માર્કંડેય, ભવિષ્યત્‌પુરાણ, વામન તથા બ્રાહ્મણપુરાણ એ છ રાજસ્ પુરાણો છે. અને એ જ પ્રકારે સ્મૃતિઓ પણ ત્રણ પ્રકારની છે. વસિષ્ઠસ્મૃતિ, હારિતસ્મૃતિ, વ્યાસસ્મૃતિ, પરાશસ્મૃતિ, ભારદ્વાજસ્મૃતિ, અને કાશ્યપસ્મૃતિ એ છ સાત્ત્વિક સ્મૃતિઓ છે. યાજ્ઞવલ્ક્ય, આત્રેય તૈત્તિર, દાક્ષ, કાત્યાયન, અને વૈષ્ણવ એ છ સ્મૃતિઓ રાજસ છે તથા ગૌતમ, બૃહસ્પતિ, સંવર્ત, યમ, શંખ, ઉશનસ, એ છ સ્મૃતિઓ તામસ છે. (આનંદાશ્રમ. અ. ૨૬૩ ભા. ૪ શ્લો. ૧-૯૧)

## સ્કંદપુરાણ

નારદ–તે ધર્મારણ્ય તીર્થક્ષેત્ર કોના રક્ષણ (દેખરેખ) નીચે કેટલા વખત સુધી સ્થિર થયેલ છે, ત્યાં કોની આજ્ઞા વર્તે છે ?

બ્રહ્મા–ત્રેતાથી દ્વાપરના અંત સુધી એટલે કળિ આવે ત્યાં સુધી એક હનુમાન જ તેની રક્ષા માટે રામની આજ્ઞાથી નિયુક્ત થયેલ છે. ત્યાં દ્વિજની તથા શ્રીમાતાની આજ્ઞા પ્રવર્તે છે. ત્યાં વેદનું પઠન પાઠન, અનેક ઉત્સવો અને યજ્ઞો પ્રવર્તે છે.

યુધિષ્ઠિર–શું ક્યારેય તે સ્થાનનો ભંગ થયો કે નહિ ? તેમ જ દૈત્યોએ કે દુષ્ટ રાક્ષસોએ તે સ્થાન ક્યારે જીત્યું ?

વ્યાસ–કળિ પ્રાપ્ત થયા પછી પ્રથમ જ જે બન્યું તે સાંભળ. કલિપ્રાપ્ત થયે આમ નામનો રાજા થયો જે કાન્યકુબ્જનો સ્વામી હતો, તેમ જ નીતિજ્ઞ અને ધર્મતત્પર હતો.

દ્વાપરનો અંત હતો, હજી કળિ આવવાનો હતો, એટલામાં કળિના

ભયથી અને અધર્મના ભયથી બધા દેવો પૃથ્વી ત્યજી નૈમિષારણ્યમાં ચાલ્યા ગયા. રામ પણ પોતાના સાથીઓ સાથે સેતુબંધ ગયા.

યુધિષ્ઠિર–કળિમાં એવો તે શો ભય છે કે જેને લીધે દેવોએ રત્નગર્ભા પૃથ્વીને ત્યજી ?

વ્યાસ–કળિયુગમાં બધા અધર્મપરાયણ, બ્રાહ્મણદ્વેષી, શ્રાદ્ધવિમુખ અને અસુરાચારરત થાય.

જે વખતે પૃથ્વી ઉપર કાન્યકુબ્જાધિપ આમ રાજ્ય કરતો તે વખતે પ્રજાની બુદ્ધિ પાપથી મલિન થઈ અને તેથી વૈષ્ણવ ધર્મ ત્યજી બૌદ્ધ ધર્મ તેણે સ્વીકાર્યો. અને ક્ષપણોથી પ્રતિબોધિત થઈ એ પ્રજા તેને (આમને) અનુસરી. એ જ કળિયુગનો ભય.

તે આમની મામા નામે રાણી અતિપ્રસિદ્ધ હતી, તેણીને તે રાજાથી એક પુત્રી થઈ જેનું નામ રત્નગંગા હતું. એક વખતે એ કાન્યકુબ્જ દેશમાં દૈવયોગે દેશાંતરથી ઇંદ્રસૂરિ આવ્યો. તે વખતે એ રાજકન્યા સોળ વર્ષની પણ અવિવાહિત હતી. એ ઇંદ્રસૂરિ દાસી મારફત એ કન્યાને મળ્યો. અને શાબરી મંત્રવિદ્યા તેણીને કહી. તેથી તે કન્યા શૂળથી પીડાવા લાગી અને તે સૂરિનાં વાક્યોમાં લીન થઈ મોહ પામી.

ક્ષમણોથી પ્રતિબોધ પામી તે કન્યા જૈનધર્મ પરાયણ બની, ત્યારબાદ બ્રહ્માવર્તના રાજા કુંભીપાલને તે કન્યા આપવામાં આવી અને તે કુંભીપાલને વિવાહમાં મોહેરક (મોઢેરાગમ) આપ્યું. તે કુંભીપાલે તે વખતે ધર્મારણ્યમાં આવી રાજધાની કરી અને જૈન ધર્મ પ્રવર્તક દેવોને સ્થાપ્યા. તેમ જ બધા વર્ણો જૈન ધર્મપરાયણ થયા ત્યારે બ્રાહ્મણોની પૂજા બંધ પડી, શાંતિક કે પૌષ્ટિક કર્મ તેમ જ દાન બંધ પડ્યાં. આ રીતે વખત વીતે છે તેવામાં રામચંદ્રજીથી ફરમાન મેળવેલ બ્રાહ્મણો પોતાનું સ્વામિત્વ જવાથી રાતદિવસ ચિંતા વ્યગ્ર થઈ આમની પાસે કાન્યકુબ્જમાં પહોંચ્યા. તે વખતે કાન્યકુબ્જ પતિ પાખંડીઓથી ઘેરાયેલો હતો. એ બધા મોઢ બ્રાહ્મણો કાન્યકુબ્જપુરમાં જઈ પહેલાં તો ગંગાતટે રહ્યા.

**ચાર–દૂત દ્વારા માલૂમ પડવાથી રાજાએ બોલાવ્યા એટલે તે બધા પ્રાતઃકાલે રાજસભામાં આવ્યાં.**

**રાજાએ નમસ્કારાદિ કાંઈ પ્રત્યુત્થાન સ્વાગત ન કર્યું અને એમને એમ ઊભેલા બ્રાહ્મણોને પૂછ્યું કે શા માટે આવ્યા છો ? શું કામ છે ? તે કહો.**

વિપ્રો–હે રાજન્ ! ધર્મારણ્યથી અમે તારી પાસે આવ્યા છીએ. તારા

જમાઈ કુમારપાલે બ્રાહ્મણોનું શાસન લોપ્યું છે. એ કુમારપાલ જૈન ધર્મી છે અને ઇંદ્રસૂરિને વશ વર્તે છે.

રાજા—હે વિપ્રો ! મોહેકપુરમાં તમને કોણે સ્થાપ્યા છે ? એ બધું યથાર્થ કહો.

વિપ્ર—અમને પહેલાં બ્રહ્મા વિષ્ણુ મહેશ્વરે સ્થાપ્યા છે. ધર્મરાજ રામચંદ્રે એ શુભસ્થાનમાં પુરી વસાવી છે ને ત્યાં બ્રાહ્મણોને નીમી શાસન આપેલું. રામચંદ્રનું શાસન જોઈ બીજા રાજાઓએ તો એ શાસનને બરાબર માન આપ્યું પણ હમણાં તારો જમાઈ એ શાસન પ્રમાણે બ્રાહ્મણોને પાળતો નથી. એ સાંભળીને રાજાએ કહ્યું, હે વિપ્રો ! જલદી જાઓ અને મારી આજ્ઞાથી કુમારપાલને કહો કે તું બ્રાહ્મણોને આશ્રય આપ. આમનું એ વાક્ય સાંભળી બ્રાહ્મણો પ્રસન્ન થયા અને કુમારપાળ પાસે ગયા ને એના શ્વશુરનું વચન કહી સંભળાવ્યું.

કુમારપાલ—હે વિપ્રો ! હું રામનું ફરમાન પાળવાનો નથી. યજ્ઞમાં પશુહિંસાપરાયણ એવા બ્રાહ્મણોને હું ત્યજું છું. હે દ્વિજો ! હિંસક ઉપર મારી ભક્તિ થતી નથી.

બ્રાહ્મણ—હે રાજન્ ! પાખંડ ધર્મ વડે અમારાં શાસનો તું લોપે છે. પણ એમ શા માટે કરે છે ? અમારું પાલન કેમ કરતો નથી ? પાપબુદ્ધિ ન થા.

રાજા—અહિંસા એ પરમ ધર્મ, પરમ તપ, પરમ જ્ઞાન, અને પરમ ફલ છે. સૂક્ષ્મ અને સ્થૂલ બધાં કીટ, પતંગ આદિ પ્રાણીઓમાં જીવ સમાન જ છે. હે વિપ્રો, તમે હિંસક પ્રવૃત્તિ શાને કરો છો ? એ વચન સાંભળી બ્રાહ્મણો ગુસ્સે થયા અને આંખો લાલ કરીને બોલ્યા, હે નૃપ ! અહિંસા પરમ ધર્મ છે. એ તો તેં સાચું કહ્યું પણ વેદવિહિત હિંસા હિંસા નથી એવો નિર્ણય છે. શસ્ત્રથી જે હિંસા થાય છે તે જ જંતુઓને પીડાકારી છે. અને તેથી તે હિંસા અને અધર્મ કહેવાય છે. પણ શસ્ત્રો વિના વેદમંત્રોથી જ્યારે પ્રાણીઓને મારવામાં આવે છે ત્યારે તે સુખદાયી હોવાથી અધર્મ નથી. વૈદિક હિંસા કરવાથી પાપ લાગતું નથી.

રાજા—બ્રહ્માદિ દેવોનું આ અનુપમ ધર્મક્ષેત્ર છે. પણ અત્યારે એ દેવો અહીં નથી. તમે કહેલો ધર્મ પણ અહીં નથી, જે રામને દેવ કહો છો તે તો માણસ હતો. જેને તમારા રક્ષણ માટે મૂકેલો તે લંબપુચ્છ (હનુમાન્) ક્યાં છે ? જો તમને મળેલું શાસન મારા જોવામાં નહિ આવે તો હું તેને પાળનાર નથી. બ્રાહ્મણો ગુસ્સે થઈ બોલ્યા —"હે મૂઢ ! તું ઉન્મત્ત થઈ આ શું બોલે

છે? દૈત્યોના વિનાશ અને ધર્મના રક્ષણ માટે રામે ચતુર્ભુજ મનુષ્યરૂપ લીધું હતું.

રાજા–"એ રામ અને હનુમાન ક્યાં છે ? જો હોય તો તમારી મદદે આવે. રામ, લક્ષ્મણ કે હનુમાનને બતાવો, તેઓના હોવાની કાંઈ સાબિતી આપો.

બ્રાહ્મણો બોલ્યા–હે નૃપ ! અંજની સુતને દૂત કરી રામદેવે ૧૪૪ ગામ આપ્યાં. ફરી આ સ્થાને આવી ૧૩ ગામ આપ્યાં અને ૧૬ મહાદાનો આપ્યાં તેમજ ૫૬ બીજાં ગામોનો પણ સંકલ્પ કર્યો. ૩૬૦૦૦ ગોભુજ થયા. સવાલાખ વાણિઆ થયા જેની માંડલિય સંજ્ઞા હતી."

રાજા બોલ્યો, "મને હનુમાન બતાવો કે જેના એંધાણથી હું તમને પૂર્વસ્થિતિમાં મૂકું. જો હનુમાનની ખાતરી આપશો તો વેદધર્મમાં રહેશો, નહિ તો જૈનધર્મી થવું પડશે." એ સાંભળી બધા બ્રાહ્મણો ખિન્નમને ઘેર આવ્યા, અને એક મેલાવડો કર્યો જેમાં બાળ, યુવાન, વૃદ્ધો બધા હતા. તેમાંથી એક વૃદ્ધે કહ્યું કે "આપણે બધા વર્ગોમાંથી એક એક મુખિયાએ મળી નિરાહાર વ્રતે, રામેશ્વર સેતુબંધે જવું; ત્યાં હનુમાન છે, ત્યાં જઈ તપ કરવો એટલે રામચંદ્ર મહેર કરી આપણ બ્રાહ્મણોને અચલ શાસન આપશે. જે વર્ગનો મુખિયો સંમિલિત ન થાય તેને દરેક વૃત્તિથી બહિષ્કૃત કરવો. એક દક્ષ બ્રાહ્મણે આ વૃદ્ધ કથનને સભામાં ત્રણ વાર ઉચ્ચ સ્વરથી તાળીપૂર્વક સૌને કહી સંભળાવ્યું અને સૌને કહ્યું કે જે જવામાં પરાङ્મુખ થશે તેને માથે અસત્ય આદિનાં બધાં પાપો છે. બધાંને જતા જોઈ કુમારપાલે બોલાવી કહ્યું કે ભિન્ન ભિન્ન ગોત્રવાળા બધા બ્રાહ્મણોને કૃષિકર્મ અને ભિક્ષાટન જરૂર કરાવીશ. એ સાંભળી બધા વ્યથિત થયા, પણ ત્રણ હજાર બ્રાહ્મણોએ તો એમ ઠરાવ્યું કે આપણે રામેશ્વર જવું જ. એ નિશ્ચય માટે અંદરોઅંદર દરેકે હસ્તાક્ષર કર્યા. અહીં વેદત્રયી નાશ પામે છે અને ત્રિમૂર્તિ કુપિત થાય છે, માટે અઢાર હજાર જણાએ રામેશ્વર જવું. આ ઠરાવ સાંભળી કુમારપાળે ગોભુજ વાણિયાઓને બોલાવી એ બ્રાહ્મણોએ રોકવા કહ્યું.

વ્યાસ કહે છે કે જે ગોભુજ શ્રેષ્ઠ વાણિયાઓ જૈન ધર્મમાં લિપ્ત ન હતા તેઓ આજીવિકાભંગના ભયથી મૌન રહ્યા અને રાજાને કહ્યું કે હે નૃપ ! આ કુપિત બ્રાહ્મણોને કેવી રીતે રોકીએ ? એ તો શાપથી બાળી નાખે. કુમારપાળે અડાલય(અડાલજ)માં થયેલા શૂદ્રોને બોલાવી કહ્યું કે તમે બ્રાહ્મણોને રોકો. એ અડાલયજ શૂદ્રોમાં કેટલાક જૈન હતા; તેથી તેઓએ રામેશ્વર જવા તત્પર

બ્રાહ્મણોને સંબોધી કહ્યું કે વર્તમાન કાળમાં રામ ક્યાં છે ? લક્ષ્મણ ક્યાં છે ? અને હનુમાન ક્યાં છે ? અરે બ્રાહ્મણો ! આવા ભયાનક જંગલમાં ઘરબાર, છૈયાંછોકરાં મૂકી એ દુષ્ટ શાસનવાળા રાજ્યમાં શા માટે જાઓ છો ? આ સાંભળી કેટલાક બ્રાહ્મણો રાજભયથી અને લાલચથી ચલિત થઈ જુદા પડ્યા અને કહ્યું કે બીજાઓ ભલે જાય, આપણે તો કુમારપાળની આડે આવવાના નથી. ખેતી કરીશું, અને ભિક્ષાટન પણ કરીશું. આ રીતે પંદર હજાર જુદા પડ્યા. બાકીના ત્રણ હજાર ત્રિવેદી એટલે ત્રૈવિદ્યરૂપે વિખ્યાત થયા. બીજા પંદર હજારને રાજનો ચોથો ભાગ અને થોડી પૃથ્વી આપી. એટલે તેઓ ચાતુર્વિદ્યરૂપે વિખ્યાત થયા. વળી રાજાએ કહ્યું, તમને ચ્યવનો કન્યા આપે, તમે કન્યા લો. પેલા ત્રણ હજાર ત્રિવેદીઓને રાજાએ કહ્યું કે તમે મારું માનતા નથી માટે તમારી વૃત્તિ કે સંબંધ કશું નહિ થાય. આ સાંભળી પેલા કટ્ટર ત્રૈવિદ્યો સ્વસ્થાને ગયા. પેલા ચાતુર્વિદ્યોએ ત્રિવેદીઓને સમજાવ્યું કે તમે ન જાવ અથવા જાવ તો જલદી પાછા આવો, જેથી રામે દીધેલ શાસનનો જલદી ઉપભોગ કરો. એ સાંભળી ત્રૈવિદ્યોએ કહ્યું કે તમારે અમને કશું કહેવું નહિ. રામચંદ્રે જે વૃત્તિ બાંધી આપી છે તે જપ, હોમ, અર્ચન દ્વારા મેળવવા ત્યાં પાછા જઈશું. ચાતુર્વિદ્યોએ કહ્યું કે અમો અહીંનું સંભાળીએ અને બધાંનાં કામની સિદ્ધિ માટે તમે ત્યાં જાઓ. અંદર અંદર મળી સહાયક થઈશું તો વૃત્તિ જરૂર પાછી મેળવીશું. એ નિશ્ચય પ્રમાણે પેલા ત્રૈવિદ્યો રામેશ્વર ગયા, અને ચાતુર્વિદ્યો ત્યાં જ રહ્યા. ત્રૈવિદ્યોના ઉત્કટ તપથી રામે ઉદ્વિગ્ન થઈ હનુમાનને કહ્યું, તું જલદી જા. એ બધા ધર્મારણ્યવાસી બ્રાહ્મણો હેરાન થાય છે. બ્રાહ્મણોને દુઃખ આપનારને ઠેકાણે લાવવો જોઈએ. એ સાંભળી બ્રાહ્મણરૂપ ધરી, હનુમાને પ્રકટ થઈ આવેલા બ્રાહ્મણોની પરીક્ષા કરી અને પૂછ્યું કે શા માટે આવ્યા છો ? તેઓએ કહ્યું કે સૃષ્ટિના આરંભમાં બ્રહ્મા આદિ દેવોએ ત્રિમૂર્તિ માટે અમને રાખ્યા હતા અને પછી રામે જીર્ણોદ્ધાર કરતી વખતે ફરી અમને સ્થાપ્યા, અને હનુમાને ૪૪૪ ગામો વેતનરૂપે આપ્યાં. સીતાપુર સહિત ૧૩ ગામ પૂજા માટે આપ્યાં. ગોભૂજ નામના ૨૬ હજાર વાણિયાઓ બ્રાહ્મણનું પાલન કરવા નિયુક્ત થયા. તેમાંથી સવા લાખ શૂદ્રો થયા, જેના ત્રણ ભાગ ગોભુજ, અડાલજ અને માંડલિય થયા. હમણાં દુષ્ટ આમરાજા રામનું શાસન નથી માનતો. તેનો જમાઈ કુમારપાલ દુષ્ટ છે. કારણ તે પાંખડીઓ ખાસ કરી બૌદ્ધધર્મી, જૈન ઇંદ્રસૂરિથી પ્રેરિત થઈ અત્યારે રામનું શાસન માનતો નથી, અને લોપે છે. કેટલાક વાણિયાઓ પણ તેના

જેવા દુર્બુદ્ધિ થઈ રામ અને હનુમાનનું શાસન લોપે છે. હવે અમે હનુમાન પાસે જઈએ છીએ. જો તે અમારું ઇષ્ટ સિદ્ધ નહિ કરે તો અનાહાર વ્રત લઈ મરીશું. બ્રાહ્મણ રૂપધારી હનુમાને કહ્યું, હે દ્વિજો ! કળિયુગમાં દેવ ક્યાં છે, પાછા જાઓ, પણ બ્રાહ્મણોએ તેને કહ્યું કે તું કોણ છે ? ખરું રૂપ પ્રગટ કર. રામ છે કે હનુમાન ?

વ્યાસ—હનુમાને પોતાની ઓળખાણ આપી. હનુમાનનું દર્શન કરી બધા પ્રસન્ન થયા. હનુમાને કહ્યું, આ કળિયુગમાં રામેશ્વર સેતુબંધ મૂકી ક્યાંયે જતો નથી. હું નિશાની આપું છું તે એ રાજાને બતાવજો તેથી એ જરૂર સાચું માનશે. એમ કહી તેણે પોતાના બે બાહુ ઉઠાવી ભુજાના વાળ એકત્ર કરી ભોજપત્રમાં બે પડીઓ બાંધી આપી અને એ બ્રાહ્મણની કક્ષાઓમાં મૂકી પોતાની ડાબી કાખના વાળની પડીકી બ્રાહ્મણોની ડાબી કાખમાં અને જમણી કાખના વાળની પડીકી જમણી કાખમાં મૂકી. આ પડીકી રામભક્તને સુખદ અને અન્ય માટે ક્ષયકારિણી હતી. હનુમાને કહ્યું, જ્યારે રાજા નિશાની માગે ત્યારે વાળ બાજુની પડીકી આપવી, અથવા એ રાજાના દ્વારમાં નાંખવી એટલે તેનું સૈન્ય, ખજાનો, સ્ત્રીપુત્રાદિ સઘલું સળગી ઊઠશે. જ્યારે એ રાજા શ્રીરામે પ્રથમ બાંધી આપેલી બધી વૃત્તિ અને ફરમાનો ફરી પૂર્વવત્ કરી આપે અને હાથ જોડી નમી પડે ત્યારે જમણી પડીકી નાખજો તેથી સૈન્ય ખજાનો વગેરે બધું બળી ગયેલું પાછું પ્રથમની જેમ હતું તેવું જ થઈ જશે. હનુમાનનું એ વચન સાંભળી બધા બ્રાહ્મણો ખુશ થયા, ને જયધ્વનિ કર્યો. પાછા જવા ઉત્સુક થયેલા બ્રાહ્મણોને હનુમાને એક મોટી વિશાલ શિલા ઉપર સૂવા કહ્યું. એ સૂતા અને ઊંઘી ગયા એટલે હનુમાનની પ્રેરણાથી તેના પિતા વાયુએ તે શિલા છ માસમાં કાપી શકાય તેટલા લાંબા માર્ગને માત્ર ત્રણ મુહૂર્તમાં કાપી, ધર્મારણ્ય તીર્થમાં પહોંચાડી દીધી. આ ચમત્કાર જોઈ એ બ્રાહ્મણો અને ગામના બધા લોકો બહુ જ વિસ્મિત થયા. ત્યારબાદ એ બધા બ્રાહ્મણો નગરમાં પહોંચ્યા. જ્યારે ત્યાં રાજાને માલૂમ પડ્યું ત્યારે તેણે એ બ્રાહ્મણોને બોલાવી કહ્યું કે શું રામ અને હનુમાન પાસે જઈ આવ્યા ? એમ કહી રાજાએ મૌન પકડ્યું એટલે ઉપસ્થિત થયેલા બધા બ્રાહ્મણો અનુક્રમે બેસી ગયા અને કુટુંબ તથા સંપત્તિ સૈન્ય વિશે કુશળ સમાચાર તેઓએ રાજાને પૂછ્યા. રાજાએ કહ્યું, અરિહંત પ્રસાદથી બધું કુશળ છે. ખરી જીભ એ જ છે જે જિનેશ્વરની સ્તુતિ કરે છે, હાથ તે જ કે જેનાથી જિનપૂજા થાય. દૃષ્ટિ તે જ જે જિનદર્શનમાં લીન થાય, મન તે જ જે જિનેંદ્રમાં રત હોય. સર્વત્ર દયા

કરવી ઘટે. ઉપાશ્રયમાં જવું અને ગુરુવંદન કરવું જોઈએ. નમસ્કાર મંત્રનો જપ અને પર્યુષણ પર્વ કરવું જોઈએ અને શ્રમણો(મુનિઓ)ને દાન દેવું જોઈએ. રાજાનું એ કથન સાંભળી બધા બ્રાહ્મણોએ દાંત પીસ્યા, અને છેવટે રાજાને કહ્યું કે રામે અને હનુમાને કહેવરાવ્યું છે કે તું બ્રાહ્મણોની વૃત્તિ પાછી પૂર્વની જેમ કરી આપ. હે રાજન્ ! રામના એ કથનને પાળ અને સુખી થા. રાજાએ જવાબમાં કહ્યું, જ્યાં રામ અને હનુમાન હોય ત્યાં જાવ. ગામ કે વૃત્તિ જે જોઈએ તે તેઓ પાસેથી મેળવો. હું તો તમને એક પણ કોડી દેનાર નથી. એ વચન સાંભળી બ્રાહ્મણો ગુસ્સે થયા અને હનુમાને આપેલી ડાબી પડીકી રાજદ્વારમાં ફેંકી ચાલ્યા ગયા. એ પડીકીને લીધે બધું સળગી ઊઠ્યું. હાહાકાર મચ્યો. તે વખતે નગ્નક્ષપણકો હાથમાં પાતરાઓ લઈ દાંડાઓ પકડી લાલ કાંબળો ઉઠાવી, કાંપતા કાંપતા ઉઘાડે પગે જ દશે દિશામાં ભાગ્યા. હે વીતરાગ ! વીતરાગ ! એમ બોલતા તેઓ એવી રીતે નાઠા કે કોઈના પાતરા ભાગ્યા, કોઈના ડાંડા, અને કોઈનાં કપડાં ખસી ગયાં. આ જોઈ રાજા ગભરાયો અને રડતો રડતો બ્રાહ્મણોનું શરણ શોધવા લાગ્યો. બ્રાહ્મણોને પગે પડી ભૂમિ પર આળોટી રામનામ લેતો તે બોલ્યો કે રામનું નામ એ જ સાચું છે. રામ સિવાય બીજા દેવોને જે માને છે તેને અગ્નિ બાળી નાખે છે. વિપ્ર, ભાગીરથી અને હરિ એ જ સાર છે. હે વિપ્રો ! હું રામનો અને તમારો દાસ છું. આગ શમાવો હું તમારી વૃત્તિ અને શાસનો ફરી સ્થિર કરી આપું છું. મારું વચન અન્યથા નહિ થાય. જો થાય તો બ્રહ્મહત્યા આદિનાં મહાપાપો મને લાગે. રામ અને બ્રાહ્મણો વિશે મારી ભક્તિ સ્થિર છે. તે વખતે બ્રાહ્મણોએ દયા કરી જમણી પડીકી નાખી એટલે બધું બળતું શાંત થયું. અને બળી ગયેલ બધી વસ્તુઓ ફરી હતી તેવી થઈ ગઈ. આથી રાજા અને પ્રજા પ્રસન્ન થયા. દરેકે વૈષ્ણવધર્મ સ્વીકાર્યો. બ્રાહ્મણોને નવીન ફમાનો રાજાએ કરી આપ્યાં. કૃત્રિમ શાસ્ત્રના પ્રવર્તક વેદબાહ્ય પાખંડીઓને કાઢી મૂક્યા. પહેલાં જે ૩૬૦૦૦ ગોભુજો થયા હતા તેમાંથી અઢવીજ વાણિયા થયા. એ બધાને રાજાએ દેવ બ્રાહ્મણની સેવા માટે મુકરર કર્યા. તેઓ પાખંડધર્મ છોડી પવિત્ર વૈષ્ણવ બન્યા. પછી ક્રમે ત્રૈવેદ્ય અને ચાતુર્વેદ્ય જાતિનો રાજાએ ભેદ નક્કી કરી દરેકને જુદા જુદા નિયમો સ્વીકારાવ્યા. જે ગોભુજ શૂદ્રો જૈન થયા ન હતા અને બ્રાહ્મણભક્ત હતા તેઓ ઉત્તમ ગણાયા અને જેઓએ જૈન થઈને રામનું શાસન લોપ્યું હતું તેઓ દ્વિજસમાજમાં બહિષ્કૃત ગણાયા.

રાજા કુમારપાળે પેલા ૧૫૦૦૦ બ્રાહ્મણો જેઓ રામેશ્વર ગયા ન હતા તેઓને વૃત્તિહીન કરી ગામ બહાર રહેવાનું ફરમાવ્યું. રાજાએ કહ્યું, પાખણ્ડીઓના સંસર્ગથી થયેલું મારું પાપ તમારા પ્રણામથી નાશ પામો. હે વિપ્રો ! તમે પ્રસન્ન થાઓ. એ સાંભળી ત્રૈવિદ્ય વિપ્રો બોલ્યા—થવાનું જરૂર થાય છે. નીલકંઠ પણ નગ્ન થયા. મોઢવંશજ ત્રૈવિદ્ય અને ચાતુર્વેદ્ય એ રીતે થયા. ચાતુર્વિદ્યો સુખવાસક ગામમાં રહ્યા.

(સ્કંદપુરાણ ૩ બ્રહ્મખંડ અ. ૩૬-૩૭-૩૮ બંગાળી આવૃત્તિ)

## ભાગવત

અરહત રાજા પાખંડી નીવડશે, કોક, વેંક, કુટક દેશમાં અર્હત નામનો રાજા રાજ્ય કરવાનો છે. તે ૠષભદેવનું આશ્રમાતીત પરમહંસયોગ્ય જીવન સાંભળશે. તેનો તે અભ્યાસ કરશે. કળિયુગના પ્રભાવથી તેની બુદ્ધિ બગડશે અને તે નિર્ભયં સ્વધર્મ છોડી સ્વબુદ્ધિથી પાખંડી મતનો પ્રચાર કરશે. કળિયુગમાં પહેલેથી બુદ્ધિ તો બગડેલી હોય જ, ને તેમાં વળી આ રાજા અધર્મનો પ્રસાર કરવા મંડે એટલે અર્થાત્ જ લોકો વર્ણાશ્રમ યોગ્ય આચાર છોડી દેશે. અને દેવોને અપમાન પહોંચાડનાર કામ કરશે. જેમકે સ્નાન આચમન ન કરવું, ગંદા રહેવું, લોચ કરવો અથવા વાળ કાપવા વગેરે હલકાં કામો ઈચ્છાનુસાર કરશે. કળિયુગ એટલે અધર્મનું પિયર તેથી લોકોની બુદ્ધિ ભ્રષ્ટ થઈ એટલે દેવ, વેદ, બ્રાહ્મણ, યજ્ઞપુરુષ વિશે શ્રદ્ધાહીન નાસ્તિક થશે.

હે પરીક્ષિત ! તે અરહત રાજાના કપોલકલ્પિત ધર્મને વેદનો આધાર હશે નહિ. તે અર્વાચીન ધર્મો ઉપર અરહત રાજાની પછી પણ બીજા લોકો અંધ પરંપરાથી ચાલશે અને તેઓ પોતે જ પોતાની મેળે અંધતમ નરકમાં પડશે.

(ભાગવત સ્કંધ ૫ અ. ૬ નિર્ણયસાગરની આવૃત્તિ)

## કૂર્મપુરાણ

વૃદ્ધ (બૌદ્ધ ?) શ્રાવક, નિર્ગ્રંથ (જૈનમુનિ) પંચરાત્રજ્ઞ, કાપાલિક, પાશુપત અને તેઓના જેવા જ બીજા પાખંડી માણસો જેઓ દુષ્ટાત્મા અને તામસ સ્વભાવના છે તેઓ જેનું હવિ (શ્રાદ્ધભોજન) ખાય છે તેનું તે શ્રાદ્ધ આ લોક અને પરલોકમાં ફલપ્રદ થતું નથી.

નાસ્તિક, હૈતુક, વેદાનભિજ્ઞ અને બધા પાખંડીઓને ધર્મજ્ઞ માણસે

પાણી પણ આપવું ન જોઈએ.

(કૂર્મપુરાણ અ. ૨૧, શ્લો. ૩૨-૩૩, પૃ. ૬૦૨ તથા પૃ. ૬૪૧, પં ૧૫)

## (નાટકવિષયક) પરિશિષ્ટ ૨

## પ્રબોધચંદ્રોદય

શાંતિ– હે માતા ! હે માતા ! તું ક્યાં છે ? મને તું દર્શન દે.

કરુણા–(ત્રાસપૂર્વક) હે સખિ ! રાક્ષસ ! રાક્ષસ !

શાંતિ–કોણ આ રાક્ષસ !

કરુણા–સખિ ! જો, જો ! જે આ ઝરતા મેલથી ચીકણી, બીભત્સ, દુઃખથી જોવાય તેવી શરીર છવિવાળો, વાળોનો લોચ અને વસ્ત્રોનો ત્યાગ કરેલ હોવાથી દુઃખથી જોવાય તેવો અને મોરની કલગી તથા પિચ્છિ હાથમાં રાખનાર આ તરફ જ આવે છે.

શાંતિ–આ રાક્ષસ નથી, કિન્તુ એ નિર્વીર્ય છે.

કરુણા–ત્યારે એ કોણ હશે !

શાંતિ–સખિ ! પિશાચ હોય એવી શંકા થાય છે.

કરુણા–સખિ ! ચળકતાં કિરણોની માળાથી લોકને પ્રકાશિત કરનાર સૂર્ય જ જ્યારે તપ્યો હોય ત્યારે પિશાચોનો કેવી રીતે અવકાશ સંભવે ?

શાંતિ–ત્યારે તરત જ નરકના ખાડામાંથી ઉપર આવેલો કોઈ નારકી હશે. (જોઈ અને વિચારપૂર્વક) અરે સમજાયું ! મહામોહે પ્રવર્તાવેલો આ દિગમ્બર સિદ્ધાંત છે. તેથી આનું દર્શન સર્વથા દૂરથી જ પરિહરવું યોગ્ય છે. (એમ ધારી પરાઙ્મુખ થાય છે.)

કરુણા– સખિ ! મુહૂર્ત માટે થોભ. જ્યાં સુધી હું અહીં શ્રદ્ધાને શોધું. (બંને તેમ જ ઊભાં રહ્યાં) (ત્યાર બાદ પ્રથમ વર્ણવ્યો તેવો દિગંબર સિદ્ધાંત પ્રવેશ કરે છે.)

દિગંબર–ઓમ્ ! અરિહન્તોને નમસ્કાર ! નવદ્વારવાળી પુરીની અંદર આત્મા દીવાની જેમ રહ્યો છે. આ જિનવર કથિત પરમાર્થ છે. અને એ મોક્ષસુખનો દાતા છે. અરે હે શ્રાવકો ! સાંભળો, સંપૂર્ણ પાણીથી પણ મલમય પુદ્‌ગલપિંડમાં શુદ્ધિ કેવી ? નિર્મલ સ્વભાવવાળો આત્મા ઋષિઓની સેવાથી જાણી શકાય ? શું એમ કહો છો કે ઋષિઓની પરિચર્યા કેવી ? લ્યો તે સાંભળો :

ઋષિઓને દૂરથી ચરણોમાં પ્રણામ કરવા, સત્કારપૂર્વક મિષ્ટભોજન

આપવું, તેમ જ સ્ત્રીઓની સાથે રમણ કરતા એવા તેઓની ઈર્ષ્યા ન કરવી. (નેપથ્ય સામું જોઈને) હે શ્રદ્ધે ! પહેલાં આ તરફ (બંને ભયપૂર્વક નિહાળે છે) (ત્યારબાદ તેના જેવા જ વેષવાળી શ્રદ્ધા પ્રવેશ કરે છે.)

શ્રદ્ધા—રાજકુલ શું આજ્ઞા કરે છે ?

(શાંતિ મૂર્ચ્છિત થઈ પડે છે.)

દિગંબર સિદ્ધાંત—તમે એક મુહૂર્ત પણ શ્રાવકોના કુટુંબને ન ત્યજશો.

શ્રદ્ધા—જેવી રાજકુલની આજ્ઞા.

(એમ કહી ચાલી ગઈ.)

કરુણા—પ્રિય સખીએ ધીરજ રાખવી. માત્ર નામથી ભય ન રાખવો. કારણ મેં હિંસા પાસેથી સાંભળ્યું છે કે પાખંડીઓને પણ તમોગુણની પુત્રી શ્રદ્ધા હોય છે. તેથી તે તામસી શ્રદ્ધા હશે.

શાંતિ—(આશ્વાસન મેળવી) એ એમ જ છે. કારણ કે દુરાચારયુક્ત અને દુઃખપૂર્વક જોવા યોગ્ય એવી આ અભાગણી (તામસી શ્રદ્ધા) સદાચારવાળી અને પ્રિયદર્શનવાળી માને કોઈ પણ રીતે અનુસરતી નથી. ભલે, ઠીક ચાલો. આપણે બૌદ્ધાલયોમાં પણ તેની શોધ કરીએ.

(શાંતિ અને કરુણા જાય છે.)

(પછી હાથમાં પુસ્તકધારી ભિક્ષુરૂપ બૌદ્ધાગમ પ્રવેશે છે.)

ભિક્ષુ—(વિચાર કરીને) હે ઉપાસકો ! સર્વ પદાર્થો ક્ષણિક તથા નિરાત્મક છે. તેમ જ બુદ્ધિગત આંતરિક છતાં બહાર હોય એમ ભાસે છે. સંપૂર્ણ વાસના ગળી જવાથી તેજ બુદ્ધિસંતતિ હમણાં વૈષયિક છાયા વિનાની ભાસે છે.

(થોડું ફરીને) અહો ! આ બૌદ્ધ ધર્મ સારો છે, કેમકે એમાં સુખ અને મોક્ષ બંને છે. મનોહર ગુફા એ નિવાસસ્થાન છે. ઈચ્છાનુકૂળ વૈશ્ય સ્ત્રીઓ છે, જોઈએ ત્યારે મળે એવું ઈષ્ટભોજન, કોમળ પાથરણાવાળી સેજ, તરુણ યુવતીઓ દ્વારા શ્રદ્ધાપૂર્વક સેવાયેલી એવી ચાંદનીથી ઉજ્જવલ રાત્રીઓ, શરીર સમર્પણની ઉત્સવ ક્રીડાથી ઉત્પન્ન થતા આનંદ સાથે પસાર થાય છે.

કરુણા—સખિ ! આ કોણ ? નવા તાડના ઝાડ જેવો લાંબો લટકતા ગેરુઆ કપડાવાળો અને માત્ર ચોટલી રાખી મુંડાવેલ માથાવાળો એવો આ તરફ જ આવે છે ?

શાંતિ—સખિ ! એ બુદ્ધાગમ છે.

ભિક્ષુ—(આકાશ સામું જોઈને) હે ઉપાસકો અને ભિક્ષુઓ ! તમે બુદ્ધના

વચનામૃત સાંભળો. (પુસ્તક વાંચે છે). હું દિવ્યદષ્ટિથી લોકોની સુગતિ અને દુર્ગતિ જોઉં છું. સર્વ સંસ્કારો ક્ષણિક છે. સ્થિર એવો આત્મા છે જ નહિ. માટે સ્ત્રીઓ ઉપર આક્રમણ કરતા એવા ભિક્ષુઓ પ્રત્યે ઈર્ષ્યા ન કરવી. કેમ કે ઈર્ષ્યા એ ચિત્તનો મળ છે.

(નેપથ્ય સામે જોઈને) હે શ્રદ્ધે ! આમ આવ.

શ્રદ્ધા—(પ્રવેશ કરીને) રાજકુલ ! આપ ફરમાવો.

ભિક્ષુ— ઉપાસકો અને ભિક્ષુઓને ચિરકાળ સુધી વળગી રહે.

શ્રદ્ધા— રાજકુલની જેવી આજ્ઞા. (ચાલી ગઈ.)

શાંતિ— હે સખિ ! આપણ તામસી શ્રદ્ધા.

કરુણા—એમ જ.

ક્ષપણક—(ભિક્ષુને જોઈ ઊંચે સાદે) રે ભિક્ષુક ! જરા આ તરફ. કાંઈ પણ પૂછું છું.

ભિક્ષુ—(ક્રોધથી) રે દુષ્ટ ! પિશાચ જેવી આકૃતિવાળા ! એમ શું બકે છે ?

ક્ષપણક— અરે ! ક્રોધ ત્યજ. કાંઈ શાસ્ત્રમાંથી પૂછું છું.

ભિક્ષુ—રે ક્ષપણક ! શાસ્ત્રની વાત પણ જાણે છે ? ભલે, જરાવાર પ્રતીક્ષા કરું છું. (પાસે જઈને) શું પૂછે છે ?

ક્ષપણક—કહે ને જરા. ક્ષણમાત્રમાં નાશ પામનાર એવો તું શાને માટે આ વ્રત ધારણ કરે છે ?

ભિક્ષુ—રે ! સાંભળ. અમારી સંતતિમાં પડેલો કોઈ વિજ્ઞાનરૂપ બીજો વાસના નષ્ટ કરી મુક્ત થશે.

ક્ષપણક—કોઈ પણ મન્વંતરમાં કોઈ પણ મુક્ત થશે ! તેથી હમણાં નષ્ટ થયેલા એવા તારા ઉપર તે કેવો ઉપકાર કરશે ? બીજું પણ પૂછું છું. તને આવો ધર્મ કોણે ઉપદેશ્યો છે.

ભિક્ષુ— અવશ્ય સર્વજ્ઞ બુદ્ધ ભગવાને આ જ ધર્મ ઉપદેશ્યો છે.

ક્ષપણક—અરે અરે બુદ્ધ સર્વજ્ઞ છે એમ તેં શી રીતે જાણ્યું ?

ભિક્ષુ—અરે તેના આગમોથી જ બુદ્ધ સર્વજ્ઞ છે એમ સિદ્ધ છે.

ક્ષપકણ—હે ભોળી બુદ્ધિના ! જો તેના જ કથનથી તેનું સર્વજ્ઞપણું તું માને છે તો તું પણ બાપદાદાઓ સાથે સાતપેઢી થયાં અમારો દાસ છે એ હું પણ જાણું છું.

ભિક્ષુ—(ક્રોધથી) હે દુષ્ટ પિશાચ ! મેલનો કાદવ ધારણ કરનાર ! કોણ

હું તારો દાસ ?

ક્ષપણક– હે વિહારની દાસીઓના યાર ! દુષ્ટ પરિવ્રાજક ! આ દષ્ટાંત મેં જણાવેલ છે. તેથી તને પ્રિય કાંઈક વિશ્વસ્તપણે કહું છું. બુદ્ધનું શાસન ત્યજી આર્હત શાસનને અનુસરી દિગમ્બરમતને ધારણ કર.

ભિક્ષુ–અરે ! પોતે નષ્ટ થયો. હવે બીજાઓને નષ્ટ કરે છે ? એવો કોણ સારો માણસ છે કે શ્રેષ્ઠ સ્વરાજ છોડી તારી પેઠે લોકમાં નિંદાપાત્ર પિશાચપણાને ઇચ્છે ? વળી અરિહંતોના ધર્મજ્ઞાનની પણ શ્રદ્ધા કોણ રાખે છે ?

ક્ષપણક–ગ્રહનક્ષત્રોની ગતિ અને સૂર્ય, ચંદ્રગ્રહણનું તાત્ત્વિક જ્ઞાન, તેમજ નષ્ટ વસ્તુની પ્રાપ્તિનું સંધાન એ જોવાથી ભગવાનનું સર્વજ્ઞપણું સાબિત જ છે.

ભિક્ષુ–અનાદિ કાળથી ચાલતા જ્યોતિશ્ચક્રના જ્ઞાનથી ઠગાયેલ ભગવાને આ અતિદુઃખદ વ્રત આચર્યું છે. દેહ પ્રમાણે જીવ સંબંધ વિના ત્રણે લોકને કેવી રીતે જાણે છે ? શું સુંદર ઝાળવાળો ઘટમાં મુકેલો દીવો ઘરની અંદર પણ રહેલા પદાર્થોને પ્રકાશિત કરે ? તેથી બંને લોકથી વિરુદ્ધ એવા આર્હત મતથી શ્રેષ્ઠ બૌદ્ધ મતને જ સાક્ષાત્ સુખજનક અને અત્યંત રમણીય અમે જોઈએ છીએ.

શાંતિ–સખી ! બીજે જઈએ.

કરુણા–ભલે એમ જ. (બંને ચાલે છે.)

શાંતિ–(સામે જોઈને) આ સોમ સિદ્ધાંત. ઠીક અહીં પણ અનુસરીએ (ત્યારબાદ કાપાલિકરૂપ ધારી સોમસિદ્ધાંત પ્રવેશે છે).

સોમસિદ્ધાંત–(ફરીને) મનુષ્યના હાડકાંની માળાથી ભૂષિત, સ્મશાનવાસી, મનુષ્યની ખોપરીમાં ભોજન કરનાર એવો હું યોગાંજનથી શુદ્ધ થયેલ નેત્ર વડે પરસ્પર ભિન્ન એવા જગતને ઈશ્વરથી અભિન્ન જોઉં છું.

ક્ષપણક–આ કયો પુરુષ કાપાલિક વ્રતને ધારણ કરે છે ? માટે એને પણ પૂછું. રે કાપાલિક ! મનુષ્ય-અસ્થિની માળા ધારણ કરનાર ! તારો ધર્મ અને મોક્ષ કેવો છે ?

કાપાલિક–હે ક્ષપણક ! અમારા ધર્મને સજી લે. અગ્નિમાં મગજ, આંતરડાં, ચરબીથી પૂર્ણ માંસની આહુતિઓ આપતા એવા અમારું પારણું બ્રાહ્મણની ખોપરીમાં ભરેલ દારૂ પીને થાય છે, તુરતના કાપેલ કઠોર

ગળામાંથી ઝરતા લોહીની ધારથી ચળકતા એવા પુરુષનાં બલિદાનોથી પૂજાવા યોગ્ય મહાભૈરવ અમારો દેવ છે.

ભિક્ષુ—(કાન બંધ કરીને) બુદ્ધ ! બુદ્ધ ! અહો ભયંકર ધર્માચરણ !

ક્ષપણક—અરિહંત ! અરિહંત ! અહો ઘોર પાપ કરનાર કોઈએ આ બિચારાનો ઠગ્યો છે.

કાપાલિક—(ક્રોધ સાથે) હે પાપ ! હે નીચ પાખંડી ! મુંડેલ માથાના ! ગુચ્છાદાર કેશવાળા ! વાળ ઉખાડી ફેંકનાર ! અરે ! ચૌદ લોકની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારનો પ્રવર્તક, વેદાન્તમાં પ્રસિદ્ધ એવા સિદ્ધાન્તના વૈભવવાળા ભગવાન ભવાનીપતિ ઠગનાર છે ? ત્યારે આ ધર્મનો મહિમા બતાવીએ. હરિહરઈન્દ્ર વગેરે શ્રેષ્ઠ દેવોને હું ખેંચી લાવું છું. આકાશમાં ચાલતાં નક્ષત્રોની ગતિઓ પણ હું રોકું છું, પહાડ અને નગરો સહિત આ પૃથ્વીને જલપૂર્ણ કરીને સંપૂર્ણ તે પાણી ફરી ક્ષણમાત્રમાં પી જાઉં છું; એ વાત તું સમજી જા.

ક્ષપણક—હે કાપાલિક ! એથી જ હું કહું છું કે કોઈ ઇન્દ્રજાળીઆએ માયા બતાવી તને ઠગ્યો છે.

કાપાલિક—હે પાપ ! ફરી પણ પરમેશ્વરને ઈન્દ્રજાલિક કહી આક્ષેપ કરે છે ? તેથી આનું દુષ્ટપણું સહન કરવું યોગ્ય નથી. (તરવાર ખેંચીને) તો ખૂબ સારી રીતે આના આ વિકરાળ તરવારથી કાપેલ ગળાની નાળમાંથી નીકળતા ફીણદાર અને પરપોટાથી ભરેલા લોહીથી ડમડમ કરતા ડમરુના ખડખડાટથી આહ્‌વાન કરાયેલ ભૂતવર્ગોની સાથે મહાભૈરવીને તર્પણ આપું છું. (એમ કહી તરવાર ઉગામે છો)

ક્ષપણક—(ભયથી) હે મહાભાગ ! અહિંસા એ પરમધર્મ છે. (એમ કહી ભિક્ષુના ખોળામાં ગરી જાય છે.)

ભિક્ષુ—(કાપાલિકને વારતો) હે ભાગ ! કુતૂહલમાં થયેલ વાક્કલહમાત્રથી એ બિચારા ઉપર પ્રહાર કરવો યોગ્ય નથી. (કાપાલિક તરવાર પાછી ખેંચી લે છે).

ક્ષપણક—(આશ્વાસન મેળવી) મહાભાગે, જો પ્રચંડ ક્રોધાવેશને શમાવ્યો હોય તો હું કાંઈક પૂછવા ઇચ્છું છું.

કાપાલિક—પૂછ.

ક્ષપણક—તમારો પરમધર્મ સાંભળ્યો. હવે સુખ અને મોક્ષ કેવો છે ?

કાપાલિક—સાંભળ. ક્યાંય પણ વિષયો વિના સુખ નથી જોયું.

આનંદાનુભવ વિનાની જીવદશારૂપ પાષાણ જેવી જડ મુક્તિને કોણ ચાહે ? મુક્ત પુરુષ પાર્વતી જેવી સુંદર સ્ત્રી વડે સાનંદ આલિંગન પામી ક્રીડા કરે છે. એમ ચંદ્રશેખર ભવાનીપતિએ ભાખ્યું છે.

ભિક્ષુ—હે મહાભાગ ! સરાગને મુક્તિ એ વાત શ્રદ્ધા કરવા જેવી નથી.

ક્ષપણક—હે કાપાલિક ! જો ગુસ્સે ન થા તો કહું છું. શરીરધારી અને રાગી મુક્ત થાય એ પરસ્પર વિરુદ્ધ છે.

કાપાલિક—(મનમાં) અયે ! આ બન્નેનું મન અશ્રદ્ધાગ્રસ્ત છે. માટે આમ થવા દો. (ખુલ્લું) હે શ્રદ્ધે ! જરા આ તરફ.

(ત્યારબાદ કપાલિનીનું રૂપ ધારણ કરતી શ્રદ્ધા પ્રવેશે છે)

કરુણા—હે સખિ જો, જો ! રજસની પુત્રી શ્રદ્ધા. જે આ શોભતાં નીલકમલનાં જેવાં લોચનવાળી, મનુષ્યાસ્થિની માળાથી ભૂષિત, નિતંબ અને પુષ્ટસ્તનના ભારથી મંદ એવી આ પૂર્ણચંદ્ર જેવા મુખવાળી વિલાસિની છે.

શ્રદ્ધા—(ફરીને) આ રહી હું. હે સ્વામી, ફરમાવો.

કાપાલિક— હે પ્રિયે, પહેલાં એ દુરભિમાની ભિક્ષુને પકડ. (શ્રદ્ધા ભિક્ષુને ભેટે છે.)

ભિક્ષુ—(આનંદપૂર્વક ભેટી રોમાંચ બતાવી કાનમાં) અહો ! કપાલિનીનો સ્પર્શ સુખદાયી છે. કેમકે તીવ્રરાગથી ભુજયુગલ વડે મર્દિત પુષ્ટસ્તન ભાર વડે મેં માત્ર કેટલીક જ રાંડોને ગાઢ નથી આલિંગી. જો કપાલિનીના પીન અને ઉન્નત સ્તનના આલિંગનથી ઉત્પન્ન થયેલ હર્ષાતિરેક ક્યાંય પણ પ્રાપ્ત થયો હોય તો હું સેંકડો વાર બુદ્ધોના સોગન ખાઉં છું. અહો ! કાપાલિકની ચર્યા પવિત્ર છે. સોમસિદ્ધાંત પ્રશંસનીય છે. આ ધર્મ આશ્ચર્યકારી છે. હે મહાભાગ ! હવે અમે બિલકુલ બુદ્ધનું શાસન ફેંક્યું અને મહાદેવના સિદ્ધાંતમાં દાખલ થયા છીએ. તેથી તું આચાર્ય અને હું શિષ્ય છું. મને પરમેશ્વરી દીક્ષામાં દાખલ કર.

ક્ષપણક—અરે ભિક્ષુક ! કપાલિનીના સ્પર્શથી તું દૂષિત થયો છે. તેથી તું દૂર ખસ.

ભિક્ષુ—હે પાપી ! તું કપાલિનીના સ્પર્શાનંદથી વંચિત છે.

કાપાલિક—હે પ્રિયે ! ક્ષપણકને પકડ. (કપાલિની ક્ષપણકને ભેટે છે.)

ક્ષપણક—(રોમાંચપૂર્વક) અહો અરિહંત ! અહો અરિહંત ! કપાલિનીનું સ્પર્શસુખ ! હે સુંદરી ! દે, દે ફરી પણ અંકપાલી—ઉત્સંગ ભાગ અરે મહાન્ ઇન્દ્રિયવિકાર ઉપસ્થિત થયો. ત્યારે છે કોઈ ઉપાય ? અહીં શું યોગ્ય છે ?

ઠીક, પીંછીથી ઢાંકીશ, અયિ ! પુષ્ટ અને સઘન સ્તનથી શોભતી, ભયભીત મૃગનાં જેવાં લોચનવાળી, તું કપાલિની જો ભાવો વડે રમણ કરે તો શ્રાવકો શું કરશે ? અહો ! કાપાલિકનું દર્શન જ એક સુખ-મોક્ષનું સાધન છે. હે કાપાલિક ! હવે હું તારો દાસ થયો. મને પણ મહાભૈરવના શાસનમાં દીક્ષા આપ.

કાપાલિક—બેસી જાવ. (બંને તેમ કરે છે.)

(કાપાલિક ભાજન લઈને ધ્યાન ધરે છે.)

શ્રદ્ધા—ભગવન્ ! દારૂથી ભાજન ભરેલું છે.

કાપાલિક—(પીને બાકીનું ભિક્ષુ અને ક્ષપણકને અર્પે છે.)

આ પવિત્ર અમૃત પીઓ. એ ભવનું ભેષજ છે. એને ભૈરવ પશુપાશ(સંસારબંધ)ના નાશનું કારણ કહે છે. (બંને વિચારે છે.)

ક્ષપણક—અમારા આર્હત શાસનમાં મદ્યપાન નથી.

ભિક્ષુ—કેવી રીતે કાપાલિકનું એઠું મદ્ય પીશ ?

કાપાલિક—(વિચાર કરીને, ખાનગી) હે શ્રદ્ધે ! શું વિચાર કરે છે ? આ બંનેનું પશુત્વ હજી પણ દૂર થતું નથી. તેથી એઓ મારા સુખના સંસર્ગદોષથી મદ્યને અપવિત્ર માને છે. તેથી તું જ પોતાના મુખના મદ્યથી પવિત્ર કરી એ સુરા આ બંનેને ભેટ કર. કારણ સ્મૃતિકારો પણ કહે છે કે સ્ત્રીઓનું મુખ તો સદા શુચિ છે.

શ્રદ્ધા—જેવી ભગવાનની આજ્ઞા. (પાન પાત્ર લઈ (પીઈને) તેમાંથી બચેલું મદ્ય આપે છે.)

ભિક્ષુ—મોટી કૃપા. (એમ કહી પ્યાલો લઈ પીએ છે.) મદ્યનું સૌંદર્ય આશ્ચર્યકારી છે. અમે વિકસ્વર બકુલપુષ્પના સુગંધ જેવી મધુર અને સ્ત્રીના મુખથી એંઠી એવી સુરા વેશ્યાઓની સાથે કેટલીયે વાર અવશ્ય પીધી છે. અમને લાગે છે કે કપાલિનીના મુખમદ્યથી સુગંધિત થયેલ આ મદિરાને નહિ મેળવીને જ દેવગણ અમૃતની સ્પૃહા કરે છે.

ક્ષપણક—હે ભિક્ષુ ! બધું ન પી. કપાલિનીના મુખથી એંઠી મદિરા મારે માટે પણ રાખ.

(ભિક્ષુ ક્ષપણકને પ્યાલો ધરે છે)

ક્ષપણક—પીને અહો ! સુરાની મધુરતા અજબ છે.

સ્વાદ અજબ છે, ગંધ અજબ છે અને સૌરભ પણ અજબ છે ! લાંબો વખત થયાં આર્હત શાસનમાં પડેલો હું આવા સુરારસથી વંચિત જ રહી

ગયો. હે ભિક્ષુ ! મારાં અંગો ભમે છે. ત્યારે સૂઈ જઈશ.

ભિક્ષુ–એમ કર. (બંને તેમ કરે છે.)

કાપાલિક–હે પ્રિયે ! મૂલ્ય વિના જ બે દાસો તો ખરીદી લીધા. તેથી જરા નાચીએ. (બંને નાચે છે.)

ક્ષપણક–અરે ભિક્ષુ ! કાપાલિક અથવા આચાર્ય કપાલિની સાથે સુંદર નાચે છે. માટે એઓની સાથે આપણે પણ નાચીએ.

ભિક્ષુ–આચાર્ય ! આ દર્શન અત્યંત આશ્ચર્યકારી છે જેમાં ક્લેશ વિના જ ઇષ્ટ અર્થો સિદ્ધ થાય છે.

(કેફથી સ્ખલનાપૂર્વક નાચે છે.)

ક્ષપણક–(અયિ પીનસ્તની ઇત્યાદિ પ્રથમનું જ બોલીને.)

કાપાલિક–તું એ કેટલું આશ્ચર્ય જોયાં કરે છે ?

+ + + + + + + +

ક્ષપણક–મહારાજ મહામોહની આજ્ઞાથી સત્ત્વની પુત્રી શ્રદ્ધાને લાવો.

કાપાલિક–કહે ક્યાં છે દાસીની પુત્રી ! આ હું તેને જલદી જ વિદ્યાબળથી લાવું છું.

ક્ષપણક–(ખડી લઈ ગણિત કરે છે.)

શાંતિ–સખિ ! અભાગિયાઓનું આ માતા વિશે જ સંભાષણ સાંભળું છું. તે ધ્યાનપૂર્વક સાંભળીએ.

કરુણા–હે સખિ ! એમ કરીએ.

ક્ષપણક–(ગાથા ગણીને) જળમાં, સ્થળમાં, ગિરિગવ્હર કે પાતાળમાં નથી. તે વિષ્ણુભક્તિની સાથે મહાત્માઓના હૃદયમાં વસે છે.

કરુણા–(સહર્ષ) સખિ ! ભાગ્ય ચઢિયાતું છે કે શ્રદ્ધા દેવી વિષ્ણુભક્તિની પાસે જ છે.

શાંતિ–(હર્ષ સૂચવે છે.)

ભિક્ષુ–કામથી મુક્ત એવા ધર્મની પ્રવૃત્તિ ક્યાં છે ?

ક્ષપણક–(ફરી ગણીને) જળ, સ્થળ, ગિરિગહ્વર કે પાતાળમાં નથી. તે તો વિષ્ણુભક્તિની સાથે જ મહાત્માના હૃદયમાં વસે છે.

+ + + + + + + +

શ્રદ્ધા–ત્યારબાદ હે દેવી ! દુષ્ટ મહામોહે પાખંડ તર્ક સાથે બધા પાખંડ આગમોને લડાઈ માટે પ્રથમ ગોઠવ્યા. એટલામાં અમારા પણ સૈન્યને મોખરે વેદ, ઉપવેદ, અંગ, ઉપાંગ, પુરાણ, ધર્મશાસ્ત્ર, ઇતિહાસ આદિથી શોભતી

સરસ્વતી પ્રકટ થઈ.

વિષ્ણુભક્તિ—પછી પછી !

શ્રદ્ધા—હે દેવી ! પછી વૈષ્ણવ, શૈવ, અને શૌર આદિ આગમો સરસ્વતીદેવી સન્મુખ આવ્યા.

વિષ્ણુભક્તિ—પછી, પછી !

શ્રદ્ધા—બાદ સાંખ્ય, ન્યાય, કણાદ, મહાભાષ્ય, પૂર્વમીમાંસા આદિ દર્શનોથી વેષ્ટિત વેદત્રયી જાણે ત્રિનેત્ર કાત્યાયની હોય તેમ સરસ્વતી સન્મુખ પ્રકટ થઈ.

શાંતિ—એ વિરોધી દર્શનો એકત્ર કેમ મળ્યાં ?

શ્રદ્ધા—હે પુત્રી શાંતિ ! એ દર્શનો જો કે પરસ્પર વિરોધી છે, છતાં બધાં વેદપ્રસૂત હોવાથી જ્યારે વેદનો કોઈ વિરોધ કરે ત્યારે બધાં એકસંપી થઈ વેદવિરોધીની સામે થાય છે.

વિષ્ણુભક્તિ—પછી, પછી !

શ્રદ્ધા—હે દેવી ! ત્યારબાદ મહામોહનાં એ પાખંડ દર્શનો અને અમારાં આસ્તિક દર્શનો વચ્ચે ભયંકર યુદ્ધ થયું. તેમાં એ પાખંડીઓએ લોકાયતશાસ્ત્રને આગળ કર્યું હતું. પણ તેઓ અંદરોઅંદર સૌના સંઘર્ષણથી જ નષ્ટ થયું. અને બીજા પાખંડી આગમો તો સત્ય આગમરૂપ સમુદ્રના પ્રવાહમાં બિલકુલ છિન્નભિન્ન થઈ ગયા. બૌદ્ધો સિંધ, ગાંધાર, પારસિક, આન્ધ્ર, હૂણ, વંગ, કલિંગ, આદિ મ્લેચ્છપ્રચુર દેશોમાં દાખલ થઈ ગયા. પાખંડ, દિગમ્બર, કાપાલિક વગેરે તો પામર લોકોથી ભરેલા પંચાલ, માલવ, આભીર, આવર્ત ભૂમિમાં દરિયા નજીક છૂપી રીતે સંચરે છે. ન્યાયયુક્ત મીમાંસાના પ્રહારથી જર્જરિત થયેલા એ નાસ્તિકોના તર્કો તે જ પાખંડી આગમોની પાછળ પાછળ પલાયન કરી ગયા. (પ્રબોધચંદ્રોદય અંક ૩, પૃષ્ઠ ૯૯)

## (દર્શનવિષયક) પરિશિષ્ટ ૩

### તંત્રવાર્તિક

**સાંખ્ય, યોગ, પાંચરાત્ર, પાશુપત, બૌદ્ધ અને જૈન દર્શને માનેલાં ધર્માધર્મનાં કારણોને કોઈ ત્રણવેદનો જ્ઞાતા સ્વીકારતો નથી. એ એ દર્શનોની માન્યતાઓમાં પણ વેદની છાયા તો આવી જ ગઈ છે. તે તે દર્શનના આદ્ય પુરુષે એ માન્યતાઓને ચલાવવામાં ખાસ ઉદ્દેશ તરીકે લોકસંગ્રહ, લાભ,**

પૂજા, અને ખ્યાતિને રાખેલાં છે તથા એ માન્યતાઓ વેદત્રયથી વિપરીત છે, દૃષ્ટ શોભા ઉપર નિર્ભર છે, પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને અર્થાપત્તિ વગેરે પ્રમાણોની યુક્તિઓ દ્વારા સ્થપાયેલી છે. તથા એ માન્યતાના પ્રવર્તકોએ એ માન્યતાઓને શ્રુતિ સ્મૃતિમાં મળતાં અહિંસા, સત્ય, દમ, દાન અને દયાં વગેરેના ભાવનો ઢોળ ચડાવીને પોતાની સિદ્ધિના પ્રભાવે (એટલે ઝેર ઉતારવાની વિદ્યા, વશીકરણની વિદ્યા, ઉચ્ચાટનવિદ્યા, ઉન્માદનવિદ્યા– મૂઠ મારવાની વિદ્યા–વગેરે કોઈ સિદ્ધિના પ્રભાવે) આજીવિકા માટે ચલાવેલી છે.

+ + + + + + + +

જો અમે અમારો અનાદર દર્શાવીને એ માન્યતાઓની ઉપેક્ષા કરીને જ બેસી રહીએ અને એ માન્યતાઓનું અપ્રામાણિકપણું ન ઠરાવીએ તો બીજાઓ પણ એ માન્યતાઓનું અપ્રામાણિકપણું ન જ ઠરી શકે' એમ માનીને સમદૃષ્ટિ બની જાય અથવા એ એ માન્યતાઓની શોભા સુકરતા અને તર્કયુક્તતા જોઈને કે કળિકાળને લીધે યજ્ઞોક્ત પશુહિંસા વગેરેનો ત્યાગ કરી ભ્રમમાં પડી જાય.

જે પોતે જાતે ક્ષત્રિય હોવા છતાં ક્ષત્રિયોચિત ધર્મનો ત્યાગ કરી ઉપદેશકનો અને ભિક્ષુનો ધર્મ સ્વીકારે એવા તે સ્વધર્માતિક્રમી મનુષ્ય વિશે 'એ શુદ્ધ ધર્મનો ઉપદેશ કરશે' એવો તે કાંઈ વિશ્વાસ રાખી શકાય ?

જે મનુષ્ય પરલોક વિરુદ્ધ પ્રવૃત્તિઓ કરે છે તેનો ત્યાગ દૂરથી જ કરવો જોઈએ–જે પોતાની જાતને છેતરે છે તે બીજાનું હિત શી રીતે કરી શકે ?

આ પ્રકારનો ધર્મ વ્યતિક્રમ (ધર્મવટાળ) બુદ્ધ વગેરેએ કરેલો છે અને એ હકીકત અલંકારબુદ્ધિ નામના ગ્રંથકારે આ પ્રમાણે જણાવેલી છે.

''લોકમાં જે કાંઈ કાળાં કામ થાય છે તે બધાનો ભાર મારા ઉપર આવો અને લોક એ કાળાં કામના પરિણામથી મુક્ત બનો'' આ જાતનો વિચાર એ અલંકાર બુદ્ધિએ બુદ્ધના નામે જણાવેલો છે. એથી એમ જણાય છે કે, તે બુદ્ધે પોતાના ક્ષાત્ર ધર્મનો ત્યાગ કરી લોકહિતને માટે બ્રાહ્મણોચિત ઉપદેશકધર્મને સ્વીકારેલો અને સ્વધર્મનો અતિક્રમ કરેલો–તંત્રવાર્તિક પૃ. ૧૧૬.

## શાંકરભાષ્ય

વળી બાહ્યાર્થવાદ, વિજ્ઞાનવાદ, શૂન્યવાદ, એ પરસ્પર વિરુદ્ધ ત્રણે

વાદોનો ઉપદેશ કરતા બુદ્ધે પોતાનું અસમ્બદ્ધપ્રલાપીપણું સ્પષ્ટ કર્યું છે. અથવા લોકો ઉપર બુદ્ધનો એવો પ્રદ્વેષ છે કે આ બધી પ્રજા પરસ્પર વિરુદ્ધ અર્થનું જ્ઞાન કરી મોહમાં પડે.

શાંકર ભા. અ. ૨, પા. ૨, સૂ. ૩૨.

## સાંખ્યતત્ત્વ કૌમુદી

આપ્ત કથનથી અયુક્ત એવા શાક્યભિક્ષુ, નિર્ગ્રંથિક, સંસારમોચક વગેરે આગમાભાસોનું નિરાકરણ થાય છે. એ આગમોનું અયુક્તપણું નીચેનાં કારણોથી જાણવું.

૧. મનુ વગેરેએ નિંદા કરી છે માટે.

૨. વેદરૂપ મૂળ રહિત છે માટે

૩. પ્રમાણ વિરુદ્ધ અર્થને કહે છે માટે.

૪. કોઈક જ મ્લેચ્છ વગેરેએ અને પશુ જેવા અધમ પુરુષોએ સ્વીકાર કરેલો છે માટે.

સાંખ્યતત્ત્વ કૌમુદી પૃ. ૪૧-૪૨ (કલકત્તા આવૃત્તિ)

●

# ૧૧. સાંપ્રદાયિકતા અને તેના પુરાવાઓનું દિગ્દર્શન

## (૨)

પ્રસ્તુત લેખમાળા માટે ગયા અંકમાં વૈદિક સાહિત્યનો ઉપયોગ થયો છે. આ અંકમાં જૈન સાહિત્યનો ઉપયોગ કરવા ધાર્યો છે. પ્રાચીન કાળમાં જૈન સાહિત્યનો વિભાગ વસ્તુની[1] દૃષ્ટિએ કરવામાં આવ્યો છે, જે બહુ વ્યાપક અને સર્વસંમત છે. પશ્ચિમીય વિદ્વાનો વળી નવી[2] જ દૃષ્ટિએ જૈન સાહિત્યનો વિભાગ કરે છે. એ વિભાગોને બાજુએ રાખી ઐતિહાસિક અને તુલનાત્મક દૃષ્ટિએ લખવા ધારેલ પ્રસ્તુત લેખમાં વધારે ઉપયોગી થાય તેવા જૈન સાહિત્યના વિભાગ માત્ર લેખની સગવડ ખાતર નીચે પ્રમાણે કરવામાં આવે છે.

૧. આગમ
૨. ચરિત
૩. ખંડનાત્મક
૪. તર્ક

પહેલા વિભાગમાં પ્રાચીન આગમો અને તેના ઉપરની બધી વ્યાખ્યાઓનો સમાવેશ થાય છે.

બીજામાં, મધ્યકાળમાં રચાયેલ કથા, આખ્યાન, આખ્યાયિકા આદિ જીવનવર્ણનવાળા ગ્રંથો આવે છે. ત્રીજામાં મુખ્યપણે પરમતનું ખંડન કરી સ્વમતનું સ્થાપન કરવાના હેતુથી લખાયેલ ગ્રંથો આવે છે. અને ચોથામાં પ્રમાણ પ્રમેયાદિનું તર્કપદ્ધતિએ

---

૧. દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ, ધર્મકથાનુયોગ. આ માટે જુઓ પુરાતત્ત્વ વર્ષ ૨જું, પૃ. ૧૨૨, પં. બેચરદાસનો લેખ.

૨. તત્ત્વવિદ્યા, વિશ્વવિદ્યા, જીવવિદ્યા અને માનસશાસ્ત્ર. વિસ્તાર માટે જુઓ પ્રો. લોયમાન લિખિત નિબંધનો ગુજરાતી અનુવાદ : 'બુદ્ધ અને મહાવીર', પૃ. ૩૩.

નિરૂપણ કરનાર ગ્રંથો આવે છે.

શ્વેતાંબર શાખાનું સાહિત્ય આ ચારે ભાગોમાં ઉપલબ્ધ થાય છે, અને દિગંબર શાખાઓનું ત્રણ ભાગમાં. એમાં આગમગ્રંથો નથી.

જૈન સાહિત્યમાં આગમ એ મુખ્ય છે, વેદો અને ત્રિપિટકોની પેઠે તેની પાઠસંકલના, વિભાગવ્યવસ્થા અને સંશોધન એ બધું જોકે રચનાના સમય પછી થયું છે છતાં તેની પ્રાચીનતા લુપ્ત થઈ નથી. વિશિષ્ટ વિચારપ્રવાહ, ભાષાનાં જૂનાં રૂપો અને કેટલાંક વર્ણનો એ બધું મૂળ આગમો ગણધરોએ રચ્યાં છે એવી જૈન પરંપરાનું સમર્થન કરે છે. એની રચનાનો સમય એટલે ભગવાન મહાવીરની નજકનો સમય છે.

આ સમય એટલે દીર્ઘ તપસ્વી મહાવીરે જીવનમાં ઉતારેલ અહિંસાપ્રધાન આચાર અને અનેકાંતપ્રધાન વિચારસરણીની સ્થાપનાનો સમય. એ સમયમાં મહાવીના જીવંત આચાર અને વિચારને પોતપોતાના જીવનમાં ઉતારી સ્વસિદ્ધાંત સ્થાપવાની જ ભાવના શિષ્યોમાં મુખ્ય હતી. આંતરિક યોગ્યતાને જ માન અપાતું અને તે રીતે ક્રાંતિનું કામ ચાલતું. પોતાને વિરુદ્ધ લાગતા આચાર અને વિચારોનું નિરસન આદર્શ જીવનથી થતું, માત્ર શબ્દથી નહિ. એ વખતે ભગવાન મહાવીરના સિદ્ધાંતના રચનાત્મક કાર્યની જ મુખ્યતા હતી અને વિરોધી મંતવ્યોના ખંડનાત્મક કાર્યની ગૌણતા હતી. અનુયાયીઓની સંખ્યા કરતાં-યોગ્યતાના પ્રમાણ તરફ વધારે ધ્યાન આપતું, ને તે રીતે સ્વપક્ષના નિર્માણનું કાર્ય ચાલતું. પોતાના સિદ્ધાંત ઉપરથી અચળ અને જાગતી શ્રદ્ધાને લીધે જો કે તે પ્રચલિત અને પોતાને ભ્રાંત જણાતાં અનેક આચારવિચારવિષયક મતંવ્યોના સંબંધમાં પોતાનો વિરોધ સ્પષ્ટપણે બતાવવામાં આવતો છતાં તે વિરોધી મંતવ્ય ધરાવનાર વ્યક્તિ કે સમૂહ વિશે દ્વેષવૃત્તિ ન કેળવતાં માત્ર ઉદાસીનતા દાખવવામાં આવતી.

એ જ કારણને લીધે આપણે આગમ ગ્રંથો પૈકી કેટલાક અંગગ્રંથોમાં પરમતના નિરસન કે ઉલ્લેખ પ્રસંગે કોઈ વ્યક્તિ કે પક્ષવિશેષનું નામ નથી જોતા. માત્ર તેમાં પરમતવિરોધસૂચક મિથ્યાદૃષ્ટિ, અનાર્યદર્શન, બાલ, મંદ, આદિ શબ્દો જોઈએ છીએ. આગમમત એવાં સ્થળોને ઊંડાણથી વાંચતાં મન ઉપર એવી છાપ પડે છે કે તેમાં સાંપ્રદાયિકતા નથી. પણ તેમાં સ્વસિદ્ધાંતની જાગતી શ્રદ્ધા અને તેથી પ્રામાણિકપણે થતો પરમતનો વિરોધ માત્ર છે.

જૈન સાહિત્યમાં મૂળ આગમ પછી બીજું સ્થાન તેના વ્યાખ્યાગ્રંથોનું છે. આગમના વ્યાખ્યાગ્રંથો મુખ્યપણે ચાર ભાગમાં વહેંચાય છે : નિર્યુક્તિ,

ભાષ્ય, ચૂર્ણિ અને ટીકા. એમાં નિર્યુક્તિ એ પ્રાચીન છે. નિર્યુક્તિના કર્તા આચાર્ય ભદ્રબાહુ મનાય છે. તેઓ મૌર્યસમ્રાટ ચંદ્રગુપ્તના સમકાલીન હતા. એ સમય એટલે ભગવાન મહાવીરના નિર્વાણ બાદ ૧૦૦ વર્ષ વ્યતીત થઈ ગયા પછીનો સમય. આ વખતે પ્રથમની પરિસ્થિતિ સંપૂર્ણપણે રહી ન હતી. એ સમયમાં સિદ્ધાંતસ્થાપનના કાર્ય સાથે પ્રથમ સ્થપાયેલ સ્વપક્ષના રક્ષણનું કાર્ય પણ આવી પડ્યું હતું અને તેટલા જ માટે વિરોધી પક્ષની હરીફાઈમાં ઊતરવાનું અને બનતે પ્રયત્ને તેને પરાસ્ત કરવાનું કાર્ય પણ ઉપસ્થિત થયું હતું. રાજસભામાં જવાનો અને રાજાશ્રયમાં પક્ષની સલામતી જોવાનો પરાશ્રયી પ્રસંગ સહુને સમાન રીતે પ્રાપ્ત થયો હતો. પરપક્ષના વિજયમાં જ સ્વપક્ષનું તેજ છે એમ માનવા અને મનાવવાની પરાવલંબી પ્રથા બધા સંપ્રદાયોમાં શરૂ થઈ હતી. વિરોધી મત ધરાવનાર વ્યક્તિ કે સમૂહની અવમાનના થાય એવા ભાવ અને પ્રવૃત્તિનો જન્મ થઈ ગયો હતો. તત્કાલીન કોઈ પણ સંપ્રદાય એ પરિસ્થિતિથી મુક્ત ન હતો; જોકે હજી મધ્યકાળની સાંપ્રદાયિક કટુકતા દાખલ થઈ ન હતી. તથાપિ સ્વપક્ષરાગ અને તજ્જન્ય પરપક્ષદ્વેષનું વિરલ પણ ચોક્કસ વાતાવરણ તૈયાર થયું હતું.

આ વાતાવરણનો પ્રતિઘોષ આપણે નિર્યુક્તિમાં જોઈએ છીએ. નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુ મહા વિદ્વાન અને તપસ્વી હતા, છતાં સાંપ્રદાયિકતાના ઝેરી વાતાવરણથી છૂટવું તેઓને પણ કઠણ થઈ ગયું હોય તેમ તેઓની નિર્યુક્તિ જોતાં લાગે છે. તેઓની સામે અનેક પ્રતિપક્ષો હતા, જેમાં બૌદ્ધ દર્શન અને વૈદિક દર્શનની તત્કાલીન છૂટી પડી વિરોધી બનેલી શાખાઓ પણ હતી. આ પ્રતિપક્ષીઓમાં મુખ્ય બૌદ્ધ, યાજ્ઞિક, સાંખ્ય, વૈશેષિક અને આજીવક પંથ હતા. નિર્યુક્તિમાં ભરત ચક્રવર્તી દ્વારા, બ્રાહ્મણ વર્ણની સ્થાપના, બ્રાહ્મણોને દાન આપવાની શરૂ થયેલી પ્રથા અને અસલી આર્યવેદોની રચના થયાનું જે વર્ણન છે તેમ જ સાંખ્ય અને વૈશેષિક દર્શન વગેરેની ઉત્પત્તિનો જે સંબંધ વર્ણવવામાં આવ્યો છે તેમાં તે વખતની સાંપ્રદાયિકતાનો પડઘો હોય તેમ લાગે છે.

નિર્યુક્તિમાં જે છૂટાંછવાયાં સાંપ્રદાયિકતાનાં બીજો નજરે પડે છે અને જે આગળ જતાં ચરિતસાહિત્યમાં વૃક્ષ અને મહાવૃક્ષનું રૂપ ધારણ કરે છે તે જ બીજા ભાષ્ય, ચૂર્ણિ અને ટીકાગ્રંથોમાં અનુક્રમે અંકુરિત થતાં અને વધતાં આપણે જોઈએ છીએ. ભાષ્ય, ચૂર્ણિ અને ટીકાની સાંપ્રદાયિકતાસૂચક વાતો એ નિર્યુક્તિનાં સંક્ષિપ્ત સૂચનોનો વિવિધ વિસ્તાર અને પુરવણી માત્ર છે.

ભાષ્ય, ચૂર્ણિ અને ટીકાની રચના મધ્ય કાળમાં થયેલી હોવાથી તેમાં તે વખતના બ્રાહ્મણપુરાણની સાંપ્રદાયિક કટુકતા નજરે પડે છે અને પ્રાચીન આગમની તટસ્થતા ઓછી થાય છે.

ચરિત, ખંડનાત્મક અને તર્ક એ ત્રણ વિભાગના સાહિત્યની રચના પણ મધ્યકાળમાં થયેલી હોવાથી તે સાહિત્ય એ વખતે પ્રસરેલ સાંપ્રદાયિકતાની વિષવલ્લીનાં કટુકતમ ફળોથી મુક્ત રહે એ સંભવિત ન હતું.

આ બધી સાંપ્રદાયિકતાના કેટલાક નમૂનાઓ માત્ર ઐતિહાસિક દૃષ્ટિએ આગળ આપવા ધાર્યા છે. પરંતુ તે આપતાં પહેલાં તેને વધારે સ્પષ્ટ રીતે સમજવા ખાતર કેટલીક અગત્યની હકીકત પ્રથમ જ જણાવી દેવી યોગ્ય ધારી છે.

(૧)

## બ્રાહ્મણ વર્ણની ઉત્પત્તિ[1]

તત્ત્વજ્ઞાન અને આચારને લગતી ઘણી બાબતો વિશે વૈદિક અને જૈન દર્શન વચ્ચે પ્રબળ મતભેદ છે. પરંતુ એ બધી બાબતોમાં યાજ્ઞિક હિંસા એ મુખ્ય મતભેદની બાબત છે અને તેને લીધે જ વેદનું પ્રામાણ્ય તથા બ્રાહ્મણ વર્ણનું જન્મસિદ્ધ શ્રેષ્ઠત્વ એ પણ મતભેદની મુખ્ય બાબતો થઈ પડી છે. વૈદિક દર્શન સાથે જૈન દર્શનની પેઠે બૌદ્ધ દર્શનનો પણ આ ત્રણ બાબત પરત્વે મતભેદ છે જ. વેદના પ્રામાણ્ય વિશે બૌદ્ધો અને જૈનોનો સમાન મતભેદ હોવા છતાં તેમાં થોડો તફાવત પણ છે, અને તે એ કે જ્યારે જૈન

૧. બ્રાહ્મણ શબ્દની ઉત્પત્તિ વિશે જૈનોની કલ્પના ખાસ ધ્યાન ખેંચે છે. ભરતે પોતાને કર્તવ્યનું ભાન કરાવવા ખાતર વ્રતધારી શ્રાવકોને હમેશાં પોતાને દરવાજે બેસી જે ''માહણ માહણ'' શબ્દ ઉચ્ચારવા કહેલું તે જ શબ્દમાંથી બ્રાહ્મણ નામની ઉત્પત્તિ થઈ છે. એ એક જ કલ્પના અન્ય તમામ શ્વેતાંબર ગ્રંથોમાં છે. જ્યારે નામ વિશેની કલ્પના પઉમચરિયમાં તદ્દન જુદી જ છે. એમાં બ્રાહ્મણ નામની ઉત્પત્તિ તો માહણ શબ્દમાંથી જ બતાવવામાં આવી છે પણ એ માહણ શબ્દ જુદા જ ભાવમાં ત્યાં યોજાયો છે. જ્યારે ઋષભદેવની ભવિષ્યવાણીથી લોકોને માલૂમ પડ્યું કે ભરતે સ્થાપેલ બ્રાહ્મણવર્ણ તો આગળ જતાં અભિમાની થઈ સાચો માર્ગ લોપશે ત્યારે લોકોએ એઓને હણવા (પીટવા)માંડ્યા. એ લોકોને મા (ન) हण (મારો) એમ કહી ઋષભે હણતાં વાર્યા ત્યારથી પ્રાકૃતમાં माहण અને સંસ્કૃતમાં બ્રાહ્મણ નામ પ્રચલિત થયું. આદિપુરાણમાં વળી દ્વિજ નામને ઘટાવતાં કહેવામાં આવ્યું છે કે બ્રાહ્મણત્વ જન્મસિદ્ધ છે પણ તે શાસ્ત્ર અને તપના સંસ્કાર દ્વારા યોગ્ય બને છે અને ત્યારે જ દ્વિજ કહી શકાય.

ગ્રંથો હિંસાપ્રધાન વર્તમાન વેદોને કલ્પિત માની તેની ઉત્પત્તિ પાછળથી માને છે અને અસલી વેદો લુપ્ત થયાનું કહે છે ત્યારે બૌદ્ધો એ વિષયમાં કશું કહેતા હોય એમ અદ્યાપિ જણાયું નથી. યજ્ઞોમાં ચાલતી પશુહિંસાના વિરોધનો વખત આવતાં જ બ્રાહ્મણ વર્ણના જન્મસિદ્ધ શ્રેષ્ઠત્વ અને વેદના પ્રામાણ્યનો પ્રશ્ન ઉપસ્થિત થયો. બ્રાહ્મણ એ માત્ર જન્મથી ઉચ્ચ નથી. ઉચ્ચતાનો આધાર ગુણ-કર્મની યોગ્યતા છે. ચંડાળકુલમાં જન્મેલ પણ શ્રેષ્ઠ ગુણ-કર્મ વડે બ્રાહ્મણ જેટલો ઉચ્ચ હોઈ શકે એ જાતનું વૈદિક બ્રાહ્મણો પ્રત્યે થયેલું જૈનોનું આક્રમણ આપણે ઉત્તરાધ્યયન-નામક જૈન આગમના હરિકેશબલ નામક બારમા અધ્યયનમાં જોઈએ છીએ. એ જ આગમના યજ્ઞીય નામક પચીસમા અધ્યયનમાં પણ તે જ જાતનું આક્રમણ છે. ધર્મમાર્ગમાં દરેક વર્ણનો સમાન અધિકાર સ્થાપવા જતાં જૈનોને લોકોમાં રૂઢ થયેલ બ્રાહ્મણવર્ણની જન્મસિદ્ધ ઉચ્ચતાનો વિરોધ કરવો પડ્યો. ઉચ્ચતાભિમાની બ્રાહ્મણોએ જૈનોને યજ્ઞનિંદક, વેદનિંદક, બ્રાહ્મણનિંદક કહી લોકોમાં વગોવવા માંડ્યા. આ સંઘર્ષણ બહુ વધ્યું. ક્ષત્રિયકુલ એ બ્રાહ્મણકુલ કરતાં ચડિયાતું છે એવો આશય જૈનોના પ્રસિદ્ધ ગ્રંથ કલ્પસૂત્રમાં પ્રસંગે જે વર્ણવાયો છે તેને આ સંઘર્ષણનું પરિણામ ઘણા વિદ્વાનો માને છે. ગમે તેમ હો પણ બ્રાહ્મણ વર્ણની પ્રાચીનતા વિરુદ્ધ ચર્ચા બહુ વધી.

બ્રાહ્મણો વેદને આધારે એમ મનાવવાનો પ્રયત્ન કરતા કે "બ્રહ્માના મુખથી સર્વપ્રથમ બ્રાહ્મણો ઉત્પન્ન થયા ને ત્યાર બાદ અન્ય અંગોથી બીજા વર્ણો. માટે ઈતરવર્ણો કરતાં બ્રાહ્મણો જેમ પ્રાચીન તેમ પૂજ્ય પણ છે." ત્યારે એની સામે જૈનો એમ કહેવા લાગ્યા કે ક્ષત્રિયાદિ ત્રણ વર્ણની સૃષ્ટિ પ્રથમ થઈ અને બ્રાહ્મણવર્ણ તો પાછળથી એ ત્રણ વર્ણોમાંથી જ ઉત્પન્ન કરવામાં આવ્યો. જૈનોનો આ પક્ષ શ્વેતાંબર અને દિગંબર બન્નેના ગ્રંથોમાં યુક્તિ અને વિવિધ કલ્પનાઓના મિશ્રણપૂર્વક વર્ણવવામાં આવ્યો છે.

આ વર્ણન શ્વેતાંબરીય આગમ અને ચરિત બન્ને સાહિત્યમાં છે. અને દિગંબરીય માત્ર ચરિતસાહિત્યમાં છે. આગમ સાહિત્યમાં આ વર્ણન માટે નિર્યુક્તિ, ભાષ્ય આદિ ચારે જાતનું આવશ્યકસૂત્ર ઉપરનું વ્યાખ્યાસાહિત્ય મુખ્ય છે. અને ચરિતવિભાગમાં શ્રીવિમલસૂરિકૃત પઉમચરિય[1] તથા આચાર્ય

---

૧. આ ગ્રંથના લેખક વિમલસૂરિનો સમય હજી નિશ્ચિત થયો નથી. પ્રો. યાકોબીનું કહેવું છે કે તે ચોથા સૈકાથી જૂના નથી. (જો કે ગ્રંથકારના લખ્યા પ્રમાણે તેઓ

હેમચંદ્રનું ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર[1] છે. દિગંબરીય સાહિત્યમાં એ વર્ણન માટે પદ્મપુરાણ[2] અને આદિપુરાણ[3] મુખ્ય છે.

એ ગ્રંથોમાંના બ્રાહ્મણવર્ણની ઉત્પત્તિના વર્ણનનો ટૂંક સાર આ પ્રમાણે છે.

## (क) આવશ્યક વૃત્તિ

પોતાના ભાઈઓએ પ્રવ્રજ્યા લીધી છે એ જાણી ભરત ચક્રવર્તી ખિન્ન થયો, તેણે ધાર્યું કે હું વૈભવ આપું તો કદાચ તેઓ સ્વીકારશે, એમ ધારી તેણે વૈભવ ભોગવવા તેઓને પ્રાર્થના કરી પણ જ્યારે તેઓએ ત્યક્ત ભોગોનો સ્વીકાર ન કર્યો ત્યારે ભરતે વિચાર્યું કે આ નિ:સંગ ભ્રાતૃમુનિઓને આહાર આપી ધર્માનુષ્ઠાન કરું. એ વિચારથી તેણે વિવિધ આહાર ભરેલાં પાંચસો ગાડાં મંગાવ્યાં પણ યતિઓને તેવો સ્વનિમિત્તે બનેલો અર્થાત્ સદોષ આહાર ન ખપે એમ જ્યારે તેણે જાણ્યું ત્યારે વળી બીજા તદ્દન નિર્દોષ આહાર માટે તે યતિઓને આમંત્ર્યા. રાજપિંડ (રાજઅન્ન) પણ યતિઓ ન લે એમ જ્યારે તેણે ભગવાન પાસેથી જાણ્યું ત્યારે તે બહુ ઉદ્વિગ્ન થયો અને વિચારવા લાગ્યો કે ભગવાને તો મને દરેક રીતે ત્યજી જ દીધો છે. તે વખતે ભગવાન ઋષભદેવ પાસે ઉપસ્થિત થયેલ ઇંદ્રે ભરતને ખિન્ન જોઈ તેને શાંત કરવા

---

વિક્રમના પહેલા સૈકામાં થયેલા હોવા જોઈએ.) પદ્મપુરાણ એ પઉમચરિયનું અનુકરણ છે એમ કેટલાક માને છે એ મંતવ્ય સાચું હોય તો પદ્મપુરાણના લેખક રવિષેણ જેઓ વિક્રમના સાતમા આઠમા સૈકામાં થયા છે તે પહેલાં પઉમચરિયના કર્તા વિમલસૂરિ ક્યારેક થયા હોવા જોઈએ.

૧. આ ચરિત્રગ્રંથમાં આચાર્યે ત્રેસઠ મહાન જૈન પુરુષોનાં જીવન આલેખેલાં છે તેથી તે ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર કહેવાય છે.

૨. આ ગ્રંથના લેખક દિગંબરાચાર્ય રવિશેણ છે જેઓ વિક્રમના સાતમા-આઠમા સૈકામાં થઈ ગયા છે. તે વિશે જુઓ विद्वद्‌रत्नमाला (નાથુરામજી પ્રેમી લિખિત) પૃ. ૪૩.

૩. આ ગ્રંથ દિગંબરાચાર્ય જિનસેનનો બનાવેલ છે જેઓ વિક્રમના નવમા સૈકામાં પ્રસિદ્ધ જૈન રાજા અમોઘવર્ષના સમકાલીન હતા. આદિપુરાણ એ મહાપુરાણનો પૂર્વભાગ છે, તેનો ઉત્તરભાગ ઉત્તરપુરાણ છે. આદિપુરાણમાં શ્રી ઋષભદેવજીનું વર્ણન છે. ઉત્તર-પુરાણમાં બાકીના તીર્થંકરોનું.

ઉત્તરપુરાણ ગુણભદ્ર સ્વામીએ રચ્યું છે જેઓ ભટ્ટારક જિનસેનના શિષ્ય હતા અને જેઓનો સમય વિક્રમનો નવમો-દશમો સૈકો ગણવામાં આવે છે. જિનસેન અને ગુણસેન સ્વામીના સમય, ગ્રંથો આદિ વિશે વધારે માહિતી મેળવવા ઇચ્છનારે विद्वद्‌रत्नमाला પહેલો ભાગ જોવો.

અવગ્રહની[1] ચર્ચા ઉપાડી. ભરતે છેવટે વિચાર્યું કે બીજું કાંઈ નહિ તો આ ભિક્ષુકોને મારા દેશમાં વિચરવાની અનુમતિ આપી કૃતાર્થ થાઉં એ વિચારથી તેણે પોતાના દેશમાં વિચરવાની ભિક્ષુકોને અનુમતિ આપી અને ત્યાં હાજર રહેલ ઇંદ્રને પૂછ્યું કે આ અહીં આણેલ અન્નપાણીનું શું કરવું ? ઇંદ્રે જવાબ આપ્યો કે એ અન્નપાણી ગુણશ્રેષ્ઠ પુરુષોને આપી તેઓનો સત્કાર કર. વધારે વિચારતાં ભરતને જણાયું કે સાધુ સિવાય તો ફક્ત શ્રાવકો જ શ્રેષ્ઠ છે. કારણ કે તેઓ વિરત (ત્યાગધર્મી) છે અને વિરત હોવાથી ગુણશ્રેષ્ઠ છે. માટે એ વિચારથી તે અન્નપાન તેઓને જ આપી દીધું. વળી ભરતે શ્રાવકોને બોલાવી કહ્યું કે તમારે હમેશાં મારું જ અન્નપાન લેવું, ખેતી આદિ કામ ન કરવાં અને શાસ્ત્રાભ્યાસમાં પરાયણ રહેવું. ખાધા પછી મારા ગૃહદ્વાર પાસે બેસી કહેવું કે जितो भवान् वर्धते भयं तस्मान्मा हन मा हन અર્થાત્ આપ જિતાયા છો, ભય વધે છે માટે આત્મગુણને હણ મા હણ મા. એ શ્રાવકોએ તેમ જ કર્યું. શ્રાવકોના પ્રતિપાદનના એ વાક્યથી ભરતને સૂઝ્યું કે હું રાગ આદિ દોષોથી જિતાયો છું તે દોષોથી જ ભય વૃદ્ધિ પામે છે. આવી આલોચનાથી તેને વૈરાગ્ય પ્રાપ્ત થયો

જમનાર ઘણા થવાથી રસોઈ કરવા અશક્ત થયેલા રસોઇયાઓએ ભરતને વીનવ્યું કે ઘણા લોકો જમવા આવે છે તેથી કોણ શ્રાવક છે અને કોણ નથી એ જણાતું નથી. ભરતે પૂછી લેવા કહ્યું. એટલે રસોઇયાઓ આગન્તુકને પૂછવા લાગ્યા કે તમે કોણ છો ? તેઓ જ્યારે કહે કે શ્રાવક ત્યારે વળી પાચકો પૂછે કે શ્રાવકોનાં કેટલાં વ્રત ? ઉત્તરમાં આગંતુક કહેતા કે શ્રાવકોને વ્રતો (મહાવ્રતો) ન હોય. અમારે તો પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત હોય છે. જ્યારે પાચકોએ આવા દ્વાદશ વ્રતધારી શ્રાવકોની ભરતને સૂચના કરી, ત્યારે ભરતે કાકિણીરત્ન વડે તેઓને ચિહ્ન કર્યું. છ છ મહિને પરીક્ષા કરી જે શ્રાવકો જણાયા તેઓને ચિહ્ન કર્યું. એ રીતે ચિહ્નવાળા તે જ બ્રાહ્મણો થયા. એ લોકો પોતાના છોકરાઓ સાધુઓને આપતા તેમાંથી કેટલાક દીક્ષા લેતા અને જે ન લેતા તે શ્રાવક જ રહેતા. ભરતે શ્રાવકોને જમાડેલ તેથી બીજા પણ લોકો તેઓને જમાડવા લાગ્યા. તેઓના સ્વાધ્યાય માટે ભરતે

---

૧. સાધુઓને અને સાધ્વીઓને રહેવા અગર વિચરવા માટે અનુમતિ આપેલ જે જગ્યા તે અવગ્રહ કહેવાય છે. ઇંદ્રની અનુમતિવાળી જગ્યા તે ઇંદ્રાવગ્રહ. એ રીતે ચક્રવર્તી–અવગ્રહ અને રાજા–અવગ્રહ પણ સમજવા.

અર્હત્‌સ્તુતિ તથા મુનિ અને શ્રાવકોની સામાચારીવાળા (આચાર પ્રથાવાળા) વેદો રચ્યા. તેઓની કાકિણીરત્નની રેખા એ જ યજ્ઞોપવીત થઈ અને ક્રમે બધા માહનને બદલે બ્રાહ્મણ કહેવાયા. એ જ શ્રાવકો તે મૂળ બ્રાહ્મણ. આ મર્યાદા ભરતરાજ્યના વખતની.

ત્યારબાદ તેનો પુત્ર આદિત્યયશા થયો. તેણે કાકિણીરત્ન ન હોવાથી સોનાની યજ્ઞોપવીત ચલાવી. પછી મહાયશ વગેરે રાજાઓમાંથી કોઈએ રૂપાની અને કોઈએ વિચિત્રપટ્ટસૂત્રની જનોઈ ચલાવી. આ બ્રાહ્મણધર્મ આઠ પેઢી સુધી બરાબર ચાલ્યો. આ ક્રમ અર્થાત્ ભરતે નિર્માણ કરેલી બ્રાહ્મણસૃષ્ટિ અને તેઓ માટે રચેલ આર્યવેદો સુવિધિ નામક નવમા તીર્થંકર સુધી ચાલ્યા. અનાર્ય વેદો તો પાછળથી સુલસ, યાજ્ઞવલ્ક્ય વગેરેએ બનાવેલા છે.

(પૃ. ૧૫૬ થી ૧૫૮)

આ જ વસ્તુ સવિશેષ વિસ્તૃત અને આલંકારિકરૂપે ત્રિષષ્ટિશલાકા-પુરુષચરિત્રમાં વર્ણવાયેલી છે. જુઓ ગુજરાતી અનુવાદ પૃ. ૨૨૩ થી ૨૨૭

## (ख) ત્રિષષ્ટિચરિત્ર

બ્રાહ્મણત્વનું પતન શ્રી સુવિધિસ્વામિના[1] નિર્વાણ પછી કેટલોક કાળ જતાં કાળના દોષથી સાધુઓનો ઉચ્છેદ થઈ ગયો. પછી જેમ માર્ગભ્રષ્ટ થયેલા વટેમાર્ગુઓ બીજા જાણીતા મુસાફરોને માર્ગ પૂછે તેમ ધર્મના અજ્ઞ લોક સ્થવિર શ્રાવકોને ધર્મ પૂછવા લાગ્યા. તેઓ પોતાને અનુસારે ધર્મ કહેવા લાગ્યા. એવી રીતે પૂજા થવાથી દ્રવ્યાદિકમાં લુબ્ધ થઈને એ સ્થવિર શ્રાવકોએ તત્કાળ નવાં કૃત્રિમ શાસ્ત્રો રચી તેમાં વિવિધ જાતનાં મોટાં ફળવાળાં દાનો વર્ણવ્યાં. તેમાં પ્રતિદિન દ્રવ્યાદિકમાં લુબ્ધ થઈને તેઓએ આલોક તથા પરલોકમાં નિશ્ચિત મોટાં ફળવાળાં કન્યાદાન, પૃથ્વીદાન, લોહદાન, તિલદાન, કપાસદાન, ગોદાન, સુવર્ણદાન, રૂપ્યદાન, ગૃહદાન, અશ્વદાન, ગજદાન અને શય્યદાન વગેરે વિવિધ દાનોને મુખ્યપણે ગણાવ્યાં. અને મોટી ઇચ્છાવાળા તેમ જ દુષ્ટ આશયવાળા તેઓએ તે સર્વદાન દેવા માટે યોગ્યપાત્ર પોતે છે અને બીજા અપાત્ર છે એમ જણાવ્યું. એવી રીતે લોકોની વંચના કરતાં છતાં પણ તેઓ લોકોના ગુરુ થઈ પડ્યા. વૃક્ષ વગરના દેશમાં એરંડાના વૃક્ષને પણ લોકો વેદિકા રચાવે છે. એવી રીતે શ્રી શીતળસ્વામીનું[2] તીર્થ પ્રવર્તતા સુધી આ ભરતક્ષેત્રમાં

૧. જૈનોના ચોવીસ તીર્થંકરો પૈકી નવમા. ૨. દશમા તીર્થંકર.

સર્વ પ્રકારે તીર્થોચ્છેદ રહ્યો. તેથી તે વખતમાં રાત્રિએ ઘુવડ પક્ષીની જેમ કનિષ્ઠ બ્રાહ્મણોએ આ ભરતક્ષેત્ર ઉપર પોતાનું એકછત્ર રાજ્ય ચલાવ્યું. તે પછી બીજા છ જિનેશ્વરોના અંતરમાં પણ એટલે શાંતિનાથના અંતર સુધી એવી રીતનું આંતરે આંતરે મિથ્યાત્વ પ્રવર્ત્યું અને તીર્થનો ઉચ્છેદ થવાથી તે સમયમાં મિથ્યાદષ્ટિઓનો અસ્ખલિત પ્રચાર થયો.

(ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર ગુજરાતી ભાષાંતર પૃ. ૭૮)

## (ग) પઉમચરિય.

શ્રી ઋષભદેવે ગામ નગરાદિ વસાવી તેમની રક્ષા માટે જે વર્ગ યોજ્યો તે ક્ષત્રિય નામે પ્રસિદ્ધ થયો. વ્યાપાર, ખેતી, પશુપાલન આદિ કરનારો વર્ગ તે વૈશ્ય તરીકે પ્રસિદ્ધ થયો. અને જેઓ બીજાની આજ્ઞા ઉઠાવનાર તથા નીચ કર્મરત હતા તે શૂદ્રવર્ગમાં ગણાયા. એના અનેક ભેદો હતા. (તૃતીયઉ. ગા.૧૧૨ થી ૧૧૬, પૃ. ૧૨)

મગધાધિપ શ્રેણિકે ગૌતમને કહ્યું કે ક્ષત્રિય આદિ ત્રણ વર્ણોની ઉત્પત્તિ તો મેં સાંભળી. હવે બ્રાહ્મણની ઉત્પત્તિ કહો. એટલે ગૌતમે તે ઉત્પત્તિનું વર્ણન કરતાં કહ્યું કે જ્યારે ભરત ચક્રીએ આણેલો આહાર ત્યાગી શ્રમણોએ એ અકલ્પ્ય હોવાથી ન સ્વીકાર્યો ત્યારે તેણે વ્રતધારી ગૃહસ્થોને દાન આપવાનો વિચાર કર્યો એને તેઓને આમંત્ર્યા. જે જે વ્રતધારી શ્રાવકો આંગણામાં પડેલ સચિત્ત (સજીવ) વનસ્પતિને કચડી રાજમહેલમાં દાખલ ન થયા તે બધાને ભરતે વ્રતધારી સમજી ઓળખાણ માટે તેઓના કંઠમાં સૂત્ર નાંખ્યું જે યજ્ઞોપવીત થઈ. એ બધાંને દાનમાનથી બહુ સત્કાર્યા. એ લોકો આદરસત્કારથી અતિગર્વ ધારણ કરવા લાગ્યા. ત્યારબાદ ક્યારેક મતિસાગર નામના મંત્રીએ સભામાં ભરત ચક્રીને કહ્યું હે રાજન્ ! જિનેશ્વરે–ઋષભદેવે જે રીતે કહ્યું છે તે રીતે હું કહું છું. એકાગ્રચિત્તે સાંભળ. હે નરાધિપ ! તેં જે પ્રથમ વ્રતધારી શ્રાવકોનો સત્કાર કર્યો હતો. તેઓશ્રી મહાવીરના અવસાન પછી કુતીર્થ પ્રવર્તક થશે. મિથ્યાવચનથી વેદનામક શાસ્ત્ર રચી તે દ્વારા યજ્ઞમાં પશુવધ કરશે અને અનેક આરંભપરિગ્રહમાં બંધાઈ પોતે જ મૂઢ બની લોકોને મોહમાં નાંખશે.

આ વચન સાંભળી ભરત કુપિત થયો ને તે અભિમાની શ્રાવકોને નગર બહાર કરવા લોકોને કહ્યું. લોકો પણ ચિઢાઈ એ ભાવિ બ્રાહ્મણોને પથ્થર આદિથી મારવા મંડ્યા. એ બિચારા શ્રીઋષભદેવને શરણે ગયા.

શ્રીઋષભદેવે ભરતને વારી કહ્યું : माहण અર્થાત્ એઓને ન હણ. ત્યારથી તેઓ માહણ (બ્રાહ્મણ) તરીકે પ્રસિદ્ધ થયા.

જેઓ સૌ પહેલાં પ્રવ્રજિત થઈ પાછા પ્રવ્રજ્યાથી ભ્રષ્ટ થયા હતા તેઓ જ તાપસ અને પાખંડી થયા. તેઓના જ ભૃગુ અંગીરા વગેરે શિષ્ય પ્રશિષ્ય લોકોને કુશાસ્ત્રોથી મોહ પમાડતાં સંસારનું બીજ થયા.

(ચતુર્થ ઉ. ગા. ૬૮થી ૮૮, પૃ. ૧૭)

(घ) પદ્મપુરાણ પૃ. ૩૮ તથા પૃ. ૪૬માં પઉમચરિયની હકીકતને જ વિશદ કરી વર્ણવી છે તેમાં એટલું ઉમેર્યું છે કે ભ્રષ્ટ વલ્કલધારી તાપસોમાંથી જ પરિવ્રાજક-દંડિમત, સાંખ્ય-યોગમત પ્રવર્ત્યો.

## (ङ) આદિપુરાણ

ભગવાન ઋષભદેવે અસિ (શસ્ત્રધારણ), મષિ (લેખન), કૃષિ (ખેતી), વિદ્યા વાણિજ્ય અને શિલ્પ એ છ કર્મો વડે આજીવિકા કરવાનો લોકોને ઉપદેશ કર્યો તે વખતે તેઓએ ત્રણ વર્ણ સ્થાપ્યા. શસ્ત્ર ધારણ કરનાર ક્ષત્રિય કહેવાયા. ખેતી, વ્યાપાર અને પશુપાલન કરનાર વૈશ્ય કહેવાયા. ક્ષત્રિય અને વૈશ્યની સેવા કરનાર તે શૂદ્ર કહેવાયા. શૂદ્રો પણ કારુ અકારુ એમ બે પ્રકારના થયા. ધોબી, હજામ વગેરે કારુ અને તે સિવાયના અકારુ. કારુમાં પણ જે પ્રજાબાહ્ય તે અસ્પૃશ્ય અને બાકીના સ્પૃશ્ય થયા. દરેક વર્ણવાળા પોતપોતાનું નિયત જ કર્મ કરતા. વિવાહ, જાતિસંબંધ આદિ બધો વ્યવહાર અને બધી નિર્દોષ આજીવિકા શ્રી ઋષભદેવે નક્કી કર્યા પ્રમાણે જ ચાલતી.

(પર્વ ૧૬, શ્લોક ૧૭૯થી ૧૮૮)

ભગવાનના વર્ણનમાં—તે ઋષભદેવ ગંગાને હિમાલય ધારણ કરે તેમ કંઠમાં હાર, કેડમાં કટિસૂત્ર અને ખભે યજ્ઞોપવીત (જનોઈ) ધારણ કરતા શોભતા. (શ્લોક.. ૨૩૫)

ભગવાને પોતે હાથમાં શસ્ત્ર ધારણ કરી ક્ષત્રિયોનું કર્મ, જંઘાથી યાત્રા કરી બતાવી વૈશ્યનું કર્મ, અને પગથી ચાલી શૂદ્રકર્મ બતાવ્યું.+ આ ત્રણ વર્ણો ઋષભદેવે બનાવ્યા. પાછળથી ભરતે શાસ્ત્રનું પઠન કરાવી બ્રાહ્મણો બનાવ્યા અને દરેકનાં કર્મ વ્યવહાર વગેરે નક્કી થયાં તેથી પ્રથમની ભોગભૂમિ

---

\+ સરખાવો પુરુષસૂક્ત મં. ૧૦. સૂ. ૯૦, ઋ ૧૨. 'બાહુને રાજન્ય કર્યા, ઊરુને વૈશ્ય કર્યા, અને પગમાંથી શૂદ્ર જન્મ્યો.' સં.

તે હવે કર્મભૂમિ થઈ.

(પર્વ ૧૬, શ્લો. ૨૪૨ થી ૨૯૪)

ગૌતમે કહ્યું, હે શ્રેણિક ! હું અનુક્રમે બ્રાહ્મણોની ઉત્પત્તિ કહું છું. તું સાંભળ. ભરત દિગ્વિજય કરી પાછો ફર્યો ત્યારે તેને વિચાર થયો કે આ બધું ધન જૈન મહામહ યજ્ઞમાં વાપરી વિશ્વને સંતુષ્ટ કરું. મુનિઓ તો નિઃસ્પૃહ છે. ગૃહસ્થોમાં જે દાન, માન યોગ્ય હોય તેનો જ સત્કાર કરવો જોઈએ. એવા યોગ્ય તો અણુવ્રતધારી શ્રાવકો જ છે. આ વિચારથી એવા શ્રાવકોની પરીક્ષા કરવા ભરતે ઉપસ્થિત રાજાઓને પોતપોતાના પરિવાર સાથે જુદા જુદા આવવા આમંત્ર્યા. બીજી બાજુ ભરતે પોતાના મહેલના આંગણામાં લીલી વનસ્પતિ ફળ ફૂલ આદિ ફેલાવ્યાં અને દરેક આગંતુકને તે રસ્તે થઈ મહેલમાં આવવા કહ્યું. જેઓ અવ્રતી હતા તેઓ એ વનસ્પતિ ખુંદી બેધડક મહેલમાં ચાલ્યા ગયા પણ કેટલાક તો બહાર જ ઊભા રહ્યા. ભરતે તેઓને પણ અંદર આવવા કહ્યું પરંતુ તેઓએ સચિત્ત વનસ્પતિ કચરી અંદર આવવા ના પાડી. ભરત તેઓને વ્રતધારી જાણી બીજે માર્ગેથી મહેલમાં લાવ્યો. અને અનેક રીતે તેઓનો સત્કાર કર્યો તેમ જ વ્રતની નિશાની તરીકે પદ્મનિધિમાંથી જનોઈ મંગાવી તે વડે તેઓને ચિહ્નિત કર્યા. કોઈને એક સૂત્ર કોઈને બે એમ અગિયાર સુધી સુતરના તાંતણા પહેરાવ્યા. જેને એક પ્રતિમા[1] હતી તેને એક, જેને બે હતી તેને બે, એ રીતે જેને ૧૧ પ્રતિમા હતી તેને ૧૧ સૂત્રથી ચિહ્નિત કર્યા. દરેક વ્રતધારીઓનો આદર કર્યો અને અવ્રતીઓને બહાર કર્યા. વ્રતધારીઓ સત્કાર મળવાથી પોતપોતાના વ્રતમાં વધારે સ્થિર થયા અને લોકો પણ તેઓનો આદર-સત્કાર કરવા લાગ્યા. ભરતે ઉપાસકાધ્યયન નામના સાતમા અંગ શાસ્ત્રમાંથી તે વ્રતીઓને ઇજ્યા (પૂજા), વાર્તા, દત્તિ,[2] સ્વાધ્યાય, સંયમ અને તપનો સવિસ્તર ઉપદેશ આપ્યો. એમાં તેણે અનેક જાતના જૈન યજ્ઞો, દાનના પ્રકારો વગેરે સમજાવ્યા અને છેવટે જણાવ્યું

---

૧. પ્રતિમા એટલે એક પ્રકારના અભિગ્રહો–નિયમો. એવા નિયમો અગિયાર છે. જે ખાસ શ્રાવકો માટે છે. પહેલી પ્રતિમા એક માસની, બીજી બે માસની એમ વધતાં અગિયારમી અગિયાર માસની હોય છે. દરેક પ્રતિમામાં ભિન્નભિન્ન ગુણો કેળવવાના હોય છે.

(જુઓ उपासकदशाङ्ग-પૃ. ૧૫ )

૨. દાન આપતાં એકે વારે એક સાથે જેટલું આપવામાં આવે તે એક દત્તિ, એમ બીજી વાર જેટલું એક જ સાથે અપાય તે બીજી દત્તિ.

કે જે જાતિ(જન્મ)થી દ્વિજ હોય પણ તપ અને શ્રુતના સંસ્કાર ન મેળવે તે નામનો જ દ્વિજ કહેવાય. તપ અને શ્રુતના સંસ્કાર મેળવનાર જાતિદ્વિજ એ જ ખરો દ્વિજ બને છે. એ દ્વિજોના સંસ્કાર દૃઢ કરવા ભરતે શ્રાવકાધ્યાયસંગ્રહમાંથી ત્રણ પ્રકારની ક્રિયાઓ ઉપદેશી : ગર્ભાન્વય, દીક્ષાન્વય અને કર્ત્રન્વય. એ ત્રણમાં–પહેલીના ૫૩, બીજીના ૪૮ અને ત્રીજીના ૭ પ્રકારો ભરતે બહુ વિસ્તારથી[૧] કહી સંભળાવ્યા. એ ક્રિયામાં દૃઢ થયેલા પોતાના સ્થાપેલા દ્વિજો(શ્રાવકો)ને જોઈ ભરત પ્રસન્ન થયો.

**દુઃસ્વપ્નનું ફળ : બ્રાહ્મણ પૂજા**–એક વાર ભરતને કેટલાંક દુઃસ્વપ્ન આવ્યાં. તેનું અનિષ્ટ સામાન્ય રીતે તેણે જાણ્યું છતાં વધારે ખુલાસા માટે ભગવાન ઋષભદેવ પાસે જઈ એ સ્વપ્નો તેણે કહી સંભળાવ્યાં.

એ વિલક્ષણ સ્વપ્નોમાં એક સ્વપ્ન એવું હતું કે નૈવેદ્ય ખાતા શ્વાનની લોકો પૂજા કરે છે. આ સ્વપ્નનું ફળ જણાવતાં ભગવાને કહ્યું કે જે અવ્રતી બ્રાહ્મણ હશે તેઓ ગુણી અને વ્રતીની પેઠે સત્કાર પામશે. આ ફળશ્રુતિ કહ્યા પહેલાં ભગવાને ભરતને તેણે સ્થાપેલ બ્રાહ્મણ વર્ણ વિશે માર્મિક વિચારો સંભળાવ્યા. તેઓએ કહ્યું, હે વત્સ ! તેં ધર્માત્મા આ દ્વિજોની સાધુઓની પેઠે જે પૂજા કરી તે બહુ જ સારું કર્યું. પણ તેમાં જે થોડો દોષ છે તે સાંભળ. તેં જે ગૃહસ્થોની રચના કરી છે તે સત્યયુગ હશે ત્યાં સુધી તો પોતપોતાનાં યોગ્ય આચરણો કરતા રહેશે. પરંતુ કળિયુગ નજીક આવતાં જ તેઓ બ્રાહ્મણ જાતિના અભિમાનથી સદાચારભ્રષ્ટ થઈ મોક્ષ માર્ગના વિરોધી બની જશે. કળિયુગમાં પોતાની મહત્તાના અભિમાનમાં ફસી એ લોકો ધનથી ઇચ્છાથી મિથ્યા શાસ્ત્ર દ્વારા સર્વ લોકોને મોહિત કરતા રહેશે.

આદરસત્કારથી અભિમાન વધવાને લીધે તેઓ ઉદ્ધત થઈ સ્વયમેવ શાસ્ત્રો રચી લોકોને ઠગ્યા કરશે.

આ અધાર્મિક બ્રાહ્મણો પ્રાણીહિંસાપરાયણ થશે. મધુ, માંસભક્ષણને

---

૧. ગર્ભાધાનથી માંડી મોક્ષપ્રાપ્તિ સુધી ૫૩ સંસ્કારો કરવામાં આવે છે તે બધા ગર્ભાન્વય ક્રિયામાં ગણાય છે. આવી જાતના સોળ સંસ્કારો અને તેથી વધારે પણ સંસ્કારો બ્રાહ્મણ શાસ્ત્રમાં વર્ણવાયેલા છે. વ્રતના સ્વીકારથી માંડી મોક્ષપ્રાપ્તિ સુધી આચરવાની વિભાગવાર ક્રિયાઓ દીક્ષાન્વય ક્રિયા કહેવાય છે. જે અડતાલીસ છે. એ રીતે સાત કર્ત્રન્વય ક્રિયાઓ પણ છે જેને મોક્ષ માર્ગનો આરાધક સેવે છે. આ-બધી ક્રિયાઓનું વિસ્તૃત વર્ણન ખાસ જોવા જેવું છે. તેમાં સમગ્ર બ્રાહ્મણીય વર્ણાશ્રમ વ્યવસ્થાની છાપ છે. (જુઓ આદિપુરાણ પર્વ. ૩૮-૩૯-૪૦)

પસંદ કરશે-અને પ્રવૃત્તિરૂપ ધર્મની ઘોષણા કરશે. તેઓ અહિંસાધર્મમાં દોષ બતાવી વેદોક્ત માર્ગને પોષશે. પાપ ચિહ્નરૂપ જનોઈ ધારણ કરનાર તેઓ હિંસારત થઈ ભવિષ્યમાં આ શ્રેષ્ઠ માર્ગના વિરોધી થશે.

આ કારણથી જો કે ભવિષ્યની દૃષ્ટિએ બ્રાહ્મણોની રચના દોષરૂપ છે. તથાપિ હવે વર્ણ સ્થપાયા પછી મર્યાદા સાચવવા ખાતર તેનો લોપ ન કરવો એ જ યોગ્ય છે. તેં જે પૂજાતા શ્વાનનું સ્વપ્ન જોયું તેનું ફળ ભવિષ્યમાં થનાર ધર્મસ્થિતિનો નાશ એ છે. અર્થાત્ ધર્મભ્રષ્ટ બ્રાહ્મણોની પૂજા એ એ સ્વપ્નોનું ફળ છે.

(વિસ્તાર માટે જુઓ પર્વ ૩૮, ૩૯-૪૦-૪૧)

## અન્યમતિઓનો સંગ ત્યાગવા માટે ભરતનો ઉપદેશ

એક વાર રાજસભામાં ઉપસ્થિત થયેલ બધા મુખ્ય ક્ષત્રિયોને તેઓનો ધર્મ સમજાવતાં ભરતે કહ્યું કે તમે પોતે જ ઉચ્ચ વંશમાં ઉત્પન્ન થયા છો તેથી તમારે અન્યમતવાળાઓ ઉપર શ્રદ્ધા રાખી તેઓ પાસેથી શેષ (પૂજા આદિમાં વધેલા ચોખા) અને સ્નાનોદક (અભિષેકનું પાણી) ન લેવાં, કારણ કે તેથી તમારી મહત્તા ઘટે અને બીજા પણ દોષો દાખલ થાય. અન્યમતવાળાઓને નમસ્કાર કરવામાં મોટપ સચવાતી નથી. કદાચ કોઈ દ્વેષી હોય તો શેષ સ્નાનોદક આદિ દ્વારા વિષપ્રયોગ, વશીકરણ આદિ કરીને તમને નષ્ટ કરે. તેથી રાજાઓએ અન્યમતવાળાઓ પાસેથી શેષ આશીર્વાદ, શાંતિવચન, શાંતિમંત્ર અને પુણ્યાહવાચન એ કશું લેવું કે કરાવવું નહિ.

આ વાત નહિ માને તેઓ નીચ કુળમાં જન્મશે. પરંતુ જિનેશ્વર પોતે ક્ષત્રિય હોવાથી તેઓનાં સ્નાનોદક, ચરણ પુષ્પ આદિનો સ્વીકાર કરવામાં કશો જ વાંધો નથી. ઊલટું તેથી અનેક લાભો છે. તેવી રીતે પ્રથમ બ્રાહ્મણ હોય કે વૈશ્ય પણ જો તે મુનિ થાય તો તેઓની શેષ આદિ લેવામાં કશી અડચણ નથી કારણ મુનિ થયો એટલે ગુણથી ક્ષત્રિય અને ક્ષત્રિય એટલે સજાતીય, સજાતીયની વસ્તુ સ્વીકારવામાં દોષ નથી. ભરત કહે છે કે રાજાઓ આ પ્રમાણે નહિ વર્તે તો અન્યમતવાળાઓ (બ્રાહ્મણો) મિથ્યાપુરાણનો ઉપદેશ કરી તેઓને ઠગી લેશે

(પર્વ ૪૨, પૃ. ૧૪૮પથી આગળ)

**જૈન અગ્નિહોત્રનો ઉપદેશ**—ભગવાનના નિર્વાણોત્સવ પછી ઇંદ્ર અને દેવોએ શ્રાવક બ્રહ્મચારીઓને ઉપદેશ આપતાં કહ્યું કે તમારામાંથી જેઓ

ઉપાસકાધ્યયનનામક સાતમા અંગના અભ્યાસી હોય અને સાતમી, આઠમી, નવમી, દશમી તેમ જ અગિયારમી પ્રતિમાના ધારક હોય તેઓએ ગાર્હપત્ય, પરમાહવનીયક અને દક્ષિણાગ્નિ નામના ત્રણ કુંડો કરી તેમાં ત્રિસંધ્ય અગ્નિ સ્થાપી જિનેંદ્રની સ્થાપના કરી પૂજા કરવી. તેથી તમો આદરસત્કાર પામી અતિથિપદ પામશો.

(પર્વ ૪૭, શ્લોક ૩૫૦ થી ૩૫૩ પૃ. ૧૭૫૮).

૨

## યજ્ઞમાં હિંસાની પ્રવૃત્તિ અને તેના પ્રતિપાદક વેદોની ઉત્પત્તિ

વૈદિકો કહે છે કે વેદ અપૌરુષેય હોઈ અનાદિ હોવાથી નિર્દોષ અને પ્રામાણિક છે. તે જ પ્રમાણભૂત પ્રાચીન વેદોમાં યાજ્ઞિક હિંસાનું વિધાન છે. આની સામે જૈનો કહે છે કે યજ્ઞમાં હિંસાની પ્રવૃત્તિ પાછળથી થઈ છે, અને તેના પ્રતિપાદક વર્તમાન વેદો પણ પાછળથી જ રચાયા છે. પહેલાં તો દયામય યજ્ઞ થતો અને હિંસાવિધાન વિનાના આર્યવેદો હતા.

હિંસાપ્રધાન અનાર્યવેદો પાછળથી રચાયેલા છે. જૈનોનો આ પક્ષ શ્વેતાંબર દિગંબર બન્નેના ગ્રંથમાં છે. શ્વેતાંબર ગ્રંથોમાં પઉમચરિય તથા ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર મુખ્ય છે અને દિગંબર ગ્રંથોમાં પદ્મપુરાણ તથા ઉત્તરપુરાણ[1] મુખ્ય છે. આ ગ્રંથોમાંનો પ્રસ્તુત પક્ષને લગતો ટૂંક સાર આ છે.

### (क) ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર

લાકડીઓના મારથી જર્જર થયેલ નારદે 'અન્યાય' ! અન્યાય !' એવો પોકાર કરી રાવણને કહ્યું, હે રાજન ! આ રાજપુર નગરમાં મરુત નામનો રાજા છે તે નિર્દય બ્રાહ્મણોના સહવાસથી યજ્ઞ કરવા પ્રેરાયો છે. તે માટે તેણે અનેક પશુઓને એકત્ર કર્યાં છે. તેઓનો—પશુઓનો, પોકાર સાંભળી મને દયા આવી તેથી આકાશમાંથી ઊતરી મેં મરુતને પૂછ્યું કે 'આ શું આરંભ્યું છે ?' તેણે ઉત્તર આપ્યો : 'આ બ્રાહ્મણોએ કહ્યા પ્રમાણે દેવતૃપ્તિ અને સ્વર્ગપ્રાપ્તિ માટે ધર્મ્ય યજ્ઞ કરું છું. તેમાં પશુઓ હોમવાનાં છે.' પછી મેં તેને કહ્યું :— 'આ શરીર વેદી છે, આત્મા યજમાન છે, તપ અગ્નિ છે, જ્ઞાન વ્રત છે, કર્મ સમિધ છે, ક્રોધાદિક પશુઓ છે, સત્કર્મ યૂપ છે, દયા દક્ષિણા છે, અને જ્ઞાન, દર્શન, ચારિત્ર—એ ત્રણે રત્નો તે ત્રણ દેવ (બ્રહ્મા, વિષ્ણુ,

---

૧. આ ગ્રંથ ભટ્ટારક ગુણભદ્રની કૃતિ છે.

મહેશ્વર) છે. આ વેદોક્ત યજ્ઞ મુક્તિનું સાધન છે. જેઓ ક્રૂર થઈ બકરા વગેરેને મારી યજ્ઞ કરે છે તેઓ નરકયાતના ભોગવે છે. માટે હે રાજન ! આ પાપ છોડ. જો હિંસાથી સ્વર્ગ મળે તો આખું જગત્ સ્વર્ગ પામે'. મારા આ કથનથી બ્રાહ્મણો ચિઢાયા અને મને માર્યો. હે રાવણ ! હું ભાગી તમારે શરણે આવ્યો છું. તમે હવે એ પશુઓને બચાવો. નારદના આ કથનથી એ ઘટના જોવા રાવણ વિમાનમાંથી ઊતરી યજ્ઞસ્થળમાં આવ્યો. તેણે મરુતને હિંસાયજ્ઞ કરતાં રોક્યો અને નારદને 'આવા હિંસાત્મક યજ્ઞો ક્યારથી પ્રવર્ત્યા હશે ? એમ પૂછ્યું નારદે રાવણને કહ્યું, 'ચેદિ દેશના એક નગરમાં ક્ષીર કદંબક નામના ગુરુને ત્યાં તેઓનો પુત્ર પર્વત, હું અને રાજપુત્ર વસુ એમ ત્રણે ભણતા. અમારા ત્રણમાંથી કોઈ બે નરકગામી છે એવું જ્ઞાનીનું વચન સાંભળવાથી કયા બે નરકગામી છે એની ખાતરી કરવા ગુરુએ યુક્તિ રચી. લોટના કૂકડા બનાવી અમને ત્રણને આપ્યા ને કોઈ ન દેખે ત્યાં મારવા કહ્યું. પર્વત અને વસુએ એકાંતમાં જઈ કૂકડા મારી નાખ્યા પણ મને વિચાર આવ્યો કે જ્યાં બીજું કોઈ નથી દેખતું ત્યાં પણ હું તો જોઉં જ છું અને જ્ઞાની તો સર્વત્ર જુએ છે માટે ગુરુની આવી આજ્ઞામાં કાંઈક રહસ્ય હોવું જોઈએ એમ વિચારથી તે કૂકડો મેં ગુરુને પછો સોંપ્યો. તેઓ મારા ઉપર પ્રસન્ન થયા, પણ પર્વત અને વસુ ઉપર નારાજ થયા. કૂકડાને મારનાર એ બંનેનાં ભાવી નરકગામીપણાની ચિંતાથી દુઃખિત થઈ ગુરુએ દીક્ષા લીધી અને ગુરુપુત્ર પર્વત શાસ્ત્ર ભણાવવા લાગ્યો. હું મારે સ્થાને ગયો ને વસુ રાજ્ય કરવા લાગ્યો. સ્ફટિકની અદૃશ્ય શિલા ઉપર આસન મૂકી વસુ બેસતો ને સત્યને પ્રભાવે આસન ઊંચું રહ્યાની વાત ફેલાવતો. એક વાર ગુરુપુત્ર પર્વતને ત્યાં હું જઈ ચઢ્યો. તેણે શિષ્યોને ભણાવતાં अजैर्यष्टव्यम् એ વાક્યનો અર્થ કર્યો કે બકરાઓ વડે યજ્ઞ કરવો. આ અર્થ સાંભળી મેં તેને ગુરુકથિત અર્થથી વિરુદ્ધ અર્થ કરવા બદલ ઠપકો આપ્યો. મેં કહ્યું : ગુરુ તો એ જ શબ્દનો (ત્રણ વર્ષના જૂના ન ઊગે એવા જવ) એવો અર્થ કરતા અને તું બકરા એવો અર્થ કેમ કરે છે ?"

પર્વતે મારું કથન ન સ્વીકાર્યું ને સહાધ્યાયી વસુ પાસે નિર્ણય કરાવવા તત્પર થયો. અમે બંને વસુ પાસે નિર્ણયાર્થે ગયા. પણ ગુરુપત્ની પર્વતની માતાના દબાણથી વસુએ પર્વતના પક્ષમાં ચુકાદો આપતાં અજ શબ્દનો બકરો અર્થ ગુરુએ કહેલ છે એમ જણાવ્યું. વસુના સત્યભંગથી કુપિત થયેલા દેવોએ તેનું આસન તોડી પાડ્યું. વસુ ગબડી પડ્યો ને મરી નરકમાં ગયો.

પર્વત લોકતિરસ્કારથી ખિન્ન થઈ નગર બહાર ચાલ્યો ગયો જ્યાં તેને મહાકાલ નામના અસુરે પોતાના પક્ષમાં લીધો.

રાવણે પૂછ્યું કે, 'એ મહાકાલ અસુર કોણ ?' તેના ઉત્તરમાં નારદે કહ્યું કે એક મધુપિંગ નામનો રાજકુમાર હતો જે પોતાને વરવા ઇચ્છનાર સુલસા નામક રાજકુમારીને વચ્ચેથી જ પરણી જનાર સગર નામક કોઈ બીજા રાજાના છળબળથી ઉદાસ થઈ જંગલમાં ચાલ્યો ગયેલો એ ત્યાં અજ્ઞાનમય તપ કરી છેવટે મરી અસુર દેવોના સ્વામી તરીકે ઉત્પન્ન થયો. એ જ મહાકાલ.

આ મહાકાલ પૂર્વ જન્મના શત્રુ સગર આદિ રાજાઓને તેઓના કૃત્યનો બદલો આપવાના વિચારથી ફરતો હતો તેવામાં તેને પર્વત મળ્યો. આ તકનો લાભ લેવા તેણે બ્રાહ્મણનું રૂપ ધારણ કરી પર્વતને કહ્યું : "હું તારા પિતા ક્ષીર કદંબકનો મિત્ર છું. મારું નામ શાંડિલ્ય છે. અમે બન્ને એક જ ઉપાધ્યાય પાસે ભણેલા. નારદ વગેરેએ તારું અપમાન કરેલું જાણી હું અહીં આવ્યો છું. હું મંત્રોથી વિશ્વને મોહિત કરીને તારા પક્ષની પૂર્તિ કર્યા કરીશ." આ પ્રમાણે કહી તે અસુરે પર્વતની સાથે રહી દુર્ગતિમાં પાડવાને માટે ઘણા લોકોને કુધર્મમાં મોહિત કરી દીધા. લોકોમાં સર્વ ઠેકાણે વ્યાધિ અને ભૂત વગેરેના દોષો ઉત્પન્ન કરી પર્વતના મતને નિર્દોષ ઠરાવવા માંડ્યો. શાંડિલ્યની આજ્ઞાથી પર્વતે રોગની શાંતિ કરવા માંડી અને લોકોને ઉપકાર કરી કરીને પોતાના મતમાં સ્થાપન કરવા માંડ્યા. સગર રાજાના નગરમાં, અંતઃપુરમાં અને પરિવારમાં પણ તે અસુરે દારુણ રોગો વિકુર્વ્યા. સગર રાજા પણ લોકની પ્રતીતિથી પર્વતને ભજવા લાગ્યો એટલે તેણે શાંડિલ્યની સાથે રહીને સર્વ ઠેકાણે રોગની શાંતિ કરી.

પછી શાંડિલ્યના કહેવા પ્રમાણે પર્વતે લોકોને ઉપદેશ આપવા માંડ્યો કે "સૌત્રામણી યજ્ઞમાં વિધિ વડે સુરાપાન કરવાથી દોષ લાગતો નથી માટે તેમાં સુરાપાન કરવું, ગોસવ નામના યજ્ઞમાં અગમ્ય સ્ત્રીની સાથે ગમન કરવું, માતૃમેધ યજ્ઞમાં માતાનો વધ અને પિતૃમેધ યજ્ઞમાં પિતાનો વધ અંતર્વેદિમાં કરવો, તેથી દોષ લાગતો નથી. કાચબાના પૃષ્ઠ ઉપર અગ્નિ મૂકી 'जज्वकारव्याय स्वाहा' એમ બોલી પ્રયત્નથી હુત દ્રવ્ય વડે તેમાં હોમ કરવો, જો કાચબો ન મળે તો માથે ટાલવાળા, પીળા વર્ણના, ક્રિયારહિત અને કુસ્થાનમાં અવતરેલા એવા કોઈ શુદ્ધ દ્વિજાતિ(બ્રાહ્મણાદિ)ના, જલ વડે પવિત્ર કુર્માકાર મસ્તક ઉપર અગ્નિને પ્રદીપ્ત કરી તેમાં આહુતિ નાખવી. જે

થઈ ગયેલું છે અને જે થવાનું છે તે સર્વ પુરુષ(ઈશ્વર) જ છે. જે અમૃતના સ્વામી થયેલા છે (મોક્ષે ગયેલા છે) અને જે અન્નથી નિર્વાહ કરે છે તે સર્વ ઈશ્વરરૂપ જ છે. એવી રીતે સર્વ એક પુરુષ (ઈશ્વર) રૂપ જ છે, તેથી કોણ કોને મારે છે ? માટે યજ્ઞમાં ઇચ્છા પ્રમાણે પ્રાણીઓની હિંસા કરવી અને યજ્ઞમાં યજમાને માંસનું ભક્ષણ કરવું, કારણ કે તે દેવતાના ઉદ્દેશથી કરેલું છે, અને મંત્રાદિ વડે પવિત્રિત છે". આ પ્રમાણે ઉપદેશ આપી સગરરાજાને પોતાના મતમાં ભેળવી તેણે કુરુક્ષેત્ર વગેરેમાં ઘણા યજ્ઞો કરાવ્યા, થોડે થોડે તેનો મત પ્રસરતાં તેણે રાજસૂયાદિક યજ્ઞો પણ કરાવ્યા, અને તે અસુરે યજ્ઞના કરનારાઓને યજ્ઞમાં હોમેલા પ્રાણી કે રાજા વગેરેને વિમાન પર રહેલા બતાવ્યા તેથી પ્રતીતિ આવતાં તે પર્વતના મતમાં રહીને લોકો પ્રાણીહિંસાત્મક યજ્ઞો નિઃશંકપણે કરવા લાગ્યા.

આ બધું જોઈને મેં દિવાકર નામના એક વિદ્યાધરને કહ્યું કે, 'આ યજ્ઞોમાંથી બધાં પશુઓને હરી લેવા.' એટલે મારું વચન માનીને તે યજ્ઞમાંથી પશુઓનું હરણ કરવા લાગ્યો. તે પેલા પરમાધાર્મિક અસુરના જાણવામાં આવ્યું, જેથી તેની વિદ્યાનો ઘાત કરવાને તે મહાકાલે યજ્ઞમાં ઋષભ દેવની પ્રતિમા સ્થાપિત કરવા માંડી. એટલે તે દિવાકરખેચર વિરામ પામી ગયો. પછી હું ઉપાયક્ષીણ થવાથી શાંત થઈને બીજે ચાલ્યો ગયો. પછી તે અસુરે માયાથી યજ્ઞમાં તત્કાલ સુલસા સહિત સગરરાજાને અગ્નિમાં હોમી દીધો. પછી તે મહાકાળ અસુર કૃતાર્થ થઈને પોતાને સ્થાનકે ગયો.

આ પ્રમાણે પાપના પર્વતરૂપ તે પર્વત થકી યાજ્ઞિક બ્રાહ્મણોએ હિંસાત્મક યજ્ઞો પ્રવર્ત્તાવ્યા છે. તે તમારે અટકાવવા યોગ્ય છે." આવાં નારદનાં 'વચન અંગીકાર કરી સત્કારપૂર્વક તેને વિદાય કરીને રાવણે મરુતરાજાને ક્ષમા આપી.

(ગૂજરાતી ભાષાંતર પર્વ ૭, સર્ગ, ૨૭ પૃ. ૨૭ થી ૩૪)

## (ख) ઉત્તરપુરાણ

મહાકાળ નામના અસુરે હિંસાપ્રધાન વેદો રચ્યા. તે વડે તેણે પર્વતનામક એક બ્રાહ્મણ દ્વારા હિંસક યજ્ઞો પ્રવર્તાવ્યા. અને તેમ કરી તે અસુરે પોતાના પૂર્વ શત્રુ સગર નરપતિ અને તેની રાણી સુલસાને હિંસામાર્ગે દોરી નરકમાં પહોંચાડ્યા. પર્વત એ નારદનો એક વખતનો સહાધ્યાયી અને પાછળથી અજ શબ્દના અર્થ વિશે મતભેદ ઊઠતાં બની ગયેલ શત્રુ. અજ

શબ્દનો અર્થ બકરો. યજ્ઞના પ્રસંગમાં લેવો એ પક્ષ પર્વતનો અને તેનો અર્થ ત્રણ વર્ષનું જૂનું ન ઊગે તેવું ધાન્ય એટલો લેવો એ પક્ષ નારદનો. બન્નેને ફેંસલો આપનાર સત્યવાદી તરીકે પ્રસિદ્ધ થયેલ વસુ, અને પર્વતના પક્ષમાં ખોટો ચુકાદો આપવાથી આસન સાથે વસુનું નીચે ગબડી પડવું, અને નરકમાં જવું—આટલી વસ્તુ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર અને ઉત્તરપુરાણમાં સમાન છે. આ કથાવસ્તુના અંદરના પ્રસંગોમાં અને વર્ણનોમાં તે બન્ને ગ્રંથોમાં અલબત્ત ફેર છે પણ વક્તવ્યમાં કશો જ ફેર નથી.

(પર્વ ૬૭, શ્લોક ૧૫૭થી ૪૬૧)

## (ग) પદ્મપુરાણ

અજ શબ્દના અર્થ વિશે નારદ તથા પર્વતનો વિવાદ તથા વસુએ આપેલો પર્વતના પક્ષમાં ફેંસલો અને ત્યારથી હિંસાત્મક યજ્ઞની પ્રવૃત્તિ થઈ છે એ મુદ્દો રવિશેણ કૃત પદ્મપુરાણમાં પણ છે. એમાં વક્તા ગૌતમ અને શ્રોતા શ્રેણિક રાજા છે. મુદ્દો એક જ હોવા છતાં બીજી પ્રાસંગિક વાતો અને અર્થઘટના થોડી ઘણી ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર અને ઉત્તરપુરાણથી જુદી પડે છે.

पद्मपुराण दोलतरामजीकृत हिंदी अनुवाद પૃ. ૧૫૭થી આગળ.

(घ) પદ્મપુરાણમાંનું બધું પ્રસ્તુત વર્ણન બરાબર પઉમચરિયને મળતું છે. એ બન્નેની કલ્પના, શબ્દસામ્ય વગેરે બહુ મળતું છે. એ બન્નેને ગ્રંથોમાં પર્વત પોતે જ હિંસાત્મક યજ્ઞની પ્રવૃત્તિ કરે છે. પદ્મપુરાણમાં પર્વત તે જ જન્મમાં હિંસકયજ્ઞમાર્ગ પ્રવર્તાવે છે. એ પઉમચરિયમાં તે મરણ પામી રાક્ષસ થઈ પૂર્વજન્મના શત્રુ નારદનો બદલો લેવા હિંસકયજ્ઞ પ્રવર્તાવે છે. આ બન્ને ગ્રંથોમાં મહાકાલ અસુરે પર્વત દ્વારા યજ્ઞવિધિ પ્રવર્તાવ્યાની વાત નથી જેવી કે ઉત્તરપુરાણ અને ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્રમાં છે.

(પઉમચરિય એકાદશઉ. ગા. ૧થી શરૂ પૃ. ૬૨થી.)

## (ङ) મત્સ્યપુરાણ

ઉપર્યુક્ત જૈન વર્ણનનું મુખ્ય વસ્તુ નારદ અને પર્વતનો યજ્ઞમાં અહિંસા યા હિંસા વિશે વિવાદ તથા તેમાં વસુનું વચ્ચે પડવું, અને તેનું પર્વતના પક્ષપાતી થવું એ છે. આ જ વસ્તુ મત્સ્યપુરાણમાં છે. એમાં ફક્ત નારદ અને પર્વતને સ્થાને ઋષિ અને ઈંદ્ર છે. બાકી બધો પ્રસંગ એકસરખો છે. મત્સ્યપુરાણમાંની એ વસ્તુની કથા પ્રસ્તુત જૈનકથા સાથે સરખાવવા ટૂંકમાં

નીચે આપવામાં આવે છે. આ સરખામણીમાં છેવટે વાચક જોઈ શકશે કે જૈન ગ્રંથોમાં અને મત્સ્યપુરાણમાં છેવટે યાજ્ઞિકહિંસાને એક સરખી રીતે અવગણવામાં આવી છે અને તપને પ્રધાનતા આપવામાં આવી છે. આટલી સમાનતા છતાં એક મહત્ત્વનું અંતર છે અને તે એકે પ્રસ્તુત કથામાં જૈનગ્રંથો વેદની ઉત્પત્તિ પાછળથી થયાનું કહે છે, ત્યારે મત્સ્યપુરાણ તે બાબત ચૂપ છે. આ અંતર કોઈ ગૂઢ ઐતિહાસિક તથ્ય તરફ લક્ષ્ય ખેંચ્યા વિના રહેતું નથી.

ઋષિઓએ પૂછ્યું કે સ્વાયંભુવ સ્વર્ગમાં ત્રેતાયુગના આરંભમાં યજ્ઞ કેવી રીતે પ્રવર્ત્યો એ બરાબર કહો. ઉત્તરમાં સુતે કહ્યું.

વિશ્વભુગ્ ઇંદ્રે યજ્ઞ આરંભ્યો ત્યારે અનેક મહર્ષિઓ આવ્યા. તે યજ્ઞમાં અન્ય વિધિ સાથે પશુવધ થયેલો જોઈ મહર્ષિઓએ ઇંદ્રને કહ્યું કે તેં યજ્ઞમાં પશુવધ નવો જ સ્વીકાર્યો છે. તેં પશુહિંસારૂપ અધર્મથી ધર્મનો નાશ આરંભ્યો છે; હિંસા એ ધર્મ કહેવાય નહીં. આ રીતે સમજાવ્યા છતાં ઇંદ્ર કોઈ પણ રીતે ન સમજ્યો. અને કદાગ્રહમાં આવી ગયો. મહર્ષિ અને ઇંદ્ર વચ્ચે યજ્ઞવિધિ બાબત વિવાદ થયો કે, જંગમ (ચાલતાં પ્રાણી) વડે યજન કરવું અથવા સ્થાવર વડે, એ વિવાદનો અંત લાવવા ઇંદ્ર અને મહર્ષિઓ આકાશચારી વસુ પાસે પહોંચ્યા.

વસુએ બળાબળનો વિચાર કર્યા વિના જ કહી દીધું કે યજ્ઞમાં પશુઓનું પણ યજન થાય છે અને ફળમૂળાદિનું પણ. જે પ્રાપ્ત થાય– પછી તે જંગમ હોય કે સ્થાવર–તે વડે યજ્ઞ કરવો. યજ્ઞનો સ્વભાવ હિંસા છે એમ હું જાણું છું. આ પ્રમાણે ઉત્તર સાંભળી મહર્ષિઓએ તે વસુને શાપ આપ્યો જેથી તે આકાશમાંથી નીચે પડી અધોગામી થયો. સૂતે કહ્યું કે યજ્ઞમાં હિંસાવિધિનું સમર્થન કરવાથી વસુનો અધઃપાત થયો માટે યજ્ઞમાં હિંસા હોવી ન જ જોઈએ. પ્રથમના ઋષિઓએ એ બાબત કહ્યું છે કે, ''કરોડો ઋષિઓ તપથી સ્વર્ગ પામ્યા છે. અનેક તપોધનો ઉંછવૃત્તિ, ફળ, મૂળ, શાક અને જલપાત્ર સ્વીકારીને સ્વર્ગે ગયા છે. અદ્રોહ, અલોભ, દમ, ભૂતદયા શમ, બ્રહ્મચર્ય, તપ, શૌચ, કરુણા, ક્ષમા, ધૃતિ એ સનાતનધર્મનું ઊંડું મૂળ છે. યજ્ઞ એ દ્રવ્ય અને મંત્રાત્મક છે. તપ એ સમતારૂપ છે. મનુષ્ય યજ્ઞથી દેવોને પ્રાપ્ત કરે છે. જ્યારે તપથી વિરાટપણું મેળવે છે. કર્મસંન્યાસથી બ્રહ્મપ્રાપ્તિ થાય છે. વૈરાગ્યથી પ્રકૃતિલય અને જ્ઞાનથી કૈવલ્ય મળે છે. આ પાંચ ગતિઓ (પ્રાપ્તિ માર્ગો છે).'' આ રીતે યજ્ઞની પ્રવૃત્તિની બાબત દેવો અને ઋષિઓનો વિવાદ

પહેલાં સ્વાયંભુવ સર્ગમાં થયેલો ત્યારે તે ઋષિઓ વસુનાં વાક્યોનો આદર કર્યા સિવાય જ પોતપોતને સ્થાને ચાલ્યા ગયા. બ્રહ્મ, ક્ષત્ર આદિ અનેક તપઃસિદ્ધો સાંભળવામાં આવે છે. પ્રિયવ્રત, ઉત્તાનપાદ, ધ્રુવ, મેધાતિથિ, વસુ, સુધામાં, વિરજા, શંખપાદ, રાજસુ, પ્રાચીનબર્હિ, પર્જન્ય, હવિધનિ અને બીજા અનેક રાજાઓ તપ દ્વારા સ્વર્ગે ગયા છે. રાજાઓ જ તપ વડે ઋષિ થઈ રાજર્ષિ કહેવાયા છે. માટે દરેક રીતે જોતાં યજ્ઞથી તપ જ ચઢી જાય છે. આ રીતે સ્વાયંભુવ સૃષ્ટિમાં યજ્ઞપ્રવૃત્તિ થઈ ત્યારથી દરેક યુગો સાથે આ યજ્ઞ ચાલુ થયો છે.

(મન્વન્તરાનુકલ્પ-દેવર્ષિ સંવાદ નામક અધ્યાય ૧૪૩. પૃ. ૨૭૦)

•

# ૧૨. સાંપ્રદાયિકતા અને તેના પુરાવાઓનું દિગ્દર્શન

## (૩)

આ લેખમાં નવો મુદ્દો લઈ તે ઉપર ચર્ચા કરવા પહેલાં ગયા લેખમાં લીધેલ 'યજ્ઞમાં હિંસાની પ્રવૃત્તિ અને તેના પ્રતિપાદક વેદોની ઉત્પત્તિ' એ બીજા મુદ્દા વિશે એક પ્રાસંગિક નોંધ કરવા ધારી છે. અને તે એ કે ઉક્ત મુદ્દા પરત્વે જૈન સાહિત્યમાંથી અપાયેલી કથાઓમાં નારદ, પર્વત અને વસુ નામના, ત્રણ પાત્રો આવે છે. એ જ નામનાં ત્રણ પાત્રો વાલ્મીકિના રામાયણમાં પણ આવે છે. આ ત્રિપુટીનું નામસામ્ય છતાં વાલ્મીકિની અને જૈન કથાની વસ્તુમાં કશું સામ્ય નથી. સામ્ય હોય તો એટલું જ કે એ નામનાં ત્રણ પાત્રો જેમ વાલ્મીકિના રામાયણમાં આવે છે તેમ જૈન કથામાં પણ જૈન રામાયણમાં જ આવે છે. આ ઉપરથી લોકોમાં કોઈ કાળે નારદ-પર્વત જેવાં નામોની ખૂબ પ્રસિદ્ધિ હોવાનું ભાન થાય છે. એ વાતની પુષ્ટિ વળી બીજા એક તેથીયે જૂના ઐતરેય બ્રાહ્મણમાંના શુનઃશેષ આખ્યાનમાં આવેલા નારદ–પર્વત નામયુગલના ઉલ્લેખથી થાય છે.

### દર્શનનો અને તેના પ્રવર્તકોની ઉત્પત્તિ

વૈદિક ધર્મમાંથી જૈન, બૌદ્ધ આદિ સંપ્રદાયો કેવી રીતે નીકળ્યા એ હકીકત સૂચવતી અનેક આખ્યાયિકાઓ જુદાં જુદાં પુરાણોમાંથી લઈ આ લેખમાળાના પહેલા ભાગમાં આપવામાં આવી છે. જૈન સાહિત્યમાં પણ જૈન ધર્મમાંથી જૈનેતર દર્શનો નીકળ્યાંની તેવી જ વાતો મળે છે, તે આ લેખમાં આપવા ધારી છે. વૈદિક, પુરાણ અને જૈન સાહિત્યની વાતોમાં એક જાતનું સામ્ય છતાં તેમાં અન્તર પણ મોટું છે, અને તે એ કે પુરાણની વાદો દેવ અને અસુરોની ઘટનાથી મિશ્રિત હોઈ માનવી બુદ્ધિને ખુલાસો ન આપે તેવી અલૌકિક છે, જ્યારે જૈન કથાઓ તેવી નથી. જો કે જૈન કથાઓ સંપૂર્ણ ઐતિહાસિક છે એમ તો તટસ્થ બુદ્ધિ ન જ કહી શકે. છતાં તેમાંથી

સાંપ્રદાયિકતાનો પાસ બાદ કરતાં થોડી ઘણી પણ ઐતિહાસિક બીના તેમાં સમાયાનો સંભવ લાગે છે. તેથી સાંપ્રદાયિકતાના પુરાવાની અને ઇતિહાસની[1] એ બંન્ને દૃષ્ટિએ કથાઓ અગત્યની છે.

એકંદર જૈન સાહિત્ય જોતાં તેમાં જૈન દર્શનમાંથી ચાર જૈનેતર દર્શનો નીકળ્યાંની હકીકત મળે છે. સાંખ્ય, બૌદ્ધ, આજીવક અને વૈશેષિક. એ ચારમાં સાંખ્યદર્શનની જૈન દર્શનમાંથી ઉત્પત્તિનું વર્ણન શ્વેતામ્બર-દિગમ્બર બન્ને સાહિત્યમાં છે. આજીવક અને વૈશેષિક દર્શનની ઉત્પત્તિનું વર્ણન દિગમ્બર સાહિત્યમાં નથી, ફક્ત શ્વેતાંબર સાહિત્યમાં છે. તે જ રીતે બૌદ્ધ દર્શનની જૈન દર્શનમાંથી ઉત્પત્તિનું વર્ણન શ્વેતામ્બર સાહિત્યમાં નથી, ફક્ત દિગમ્બર સાહિત્યમાં છે. આ ચારેય દર્શનોની ઉત્પત્તિ વિશેના સાહિત્યમાંના વર્ણનનો અનુક્રમે સાર આપું તે પહેલાં તે દર્શનોને લગતું કેટલુંક સ્પષ્ટીકરણ કરી દેવું યોગ્ય છે.

૧—સાંખ્યદર્શન એ અતિ પ્રચીન ભારતીય દર્શનોમાંનું એક છે. એના આદિ પ્રવર્ત્તક તરીકે કપિલઋષિનો નિર્દેશ વૈદિક સાહિત્યમાં સર્વત્ર થયેલો છે. મહાભારતમાં[2] કપિલને સાંખ્યદર્શનના વક્તા કહ્યા છે, ભાગવતમાં[3]

---

૧. અહીં જૈન દર્શનમાંથી અન્ય દર્શનોની ઉત્પત્તિનો ઇતિહાસ વિવક્ષિત નથી પણ ઇતિહાસને લગતી બીજી અનેક બાબતોમાં એ કથાઓનું કે તેના કેટલાક ભાગનું ખાસ મહત્ત્વ છે, એવો ભાવ વિવક્ષિત છે.

૨. ''साङ्ख्यस्य वक्ता कपिलः परमर्षिः पुरातनः ।
हिरण्यगर्भो योगस्य वक्ता नान्यः पुरातनः'' ॥

—મહાભારત મોક્ષધર્મ

૩. ''પ્રજાપતિનો પુત્ર મનુ નામે સમ્રાટ્ બ્રહ્માવર્ત દેશમાં રહ્યો રહ્યો સપ્તાર્ણવ પૃથિવીનું શાસન કરતો હતો. શતરૂપા નામે તેની મહારાણી હતી, તેને પ્રિયવ્રત અને ઉત્તાનપાદ એ બે પુત્ર અને દેવહૂતિ નામે કન્યા હતી. તે સમયે કર્દમ નામે એક ઋષિ હતો, તેને બ્રહ્માએ પ્રજા ઉત્પન્ન કરવાની પ્રેરણા કરી તેથી તે ઋષિએ સરસ્વતી તીરે જઈને દસ હજાર વર્ષ પર્યંત તપ તપ્યું. તપના પ્રભાવે ઋષિને શંખચક્રગદાધર, ગરૂડવાહન એવા ભગવાન્ પુષ્કરાક્ષનું સાક્ષાત્ દર્શન થયું. ઋષિએ ભગવાનને વિનંતી કરી કે, હું ગૃહમેધ માટે ધેનુસમાન સમાનશીલવાળી કોઈ કન્યાનું પાણિગ્રહણ કરવાને ઇચ્છું છું. ભગવાને કહ્યું કે, હે બ્રહ્મન્ ! તમારે માટે મેં બ્રહ્માવર્તના રાજા મનુની પુત્રી દેવહૂતિની યોજના કરી રાખી છે. તેઓ તમને જોવા માટે પણ આવનારા છે, આમ કહીને ભગવાન અંતર્ધાન થયા. હવે કર્દમઋષિ બિંદુ સરોવરની પાસે રહીને મનુના આગમની પ્રતિક્ષા કરવા લાગ્યા. એટલામાં મનુ

કપિલનું વિષ્ણુના અવતારરૂપે વિસ્તૃત જીવન આલેખી તેમણે પોતાની માતા દેવહૂતિને આપેલો સાંખ્યતત્ત્વજ્ઞાનનો ઉપદેશ વિસ્તારપૂર્વક વર્ણવવામાં આવ્યો છે. શ્વેતાશ્વતરોપનિષદ્[1]માં કપિલનું હિરણ્યગર્ભના અવતારરૂપે સૂચન

---

પોતાની સ્ત્રી અને પુત્રી સાથે રથ ઉપર બેસીને ત્યાં આવી પહોંચ્યા અને કર્દમ ઋષિને પોતાની પુત્રીનું પાણિગ્રહણ કરવા વિનંતિ કરી. ઘણી ધામધૂમ સાથે કર્દમ અને દેવહૂતિનો વિવાહ થયો. દેવહૂતિની માતા શતરૂપાએ એ દંપતીને ઘણાં કપડાં, ઘરેણાં અને ગૃહસ્થાશ્રમને યોગ્ય પુષ્કળ રાચરચીલાં દાનમાં આપ્યાં. લગ્ન થઈ ગયા પછી મનુ પોતાની પત્ની સાથે બ્રહ્માવર્ત તરફ પાછા ફર્યા અને કર્દમ ઋષિ મનુએ વસાવેલી બર્હિષ્મતી નામની નગરીમાં રહીને ગૃહસ્થાશ્રમ ચલાવવા લાગ્યા. કર્દમના સંગથી દેવહૂતિને નવ પુત્રીઓ થઈ. હવે કર્દમને પ્રવ્રજ્યા લઈને વનમાં જવાનો વિચાર થયો પણ તેની સ્ત્રી દેવહૂતિએ પોતે પુત્ર વિનાની હોવાથી દીનતા દર્શાવી. ત્યારે કર્દમે કહ્યું કે હે રાજપુત્રિ ! તું ખિન્ન ન થા, તારા ગર્ભમાં તો સ્વયં ભગવાન્ જે 'અક્ષર' છે તે પોતે જ અવતરવાના છે. આ રીતે ઘણો સમય વીત્યા બાદ ભગવાન્ મધુસૂદને પોતે દેવહૂતિની કુક્ષિમાં અવતાર ધારણ કર્યો :–

"तस्यां बहुतिथे काले भगवान् मधुसूदनः ।

कार्दमं वीर्यमापन्नो जज्ञेऽग्निरिव दारुणि" ॥

હવે સ્વયંભૂ પોતે મરીચિ વગેરે ઋષિઓની સાથે કર્દમના આશ્રમમાં આવ્યા અને તેમણે કર્દમ ઋષિને કહ્યું કે મુને ! તમારે ત્યાં જે આ બાળકનો જન્મ થયો છે તે પોતાની માયાથી અવતરેલા આદ્ય પુરુષ કપિલ છે. હે દેવહૂતિ ! તારી કુક્ષિએ અવતરેલો આ બાળક કૈટભાર્દન છે, લોકોમાં કપિલના નામથી તેની ખ્યાતિ થશે અને સાંખ્યાચાર્યોને એ સુસંમત થશે. દેવહૂતિની નવે કન્યાઓને માટે સ્વયંભૂએ નવ વરો નક્કી કર્યા : કલાને મરીચિ સાથે પરણાવી, અનસૂયાને અત્રિ સાથે, શ્રદ્ધાને અંગિરસ સાથે, હવિર્ભુવાને પુલસ્ત્ય સાથે, ગતિને પુલહ સાથે, સતીને ક્રતુ સાથે, ખ્યાતિને ભૃગુ સાથે, અરૂંધતીને વસિષ્ઠ સાથે અને શાંતિને અથર્વણ સાથે પરણાવી. કર્દમ ઋષિએ વનવાસ સ્વીકાર્યો તે પછી મહર્ષિ કપિલે પોતાની માતાના શ્રેય માટે સાંખ્યતત્ત્વનો ઉપદેશ કર્યો"

—શ્રીભાગવત સ્કંધ ૨, અધ્યાય ૨૧-૨૪-૨૫-૨૬ કાપિલેયોપાખ્યાન.

"श्रीभगवान उवाच—

अथ ते संप्रवक्ष्यामि साङ्ख्यं पूर्वैर्विनिश्चितम् ।

तद् विज्ञाय पुमान् सद्यो जह्याद् वैकल्पिकं भ्रमम् " ॥१॥

ઇત્યાદિ પ્રકારે ભાગવતના અગિયારમા સ્કંધના ચોવીસમા અધ્યાયમાં સાંખ્યવિધિનું નિરૂપણ કરેલું છે.

૧. શ્વેતાશ્વતરોપનિષદ્ (૫-૨)-હિંદતત્ત્વજ્ઞાનનો ઇતિહાસ, પૂર્વાર્ધ, પૃ. ૯૦.

છે. રામાયણ[1]માં વાસુદેવના અવતારરૂપે અને સગરના ૬૦૦૦૦ પુત્રોના દાહક તરીકે કપિલયોગીનું વર્ણન છે. બૌદ્ધ કવિ અશ્વઘોષ બુદ્ધની જન્મભૂમિ કપિલવસ્તુને મહર્ષિ કપિલની વાસભૂમિ તરીકે ઓળખાવી[2] તેનું મહત્ત્વ સૂચન કરવા જાણે એ જ પ્રસિદ્ધ મહર્ષિકપિલનો નિર્દેશ કરતો હોય તેમ લાગે છે. ગમે તેમ હો, પણ એટલું ખરું કે ઓછામાં ઓછું વૈદિક સાહિત્યની પરંપરામાં તો સાંખ્યદર્શનના આદ્ય પ્રવર્ત્તક મહર્ષિ કપિલ જ ગણાય છે. અને "सिद्धानां कपिलो मुनिः" "એમ કહી ગીતા[3] ઋષિશ્રેષ્ઠ તરીકે એ જ કપિલનું બહુમાન કરે છે. કપિલની શિષ્ય–પરંપરામાં આસુરિ અને પંચશિખ એ મુખ્ય[4] છે. પંચશિખનું ષષ્ટિતન્ત્ર[5] જે સમ્પૂર્ણ સાંખ્યતત્ત્વજ્ઞાનનો સંગ્રાહક એક મહાન્ ગ્રંથ હતો તે તો ક્યારનોયે નામશેષ થઈ ગયો છે.

---

૧. "આ સમગ્ર પૃથિવી શ્રીમાન વાસુદેવને વશ છે અને એ, એ માધવની મહિષી છે. એ સમગ્ર પૃથિવીને નિરંતર ધારી રાખે છે અને એના કોપાગ્નિથી સગરના પુત્રો દગ્ધ થવાના છે"–શ્લો. ૨-૩ રામાયણ બાલકાંડ, સર્ગ, ૪૦.

"હે પુરુષવ્યાઘ્ર ! તું શોક ન કર, તારા પુત્રોનો વધ લોકહિત માટે થયેલો છે. અપ્રમેય એવા કપિલે 'મહાબળવાળા એ પુત્રોને દગ્ધ કરેલા છે' એમ વૈનતેય બોલ્યો"– ૧૭-૧૮ રામાયણ, બાલકાંડ, સર્ગ, ૪૧.

૨. "आसीद् विशालोत्तमसानुलक्ष्म्या पयोदपङ्क्त्येव परीतपार्श्वम् ।
उदग्रधिष्ण्यं गगनेऽवगाढं पुरं महर्षेः कपिलस्य वस्तु" ॥२॥

—અશ્વઘોષનું બુદ્ધચરિત સર્ગ–૧

૩. "अश्वत्थः सर्ववृक्षाणां देवर्षीणां च नारदः ।
गन्धर्वाणां चित्ररथः सिद्धानां कपिलो मुनिः–गीता अ. १०, श्लो. २६.

૪. "एतत् पवित्रमग्र्यं मुनिरासुरयेऽनुकम्पया प्रददौ ।
आसुरिरपि पञ्चशिखाय तेन च बहुलीकृतं तन्त्रम्" ॥७०॥

સાંખ્યકારિકા

૫. "सप्तत्यां किल येऽर्थास्तेऽर्थाः कृत्स्नस्य षष्टितन्त्रस्य ।
आख्यायिकाविरहिताः परवादविवर्जिताश्चेति" ॥७२॥

સાંખ્યકારિકા

ચાઈનીઝ બૌદ્ધસંપ્રદાય પ્રમાણે ૬૦૦૦૦ શ્લોક પ્રમાણ 'ષષ્ટિતંત્ર' નામક એક મોટો સાંખ્યગ્રંથ હતો. એના પ્રણેતા આચાર્ય પંચશિખ હતા. વાચસ્પતિ પ્રભૃતિ વિચારકોના અભિપ્રાય પ્રમાણે એ ષષ્ટિતંત્રશાસ્ત્ર વાર્ષગણ્યનું હતું, ષષ્ટિતંત્રમાં આવેલા વિષયો સંબંધી માહિતી 'અહિર્બુધ્નસંહિતા'ના બારમા અધ્યાયમાંથી મળી આવે છે. એ

જોકે આજે સાંખ્યદર્શન, એ વૈદિક દર્શનોમાંનું એક દર્શન ગણાય છે, પણ કોઈ કાળે સાંખ્યદર્શનના આચાર્યો અનેક બાબતમાં ચાલુ વૈદિક પરંપરા

---

સંહિતામાં ષષ્ટિતંત્રના બે વિભાગ બતાવવામાં આવ્યા છે. પ્રથમ વિભાગ તે 'પ્રકૃતિમંડળ' અને દ્વિતીય વિભાગ તે 'વિકૃતિમંડળ' એ બન્ને વિભાગમાં નીચે જણાવેલા કુલ સાઠ વિષયોનું પ્રતિપાદન થયેલું હતું અને તેથી જ એ ગ્રંથને 'ષષ્ટિતંત્ર' નામ આપવામાં આવ્યું જણાય છે.

| **પ્રકૃતિમંડળમાં ૩૨ વિષયો છે.** | | **વિકૃતિમંડળમાં ૨૮ વિષયો છે.** | |
|---|---|---|---|
| ૧. | બ્રહ્મતંત્ર | ૧-૫. | કર્મકાંડ |
| ૨. | પુરુષતંત્ર | ૬. | ભોગકાંડ |
| ૩. | શાક્તતંત્ર | ૭. | વૃત્તકાંડ |
| ૪. | નિયતિતંત્ર | ૮-૧૨. | પંચક્લેશ કાંડ |
| ૫. | કાલતંત્ર | ૧૩-૧૫. | ત્રણ પ્રમાણકાંડ |
| ૬-૭-૮. | ત્રિગુણતંત્રો | ૧૬. | ખ્યાતિકાંડ |
| ૯. | અક્ષરતંત્ર | ૧૭. | ધર્મકાંડ |
| ૧૦. | પ્રાણતંત્ર | ૧૮. | વૈરાગ્યકાંડ |
| ૧૧. | કર્તૃતંત્ર | ૧૯. | ઐશ્વર્યકાંડ |
| ૧૨. | સામ્યતંત્ર | ૨૦. | ગુણકાંડ |
| ૧૩-૧૭. | પાંચ જ્ઞાનતંત્રો | ૨૧. | લિંગકાંડ |
| ૧૮-૨૨. | પાંચ ક્રિયાતંત્રો | | |
| | (કર્મેન્દ્રિયોને લગતાં) | ૨૨. | દષ્ટિકાંડ |
| ૨૩-૨૭. | પાંચ તન્માત્રાતંત્રો | ૨૩. | આનુશ્રવિકકાંડ |
| ૨૮-૩૨. | પાંચ મહાભૂતતંત્રો | ૨૪. | દુ:ખકાંડ |
| | | ૨૫. | સિદ્ધિકાંડ |
| | | ૨૬. | કાષાયકાંડ |
| | | ૨૭. | સમયકાંડ |
| | | ૨૮. | મોક્ષકાંડ |

—હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ
પૂર્વાર્ધ, પૃ. ૯૫-૯૬.

'ષષ્ટિતંત્ર'નો ઉલ્લેખ જૈન આગમોમાં અનેક સ્થળે કરવામાં આવેલો છે. જે સ્થળે કોઈ બ્રાહ્મણ કે પરિવ્રાજકની વિદ્વત્તાનું વર્ણન કરવામાં આવેલું છે તે સ્થળે આ 'ષષ્ટિતંત્ર' અને બીજા પણ બ્રાહ્મણ ગ્રંથોનાં નામો ઉલ્લેખવામાં આવ્યાં છે. જેમકે,

કરતાં સ્વતન્ત્ર મત ધરાવતા હોવાથી વૈદિક વિદ્વાનો દ્વારા નાસ્તિક ગણાતા અને[1] સાંખ્ય આચાર્યો પણ કપિલના તત્ત્વજ્ઞાનને વેદ, મહાભારત, પુરાણ અને મનુસ્મૃતિ આદિના જ્ઞાન કરતાં શ્રેષ્ઠ[2] સમજતા. પરન્તુ એક બાજુ

---

સ્કંદપરિવ્રાજકના વર્ણનના પ્રસંગમાં જણાવેલ છે કે,

"तत्थ णं सावत्थीए नयरीए गद्दभालिस्स अंतेवासी खंदए नामं कच्चायणस्सगोत्ते परिव्वायगे परिवसइ रिउव्वेद-जजुव्वेद-सामवेद-अहव्वणवेद-इतिहास-पंचमाणं निग्घंटुछट्ठाणं चउण्हं वेदाणं संगोवंगाणं सरहस्साणं सारए वारए धारए पारए सडंगवी सट्ठितंतविसारए संखाणे सिक्खाकप्पे वागरणे छंदे निरुत्ते जोतिसामयणे अन्नेसु य बहुसु बंभण्णएसु परिव्वायएसु य नयेसु सुपरिनिट्ठिए यावि होत्था–".

—ભગવતીસૂત્ર, શતક ૨, ઉદ્દેશ ૧, પૃ. ૧૧૨, સમિતિ

ત્યાં શ્રાવસ્તી નગરીમાં સ્કંદક નામે એક પરિવ્રાજક રહે છે જે ગર્દભાલિનો અંતેવાસી છે અને ઇતિહાસ તથા નિઘંટુ સહિત ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ એ ચાર વેદોનો સાંગોપાંગ જ્ઞાતા, છ અને જાણનારો, ષષ્ટિતંત્રમાં વિશારદ, ગણિત, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદ, નિરુક્ત, જ્યોતિષશાસ્ત્ર વગેરે શાસ્ત્રોનો વેત્તા અને બીજા પણ બ્રાહ્મણનયોમાં અને પરિવ્રાજકનયોમાં સુપરિનિષ્ઠિત છે."

'ષષ્ટિતંત્ર'નો અર્થ કરતાં ભગવતીના ટીકાકાર જણાવે છે કે,

"सट्ठितंतविसारए' त्ति कापिलीयशास्त्रपण्डितः" भ.

"षष्टितन्त्रं कापिलीयं शास्त्रम्" कल्पसूत्र

કલ્પસૂત્રમાં (દેવાનંદીના સ્વપ્નફળનો અધિકાર, કલ્પસૂત્ર વ્યાખ્યાન ૧–પૃ. ૧૫) ઋષભદત્ત બ્રાહ્મણ પોતાની સ્ત્રી દેવાનંદાને સારાં સ્વપ્નાં આવ્યાથી એમ જણાવે છે કે, હે દેવિ ! તમને એક સુંદર પુત્ર થશે અને તે ચાર વેદ અને ષષ્ટિતંત્ર વગેરે ગ્રંથોમાં નિપુણ થશે. એ જગ્યાએ મૂળ પાઠ ભગવતી સૂત્રના ઉપર્યુક્ત મૂળ પાઠને અક્ષરશઃ મળતો છે.

૧. આસુરિ નિરીશ્વર સાંખ્યમતના ઉપદેશક હોવાથી શ્રૌત વિચાર પરંપરાના વિરોધી મનાયા છે તેને પરિણામે શતપથના વંશ બ્રાહ્મણમાંથી ઋષિ તરીકેની તેમની વંશપરંપરા બંધ પડ્યાનું અનુમાન શ્રીયુત નર્મદાશંકર મહેતા બી. એ. કરે છે તો અવશ્ય વિચારણીય છે. જુઓ હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ– ભાગ ૧ લો, પૃ. ૯૪.

આદ્ય શંકરાચાર્ય પોતે જ કપિલને શ્રુતિવિરુદ્ધ તેમ જ મનુવચન વિરુદ્ધતંત્રના પ્રવર્ત્તક કહે છે. જુઓ બ્રહ્મસૂત્ર શાંકર ભાષ્ય ૨-૧-૧.

૨. માઠરવૃત્તિકાર મૂલકારિકાની વ્યાખ્યા કરતાં કહે છે કે "આ કપિલ ઋષિએ ઉપદેશેલું તત્ત્વજ્ઞાન વેદ, પુરાણ, મહાભારત અને મનુઆદિ ધર્મશાસ્ત્રો કરતાં પણ ચઢિયાતું છે.

—જુઓ સાંખ્યકારિકા, ૭૦ની માઠરવૃત્તિ

સ્વતન્ત્ર સાંખ્ય આચાર્યોની પરંપરા લુપ્ત[૧] થઈ અને બીજી બાજુ વાચસ્પતિમિશ્ર જેવા પ્રસિદ્ધ વૈદિક વિદ્વાને સાંખ્યકારિકા ઉપર શ્રુતિને બાધ ન પહોંચે એવી વેદસમન્વયી સૌમ્ય ટીકા લખી[૨] એ કારણથી વૈદિક વિદ્વાનોનો સાંખ્યદર્શન ઉપર નાસ્તિકતાનો કટાક્ષ નામશેષ થઈ ગયો છે.

જૈન ગ્રંથોમાં સાંખ્યદર્શનને લગતી નોંધાયેલી હકીકત વૈદિક ગ્રંથોમાંની હકીકત સાથે કેટલીક બાબતોમાં મળે છે, તો કેટલીક બાબતોમાં જુદી પડે છે. મળતી આવતી બાબતો ત્રણ છે : (૧) સાંખ્યદર્શનનું પ્રાચીનત્વ તેમ જ કપિલનું ક્ષત્રિયત્વ, (૨) કપિલના શિષ્ય તરીકે આસુરિનું હોવું અને (૩) ષષ્ટિતન્ત્ર નામક સાંખ્યગ્રંથની રચના. જુદી પડતી બાબતોમાં મુખ્ય બાબત સાંખ્યદર્શનના આદિ પ્રણેતાની છે. વૈદિક ગ્રંથો મતભેદ વિના જ કપિલને સાંખ્યદર્શનના મુખ્ય આદિ પ્રણેતા વર્ણવે છે. ત્યારે જૈન કથા કપિલને આદિ પ્રણેતા ન કહેતાં મરીચિને સાંખ્યદર્શનના મુખ્ય પ્રવર્તક તરીકે વર્ણને[૩] છે,

---

૧. "સાંખ્ય દર્શનને અનુસરનારા સંન્યાસીઓનો વેષ અને આચાર આ પ્રમાણે છે. તેઓ ત્રિદંડી કે એકદંડી હોય છે, અધોવસ્ત્રમાં માત્ર કૌપીનને પહેરે છે, પહેરવાનું વસ્ત્ર ગેરૂઆ રંગનું રાખે છે. કેટલાક ચોટલીવાળા હોય છે, કેટલાક જટાધારી હોય છે અને કેટલાક ક્ષુરમુંડ હોય છે. આસનમાં મૃગચર્મ રાખે છે, બ્રાહ્મણને ઘેર ભોજન લે છે, કેટલાક માત્ર પાંચ કોળિયા ઉપર રહે છે. એ પરિવ્રાજકો બાર અક્ષરનો જાપ કરે છે. તેઓને નમસ્કાર કરનારા ભક્તો 'ॐ नमो नारायणाय' એમ બોલે છે અને તેઓ સામું ફક્ત 'नारायणाय नमः' કહે છે. જૈન સાધુઓની પેઠે તેઓ પણ બોલતી વખતે મુખવસ્ત્રિકા રાખે છે. એઓની એ મુખવસ્ત્રિકા કપડાની નથી હોતી પણ લાકડાની હોય છે. મહાભારતમાં એ મુખવસ્ત્રિકાને 'બીટા' કહેવામાં આવી છે. એઓ પોતે જીવદયા નિમિત્તે પાણી ગળવાનું ગળણું રાખે છે અને તેમ કરવા પોતાના અનુયાયીઓને પણ સમજાવે છે. મીઠા પાણીની સાથે ખારું પાણી ભેળવવાથી હિંસા થયાનું માને છે અને પાણીના એક બિંદુમાં અનંત જીવોની હયાતી સ્વીકારે છે. એમના આચાર્યોનાં નામ સાથે 'ચૈતન્ય' શબ્દ જોડાયેલો હોય છે, એઓની વધારે વસ્તી બંનારસમાં છે. ધર્મને નામે એઓ કોઈ પ્રકારની હિંસા કરવાનું માનતા નથી."–

જૈનદર્શન–ગુજરાતી અનુવાદ–(પં. બેચરદાસનો) પ્રસ્તાવના પૃ. ૭૩.

૨. ઉદાહરણ તરીકે, સરખાવો બીજી સાંખ્યકારિકા ઉપરની કર્મકાંડપ્રધાન વૈદિક શ્રુતિઓનો સકટાક્ષ પરિહાસ અને ઉગ્ર વિરોધ કરતી માઠર વૃત્તિ સાથે એ જ કારિકાની સાંખ્યતત્ત્વકૌમુદી તથા ૭૦મી કારિકાની માઠરવૃત્તિ સાથે એ જ કારિકાની સાંખ્યતત્ત્વકૌમુદી.

૩. જુઓ પરિશિષ્ટ નંબર ૧.

જૈન કથા પ્રમાણે એ મરીચિ, જૈનોના પરમ માન્ય અને અતિપ્રાચીન પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવના પૌત્ર અને ભરત ચક્રવર્તીના પુત્ર થાય. એમણે પ્રથમ પોતાના પિતામહ પાસે જૈન દીક્ષા સ્વીકારેલી, પણ પાછળથી શિથિલાચાર થઈ એક નવો જ વેષ કલ્પી સાંખ્યદર્શનના પ્રસ્થાનનો પાયો નાંખ્યો. જૈન કથા સાંખ્ય આચાર્યોના અગ્રણી તરીકે કપિલનું અસ્તિત્વ સ્વીકારે છે, પણ તે મરીચિ બાદ મરીચિના શિષ્ય તરીકેનું કપિલે મરીચિના શિષ્ય થઈ પોતાના મતનો વિસ્તાર કર્યો અને આસુરિ નામના શિષ્યને સાંખ્યતત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપ્યો. બીજી જુદી પડતી બાબત એ છે કે ષષ્ટિતન્ત્રગ્રંથ જૈન કથા પ્રમાણે આસુરિનો રચેલો છે, જ્યારે વૈદિક પરંપરા અને ખાસ કરી સાંખ્યદર્શનની પરંપરા પ્રમાણે એ ગ્રંથ પંચશિખનો છે.

જૈન અને વૈદિક સાહિત્યમાંની કેટલીક હકીકતોમાં, ભાવનાઓમાં અને વર્ણનશૈલીમાં ખાસ ભેદ હોવા છતાં એક વાત સુનિશ્ચિત છે કે સાંખ્યદર્શનની પ્રાચીનતા બન્નેના સાહિત્યથી પુરવાર થાય છે. સાંખ્યદર્શનનો ઇતર દર્શનો ઉપર જુદી જુદી બાબતોમાં ઓછોવત્તો જે ગંભીર પ્રભાવ પડેલો દેખાય છે તે વળી તેની પ્રાચીનતાનું આન્તરિક પ્રમાણ છે.

૨—બૌદ્ધ દર્શન, એ સાંખ્યદર્શનની પેઠે માત્ર સ્વલ્પસાહિત્યમાં જ જીવિત નથી પણ એના સાહિત્યની અને અનુયાયીઓની પરંપરા જેમ અખંડ છે તેમ વિશાળ પણ છે. એ દર્શનના પ્રસ્થાપક ગૌતમબુદ્ધ કપિલવસ્તુના વાસ્તવ્ય શુદ્ધોદનના પુત્રરૂપે ઈ. સ. પહેલાં છઠ્ઠા સૈકામાં થયેલા. તેમણે ઘર છોડી ત્યાગ સ્વીકાર્યો અને જુદા જુદા ગુરુઓની ઉપાસના કરી. અને છેવટે તે ગુઓને છોડી સ્વતન્ત્રપણે જ વિચાર કરતાં તેમને જ્ઞાન પ્રાપ્ત થયું. ભગવાન બુદ્ધે જ્ઞાન પ્રાપ્ત થયા પહેલાં કરેલી તપસ્યા અને ગુરુ-ઉપાસનનાનું વર્ણન મળે છે.[1] તેઓ આળારકાલામ અને ઉદ્દકરામપુત્ત એ બેની પાસે જઈ યોગમાર્ગ શીખ્યા એવું વર્ણન છે. અને તે વખતે પ્રચલિત અનેકવિધ તપસ્યાઓ કર્યાનું વર્ણન તો તેઓએ પોતે જ આપ્યું છે. એમાં તેઓએ પોતે જૈન પરંપરામાં દીક્ષા લેવાનું કોઈ પણ સ્થળે સ્પષ્ટ કહ્યું નથી. અલબત્ત, તેમણે વર્ણવેલ પોતાની તપસ્યા અને આચારના અનુભવમાં કેટલીક તપસ્યા અને કેટલોક આચાર જૈન[2] હોય એમ લાગે છે. બુદ્ધ ભગવાન પોતે તો જૈન

---

૧. આ માટે જુઓ પુરાતત્ત્વ, પુસ્તક બીજું, પૃ. ૨૪૯-૨૫૭. બુદ્ધ ચરિત્ર લેખમાલા.

૨. આ માટે સરખાવો મજ્ઝિમનિકાયના મહાસિંહનાદસૂત્રના પેરેગ્રાફ ૨૧ સાથે દશવૈકાલિકનું ત્રીજું તથા પાંચમું અધ્યયન.

પરંપરામાં દીક્ષિત થયાનું નથી કહેતા પણ તેમના પછી લગભગ પંદરસો વર્ષ બાદ લખાયેલ એક જૈન સાંપ્રદાયિક ગ્રંથમાં ગૌતમબુદ્ધનું જૈનોના ત્રેવીસમા તીર્થંકર શ્રીપાર્શ્વનાથની પરંપરામાં દીક્ષિત થયાનું અલ્પ માત્ર વર્ણન છે. એ વર્ણનમાં ગ્રંથકાર ગૌતમબુદ્ધને જૈન દીક્ષા છોડી નવીન મતના પ્રવર્ત્તાવનાર તરીકે સાંપ્રદાયિક કટાક્ષની ભાવનાથી[1] ઓળખાવે છે.

જૈન આચાર્યોની પેઠે વૈદિક વિદ્વાનોએ પણ તથાગત ગૌતમબુદ્ધને તેમના વૈદિક પરંપરા સામેના ક્રાન્તિકારી વિચારોને લીધે નાસ્તિક તરીકે વર્ણવ્યા છે.[2] તેમ છતાં જેમ જૈન આચાર્યોએ પોતાના સર્વસંગ્રાહક નયવાદમાં ગૌતમબુદ્ધના ક્ષણિકવાદનો એક નયરૂપે સમાવેશ કરી તે દર્શનનો સમન્વય[3] કર્યો છે. તેમ એક વાર બુદ્ધ ભગવાનને ધર્માતિક્રમી અને પ્રજાદ્વેષી તરીકે ઓળખાવનાર સમર્થ વૈદિક વિદ્વાનોના વંશજોએ બુદ્ધના આચાર અને વિચારની લોકપ્રિયતા વધતાં જ પોતાના સર્વસંગ્રાહક અવતારબાદમાં તેમનું સ્થાન ગોઠવ્યું છે, અને વિષ્ણુના અવતારરૂપે તેઓની નિન્દા-સ્તુતિ પણ કરી છે.[4]

૩—સાધારણ જનતાની વાત તો એક બાજુએ રહી પણ વિશિષ્ટ વિદ્વાનો સુધ્ધાં ભારતીય દર્શનોનો ઇતિહાસ લખતી વખતે જે દર્શનનું આજે સ્મરણ પણ કરતા નથી તે આજીવકદર્શન એક વખત હિન્દુસ્તાનમાં બહુ જાણીતું અને બહુ ફેલાયેલું હતું. જો કે અત્યારે તો એ આજીવક દર્શન પોતામાંથી ઉદ્ભવ પામેલા અનેક નાના સમ્પ્રદાયોના નામમાં અને દેશ-કાળ પ્રમાણે બદલાયેલ આચાર-વિચારમાં નામથી અને સ્વરૂપથી તદ્દન ભૂંસાઈ ગયું છે. છતાં ઈ. સ.ના છઠ્ઠા સૈકા સુધી તે દર્શનના સ્વતન્ત્ર આચાર્યો હોવાનું અનુમાન પ્રોફેસર હોર્નલ વરાહમિહિરના બૃહજ્જાતક ઉપરથી કરે છે.[5] સાહિત્યના પ્રદેશમાં તો એનું પોતાનું કાંઈ પણ સાહિત્ય આજે શેષ

---

૧. જુઓ પરિશિષ્ટ નં. ૨.

૨. જુઓ આ લેખમાળાનો પહેલો લેખ. પુરાતત્ત્વ, પુસ્તક ચોથું, પરિશિષ્ટ ૧ તથા ૩.

૩. "जं काविलं दरिसणं एयं दव्वट्ठिअस्स वत्तव्वं ।
सुद्धोअणतणयस्स उ परिसुद्धो पज्जवविगप्पो" ॥४८॥

—સંમતિતર્ક મૂળ, તૃતીયકાંડ

૪. निन्दसि यज्ञविधेरहह श्रुतिजातं सदयहृदयदर्शितपशुघातम् ।
केशव ! धृतबुद्धशरीर ! जय जगदीश ! हरे ॥९॥ गीतगोविंद

૫. જુઓ તેમનો 'આજીવિક' ઉપરનો નિબંધ.

નથી. છતાં જૈન, બૌદ્ધ અને વૈદિક ગ્રંથોમાં આજીવક મત, તેનાં મન્તવ્યો અને તેના પ્રવર્ત્તકોના મહત્ત્વપૂર્ણ ઉલ્લેખો[૧] મળે છે. વૈદિક ગ્રંથો કરતાં જૈન અને બૌદ્ધ ગ્રંથોમાં એ ઉલ્લેખો ઘણા પ્રમાણમાં છે. માત્ર પાછળના ટીકાગ્રંથોમાં જ નહિ પણ જૈનોના મૂળ આગમ અને બૌદ્ધોના પિટકગ્રંથોમાં સુધ્ધાં આજીવક મત વિશે વર્ણન છે. આજીવક પંથના નંદવચ્છ, કિસસંકિચ્ચ અને નખ્ખલિ એ ત્રણ નાયકોનો નિર્દેશ બૌદ્ધ વાઙ્મયમાં છે. તેમાં એ મખ્ખલિનું નામ બુદ્ધ ભગવાનના સમકાલીન છ મહાન્ પ્રતિસ્પર્દ્ધીઓમાંના એક પ્રતિસ્પર્દ્ધી તરીકે બૌદ્ધપિટક[૨]માં છે.

એ જ મખ્ખલિ તે જૈન ગ્રંથોમાં વર્ણવાયેલ મંખલિગોશાલ, આ ગોશાલક દીર્ઘ તપસ્વી ભગવાન મહાવીરની તપસ્યા વખતે તેમનો છ વર્ષ સુધીનો સહચારી. એ ગોશાલકનું પ્રથમ ભગવાન મહાવીરના શિષ્યરૂપે, પછી આજીવક પંથના નેતા તરીકે અને ભગવાન મહાવીરના કટ્ટર પ્રતિસ્પર્દ્ધીરૂપે પ્રસિદ્ધ જૈન આગમ ભગવતીમાં વર્ણન છે. ગોશાલકના અનુયાયી વર્ગ અને ભગવાન મહાવીરના અનુયાયી વર્ગ વચ્ચે થતી અથડામણીઓનું, મતપરિવર્ત્તનનું અને એ બે મૂળ પ્રવર્ત્તકો વચ્ચે થયેલી ચર્ચાનું વર્ણન જૈન આગમો[૩] પૂરું પાડે છે. આજીવક પંથનું સાહિત્ય અને તેની સ્વતન્ત્ર શિષ્યપરંપરા સંપૂર્ણ નાશ પામ્યા છતાં તે પંથ અને તેના પ્રવર્ત્તક આચાર્ય વિશે થોડી ઘણી છતાં વિશ્વસનીય માહિતી જૈન-બૌદ્ધ બન્ને ગ્રંથોમાંથી મળી આવે છે. એ પંથના પ્રસિદ્ધ પ્રવર્ત્તક મંખ્ખલિ ગોશાલના જીવન વિશેની વિસ્તૃત માહિતી તો ફક્ત જૈન ગ્રંથોમાં છે. એમાં ઐતિહાસિક તથ્યનો સંભવ ઘણો હોવા છતાં પાછળના જૈન ગ્રંથમાંના તે વર્ણનમાં સાંપ્રદાયિકતાની ઊંડી અને વિસ્તૃત અસર પણ જણાય છે.

૪–વૈશેષિકદર્શન, એ વૈદિક છ દર્શનોમાંનું એક છે.[૪] આજે તેની

---

૧. એ બધા ગ્રંથોની સવિસ્તર સૂચી પ્રો. હોર્નલના (આજીવિક) નામના નિબંધમાં છે.– જુઓ ઇન્સાઇક્લોપીડિયા ઑફ રીલીજીયન ઍંડ ઇથિક્સ વૉલ્યુમ ૧, પૃ. ૨૫૯.

૨. જુઓ दीघनिकाय सामञ्ञफलसुत्त તથા તેનો મરાઠી અનુવાદ (પ્રો. રાજવાડે કૃત) પરિશિષ્ટ પૃ. ૯૦.

૩. જુઓ સૂત્રકૃતાંગ બીજો શ્રુત સ્કંધ આર્દ્રકીય અધ્યયન. ઉપાસકદશાંગ સદ્દાલ પુત્રાધિકાર. ભગવતી શતક ૧૫.

૪. ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા એ વૈદિક છ દર્શનો છે.

પરંપરા માત્ર વિચાર અને સાહિત્યમાં છે અને તે જેવી તેવી નથી છતાં તેના સ્વતન્ત્ર આચાર્યોની પરંપરા તો ક્યારનીયે બીજા નવા ઉદ્દ્ભવ પામેલા સંપ્રદાયોના રૂપમાં સમાઈ ગઈ છે અને નામશેષ થઈ ગઈ છે. પણ એક કાળે[1] એ દર્શનના પ્રચારક આચાર્યો જેમ વિચારમાં તેમ આચારમાં પણ સ્વતન્ત્ર સ્થાન ભોગવતા. વૈશેષિક દર્શનનું બીજું નામ પાશુપત કે શૈવદર્શન[2] પણ છે.

એ દર્શનનો મૂળ ગ્રંથ કણાદસૂત્ર નામે આજે ઉપલબ્ધ છે, તેને દશાધ્યાયી પણ કહે છે. એના ઉપર અનેક ભાષ્ય, ટીકા, વિવરણ આદિ ગ્રંથો લખાયા છે, અને તેમાંથી બીજા બધાં ભારતીય દર્શનો ઉપર ઓછોવત્તો પ્રકાશ પાડતું વિપુલ સાહિત્ય જન્મ્યું છે અને જીવિત પણ છે. એ મહત્ત્વપૂર્ણ વૈશેષિક સૂત્રના રચયિતા કાશ્યપ ગોત્રીય કણાદ. એ જ વર્ત્તમાન વૈશેષિક દર્શનના આદ્ય પ્રવર્ત્તક છે. ઋષિ કણાદનું બીજું નામ ઔલૂક્ય હોવાથી એ દર્શનને ઔલૂક્યદર્શન પણ કહે છે. એ દર્શનની ઉત્પત્તિ વિશે બૌદ્ધ ગ્રંથોમાંથી તો કાંઈ વાંચવામાં આવ્યું નથી, પણ એ કણાદઋષિ વિશે વૈદિક પુરાણોમાં થોડી માહિતી છે. વાયુપુરાણ[3] આદિ પુરાણો કણાદને ઉલૂકના પુત્રરૂપે વર્ણવે છે અને રાજશેખર[4] તો કહે છે કે મહેશ્વરે ઉલૂક(ઘૂવડ)નું રૂપ

---

૧. ''આ દર્શનનું બીજું નામ 'પાશુપત' કે 'કાણાદ' દર્શન પણ છે. આ દર્શનને અનુસરનારા સાધુઓનો વેષ અને આચાર નૈયાયિકમતી સાધુઓની સમાન છે.

નૈયાયિક મતી સાધુઓના વેષ અને આચાર આ પ્રમાણે છે : એ સાધુઓ દંડ રાખે છે, મોટી લંગોટી પહેરે છે, શરીરે કામળી ઓઢે છે, જટા વધારે છે; શરીરે રાખ ચોળે છે, જનોઈ પહેરે છે, જલપાત્ર-કમંડલુ-રાખે છે, રસકસ વિનાનું ભોજન લે છે, ઘણું કરીને વનમાં જ રહે છે, હાથમાં તુંબડું રાખે છે, કંદમૂળ અને ફળ ઉપર રહે છે અને પરોણાગત કરવામાં ઉજમાળ રહે છે. તેઓ બે જાતનાં હોય છે, એક સ્ત્રી વિનાના અને બીજા સ્ત્રીવાળા. સ્ત્રી વિનાને ઉત્તમ માનવામાં આવે છે. જેઓ બ્રહ્મચારી છે તેઓ પંચાગ્નિ તપ તપે છે અને જ્યારે સંયમની પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે તેઓ નગ્ન જ રહે છે. તેમને નમસ્કાર કરનારા 'ॐ नमः शिवाय' બોલે છે અને તે સાધુઓ તે નમસ્કાર કરનારાઓ પ્રતિ 'नमः शिवाय' કહે છે.'' ઇત્યાદિ.

જુઓ-જૈન દર્શન-ગુજરાતી અનુવાદ-(પં. બેચરદાસનું)પ્રસ્તાવના,પૃ. ૬૬, ટિપ્પણ ૫.

૨. આ માટે જુઓ ગુણરત્નની ટીકા, પૃ. ૧૦૭ તથા માધવાચાર્યનો સર્વદર્શન સંગ્રહ, પૃ. ૨૧૦

૩. વાયુપુરાણ, પૂર્વખંડ અ. ૨૩, બ્રહ્મમહેશ્વરસંવાદ.

૪. પં. વિંધ્યેશ્વરીપ્રસાદસંપાદિત પ્રશસ્તપાદભાષ્યનું વિજ્ઞાપન, પૃ. ૧૧-૧૭.

લઈ એ તપસ્વી કણાદને છ પદાર્થનો ઉપદેશ આપ્યો જે ઉપરથી એ ઋષિએ વૈશેષિક દર્શન રચ્યું અને ઔલૂક્યદર્શન તરીકે પ્રસિદ્ધિમાં આવ્યું. કણાદનો એ દશાધ્યાયી પ્રમાણ સૂત્રગ્રંથ ઈ. સ.ના પ્રારંભ પહેલાંનો લાગે[1] છે.

સાહિત્યની તત્કાલીન સમગ્ર શાખાઓમાં પ્રામાણિકપ્રકાંડ જૈનાચાર્ય હેમચંદ્ર પોતાના અભિધાનચિન્તામણિ કોષમાં વૈશેષિક અને ઔલૂક્ય એ બે નામને સમાનાર્થરૂપે મૂકી તેની સ્વોપજ્ઞટીકામાં આલૂક્ય નામનો ખુલાસો કરતાં વૈદિક પુરાણોમાંની આખ્યાયિકાને જ કાંઈક અનુસરી કહે છે કે ઉલૂકવેષધારી મહેશ્વરે જે દર્શન રચ્યું તે ઔલૂક્ય અથવા વૈશેષિક.[2]

પરંતુ જૈન ગ્રંથોમાં એ ઔલૂક્ય દર્શન જૈન દર્શનમાંથી નીકળ્યાનું વર્ણન છે. જૈન ગ્રંથોમાં જે સાત નિહ્નવો[3](પ્રથમ જૈન છતાં પાછળથી જૈનમત ત્યજી તેનો અપલોપ કરી જુદું મન્તવ્ય સ્થાપનારાઓ)નું વર્ણન છે. તેમાં છઠ્ઠા નિહ્નવ તરીકે થયેલ વ્યક્તિથી ઔલૂક્યદર્શન નીકળ્યાની મનોરંજક વાત નોંધાયેલી છે. એ છઠ્ઠા નિહ્નવ થયાનો અને તેનાથી ઔલૂક્યદર્શન ચાલ્યાનો કાળ જૈન નોંધ પ્રમાણે વિક્રમની પહેલી સદી[4] આવે છે.

સાંખ્ય દર્શનની ઉત્પત્તિ વિશે જૈન ગ્રંથોમાં સૌથી પ્રાચીન વર્ણન આવશ્યકનિર્યુક્તિમાં છે એનો જ સાર આ સ્થળે પરિશિષ્ટ નં. ૧ માં આપવામાં આવે છે. નિર્યુક્તિની એ જ હકીકતને આલંકારિક રૂપ આપી આચાર્ય હેમચંદ્રે પોતાના 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર' નામના પ્રસિદ્ધ ગ્રંથમાં સવિસ્તર વર્ણવી છે. દિગંબર ગ્રંથોમાં એ જ વર્ણન જૂનામાં જૂનું આદિપુરાણમાં જોવામાં આવ્યું છે. તેમાં શ્વેતાંબર ગ્રંથો કરતાં થોડો ફેર છે અને તે એ કે શ્વેતાંબર ગ્રંથોમાં મરીચિના શિષ્ય તરીકે કપિલનો અને તેનાથી સાંખ્ય મત ફેલાયાનો ઉલ્લેખ છે જ્યારે આદિપુરાણમાં મરીચિથી જ ત્રિદંડી માર્ગ નીકળ્યાની વાત છે તેના શિષ્ય તરીકે કપિલનો નિર્દેશ જ નથી, (હિંદી અનુવાદ પૃ. ૬૩૭)

વિક્રમના દશમા સૈકામાં થયેલા દિગંબરાચાર્ય દેવસેને પોતાના

---

૧. જુઓ હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ, ભાગ પહેલો, પૃ. ૨૨૨.

૨. જુઓ અભિધાનચિંતામણિ, કાંડ ૩. શ્લોક. ૫૨૬ની સ્વોપજ્ઞ ટીકા.

૩. "बहुरय पएस अव्वत्त समुच्छेद दुग तिग अबद्धिया चेव ।
सत्तेए णिण्हगा खलु तित्थम्मि उ वद्धमाणस्स" ॥७८॥
—આવશ્યકવૃત્તિ પૃ. ૩૧૧-૩૧૮.

૪. આવશ્યકગાથા ૭૮૨ પૃ. ૩૧૨.

દર્શનસારમાં બૌદ્ધ મતની ઉત્પત્તિનું જે વર્ણન આપ્યું છે તે અથવા તેને મળતું વર્ણન બીજા કોઈ ગ્રંથમાં અદ્યાપિ જોવામાં આવ્યું નથી. તેથી એ ગ્રંથમાંના ટૂંક વર્ણનનો સાર પરિશિષ્ટ નં. ૨માં આપવામાં આવે છે.

આજીવકમત અને તેના નાયક, ગોશાલક વિશે ભગવતી, ઉપાસકદશા, આવશ્યકવૃત્તિ આદિ ગ્રંથોમાં વર્ણન છે તે બધાનો સંગ્રહ આચાર્ય હેમચંદ્રે 'ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર'ના દશમ પર્વમાં કર્યો છે. જો કે એ સંગ્રહ બહુ વિસ્તૃત છે અને તેમાં અનેક સ્થળે અશ્લીલ જેવું વર્ણન પણ આવે છે. પરંતુ આ સ્થળે તેમાંથી જરૂર પૂરતો ટૂંકો સાર તારવી તેમાંથી અશ્લીલતા ઓછી કરી પરિશિષ્ટ નં. ૩માં આપવામાં આવે છે.

વૈશેષિક દર્શનની ઉત્પત્તિની કથા સૌથી પહેલાં આવશ્યક નિર્યુક્તિ(ગા. ૭૮૦)માં નોંધાયેલી છે. તેનો વિસ્તાર તેની વૃત્તિમાં અને વિશેષાવશ્યક ભાષ્યમાં નોંધાયેલો છે. આ સ્થળે વિશેષાવશ્યક ભાષ્યના એ ભાગનો સાર પરિશિષ્ટ નંબર ૪માં આપવામાં આવે છે. ત્રૈરાશિક સ્થાપનામાંથી વૈશેષિક મત પ્રવર્તાવનાર રોહગુપ્તના સંબંધ વિશે બે પરંપરાઓ મળે છે. એક પરંપરા પ્રમાણે એ આર્યસ્થૂલિભદ્રના શિષ્ય આર્યમહાગિરિનો શિષ્ય થાય, અને બીજી પરંપરા પ્રમાણે તે શ્રીગુપ્તનામના આચાર્યનો શિષ્ય થાય. આ બન્ને પરંપરાઓ ઉપાધ્યાય વિનયવિજયજીએ પોતાની સુબોધિકા નામક કલ્પસૂત્રની ટીકામાં નોંધી છે.—અષ્ટમ વ્યાખ્યાન પૃ. ૧૬૫.

## પરિશિષ્ટ નં ૧

ભરત ચક્રવર્તીનો મરીચિ નામે પુત્ર પોતાના પિતામહ ઋષભદેવ ભગવાન પાસે દીક્ષા લઈ તેમની સાથે વિચરવા લાગ્યો. તે શ્રુતધર હતો. એક વાર ઉનાળાની સખત ગરમીમાં તે બહુ ગભરાયા. તેને એક બાજુ સાધુનો કઠિન માર્ગ છોડી ઘરે પાછા જવાનો વિચાર થયો ને બીજુ બાજુ પોતાના કુલિનપણાના ખ્યાલથી તેને દીક્ષાનો ત્યાગ કરવામાં બહુ જ શરમ આવવા લાગી છેવટે તેણે એ મૂંઝવણમાંથી વચલો માર્ગ કાઢ્યો. તેણે પોતાની બુદ્ધિથી એક એવો નવો વેષ કલ્પ્યો અને નવો આચાર ઘડ્યો કે જેથી ત્યાગમાર્ગ સચવાઈ રહે અને જૈન આચારની કઠિનતા પણ ઓછી થાય. વેષ અને આચાર બદલતી વખતે તેણે જે વિચાર કર્યો તે આ પ્રમાણે—ભગવાનના આ સાધુઓ મનદંડ, વચનદંડ અને કાયદંડને જીતનારા છે અને હું તો તેઓથી

જિતાયેલો છું માટે હું ત્રિદંડી થઈશ. એ શ્રમણો કેશનો લોચ અને ઇંદ્રિયોનો જય કરી મુંડ થઈને રહે છે અને હું ક્ષુરથી મુંડન કરાવી શિખાધારી થઈશ. એઓ સ્થૂળ અને સૂક્ષ્મ પ્રાણીઓના વધાદિકથી વિરત થયેલા છે અને હું ફક્ત સ્થૂળ પ્રાણીઓનો વધ કરવાથી વિરત થઈશ. એ મુનિઓ અકિંચન થઈને રહે છે અને હું સુવર્ણમુદ્રાદિક રાખીશ. એ ઋષિઓએ જોડાનો ત્યાગ કરેલો છે અને હું જોડાને ધારણ કરીશ-એઓ અઢાર હજાર શીળના અંગે યુક્ત એવા શિયળ—બ્રહ્મચર્ય વડે અતિસુગંધી છે અને હું તેથી રહિત હોવાને લીધે દુર્ગંધવાળો છું તેથી ચંદનાદિકને ગ્રહણ કરીશ. એ શ્રમણો મોહરહિત છે અને હું મોહથી આવૃત છું તેથી તેના ચિહ્નરૂપ છત્રને મસ્તક ઉપર ધારણ કરીશ. એઓ નિષ્કષાય હોવાથી શ્વેત વસ્ત્રને ધરનારા છે અને હું કષાયથી કલુષ હોવાને લીધે તેની સ્મૃતિને માટે કષાય રંગનાં વસ્ત્ર ધારણ કરીશ. એ મુનિઓએ પાપથી ભય પામી ઘણા જીવવાળા સચિત્ત જળનો ત્યાગ કર્યો છે પણ મારે તો પરમિત જળથી સ્નાન અને પાન કરવાનું છે. એવી રીતે પોતાની બુદ્ધિથી પોતાનું લિંગ કલ્પી તેવો વેષ ધારણ કરી મરીચિ ઋષભદેવ સ્વામિની સાથે વિહાર કરવા લાગ્યો.

નવો વેષ કલ્પી તે પ્રમાણે ત્રિદંડી પરિવ્રાજક થઈ એ મરીચિ ભગવાન ઋષભદેવ સાથે જ વિચરતો. તેનું નવું રૂપ જોઈ ઘણા લોકો કૌતુકથી તેની પાસે આવતા. તે ઉપદેશ તો જૈન આચારનો જ કરતો જ્યારે કોઈ પૂછતું કે તમે જૈન આચારને શ્રેષ્ઠ વર્ણવો છો તો પછી આ નવો શિથિલાચાર શા માટે ધારણ કર્યો છે ? મરીચિ પોતાની નિર્બળતા કબૂલતો અને ત્યાગના ઉમેદવારને ભગવાન ઋષભદેવ પાસે જ મોકલતો. ક્યારેક એમ બન્યું કે તે બહુ બીમાર પડ્યો પણ તેની સેવા કરનાર કોઈ ન હતું, જે સહચારી સાધુઓ હતા તે તદ્દન ત્યાગી હોવાથી આ શિથિલાચારીની સેવા કરી શકતા નહિ. તેમજ મરીચિ પોતે પણ તેવા ઉત્કટ ત્યાગીઓ પાસેથી સેવા લેવા ઇચ્છતો નહિ. કાળક્રમે તે સાજો થયો.

એક વાર કપિલ નામનો રાજપુત્ર આવ્યો, તેણે ભગવાનનો ઉપદેશ સાંભળ્યો પણ દુર્ભવ્યતાને લીધે તેને એ પસંદ ન આવ્યો. કપિલ મરીચિ પાસે આવ્યો અને તેના તરફ ઢળ્યો. પ્રથમના બીમારીના અનુભવથી ખેંચાઈ મરીચીએ કપિલને પોતાને લાયક ધારી શિષ્ય બનાવ્યો. શાસ્ત્રના તાત્ત્વિક અર્થજ્ઞાન વિનાનો એ કપિલ મરીચિએ બતાવેલ ક્રિયામાર્ગમાં રત થઈ વિચરતો. એણે આસુરી અને બીજા શિષ્યો બનાવ્યા અને શિષ્ય તથા શાસ્ત્રના

અનુરાગને લીધે તે મર્યા પછી બ્રહ્મલોકમાં ઉત્પન્ન થયો. તેણે ત્યાં ઉત્પન્ન થતાંવેંત જ વિશિષ્ટ જ્ઞાનથી પોતાનો પૂર્વભવ જાણી વિચાર્યું કે મારો કોઈ શિષ્ય કાંઈ જાણતો નથી. તેથી એને તત્ત્વનો હું ઉપદેશ કરું એમ વિચારી તેણે આકાશમાં છૂપી રીતે રહી 'અવ્યક્ત(પ્રધાન)થી વ્યક્ત (બુદ્ધિતત્ત્વ) પ્રકટે' છે. ઇત્યાદિ ઉપદેશ આપ્યો તેથી ષષ્ટિતંત્ર (સાંખ્યશાસ્ત્રવિશેષ) થયું.

આવશ્યક વૃ. નિર્યુક્તિ ગા. ૩૫૦ થી ૪૩૯ પૃ. ૧૫૩ થી ૧૭૧

## પરિશિષ્ટ નં. ૨

શ્રીપાર્શ્વનાથ[૧] સ્વામીના શાસન વખતે સરયૂ નદીના કિનારે પલાશ નામના નગરમાં પિહિતાસ્રવ સાધુનો શિષ્ય બુદ્ધકીર્તિ થયો જે બહુ શાસ્ત્રજ્ઞ હતો.

માછલાઓના આહારથી તે દીક્ષા ભ્રષ્ટ થયો અને તેણે લાલ કપડાં પહેરી એકાંત (મિથ્યા) મત ચલાવ્યો.

ફળ, દૂધ, દહીં, સાકર વગેરેની જેમ માંસમાં પણ જંતુ નથી તેથી તેને ઇચ્છવામાં કે તેનું ભક્ષણ કરવામાં પાપ નથી.

જેવી રીતે પાણી એક પાતળી—વહે તેવી—વસ્તુ છે, તેવી રીતે દારૂ પણ છે તેથી તે ત્યાજ્ય નથી. આ પ્રકારની ઘોષણા કરીને તેણે દુનિયામાં સંપૂર્ણ પાપકર્મની પરંપરા ચલાવી.

એક પાપ કરે છે અને બીજો તેનું ફળ ભોગવે છે. આવા સિદ્ધાંતને કલ્પી તે વડે લોકોને વશ કરી તે મરી ગયો અને નરકગામી થયો.

દર્શનસાર ગા. ૬થી ૧૦

## પરિશિષ્ટ નં. ૩

ગોશાલકનો પિતા નામે મંખલી ચિત્રપટજીવ હતો. ગોશાલક કલહપ્રિય અને ઉદ્ધત છતાં વિચક્ષણ હતો. ક્યારેક માતાપિતા સાથે લડી જુદો પડ્યો ને ચિત્રપટ ઉપર આજીવિકા કરતો. તે રાજગૃહી નગરમાં જ્યાં ભગવાન મહાવીર હતા તે મકાનમાં એક બાજુ આવી ઊતર્યો. ભગવાન મહિનાના ઉપવાસને પારણે ભિક્ષા લેવા નીકળ્યા. વિજયનામક શેઠે ભિક્ષા

---

૧. ભગવાન મહાવીર એ જૈનોના ચોવીસમા તીર્થંકર અને ભગવાન પાર્શ્વનાથ એ ત્રેવીસમા મનાય છે. એ બે વચ્ચે ૨૫૦ વર્ષનું અંતર મનાતું હોવાથી શ્રી પાર્શ્વનાથ તીર્થંકરનો સમય વિક્રમ સંવત પહેલાં આઠમી સદી આવે છે.

આપી. એટલે તેને ત્યાં દેવોએ પાંચ [1]દિવ્યોની વૃષ્ટિ કરી. ભગવાન પારણું કરી પાછા પ્રથમના જ મકાનમાં ધ્યાન કરી રહ્યા. ભગવાનના પારણાને પ્રભાવે થયેલ દિવ્યવૃષ્ટિની વાત સાંભળી ગોશાલક ભગવાન તરફ આકર્ષાયો. તેણે પોતાને શિષ્ય બનાવવા ભગવાનને વીનવ્યા. ભગવાનને મૌન જોઈ તે જાતે જ તેઓના શિષ્ય તરીકે સાથે સતત રહેવા લાગ્યો. અને ભિક્ષાથી નિર્વાહ કરવા મંડ્યો. કેટલાક વખત પછી તેને ભગવાનના જ્ઞાનીપણાની વિશેષ ખાતરી કરવાનું મન થયું ને તેથી પૂછ્યું કે હે ભગવન્ ! આજે મને ભિક્ષામાં શું મળશે ? ભગવાન તો ધ્યાનસ્થ હોઈ મૌન રહ્યા પણ સિદ્ધાર્થ નામનો દેવ જે ભગવાનનો અધિષ્ઠાયક છે તેણે ભગવાનના શરીરમાં દાખલ થઈ ગોશાલકને જવાબ આપ્યો કે "ખાટા કોદરા આદિ અન્ન તથા દક્ષિણામાં ખોટો રૂપિયો તને મળશે." આ ઉત્તર ખોટો પાડવા ગોશાલે આખો દિવસ મહેનત કરી પણ સારું ભોજન ન મળવાથી છેવટે સાંજે ક્ષુધાને લીધે તેણે કોઈ સેવકને ત્યાંથી અન્ન લીધું જે સિદ્ધાર્થના કહ્યા મુજબ ખાટું જ હતું. દક્ષિણામાં મળેલ રૂપિયો પણ ખોટો જ નીકળ્યો. આથી ગોશાલાના મનમાં નિયતિવાદનું બીજ રોપાયું અર્થાત્ તેણે સિદ્ધાંત બાંધ્યો કે "**જે થનાર હોય તે થાય જ છે.**"

નાલંદાપાડામાં બીજું ચોમાસું વ્યતીત કરી ભગવાને અન્યત્ર વિહાર કર્યો. ગોશાલક પણ પાછળથી તેમને આવી મળ્યો અને જાતે જ માથું મુંડી નિર્વસ્ત્ર થઈ પોતાને શિષ્ય તરીકે સ્વીકારવા ભગવાનને બહુ વિનંતી કરી. ભગવાને તે કબૂલી અને તેને સાથે લઈ અન્યત્ર ચાલ્યા. રસ્તામાં ગોવાળિયાઓને ક્ષીર રાંધતા જોઈ તે મેળવવા તેણે ભગવાનને કહ્યું, પણ ભગવાનના દેહમાં અન્તર્હિત પેલા સિદ્ધાર્થે કહ્યું કે "ક્ષીર બનશે જ નહિ." એ વચન જુઠ્ઠું પાડવા ગોશાલે જો કે ગોવાળોને ચેતવ્યા. ગોવાળોએ પણ હાંડી સાચવવા યત્ન કર્યો. કિંતુ અધવચ્ચે જ હાંડી ફૂટી અને ગોશાલકને તેમાંથી કાંઈ ન મળ્યું. આ બનાવથી તેનો પ્રથમનો નિયતિવાદ અવશ્યંભાવિભાવવાદ સવિશેષ સ્થિર થયો.

---

૧. વસ્ત્ર, સુગંધિજળ, દુંદુભિનાદ. "अहो दानं अहो दानं" એવો શબ્દ અને ધનવૃષ્ટિ એ પાંચ દિવ્ય કહેવાય છે. દેવતાઓ દ્વારા કરાતા હોવાથી તે દિવ્ય કહેવાયં છે. આવાં દિવ્યો કોઈ અસાધારણ તપસ્વીના પારણા વખતે થતાં દાનોને પ્રસંગે પ્રગટે છે એવી જૈન માન્યતા છે.

જુઓ કલ્પસૂત્રસુબોધિકા વ્યાખ્યાન પંચમ પૃ. ૧૫૭, પ્ર.

એક વાર બ્રાહ્મણ નામક ગામમાં એક મોટે ઘરે ભિક્ષા લેવા જતાં વાસી અન્ન મળવાથી અને વધારામાં દાસીને હાથે તિરસ્કાર થવાથી તેણે ઘર બળવાનો શાપ આપ્યો. શાપ આપતાં કહ્યું કે ''જો મારા ગુરુનું તપતેજ હોય તો આ ઘર બળી જાય.'' ભગવાનના નામે અપાયેલો શાપ પણ ખોટો પડવો ન જોઈએ એમ ધારી નિકટવર્તી દેવોએ તે દાતાનું ઘર ઘાસની જેમ બાળી નાખ્યું.

ચંપાનગરીમાં ત્રીજુ ચોમાસું પૂર્ણ કરી ભગવાન કોલ્લાક ગામમાં ગયા. ત્યાં શૂન્ય ઘરમાં ધ્યાનસ્થ રહ્યા. ગોશાલક વાનરની જેમ ચપળ બની તેના દરવાજા પાસે બેઠો. ''અહીં કોઈ છે?'' એમ પૂછી જ્યારે કંઈ જવાબ ન મળ્યો ત્યારે એક જાર પુરુષ પોતાની રક્ષિત દાસી સાથે વિલાસ અર્થે તે શૂન્ય ઘરમાં દાખલ થયો. ભગવાન તો ધ્યાનસ્થ હતા. પાછા નીકળતાં એ દાસીને ગોશાલકે હસ્તસ્પર્શ કર્યો. એ જાણી તેને પેલા જાર પુરુષે ખૂબ પીટ્યો. ગોશાલકની ફરિયાદનો અધિષ્ઠાયક સિદ્ધાર્થે ભગવાનના દેહમાંથી જ ઉત્તર આપ્યો કે 'તું અમારી પેઠે શીલ કેમ નથી રાખતો ? ચપળતા કેમ કરે છે ? તને માર ન મળે તો બીજું શું થાય ?'

ચોથું ચોમાસું પૃષ્ઠચંપામાં વ્યતીત કરી ભગવાન કૃતમંગળ નામક ગામમાં ગયા. ત્યાં તેઓ એક દેવાલયમાં ધ્યાનસ્થ રહેલ, તે વખતે રાત્રે ત્યાં કેટલાક કુળદેવતાના ભક્તો નાચગાન કરતાં જેમાં મદ્યપાન કરેલ સ્ત્રીઓ પણ શામિલ હતી. આ નાચગાન કરનાર લોકો સાથે અડપલું કરવાને લીધે ગોશાલકને કડકડતી ટાઢમાં તે દેવાલય બાહર અનેક વાર કાઢી મૂકવામાં આવેલો. એક દિવસ તેણે ભગવાનને કહ્યું, 'મધ્યાહ્ન થયો છે. ચાલો આહાર લેવા.' ભગવાન મૌન હતા તેથી સિદ્ધાર્થે ઉત્તર આપ્યો, ''અમારે આજે ઉપવાસ છે.'' ગોશાલકે પૂછ્યું, ''આજે મને શું ભોજન મળશે ?'' ''માંસયુક્તપાયસ મળશે'' એવો સિદ્ધાર્થે ઉત્તર આપ્યો. તેને ખોટા પાડવા ગોશાલકે બહુ યત્ન કર્યો પણ છેવટે તેને માંસવાળી ખીર જ મળી. આ ખીર તેણે નિર્માંસ સમજી ખાઈ લીધી પણ ઊલટી દ્વારા પાછળથી તેમાં માંસ હોવાની ખાતરી થઈ એટલે ચિડાઈને તેણે દાન કરનાર જ્યાં રહેતા તે પ્રદેશને ગુરુના તપના નામે બળી જવાનો શાપ આપ્યો એટલે ભગવાનની મત્તા સાચવવા ખાતર દેવોએ તે પ્રદેશ બાળી નાંખ્યો. આગળ જતાં એક સ્થળે રમતાં બાળકોને ગોશાલકે બિવરાવ્યાં તે જોઈ તેઓના માબાપે ગોશાલકને પીટ્યો.

ભદ્દિલપુરમાં પાંચમું ચોમાસું કરી ભગવાન એક ગામમાં ગયેલા. ત્યાં એક અન્નસત્રમાં અકરાંતિયા થઈ ખૂબ ખાવાને લીધે ગોશાલક ઉપર ત્યાંના લોકો ચિડાય અને તેના માથા ઉપર થાળ માર્યો. ક્યારેક ભગવાન વિશાળા નગરી તરફ ચાલ્યા. ચાલતાં બે રસ્તા આવ્યા એટલે ગોશાલકે ભગવાનને કહ્યું, ''તમે જાઓ, હું તમારી સાથે હવે નથી આવતો. કારણ કે મને કોઈ મારે ત્યારે તમે મૌન રહો છો. તમને પરિષહ પડે ત્યારે મને પણ પડે છે. કોઈ તમને મારવા આવે ત્યારે પહેલા મને મારે છે. સારું ભોજન હોય ત્યારે તો તમે લેવા આવતા જ નથી. સર્વત્ર સમશીલ રહો છો માટે હું જુદો પડીશ.'' અંતર્હિત સિદ્ધાર્થે જવાબ આપ્યો, ''તારી જેવી ઇચ્છા. અમે તો અમારી રીત છોડવાના નથી.'' એ સાંભળી ગોશાલકે રાજગૃહનો માર્ગ લીધો પણ રસ્તામાં ચોરોના હાથે ખૂબ માર પડવાથી પસ્તાઈ પાછો ભગવાનને મળવા નીકળ્યો. ભદ્રિકાપુરીના છઠ્ઠા ચોમાસામાં ભગવાનને તે મળ્યો. આલંભિકા નગરીના સાતમા ચોમાસા પછી કંડક ગામમાં વાસુદેવના મંદિરમાં ભગવાન ધ્યાનસ્થ રહ્યા. નિર્લજ્જ ગોશાલકે વાસુદેવની મૂર્તિના મુખ સામે પુરુષચિહ્ન ધારણ કર્યું. એ વાત જણાયાથી ગામના લોકોએ તેને ખૂબ પીટ્યો. રાજગૃહમાં આઠમું અને મ્લેચ્છ ભૂમિમાં નવમું ચોમાસું કરી ભગવાન સિદ્ધાર્થપુરે આવ્યા. ત્યાંથી કૂર્મગામ તરફ ચાલતા રસ્તામાં તલનો એક છોડ જોઈ ગોશાલકે ભગવાનને પૂછ્યું, હે પ્રભો ! આ છોડ ફળશે કે નહિ ? ભવિતવ્યતાવશ પ્રભુ પોતે જ બોલ્યા, ''એ છોડ ફળશે ને બીજા છોડનાં પુષ્પોમાં રહેલ સાત જીવ આ પ્રસ્તુત છોડમાં તલરૂપે જન્મ લેશે.'' જોકે એ વચન ખોટું પાડવા ગોશાલકે એ છોડને ઉખેડી ફેંકી દીધો. પણ ભક્તદેવોએ કરેલ વૃષ્ટિને પરિણામે ભગવાનના કહ્યા મુજબ તે છોડ ફળ્યો.

ક્યારેક કોઈ વૈશિકાયન તાપસને પજવવાથી ગોશાલક તે તાપસની તેજોલેશ્યા[૧]નો ભોગ થયો. પણ ભગવાને બળતા ગોશાલકને પોતાની શીતલેશ્યા[૨]થી બચાવી લીધો. ગોશાલકે તેજોલેશ્યા કેમ પ્રાપ્ત થાય એમ પૂછ્યું. ભગવાને ઉત્તરમાં જણાવ્યું કે નિયમધારી થઈ છઠ્ઠ[૩] ને પારણે મૂઠી જેટલા અડદ અને અંજલિ પ્રમાણ પાણી લેવાથી છ માસને અંતે

---

૧. તપોજન્ય એક જાતની શક્તિ જેનાથી શાપની પેઠે કોઈને બાળી શકાય.

૨. જે વડે દાહ શમાવી શકાય એવી તપોજન્ય એક જાતની શક્તિ.

૩. છ ટંક આહારનો ત્યાગ કરવો તે છઠ્ઠ અર્થાત્ આગલે દિવસે એક ટંક ખાવું, વચ્ચે સળંગ ચાર ટંક તદ્દન નહિ અવું અને છેલ્લે દિવસે એક જ ટંક ખાવું.

તેજોલેશ્યા ઉદ્ભવે છે.'' કૂર્મગ્રામથી સિદ્ધાર્થપુર જતાં વચ્ચે તલના છોડવાળો પ્રદેશ આવવાથી ગોશાલકે કહ્યું, ''પ્રભો, પેલો છોડ ઊગ્યો નથી.'' પ્રભુએ કહ્યું ''ઊગ્યો છે.'' તપાસ કરતાં ગોશાલકને ભગવાનના વચનની પ્રતીતિ થઈ. એટલે તેણે સિદ્ધાન્ત બાંધ્યો કે શરીરનું પરાવર્તન કરી જીવો પાછા ત્યાંના ત્યાં જ પેદા થાય છે. ત્યાર બાદ ભગવાનના કહ્યા મુજબ તેજોલેશ્યા સાધવા ગોશાલક ભગવાનને છોડી શ્રાવસ્તી નગરમાં ગયો. ત્યાં એક કુંભારની શાળામાં રહી વિધિવત્ તપ કરી છ માસમાં તેજોલેશ્યા સિદ્ધ કરી અને તેની પરીક્ષા કરવા તેણે કૂવાને કાંઠે કોઈ દાસીના ઘડા ઉપર કાંકરો ફેંક્યો. દાસીએ ગાળ દીધી કે તરત જ ગુસ્સે થઈ તેણે તેજોલેશ્યા મૂકી દાસીને બાળી દીધી. ત્યારબાદ તેને શ્રીપાર્શ્વનાથની પરંપરાના[1] અષ્ટાંગ નિમિત્તજ્ઞ છ સાધુઓનો ભેટો થયો. તેઓ પાસેથી ગોશાલક અષ્ટાંગનિમિત્ત વિદ્યા શીખ્યો. આ રીતે તેજોલેશ્યા અને નિમિત્તવિદ્યાથી સંપન્ન થઈ તે પોતાને જિનેશ્વર તરીકે જાહેર કરતો પૃથ્વી પર સગર્વ વિચરવા લાગ્યો.

(પર્વ ૧૦ સર્ગ ૩-૪ પૃ. ૫૨ થી ૭૫)

એક તરફ ગોશાલક ભગવાનથી જુદા પડ્યા પછી પોતાનો સંપ્રદાય વધારવા પ્રયત્ન કરતો અને બીજી બાજુ ભગવાન સર્વજ્ઞ થયા પછી પોતાનું શાસન પ્રવર્તાવતા. આમ કેટલોક વખત પસાર થયો. ગોશાલકના આજીવક સંપ્રદાયમાં એક સદ્દાલ નામક કુંભાર હતો અને તેની અગ્નિમિત્રા પત્ની હતી. એ બન્ને ગોશાલકના ભક્ત દંપતીએ પણ ભગવાનના સત્સંગથીગોશાલકમત છોડી દીધો. આ વાતની જાણ થતાં ગોશાલક તે

---

૧. નિમિત્તનાં અષ્ટ અંગોનાં નામ આ પ્રમાણે છે :

(૧) ડાબી જમણી આંખ વગેરે અવયવોના સ્ફુરણનું શુભાશુભ ફલકથન જે દ્વારા થઈ શકે છે તે અંગવિદ્યા. (૨) સ્વપ્નનાં શુભાશુભ ફલ બતાવનાર સ્વપ્નવિદ્યા. (૩) વિવિધ પક્ષી આદિના સ્વરો ઉપરથી ભાવિનું સૂચન કરનાર સ્વરવિદ્યા. (૪) ભૂમિકંપના વિષયવાળી ભૌમવિદ્યા. (૫) તલ મસા વગેરે ઉપરથી ફળ સૂચવનાર વ્યંજનવિદ્યા. (૬) હસ્તરેખા આદિ ઉપરથી ફલકથન કરનાર લક્ષણવિદ્યા. (૭) ઉલ્કાપાત વગેરે આકસ્મિક ઘટનાઓ સાથે સંબંધ ધરાવનારી ઉત્પાતવિદ્યા. (૮) ગ્રહોના અસ્ત અને ઉદય ઉપરથી લોકસ્થિતિ વિશે ભાવિ ભાખનાર અંતરિક્ષવિદ્યા. આ આઠ અષ્ટાંગ વિદ્યાઓનાં નામનો સંગ્રહશ્લોક આ પ્રમાણે છે–

''अंगं स्वप्नं स्वरं चैव भौमं व्यञ्जन-लक्षणे ।

उत्पातमन्तरिक्षं च निमित्तं स्मृतमष्टधा ॥''

કુંભારને ફરી પોતાના મતમાં ખેંચવા અનેક સ્વસાંપ્રદાયિક લોકો સાથે તેને ઘેર ગયો. પણ તે સદ્દાલ કુંભારે તેની સામે જોયું પણ નહીં. તેથી નિરાશ થઈ ગોશાલક ત્યાંથી પાછો ફર્યો.

વળી ક્યારેક શ્રાવસ્તી નગરીમાં ભગવાન અને ગોશાલક બન્ને આવી ચડ્યા. ગોશાલક હાલાહલા નામની કુંભારણને ત્યાં ઊતર્યો હતો. તેની 'અરિહંત' તરીકેની ખ્યાતિથી અંજાઈ ભોળા લોકો તેની પાસે આવતા. ભગવાનના મુખ્ય શિષ્ય ગૌતમે ગામમાં ગોશાલકની સર્વજ્ઞ તરીકેની ખ્યાતિ સાંભળી પોતાના ગુરુ વીર ભગવાનને એ બાબત પૂછ્યું– ભગવાને કહ્યું, ''તે સર્વજ્ઞ નથી–મેં જ તેને શિક્ષા દીક્ષા આપી છે. એ અસર્વજ્ઞ છતાં છળથી પોતાને સર્વજ્ઞ અને જિન કહે છે.'' ભગવાનની આ વાત શહેરમાં ચોમેર પ્રસરતાં ગોશાલકને કાને પણ આવી. તેથી તે બહુ ગુસ્સે થયો. દરમ્યાન ભગવાનનો આનંદ નામનો એક શિષ્ય તેની નજરે પડ્યો. તેને ગોશાલકે કહ્યું, ''આનન્દ ! તારો ગુરુ મારી નિન્દા કરે છે. તે મારી શક્તિ જાણતો નથી. હું તેને સપરિવાર બાળી નાંખીશ. માત્ર તને જીવતો છોડીશ તે ઉપર એક દૃષ્ટાંત કહું તે સાંભળ–

કોઈ પાંચ વાણિયાઓ વ્યાપાર માટે પરદેશ જતા નિર્જળ વનમાં તરસ્યા થયા. પાણી શોધતાં એક પાંચ શિખરવાળો રાફડો મળ્યો. તે ફોડતાં અનુક્રમે તેમાંથી પાણી, તાંબાનાણું, રૂપાનાણું, સોનાનાણું એ ચાર વસ્તુઓ ચાર શિખરમાંથી નીકળી પણ લોભવશ પાંચમું શિખર ફોડતાં ઉગ્ર સર્પ નીકળ્યો, તેણે એ પાંચ વણિકમાંથી સંતોષી પ્રથમ વણિકને જીવતો છોડી બાકીના ચાર લોભીને વિષજ્વાળાથી ભસ્મ કરી નાંખ્યા. હે આનન્દ ! તે પ્રમાણે માત્ર તને જીવતો છોડી તારા ગુરુને સપરિવાર હું બાળી નાંખીશ. આનન્દે આવી આ વાત ભગવાનને જણાવી. ભગવાને તેની શક્તિ વિષે બધા મુનિને સચેત કરી મૌન રહેવા કહ્યું. દરમ્યાન ગોશાલક ત્યાં આવી ચડ્યો અને ભગવાનને યદ્વાતદ્વા કહેવા લાગ્યો. તેણે કહ્યું' ''હે કાશ્યપ ! તું મને મંખલિપુત્ર અને પોતાના શિષ્ય તરીકે વર્ણવે છે પણ હું તે નથી. તારો શિષ્ય ગોશાલક સ્વર્ગવાસી થયો છે. હું તો માત્ર તે મૃત ગોશાલકના દૃઢ શરીરમાં વાસ કરું છું અને મારું નામ તો ઉદાયમુનિ છે.'' ભગવાને કહ્યું, ''ગોશાલક ! તણખલાથી ડુંગર ઢંકાય નહિ તેમ તું મારી સામે પોતાની જાતને અસત્યથી છુપાવી નહિ શકે. તું જ ખરેખર મંખલિપુત્ર ગોશાલક છે.'' આ વિવાદ ચાલતો હતો તેવામાં ભગવાનના બે સર્વાનુભૂતિ અને

સુનક્ષત્ર નામક શિષ્યો ગોશાલકને સમજાવવા વચ્ચે આવ્યા. એટલે ગોશાલકે તેઓને તેજોલેશ્યાથી બાળી નાંખ્યા. ભગવાન ઉપર તેજોલેશ્યા મૂકી પણ તે તેઓને કશું કરી ન શકી. ઊલટી પાછી ફરી ગોશાલકને બાળવા લાગી. ભગવાને ગોશાલકને કહ્યું, ''તું તો ફક્ત સાત દિવસ જીવવાનો છે. આ લેશ્યાજ્વરથી જ તારું મૃત્યુ છે અને હું તો હજી સોળ વર્ષ જીવવાનો છું.'' આ સાંભળી ગોશાલક લેશ્યાદાહથી પીડાતો હાલાહલા કુંભારણને ત્યાં પોતાને ઉતારે પાછો આવ્યો ને ત્યાં સન્નિપાતગ્રસ્તની પેઠે ઉન્મત્ત થઈ અનેક ચેષ્ટાઓ કરવા લાગ્યો. પ્રથમ તો તેણે શિષ્યોને કહ્યું, મર્યા પછી મારા શરીરને ખૂબ ધામધૂમપૂર્વક ફેરવી, આ ચોવીસમો તીર્થંકર મોક્ષે ગયેલો છે એવી ઘોષણા કરી તેનો અગ્નિસંસ્કાર કરજો–'' પણ છેક મરણને દિવસે તેને કાંઈક શુદ્ધિ આવતાં પસ્તાવો થયો એટલે તેણે શિષ્યોને ફરી કહ્યું કે, ''હું કોઈ સર્વજ્ઞ કે જિન નથી, હું તો ખરેખર મંખલિપુત્ર અને ભગવાન મહાવીરનો જ શિષ્ય છું– મેં લોકોને આડે રસ્તે દોર્યા છે. તેથી મરણબાદ મારા શરીરને પગે દોરડી બાંધી ભૂંડી રીતે ગામમાં ઘસડજો અને મારા દંભની ખરી હકીકત જાહેર કરવા સાથે મારા શરીર ઉપર તિરસ્કાર દાખવજો.'' એમ કહી તે મૃત્યુ પામ્યો અને નરકે ગયો. પાછળથી શિષ્યોએ ગુરુની આજ્ઞા પાળવા ખાતર મકાન બંધ કરી શ્રાવસ્તીનું ચિત્ર ખેંચી તેમાં ગોશાલકના શબને તેના કહ્યા મુજબ ફેરવી પ્રતિજ્ઞાનું પાલન કર્યું અને પછી ભક્તોએ મહોત્સવપૂર્વક તેનો અગ્નિસંસ્કાર કર્યો.

(પર્વ ૧૦ મું. સર્ગ ૮, ગુજરાતી અનુવાદ પાનું ૧૮૪ થી ૧૯૪)

## પરિશિષ્ટ નં ૪

શ્રીગુપ્ત નામના એક જૈનાચાર્ય પોતાના રોહગુપ્ત નામક શિષ્ય સાથે અંતરંજિકા નગરીમાં હતા. દરમિયાન કોઈ પરિવ્રાજક ત્યાં આવ્યો. એણે પેટ ઉપર લોઢાનો પાટો બાંધ્યો હતો અને હાથમાં જાંબુડાના ઝાડની ડાળી રાખી હતી. તે કહેતો કે પેટમાં જ્ઞાન સમાતું નથી માટે એ પાટો છે ને જંબુદ્વીપમાં કોઈ મારી બરાબરી કરે તેવો નથી એ સૂચવવા આ જંબુવૃક્ષની શાખા છે. તેણે ગામમાં ઘોષણા કરી હતી કે બધાં દર્શનો શૂન્ય છે, મારા જેવો કોઈ બીજો એકે દર્શનમાં નથી. એ કારણથી પેટ બાંધેલું અને હાથમાં શાખા રાખેલી તેથી લોકોમાં તે 'પોટ્ટશાલ' નામે પ્રસિદ્ધ થયો.

રોહગુપ્તે નગરીમાં દાખલ થતી વખતે એ ઘોષણા સાંભળી અને ગુરુને

પૂછ્યા સિવાય જ તેની સાથે વાદમાં ઊતરવાનો નિશ્ચય કરી એ ઘોષણાપટહ ત્યાં જ અટકાવ્યો. ગુરુએ એ વાત જાણી ત્યારે રોહગુપ્તને કહ્યું કે તેં યોગ્ય ન કર્યું. કારણ એ વાદી હારશે તો પણ પાછો સામે થશે. એ સાત–વીંછી, સર્પ, ઉંદર, મૃગી, વરાહી, કાક, અને શકુનિકા વગેરે વિદ્યાઓમાં કુશળ છે. રોહગુપ્તે કહ્યું શું હવે ક્યાંયે નાશી જવું ? જે થવું હતું તે થયું. ગુરુએ કહ્યું ત્યારે મારી પાસે સિદ્ધ બીજી સાત વિદ્યાઓ છે. જે એ વાદીની ઉક્ત સાત વિદ્યાઓની અનુક્રમે પ્રતિપક્ષ (વિરોધિની) છે. તે વિદ્યાઓ હું આપું તું લે; એમ કહી તેને વિદ્યાઓ આપી. તે વિદ્યાઓ આ છે–માયૂરી, નકુલી, બિલાડી, વ્યાઘ્રી, સિંહી, ઉલુકી અને ઉલાવકી. પરિવ્રાજકની ઉપર્યુક્ત સાત વિદ્યાઓને અનુક્રમે બાધિત કરનારી આ સાત વિદ્યાઓ આપી. તે ઉપરાંત ગુરુએ રોહગુપ્તને અભિમંત્રિત[1] રજોહરણ આપી કહ્યું કે જો તે વાદી વધારે બીજો કાંઈ ઉપદ્રવ કરે તો આ રજોહરણ માથા ઉપર ફેરવજે. એટલે તું અજેય થઈ જઈશ.

રોહગુપ્તે રાજસભામાં જઈ પેલા વાદીને યથેષ્ટ પૂર્વપક્ષ કરવા લલકાર્યો. વાદીએ વિચાર્યું, આ સાધુઓ કુશલ હોય છે માટે એને સંમત હોય એવો જ પૂર્વપક્ષ હું મારા તરફથી રજૂ કરું, જેથી એ જૈનાચાર્ય તેનું ખંડન ન જ કરી શકે. આમ વિચારી તે ચાલાક વાદીએ પક્ષ રજૂ કર્યો કે, જીવ અને અજીવ એવી બે રાશિઓ છે, કારણ કે તેમ જ દેખાય છે. આ પક્ષ સાંભળી તે સર્વથા ઈષ્ટ હોવા છતાં પણ માત્ર વાદીનો પરાભવ કરવા ખાતર ચાલાક શિરોમણિ રોહગુપ્તે તેની સામે વિરોધીપક્ષ મૂક્યો તેણે કહ્યું, જેમ ઉત્તમ, મધ્યમ અને અધમ એવા ત્રણ વિભાગ છે તેમ પશુ વગેરે જીવ, પરમાણુ વગરે અજીવ અને ગરોળીનાં તત્કાળ કપાયેલા પુચ્છ વગેરે નોજીવ (જીવાજીવ અથવા ઈષત્જીવ) આવી ત્રણ રાશિઓ છે. રોહગુપ્તની આ કલ્પનાથી નિરુત્તર થયેલ વાદીએ ક્રોધમાં ભરાઈ પોતાની સાતે વિદ્યાઓનો પ્રયોગ કર્યો, રોહગુપ્તે અનુક્રમે વીંછીઓને મોર વડે, સાપને નોળિયા વડે રોકી પોતાની બધી બાધક વિદ્યાઓનો સામે પ્રયોગ કર્યો. છેવટે વાદીએ જ્યારે ગર્દભી બનાવી ત્યારે રોહગુપ્તે રજોહરણ ફેરવ્યું એટલે એ ગર્દભી ઊલટી તેના પ્રેરકવાદી તરફ જ ધસી અને તેના ઉપર મળમૂત્ર કર્યાં, આખરે

---

૧. જૈન સાધુઓનું એક ધાર્મિક ઉપકરણ જે જંતુઓની રક્ષાપૂર્વક રજ આદિ દૂર કરવાના કામ માટે હોય છે.

એ વાદી તિરસ્કાર પામી ચાલ્યો ગયો.

રોહગુપ્તે ગુરુને બધી વાત કહી. ગુરુ વાદીને હરાવ્યા બદલ ખુશ તો થયા પણ રોહગુપ્તની એક વાતનો તેમણે વિરોધ કર્યો. તેમણે કહ્યું, જૈનશાસ્ત્રમાં બે રાશિનો સિદ્ધાંત છે. નોજીવરાશિ એ અપસિદ્ધાંત છે માટે તારે વાદીને પરાજિત કર્યા પછી રાજસભામાં એ વાત પ્રગટ કરવી હતી. હજી પણ તું એ ભૂલ કબૂલ કર. રોહગુપ્તે તર્ક અને હઠના બળથી પોતાનો નોજીવ પક્ષ મજબૂત રીતે ગુરુ સામે જૈન સિદ્ધાંતરૂપે સ્થાપવા યત્ન કર્યો અને ગુરુએ કરેલ તેનો નિષેધ કોઈ પણ રીતે ન સ્વીકાર્યો. આ જોઈ જાહેરમાં જ તેને અપ્રામાણિક ઠરાવવા ગુરુએ રોહગુપ્ત સાથે રાજસભામાં ચર્ચા શરૂ કરી. છ માસની લાંબી ચર્ચા પછી દરેક શ્રોતાને કંટાળો આવેલો જોઈ ગુરુએ ચર્ચાનો અંત આણવા વ્યવહારુ યુક્તિ યોજી. તે એ કે જ્યાં જગતમાંની સર્વ વસ્તુઓ અવશ્ય મળી શકે તેવી દુકાને જઈ नोजीव વસ્તુની માંગણી કરવી, જો હશે તો મળશે અને નહીં હોય તો દુકાનદાર ના પાડશે. જો ના પાડે તો નોજીવરાશિ નથી એમ સમજવું. તે પ્રમાણે કરતાં નોજીવરાશિ તેવી દુકાને ન મળી એટલે રોહગુપ્તનું કથન મિથ્યાસિદ્ધ થયું અને ગુરુ શ્રીગુપ્તનો પક્ષ સત્ય સિદ્ધ થયો. અંતે ગુરુનો રાજ અને સભાએ સત્કાર કર્યો અને જૈન શાસનની પ્રશંસા થઈ. રોહગુપ્ત અપમાનિત થયો. તેણે છેવટે આગ્રહવશ એક દર્શન પ્રર્વતાવ્યું એ દર્શન તે વૈશેષિક. એમાં તેણે દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય એવા છ પદાર્થો પ્રરૂપ્યા. રોહગુપ્ત ઉલૂક ગોત્રનો હતો અને છ પદાર્થનો પ્રરૂપક થયો તેથી તેનું બીજું નામ षडुलूक પણ કહેવાય છે. તેણે પ્રવર્તાવેલું વૈશેષિકદર્શન તેની શિષ્યપરંપરા વડે આગળ જતાં વધારે ખ્યાતિ પામ્યું.

વિશેષાવશ્યકભાષ્ય ગા. ૨૪૫૨થી આગળ (પૃ. ૯૮૧)

— પુરાતત્ત્વ, પુસ્તક : ૪-૫

# ૧૩. ચાર્વાક દર્શન

દાર્શનિક પરંપરાના ઇતિહાસમાં ચાર્વાક દર્શનનું સ્થાન અગત્યનું છે. એ લોકાયત, બાર્હસ્પત્ય, પૌરંદર અને ચાર્વાક જેવાં નામોથી ઓળખાય છે. નામ ગમે તે હોય પણ એ ભૂતચૈતન્યવાદી યા ઇહલોકવાદી લૌકિક દર્શન છે. આ દર્શનનું મૂળ સ્વરૂપ કેવું હતું, એના આદિ સ્થાપકો કે પ્રવર્તકો કોણ અને કેવા હતા ઇત્યાદિ બાબતોની વિશ્વસ્ત માહિતી આપણી સામે નથી છતાં તે દર્શન સર્વસાધારણ પ્રજાને આકર્ષે એવું પ્રબળ અથવા એટલું પ્રચલિત તો હતું જ. એના પુરાવા વૈદિક-અવૈદિક સમગ્ર વાઙ્મયમાં મળે છે.

યાજ્ઞિકોએ પુનર્જન્મને આધારે પોતાનો વિચાર સ્થાપવા માંડ્યો, તેમ જ તપસ્વી, યોગી, આદિ શ્રમણોએ પુનર્જન્મનો લોકાન્તરવાદ તેમ જ મોક્ષવાદ સ્વીકારી પોતપોતાના સંપ્રદાયો સ્થાપવા અને પ્રવર્તાવવા માંડ્યા. એટલે તે તમામ લોકાયત મતનો નિરાસ કરવાની જરૂર પડી. યાજ્ઞિક તપસ્વી કે યોગીઓના માર્ગમાં કોઈ વિરોધી બળ હોય તો તે મુખ્યપણે લોકાયત દૃષ્ટિનું જ હતું. તેથી જ આપણે જોઈએ છીએ કે પાણિનિ જેવા વૈયાકરણે આસ્તિક અને નાસ્તિક બે શબ્દોની સિદ્ધિ દર્શાવતાં નાસ્તિક પદ એ અર્થમાં યોજ્યું છે કે જે પરલોક યા પુનર્જન્મ ન માને તે નાસ્તિક. આ રીતે લોકાયત દર્શનનું નાસ્તિકરૂપે અસ્તિત્વ સૂચવાયું છે. અહીં એ ધ્યાનમાં રાખવું ઘટે છે કે આગળ જતાં ક્રમે ક્રમે નાસ્તિક પદ અવગણનાસૂચક બની ગયું છે. દરેક સંપ્રદાય પોતાથી વિરુદ્ધ સંપ્રદાયને નાસ્તિક યા મિથ્યાદૃષ્ટિ તરીકે લેખતો આવ્યો છે. ઉપનિષદોમાં જ્યાં ત્યાં લોકાયત દર્શનની મુખ્ય માન્યતાનો ઉલ્લેખ મળે છે. બૃહદારણ્યકમાં કહેવામાં આવ્યું છે કે ભૂતોથી વિજ્ઞાનઘન ઉત્પન્ન થઈ તેમાં જ વિલય પામે છે. અને પ્રેત્યસંજ્ઞ યા પુનર્જન્મ જેવું કાંઈ નથી. કઠ ઉપનિષદમાં નચિકેતા યમને એટલું જ પૂછે છે કે કોઈ પરલોક યા આત્માને અસ્તિ કહે છે તો બીજા કોઈ નાસ્તિ. તેથી હું એ બાબત ખરું સત્ય

તમારી પાસેથી જાણવા ઉપસ્થિત થયો છું. સ્પષ્ટ કે અહીં નાસ્તિ પક્ષથી લોકાયત દર્શન વિવક્ષિત છે. શ્વેતાશ્વતરમાં બ્રહ્મ યા વિશ્વનાં કારણોની જિજ્ઞાસા છે. તેમાં ઇતર કારણોની સાથે એક ભૂતકારણવાદનો પણ નિર્દેશ છે. જે ભૂતો અથવા ભૂતોના સંયોગને વિશ્વનું કારણ માનતો.

તથાગત બુદ્ધે મધ્યમ માર્ગની સ્થાપના કરતી વખતે જે ઉચ્છેદવાદના એકાંતનો અને તજ્જીવતચ્છરીરવાદના એકાંતનો નિષેધ કર્યો છે તે ભૂતાત્મવાદી લોકાયત દૃષ્ટિને લક્ષીને કરેલ છે. એ જ રીતે જ્યારે બુદ્ધે અજિતકેશ કંબલીના મતને તૈથિકિ મત તરીકે નિર્દેશ્યો ત્યારે પણ તેમાં ભૂતાત્મદૃષ્ટિનો જ ઉલ્લેખ અને નિષેધ છે.

દીર્ઘતપસ્વી મહાવીરના શાસનમાં પણ પ્રથમથી જ ભૂતાત્મવાદનો નિષેધ છે. સૂત્રકૃતાંગનામના સૂત્રમાં ચાર ભૂત અને પાંચ ભૂતના સમુદાયને આત્મા તરીકે માનનાર દૃષ્ટિને મિથ્યાદૃષ્ટિ કહેલ છે. એ જ રીતે તેમાં તજ્જીવતચ્છરીરવાદનો પણ મિથ્યાદૃષ્ટિ તરીકે નિર્દેશ છે.

આ રીતે બુદ્ધ-મહાવીરના સમય સુધીમાં જ્યાં અને ત્યાં લોકાયત દૃષ્ટિનો આત્યંતિક નિષેધ દેખાય છે. આ નિષેધપરંપરા ઉત્તરકાલીન વાઙ્મયમાં બહુ વિસ્તરી અને વિકસેલી છે. ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ કે પૂર્વોત્તર મીમાંસા આદિ બધાં જ આત્માવાદી દર્શનોએ પોતપોતાના ગ્રંથોમાં ભૂતાત્મવાદનો પ્રતિવાદ બહુ યુક્તિપૂર્વક કરેલો છે. કણાદસૂત્રોમાં આત્માનું પૃથક્ અસ્તિત્વ સ્થપાયું એટલે આડકતરી રીતે ભૂતાત્મવાદનો નિષેધ થઈ જ જાય છે. પણ ન્યાયસૂત્ર તો સીધી રીતે એ વાદની નાગાર્જુનની જેમ પરીક્ષા કરી પૂર્ણપણે તેનું નિરસન કરે છે. એ જ વસ્તુ ઇતર દાર્શનિક ગ્રંથોમાં દેખાય છે. જોકે ભૂતચૈતન્યવાદના નિરસનમાં ઉત્તરોત્તર અનેક પ્રકારની યુક્તિઓ વિશેષ અને વિશેષ શોધાતી ગઈ છે, છતાં તે વિશે કેન્દ્ર સ્થાનમાં દલીલ એ છે કે જો ચૈતન્ય એ માત્ર ભૌતિક વિકાસ જ હોય અને સ્વતંત્ર ન હોય તો જન્મતાંવેંત બાળક માતાના સ્તન પ્રત્યે ઇષ્ટ બુદ્ધિથી પ્રવર્તે છે. તે ઘટી ન શકે. વળી જુદી જુદી વ્યક્તિઓમાં સમાન સાધન છતાં સુખ-દુઃખ આદિનું તારતમ્ય દેખાય છે, તે પણ ઘટી ન શકે ઇત્યાદિ.

આ રીતે તમામ આત્મવાદીઓએ પ્રાચીન ભૂતચૈતન્યવાદનું નિરસન કર્યું. તેને પરિણામે વૈયક્તિક અને સામાજિક જીવનક્રમમાં એ વાદની પ્રતિષ્ઠા ન રહી, અને તેથી એ વાદના પુરસ્કર્તાઓનો સંપ્રદાય પણ નામશેષ થયો. એ વાદનું જે કાંઈ મૌલિક સાહિત્ય હશે તે પણ લોપ પામ્યું. આજે

ભૂતચૈતન્યવાદનાં સૂચક જે થોડાંક સૂત્રો યા ઉદ્‌ગારો મળે છે, તે તો આત્મવાદીઓએ પોતપોતાના ગ્રંથોમાં એ વાદનું ખંડન કરતાં જે ઉદ્ધૃત કર્યાં છે તે જ શેષ છે. આ સૂત્રો અને ઉદ્‌ગારો બહુ જ થોડાં છે. એથી એ વાદના પુરસ્કર્તાઓની સમગ્ર યુક્તિઓનો ખ્યાલ આવી નથી શકતો.

ભૂતચૈતન્યવાદીની મુખ્ય યુક્તિ એ છે કે ચાર કે પાંચ ભૂતોના વિશિષ્ટ સમુદાયમાંથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે અને એ વિશિષ્ટતા જતાં જ મરણાન્તે ચૈતન્યનું પણ કોઈ અસ્તિત્વ રહેતું નથી. જેમ પિષ્ટ ગુડ આદિ દ્રવ્યોના વિશિષ્ટ સંયોગમાંથી મદ્યશક્તિ ઉદ્‌ભવે છે તેમ વિશિષ્ટ ભૂતસંયોગમાંથી ચૈતન્ય ઉદ્‌ભવે છે. ભૂતચૈતન્યવાદીઓની આ મુખ્ય યુક્તિ અદ્યાપિ સચવાઈ રહી છે.

આ ઉપરાંત ભૂતચૈતન્યવાદીઓ પ્રમાણ વિશે પણ વિચાર કરતા. તેમના મતે મુખ્ય એક માત્ર પ્રમાણ પ્રત્યક્ષ છે. એ પ્રત્યક્ષ પણ ઇંદ્રિયજન્ય. એટલે તેઓ ઇંદ્રિયગમ્ય હોય એવા જગત વિશે જ વિચાર કરતા. તેમણે અનુમાનને બીજા પ્રમાણ તરીકે સ્વીકાર્યું છે, પણ તેનું સ્થાન પ્રત્યક્ષ કરતાં ગૌણ માન્યું છે. અનુમાનથી જ વસ્તુ સાબિત થતી હોય તે જો પ્રત્યક્ષગમ્ય ન હોય તો તેઓ તેને ન સ્વીકારતા. તેમના મતે અનુમાન પદમાં જે 'અનુ' 'માન' એવા બે અંશો છે, તે સાર્થક છે. એટલે કે તેઓ કહે છે કે, જે જે ઇંદ્રિયગમ્ય હોય યા ઇંદ્રિયગમ્ય થઈ શકે તેવું હોય ત્યાં જ અનુમાન પ્રમાણ છે; કેમ કે એ જ અનુમાન પ્રત્યક્ષાનુસારી છે. આ રીતે એમનું દૃષ્ટિબિંદુ વર્તમાન અને ભૌતિક લોક પૂરતું રહ્યું છે. તેને લીધે તેમણે વૈયક્તિક અને સામાજિક જીવનની વ્યવસ્થા પણ વર્તમાન લોક પૂરતી જ ગોઠવી હોવી જોઈએ. પ્રતિવાદીઓએ ભૂતચૈતન્યવાદીઓ ઉપર આક્ષેપો કરતાં જે કાંઈ જીવનવ્યવસ્થા અંગે કહ્યું છે, જેમ કે 'ऋणं कृत्वा घृतं पिबेत्' ઇત્યાદિ, એવું જ એમનું દૃષ્ટિબિંદુ રહ્યું હોય તો તેઓ વૈયક્તિક કે સામાજિક જીવન યોગ્ય રીતે જીવી ન શકે. તેથી તેવા આક્ષેપો એ માત્ર ખંડનના આવેશમાંથી જન્મ્યા હોય એમ લાગે છે.

આત્મવાદની પ્રતિષ્ઠા સાર્વત્રિક થઈ છે. તેમ છતાં ભૂતચૈતન્યવાદી વિચારના સૂચક કેટલાક અંશો આત્મવાદની ભૂમિકામાં પણ સચવાઈ રહેલા લાગે છે. દાખલા તરીકે ભૂત, પ્રાણ, સત્ત્વ જેવા શબ્દો મૂળે જડતત્ત્વના બોધક હતાં, પરંતુ એ જ શબ્દો આત્મવાદ સ્થપાયા પછી પણ આત્મવાદીઓએ જીવ યા આત્મા અર્થમાં છૂટથી વાપર્યા છે અને એ શબ્દોને

બીજો અર્થ પણ આપ્યો છે.

એક રીતે ભૂતચૈતન્યવાદ એના ઉપર થયેલ સર્વદેશીય પ્રહારોથી નષ્ટપ્રાય હતો. આ સ્થિતિ જોઈને જ જાણે ઉમળકો આવ્યો ન હોય તેમ એક વિદ્વાને આત્મવાદ વિરુદ્ધ ગ્રંથ રચ્યો. એ વિદ્વાનનું નામ છે જયરાશિ ભટ્ટ. એનો એ તત્ત્વોપપ્લવસિંહગ્રંથ વડોદરા ગાયકવાડ ઓરિએન્ટલ સિરીઝમાં થી જ પ્રસિદ્ધ થયો છે. જયરાશિ ભટ્ટે જોયું કે આત્મવાદી દાર્શનિકો ભૂતચૈતન્યવાદનું નિરસન કરવામાં એ વાદના સમર્થક, પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણોની ઐન્દ્રિયક જગત પૂરતી મર્યાદિત શક્તિ બતાવી તે વાદનો નિરાસ કરે છે અને પોતાને અભિમત એવાં અનુમાન આગમાદિ પ્રમાણોની અતીન્દ્રિય તત્ત્વગ્રાહી શક્તિ દર્શાવી તે દ્વારા પોતાને અભિમત એવાં અતીન્દ્રિય તત્ત્વો સ્થાપે છે, જેમાં એક આત્મતત્ત્વ પણ છે. આ જોઈ જયરાશિએ 'मूले कुठारः' એ ન્યાયથી પ્રમાણવાદ ઉપર જ પોતાના ગ્રંથમાં પ્રહાર શરૂ કર્યો. તે એટલા સુધી કે તેણે પોતાના સમય સુધીમાં દાર્શનિકોને માન્ય એવાં બધાં જ પ્રમાણોનું પ્રામાણ્ય અસિદ્ધ ઠરાવવા પ્રયત્ન કર્યો. એણે એ પ્રયત્નમાં જે વિકલ્પજાળ અને યુક્તિપ્રયુક્તિનો ઉપયોગ કર્યો છે, તે અસાધારણ છે. છેવટે એણે પોતાની રીતે દર્શાવ્યું કે જો કોઈ પ્રમાણ સિદ્ધ જ ન થાય તો તે દ્વારા સધાતાં તત્ત્વો કદી સિદ્ધ થઈ શકે નહિ. આ રીતે એણે દરેક તત્ત્વવાદી પરંપરાનો નિરાસ કર્યો, પણ આમ કરવા જતાં એને પોતાને જ એક પ્રશ્ન થયો, જે એણે ગ્રંથની શરૂઆતમાં જ ચર્ચ્યો છે. પ્રશ્ન એ છે કે જો તત્ત્વમાત્રનું ખંડન કરતા હો તો તેમાં તમને માન્ય એવા ભૂતચૈતન્યવાદી ચાર્વાકનાં ચાર તત્ત્વોનું પણ ખંડન થવાનું. આ રીતે પરમતનું ખંડન કરવા જતાં સ્વમતનું પણ ખંડન થશે. આનો ઉત્તર એણે ચાતુરીપૂર્વક આપ્યો છે. તે કહે છે કે ચાર્વાકોની ચાર તત્ત્વની માન્યતા એ એમની મૂળગત માન્યતા નથી, એ તો માત્ર લોકમાન્યતાનું પ્રતિબિંબ છે. અર્થાત્ ચાર્વાકો જ્યારે ચાર તત્ત્વ ગણાવે છે ત્યારે એટલું જ સૂચવે છે કે આવાં તત્ત્વો લોકો સ્વીકારે છે. આ રીતે એણે ચાર ભૂતવાદી ચાર્વાકોની પૂર્વપરંપરાને પણ તત્ત્વોપપ્લવ પર ઘટાવી બધા જ દાર્શનિકોને વિચારતા કર્યા.

ચાર યા પાંચ ભૂત માનતી પૂર્વવર્તી ચાર્વાકપરંપરાને આગળ જતાં એમાં જ વિકસેલી તત્ત્વોપપ્લવની પરંપરા એમ અનાત્મવાદના બે થર ઉત્તરકાલીન દાર્શનિક સાહિત્યમાં દેખાય છે.

અહીં એ નોંધવું અસ્થાને નથી કે ઇહલોકદૃષ્ટિ ધરાવતા ચાર્વાકોએ પણ

વિદ્યા અને વિચારક્ષેત્રમાં બહુ મોટો ફાળો આપ્યો છે. જેઓ માત્ર ઐહિક દૃષ્ટિ ધરાવતા હોય તેમની નિષ્ઠા વર્તમાન જીવનની સિદ્ધિ પ્રત્યે સવિશેષ રહે એ સ્વાભાવિક છે. આવી નિષ્ઠાને લીધે ઇહલોકવાદી વલણવાળા વિદ્વાનોએ વિદ્યાનાં અનેક ક્ષેત્રોમાં અસાધારણ ફાળો આપ્યો છે. અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, કે કામશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર હો કે કોષ આદિ વૈદ્યક હો કે જ્યોતિષ, આવી પ્રત્યક્ષ જીવનસ્પર્શી વિદ્યાઓનું ઊંડાણ ઇહલોકની નિષ્ઠાનું ફળ છે. અને ભારતીય વાઙ્મયમાં એવી અનેક વિદ્યાઓનાં ઊંડાં મૂળ નંખાયાં છે, જેના વિના વર્તમાન જીવનનો સ્વસ્થ વ્યવહાર ચાલી જ ન શકે, એટલે આ સિદ્ધિને ચાર્વાકદૃષ્ટિએ આપેલો ફાળો કહીએ તો તે અજુગતું લેખાવું ન જોઈએ.

— અખંડ આનંદ, મે - ૧૯૫૭

•

# ૧૪. અંતઃસમૃદ્ધિનું મૂલ્ય

વૈષ્ણવ એટલે વિષ્ણુભક્ત. પણ વિષ્ણુભક્તિનું તત્ત્વ આંતરિક સંપત્તિને ઓળખવામાં રહેલું છે. જે આંતરિક સંપત્તિને બરાબર સમજે અને યથાશક્તિ એ સંપત્તિ સાધવાનો યત્ન કરે, તે વૈષ્ણવ. આ અર્થ જે જે પરંપરાના અનુયાયીઓમાં ઘટતો હોય તે બધી પરંપરાના અનુયાયીઓ વૈષ્ણવ જ છે. એ જ રીતે બીજી પરંપરાઓ જે જે વિશેષણ કે નામથી ઓળખાતી હોય તે તે વિશેષણ અને નામની પાછળ રહેલ આવો આધ્યાત્મિક ભાવ સમજીએ તો તે તે વિશેષણો કે નામો પણ બધી પરંપરાના સાચા અનુયાયીઓમાં ઘટી શકે દા. ત. નિર્ગ્રંથ કે તપસ્વીપદથી ઓળખાતી જૈન પરંપરા લઈએ કે સૌગત યા બૌદ્ધ વિશેષણથી ઓળખાતી બૌદ્ધ પરંપરા લઈએ કે બીજી કોઈ ક્રિશ્ચિયન, ઈસ્લામ આદિ પરંપરાઓ લઈએ અને એ વિશેષણોનો વ્યાપક તેમ જ આધ્યાત્મિક અર્થ સમજીએ તો તે તે પરંપરામાં પણ બીજી ભિન્ન દેખાતી પરંપરાઓનો સમાસ થઈ જાય છે.

આ દૃષ્ટિ એક તાત્ત્વિક અને આધ્યાત્મિક છે. આ દૃષ્ટિની પરાકાષ્ઠા એ છે કે તેમાં ભેદો લોપ પામે છે અને માત્ર સત્યનું અદ્વૈત જ પૂર્ણરૂપે શેષ રહે છે.

ઈશાવસ્યઉપનિષદ્‌ના પ્રારંભમાં એક શાંતિમંત્ર છે, જેનો અર્થ એ છે કે આ અને તે એ બધું પૂર્ણ છે એ પૂર્ણમાંથી પૂર્ણ ઉદ્ધૃત થાય છે. અને તે ઉદ્ધૃત પૂર્ણ સ્વીકારી લઈએ તોય બાકી પૂર્ણ જ રહે છે :

**પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્પૂર્ણમુદચ્યતે ।**
**પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ।**

આ તો સામાન્ય શબ્દાર્થ થયો. ભાવાર્થ એના અનેક વર્ણવી શકાય, પણ એક ભાવાર્થ તો એ છે કે જ્યાં જ્યાં નજર નાંખો ત્યાં સર્વત્ર પૂર્ણ અને અખંડ તત્ત્વ જ સ્ફુરે છે. એને બ્રહ્મ કહો, આત્મા કહો, ઈશ્વર કહો, પુરુષ

કહો કે સચ્ચિદાનંદ યા અનિર્વચનીય કહો : એ બધું એક જ છે.

માણસ પોતે જન્મ્યો, ઊછર્યો અને સંસ્કાર પામ્યો ત્યારથી તે અપૂર્ણ જ છે. અહંકાર અને વાસનાના વેષ્ટનમાં વીંટળાયેલ ચૈતન્ય અપૂર્ણ છે. પછી તે માનવજાતિમાં ઇતર પ્રાણીજાતિઓ કરતાં ગમે તેટલું વિકસિત થયું હોય. પરંતુ માનવતાની વિશેષતા એ છે કે તે છેવટે અપૂર્ણતાનાં બંધનો પૂર્ણપણે ફેંકી દેવાની શક્તિ ધરાવે છે. એ શક્તિ એકાએક પૂર્ણતાએ નથી પહોંચતી પણ યોગ્ય પ્રયત્નબળે તે સિદ્ધ થાય છે. આમ થાય ત્યારે એ અલ્પજ્ઞ અને નાના જેવો લેખાતો અને દેખાતો માણસ પણ પૂર્ણ બને છે. જે જે પૂર્ણ બને છે તે બધામાં સત્ય અને સચ્ચિદાનંદનું તત્ત્વ પૂર્ણકળાએ ખીલે છે. આ રીતે અનેક કળાના, અનેક દેશના અને અનેક પંથના પ્રામાણિક અને વિવેકી પુરુષો પોતાના પ્રયત્નથી પૂર્ણતા પામે તોય સચ્ચિદાનંદ કે સત્યતત્ત્વ તો ધ્રુવપણે પૂર્ણ જ રહે છે. સંક્ષેપમાં એમ પણ કહી શકાય કે પ્રત્યેક જીવાત્મામાં સચ્ચિદાનંદનું મૂળ સ્વરૂપ છે જ, અને તેના ઉપરથી આવરણ ખસતાં તે પૂર્ણપણે પ્રગટ થાય છે. અને એક જીવાત્મા પૂર્ણ બને ત્યારે ઇતર જીવાત્માઓને પણ સાધના કરવામાં અને સિદ્ધિ મેળવવામાં પૂર્ણતા જરાય ઓછી પડતી નથી.

પિતા પાસે ધન હોય અને તે પોતાના વારસદારોને વહેંચે ત્યારે વારસદારોની સંખ્યા જેટલા તે ધનના ભાગ પાડે. આ ભાગ મૂળ ધનથી પરિમાણમાં નાના જ હોવાના. આથી ઊલટું, ગુરુ પોતાનું વિદ્યાધન ગમે તેટલા શિષ્યોને આપે, તો એ ધન નથી ગુરુ પાસેથી ઓછું થતું કે નથી એને મેળવનાર શિષ્યોમાં ઓછું આવતું. શિષ્ય બધા યોગ્ય હોય અને સરખા યોગ્ય હોય તો બધા જ એ વિદ્યાની દૃષ્ટિએ પૂર્ણ બને અને વિદ્યાદાતા ગુરુ તો પૂર્ણ રહે જ.

આ ઉપમા માત્ર એટલું સૂચવવા માટે છે કે સ્થૂળ વસ્તુના વિતરણમાં નાનામોટા કે સરખા ભાગ સંભવે. પણ સૂક્ષ્મ, સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ વસ્તુના આદાનપ્રદાનમાં કોઈ પરિમાણબદ્ધતા હોતી જ નથી.

સત્ય અને શુદ્ધિ એ અંતઃસમૃદ્ધિ છે. દુન્યવી તેમ જ ઇન્દ્રિયોને લલચાવનારી વિભૂતિ એ બહિઃસમૃદ્ધિ કહેવાય. આવી આધિભૌતિક સમૃદ્ધિનું મૂલ્ય દુનિયામાં હતું, છે અને રહેવાનું. પણ આ ભૂમિકાથી ઊંચે ઊઠનાર પુરુષો પણ પાક્યા છે અને પાકવાના. એમને મન ખરું મૂલ્ય અંતઃસમૃદ્ધિનું છે, અને એ જ અંતઃસમૃદ્ધિને ઋષિએ પોતાની આલંકારિક વાણીમાં ઉપરના મંત્રમાં ગાઈ છે.

આ મંત્રમાં 'પૂર્ણ' શબ્દ એના પૂર્ણ અર્થમાં પૂર્ણપણે વપરાયો છે. એ મંત્ર છે તો ઉપનિષદ્‌નો એક અંશ. પણ સત્યદ્રષ્ટા એક જૈન મહાદાર્શનિકને એના રહસ્યનું ભાન થયું, અને તેણે એ મંત્રમાં વર્ણવેલી પૂર્ણતાની અંતઃસમૃદ્ધિનું હાર્દ ઓળખી લીધું.

પછી તો એ દાર્શનિક સંસ્કૃતકવિએ એ પૂર્ણતાને પોતાની રીતે ગાઈ. એ ગાનાર વિદ્વાનનું નામ વાચક યશોવિજયજી.

યશોવિજયજીએ પૂર્ણતાને ગાવામાં દૃષ્ટિ એ રાખી છે કે પૂર્ણતા એટલે શું ? તેનું સ્વરૂપ શું ? તેને પમાય કેવી રીતે ? અને પૂર્ણતા પમાય ત્યારે એ વ્યક્તિ કેવી બને ? આ પ્રશ્નોનો ઉત્તર શ્રી યશોવિજયજીએ એક અષ્ટક રચી આપ્યો છે. એ અષ્ટકનું નામ છે 'પૂર્ણતાષ્ટક'. એમના બત્રીસ અષ્ટકો પૈકી આ 'પૂર્ણતાષ્ટક' પહેલું છે. એમાંથી બે-ત્રણ શ્લોકો જ અત્રે એના ભાવ સાથે આપવા ઉચિત લેખાશે.

અભ્યાસીઓ આ લઘુલેખથી એટલું જાણી શકશે કે પરમ સત્ય બધી જ ધર્મપરંપરાઓમાં માન્ય રહેલું છે. એને સિદ્ધ કરવાની પ્રક્રિયાઓ ભલે થોડીઘણી જુદી પડતી હોય. પણ આંતરિક પ્રક્રિયા તો એક કે સમાન જ હોવાની. ભાષામાં એનું વર્ણન કદી એકસરખું ન સંભવે, પણ તેથી મૂળ અર્થમાં ફેર પડતો નથી. આ દૃષ્ટિએ આ બધા જ સાચા સાધકોને મન અંતઃસમૃદ્ધિનું મૂલ્ય એકસરખું જોવામાં આવે છે. એ જ પારમાર્થિક ધર્મ છે અને એને સમજવો એ જ પારમાર્થિક દૃષ્ટિ છે. આ ધર્મ અને આ દૃષ્ટિમાં સંપ્રદાયોનાં સ્થૂળ ખોખાં અને બીબાં ગળી જાય છે, ને તેનું ખરું તેમ જ પૂર્ણ સ્વરૂપ જ શેષ રહે છે.

**'પૂર્ણતાષ્ટક'**માંથી ઉદ્ધૃત :

**૧. પૂર્ણતા યા પરોપાધેઃ યા યાચિતકમણ્ડનમ્ ।**
**યા તુ સ્વાભાવિકી સૈવ જાત્યરત્નવિભાનિભા ॥**

ભાવ : બહારની ચીજોથી જે પૂર્ણતા મનાય છે તે માગેલા ઘરેણા જેવી છે. પરંતુ જે પૂર્ણતા અંદરથી વિકસેલી હોય છે તે સાચા રત્નની દીપ્તિ જેવી છે.

**૨. પૂર્યન્તે યેન કૃપણાસ્તદુપેક્ષૈવ પૂર્ણતા ।**
**પૂર્ણાનન્દસુધાસ્નિગ્ધા દૃષ્ટિરેષા મનીષિણામ્ ॥**

ભાવ : લાલચી માણસો જે વસ્તુઓની પ્રાપ્તિથી પોતાને પૂર્ણ માને છે, ખરી રીતે તે વસ્તુની ઉપેક્ષા એ જ પૂર્ણતા છે. પૂર્ણાનંદ વિશેની આવી

અમૃતદૃષ્ટિ—મનીષીઓને જ હોય છે.

**૩. અપૂર્ણઃ પૂર્ણતામેતિ પૂર્યમાણસ્તુ હીયતે ।**
**પૂર્ણાનન્દસ્વભાવોઽયં જગદદ્ભુતદાયકઃ★ ॥**

ભાવ : દુન્વયી લોકોને અચરજ પમાડે એવો પૂર્ણાનંદનો સ્વભાવ છે. જેમ જેમ માણસ અપૂર્ણ-ખાલી થાય તેમ તેમ તે પૂર્ણ બને છે અને જેમ જેમ તે પૂર્ણ બનતો જાય એટલે કે જે પરિગ્રહથી સમૃદ્ધ થાય છે તે ખરી રીતે ખાલી બનતા જાય છે.

**૪. કૃષ્ણેપક્ષે પરિક્ષીણે, શુક્લે ચ સમુદ્ગ્ચતિ ।**
**દ્યોતન્તે સકલાધ્યક્ષાઃ પૂર્ણાનન્દવિધોઃ કલાઃ ॥**

ભાવ : અવિદ્યા અને વાસનાનો કૃષ્ણપક્ષ ક્ષીણ થાય અને સમ્યગ્દષ્ટિ તેમ જ ચારિત્રનો શુક્લપક્ષ ઉદય પામે ત્યારે જ પૂર્ણાનંદરૂપ ચંદ્રની પ્રત્યક્ષસિદ્ધ કળા પ્રકાશે છે.

જોઈ શકાશે કે, પ્રથમ શ્લોકમાં પૂર્ણતાનું સ્વરૂપ દર્શાવતાં કહેવામાં આવ્યું છે કે પૈસોટકો, સત્તાકીર્તિ જેવી વસ્તુઓથી જ્યારે માણસ પોતાને ભર્યોભર્યો માનતો થાય છે ત્યારે એની એ પૂર્ણતા માત્ર માંગેલા ઘરેણાં જેવી અસ્થિર હોય છે; પણ ખરી પૂર્ણતા એ તેથી જુદી વસ્તુ છે. સાચા હીરાની કાન્તિ જેમ સ્થિર હોય છે તેમ ખરી પૂર્ણતા એ સ્થિર હોઈ જીવનથી કદી જુદી પડતી નથી.

બીજા શ્લોકમાં પૂર્ણતાના સ્વરૂપ વિશેની મનીષીઓની સમજણ કેવી છે તે દર્શાવ્યું છે. મનીષી એટલે માત્ર ભણેલ કે શાસ્ત્રપંડિત નહીં; પોતાના મન ઉપર પ્રભુત્વ કેળવ્યું હોય એવા વિવેકી પુરુષ. આવો મનીષી માને છે કે લોભીલાલચી અને દીન પ્રકૃતિના માણસો જે જે વસ્તુ મેળવી પોતાને પૂર્ણ લેખવા-લેખાવવા મથે છે; ખરી રીતે તે જ વસ્તુઓની ઉપેક્ષા સેવવી એ જ સારી પૂર્ણતા છે. મનીષી દુન્યવી કોઈ પણ વસ્તુનો સત્કાર કે તિરસ્કાર નથી કરતો. માત્ર તેની ઉપેક્ષાને જ તે પૂર્ણતાનું ચિહ્‌ન લેખે છે. આવો પૂર્ણપુરુષ હોય તે જગતની જુગુપ્સા પણ નથી કરતો અને તેના યશોગાન પણ નથી કરતો.

ત્રીજા શ્લોકમાં લૌકિક રીતથી લોકોત્તર રીત કેવી જુદી પડે છે તે

---

★ આ જ ભાવ બાઈબલમાં આ રીતે વ્યક્ત છે :– "આત્મામાં જેઓ રાંક છે તેઓને ધન્ય છે; કેમ કે આકાશનું રાજ્ય તેઓનું છે"

અવળવાણી દ્વારા દર્શાવી અન્તઃપ્રક્રિયાનો એક આધ્યાત્મિક માર્ગ સૂચવાય છે. દુનિયાના લોકો ઘર કે વાસણને પૂર્ણ ભરવું હોય ત્યારે તેમાં ઇષ્ટ વસ્તુઓનો સંગ્રહ અને વધારો કર્યે જ જાય છે અને માને છે કે જેમ સંગ્રહ વધારે તેમ આપણે પૂર્ણ. વળી તેઓ એમ માનતા હોય છે કે જો ઘર કે પાત્રને ખાલી કરતા જઈએ કે તેમાંથી વસ્તુઓને ઓછી કરતા જઈએ તો તે ઘર અને પાત્રને ખાલી જ થવાનું. આધ્યાત્મિક લોકોની દૃષ્ટિ આથી જુદી છે. તેઓ સ્વાનુભવથી એમ જ માનતા હોય છે કે જેમ જેમ આપણે ઇચ્છા વાસના અને સંગ્રહના સંસ્કારોથી ખાલી થતા જઈએ તેમ તેમ ઊલટા પૂર્ણ બનતા જઈએ છીએ અને જ્યારે ઇચ્છા અને સંગ્રહથી પોતાને પૂર્ણ માનવા પ્રેરાઈએ છીએ ત્યારે ઊલટા ખાલીખટ થઈ જઈએ છીએ. આવી દૃષ્ટિ હોવાથી આધ્યાત્મિક પુરુષોની પ્રવૃત્તિ પોતાનામાં પ્રચ્છન્ન રહેલી અન્તઃસમૃદ્ધિને પૂર્ણ કરવા તરફ જ રહે છે.

ચોથા શ્લોકમાં ષોડશકલ ચન્દ્રની ઉપમા દ્વારા આધ્યાત્મિક પૂર્ણતાની બધી કલાઓનું સ્વરૂપ સૂચવવામાં આવ્યું છે અને કવિ કહે છે કે અંધારિયું જાય અને અજવાળિયું આવે અને તેમાંય પૂર્ણિમાનો દિવસ આવે ત્યારે જ ચન્દ્રની સોળે કળા પ્રકાશી ઊઠે છે. એ જ રીતે અસત્ય, અભિમાન અને હિંસા આદિ કૃષ્ણકર્મ યા તામસિક વૃત્તિઓ સંપૂર્ણપણે વિલય પામે અને સત્ય, નમ્રતા અને કરુણા જેવા શુક્લકર્મ યા સાત્ત્વિક ભાવો સમ્પૂર્ણપણે આત્મસાત્ થાય ત્યારે જ આધ્યાત્મિક પૂર્ણતાની સોળે કળાઓ સાધકમાં પ્રકાશી ઊઠે છે અને પૂર્ણ બને છે.

કૃષ્ણકર્મ અને શુક્લકર્મના વિષયમાં કૃષ્ણપક્ષ અને શુકલપક્ષનું રૂપક હજારો વર્ષ જુનું છે. બૌદ્ધ પિટકો અને જૈન આગમોમાં કૃષ્ણકર્મ આચરનારને કૃષ્ણપાક્ષિક અને શુકલકર્મ આચરનારને શુકલપાક્ષિક કહ્યો છે એ જ રીતે યોગદર્શનમાં પણ પાપપ્રવૃત્તિને કૃષ્ણકર્મ પુણ્યપ્રવૃતિને શુક્લકર્મ કહ્યું છે.

(અજ્ઞાત)

•

# ૧૫. માનવતાના પાયા, એનું મૂલ્યાંકન અને જીવનમાં એનો વિનિયોગ

## ૧. માનવતાના પાયા

'માનવ' કે 'મનુષ' કે 'મનુજ' એ શબ્દનો અર્થ લોકોના મનમાં ઘણી વાર સ્પષ્ટ નથી હોતો. સામાન્ય રીતે તેઓ એમ સમજે છે કે મનુના દીકરા કે મનુની સંતતિ એ માનવ; અને મનુ એ કોઈ રાજર્ષિ કે વ્યક્તિવિશેષ થયેલ છે. પણ આ અર્થ બરાબર નથી. યાસ્કે નિરુક્તમાં સ્પષ્ટ કહ્યું છે અને તે સાચું કહ્યું છે કે "मननात् मनुः" (-મનન કરે છે, માટે મનુ) મનુનો અર્થ મનન; અને એ મનન કરનાર અથવા મનન કરવાની શક્તિ ધરાવે તે માનવ. એટલે માનવનો જ્યારે આવો અર્થ કરીએ છીએ, ત્યારે આખી મનુષ્યજાતિ એમાં આવી જાય છે. તો હવે મનનશક્તિ ધરાવનાર જે માનવ, એમાં રહેલ માનવતાના પાયા શા છે, એ વિચારવાનું છે.

મનનશક્તિ એ ઇન્દ્રિયશક્તિ કરતાં જુદી વસ્તુ છે. ઇન્દ્રિયો મનુષ્ય સિવાયનાં પ્રાણીઓને છે,અને મનુષ્યને પણ છે. અને એ ઇન્દ્રિયો દ્વારા– આંખ, કાન, નાક વગેરે ઇન્દ્રિયો દ્વારા–ભૌતિક વિશ્વનું ભાન થાય છે. વિજ્ઞાનનાં સાધનો આટલાં બધાં વધ્યાં, છતાં જ્યારે જ્ઞાન ઇન્દ્રિયો દ્વારા થાય છે, ત્યારે તે ભૌતિક વિશ્વનું જ થાય છે–પછી ભલે એ જ્ઞાન સૂક્ષ્મ ભૌતિક વિશ્વનું થાય.

બીજી બાબત એ છે કે ઇન્દ્રિયો દ્વારા જે જ્ઞાન થાય છે, તે માત્ર વર્તમાનકાળ પૂરતું થાય છે, કોઈ ઇન્દ્રિયો ભૂત કે ભવિષ્યમાં જઈ શકતી નથી. અને દૂર દૂરના પદાર્થોને જણાનારાં જે વૈજ્ઞાનિક યંત્રો તૈયાર થયાં છે, એ મારફત પણ ગમે એટલું જોઈએ, તોપણ એ કંઈ સમગ્ર વિશ્વને અથવા વિશ્વના દૂર-દૂરતમ પ્રદેશને ગ્રહણ ન કરી શકે; છેવટે તો એમાં પરિમિત પ્રદેશ જ આવવાનો. એટલે ઇન્દ્રિયોની શક્તિ, એ વર્તમાનકાળ અને નજીક

કે સહેજ દૂર, એ પ્રદેશ પૂરતી જ સીમિત છે; અને બીજું એ કે ઇન્દ્રિયો માત્ર ભૌતિક વિશ્વને ગ્રહણ કરી શકે છે, અભૌતિકને નહીં.

તૈત્તિરીય ઉપનિષદમાં પાંચ બ્રહ્મ, અને જગ્યાએ પાંચ પુરુષ કહેવામાં આવ્યા છેઃ અન્ન, પ્રાણ, મન, વિજ્ઞાન અને આનંદ એ પાંચને બ્રહ્મ કે પુરુષ કહો. અન્નનો અર્થ છે દેહ. પ્રાણનો અર્થ છે શ્વાસપ્રશ્વાસ અને જીવનશક્તિ. બીજાં સૂક્ષ્મ જંતુઓ અને પશુ-પક્ષીઓમાં પણ દેહ અને શ્વાસોચ્છ્વાસ હોય જ છે. એટલે બીજાં પ્રાણીઓ જેમ પાંચભૌતિક દેહ ધારણ કરવાથી ભૂત કહેવાય અથવા પ્રાણ ધારણ કરવાથી પ્રાણી કહેવાય, તેમ મનુષ્ય પણ દેહ ધારણ કરે છે, એટલે એ ભૂત કહેવાય છે, અને પ્રાણ ધારણ કરે છે તેથી પ્રાણી પણ કહેવાય છે. એટલે કે સર્વ ભૂતોમાં અને સર્વ પ્રાણીઓમાં મનુષ્ય પણ આવી જાય છે. પણ બીજાં પ્રાણીઓ જે ભૂત અને પ્રાણી કહેવાય છે, તેના કરતાં મનુષ્યમાં, તે ભૂત અને પ્રાણી કહેવાયા છતાં, એક વિશેષતા છે, અને તે આ મનની છે. એટલે અન્ન અને પ્રાણ પછી મનનું ત્રીજું સ્થાન આપવામાં આવ્યું છે.

હવે આપણે મનનું સ્વરૂપ જોવું જોઈએ. બીજાં પ્રાણીઓ ઇન્દ્રિયો મારફત જ્ઞાન મેળવે, તેમ મનુષ્ય પણ ઇન્દ્રિયો મારફત જ્ઞાન મેળવે, ભૌતિક વિશ્વનું મેળવે, વર્તમાનકાળ પૂરતું મેળવે અને સહેજ નજીક કે દૂરના પ્રદેશનું મેળવે; તો ઇન્દ્રિય કરતાં મનમાં એવી કઈ વિશેષતા છે કે જેને કારણે એ માનવ બીજાથી જુદો પડે છે એની મનની શક્તિ ધરાવનાર તરીકે જુદો ઓળખાય છે, તે જાણવું જોઈએ.

પહેલી વાત તો એ છે કે ઇન્દ્રિયો મારફત જે જ્ઞાન મળ્યું હોય તે વર્તમાનકાળ પૂરતું જ હોય છે, પણ મનની શક્તિ કંઈક એવી છે કે, તે ત્રણે કાળનો વિચાર કરી શકે છે. જે વર્તમાનકાળનું જ્ઞાન મળ્યું, એને સંગ્રહી અને સ્મરણ કરી શકે અને વર્તમાનકાળનું જ્ઞાન અને ભૂતકાળનું જ્ઞાન, એ બન્નેનું મિલન કરી તેના પરથી ભવિષ્યની કલ્પના કરી શકે. વસ્તુઓના અનેક ઝીણા ઝીણા અર્થોની—સૂક્ષ્મ અર્થોની—સમજણશક્તિ એનામાં વધારે છે; એટલે તો સમજણ, સ્મૃતિ, કલ્પના એ શક્તિઓ માણસમાં વધારે છે, અને ઘણી વધારે છે. એ જેટલી કેળવી શકે એ પ્રમાણમાં એ કેળવાઈ પણ શકે છે. એ ઉપરાંત મનની અંદર બીજી પણ ખાસ શક્તિઓ છે, જેવી કે ઇચ્છા, શ્રદ્ધા, સંકલ્પ કોઈ પણ વસ્તુ પ્રત્યે અભિમુખ થવા માટેની વૃત્તિ તે ઇચ્છા; એ જ પ્રવૃત્તિમાં કે કામમાં ટકી રહેવા માટેની આંતરશક્તિ તે શ્રદ્ધા; અને આ કે તે કોઈ પણ

કામ કરવામાં અડગ રહેવાની શક્તિ તે સંકલ્પ. તે ઉપરાંત એમાં ભય, કામ, ક્રોધ, લોભ, એ બધી વૃત્તિઓ પણ છે. અને આ જે મન છે, એ બહિર્મન કહેવાય છે, જે આપણને સૌને ઓછાવત્તા પ્રમાણમાં વિકસિત રૂપમાં મળેલું છે, અને જેના દ્વારા આપણે જીવન જીવીએ છીએ.

માનવ અસ્તિત્વમાં આવ્યો ત્યારથી એણે જે જે સામાજિક રચના કરી, ગામ, નગર, દેશોની સંસ્કૃતિ રચી, શિલ્પ, સ્થાપત્ય, સાહિત્ય આદિ કળાઓનો જે વિકાસ કર્યો અને જે વિજ્ઞાનની શોધો કરી, એ મુખ્યપણે આ બહિર્મનને આભારી છે. એટલે ખરી રીતે એમ કહેવું જોઈએ કે માનવસહજે લાંબા વખતથી અત્યાર લગીમાં દેશ-વિદેશમાં સર્વત્ર મનુષ્યને રહેવા લાયક જે એક સંસ્કૃતિ નિર્માણ કરી છે, સમાજ નિર્માણ કર્યો છે, એ આ બહિર્મનની રચના છે. અને આ જે એક સમાજરચના, એ માત્ર મનુષ્યને માટે જ ઉપકારક છે એમ નહિ, પણ એ બીજાં પ્રાણીઓને માટે પણ ઉપકારક કે આશીર્વાદ રૂપ થઈ જાય છે. અલબત્ત, એમાં શાપનાં તત્ત્વો પણ સમાયેલાં તો છે જ. પણ આ તો બહિર્મનની વાત થઈ.

માનવતાના પાયામાં બહિર્મન મુખ્ય છે, એ ઉપરાંત એથીય મુખ્યતર અને મુખ્યતમ એક અંતરમન છે. એ અંતરમન, એ એક બહુ જ અદ્ભુત શક્તિ ધરાવે છે. એ અંતરમન અને બહિર્મન એ બે કંઈ સાવ જુદાં નથી; એ બન્ને એકબીજાંની પાસે છે. વચ્ચે થોડોક પડદો હોય તેટલું જ. અથવા, સમજાવવું હોય તો, એમ કહી શકાય કે એક અખંડ કમરા(ઓરડા)માં વચ્ચે એક નાનો પડદો કે પાર્ટિશન નાખીને જેમ બે ભાગ કરીએ, પાતળો પડદો હોય અને એના બે ભાગ થઈ જાય, અને તે ખસેડીએ તો બન્ને ભાગ મળીને એક જ કમરો થાય છે, તે રીતે ખરી રીતે જોતાં, બહિર્મન અને અંતરમન એ કોઈ છૂટા ભાગ નથી, પણ એ બેની વચ્ચે એક નાનું આવરણ, નાનો પડદો છે; અને એને કારણે જ્યારે બહિર્મન કામ કરતું હોય, ત્યારે એ અંતરમન ગૂઢ પણ રહે, કામ ન પણ કરે. એટલે એ ભાગ જુદો પડે છે.

બીજી વાત એવી છે કે બહિર્મનની શક્તિઓ તમામ મનુષ્યોમાં ઓછેવત્તે અંશે કામ કરતી જ હોય છે, જ્યારે અંતરમનની શક્તિઓ એ રીતે બધામાં કામ કરતી નથી હોતી. અંતરમનની અંદર મુખ્ય બે વસ્તુઓ સમાયેલી હોય છે : એક પ્રકાશનું તત્ત્વ અને બીજું મૈત્રી, આત્મૌપમ્ય કે શીતળતાનું તત્ત્વ–સૌમ્યતાનું તત્ત્વ. એ અંતરમનની ખાસ વિશેષતા છે. આ રીતે અંતરમન અને બહિર્મન વચ્ચે ફરે છે. બહિર્મન સૌને માટે મોકળું હોય છે, અને અંતરમન

એ સૌને માટે મોકળું નથી. પણ એનો અર્થ એવો નથી કે પ્રયત્ન કરવાથી પણ એ ખુલ્લું ન થઈ શકે. પ્રયત્ન કરવાથી અંતરમન પણ ઊઘડે છે, અને જ્યારે ઊઘડ્યું નથી હોતું ત્યારે પણ મનુષ્યજાતિમાં એ અંતરમનનો કાંઈક ને કાંઈક એવો ઝાંખો પ્રકાશ, ઝાંખી સૌમ્યતા, ઝાંખી શીતળતા અથવા મૈત્રીવૃત્તિ એ બહિર્મન ઉપર અસર કરે જ છે. અને તેથી એ બહિર્મન દુનિયામાં અનેક જાતનાં કામો કરવા સાથે અંતરમનના પ્રકાશ અને અંતરમનની મૈત્રીવૃત્તિ કે આત્મૌપમ્ય વૃત્તિને લીધે સમાજરચના કરે છે. સમાજમાં કુટુંબ બંધાય છે, સમાજ આખો ઘડાય છે અને ગ્રામ તેમ જ નગરની સંસ્કૃતિ રચાય છે, લોકો એકબીજા સાથે હળેમળે છે, અને આત્મીય ભાવે વર્તે પણ છે. અલબત, એ મર્યાદિત અર્થમાં.

હવે આ રીતે બહિર્મન અને અંતરમનનો તફાવત તો આપણે જોયો.પણ પ્રશ્ન એ થાય છે કે બહિર્મન સૌને માટે ખુલ્લું છે, તો અંતરમનને ખોલવાનો કોઈ રસ્તો છે ? તો એ પ્રશ્નનો જવાબ છે, હા. આજથી ઘણાં વર્ષો પહેલાં— શતાબ્દીઓ પહેલાં, સહસ્રાબ્દીઓ પહેલાં— અનેક લોકોએ એ માર્ગે પ્રયત્ન કર્યો છે. અને તે માત્ર હિંદુસ્તાનમાં જ નહીં પણ બીજા દેશોમાં પણ એ દિશામાં લોકોએ પ્રયત્ન કર્યો છે. અને એ પ્રયત્નમાં એ લોકો સફળ પણ થયા છે. પહેલાં જે કહેવામાં આવ્યું કે બહિર્મન અને અંતરમનની વચ્ચે એ સૂક્ષ્મ પડદો છે; એ પડદાને શાસ્ત્રોમાં પ્રકાશાવરણ તેમ જ ક્લેશાવરણ કહે છે. પ્રકાશને ઢાંકે એવો એ પડદો અંતરમન યા ગૂઢમનની અંદર જે અદ્ભુત પ્રકાશ છે, એને ઢાંકે છે. અને સાથે સાથે મૈત્રીવૃતિ, અખંડ ભ્રાતૃભાવ, આત્મૌપમ્યની વૃત્તિ, એને પણ જે મર્યાદિત કરે છે, એને ક્લેશાવરણ કહે છે.

આવાં બે ઝીણાં ઝીણાં આવરણો હોવાથી એ અંતરમન જોઈએ એટલું પ્રકાશિત થતું નથી. અને જેટલા પ્રમાણમાં એનામાં આત્મૌપમ્યવૃત્તિ પ્રગટવી જોઈએ, એ પણ પ્રગટતી નથી. પણ જેઓ સાધકો હતા, જેઓ આ દિશામાં પ્રયોગો કરતા હતા, એમણે જોયું કે કઈ રીતે એ શક્તિ પ્રગટ થઈ શકે ? ત્યારે પહેલાં એમને એમ દેખાયું કે મનુષ્ય હંમેશાં બહિર્મુખ થઈ દુનિયા તરફ જ ઝૂકેલો હોય છે, અને બહારના વિષયોમાં જ રચ્યોપચ્યો રહે છે. એટલે એને પોતાના અંતરમન અને અંદરની શક્તિઓ વિશેનો કશો ખ્યાલ જ હોતો નથી.

તેથી પહેલાં તો માણસનું મન, જે બહિર્મુખ છે, તે અંતર્મુખ થવું જોઈએ, એટલે કે અંદરની તરફ વળવું જોઈએ. અને એ અંદરની તરફનું જે વલણ,

એને દિવ્યાભિમુખતા અથવા પરમાત્માભિમુખતા કહે છે. વેદાંતની ભાષામાં કહેવું હોય તો એમ કહી શકીએ કે એ બ્રહ્મજિજ્ઞાસા છે અથવા અધ્યાત્મજિજ્ઞાસા છે. જ્યારે મન અંતર્મુખ થાય, ત્યારે એને પહેલું શું લાગે છે ? એને પહેલું એમ લાગે છે કે સત્યનો માર્ગ અને અલૌકિક વિશ્વ—ભૌતિક વિશ્વ જેવું નહીં, પણ ભૌતિકથી પર એવું અભૌતિક વિશ્વ—એ તો અપાર છે, અને એ દેખાતું નથી, એ વખતે એને મૂંઝવણ અને ગૂંગળામણ થાય છે, ત્યારે 'એનું કારણ શું ?'- એની એ અંતર્મુખ થઈને તપાસ કરે છે, જ્યારે એ અંતર્મુખ થાય ત્યારે એને દેખાય છે કે વચ્ચે કાંઈક પડદો છે. એને પોતાનું એ આવરણ ખટકે છે. અને તેથી એ કોઈ અલૌકિક શક્તિ તરફ કહો, પરમાત્મા તરફ કહો, બ્રહ્મ તરફ કહો કે ઈશ્વર તરફ કહો, અભિમુખ થાય છે. એના તરફ અત્યંત નમ્ર થઈને એ વિનંતી કરે છે. એ અલૌકિક તત્ત્વ છે પ્રકાશ કે પરમાત્મા. પણ એને એ વ્યાવહારિક ભાષામાં अग्नि, पूषन् એવાં નામ આપીને સંબોધે છે; અને પહેલી માગણી એ એમ કરે છે કે "હે અગ્નિ ! એ પ્રકાશ ! હે પરમાત્મા ! તું મને યોગ્ય રસ્તે લઈ જા !"[1]

ભૌતિક વિશ્વમાં માણસ આડાંઅવળાં તાણોમાં અને વહેણોમાં ફંટાય છે. એમાંથી નીકળવા માટે એ પ્રકાશ પાસે પ્રકાશની માગણી કરે છે. આ એક શ્રદ્ધા છે, ઊંડી શ્રદ્ધા છે; અને એને આપણે પરમાત્માભિમુખતા કહી શકીએ છીએ. એની સાથે એ એમ પણ કહે છે કે "મને સુપથે– યોગ્ય રસ્તે દોર !" એટલું જ નહિ પણ એથી આગળ વધીને એ માગણી કરે છે કે "મને આડે રસ્તે લઈ જનાર જે પાપ, જે ક્લેશવૃત્તિ અથવા જે મોહ છે, તેનો તું નાશ કર !"[2] અને વળી કહે છે કે "હે પરમાત્મન્ ! આજ સુધી હું લોભમાં, લાલચમાં અને મોહમાં ખેંચાઉં છું, તેને કારણે સત્યનું મુખ ઢંકાયેલું છે, તો એ આવરણને તું દૂર કર, જેથી જે સત્યધર્મ છે, એનું દર્શન થાય"[3] આનો અર્થ એ થયો કે જે વખતે માણસના મનમાં પરમાત્મા પ્રત્યેની અભીપ્સા, ઊંડી શ્રદ્ધા અથવા ભક્તિ વધે છે, ત્યારે એને એમ થાય છે કે ખરું સત્ય મારી સામે નથી; હું તો કાંઈક ઉપર ઉપરના, આછા-ઝાંખા એવા સત્યાભાસને સત્ય માનીને ચાલું છું. અને તેથી એ આમ કહે છે.

---

૧. अग्ने नय सुपथा । ઈશાવાસ્ય ઉપનિષદ્ ૧૮

૨. युयोध्यस्मज्जुहुराणमेनः । એજન. ૧૮

૩. हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।
तत् त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥ એજન. ૧૫

આમ માનવી પહેલો પરમાત્મા તરફ, ચૈતન્ય તરફ, શુદ્ધ શક્તિ તરફ અભિમુખ થાય છે. અને પછી જ્યારે એ અલૌકિક સત્ત્વ તરફની, અલૌકિક તત્ત્વ તરફની શ્રદ્ધામાંથી એ આગળ જાય છે, ત્યારે એનું આવરણ સહેજ ખસે છે. અને જ્યારે એ આવરણ ખસે છે, ત્યારે એને શું દેખાય છે ? ત્યારે એ “તમામ પ્રાણીઓને પોતામાં જુએ છે, અને પોતાને તમામ પ્રાણીઓમાં જુએ છે; અને કોઈની ઘૃણા કરતો નથી.”[૧] ભૌતિક વિશ્વના દર્શન વખતે અને માત્ર એકબીજાથી ભેદ દેખાતો હતો; અને ભેદ છતાં એ પરાણે સંપીને સુખથી રહેતો હતો. પણ પછી એને, આ ભેદો હોવા છતાં, એમાં કાંઈક અભેદનું, આત્મૌપમ્યનું તત્ત્વ દેખાય છે; અને કોઈ અલૌકિક એવા સત્યધર્મનું ભાન થાય છે. એટલે એ વિચારે છે કે “જ્યાં સર્વ પ્રાણીઓ પોતારૂપ જ બન્યાં છે, અને જ્યાં એકત્વ કે આત્મૌપમ્યનું દર્શન થાય છે, ત્યાં પછી મોહ કેવો અને શોક કેવો ?”[૨] આવી રીતે શ્રદ્ધા દ્વારા આવરણ દૂર થતાં અને સમ્યગ્જ્ઞાન પ્રગટે છે, અને દિશા સૂઝે છે.

ત્યાર પછી એને વિચાર આવે છે કે જીવવું કેમ ? જીવવાની રીત તો આજ સુધી હતી જ, એ રીતે એ જીવતો આવ્યો હતો, પણ એ જીવવાની રીત પછી બદલાઈ જાય છે. એને એમ વિચાર આવે છે કે હું જે સંગ્રહ કરું અથવા જે ભોગવું, એમાં બીજાનો ભાગ છે કે નહીં ? બીજા લોકોના જીવન સાથે મારો સંબંધ છે કે નહીં ? એમ વિચાર કરતાં, પહેલાં લીધેલ એકત્વ-દર્શનથી, એ નિર્ણય કરે છે કે “જગતમાં જે કાંઈ છે, તે સર્વમાં ઈશ્વરનો વાસ છે; તેથી એ જે કંઈ આપે તેટલું ભોગવ, અને બીજાનું છે તેનો લોભ ન કર.”[૩] અને એને એવી જીવનકળા લાધે છે.

આ જીવનકળા શી ? માણસ હોય કે બીજું પ્રાણી હોય, એ કાંઈ ખાધા-પીધા સિવાય, મકાન-આશ્રય સિવાય જીવી શકતાં નથી. એટલે કે ભોગ સિવાય તો જીવન ચાલતું જ નથી; ઉપભોગ તો આવશ્યક જ છે. પણ એ ઉપભોગમાં સમગ્ર જીવન ખર્ચાઈ ન જાય, ઉપભોગ માટેના સંગ્રહમાં સમગ્ર

---

૧. यस्तु सर्वाणि भूतान्यात्मन्येवानु पश्यति ।
सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते ॥ એજન. ૬.

૨. यस्मिन् सर्वाणि भूतान्यात्मैवाभूद् विजानतः ।
तत्र को मोहः कः शोकः एकत्वमनुपश्यतः ॥ એજન. ૭.

૩. ईशावास्यमिदं सर्वं यत्किञ्च जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्यस्विद्धनम् ॥ એજન. ૧.

શક્તિ ખર્ચાઈ ન જાય, એ તરફ એનું ધ્યાન જાય છે; અને સમજાય છે કે જીવન છેવટે જીવવા માટે છે, અને ઉપભોગ પણ જીવનના પોષણ માટે છે. તેથી ઉપભોગની સામગ્રી એટલી બધી વધારવી, અને બીજાની સામગ્રી તરફ લલચાઈ રહેવું, એમાં તો જીવનનો ક્ષય થઈ જાય છે. એટલે એને સહેજ રીતે જે મળે તેનાથી જીવન જીવવાની કળા (तेन त्यक्तेन भुञ्जीथाः) લાધે છે. આ રીતે જ્યારે અંતરમનનું દ્વાર ઊઘડે છે, ત્યારે એમાંથી એક જાતનો પ્રકાશ અને એક જાતની મૈત્રી કે આત્મૌપમ્યવૃત્તિ પ્રગટ થાય છે.

જે માણસ આવો હોય, એ કાંઈ સમાજથી જુદો નથી પડતો; કેમ કે એનું બહિર્મન તો હંમેશાં જેમ કામ કરતું હોય એમ જ કરે છે. પણ તે વખતે બહિર્મનનું જે સ્વરૂપ, જે દિશા, જે પ્રવૃત્તિ હોય, એ બધું સાવ જુદા રંગમાં રંગાઈ જાય છે; કારણ કે અંતરમનમાંથી પ્રકાશ પ્રગટ થતાં, ઉપર સૂચવ્યું તેમ, એકત્વદર્શન થાય છે, અને સાથે સાથે પોતાનો દોષ જોવાની દૃષ્ટિ પણ મળે છે. અને પછી તો પોતાના ઉપર સહેજ પણ આવરણ આવ્યું હોય કે સહેજ પણ ભૂલ થઈ હોય, તો તે અસહ્ય બની જાય છે.

પણ જેમનું અંતરમન ખુલ્લું થયું હોય, અને : એમાંથી પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા કે ભક્તિ કહો, જ્ઞાન કહો અથવા કર્મયોગ કહો, એ ત્રણે જેમનામાં આવિર્ભાવ પામ્યા હોય, એવા માણસો કંઈ જગો જગોએ મળતા નથી. તો પ્રશ્ન એ થાય છે કે લાખો, કરોડો ને અબજો માણસો થતા આવ્યા છે, એમાં આવા વિરલ એક-બે માણસો હોય તેથી શું વળે ? આનો ખુલાસો એ છે કે જેમ સૂર્ય એક હોવા છતાં ચોમેર પ્રકાશ પાથરે છે, એ જ રીતે જે માણસનું અંતરમન કે ગૂઢ મન પ્રકાશિત થાય છે તે. એક હોય તો પણ, મોટામાં મોટી માનવમેદનીને અજવાળે છે; એના પર એ એક પ્રકારની જુદી જ અસર કરે છે. અને એ અસરને લીધે માનવસમાજનું સ્વરૂપ કાંઈનું કાંઈ થઈ જાય છે. આપણે ઇતિહાસમાં જોઈએ છીએ કે આવા અનેક માણસો થાય, અનેક પુરુષો થયા. ભલે વચ્ચે વચ્ચે–અંતરે અંતરે–થયા, વચ્ચે ઘણો કાળ વીતી ગયા પછી થયા; પણ એવા એક, બે કે ચાર માણસોએ આવીને પણ માનવજાતને અજવાળી છે.

આ બધાનું તાત્પર્ય એ થયું કે માનવસમાજને જીવવા માટેની સમગ્ર સામગ્રી–જેમાં સંસ્કૃતિ, કળા, સાહિત્ય, વિજ્ઞાન અને જીવનને નભાવનાં બધાં સાધનો સમાઈ જાય છે–એ બહિર્મન દ્વારા રચાય છે; પણ એ બધામાં સંવાદ આણનાર, અને એ બધામાં એક જાતનો વધારે પ્રકાશ પાથરનાર અને

સમાજને સૌને માટે જીવવા લાયક બનાવનાર, એ અંતરમન છે. અલબત્ત, અંતરમન બહુ જ ઓછે અંશે માણસોમાં પ્રગટતું હોય છે. અને ઘણી વાર એ અંતરમનના વિકાસનું બળ એટલું ઓછું હોય છે કે બહિર્મન એની સાથે હંમેશા એક જાતની અથડામણમાં આવે છે; અને એમાં બહિર્મન વધારે ફાવી જાય છે. અને તેથી બહિર્મને જે સમાજ રચ્યો, એ સમાજમાં હમેશાં મોટી મોટી ઊથલપાથલો થયા કરે છે. આથી માણસો અંદર અંદર એકબીજા સાથે લડે છે—અનેક કારણે લડે છે, કારણ વિના પણ લડે છે. એટલે અંતરમનની જે શક્તિ છે, એ માનવતાનો બીજો અને મુખ્ય પાયો છે.

ઈશાવાસ્યના ઋષિએ કહ્યું કે અમને સુમાર્ગે લઈ જા; અમને આડે રસ્તે દોરી જનારું જે પાપ, એનું તું નિવારણ કર; અમારું આવરણ દૂર કર વગેરે વગેરે. પણ આવી રીતે કેવળ ઈશાવાસ્યના ઋષિએ જ કહ્યું છે, એમ નહીં; એ તો આવા કેટલાક સુમાર્ગે ગયેલા, આગળ વધેલા માણસોનાં હૃદયનો એક પ્રતિધ્વનિમાત્ર છે. આપણે કુરાનમાં જોઈએ તો, કુરાનની પહેલી સુરાની પાંચમી-છઠ્ઠી આયતમાં મહંમદ પેગંબર પણ એ જ રીતે પ્રાર્થના કરે છે કે "હે પરમેશ્વર ! તારી અમે પૂજા કરીએ; અમને તું સત્ય બતાવ; અમે આડે રસ્તે ન ફંટાઈએ." એ જ રીતે દીર્ઘતપસ્વી મહાવીર[૧] અને તથાગત બુદ્ધ[૨] એમણે પહેલી વાત એ કહી કે માણસે અંતરમનનો વિકાસ કરવો હોય તો, એની ઉપરનું આવરણ, જે મળ કે દોષ છે, તે પહેલાં જવું જોઈએ; બીજી વાત પછી. એમાં સૂઝ-પ્રકાશ ક્યારે પ્રગટે ? જો એના ઉપરનું આવરણ કે મળ દૂર થાય તો. એટલા માટે જ એમણે સાધનામાં પ્રકાશાવરણ અને ક્લેશાવરણના મળને નિવારવાની વાત પહેલી મૂકી છે.

એટલે જો સાધના કરવી હોય તો પહેલી શરત એ છે કે એ અંતરમન ઉપર પડેલો જે પડદો, એને ખસેડવો જોઈએ, પાતળો પાડવો જોઈએ અને પ્રયત્ન કરીને છેવટે એનો ક્ષય પણ કરવો જોઈએ; એમ થાય તો જ સત્યનું દર્શન થાય. એમ ન થયું હોય ત્યાં સુધી ભલે આપણે કહીએ કે આખા જગતનાં તમામ પ્રાણીઓ એક જ તત્ત્વના આવિર્ભાવો હોઈ, "બધાં એક જ કુટુંબનાં છીએ"[૩] પણ એ માત્ર શાબ્દિક જ રહે છે, ખરું ભાન પોતાનો દોષ

---

૧. छंदं निरोहेण उवेइ मोक्खं । ઉત્તરાધ્યયન ૪, ૮.

૨. सब्बपापस्स अकरणं कुसलस्स उपसंपदा ।
सचित्तपरियोदपनं एतं बुद्धान सासनं ॥—ધમ્મપદ૧૪, ૫

૩. वसुधैव कुटुम्बकम् ।

દૂર કર્યા સિવાય થઈ શકતું નથી. જિસસ ક્રાઇસ્ટનું ધ્યાન પણ એ તરફ ગયું હતું. પોતાની દસ આજ્ઞાઓમાંની એક આજ્ઞામાં તેમણે પોતાના શિષ્યોને કહ્યું કે તમે બીજાના દોષ ન જુઓ. બીજાની આંખમાં તણખલું જુઓ એ પહેલાં તમારી પોતાની આંખમાં શું છે, તે જુઓ. એનો અર્થ એ થયો કે માણસે અંતર્મુખ થઈને પોતાના દોષ જોવા જોઈએ; એ દોષો અસહ્ય બને એટલી અકળામણ ભોગવવી જોઈએ. જેમ રોગી થયેલો માણસ ઇચ્છે કે હું જલદી રોગથી મુક્ત થઈ જાઉં, તે રીતે ખરો સાધક, ખરો અંતર્મુખ માણસ, જે પરમાત્માભિમુખ થયો હોય તે માણસ, કોઈ દિવસ પોતાના દોષને સહી નહીં શકે; એને એ અસહ્ય બની જશે. જ્યારે એ અસહ્યતાનું ભાન થાય, ત્યારે જ એને એવી માગણી કરવાનું મન થાય છે કે હે પરમાત્મન્ તું મને આવાં પ્રલોભનોથી, મોહથી બચાવ. જ્યારે આવી માગણી કરે છે, ત્યારે અલબત્ત, એને ઓછું કે વધતું ભાન થાય છે; અને પછી આત્મપ્રતીતિ થાય છે; અને એમાંથી એને જીવન જીવવાની ખરેખરી કળા લાધે છે.

આ રીતે, આપણે જોયું કે, માનવતાના પાયામાં બે વસ્તુ ખાસ ધ્યાન રાખવાની છે : એક તો બહિર્મન, અને બીજી અને મુખ્ય વસ્તુ તે અંતરમન. આમાં બહિર્મનની બધી શક્તિઓ ઓછેવત્તે અંશે આપણામાં પ્રગટેલી છે : આપણે જીવન જીવીએ છીએ, સમાજમાં રહીએ છીએ, પણ એ શક્તિઓ આપણને પૂર્ણપણે કામ નથી આપતી. ઘણી વાર એ આડે રસ્તે દોરે છે, અને કેટલીક વાર એ શક્તિઓને કારણે સંઘર્ષો કે અથડામણ પણ થાય છે. કારણ કે જેને સમજણ હોય, સ્મૃતિ હોય અને કલ્પના હોય એવું માણસ સિવાય બીજું એક પણ પ્રાણી નથી તેમજ દુનિયામાં ભયાનકમાં ભયાનક પશુ-પક્ષીઓમાં પણ કોઈ એવું પ્રાણી નથી, જે માણસ જેટલું ભયાનક થઈ શકે. પણ સાથે જ માનવતાના પાયામાં બીજી અને મહત્ત્વની વસ્તુ અંતરમન રહેલી છે, અને તે બહિર્મનની એ બધી શક્તિઓને નિયંત્રિત કરવામાં બહુ સહાયક પણ થઈ જાય છે.

આગળ કહ્યું તેમ, અંતરમનને ભલે કોઈ કોઈ ઉઘાડે; એ રસ્તો ભલે વિરલ વ્યક્તિનો હોય; અને અંતરમનને ખુલ્લું કરવાની જહેમત ઉઠાવવી અને એ રીતે જિંદગી ગાળવી એ ભલે સૌને માટે શક્ય ન હોય; પણ એ ઉપરથી આપણે માટે એ અસાધ્ય છે, એમ સમજવાની જરૂર નથી. એટલે આપણે માનવતાના પાયારૂપ જે બહિર્મન, અને એને મજબૂત કરનાર—એને અજવાળનાર જે અંતરમન, તેની શક્તિઓ–તરફ ધ્યાન આપવું જોઈએ.

તેથી જ તૈત્તિરીય ઉપનિષદમાં વિજ્ઞાન અને આનંદને મન પછી મૂકેલ છે. અને તે એટલા માટે કે મન જો ખૂલે-બહિર્મન પછી અંતરમન સહેજ પણ ખૂલે—તો એમાં વિજ્ઞાન એટલે પ્રજ્ઞાન, અલૌકિક વસ્તુ, દેશકાલાતીત વસ્તુ, જેમાં ભૌતિકતાનો સંબંધ નથી એવી વસ્તુનું ભાન થાય છે. અથવા એ બધું મળીને પરમાત્મા કહો કે બ્રહ્મ કહો, એનું ભાન થાય છે. અને એ જ મહત્ત્વની વસ્તુ છે. એ પ્રજ્ઞાન છે. અને જ્યારે એવું થાય છે, ત્યારે એ માણસને જ કોઈ જાતના દુઃખનો, આઘાતનો સ્પર્શ નથી થતો. દુનિયામાં તો દુઃખ અને સુખના પ્રવાહો ચાલ્યા જ કરે છે, પણ એ પ્રવાહો એ માણસની વૃત્તિને સ્પર્શતા નથી. આ ભૂમિકા એ છેલ્લી આનંદની ભૂમિકા. એટલે વિજ્ઞાન અને આનંદ, એ અંતરમન, જે મનનો અંદરનો ભાગ છે, એ દ્વારા પ્રગટ થાય છે. અને બહિર્મન દ્વારા રચાયેલી આખી ભૌતિક સૃષ્ટિ જીવવા લાયક બને છે. ઈશ્વરની સૃષ્ટિ એ એક વસ્તુ છે, અને માનવકૃત સૃષ્ટિ એ બીજી વસ્તુ છે. ઈશ્વરની સૃષ્ટિને આપણે જુદી પારખી શકીએ : 'પૃથ્વી, પાણી, તેજ, સૂર્ય, ચંદ્ર, એ બધું ઈશ્વરકૃત છે. કદાચ કોઈ એને એ રીતે ન પણ માને, તો પણ મનુષ્યની સૃષ્ટિ તો નિશ્ચિત છે.

માનવે શું શું કર્યું ? અને તે કોની કઈ શક્તિથી ? તો એણે એ બહિર્મનની શક્તિઓથી કર્યું. એણે સારું કર્યું કે નરસું, અંદરઅંદર ખુવારી પણ મેળવી; એણે ખેતી પણ કરી અને ખેતીને ઉજાડી પણ ખરી; એણે મકાનો બાંધ્યાં પણ ખરાં અને મકાનોનો ધ્વંસ પણ કર્યો. પણ એ બહિર્મન મારફત. પણ જ્યારે અંતરમન વિકસે છે, ત્યારે એ આખી માનવકૃત સૃષ્ટિ જુદી બની જાય છે. અને એ માટે જ કહ્યું છે કે માનવતાના પાયામાં મનની જે આંતરિક શક્તિ છે, એ જ મુખ્ય પાયો છે. એ પાયો જો હોય તો બહિર્મનનો પાયો—બહિર્મન દ્વારા થયેલી સૃષ્ટિ—તે સુસ્થિર છે. નહીં તો એ ડામાડોળ જ રહેવાની.

એથી જ જ્યારે રશિયાના વડા પ્રધાન ક્રુશ્ચોવ અમેરિકા જવા લાગ્યા ત્યારે વિલાયતના કોઈ છાપાએ એવી મતલબનું કહેલું કે આ બધી શક્તિઓ—વૈજ્ઞાનિક શક્તિઓ—ને લીધે, વૈજ્ઞાનિક સંપત્તિને લીધે બે દેશો વચ્ચે હરીફાઈ ચાલુ છે અને બન્ને આગેવાનો એકબીજાને મળે છે, એ બધું તો સારું છે. પણ એણે એક વાત કહી તે એ કહી કે, એ બેયની જેટલી શક્તિ વિજ્ઞાન દ્વારા અને શસ્ત્ર સરંજામ દ્વારા છે, અથવા બીજી સંપત્તિની જેટલી શક્તિ છે, એ કરતા જો બન્નેના અંતરમાં કાંઈક જુદી જાતની શક્તિ સંચરે, તો એ બન્નેના મળવાથી એમનું, એ બે દેશોનું અને એમની સાથે આખા વિશ્વનું ભલું થશે.

આ કથનનો અર્થ આ હતો કે અંતરમન, જે ગૂઢ શક્તિ છે, એ જો ઢંકાયેલી હોય તો, બહિર્મન દ્વારા ગમે તેટલી સૃષ્ટિ, વિભૂતિ, વિજ્ઞાનના આવિષ્કારો, સાહિત્ય-સંસ્કારો હોય તો પણ એમાં ક્યાંક ને ક્યાંક અથડામણ રહેવાની, રહેવાની ને રહેવાની ! તેથી માનવતાના પાયા તરીકે અંતરમન અને ગૂઢ શક્તિનું મૂલ્ય આવું આંકવામાં આવ્યું છે એટલે તમે એની સામે કંઈક એવી રીતે લડો, એવી રીતે જીવન જીવો કે સામા ઉપર એનો એવો પ્રભાવ પડે કે એ તમને મુક્ત પણ કરે અને તમારો આભાર પણ માને; અને એ રીતે તમે વિરોધી મટીને પાસે પાસે આવો. આ વિચારમંથનમાંથી એમને સત્યાગ્રહ અને અસહકારની વાત સૂઝી, અને એ એમણે આફ્રિકામાં અને હિંદુસ્તાનમાં રાજકીય ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે, એમ જ્યાં દેખો ત્યાં સફળતાપૂર્વક અજમાવી પણ ખરી. પણ એમણે કંઈ એટલું જ નથી કર્યું.

અર્થની દૃષ્ટિએ વિચારીએ તો એમણે દસ આંગળીવાળા જે બે હાથ માણસને મળ્યા છે, જે પરમેશ્વરની અથવા કુદરતની બક્ષિસ (देवदत्तौ पाणी) છે, એને લક્ષીને કહ્યું અને કરી બતાવ્યું કે જો બે હાથ હોય તો માણસે ગરીબી શા માટે અનુભવવી ? એટલે એમણે દરેક માણસને એમ કહ્યું કે તમારે શ્રમ કરવો. આજે દેશમાં અને દુનિયામાં બધાને લાગી રહ્યું છે કે જો કોઈ વસ્તુની ખરી જરૂર હોય, તો શ્રમની જરૂર છે. બુદ્ધિની જરૂર તો છે જ પણ બુદ્ધિવાળા માણસો જેમ જેમ વધતા જાય છે, તેમ તેમ શ્રમ ઓછો થતો જાય છે, શ્રમની પ્રતિષ્ઠા ઓછી થતી જાય છે, તેથી લોકોને ભારપૂર્વક સમજાવવું પડે છે કે તમે શ્રમ કરો ! અને ગાંધીજીએ તો નાની નાની ગણાતી બાબતોમાં પણ શ્રમ કરીને બતાવ્યું છે કે હાથમાં કેટલી શક્તિ છે. આ રીતે એમણે એક નવો જ માર્ગ શરૂ કર્યો, એમ કહી શકાય. અને એ માર્ગે યુદ્ધના ક્ષેત્રમાં, અર્થના ક્ષેત્રમાં અને સામાજિક ક્ષેત્રમાં ઊભા થતા પ્રશ્નોના નવા જ ઉપાયો સૂચવ્યા.

આર્થિક ક્ષેત્રે એમણે એટલે સુધી કહ્યું કે તમારામાં કમાવાની શક્તિ અને બુદ્ધિ હોય તો તમારી વૃત્તિને શા માટે ટૂંકાવો છો ? તમે યંત્ર દ્વારા, વ્યાપાર દ્વારા કે સત્તા દ્વાર કમાવ. પણ સાથે સાથે એમણે એક વાત કરી—અને એ વાત એમને સત્યની દિશામાં જતાં અને એમનામાં અહિંસાનું નવું પ્રગટીકરણ થતાં સૂઝી—કે તમે જે કમાવ તેમાંથી પોતા પૂરતું રાખો, અને બાકીનું બીજાને માટે વાપરો. તમારા વારસદારોને સોંપશો, તો શી ખાતરી કે ભવિષ્યમાં તેઓ એનો કેવો ઉપયોગ કરશે ? એના કરતાં તો તમે જીવો ત્યાં સુધીમાં

એનો ઉપયોગ તમારાં બાળકો અને તમારા પોતાના કુટુંબના પોષણમાં કરવા ઉપરાંત બીજા માટે પણ કરો ને ! આ રીતે વિચારતાં ગાંધીજીને જે મંત્ર સૂઝ્યો તે ઈશાવાસ્યનો મંત્ર હતો; અને તે એમના જીવનમાં સાકાર થયો હતો. એમનું જીવન કેવું પલટાઈ ગયું હતું ! તેઓ પાઈપાઈનો હિસાબ રાખતા; પણ એ હિસાબ રાખવાની પાછળ એમની દૃષ્ટિ, પહેલાં કાલિદાસની ભાષામાં સૂચવ્યું તેમ ગૃધ્નુ એટલે આસક્તિ ભરેલી ન હતી. તેઓ પૈસા ગ્રહણ કરતા અરે, પોતાના હસ્તાક્ષર આપે તો તેની પણ ફી લેતા અને કોઈ ભેટ આપી જાય તો તે પણ લેતા છતાં એની સાથે એમને અંગત લેવા-દેવા કાંઈ જ નહીં. એ બધાનો ઉપયોગ લોકોના ભલા માટે જ થતો.

ધર્મ એટલે બીજાની સાથેનો સદ્‌વ્યવહાર, બીજા પ્રત્યેની ઉચ્ચ પ્રકારની ભાવના. જેમાંથી ન્યાય પણ આવે, નીતિ પણ આવે અને માણસનું મન મોટું બને, એનું નામ ધર્મ. પણ લોકો તો એમ માનતા કે ધર્મના દિવસો તો ઘડપણ આવે ત્યારે આવે, બીમાર પડીએ ત્યારે આપણે હરિને ભજવા જોઈએ. પણ ગાંધીજીએ તો કહ્યું કે એમ હોય નહિ. જે વખતે માણસના શરીરમાં પૂરેપૂરી શક્તિ હોય, સ્ફૂર્તિ હોય, ત્યારે ધર્મપાલનનું ખરેખરું મહત્ત્વ છે. અને કાલિદાસની વાણીમાં એમણે પોતાના જીવનથી બતાવ્યું કે ''કોઈ પણ જાતની બીમારીમાં સપડાયા પહેલાં જ ધર્મનું પાલન કર્યું.''[1] મતલબ કે માણસ બીમાર ન હોય, વૃદ્ધ ન હોય, પરતંત્ર ન હોય, ત્યારે ધર્મનું સેવન કરવું જોઈએ.

ગાંધીજીએ કેટકેટલી વાતો બતાવી ? માણસો એમ જ સમજતા કે શરીર એ તો આજે છે ને કાલે નથી. એટલે આ ખાધું તોય શું અને તે ખાધું તોય શું ? સૂકું ખાધું તોય શું, અને લીલું ખાધું તોય શું ? જુવાનીમાં ભૂખ લાગી હોય ત્યારે માણસો બીજાની ચડસાચડસીમાં વધારે પણ ખાય, અને ક્યારેક ભૂખ્યા રહે ત્યારે એટલા ભૂખ્યા રહે કે દિવસોના દિવસો ઉપવાસ કરે. ગાંધીજીએ કહ્યું, શરીર એ મુખ્ય સાધન છે, માટે શરીરને શક્તિશાળી અને નિયમિત રાખવા માટે ખોરાકની આવશ્યકતા છે. એમણે ખોરાકનાં તત્ત્વો પણ શોધ્યાં કે કયાં તત્ત્વો એવાં છે કે જે શરીરને પોષી શકે ? કયાં એવાં તત્ત્વો છે કે જે શરીરને ઉન્માદ કરાવે અને કયાં કયાં તત્ત્વો એવાં છે કે જે કામ આપે. આ રીતે એમણે ભોજનનું પણ એક શાસ્ત્ર રચ્યું બેસવાનું ઊઠવાનું, સૂવાનું, બોલવાનું, એમ જીવનની એવી કોઈ ક્રિયા નથી કે જે વિશે એમણે શાસ્ત્ર રચ્યું

---

૧. भेजे धर्ममनातुरः । રઘુવંશ ૧-૨૧

ન હોય.

જૈન આગમમાં એક પદ્ય આવે છે કે ''जयं चरे, जयं चिट्ठे, जयमासे, जयं सये, जयं भुंजतो भासंतो''[1] એનો અર્થ એ છે કે માણસ ચાલે વિવેકથી, ઊભો રહે વિવેકથી, બેસે વિવેકથી અને શયન કરે વિવેકથી. આ તો થોડીક ક્રિયાઓ ગણાવી, પણ જીવનની તમામ પ્રવૃત્તિ માણસ વિવેકથી કરે. અને વિવેક એટલે પ્રજ્ઞા. એ પ્રજ્ઞા જ્યારે માણસના શરીર સાથે એટલે કે હાથ-પગ સાથે જોડાય તો માણસ પોતે સામાન્ય માણસ નથી રહેતો પણ એ જ માણસ દુનિયામાં દેવ ગણાય છે.

ગાંધીજીને આપણે દેવતુલ્ય માનીએ છીએ એટલું જ નહીં પણ હું જ્યાં સુધી સમજું છું ત્યાં સુધી, અત્યારના બધા મહાન પુરુષો, લેખકો, રાજપુરુષો, કવિઓ ગમે તેટલા હોય, પણ ગાંધીજીએ માનવજીવનને જે બદલ્યું છે, એનું કોઈ પણ મૂલ્યાંકન કરશે તો, એને ખબર પડશે કે, માનવતાના જે પાયાની આપણે મુલવણી કરી ગયા અને ગાંધીજીએ જેનો વિનિયોગ કર્યો, એની ફળશ્રુતિ શી છે, એ તો ગાંધીજીના જીવનને બારીકાઈથી જોનાર જ કહી શકશે.

હવે આપણે અહીં જ પૂરું કરીશું. ગાંધીજીએ પોતાના જીવનમાં માનવતાના પાયાનો કેવો વિનિયોગ કર્યો, એ આપણે સમજી ગયા. એમાંથી બે જ વસ્તુ ધ્યાનમાં રાખવાની : પ્રજ્ઞા અને હાથ, અર્થાત્ બુદ્ધિ અને હાથ. અને એની પાછળ હંમેશાં પેલો સંકલ્પ ''तन्मे मनः शिवसंकल्पमस्तु'' એ શુભ સંકલ્પની હમેશાં પ્રાર્થના કરવી આકાંક્ષા રાખવી અને એ દિશામાં આગળ વધવું.

## ૨. એનું મૂલ્યાંકન

વ્યાખ્યાનનો બીજો ભાગ છે, માનવતાનું મૂલ્યાંકન. માનવતામાં મુખ્ય વસ્તુ છે ચિત્ત. એમાં શક્તિઓ અને વૃત્તિઓનું દેવાસુર યુદ્ધ ચાલ્યા જ કરે છે. તેથી જ પાતંજલ યોગશાસ્ત્રમાં એમ કહ્યું છે કે ''ચિત્તરૂપી નદિ બંને બાજુ વહે છે : કલ્યાણ તરફ પણ વહે છે અને પાપ તરફ પણ વહે છે.''[2] રાત ને દિવસ પ્રત્યેક વ્યક્તિના મનની અંદર, સમાજમાં, રાજ્યમાં અને માનવતાની વચ્ચે આવું ઘમસાણ યુદ્ધ ચાલ્યા જ કરે છે.

---

૧. દશવૈકાલિકસૂત્ર ૫-૮

૨. चित्तनदी नामोभयतो वाहिनी वहति कल्याणाय वहति पापाय च । ૧-૧૨; ભાષ્ય

દેવ અને અસુર, એના યુદ્ધનો અર્થ આ છે. પણ એમાં દૈવી વૃત્તિનો વિજય થાય છે, અને થવો જ જોઈએ. શા કારણે ? તો, એને મનુષ્યનું શરીર મળ્યું છે, તેને લીધે. શરીરની અંદર જેમ ચિત્ત કામ કરે છે, તેમ શરીરની રચના પણ કામ કરે છે. આ જ કારણથી મોટા મોટા ઋષિઓએ અને ચિંતકોએ માનવ શરીરને બહુ જ કીમતી ગણ્યું છે. જ્યારે મહાવીરે પોતાના શિષ્યોને એમ કહ્યું કે ''દુર્લભ વસ્તુઓ ચાર છે, અને તેમાંની પહેલી મનુષ્યજન્મ,''[1] ત્યારે એનો આ જ અર્થ છે. મહાભારતમાં વ્યાસે પણ એ જ વાત કહી કે ''મનુષ્યજન્મ કરતાં વધારે શ્રેષ્ઠ કાંઈ નથી.''[2]

પણ પ્રશ્ન એ છે કે મનુષ્યજન્મને શ્રેષ્ઠ કહે છે, એનાં કારણ શાં છે? એમાં બે વાત છે : માણસના ચિત્તમાં જે બુદ્ધિ છે અને એની શરીરરચનામાં જે હાથનો ભાગ છે, તે મહત્ત્વનાં છે, અને એ બુદ્ધિ જ્યારે પ્રજ્ઞામાં પલટાઈ જાય છે, ત્યારે માણસનું જે શ્રેષ્ઠપણું કહ્યું છે, તે ખરેખરું પ્રગટ થાય છે. પ્રજ્ઞાનું પ્રગટ થવું એટલે કે બુદ્ધિ પ્રજ્ઞામાં પલટાય, એટલે વિવેકની ખિલવણી થાય અને વિવેકની ખિલવણી થાય એટલે માણસ પોતાની બુદ્ધિને માત્ર સર્જનમાં જ નહીં પણ રક્ષણમાં અને પાલનમાં પણ ખર્ચે. જ્યારે પ્રજ્ઞાનો આવિર્ભાવ થાય, ત્યારે હાથ અને પગ, એ બીજાને મારવામાં નહિ પણ બીજાને જિવાડવામાં વપરાય.

મહાભારતમાં એક આખ્યાન છે. તેમાં એમ આવે છે કે ક્યારેક કેટલાક લોકોએ યયાતિ રાજાને વરદાન આપવાનું કહ્યું અને કહ્યું કે તમે કંઈક માગો, માંગો ! ત્યારે યયાતિ કહે છે કે નહીં, '' જે મેં પોતે કર્યું નથી એને હું સ્વીકારવાનો નથી.''[3] અર્થાત્ મારું પોતાનું જે કરેલું છે, તેને જ હું ભોગવવાનો છું. આ એક શક્તિ છે, પ્રજ્ઞાનું સામર્થ્ય અને હાથની શક્તિ છે. આપણે કહીએ છીએ કે''ભગવાને હાથ દીધા છે'' (देवदत्तौ पाणी ।) એનો અર્થ આ છે. લોકોક્તિમાં પણ કહેવાય છે કે ભગવાને હાથ-પગ આપ્યા છે, તો શા માટે પરાધીન રહેવું ?

એક વાર એક ઋષિપુત્ર અને એક વણિકપુત્ર, એ બેની વચ્ચે કંઈક ઘર્ષણ થયું. વાણિયાનું ધન જોઈને અને એનો ગર્વ જોઈને પેલા ઋષિપુત્રને એમ થયું કે મારો ગરીબનો આ જન્મ નકામો છે. એટલે એણે તો આત્મહત્યા

---

૧. माणुसत्तं सुई सद्धा संजमम्मि य वीरियं । –ઉત્તરાધ્યયન ૩-૧

૨. न मानुषात् श्रेष्ठतरं हि किञ्चित् । –શાંતિપર્વ, ૧૮૦-૧૨

૩. अहं तु नाभिगृह्णामि यत्कृतं न मया पुरा । –આદિપર્વ, ૭૭-૧૨

કરવાનો વિચાર કર્યો. પણ એટલામાં ઇન્દ્રે આવીને એને કહ્યું કે ''ભલા માણસ, તારી પાસે સંપત્તિ નથી, પૈસા નથી, જમીન નથી, સત્તા નથી, એ કબૂલ પણ તને હાથ તો મળ્યા છે ને ? અને જો હાથ મળ્યા છે, તો તારે બીજું જોઈએ ? એટલે તારે જે કંઈ સંપત્તિ મેળવવી હોય—જ્ઞાન-સંપત્તિ મેળવવી હોય કે ભૌતિક સંપત્તિ મેળવવી હોય—તે હાથથી એટલે કે પરિશ્રમથી લભ્ય છે.'' અને તેથી જ છેવટે ઇન્દ્રે એને કહ્યું કે ''હાથ મળ્યા છે, તેના કરતાં શ્રેષ્ઠ બીજો કોઈ લાભ નથી.'' (न पाणिलाभादधिको लाभः कश्चन विद्यते ।) પણ સાથે જ વ્યાસે મહાભારતમાં એ વાત પણ કરી કે ''પ્રજ્ઞાલાભ એ મોટો લાભ છે.''[1]

પ્રજ્ઞા અને બુદ્ધિ, એ બેમાં ફેર છે. બુદ્ધિ, એ આપણા બધા લોકોની રોજ કામ કરવાની સામાન્ય બુદ્ધિ છે. પણ એ બુદ્ધિ જ્યારે કલ્યાણાભિમુખ થાય છે, જ્યારે એ સદ્‌વૃત્તિમાં પલટાઈ જાય છે, ત્યારે એ પ્રજ્ઞા કહેવાય છે. અને પ્રજ્ઞા અને હાથ, એ બે મળે એટલે માણસનો જન્મ આખો બદલાઈ જાય છે. મહાવીરે આ જ દૃષ્ટિથી મનુષ્યજન્મને શ્રેષ્ઠ કહ્યો કે જો મનુષ્યજન્મ મળે તો જ શ્રદ્ધા, શ્રુતિ-શાસ્ત્ર અને સંયમનો પુરુષાર્થ, એ બધું સંભવે છે, મનુષ્યજન્મ સિવાય નહીં. એ જ રીતે વ્યાસે જે હંસગીતામાં કહ્યું તેનો અર્થ પણ આ જ છે કે ''જો માણસે દૈવી વૃત્તિઓને જગાડવી હોય તો એણે પ્રજ્ઞાને પ્રગટાવવી જોઈએ.''

પ્રજ્ઞાને પ્રગટાવવી એટલે વિવેકને પ્રગટાવવો. વિવેકને પ્રગટાવવો એટલે બુદ્ધિનું આખું સ્વરૂપ બદલાઈ જવું. એમ થાય છે ત્યારે બુદ્ધિ એ સામાન્ય બુદ્ધિ નથી રહેતી, પણ એ ઉચ્ચ કક્ષાની થઈ જાય છે. એ જ અર્થમાં વ્યાસે પ્રજ્ઞાલાભને ઉત્કૃષ્ટ લાભ કહ્યો છે. આ રીતે જ્યારે પ્રજ્ઞા અને હાથ, એ બેનું મિલન થાય છે, ત્યારે કોઈ પણ માણસના મનમાં રહેલા જે નાશકારક ભાવો, તે દૈવીવૃત્તિમાં—કલ્યાણવૃત્તિમાં પલટાઈ જાય છે. એટલે જોકે દેવાસુરયુદ્ધ હમેશાં ચાલતું હોય છે, તો પણ માણસનું જે આ સામર્થ્ય, તે આ જન્મમાં કે જન્માંતરમાં ગમે તે કાળે પ્રગટ થયા સિવાય રહી શકતું નથી અને જ્યારે એ પ્રગટે છે, ત્યારે એ માણસનો જન્મ એક ઉત્કૃષ્ટ જન્મ ગણાય છે.

એટલે માણસાઈનું જ્યારે મૂલ્યાંકન કરીએ, ત્યારે વસ્તુ ધ્યાનમાં

---

૧. प्रज्ञा प्रतिष्ठा भूतानां प्रज्ञालाभः परो मतः । –શાંતિપર્વ ૧૮૦-૨

રાખવાની છે-કે હાથ મળ્યા છે, બુદ્ધિ મળી છે એ બે વસ્તુ મળી હોય તો, બધી જ સંપત્તિ આવીને ઊભી રહે છે. એમાં ફક્ત એક વિવેકનો વધારો થાય એટલે બુદ્ધિ પ્રજ્ઞાનું રૂપ લે, અને હાથ છે તે નવી દિશામાં કામ કરતા થઈ જાય. એથી એ સર્જન તો કરે જ, પણ સાથે સાથે રક્ષણ, પાલન અને સારાં સારાં બધાં જ કામો કરી શકે.

શુક્લયજુર્વેદના ઋષિએ મનની આ શક્તિ જોઈ અને ગાયું કે મનની એક એવી શક્તિ છે કે જો તમે સંકલ્પ કરો તો તમારું ધાર્યું કામ થાય. એ મંત્ર શિવસંકલ્પમંત્ર કે શિવસંકલ્પસૂક્ત કહેવાય છે. એના છ મંત્રોમાં છેલ્લું પાદ—ધ્રુવ પાદ—આવે છે, જે 'तन्मे मनः शिवसंकल्पमस्तु' એ પ્રમાણે છે. માણસ જ્યારે એવો સંકલ્પ કરે કે મારા મનની સદ્‌વૃત્તિઓ હંમેશા જાગ્રત થાઓ ! અને હું અસદ્‌વૃત્તિઓથી મુક્ત થાઉં, ત્યારે એ માણસનું મન પ્રકાશવત્ થાય છે અને જે આસુરીવૃત્તિઓ હંમેશા સદ્‌વૃત્તિઓને દબાવ્યા કરે છે, તે આસુરીવૃત્તિઓ શમી જાય છે.

એટલે આપણે જોયું કે માણસાઈના પાયામાં ખાસ બે વસ્તુ છે : એક તો એના મનની પ્રજ્ઞાશક્તિ, અને બીજી એના શરીરની રચનામાં મળેલ પાણિ-હાથ, અને બે હાથમાં થઈને દસ આંગળાં. માણસને જેવું શરીર મળ્યું છે, એવું બીજા કોઈ પ્રાણીને મળ્યું નથી. માણસ ટટાર ઊભો રહી શકે છે, ફાવે તેમ વળી શકે છે, ફાવે તેમ સૂઈ શકે છે, અને હાથથી ધાર્યું કામ કરી શકે છે. દસ આંગળાં એટલે દસ દસ દિશાઓનું રાજ્ય. એ ફાવે ત્યાં વિચરી શકે છે. એ ભૂમિતલ પર ચાલી શકે, પાણીમાં ગમે ત્યાં સંચરી શકે અને આકાશમાં પણ ઊડી શકે.

આ રીતે જ્યારે માણસને હાથની શક્તિ મળી છે અને બુદ્ધિ પણ પ્રજ્ઞાનું રૂપ ધારણ કરી શકે છે, તો પછી આપણે સમજી શકીએ કે માણસાઈનું જે મૂલ્ય છે, તે કેટલું વધારે છે તેથી તો વ્યાસે કહ્યું છે કે ''માણસ કરતાં વધારે શ્રેષ્ઠ બીજું કંઈ નથી.''

## ૩. જીવનમાં એનો વિનિયોગ

વ્યાખ્યાનનો ત્રીજો ભાગ છે : માનવતાના પાયાનો જીવનમાં વિનિયોગ. જીવન એ માત્ર વ્યક્તિગત નથી. દેહભેદે આપણને એમ લાગે છે કે દરેકનાં જીવન જાણે જુદાં છે, અને એક રીતે એ જુદાં છે પણ ખરાં, પણ બીજી રીતે જોઈએ તો એમ લાગ્યા વગર નહીં રહે કે, કોઈ એક વ્યક્તિનું

જીવન બીજી વ્યક્તિઓના જીવનથી સર્વથા જુદું છે જ નહીં. એટલે, જ્યારે માણસ માણસાઈનો ઉપયોગ કરે, પ્રયોગ કરે, ત્યારે એ પોતાના જીવનને સંભાળવા, વિકસાવવા તો કરે જ. પણ સાથે સાથે એ ધ્યાનમાં રાખે કે એનું જીવન બીજાથી છૂટું નથી. આ રીતે આપણે વિચાર કરીએ તો માણસાઈના પાયાના અથવા માનવતાના ગુણોના વિનિયોગનો જીવનમાં પ્રયોગ કરવો જોઈએ. એ વિશે વિચાર કરીએ ત્યારે આજ ગાંધીજીના જન્મના દિવસે, ખરી રીતે, આપણી સામે ગાંધીજી આવવા જોઈએ.

ભૂતકાળમાં આ દેશમાં અને બીજા દેશોમાં ઘણા મહાપુરુષો થયા છે અને એમણે સમાજને બદલવાના–વિકસાવવાના પ્રયત્નો કર્યો છે. પણ ગાંધીજીનું કામ અને ગાંધીજીની સૂઝ એ સૌથી અનોખી છે અને વધારામાં તો એ કે આપણામાંના અનેક લોકોએ તેમની સાથે જીવન ગાળ્યું છે, અનેક લોકોએ એમની પ્રવૃત્તિ જોઈ છે, અને અનેક લોકોએ એમના કામમાં ભાગ લીધો છે અને જે લોકોએ આ રીતે ભાગ નથી લીધો કે જેઓ એમના સહવાસમાં નથી આવ્યા, એવા બીજા દેશોના લોકોએ પણ ગાંધીજીનાં લખાણો મારફત, એમની પ્રવૃત્તિ મારફત, એમને વિશે ઘણું જાણ્યું છે. એટલે ગાંધીજીના દાખલા સાથે આ વાત કરીએ તો એ સૌને વધારે ગળે ઊતરે એવી થાય.

ગાંધીજીની દિશા કઈ હતી ? એમનો ધ્રુવતારો હતો માત્ર સત્ય. ગાંધીજી પણ આપણા જેવા માટીપગા માણસ હતા પણ જ્યારથી એમની દૃષ્ટિ સત્ય તરફ ગઈ, ત્યારથી એમનું ખાવાનું, પીવાનું, બોલવાનું, બેસવાનું એમ આખું વણલ બદલાઈ ગયું. અને જેમ જેમ તેઓ ઊંડા ઊતરતા ગયા, તેમ તેમ એમને પોતાની આખી જીવનપ્રક્રિયા જ બદલવી પડી. એને માટે ગાંધીજીએ કહ્યું તો એમ છે કે 'સત્યના પ્રયોગો' પણ એ સત્યના પ્રયોગો ધીરે ધીરે કરતાં કેવા ઊંડા ગયા છે, અને કેવી રીતે કેટલાં ક્ષેત્રોમાં વ્યાપ્યા છે, એ બધાંનું વર્ણન તો આજે ન થઈ શકે. પણ એમાંથી કેટલીક બાબતો આપણે જોઈએ.

ગાંધીજીની સત્ય તરફની સત્યના ધ્રુવતારા તરફની દૃષ્ટિએ એમનામાં જે બુદ્ધિનું રૂપ હતું તેને આખું પ્રજ્ઞાનરૂપ આપ્યું. ગાંધીજી, દુનિયાના બીજા ઘણા વિશિષ્ટ માણસો કરતાં, ઓછું ભણેલા, ઓછું વાંચેલું પણ એમનામાં જે તેજ હતું, તે પ્રજ્ઞાના પ્રકાશનું તેજ હતું. એટલે એમની બુદ્ધિ આડે રસ્તે જાય જ નહીં.

ગાંધીજીએ લોકોને એકત્ર કર્યા, આશ્રમમાં એકત્ર કર્યા. જૂના વખતમાં પણ આશ્રમો હતા, ગાંધીજીએ પણ આશ્રમો બાંધ્યા. અત્યારે પણ દેશમાં આશ્રમો છે, બીજે પણ હશે. તો ગાંધીજીના આશ્રમમાં શી વિશેષતા હતી ? સામાન્ય રીતે આપણે જાણીએ છીએ કે ચાર આશ્રમો છે. લોકો પ્રાચીન કાળથી એમ માનતા આવ્યા અને અત્યારે પણ માને છે કે બ્રહ્મચર્યાશ્રમ, એ ખાસ જુદો હોવો જોઈએ. ગૃહસ્થાશ્રમ, એ તો સાવ નિરાળો અને વાનપ્રસ્થ અને સંન્યાસની પણ એ જ સ્થિતિ છે. પ્રાચીન કાળમાં-ધર્મસૂત્રોના કાળમાં એવા મતભેદો પ્રવર્તતા. કોઈ માત્ર ગૃહસ્થાશ્રમને માનતા, તો કોઈ બ્રહ્મચર્ય અને ગૃહસ્થ એમ બેને. વળી કોઈક વાનપ્રસ્થ મળીને ત્રણને માને, તો કોઈ વળી સંન્યાસ સહિત ચારેને માને.

ગાંધીજીએ આશ્રમજીવનમાં આ ચારેય આશ્રમોને એકરસ કર્યા. ત્યાં જે તદન બ્રહ્મચર્ય પાલન કરવા ઇચ્છતા હોય એવા બ્રહ્મચારી લોકો પણ રહે, અને જે ગૃહસ્થાશ્રમી હોય તે પણ રહે. વળી વાનપ્રસ્થની પ્રક્રિયા પણ ત્યાં ચાલે, અને સંન્યાસની વૃત્તિ જેની ખરેખર હોય, તે પણ ચાલે. એટલે ચાર આશ્રમોની વચ્ચે ઉંમરનો, દેશનો કે કાળનો જે વિરોધ હતો, એના બદલે એમણે પોતાના આશ્રમમાં ચારેય આશ્રમોનું એકીકરણ કર્યું અને જેનામાં જે શક્તિ હોય તેને તે રીતે વિકસાવવાની તક આપી. અને વ્યક્તિગત જીવનમાં પણ ચારે આશ્રમોનો યથાશક્ય સમન્વય એમણે સંભવ બનાવ્યો.

પણ ગાંધીજીએ કંઈ ચાર આશ્રમોનું એકીકરણ કરીને જ સંતોષ ઓછો માન્યો છે ? એમણે તો ચાર વર્ણ, જેમાં ઊંચ-નીચભાવ પ્રવર્તે, અરસપરસ એકબીજાની સાથે ખાય નહીં, સગપણ નહીં, મળવાનો જાણે કોઈ સંબંધ નહીં, એકબીજાના પડોશમાં રહેતા હોય તેનો કોઈ ખ્યાલ નહીં, આવી સ્થિતિ છતાં ગાંધીજીએ શું કર્યું ? ઊંચ-નીચભાવ દૂર કર્યો એટલું જ નહીં, એક વર્ણને બીજાની પાસે આવવા દીધો અને બધા સાથે રહે એટલું જ નહીં, પણ એમણે તો એમ કહ્યું કે માણસના જીવનમાં ચારે વર્ણો પ્રગટવા જોઈએ. જે બ્રાહ્મણ હોય તે જ ક્ષત્રિય અને જે બ્રાહ્મણ અને ક્ષત્રિય હોય તે જ વૈશ્ય અને જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય હોય તે જ શૂદ્ર અથવા સેવક એક માણસમાં આ ચારેય શક્તિઓ વિકસવી જોઈએ, પછી ભલેને એ મુખ્યપણે એક શક્તિ અથવા એક વૃત્તિથી કામ કરે. પણ એવું ના હોવું જોઈએ કે કોઈ માણસ પોતાને માત્ર બુદ્ધિજીવી અને બ્રાહ્મણ કહે, અને રક્ષણને માટે પરાધીન હોય. વળી એવું પણ ના હોવું જોઈએ કે જે બુદ્ધિનું અને રક્ષણનું કામ કરો

હોય, તે અર્થની—હિસાબકિતાબની વાત જ ન જાણે. ગાંધીજીના જીવનથી પણ આપણે આ વાત જાણીએ છીએ. એમણે તો મજૂરીનાં કામ કર્યાં, ખેતરનું કામ કર્યું, બગીચાનું કામ કર્યું, પ્રેસનું પણ કામ કર્યું. આપણે માનવતાના પાયાની મુલવણીમાં હાથની વિશેષતા જોઈ. ગાંધીજીએ પોતાના દસ આંગળીવાળા બે હાથથી બધું જ કામ કર્યું. એમણે સેવકનું પણ કામ કર્યું અને ગણતરીબાજ તો એવા હતા કે એમની આગળ ભલભલા અર્થશાસ્ત્રીઓ પણ પોતાની ભૂલો સમજતા. એ જ રીતે તેમણે રક્ષણની પણ જવાબદારી લીધી.

પછી આવે છે, ખાસ કરીને પુરુષાર્થની વાત. આપણે ઘણા લોકો એમ માનીએ છીએ કે અર્થપુરુષાર્થ અને કામપુરુષાર્થ એ તો દુનિયાના પુરુષાર્થ છે, અને ધર્મને અર્થ અને કામ સાથે કોઈ જ સંબંધ નથી. પણ એમ નથી. ગાંધીજીએ જોયું કે જગતનો તંતુ અને આખો સમાજ, એ તો કામ-સુખ ઉપર રહે છે. એટલે કામનો ઇન્કાર કેમ કરી શકાય ? અને અર્થ વિના, સંપત્તિ વિના, સાધન વિના, સમાજ કાંઈ ટકે નહીં. તો અર્થનો ઇન્કાર પણ કેવી રીતે કરી શકાય ? લોકોના મનમાં દુવિધા હતી કે અર્થને અને કામને ધર્મની સાથે સંબંધ નથી. પણ ગાંધીજીએ તો કાલિદાસની રીતે એમ કહ્યું કે નહીં "કામની સાથે ધર્મ ન્યાય્યતા, અર્થની સાથે ધર્મ-ન્યાય્યતા એટલે કે વાજબીપણું જોડાયેલું જ છે. કામસુખનો ભોગ હોય, પણ એમાં માણસ પોતાનું જીવન સંપૂર્ણ ખરચી ન નાંખે"[1] પ્રજાતંતુ ચલાવે. એ પ્રજાતંતુનો પણ વિકાસ થાય, એનું પણ મન સંતુષ્ટ રહે. કુટુંબ પણ સુખી રહે. એ રીતે કામનો ઉપભોગ કરવો જોઈએ, નહીં કે શક્તિનો સર્વથા વ્યય કરી નાખે એ રીતે. એમણે અર્થ માટે પણ કહ્યું કે પૈસા, સંપત્તિ, માલમિલકત, એના વિના ચાલે નહીં પણ એમાં એ ગૃધ્નુ એટલે કે આસક્ત ન હોય, તેમ જ બીજાના પ્રાણને ભોગે કે બીજાની સગવડના ભોગે એ સંચય કર્યા કરે, એમ પણ ન થવું જોઈએ. એ રીતે લોકો સમજતા કે અર્થ-કામની સાથે ધર્મનો મેળ ખાય એટલે કે આપણે વાજબી રીતે કામની અને અર્થની મર્યાદા રાખીએ તો ધર્મનો એટલો સંબંધ કહી શકાય પણ મોક્ષનું શું ? મોક્ષ તો સંસારથી સાવ જુદો જ છે. એટલે લોકો માનતા હતા કે જે માણસ મોક્ષગામી હોય, જેને મોક્ષની અભિલાષા હોય, એણે તો શરીરને સર્વથા છોડી દેવું જોઈએ, પછી કામ, અર્થ અને ધર્મની તો વાત જ ક્યાં રહી ? ગાંધીજીએ એ પણ જીવી બતાવ્યું કે

---

૧. अगृध्नुराददे सोऽर्थमसक्तः सुखमन्वभूत् । રઘુવંશ ૧-૨૧

નહીં. મોક્ષનો સંબંધ પણ આ જીવનમાં જ છે. મોક્ષ એટલે શરીરથી મુક્ત થવું, એટલું જ બસ નથી પણ ખરી રીતે ચિત્તમાં જે વાસનાઓ છે, મલિન વૃત્તિઓ છે, સંકુચિતતા છે, એનાથી મુક્ત થવું એ જ સાચી મુક્તિ છે.

ઉપનિષદ્‌માં કહ્યું છે, અને તે વાત સાચી છે કે ''માણસનું મન જ એવું છે કે એક યા બીજા કાળે એ સંકીર્ણતા, સંકોચ કે સંકડામણ અનુભવી શકતું નથી કે મર્યાદાબદ્ધ રહી શકતું નથી.'' એને જેમ જેમ ખીલવાની વિકસવાની તક મળે, એમ એમ એ પ્રમોદ અનુભવે છે, સુખ અનુભવે છે, એટલે ક્યારેક ને ક્યારેક તો એ મોકળાશ અનુભવવા માગે છે, આંતરિક મોકળાશ અનુભવવા માગે છે. અને એ આંતરિક મોકળાશ અનુભવવા માટે એને પોતાની જે આસુરી વૃત્તિઓ, તેના પર કાબૂ મેળવવો પડે છે. અને જ્યાં આસુરી વૃત્તિઓ ઉપર કાબૂ મેળવ્યો, ત્યાં જ મોક્ષનું બીજ નંખાઈ ગયું સમજવું, મોક્ષનો બીજો કોઈ જુદો અર્થ નથી.

એટલે ગાંધીજીએ જેમ ચાર આશ્રમોનું પોતાના જીવનમાં એક તીર્થ બનાવ્યું કે જુઓ, આ આશ્રમોનો વિરોધ નથી—શરત એટલી જ કે જે માણસો આશ્રમમાં જોડાનાર હોય તે પ્રામાણિક હોવા જોઈએ. બ્રહ્મચર્યાશ્રમમાં દાખલ થયો અને એનું મન બીજી બાજુ ભટકતું હોય, ગૃહસ્થાશ્રમમાં દાખલ થયો અને એની જવાબદારી ન સમજતો હોય, અને સંન્યાસ કે વાનપ્રસ્થાશ્રમ સ્વીકાર્યો હોય અને મન પાછું ભટકતું હોય તો તે ન ચાલે—તે જ રીતે એમને એ પણ બતાવ્યું કે ખરેખર બહાદૂર અને વિવેકપૂર્વક જીવન જીવનાર માટે ચારે વર્ણોનો પરસ્પર વિરોધ નથી અને એ જ રીતે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થનો પણ પરસ્પર વિરોધ નથી.

ગાંધીજીએ જ્યારે, આ રીતે, સત્યની દિશામાં મોઢું ફેરવ્યું અને એ જ જ્યારે એમનો ધ્રુવતારો થયો, અને એ બાજુ એમમે કૂચ શરૂ કરી, એટલે એમને તરત જ સૂઝી આવ્યું કે, સત્યને સમજવા માટે અને એ દિશામાં આગળ વધવા માટે તો જરૂર છે અહિંસાની. અને અહિંસા એટલે પ્રેમવૃત્તિ, અહિંસા એટલે બીજામાં પોતાપણાનો ભાવ અને પોતામાં બીજાપણાનો ભાવ. એમાંથી એમણે હાથમાંની શક્તિ અને બુદ્ધિમાંની શક્તિ, એ બેયને નવું રૂપ આપ્યું, એટલે ''तेन त्यक्तेन भुञ्जीथाः'' એ મંત્ર એમના જીવનમાં સાકાર થયો અને અહિંસાને માર્ગે ચાલતાં એમણે અહિંસાનું નવું રૂપ ખીલવ્યું.

આજ સુધી કોઈ એમ નહોતું માનતું કે માણસો શસ્ત્ર વિના લડી શકે : દુનિયામાં કોઈ એવું માનતું જ નહીં, યુદ્ધશાસ્ત્રીઓ હોય કે બીજા ગમે તે

હોય, તો તે એક જ વાત કરે કે ભાઈ, જો લડવું હોય તો શસ્ત્ર વિના લડી શકાય જ નહીં. શસ્ત્ર એટલે છેવટે બીજું કંઈ હથિયાર ન હોય તો પાણો, લાકડી કે છેવટે હાથ, એમ ગમે તે ચલાવીને જ આપણે બીજા સાથે લડી શકીએ, અને બીજાને પરાભૂત કરી શકીએ. દુનિયામાં યુદ્ધનો ઇતિહાસ એવો કોઈ નથી કે જેમાં મારપીટ વિના, મારામારી સિવાય કોઈ યુદ્ધ થયું હોય પણ ગાંધીજી જે સત્યના પ્રયોગો કરતા હતા, અને એ પ્રયોગોમાં આગળ વધતાં એમનામાં અહિંસા અથવા મૈત્રીવૃત્તિનું જે સ્ફુરણ થયું, એણે એમના આખા જીવનને જ બદલી નાખ્યું. અને તેથી એમણે હિંદુસ્તાનને પરરાજ્યથી મુક્ત થવા માટે જ નહીં, પણ આખી માનવજાતને સ્વતંત્ર થવા માટે એક સાવ નવો માર્ગ સૂચિત કર્યો કે, જુઓ, તમારે લડવું હોય તો પોતાની દુર્વૃત્તિઓ સામે લડો. જે વિરોધી માણસ છે તે પણ છેવટે તો માણસ જ છે, અને એનામાં પણ સારી વૃત્તિઓ છે—ભલે પછી એ એનામાં છૂપી પડી હોય.

— પ્રસ્થાન, ૧૯૫૯

•

# ૧૬. મંગળ આશા

એમ મનાય છે કે ઉપનિષદો અને બુદ્ધ-મહાવીરના યુગમાં તત્ત્વને લગતા વિચારો બહુ છૂટથી થતા અને કોઈ પણ એક ચિંતક પોતાનું આગવું સ્થાન જમાવી શકતો, પછી તે ચિંતક ગમે તેવો સાધારણકોટિનો હોય. સામાન્ય લોકો અત્યારે જેમ કથાવાર્તાઓમાં રસ લે છે તેમ તે વખતે તાત્ત્વિક પ્રશ્નોની બાબતમાં વધારે રસ લેતા હોવા જોઈએ. એમ ન હોત તો, ગમે તે કોટિનો ચિંતક પોતાની જમાત જમાવી જ શકત. તેથી જ જૈન, બૌદ્ધ અને મહાભારત જેવા ગ્રંથોમાં પરસ્પર વિરોધી એવી અનેક દૃષ્ટિઓનાં—મતોનાં વર્ણન મળે છે.

વિચાર કરવો એ માનુષિક સદ્ગુણ છે, પણ માત્ર વિચારોમાં જ ગૂંથાઈ રહેવું અને બુદ્ધિને અનુરૂપ પ્રવૃત્તિક્ષેત્રમાં ન જોડવી એવી સ્થિતિ આવે ત્યારે વિચારોની આંધી આવે છે અને સામાન્ય પ્રજા એ આંધીમાં મૂંઝાઈ જાય છે. એને ચોક્કસ કર્તવ્યનો માર્ગ સૂઝતો નથી અને કોઈ વાર સૂઝે તો તેનાથી એ સહસા ચલિત પણ થઈ જાય. માનવતા એ માત્ર વિચારમાં પૂર્ણ નથી થતી એની સિદ્ધિ માટે યોગ્ય પ્રવૃત્તિક્ષેત્ર અને નિશ્ચયબળ આવશ્યક છે. જ્યારે વિચારોની આંધીનું રાજ્ય હોય ત્યારે કોઈ પણ સાહસિક પોતાને સર્વજ્ઞ જેવો માની મનાવી લોકોને આકર્ષવા મથે. અને એમ પંથો ઊભા થતા, અંદરીઅંદર અથડામણ પણ થવાની જ. પરિણામે ન શ્રેયસ્ સંધાય, ન પ્રેયસ્.

આવી સ્થિતિ જોઈ તથાગત બુદ્ધે તે વખતની પ્રચલિત વિચાર-આંધીમાંથી નીકળી લોકોને ચોક્કસ જીવનસાધના તરફ વાળવા પ્રયત્ન કર્યો અને તે વખતે તેમને જે આધ્યાત્મિક માર્ગ સૂઝ્યો તે માર્ગ ઉપર સ્થિરપણે ચાલવા માટે અને પૂર્વજીવન કે ઉત્તરજીવન વિશે બહુ ઊંડા ઊતર્યા સિવાય વર્તમાન જીવનને વિશુદ્ધ કરવા માટેનો એક ચોક્કસ કાર્યક્રમ લોકો સમક્ષ મૂક્યો. જેઓ બુદ્ધ પાસે આવતા તેમાંથી ઘણા એવો પ્રશ્ન કરતા કે આ મૃત્યુ પછી જે લોકમાં જવું છે તે લોક કેવો છે ? કેટલાક એવો પણ પ્રશ્ન કરતા કે

પૂર્વજીવનમાં અનુભવેલા સ્વર્ગ કે નરકનું સ્વરૂપ શું ? પણ બુદ્ધ ટૂંકમાં એટલું જ કહેતા કે હું કહું છું તે પ્રમાણે તૃષ્ણા અને લોભ ટાળીને વર્તો, બીજી ચર્ચાથી ખાસ લાભ નથી. તમે પોતાની બધી પ્રવૃત્તિ નિરહંકારપણે કરશો તો એનું પરિણામ જે હશે તે તમને પ્રત્યક્ષ થશે. આવી મતલબનું કહી લોકોની મતિને આડીઅવળી ફંટાવા ન દેતાં એક નિશ્ચિત કરેલ સાધનામાં સ્થિર કરવા તેઓ મથતા.

એમના શિષ્યો પૈકી કેટલાક અને બીજા બહારના પણ બુદ્ધને એમ કહેતા કે, તેઓ સંશયવાદી છે, અજ્ઞ છે અને અતીન્દ્રિય જ્ઞાન ધરાવતા નથી. પોતાના વિશે આવી સેવાતી શંકાનો જવાબ આપતાં એક વાર એકત્ર થયેલ ભિક્ષુઓને ઉદ્દેશી બુદ્ધે એવી મતલબનું કહ્યાનું નોંધાયું છે કે 'ભિક્ષુઓ ! મારા હાથમાં જે આ થોડાંક પાંદડાં છે તે કરતાં જે સીસમના ઝાડ નીચે આપણે બેઠા છીએ તેનાં પાંદડાં વધારે છે કે નહિ ?'★ શિષ્યો એ કહ્યું : 'જરૂર, વધારે છે.' બુદ્ધે કહ્યું :' તે રીતે તમને હું જે વાત કહી અને સમજાવી રહ્યો છું તે કરતાં વધારે જાણું છું, પણ એ ઊંડા પાણીમાં કે અતીન્દ્રિયની વિગતોમાં તમને ઉતારવાથી કશું સધાય નહિ. હું તમને અત્યારે એટલી જ વાત ઉપર એકાગ્ર કરવા ઇચ્છું છું કે જે તમને પ્રત્યક્ષ જીવનમાં અનિવાર્યપણે જરૂરી છે.' આ રીતે તે કાળે બુદ્ધે લોકોના ચોતરફ ફંટાતાં અને નિષ્ક્રિયપણે વિચરતાં મનોને એક કર્તવ્યમાર્ગ તરફ સુસ્થિર કરવા પ્રયત્ન કર્યો અને પોતાનો લોકો અજ્ઞ કહે છે કે અસર્વજ્ઞ કહે છે એવા કોઈ અપવાદની પરવા ન કરી. તે કાળમાં બુદ્ધનું આ એક અસાધારણ બુદ્ધિસિદ્ધ સાહસ કહેવાય.

વિચારો ખૂબ કરવા, અનેક કરવા, ચર્ચાઓનો રસ માણવો, જીવનને ભોગે પણ માણવો એવો સંસ્કાર ભારતીય પ્રજામાં કામ તો કરતો જ હતો. એ સંસ્કારને લીધે એને ઘણું ખમવું પણ પડ્યું. અંગ્રેજોના અમલ સાથે જ ભારતીય પ્રજાના બુદ્ધિતત્ત્વે એ રાજ્યને દૃઢ કરવામાં ફાળો પણ ઘણો આપ્યો. પરંતુ એણેય એ ચૂડમાંથી મુક્ત થવા માટે આવશ્યક હોય તેવો પ્રયત્ન બહુ મોડેથી કર્યો. જ્યારે પણ આવો પ્રયત્ન શરૂ થયો ત્યારે વિચારો પક્ષાપક્ષીમાં એવા ગૂંચવાઈ ગયા કે સાધારણ પ્રજા માટે એક સુનિશ્ચિત માર્ગે ચાલવાનું અને સ્થિર મતિએ કામ કરવાનું લગભગ મુશ્કેલ જેવું બની ગયું.

---

★ જિજ્ઞાસુએ આ વિશે વિશેષ જાણવા Outlines of Indian Philosophy by M. Hiriyanna M. A. પૃ. ૧૩૬-૧૩૭ ઉપરનો ભાગ જોવો.

દેશમાં સુશિક્ષિતોની ઊણપ ન હતી, ભણતર વધ્યે જ જતું હતું, પણ પરરાજ્યને હઠાવવા માટે આવશ્યક હોય એવો એકાગ્ર પુરુષાર્થ દેખાતો નહીં. એવી સ્થિતિમાં ગાંધીજી આવ્યા. એમણે વિચારોનું મહત્ત્વ સ્વીકાર્યું, વિદ્યાઓનું મહત્ત્વ પણ સ્વીકાર્યું પરંતુ, એમને એમ લાગ્યું કે સાધારણ પ્રજા સમક્ષ એક ફળપ્રદ એવો વિચારપૂત સુનિશ્ચિત કાર્યક્રમ હોવો જોઈએ, જેને અનુસરવા સાથે માણસ ફાવે તે રીતે વિચારો કેળવે અને આગળ વધે. પણ કર્તવ્યશૂન્ય વિચારોનું કશું મૂલ્ય નથી એમ સમજી, ગાંધીજીએ બુદ્ધની પેઠે પોતાના સમયને અનુરૂપ એવો કાર્યક્રમ લોકો સમક્ષ મૂક્યો.

તે કાળે અનેક લોકો ગાંધીજી વિશે પણ એમ કહેતા અને માનતા કે ગાંધીજી બૅરિસ્ટર ખરા, કર્મવીર ખરા, પણ તેઓ અમુક અમુકના જેવા વિદ્વાન નહીં, અમુક અમુક જેટલું ભણેલા નહીં, ને વાંચેલ પણ નહીં. આ બધા આરોપો ગાંધીજી જરાય આનાકાની સિવાય નમ્રપણે સ્વીકારતા. પણ તેઓ જે કર્મમાર્ગે લોકોને એકાગ્ર કરવા ઇચ્છતા તે માર્ગ વિશેની પોતાની સમજણ અને સૂઝ દર્શાવતાં જરા પણ સંકોતાચા નહીં. ગાંધીજી સ્પષ્ટ કહી દેતા કે ટાગોર તો મહાન કવિ : એ ક્યાં અને હું ક્યાં ? હું તો ચરખાનો ચલાવનાર. એ રીતે તેઓ પોતાના સમયના વિદ્વાનો અને આગેવાનોને સત્કારતા. પણ પોતાનું સ્થાન એવું ચોક્કસપણે આંકતા કે એ સ્થાન વિશે તેમનાથી ચડિયાતો દાવો કોઈ કરી શકતું નહીં. અને તે સ્થાન એટલે લોકોની શક્તિને રચનાત્મક કામમાં વાળવાની અને પોતાની ત્રુટિઓ તેમ જ ખામીઓને જડમૂળથી સાફ કરી નાંખવાની. ગાંધીજી કહેતા કે આટલું કરશો તો પછી બધું આવી મળશે. એ જ ગાંધીજીની વૃત્તિએ 'અનાસક્તિયોગ' લખાવ્યું અને એ જ વૃત્તિએ અનેક રચનાત્મક જીવન્ત સંસ્થાઓ ઊભી કરાવી. ગાંધીજીને બૌદ્ધિક યોગમાં કે જ્ઞાનયોગમાં રસ નહતો તેમ નહીં, પણ એ રસ કર્મયોગમાં ન પરિણમે તો તેમને મન તે બુદ્ધિવિલાસ જેવો હતો. એનું ફળ દેશે અને દુનિયાએ જોયું. તે વખતે લોકો ગમે તેમ કહેતા કે માનતા પણ આજે તો ગાંધીજીની એ સમજણ વિશે લગભગ બધાનો એક જ મત છે કે ગાંધીજી જેટલા શાણા હતા એટલા જ વ્યવહારુ હતા. એક રીતે ગાંધીજીએ આ યુગમાં દેશને ઘડવાનું અને સ્વરાજ્ય પ્રાપ્ત કરવાનું લૌકિક કૃત્ય કર્યું. તેમનો ઉદ્દેશ બુદ્ધના સમયની પેઠે એક ભિક્ષુસંઘ સ્થાપી તેને નિર્વાણગામી બનાવવાનો ન હતો, પણ તેમનો ઉદ્દેશ એ હતો કે સમાજ વ્યાવહારિક જીવન જીવે તો તે અનાસક્તપણે જીવે અને માત્ર વાદવિવાદ કે ચર્ચાઓના વહેણમાં

તણાય નહીં.

સ્વરાજ્ય પ્રાપ્ત થયા પછી દેશમાં લોકશાહી બંધારણ ઘડાયું. તે અમલમાં આવતાં કેન્દ્રમાં સંસદ અને રાજ્યોમાં વિધાન સભાઓ શરૂ થઈ. ચૂંટાયેલ સભ્યો ચર્ચાઓ કરવા લાગ્યા. અનેક પ્રશ્નો જૂના હતા તે અને બીજા નવા પણ ચર્ચાવા લાગ્યા. નવા નવા કાયદાઓના ભારથી પોથાં ભરાય છે અને વકીલો તે જ ન્યાયધીશોનાં મગજ પણ એ ભારથી વધારે ને વધારે બોદાં અને બહેરાં થતાં જાય છે. આમ જોઈએ તો, સ્વરાજ્ય મળ્યા પછી, ઉપનિષદોના સમયની વિચાર-સ્વતંત્રતા આવી બીજી રીતે કહીએ તો, વિચારોની આંધી પણ આવી. દરેક પ્રશ્ન ચર્ચાય, પણ તેનો નિકાલ આવે નહીં અને આવે તો, જલદી કામમાં પરિણમે નહીં. અનેક સમિતિઓ નિમાય રિપોર્ટો આવે; તેનાથી મોટા કમરા ભરાય, પણ પરિણામે ઘણી વાર એમાંથી કશો સાર લોકોની નજરે ન ચડે.

જેમ પહેલાં ચર્ચાઓમાં, માત્ર ચર્ચાઓમાં, તેથી બુદ્ધિ રોકાતી અને ક્ષીણ થતી તેમ, લગભગ આની લોકશાહીમાં થતું દેખાય છે. લોકશાહીની પ્રશંસા જે રીતે થાય છે અને જે રીતે છપાય છે તે વાંચીને સાધારણ લોકો એમ માનવા લલચાય કે જાણે લોકશાહીનું સ્વર્ગ અહીં ઊતર્યું છે, પણ જે રીતે આ દેશમાં લોકશાહી કામ કરે છે તેનું સીધું અને સૌ જાણી શકે એવું પરિણામ એ આવ્યું છે કે કેન્દ્રમાં અને પ્રાન્તોમાં માત્ર વૈમનસ્ય વધ્યું છે ! આ વૈમનસ્ય વિરોધી પક્ષો અને કૉંગ્રેસ પક્ષ વચ્ચે જ નથી, પણ કૉંગ્રેસ પક્ષમાંય, એ વૈમનસ્ય હાડોહાડ વ્યાપી ગયું છે. ગમે તે દળ સત્તા ઉપર આવે. પણ બીજું દળ એનો આદર નહીં કરે. પરિણામે, એક દળ જે કાર્યક્રમ વિચારે કે ઘડે તેનું મૂલ્ય બીજું દળ ન આંકે, અને લોકો સંદેહમના વમળમાં જ સપડાય. આ રીતે જોઈએ તો પ્રજા સમક્ષ નિર્વિવાદપણે અમલમાં મૂકવાનો એવો એક પણ માર્ગ નથી રહ્યો કે જેને વિશે દરેક પક્ષ એકસરખી રીતે ભાર આપે અને લોકોને નિષ્ઠાપૂર્વક તે રીતે ચાલવાનું બળ મળે.

શ્રી નેહરુ મોટા માણસ. એમના પ્રત્યે લોકોની અસાધારણ ચાહના, પણ તેમનું મુખ્ય વલણ જ્ઞાનયોગી જેવું છે. તેઓ કર્મયોગને અંતરથી ચાહનાર છે, પણ તેમના કર્મયોગની લોકો ઉપર ઊંડી છાપ પડતી જ નથી. અને દેશની શક્તિ અત્યારની પરિસ્થિતિ પ્રમાણે એકાગ્ર થઈ કામ કરી શકતી નથી. જો મુખ્ય પુરુષ વિશે આમ હોય તો પછી બીજા પુરુષો વિશે તો કંઈ કહેવાનું રહેતું જ નથી.

દરેક જણ હવે ગાંધીજીનું નામ દે છે. એમના નામની પ્રતિષ્ઠા હવે એટલી બધી બંધાઈ છે કે તેમના નામ સિવાય કોઈ પણ પક્ષના કોઈ પણ માણસનો આરો જ નથી. પણ અંતે સવાલ એક જ રહે છે, અને તે એ કે શું આ લોકશાહીના વૈમનસ્યપ્રધાન વાતાવરણમાંથી તેમ જ સમય, શક્તિ અને ધનના બેફામ અવિવેકી વ્યયથી બચવાનો કોઈ માર્ગ દેશ સમક્ષ છે કે નહિ ? અને આવો માર્ગ ગાંધીજીની પેઠે મક્કમપણે લોક સમક્ષ મૂકનાર, તેને અમલમાં લાવનાર, કોઈ વ્યક્તિ છે કે નહિ ?

આ પ્રશ્નનો ઉત્તર અત્યારે તો શૂન્યમાં ભાસે છે. પણ ભારતની પ્રકૃતિ અને ઇતિહાસ જોતાં એમ લાગે છે કે કોઈ વ્યક્તિ એવી પાકવાની જે બુદ્ધ અને ગાંધીજીની પેઠે આ સમયમાં કામ આપે એવી નીવડશે. સંત વિનોબાજીની કઠોર તપસ્યા અને તેમનો જ્ઞાનયોગ, ભક્તિયોગ તથા કર્મયોગ જોતાં એમ વિચાર તો આવે જ કે જેવી વ્યક્તિની ખોટ અત્યારે દેખાય છે તેવી વ્યક્તિ શું વિનોબાજી નથી ? આનો ઉત્તર 'હા' અને 'ના'માં છે. 'હા'માં એટલા માટે કે વિનોબાજી ગાંધીજીના આદર્શ કર્મયોગી અનુગામી છે. 'ના'માં એટલા માટે કે સીધી રીતે દેશવ્યાપી તાત્કાલિક પરિણામ એમની તપસ્યાથી રાજકીય ક્ષેત્રમાં અને વિશાળ જનસમાજના માનસ ઉપર દેખાતું નથી. પણ એમની તપસ્યાનાં સુબીજો એવાં યોગ્ય રીતે વવાતાં જાય છે કે એને પરિણામે ભારતની કોઈ પ્રતિભા નવો અવતાર પામ્યા વિના રહી શકે નહીં.

– પ્રસ્થાન, ૧૯૬૩

•

# ૧૭. આદિમંગળ

આ સમ્મેલન છે લેખકોનું. લેખક એટલે લખનાર અને લખાવનાર लिखति लेखयति वेति लेखकः । આજે મોટે ભાગે લખનાર અને લખાવનાર બને અભિન્ન દેખાય છે. અપવાદ છે ત્યાં જ લખનાર એક અને લખાવનાર બીજો.

વ્યાસ અને ગણેશની વાર્તા જાણીતી છે. વ્યાસ લખાવનાર છે અને ગમેશ લખનાર. આજનો લેખક વ્યાસ પણ છે એ ગણેશ પણ છે. વ્યાસ અને ગણેશની વાત મહાભારતમાં છે ખરી, પણ તે ક્ષેપક ગણાય છે. ક્ષેપક હોય કે ન હોય, પણ તેનું રહસ્ય જેવું તેવું નથી. એ વાર્તા ત્રણે કાળના લેખકોનું પ્રતીકમાત્ર છે. જેણે એ કથા ઉપજાવી તે 'લેખક' શબ્દના બંને અર્થોનું રહસ્ય પામેલો છે. કથા કહે કે વ્યાસે બધાં શાસ્ત્રોનો અર્થ સારે એવું ભારત વિચારમાં અને કલ્પનામાં ગ્રથિત કર્યું ત્યારે આગળ એના અધ્યયનની પરંપરા કેમ ચાલુ રહે એ વિશે ચિન્તા થઈ. બ્રહ્માએ વ્યાસને કહ્યું કે ગણેશને સ્મરો. તે ઉપસ્થિત થઈ તમારું લેખન કાર્ય કરશે. સ્મરણ કરતાંવેંત ગણપતિ ઉપસ્થિત થયા અને વ્યાસે તેમને કહ્યું કે મેં જે મહાભારત મનથી કલ્પ્યું છે તેને હું કહેતો જાઉં અને તમે લખો. ગણપતિએ હા તો પાડી, પણ શરત મૂકી કે લખતા મારી લેખણ એક ક્ષણમાત્ર પણ ન થોભે તો જ હું લખું. વ્યાસે એ શરત કબૂલ કરતાં આદેશ કર્યો કે હું જે લખાવું તે લખો, પણ ક્યાંય વણસમજ્યે ન લખવું, અને લેખનકાર્ય ચાલ્યું.[1]

વ્યાસ કોણ હતા, કેવા હતા અને ક્યાં હતા ? ગણેશ પણ કેવા, કોણ

---

૧. एवमाभाष्य तं ब्रह्मा जगाम स्वं निवेशनम् ॥७४॥
ततः सस्मार हेरम्बं व्यासः सत्यवतीसुतः ।
स्मृतमात्रो गणेशानो भक्तचिन्तितपूरकः ॥७५॥
तत्राऽऽजगाम विघ्नेशो वेदव्यासो यतः स्थितः ।
पूजितश्चोपविष्टश्च व्यासेनोक्तः सदाऽनघ ॥७६॥

અને ક્યાં હતા ?—તે આપણે તો શું. આપણા પૂર્વજો પણ ભાગ્યે જ જાણતા હશે અને છતાં આપણે લેખક બધાય એ વ્યાસ અને ગણપતિને બરાબર જાણીએ છીએ, જાણીએ છીએ એટલું જ નહિ, પણ એ બંનેને આપણા અન્તર્ગૃહમાં સંઘરીએ પણ છીએ. તો પ્રશ્ન થશે કે શું આપણા ઘરમાં વ્યાસ અને ગણેશ બંને છે તે ક્યારે, ક્યાંથી અને કેવી રીતે આવ્યા અને ઘરમાં વાસ કરી રહ્યા. આનો ઉત્તર નીવડેલા લેખકોને આપવાનો તો હોય જ નહિ, પણ જેઓ ઊછરતા છે તેમને માટે ઉત્તર ઉપયોગી છે.

વ્યાસ એ લેખકમાં રહેલી પ્રતિભા છે—પ્રજ્ઞા છે—શાસ્ત્રીય પરિભાષા પ્રમાણે તે પશ્યન્તી છે, અને ગણપતિ એ મધ્યમા યા અન્તર્જલ્પ દ્વારા પ્રગટ થતી વૈખરી યા બહિર્જલ્પ છે. વ્યાસ એટલે સર્વ શાસ્ત્રો, સર્વ શિલ્પો અને સર્વ કળાઓનું સ્વસંવેદ્ય મૂળ કેન્દ્ર અને ગણેશ એટલે એ કેન્દ્રમાંથી પ્રગટ થઈ અનુક્રમે પરસંવેદ્ય થઈ શકે અર્થાત્ વક્તા અને શ્રોતાને ગ્રાહ્ય થઈ શકે એવું એનું સ્થૂળ અને બાહ્ય પ્રકટીકરણ.[1]

વ્યાસ અને ગણેશના સંવાદમાંથી આપણે લેખકોએ ઘણું શીખવાનું છે. વ્યાસ અર્થાત્ પ્રજ્ઞા જો થોડો પણ વિરામ લીધા વિના કે કે સ્વસ્થતા- પૂર્વક ઊંડાણમાં ઊતર્યા સિવાય ગણપતિરૂપ પ્રકટીકરણ ચાલુ જ રાખે તો એ રચના ક્યારેક નબળી પડે જ અને એનું શાશ્વતિક મૂલ્ય ન રહે. તેથી પ્રજ્ઞા ગમે તેવી સબળ હોય તોય એણે પોતાની રચનામાં મૌલિકત્વ સાચવી રાખવા અને વચ્ચે વચ્ચે સ્વસ્થતા સિદ્ધ કરવા વિરામ લેવો જ જોઈએ. એ જ રીતે એવો વિરામ મળે તે માટે પ્રથમ રચાઈને પ્રગટ થયેલ વૈખરી-કૃતિએ પણ બુદ્ધિગ્રાહ્ય બનવા જેટલો ચાલના પ્રતિચાલનાનો સમય લેવો જ જોઈએ. જો આમ ન થાય તો એ વૈખરી-કૃતિ પણ ઘણી વાર નિરર્થક બની જાય.

---

लेखको भारतस्याऽस्य भव त्वं गणनायक ।
मयैव प्रोच्यमानस्य मनसा कल्पितस्य च ॥७७॥
श्रुत्वैतत्प्राह विघ्नेशो यदि मे लेखनी क्षणम् ।
लिखतो नाऽवतिष्ठेत तदा स्यां लेखको ह्यहम् ॥७८॥
व्यासोऽप्युवाच तं देवमबुद्ध्वा मा लिख क्वचित् ।
ओमित्युक्त्वा गणेशोऽपि बभूव किल लेखक: ॥७९॥ –

મહાભારત, આદિપર્વ, અધ્યાય ૧

૧. सा सर्वविद्याशिल्पानां कलानां चोपबन्धनी ।
तद्वशादभिनिष्पन्नं सर्वं वस्तु विभज्यते ॥ —વાક્યપદીય, બ્રહ્મકાંડ, શ્લો. ૧૨૫

ઉપર સૂચવેલ રીતે વિચારીએ તો પશ્યન્તીને પણ આવરણ સંભવે અને વૈખરીને પણ. જો બંને આવરણ સંભવે અને વૈખરીને પણ જો બંને આવરણ નિવારી ઉત્તમ કૃતિ સર્જવી હોય અને તેને પરિપૂર્ણ પણ કરવી હોય તો પરમ્પરા પ્રમાણે લેખકોએ મંગળ કરવું જોઈએ. समाप्तिकामो मंगलमाचरेत्

હું જાણું છું કે આજે કોઈ લેખક ભાગ્યે જ મંગળ કરે છે. સંભવ છે કે આને લીધે જ આજકાલની કૃતિઓ જોઈએ તેવી સત્ત્વસંપન્ન નીવડતી ન હોય. અને મંગળ વિના પણ કોઈ કૃતિ ખરેખર સત્ત્વસંપન્ન રચાતી હોય તો એમ માનવું રહ્યું કે એનો રચયિતા ઋષિ છે યા એણે પૂર્જન્મમાં મંગળ કર્યું છે.

જે ખરેખર ઋષિ, તપસ્વી અને ધ્યાની હતા તેઓ તો પુરાકાળમાં ક્યારેય મંગળ ન રચતા. તેમની કૃતિઓ જ સ્વયં મંગળ બની રહેતી[1]. તેથી જ તો વૈદિક ઋષિઓએ કે જૈન, બૌદ્ધતીર્થંકરોએ પોતપોતાની કૃતિઓના પ્રારંભમાં મંગળ રચ્યું નથી. જો આવું ઋષિત્વ અને તીર્થંકરત્વ ઓસર્યું અને ન રહ્યું ત્યારે જ ગ્રન્થના પ્રારંભમાં મંગળ કરવાનો પ્રઘાત શરૂ થયો કેમ કે તેમને ઋષિ જેટલો આત્મવિશ્વાસ ન હતો. આવી મંગળપ્રથાને લીધે પણ આપણને ઉત્તમ પ્રકારનું વિપુલ સાહિત્ય નિર્વિઘ્ને મળ્યું છે. પરંતુ મંગળની નિર્વિઘ્નસમાપ્તિરૂપ ફલશ્રુતિ પરત્વે તાર્કિકો કાંઈ ચૂપ બેસી રહે તેવા ન હતા. તેથી એ વિશે જે ઊહાપોહ થયેલો મળે છે તે બહુ વિસ્તૃત અને બહુમુખી પણ છે. એની લાંબી ચર્ચાનું આ સ્થાન નથી, પણ નવયુંગના જે લેખકોએ પોતામાં ઋષિત્વના વિશ્વાસથી મંગળ કરવું છોડી દીધું હોય અગર તો નાસ્તિકતાને લીધે એ છોડી દીધું હોય તેમની સમજ ખાતર મંગળ કરવા ન કરવાની ચર્ચા પ્રત્યે લેખકોનું ધ્યાન ખેંચવું રસપ્રદ થઈ પડશે.

એમ લાગે છે કે મૂળમાં મંગળકૃત્ય લૌકિક પ્રવૃત્તિ અને ધાર્મિક વિધિવિધાનોની આસપાસ શરૂ થયેલું એનું પ્રેરક તત્ત્વ કુમારસંભવમાં પાર્વતી બટુકવેશધારી બ્રહ્મચારીને કહે છે તેમ વિપત્તિ નિવારવા અને સંપત્તિ મેળવવાની આશામાં હતું.[2] આગળ જતાં મંગળના જે લૌકિક અને લોકોત્તર

---

૧. लौकिकानां हि साधूनामर्थं वागनुवर्तते ।
ऋषीनां पुनराद्यानां वाचमर्थोऽनुधावति ॥

ઉત્તરરામચુરિત, અંક ૧

૨. विपत्प्रतीकारपरेण मङ्गलं
निषेव्यते भूतिसमुत्सुकेन वा ।

એવા બે પ્રકારો-વર્ણવાયેલા મળે છે તે એ જ આશાપાશ અને આશાપાશ—મુક્તિનું પરિણામ છે. આશાએ કરાયેલું મંગળ લૌકિક અને બીજું લોકોત્તર.

જ્યારે લગ્ન, પ્રવાસ, ઉત્સવ અને નાટ્યપ્રયોગ આદિમાં નિર્વિઘ્ન સમાપ્તિ માટે મંગળપ્રથા રૂઢ થઈ ત્યારે ગ્રન્થકારોને પણ એમ થયું કે તેમણે પોતાની કૃતિ નિર્વિઘ્ન સમાપ્ત થાય એ માટે મંગળ કરવું. આ વિચારમાંથી ગ્રંથપ્રારંભે મંગળ કરવાની પ્રથા ચાલુ થઈ, પણ અનેક ગ્રન્થકારો એવા પણ હતા કે જેમને મંગળ કરવાની કોઈ આવશ્યકતા ન લાગી. જેઓ મંગળ કરવામાં માનતા તેમને એ વિધિ અનિવાર્ય લાગ્યો. તેમણે એ વિધિ અનિવાર્ય લાગ્યો. તેમણે એ અર્થે પોતાનો તર્કવાદ સ્થાપ્યો, તો સામે પક્ષે બીજાઓએ એવી પણ દલીલો કરી કે મંગળ ન કર્યા છતાંય નાસ્તિકોના ગ્રન્થ પૂરા થયા છે અને મંગળ કર્યા છતાંય કેટલાક આસ્તિકોના ગ્રન્થ અધૂરા પણ રહ્યા છે. આનો રદિયો વૈદિક, જૈન આદિ બધા જ તાર્કિકોએ સબળપણે આપ્યો છે અને તેમાંથી મંગળવાદ કે મંગળવાદરહસ્ય જેવાં ગંભીર પ્રકરણો પણ રચાયાં છે.

આજના સંમેલનમાં મને મંગળ પ્રવચન કરવા કહ્યું ત્યારે હું એનો એક અર્થ એ તારવું છું કે બધા જ લેખકો પોતપોતાની કૃતિ નિર્વિઘ્ન પૂર્ણ થયા પછી અર્થક્ષેત્રે પ્રતિષ્ઠિત થાય તે માટે, નહિ કે તે પૂર્ણ થાય તે માટે, મંગળના કર્તવ્યાકર્તવ્ય વિશેની શંકા નિવારવા મને કાંઈક કહેવા સૂચવે છે.

હું આસ્તિક તરીકે, ખાસ કરી અર્થોપાસનાના આસ્તિક તરીકે, બધા એવા આસ્તિક લેખકોને કહેવા ઇચ્છું છું કે તેઓ મંગળ વિના કૃતિઓ રચશે તો અર્થક્ષેત્રે પ્રતિષ્ઠા નહિ પામે. આપણા તાર્કિક પૂર્વજોએ મંગળ કઈ કઈ રીતે થાય એના પણ અનેક પ્રકારો સૂચવ્યા છે. તેમાં હું એક નવા પ્રકાર લેખે વિશિષ્ટ તજ્જ્ઞ પાસે લખાવાતા આમુખ કે આદિવચનનો પણ સમાસ કરું છું. ભલે એ ગ્રંથ પૂરો થયા પછી થતું હોય, પણ એને મનમાં રાખ્યું એટલે માનસિક મંગળ તો થઈ ગયું. વળી, આપણા તાર્કિકોએ પૂર્વજન્મ સુધી હાથ લંબાવ્યો છે, એટલે કશું તેવું મંગળ કર્યા વિના ગ્રંથ પૂર્ણ થાય તેમજ અર્થકર ને યશસ્કર નીવડે તો એ પૂર્વજન્મકૃત મંગળનું પરિણામ સમજવું. વળી,

---

जगच्छरण्यस्य निराशिषः सतः
किमेभिराशोपहतात्मवृत्तिभिः ॥

—કુમારસંભવ, ૫. ૭૬

લેખકો આ જન્મે ગોળધાણા કે એવું બીજું કાંઈ મંગળ કરશે તો આ જન્મ ઉપરાંત જન્માન્તરે પણ એટલે કે તેમના વંશવારસદારોને માટે પણ એ મંગળ આર્થિક કલ્પદ્રુમ બની રહેશે !

મંગળ પ્રવચનનો પહેલો અંક પૂરો થયો. હવે બીજામાં પ્રવેશીએ. વચન અને પ્રવચન એ બે એક નથી. વચન રોજિંદું છે જ્યારે પ્રવચન એ પ્રકૃષ્ટ વચન હોઈ તેનો ભાવ વધારે ઊંડો છે. એના મૂળમાં સ્વાધ્યાય સમાયેલો છે. ઉપનિષદના એક ઋષિએ જ્યારે સ્વાધ્યાય અને પ્રવચનને જ તપ કહ્યું ત્યારે એ તપ કોઈ ભૂખમરા કે માત્ર અશનત્યાગનું નહિ, પણ જુદા જ પ્રકારનું વિવક્ષિત છે.[1] જેમાંથી તવાઈને પાર ઊતરાય તે તપ. પણ સ્વાધ્યાય-પ્રવચનની તાવણી એ કોઈ સામાન્ય તાવણી નથી. સ્વાધ્યાય અને પ્રવચન એ તપ હોઈ પોતે જ મંગળ અને માંગલિક છે, તેથી હવે જરા એનું તાત્ત્વિક સ્વરૂપ વિચારીએ.

મંગળનો એક પર્યાય નાંદી પણ છે. નાટ્યશાસ્ત્રમાં અને નાટકોમાં નાદીનો અવશ્યકર્તવ્યરૂપે વિધિ છે.[2] એ નાંદી શબ્દ જ પ્રાકૃતમાં નંદીરૂપે વ્યવહરાય છે. જૈન પરમ્પરાએ એ નન્દી શબ્દ અત્યન્ત આદરપૂર્વક સાચવી રાખ્યો છે. નાટ્યવિધિમાં પૂર્વરંગના એક ભાગ લેખે જે નાંદીનો વિધિ છે તે સ્થૂળ અને ઉપકરણસાધ્ય હોઈ જૈન પરિભાષા પ્રમાણે દ્રવ્ય-નંદી કહેવાય. જૈન પરંપરા જેને ભાવનંદી યા પરમાર્થ નંદી કહે છે તે જ્ઞાન. ચેતનાની બધી જ જ્ઞાનકક્ષાઓ ભાવનંદી છે. એ જ્ઞાનકક્ષાઓના જૈન પરંપરાએ પાંચ ભેદ દર્શાવ્યા છે, પણ ખરી રીતે એ બે ભેદમાં સમાઈ જાય છે. જ્ઞાનકક્ષાનો એક પ્રકાર એ છે કે જેમાં ઇન્દ્રિય, મન, ગ્રંથ આદિ અન્ય નિમિત્તો દ્વારા પ્રાપ્ત થતાં બધાં જ જ્ઞાનો આવી જાય છે. આને પરોક્ષ યા પરાવલંબી જ્ઞાન

---

૧. (१) स्वाध्यायप्रवचने एवेति नाको मौद्गल्यः ।
तद्धि तपस्तद्धि तपः । (२) स्वाध्यायप्रवचनाभ्यां न प्रमदितव्यम् ।
—તૈત્તિરીય ઉપનિષદ, વલ્લી ૧, અનુવાક ૯ અને ૧૧

૨. (२) प्रत्याहारादिकान्यङ्गान्यस्य भूयांसि यद्यपि ।
तथाप्यवश्यं कर्तव्या नान्दी विघ्नोपशान्तये ॥
—સાહિત્યદર્પણ ૬. ૨૩

નાટ્યપ્રદીપમાં 'નાન્દી' પદની વ્યુત્પત્તિ આ પ્રમાણે કરી છે :—

नन्दन्ति काव्यानि कवीन्द्रवर्गाः
कुशीलवाः पारिषदाश्च सन्तः ।
यस्मादलं सज्जनसिन्धुहंसी तस्मादियं सा कथितेह नान्दी ॥

કહેવાય. બીજો પ્રકાર એ છે કે જેમાં બાહ્ય કોઈ પણ નિમિત્ત વિના ચેતનામાં દર્શન ઉદ્‌ભવે. એને પ્રત્યક્ષ જ્ઞાન કહી શકાય. પ્રત્યક્ષ જ્ઞાન એ માત્ર આત્માવલંબી છે, જ્યારે પરોક્ષ જ્ઞાન પરાવલંબી છે. પ્રત્યક્ષ એ પારમાર્થિક છે, પરોક્ષ એ વ્યાવહારિક છે.

જૈન પરંપરાની નંદીરૂપે જે જ્ઞાનચર્યા છે તે એની આવી ભાસે છે, પણ જો ભર્તૃહરિની એ વિષયની ચર્ચા સાથે સરખાવીએ તો એમ જણાયા વિના નહિ રહે કે એક જ વાત જુદી જુદી પરંપરાઓમાં જુદી જુદી રીતે સચવાઈ રહી છે.

ભર્તૃહરિ ભાષાનું સ્વરૂપ વર્ણવતાં પશ્યન્તી અને પરાથી વૈખરી સુધી વિચાર કરે છે.[1] ભર્તૃહરિની પશ્યન્તી એ જ જૈન પરમ્પરાની પ્રત્યક્ષ જ્ઞાનકક્ષા છે. પશ્યન્તી યા પારમાર્થિક પ્રત્યક્ષમાં વસ્તુનો જે ભાસ બીજરૂપે સૂક્ષ્મ હોય છે તે જ વૈખરીરૂપે યા પરોક્ષરૂપે આવિર્ભાવ પામ્યા પહેલાં મધ્યમા યા અન્તઃશ્રુતનું રૂપ ધારણ કરે છે. આ વખતે વિચાર અને ભાષા બંને એકમેકથી અભિન્ન અને એકમેકમાં ઓતપ્રોત હોય છે. એ અંતર્જલ્પ કાળમાં ભાષાનો રણકાર વિચારલહરીથી જુદો નથી પડી શકતો. એ જ સ્થિતિ મૂળે सम्पृक्तौ वागर्थौ છે. જો વિચારમાંથી વાણી સરી જાય તો એ વિચાર વિચાર જ અર્થાત્ પ્રકાશક જ ન રહે[2]. જ્યારે આ સ્થિતિમાંથી ભાષા એના અવિભાજ્ય અંગ જેવા વિચારનું વાહન બની વિવિધ કરણો અર્થાત્ પ્રયત્નો દ્વારા શ્રુતિગમ્ય બને છે—ઇતર શ્રોતાઓમાં વિચારસંક્રાન્તિનું સાધન બને છે ત્યારે તે વૈખરી યા બહિર્જલ્પ કહેવાય છે. અહીં પ્રસંગવશ એ પણ જાણી લેવું ઘટે કે વિચારના ઉદ્‌ભવ અને અભિવ્યક્તિનું સહજ એવું માધ્યમ તો માતૃભાષા જ હોઈ શકે.

ભર્તૃહરિના વાક્યપદીય અને દેવવાચકના નંદીસૂત્ર બંનેના મૂળમાં વક્તવ્ય એ છે કે વચન યા વૈખરીનું મૂળ સ્વપ્રકાશ ચેતના છે. જે ઋષિએ

---

૧. वैखर्या मध्यमायाश्च पश्यन्त्याश्चैतदद्भुतम् ।
अनेकतीर्थभेदायास्त्रय्या वाचः परं पदम् ॥

—વાક્યપદીય, બ્રહ્મકાંડ, શ્લો. ૧૪૩

૨. न सोऽस्ति प्रत्ययो लोके यः शब्दानुगमादृते ।
अनुविद्धमिव ज्ञानं सर्वं शब्देन भासते ॥
वाग्रूपता चेन्निष्क्रामेदवबोधस्य शाश्वती ।
न प्रकाशः प्रकाशेत सा हि प्रत्यवमर्शिनी ॥

—વાક્યપદીય, બ્રહ્મકાંડ, શ્લો. ૧૨૩-૨૪

પ્રવચન સાથે સ્વાધ્યાયને તપ કહ્યું તેણે માત્ર ગ્રંથના સ્વાધીન અધ્યયને સ્વાધ્યાય નથી કહ્યો પણ તેથી આગળ જઈ એણે સ્વનો–પરા વાણી યા પ્રત્યક્ષ ચેતનાનો અધ્યાય યા આકલન કરવાનું સૂચવ્યું છે. જેટલે અંશે એવું આકલન વિશુદ્ધ અને એકાગ્ર તેટલે અંશે એમાંથી ઉદ્ભવતું પ્રવચન એ તપ, મંગળ યા નાંદી.

પ્રતિભા, પશ્યન્તી યા મૂળ ચેતના એ બધી વિદ્યાઓ, બધાં શિલ્પો અને બધી કલાઓનું પ્રભવસ્થાન છે એ ખરું, પણ એને સંસ્કારવાની અનિવાર્ય આવશ્યકતા રહે જ છે. એને સંસ્કારવાના વિષયભેદે ઉપાયો જુદા જુદા અને વિવિધ છે, છતાં એનો સર્વસાધારણ એક મુખ્ય ઉપાય એ છે કે લેખકે અને કળાકારે સતત અંતર્મુખતા અને એકાગ્રતા વધારવા સાથે વાસનાઓના દબાણથી પણ મુક્ત રહેવા યત્નશીલ રહેવું તો જ તે પ્રતિભા મંગળરૂપ બને.

લેખકો પોતે વ્યાસ તો છે જ. જ્યારે તેઓ વૈખરી દ્વારા ગણપતિ બને છે ત્યારે તેઓ પોતપોતાના વિષયને લગતા વાચકગણના ઈશ યા પતિ બને છે, એટલે કે તેમને દોરવણી આપવાનું સૂત્ર હાથમાં લે છે. આ અર્થમાં લેખકોનું ગણપતિપદ બહુ જવાબદારીવાળું ગણાય

મૂળ પ્રજ્ઞા અર્થાત્ સ્વાધ્યાય અને એમાંથી ઉદ્ભવતું પ્રવચન એ બધું જ જ્યાં મંગળ હોય ત્યાં આદિ, મધ્ય કે અન્ત્ય મંગળની શાસ્ત્રીય પરંપરા એ માત્ર વ્યવહારરૂપ બની રહે છે. આં દૃષ્ટિએ કોઈ એકનું મંગળ પ્રવચન અને બીજાઓનું મંગળ શ્રવણ એ ભેદ વાસ્તવિક નથી. વાસ્તવિક સત્ય તો એ છે કે આપણે બધા જ સ્વતઃ સિદ્ધ અખંડમંગળ છીએ !

– બુદ્ધિપ્રકાશ

●

## ૧૮. જીવનદૃષ્ટિમાં મૌલિક પરિવર્તન

ઇતિહાસના આરંભમાં વર્તમાકૃન જીવન પર જ વધુ ભાર આપવામાં આવતો હતો. પરલોકના જીવનની વાતો આપણે સુખસગવડમાં કે ફુરસતના સમયમાં જ કરતા હતા. વેદોના કથનાનુસાર 'चरैवेति चरैवेति चराति चरतो भग:' અર્થાત્ ચાલો; ચાલો, ચાલો, ચાલનારનું જ ભાગ્ય ચાલે છે. આ સૂત્રને જ આપણે જીવનનો મૂળ મંત્ર માન્યો છે.

પરંતુ આજે આપણી જીવનદૃષ્ટિ તદ્દન બદલાઈ ગઈ છે. આજે આપણે આ જીવનની ઉપેક્ષા કરી પરલોકનું જીવન સુધારવાની વધારે ચિંતા કરીએ છીએ. આનું દુષ્પરિણામ એ આવ્યું કે જીવનમાં પરિશ્રમ અને પુરુષાર્થ કરવાની આપણી ટેવ તદ્દન ચાલી ગઈ છે. પુરુષાર્થની ખામીથી આપણું જીવન તદ્દન કૃત્રિમ અને પોલું થતું જાય છે. જેવી રીતે ઘેર બાંધી રાખેલી ગાય-બકરીનું દૂધ જંગલમાં ચરતી ગાય-બકરીનાં દૂધ કરતાં ઓછું લાભદાયક હોય છે, તેવી રીતે ઘરમાં બંદીવાન બનેલ સ્ત્રીઓનાં બાળકો પણ શક્તિશાળી બની શકતાં નથી. પહેલાં ક્ષત્રિયોનાં બળ અને પરાક્રમ પ્રસિદ્ધ હતાં, પરંતુ પછી વિલાસિતા અને અકર્મણ્યતામાં ઉછરેલા રાજા-મહારાજાઓનાં બાળકો તો બહુ જ અશક્ત અને પુરુષાર્થહીન પેદા થયાં. પહેલાંના ક્ષત્રિયોની જેમ એ લોકો ન પદયાત્રા કે ઘોડેસવારી કરી શક્યા, કે ન કોઈ જાતનો શ્રમ કરી શક્યા. એ જ રીતે વૈશ્યોમાં પણ પુરુષાર્થની હાનિ થઈ છે. પહેલાં તેઓ અરબસ્તાન, ઈરાન, મિસર, બાલી, સુમાત્રા, જાવા વગેરે દૂર-દૂરના દેશોમાં જઈ વેપાર-વાણિજ્ય કરતા હતા, પરંતુ હવે તેમનામાં તે પુરુષાર્થ નથી. હા, પરદેશ ખેડાય છે, પરંતુ એમાં પુરુષાર્થ જેવું નહિવત્ હોય છે. એશઆરામ અને આળસ આજે વૈશ્યોનાં જીવનમાં ઘર કરી ગયા છે.

રૂઢિગ્રસ્ત સમાજમાં આજે આપણે જેને જોઈએ તે પુરુષાર્થ અને કર્મ

કરવાને બદલે ધર્મકર્મ અને પૂજાપાઠને નામે જ્ઞાનની શોધમાં વ્યસ્ત જણાય છે. પરમેશ્વરની ભક્તિ તો તેમના ગુણોનાં સ્મરણ, તેમના સ્વરૂપની પૂજા અને તેમના પ્રત્યેની શ્રદ્ધામાં રહેલી છે. પૂજાનો મૂળમંત્ર છે. 'सर्वभूतहिते रतः' દરેક પ્રાણીનાં હિતમાં રત છે. આનો અર્થ એ કે, આપણે બધા સાથે સારી વર્તણૂક રાખીએ અને બધાના કલ્યાણની વાત વિચારીએ. સાચી ભક્તિ તો બધાના સુખમાં નહીં, પરંતુ દુઃખમાં સાથીદાર થવામાં છે. એ રીતે જ્ઞાન એટલે આત્મજ્ઞાન જડ છીએ ભિન્ન, ચેતનનો બોધ થાય તે સાચું જ્ઞાન છે. માટે ચેતન પ્રત્યે આપણી શ્રદ્ધા વધારે હોવી જોઈએ અને જડ પ્રત્યે ઓછી, પરંતુ આપણી શ્રદ્ધા જડમાં છે કે ચેતનમાં એ વાતની કસોટી શી ? દાખલા તરીકે એક બાળકે કોઈ ધર્મપુસ્તક પર પગ મૂકી દીધો. આ અપરાધને માટે આપણે તેને તમાચો મારી દઈએ છીએ, કારણ કે આપણી દૃષ્ટિએ ચેતન બાળક જડ પુસ્તક કરતાં તુચ્છ છે.

જો સાચા અર્થમાં આપણે જ્ઞાનમાર્ગનું અનુસરણ કરીએ તો સદ્‌ગુણોનો વિકાસ થવો જોઈએ, પરંતુ થાય છે ઊંધું. આપણે જ્ઞાન માર્ગને નામે વૈરાગ્ય લઈને લંગોટી ધારણ કરીએ છીએ, શિષ્યો બનાવીએ છીએ અને આલોકની સાંસારિક જવાબદારીઓથી મુક્ત થઈએ છીએ. જ્યારે વૈરાગ્યનો સાચો અર્થ એ કે જેના પર રાગ હોય તેનાથી વિરક્ત થવું. પરંતુ આપણે તો વૈરાગ્ય લઈએ છીએ આવશ્યક જવાબદારીઓમાંથી અને કરવા યોગ્ય કામોમાંથી. આપણે વૈરાગ્યને નામે જીવનના કર્મમાર્ગ પરથી ખસી જઈને અપંગ પશુની માફક બીજાઓ પાસે સેવા કરાવવા તેમના મસ્તક પર સવાર થઈ જઈએ છીએ. વાસ્તવમાં થવું તો એમ જોઈએ કે પરલોકના જ્ઞાન વડે આલોકનું સંસારનું જીવન ઉચ્ચ બને, પરંતુ પરલોકના નામે અહીંના જીવનની જે જવાબદારીઓ છે તેમાંથી મુક્તિ મેળવવાની ચેષ્ટા કરવામાં આવે છે.

જ્ઞાનમાર્ગને નામે લોકોએ જે વિલાસિતા અને સ્વાર્થાંધતાનું આચરણ કર્યું છે તેનું પરિણામ સ્પષ્ટ થતું જાય છે. એ બહાના હેઠળ જે કવિતાઓ રચવામાં આવી તે ઘણીખરી તો શૃંગારપ્રધાન છે. સ્પષ્ટ અને સીધા-સરળ અર્થમાં કહીએ તો આપણાં ભજનો અને ગીતોમાં જે વૈરાગ્યની છાપ છે તેમાં બળ કે કર્મની તો ક્યાંય ગંધ સરખી પણ નથી. તેમાં છે યથાર્થતા અને જીવનનાં નક્કર સત્યોથી પલાયન થવાનું. મંદિરો અને મઠોમાં થતાં કીર્તનો સંબંધી પણ આ જ વાત કહી શકાય. મંદિરો અને મઠોના ધ્વંસની ઈતિહાસમાં જેટલી ઘટનાઓ છે, તેમાંથી એક બાબત તો તદ્દન સ્પષ્ટ છે કે

દૈવીશક્તિની દુહાઈ આપનારા પૂજારીઓએ કે સાધુઓએ તેના રક્ષણ માટે કદી પ્રાણ આપ્યો ન હતો. બખ્તિયાર ખીલજીએ દિલ્હીથી માત્ર ૧૬ ઘોડેસવાર લઈને બિહારયુક્તપ્રાંત વગેરે જીત્યા અને બંગાળમાં જઈને લક્ષ્મણસેનને પણ હરાવ્યો. જ્યારે તેણે સાંભળ્યું કે પરલોક સુધારનારાઓના દાનથી મંદિરોમાં ઘણું દ્રવ્ય એકઠું થયું છે, મૂર્તિઓમાં પણ રત્નો ભર્યાં છે ત્યારે તેણે તેમને લૂટ્યાં અને મૂર્તિઓ તોડી.

જ્ઞાનમાર્ગના અનુયાયીઓએ જેવી રીતે સંકીર્ણતા ફેલાવી, તેનાથી માત્ર તેમનું જ નહિ, પણ કોણ જાણે કેટલાય લોકોનાં જીવન દુઃખમય બન્યાં. ઓરિસામાં કાલાપહાડ બ્રાહ્મણ હતો, પરંતુ એક મુસલમાન સ્ત્રી સાથે તેને પ્રેમ થઈ ગયો, પણ બ્રાહ્મણો આ કેવી રીતે ચલાવી લે ? તેમણે તેને ન્યાતબહાર મૂક્યો. તેણે કેટલીય ખુશામત કરી, માફી માગી, પણ કોઈએ તેને સાંભળ્યો નહીં. છેવટે તેણે કહ્યું કે જો હું પાપી હોઈશ તો જગન્નાથની મૂર્તિ મને દંડ દેશે, પણ મૂર્તિ શું દંડ આપે ? આખરે તે મુસલમાન થઈ ગયો. પછી તેણે માત્ર જગન્નાથની મૂર્તિ જ નહીં, પરંતુ બીજી સેંકડો મૂર્તિઓ તોડી મંદિરો લૂંટ્યાં. જ્ઞાનમાર્ગ અને સ્વર્ગ સુધારવાના મિથ્યા આયોજનની સંકીર્ણતાને લીધે કોણ જાણે આવા કેટલાંય અનર્થો થાય છે અને ઢોંગ-પાખંડને આશ્રય મળ્યો છે. પહેલાં શાકદ્વીપી બ્રાહ્મણ હોય તે જ તિલકચંદન લગાવી શકતો, પણ પરિણામ એ આવ્યું કે તિલકચંદન લગાડનાર બધા જ લોકો શાકદ્વીપી બ્રાહ્મણ ગણાવા લાગ્યા ! પ્રતિષ્ઠાને ખાતર એ બાહ્યાડંબર એટલો તો વધી ગયો કે ત્રીજી-ચોથી શતાબ્દીમાં આવેલા પરદેશીઓ પણ દક્ષિણમાં તિલક-જનોઈ રાખવા લાગ્યા હતા.

આ જ્ઞાનમાર્ગની રચનાત્મક દેણ પણ છે. તેનાથી સદ્‌ગુણોનો વિકાસ થયો, પરંતુ સ્વર્ગ સંબંધી જ્ઞાનને નામે જે સદ્‌ગુણોનો વિકાસ થયો છે, તેના ઉપયોગના ક્ષેત્રને હવે બદલવું જોઈએ. એનો ઉપયોગ આપણે આ જીવનમાં જ કરવો પડશે. રોકફેલર જેવાઓનું ઉદાહરણ આપણી સમક્ષ છે. તેમણે ઘણું દાન કર્યું, ઘણી સંસ્થાઓ ખોલી, પરંતુ એટલા માટે નહીં કે તેમનો પરલોક-બીજો જન્મ સુધરે, પરંતુ એટલા માટે કે કેટલાય લોકોના આ લોકનું સાંસારિક જીવન સુધરે. સદ્‌ગુણોનો જો આજીવનમાં વિકાસ થશે તો તે પરલોક સુધી પણ સાથે જશે. સદ્‌ગુણોનો જે વિકાસ છે તેનું વર્તમાન જીવનમાં આચરણ કરવું એ જ ખરો ધર્મ અને ખરું જ્ઞાન છે.

પહેલાં જે લોકો પરલોકના જ્ઞાનની સાધનામાં વધારે સમય અને શક્તિ

વાપરતા હતા, તેમની પાસે સમય અને જીવનની સગવડોની ઊણપ ન હતી. એ કાળે જેટલા લોકો આ દેશમાં હતા, તેમને માટે ફળ અને અન્ન ઘણાં મળી રહેતાં. દૂઝણાં પ્રાણીઓની કમી ન હતી, કારણ પશુપાલન બહુ સસ્તું હતું. ચાળીસ હજાર ગાયોનું એક ગોકુલ કહેવાતું, એ સમયે આવા ગોકુળ રખેવાળોની સંખ્યા ઓછી ન હતી. માળવા, મેવાડ, મારવાડ આદિની ગાયોનાં જે વર્ણન મળે છે, તેમાં ગાયોના ઉદરની તુલના સારનાથમાં રાખેલા 'ઘટોઘ્નિ'' સાથે કરવામાં આવી છે. આ ઉપરથી અનુમાન કરી શકાય કે તે ગાયો કેટલું દૂધ આપતી હશે. કામધેનું કોઈ દૈવી ગાય ન હતી, પરંતુ એ સંજ્ઞા ગમે ત્યારે દૂધ આપતી ગાયને માટે વપરાતી હતી. અને આવી ગાયોની પણ અછત ન હતી. જ્ઞાનમાર્ગના જે પ્રચારક (ઋષિ) જંગલોમાં રહેતા હતા, તેમને માટે કંદમૂળ, ફળ અને દૂધની અછત ન હતી. ત્યાગનો આદર્શ તેમને માટે હતો. તેમનામાં ઉપવાસની શક્તિ હતી, કારણ તેની આગળ-પાછળ તેમને પૂરતું પોષણ મળતું હતું, પરંતુ આજે લોકો શહેરોમાં રહે છે, પશુધન ક્ષીણ થઈ રહ્યું છે અને માનવી અશક્ત તથા અકર્મણ્ય થતો જાય છે. ઈ. સ. ૧૯૪૩ બંગાળના દુષ્કાળમાં ભિખારીઓમાંનો મોટો ભાગ સ્ત્રીઓ અને બાળકોનો જ હતો, સશક્ત પુરુષો એમને મૂકીને ચાલ્યા ગયા હતા. માત્ર અશક્ત બાકી રહ્યા હતા, જે માંગીને પેટ ભરતા હતા.

મારું કહેવાનું તાત્પર્ય એ છે કે આપણે આપણી જીવન-દૃષ્ટિમાં મૌલિક પરિવર્તન કરવું જોઈએ. જીવનમાં સદ્‌ગુણોનો વિકાસ આલોકને સુધારવા માટે કરવો જોઈએ. આજે એક બાજુ આપણે આળસુ, અકર્મણ્ય અને પુરુષાર્થહીન થતા જઈએ છીએ અને બીજી બાજુ પોષણની અછત તથા દુર્બળ સંતાનોની વૃદ્ધિ થતી જાય છે. ગાય રાખી આખા ઘરને સારું પોષણ આપવાને બદલે લોકો મોટર રાખવામાં વધુ ડહાપણ સમજે છે. આ ખોટા ખ્યાલ છોડવા જોઈએ અને પુરુષાર્થવૃત્તિ પેદા કરવી જોઈએ. સદ્‌ગુણોની કસોટી વર્તમાન જીવન જ છે. એમાં સદ્‌ગુણોને અપનાવવાથી અને તેમનો વિકાસ કરવાથી આલોક અને પરલોક બંને સુધારી શકાય છે.

— જીવન માધુરી, નવેમ્બર - ૧૯૫૭

●

# ૧૯. દાર્શનિક વિવરણ

## (૧) જૈન દર્શન

"ડૉ. રાધાકૃષ્ણને અહિંસા, અનેકાન્ત, સમ્યક્ ચારિત્ર આદિ જૈન પરંપરામાં પ્રસિદ્ધ એવી પરિભાષાઓ લઈ તેના અર્થની તથા તેને આધારે વૈયક્તિક તેમ જ સામુદાયિક જીવન કેમ જીવવું એની માર્મિક સમજણ અદ્ભુત કૌશલ અને છટાથી આપી છે. આ બાબત જન્મજાત જૈન તરીકે મારે કાંઈક કહેવું જોઈએ. અત્રે ઉપસ્થિત ભાઈબહેનોમાં જેઓ જૈન હશે તેમને એમ લાગવાનો સંભવ છે કે ડૉ. રાધાકૃષ્ણને જૈન સિદ્ધાન્તોનું વિવરણ કરી જૈન સમુદાયનું ગૌરવ વધાર્યું છે, પણ મારું મન આમ માની લેવા તૈયાર નથી. હું તો એમ માનું છું કે ડૉ. રાધાકૃષ્ણને જૈન સિદ્ધાન્તોનું વ્યાપક દૃષ્ટિએ વિવરણ કરી જૈનોને તેમની જવાબદારીનું ભાન થાય એવી અહિંસક ચીમકી આપી છે. અહિંસાના ઉત્કૃષ્ટ સિદ્ધાતના અનુયાયી હોવાનો દાવો કરનાર આપણે જૈનો હરિજન પ્રત્યે કેવો વ્યવહાર રાખીએ છીએ તે કાંઈ ડૉ. રાધાકૃષ્ણનથી અજાણ્યું નથી. આપણાં ધર્મસ્થાનોની સ્વચ્છતા જાળવવા તેમ જ આપણા ધર્મગુરુઓનું નીરોગી જીવન સાચવવા તો આપણે હરિજનોને ઘરમાં જ નહિ પણ ધર્મસ્થાનો સુધ્ધાંમાં બોલાવીએ છીએ, આવવા દઈએ છીએ, પણ એ જ ધર્મસ્થાનોમાં માનવતાની દૃષ્ટિએ તેમને દાખલ થતા આપણે રોકીએ છીએ, જ્યારે એમાં કૂતરાબિલાડાના પ્રવેશને અધર્મ લેખતા નથી. આવો સ્વાર્થ અને અજ્ઞાનમૂલક ભેદભાવ નભાવ્યે જનાર જૈન વર્ગ સામે જ્યારે અહિંસા-સિદ્ધાન્તનું માર્મિક વિવરણ થાય ત્યારે સમજવું એ જ રહ્યું કે એ વિવરણ આપણી અક્ષમ્ય ભૂલ સુધારવા માટે છે. એ જ રીતે ડૉ. રાધાકૃષ્ણને અનેકાન્તદૃષ્ટિની વ્યાપકતા દર્શાવી અનેકાન્તવાદમાં માનનાર જૈનોને એમ સૂચવ્યું છે કે ખરો અનેકાન્તવાદી ફિરકાપરસ્ત હોઈ ન શકે. એ ઇતર ફિરકા અને ધર્મપંથોને ઊતરતા લેખવામાં કે અવગણવામાં પોતાના

પંથની મહત્તા કે પૂર્ણતા માની ન શકે. ઊલટું, તે તો ઇતર ફિરકા અને ધર્મપંથોને પોતાના ફિરકા પ્રત્યેના આદર જેટલા આદરથી જ નિહાળે અને સાથે વર્તે.

''તાર્કિક અને શબ્દસ્પર્શી અનેકાન્તવાદ માત્ર પરમત-ખંડનમાં રસ લઈ શકે ખરો, પણ જીવનસ્પર્શી અનેકાન્તદૃષ્ટિ એ જુદી વસ્તુ છે. એવી દૃષ્ટિ દરેક સંપ્રદાયવાળા માટે આવશ્યક છે. આ મુદ્દાને અધ્યયનના ક્ષેત્રમાં લાગુ કરીને કહેવું હોય તો હું અનુભવને આધારે એમ કહેવા ઇચ્છું છું કે જૈન શાસ્ત્રોનું અધ્યયન કરે તેણે બૌદ્ધ અને વૈદિક પરંપરાનાં શાસ્ત્રોનું એટલા જ આદરથી અધ્યયન કરવું ઘટે. એ જ રીતે અધ્યેતા બૌદ્ધ કે વૈદિક હોય તો તેણે પોતાની પરંપરાનાં શાસ્ત્રો ઉપરાંત જૈન આદિ ઇતર પરંપરાઓનાં શાસ્ત્રોનું પણ એટલા જ આદરથી અધ્યયન કરવું ઘટે. આ મર્યાદા તો માત્ર ભારતીય પરંપરા પૂરતી થઈ. પણ અનેકાન્તદૃષ્ટિ એથીયે આગળ જવા કહે છે અને જરથોસ્તી, યાહૂદી, ખ્રિસ્તી અને ઇસ્લામ આદિ પરંપરાઓનાં ધર્મશાસ્ત્રોનું પણ ગુણગ્રાહી દૃષ્ટિએ અધ્યયન કરવા સૂચવે છે. ખરી રીતે જ્યારે સમભાવથી ઇતર પરંપરાઓનું અધ્યયન કરીએ છીએ ત્યારે જ પોતાની પરંપરાનું મર્મ વધારે સારી રીતે સમજાય છે.

## (૨) ઔપનિષદ દર્શન

''ગઈ કાલે સાંજે ડૉ. રાધાકૃષ્ણને મને લક્ષી 'आवृत्तचक्षुरमृतत्वमिच्छन्' એ કંઠમંત્રનો એક પાદ ઉચ્ચારેલો અને તેમણે પોતાની રીતે તેનો ભાવ દર્શાવેલો એનો ભાવ મને આ પ્રમાણે સૂઝે છે.

''કઠોપનિષદના બીજા અધ્યાયની પહેલી વલ્લીનો પહેલો મંત્રશ્લોક આ છે :–

**पराञ्चि स्वानि व्यतृणत्स्वयम्भूस्तस्मात्पराङ् पश्यति नान्तरात्मन् ।**
**कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्षदावृत्तचक्षुरमृतत्वमिच्छन् ॥**

'' આ મંત્રમાં ઋષિએ ત્રણ બાબતો નિર્દેશી છે :

(૧) જીવ, કર્મ, બ્રહ્મ કે ઈશ્વરે (જે પરંપરા જે માને તેણે) નેત્ર, કાન આદિ ઇન્દ્રિયોને બહિર્મુખ વૃત્તિવાળી સર્જી છે. (૨) એવી રચનાને લીધે પશુ પક્ષી આદિ જ નહિ પણ મનુષ્ય સુધ્ધાં સામાન્ય રીતે એ ઇન્દ્રિયો દ્વારા બાહ્ય વિશ્વને જ જુએ છે, નહિ કે અન્તરાત્મા યા અન્તર્વિશ્વને. (૩) પરંતુ કોઈ એવો પણ ધીર પુરુષ પાકે છે જે અમરપદની આકાંક્ષાથી બાહ્ય વિશ્વની

પૃષ્ઠભૂમિકામાં રહેલ પ્રત્યગાત્મા યા ચેતન-પુરુષને નિહાળવા પણ મથ્યો હોય.

"આ મંત્રમાં જ્ઞાનની કક્ષાઓનું તારતમ્ય દર્શાવવામાં આવ્યું છે. જ્ઞાનની શરૂઆત ઇન્દ્રયોના બાહ્ય વ્યાપારથી ભૌતિક વિશ્વને અનુલક્ષીને જ થાય છે. જો આ રીતે જ ઇન્દ્રિયોનો અભ્યાસ ચાલુ રહે તો એની અંતર-અવલોકન કરવાની શક્તિ અણવિકસી રહે છે. મન પણ ઇન્દ્રિયોનું અનુગામી હોઈ તે ભૌતિક વિશ્વમાં જ રચ્યુંપચ્યું રહે છે. પણ જ્યારે આ કક્ષાંથી ઊંચે જવું હોય ત્યારે ઇન્દ્રિયો અને મનની શક્તિઓને આંતરિક તત્ત્વ ભણી વાળી અંતર્મુખ કરવી પડે છે. આમ કરવામાં જે ધીરજ, એકાગ્રતા અને સ્થિરતા કેળવવાં પડે છે તેને લીધે સર્વાંતર્યામી ચેતની જ્ઞાનકક્ષા સુધી પહોંચી શકાય છે. તત્ત્વજ્ઞાન યા ફિલસૂફીના અભ્યાસી માટે જ્ઞાનકક્ષાનો આ જ ક્રમ છે.

આવૃત્તચક્ષુઃ પદ ઉચ્ચારી ડૉ. રાધાકૃષ્ણને એવો સંકેત કદાચ કર્યો હોય કે હું તત્ત્વજ્ઞાનની ત્રીજી કક્ષાએ છું. પણ મારે મિત્રો સમક્ષ સ્પષ્ટ કહેવું જોઈએ કે મને શાસ્ત્રજ્ઞાનનો, તત્ત્વચિન્તનનો રસ છે, પણ તે રસ જિજીવિષામૂલક છે, નહિ કે અધ્યાત્મની કોઈ ઉચ્ચ ભૂમિકામાંથી જન્મેલો."

૧૬-૬-'૫૭

•

# ૨૦. માનવ મનની ભીતરમાં

## (૧) અતીન્દ્રિય દર્શન

અધ્યાત્મી અને યોગી તરીકે હું નથી બોલતો પણ જે કાંઈ શાસ્ત્રોમાં વાંચ્યું વિચાર્યું છે અને તેના ઉપર યથાશક્તિ બીજી રીતે વિચાર કર્યો છે, તે આધારે અતીન્દ્રિય દર્શન વિશે કાંઈક કહેવા ધારું છું.

કોઈ પણ ઇન્દ્રિયથી થતું સીધું જ્ઞાન એ દર્શન કહેવાય, છતાં અત્રે મુખ્યપણે આંખથી થતા જ્ઞાનને દર્શન તરીકે સમજવાનું છે. બીજી ઇન્દ્રિયોની પેઠે આંખની દર્શનશક્તિની ખાસ મર્યાદા છે. મનુષ્ય ઇતર પ્રાણીઓથી મનની બાબતમાં અસાધારણ રીતે ચડિયાતો છે, પણ આંખ કે બીજી ઇંદ્રિયોની બાબતમાં એવું નથી. મનુષ્ય કરતાં બીજાં કેટલાંય પ્રાણીઓની નેત્રશક્તિ ઘણી વધારે છે. આ બધું છતાં ઇંદ્રિયોની ખાસ મર્યાદા એ છે કે તે વર્તમાન કાળના વિદ્યમાન વિષયોથી આગળ જઈ શકતી નથી અને વર્તમાન વિષયોને પણ અમુક ક્ષેત્ર કે દેશની મર્યાદામાં જ ગ્રહી શકે છે. આને જ 'સેન્સરી પર્સેપ્શન' (SENSORY PERCEPTION) કહે છે.

પ્રાચીન કાળમાં ચિંતકોએ ઇંદ્રિયોની આ શક્તિ-મર્યાદા વિશે જે જાણેલું તેની નોંધ અનેક શાસ્ત્રોમાં મળે છે. ઈશ્વરકૃષ્ણની આવી નોંધ સંક્ષિપ્ત છતાં અર્થપૂર્ણ છે :

**अतिदूरात् सामीप्यात् इन्द्रियघातात् मनोऽनवस्थानात् ।**
**सौक्ष्म्यात् व्यवधानात् अभिभवात् समानाभिहारात् च ॥**

આનો ભાવાર્થ એટલો જ કે બહુ દૂર, બહુ સમીપ, બહુ સૂક્ષ્મ કે આડમાં હોય એવી વસ્તુ ઇન્દ્રિયો સાક્ષાત્ જાણી શકે નહીં.

આ રીતે એક કાળે જે વસ્તુઓ ઇન્દ્રિયગમ્ય ન હોવાને લીધે અતીન્દ્રિય લેખાતી, તે જ વસ્તુઓ વૈજ્ઞાનિક સાધનોને લીધે ઇન્દ્રિયગમ્ય પણ બની છે. દૂરદર્શક અને સૂક્ષ્મદર્શક શક્તિશાળી યંત્રો દ્વારા અતિદૂરની અને અતિસૂક્ષ્મ તેમ જ આડામાં રહેલ વસ્તુઓ પણ ગૃહીત થાય છે. ટેલિવિઝન પણ હવે

પ્રચારમાં આવ્યું છે.

આમ વૈજ્ઞાનિક સાધનોની મદદથી દર્શનશક્તિ વધ્યા છતાં એક બાબતમાં મૂળગત સામ્ય રહેલું જ છે તે એ કે એ સાધનો વિના જેમ ઇંદ્રિયો વર્તમાન કાળની મર્યાદાથી આગળ વધી શકતી ન હતી, તેમ એ વૈજ્ઞાનિક સાધનોની મદદ છતાં તે એ મર્યાદામાં જ કામ કરી શકે છે. વૈજ્ઞાનિક સાધનોએ પ્રથમની મર્યાદાનો ભંગ કર્યો હોય તો તે દૂરત્વ, સૂક્ષ્મત્વ અને વ્યવધાન આદિની બાબતમાં, આવાં સાધનો દ્વારા થતું દૂર એ દૂરતરનું તેમ જ સૂક્ષ્મ અને સૂક્ષ્મતરનું જ્ઞાન એ એકસ્ટ્રા સેન્સરી પર્સેપ્શન (EXTRA SENSORY PERCEPTION) છે.

પણ અહીં તો આપણે અતીન્દ્રિય દર્શનનો વિચાર મનને લક્ષી કરવાનો છે. મન એ મનુષ્યની વિરલ સંપત્તિ છે. એની શક્તિઓ અમાપ છે. એમાંની સક્રિય શક્તિઓ, જે આપણા અનુભવમાં આવે છે, તે પણ અમાપ છે. એ બીજી અનેક સુષુપ્ત તેમ જ પ્રચ્છન્ન શક્તિઓ એમાં રહેલી જ છે, જે શક્તિઓ યોગ્ય પ્રયત્નથી કામ કરતી થાય છે.

બાહ્ય ઇંદ્રિયો કરતાં મનની એક વિશેષતા તો એ જાણીતી જ છે કે બધી જ ઇંદ્રિયો દ્વારા જ્ઞાત થયેલા વિષયો ઉપર મન પોતે એકલું જ ચિંતન, મનન અને પૃથક્કરણ કરી શકે છે. તે ઉપરાંત બાહ્ય ઇંદ્રિયો દ્વારા અનુભવમાં નહીં આવતાં એવાં અનેક પદાર્થો, અનેક ઘટનાઓ અને અનેક પ્રશ્નો વિશે પણ મન કાંઈક ને કાંઈક જાણી-વિચારી શકે છે. ઉચ્ચતર અને ઉચ્ચતમ ગણિત કે તર્ક અને વ્યાપ્તિના નિયમો અગર કાર્યકારણભાવની ચોક્કસ ઘટમાળ—એ બધાનું મન દ્વારા જ આકલન થાય છે.

મનની જાગરૂક અને સુષુપ્ત અનેક શક્તિઓ છતાં એની બાબતમાં એક મુદ્દો નોંધવા જેવો એ છે કે બાહ્ય ઇન્દ્રિયોની જ્ઞાનમર્યાદા વધારવા માટે, જેમ વૈજ્ઞાનિક સાધનો ઉત્તરોત્તર વધતાં રહ્યાં છે તેમ, હજી સુધીમાં એવું કોઈ વૈજ્ઞાનિક સાધન શોધાયેલું જાણમાં આવ્યું નથી કે જેની મદદથી મન પોતાની સુષુપ્ત શક્તિઓને ખાસ જાગ્રત કરી કામમાં લઈ શકે, અને જાગરૂક શક્તિઓને સવિશેષ કામમાં લઈ શકે.

તો પછી પ્રશ્ન એ થાય છે કે મન પોતાની અંદર પડેલી શક્તિઓ દ્વારા અતીન્દ્રિય દર્શન કરી શકે, તેનો શો અર્થ, અને એવું દર્શન જો શક્ય હોય તો તે ક્યાં અને કેવાં સાધનો દ્વારા ?

મન અતીન્દ્રિય વસ્તુઓનું દર્શન કરી શકે છે, એનો અર્થ એક તો એ છે

કે મન વર્તમાન કાળ સિવાયની—એટલે કે અતીત અને અનાગત કાળની—ઘટનાઓનું તાદૃશ ભાન ઓછાવત્તા પ્રમાણમાં કરી શકે. બીજો અર્થ એ કે બાહ્ય ઇન્દ્રિયો પોતાથી ભિન્ન એવા વિષયોને જાણે છે, જ્યારે મન પોતે પોતાના સ્વરૂપનું પોતામાં પડેલ સારા-નરસા સંસ્કારોનું પોતાની શક્તિઓનું અને પોતાની પ્રવૃત્તિઓનું વિકાસાનુસાર દર્શન કરી શકે છે. અને તે ઉપરાંત મન બાહ્ય વિષયોનું તો સાક્ષાત્ આકલન કરી જ શકે.

મનના અતીન્દ્રિય દર્શનનો આ અર્થ છે. દરેક માણસનું મન ઓછેવત્તે અંશે તે અનુભવે પણ છે. પરંતુ સામાન્ય લોકો મનની આ શક્તિને અતીન્દ્રિય દર્શન તરીકે ભાગ્યે જ લેખે છે. મનનું આ કાર્ય રોજ અનુભવાતું હોઈ એનું મહત્ત્વ સાધારણ લોકોને જણાતું નથી, પણ જ્યારે કોઈ મનની અસાધારણ કાર્યશક્તિ પ્રગટ થાય, કે જે સાધારણ લોકોના મનમાં દેખાતી ન હોય, ત્યારે લોકો અચરજમાં પડી જાય છે અને તેને એક ચમત્કાર લેખી સત્કારે છે.

એક વાર આવો ચમત્કાર અનુભવાય, ત્યારે ઘણી વાર લોકોનું કુતૂહલ એ ચમત્કારને અનેકગણો વધારી મૂકે છે, છતાં મૂળમાં ચમત્કારની પાછળ રહેલું અસાધારણ શક્તિનું તત્ત્વ, એ તો એક હકીકત જ છે એમાં કોઈ કલ્પનાને સ્થાન નથી.

મનની આવી અનેક અસાધારણ શક્તિઓ છે, તો એને સક્રિય કે જાગરૂક કરી શકાય કે નહીં, અને તે કેવાં સાધનો દ્વારા, એ પ્રશ્ન હવે આવે છે. જ્યાં સુધી જાણ છે ત્યાં સુધી એમ કહી શકાય કે મનની જાગરૂક શક્તિઓને વધારે સક્રિય કરવાનો અને સુષુપ્ત શક્તિઓને સક્રિય કરી તેને વિકસાવવાનો માર્ગ યોગપ્રક્રિયામાં છે. યોગમાર્ગીઓએ આ માટેના અનેક પ્રયોગો, જીવને જોખમે પણ, કર્યા છે. તેમાં કેટલાકને ઓછીવધતી સફલતા પણ મળી છે. એ પ્રયોગોની ઘણી વિગતો શાસ્ત્રોમાં નોંધાયેલી તો છે જ, પણ બહુધા એ યોગમાર્ગીઓના મુષ્ટિજ્ઞાન જેવી રહી છે. જૈન પરંપરામાં લબ્ધિને નામે, બૌદ્ધ પરંપરામાં ઋદ્ધિ કે અભિજ્ઞાને નામે અને યોગપરંપરામાં વિભૂતિને નામે મનની શક્તિઓનાં ચમત્કારી કાર્યો નોંધાયેલ મળી આવે છે. આજે પણ આમાંની કેટલીક સિદ્ધિઓ વિશે ભ્રમ રહ્યો નથી, છતાં જે કાંઈ નોંધાયેલું મળે છે અને જે કાંઈ યોગભક્તો દ્વારા સાંભળવા મળે છે, તે બધું અક્ષરશઃ માની લેવાનો આ યુગ નથી. એનું પરીક્ષણ થાય એ સત્યની દૃષ્ટિએ જરૂરી છે, છતાં ઉતાવળા થઈ આપણા તર્કમાં ન બેસે એટલાં કારણસર એ બધી મનની શક્તિઓને નકારી કાઢવી, એ પણ ઉપહાસપાત્ર બનાવ જેવું છે.

કોઈ પણ એક સ્થૂળ કે સૂક્ષ્મ વસ્તુમાં મનને રોકવું, ત્યાર બાદ તે જ વસ્તુ વિશે એકાગ્ર થઈ તેનો વિચાર કરવો, એમ કરવા જતાં મન ચિંત્ય વિષયમાં એકરૂપ જેવી અવસ્થા અનુભવે છે. આ મનની ધારણા, ધ્યાન અને સમાધિની ત્રણ ભૂમિકાઓ છે. એ જ મનનો સંયમ છે. આવો સંયમ સિદ્ધ કરવો એ સાધારણ પુરુષાર્થની બહાર છે, પણ આવો સંયમ સિદ્ધ કરી શકાય છે. એવો સંયમ સિદ્ધ થાય, પછી ધ્યાની વ્યક્તિ જુદા જુદા વિષયોમાં એ સંયમનો પ્રયોગ કરે, ત્યારે એના મનની અનેક સુષુપ્ત શક્તિઓ આશ્ચર્યજનક રીતે કામ કરતી થઈ જાય છે. ધ્યાની વ્યક્તિ સૂર્યમાં સંયમ કરે તો એની સમક્ષ અજ્ઞાત બાહ્ય વિશ્વનું તાદૃશ ચિત્ર રજૂ થાય છે. એ જ રીતે જો તે પોતાના સંસ્કાર પરત્વે સંયમનો પ્રયોગ કરે તો તે પૂર્વપૂર્વ સંસ્કારચક્રનું ભાન વધારતાં વધારતાં પૂર્વજન્મની સીમાઓ સુધી પણ પહોંચે છે. મનની જ્ઞાનશક્તિ ઉપરાંત તેમાં કેટલીક ક્રિયાશક્તિઓ પણ છે. અમુક પ્રકારના સંયમથી તેવી ક્રિયાશક્તિ સક્રિય બનતાં ધ્યાની અકલ્પ્ય શારીરિક અને માનસિક બળ પણ સિદ્ધ કરે છે. આ રીતે અનેક પ્રકારની જ્ઞાન અને ક્રિયાશક્તિ સંયમ દ્વારા સિદ્ધ થયાનાં વર્ણનો તો મળી આવે છે, પણ મને પોતાને, આ બધાં ઉપર વિચાર કરતાં અને કાંઈક તર્કયુક્તિથી પરીક્ષણ કરતાં, એમ લાગ્યું છે કે આ વર્ણનોમાં ઘણું સત્ય છે. આપણે જો યોગ્ય રીતે મનસંયમનો પ્રયત્ન કરીએ, તો એની પ્રતીતિ એટલી મુશ્કેલ નથી. જો અભ્યાસી વ્યક્તિ પોતાના ઇષ્ટ વિષયમાં, અભ્યાસને બળે, સર્વોપરિતા મેળવી શકે છે, તો માનસિક શક્તિઓને સક્રિય કરવાનો અભ્યાસ યોગ્ય રીતે કરવામાં આવે તો આજે જે નવાઈ જેવું લાગે તે સુગમ કેમ ન બને ? પોતાના જીવનના વિકાસ પરત્વે અને માનસિક શક્તિઓના વિકાસ પરત્વે માણસ વિચાર કરે, તો પણ મનની અતીન્દ્રિય દર્શનની શક્તિ વિશે સંદેહ રહેવાને કોઈ કારણ રહેજ નહીં. હું પોતે ઘણી વાર મારા મનની ભૂતકાલીન અને વર્તમાનકાલીન અવસ્થા તેમ જ શક્તિનું તારતમ્ય વિચારું છું, ત્યારે મને જણાય છે કે એક કાળે જે જે શક્તિની કલ્પના સુધ્ધાં શક્ય ન હતી, તે શક્તિ અભ્યાસ અને કાળ બળે અનુભવાય છે, અને ઊંડું ચિંતન કરતાં તેમ જ બીજા પરિચિત એવા અસાધારણ પુરુષોની શક્તિનો વિચાર કરતાં મને એમ જણાય છે કે મનમાં સાવ સુષુપ્ત, અર્ધસુષુપ્ત, જાગ્રત અને અર્ધજાગ્રત એવી શક્તિઓના અપાર થર પડેલા છે. આ જ મનની અંદરનું વિસ્મયકારી વિશ્વ છે.

## (૨) અતીન્દ્રિય શ્રવણ

અતીન્દ્રિય દર્શન વિશે કાંઈક કહ્યા પછી હવે અતીન્દ્રિય શ્રવણ વિશે થોડુંક કહેવાનું છે. મર્યાદિત સમયમાં મુખ્ય મુખ્ય મુદ્દાઓનો જ નિર્દેશ કરી શકાય. શ્રવણ એ શ્રુ=સાંભળવું, એ અર્થવાળા ધાતુમાંથી થયેલ શબ્દ છે. સાંભળવાનો મુખ્ય અર્થ તો એટલો જ છે કે કાન દ્વારા શબ્દોને ઝીલવા ને તે શબ્દોનો બોધ કરવો.

લાકડું ભાંગતાં કે કપડું ફાડતાં ધ્વનિ પેદા થાય છે. એ ધ્વનિ પણ કાનથી સંભળાય છે. તેથી સાંભળનારને બહુ તો એટલું જ ભાન થાય છે કે આ ધ્વનિ લાકડા કે કપડાનો છે. પણ પ્રાણીના શબ્દની બાબતમાં એમ નથી.

એમ તો મનુષ્ય સિવાયની અનેક પ્રાણીજાતિઓ છે. દરેકના શબ્દ અને ધ્વનિમાં મોટું અંતર હોય છે. પણ અત્રે તો મનુષ્યે ઉચ્ચારેલા અને મનુષ્યથી જ સંભળાતા શબ્દોને લઈ મુખ્યપણે વિચાર કરીશું.

મનુષ્યના કાન ઈતર કેટલાંક પ્રાણીઓના કાન કરતાં ઓછી શક્તિ ધરાવે છે. સામાન્ય રીતે એમ મનાય છે કે શબ્દના વેવ (WAVE) એટલે તરંગની સોળથી ઓછી સંખ્યા હોય ત્યારે એ શબ્દ મનુષ્યના કાન સાંભળી ન શકે અને વીસ હજારથી વધારે વેવ (WAVE) હોય ત્યારે પણ સાંભળી ન શકે. મનુષ્યના કાનની ગ્રહણશક્તિની આ સામાન્ય મર્યાદા થઈ. તે મર્યાદા બહારના શબ્દો મનુષ્યના કાન માટે અતીન્દ્રિય ગણાય એ જ રીતે અમુક દૂરીથી વધારે આગળના શબ્દો પણ સંભળાતા નથી. પણ વૈજ્ઞાનિક શોધે આ મર્યાદામાં અકલ્પ્ય ક્રાંતિ કરી છે. રેડિયો, વાયરલેસ ઈત્યાદિ સાધનો મારફત આપણે અતિ દૂરના શબ્દો પણ સાંભળીએ છીએ, અને ન સંભળાય એવા ઊંચા કે નીચા ધ્વનિવાળા શબ્દ પણ વૈજ્ઞાનિક સાધનો દ્વારા મંદ કે તીવ્ર કરવાથી આપણે સાંભળવા પામીએ છીએ. આ રીતે જે શ્રવણ અતીન્દ્રિય ગણાતું, તે પણ હવે કર્ણગમ્ય બનવા પામ્યું છે.

પરંતુ અહીં માત્ર કર્ણ દ્વારા શબ્દ સાંભળવાની જ શક્તિનો વિચાર કરવાનો નથી. અહીં તો ખાસ કરી મનમાં રહેલી અતીન્દ્રિય શ્રવણશક્તિનો વિચાર કરવાનો છે. મન એ શરીરવ્યાપી છે. પછી ભલે એનું ખાસ સ્થાન કોઈ એક જ મનાતું હોય. મન જેમ બીજી ઇંદ્રિયો દ્વારા ગ્રહણ થતા રૂપ, રસ આદિ વિષયોને ગ્રહી તેના ઉપર પણ વિચાર કરે છે તેમ કાનથી ગ્રહણ થતા દૂર કે નજીકના મંદ કે તીવ્ર શબ્દોને ગ્રહી તેના ઉપર પણ વિચાર કરે છે. શબ્દો—ખાસ કરી મનુષ્યકૃત શબ્દો—વિશે મન વિચાર કરે, ત્યારે એનો શો

અર્થ છે, એ સમજવું ઘટે. એમ તો પરિચિત, અપરિચિત એવી સંખ્યાબંધ ભાષાઓના ધ્વનિઓ કાનમાં પડે છે, પણ મન એ બધી ભાષાઓના અર્થ સમજી શકતું નથી. એને જે ભાષાના સંકેતો જ્ઞાત હોય અને જે ભાષાનો ઠીક ઠીક પરિચય હોય તે ભાષાના અર્થો તે સમજવા પામે છે. ભાષા બોલનારના મનમાં જે અર્થ વિવક્ષિત હોય, તે અર્થ તે ભાષાના સાચા સંકેતજ્ઞાનથી સાંભળનારનું મન જાણી શકે છે. એટલે કે બોલનારના મનમાં જે વિચાર હોય, તે વિચાર તેના દ્વારા બોલાયેલી ભાષા મારફત સાંભળનારનું મન જાણી શકે છે. બોલનારના મનનો વિચાર એ કોઈ પણ બાહ્ય ઇન્દ્રિયથી સીધો જ્ઞાત થઈ શકે નહીં. જેમ એવો વિચાર બોલનારની આકૃતિ કે ચેષ્ટા આદિ ચિહ્નો જોઈ અટકળી શકાય, તેમ એવો વિચાર જ્ઞાત ભાષા દ્વારા પણ જાણી શકાય. પણ બન્ને અટકળોમાં મોટું અંતર છે. આકૃતિ કે ચેષ્ટા જોઈ સામાના વિચારનું અનુમાન, એ બહુ ઝાંખું અને દૂરનું જ્ઞાન છે, જ્યારે ભાષા સાંભળી તે દ્વારા બોલનારના મનના વિચારને જાણવો, એ ઘણું સ્પષ્ટ અને પૂરું જ્ઞાન છે. આવું જ્ઞાન કરવાની શક્તિ મનમાં રહેલી છે. આ શક્તિ તે જ મનની અંદર રહેલી અતીન્દ્રિય શ્રવણશક્તિ છે. એટલે કે કાન દ્વારા સાંભળેલ પરિચિત ભાષાથી મન દ્વારા કરાતું બોલનારના વિચારનું પૂરેપૂરું જ્ઞાન છે.

બોલનાર જે વિચાર પ્રગટે કરે, તે કાંઈ માત્ર વર્તમાન કાળને લગતો જ નથી હોતો કે માત્ર ભૌતિક અને સ્થૂળ વસ્તુને લગતો જ નથી હોતો. એ વિચાર તો અનેક વાર વર્તમાન ઉપર અતીત અને અનાગતને સ્પર્શતો હોય છે. એ અભૌતિક તેમ જ સૂક્ષ્મતમ વસ્તુઓને લગતો પણ હોય છે. આવો ત્રૈકાલિક અને સૂક્ષ્મતમ વસ્તુઓ વિશેનો વિચાર ભાષાના શ્રવણ દ્વારા મનની કેળવણીના પ્રમાણમાં જાણી લેવો એ મનની અતીન્દ્રિય શ્રવણશક્તિ કહેવાય.

મનને અનેક રીતે કેળવી શકાય છે. એ કેળવણીના સંસ્કારો જેટલા પ્રમાણમાં સારા, સચોટ અને વ્યાપક, તેટલા પ્રમાણમાં એવું મન બીજા અનેકોનાં મનમાં પેદા થતા વિચારોને તેમની તેમની જુદી જુદી ભાષાઓ દ્વારા પણ જાણી શકે. કેટલાય સંસ્કારી અભ્યાસીઓ એવા હોય છે કે જેઓ અનેક ભાષાઓ સમજી શકે છે. તે દ્વારા દેશ-કાળથી ભિન્ન એવી અનેક વ્યક્તિઓના વિચાર યથાર્થ રૂપમાં જાણી પણ શકે છે. આ એક સુપરિચિત હકીકત છે.

પરંતુ કોઈ કોઈ એવી વિરલ વ્યક્તિ હોય છે કે જેનું સુસંસ્કૃત મન બોલનારની ભાષાનો પરિચય ન હોવા છતાં બોલનારના મનનો ભાવ માત્ર એ ભાષાના ધ્વનિ ઉપરથી કલ્પી શકે છે. આ પણ મનમાં રહેલ અતીન્દ્રિય

શ્રવણશક્તિનો એક વિકાસ છે.

અહીં સુધી જે વાત કહી તે તો મુખ્યપણે બોલનાર અન્ય અને સાંભળનાર અન્ય, એ મર્યાદાને ધ્યાનમાં રાખી કરી છે. પરંતુ આ સિવાય પણ બીજી રીતે મનની અતીન્દ્રિય શ્રવણશક્તિનો વિચાર જાણવા જેવો છે.

આપણે એ તો અનુભવથી જાણીએ છીએ કે આપણામાં કોઈ એવી ચેતના છે કે જેના દ્વારા આપણું સમગ્ર જ્ઞાનતંત્ર ચાલે છે. આવી ચેતના યા ચૈતન્યશક્તિના અતિસ્વચ્છ દર્પણમાં કેટલાકને અણધારી રીતે જ કાંઈક અપૂર્વ સૂઝી આવ્યાનું પ્રતિબિંબ પડે છે. એ પ્રતિબિંબ માત્ર એ વ્યક્તિ પૂરતું છે. તે વ્યક્તિના મન સિવાય એ પ્રતિબિંબનો ખ્યાલ કોઈને હોતો નથી. પણ તે વ્યક્તિ પોતે એ પોતાની સૂઝના પ્રાથમિક સ્ફુરણને સાક્ષાત્ અને અસંદિગ્ધપણે જોઈ શકે છે.

આવા મનોગત પ્રતિબિંબ-દર્શન પછી તે વ્યક્તિ એને કેવી રીતે અન્યગમ્ય કરવું, એના મંથનમાં પડે છે. આવું મંથન એને પોતાના એ દર્શન અને એને વ્યક્ત કરી શકે એવાં સાધનોનો સુસંવાદ ગોઠવવા માટે પ્રેરે છે. ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય, સંગીત આદિ કળાનો નિષ્ણાત હોય કે ગેલીલીઓ, ન્યૂટન અગર આઇનસ્ટાઇન જેવો વૈજ્ઞાનિક હોય કે મહાવીર, બુદ્ધ અગર યાજ્ઞવલ્ક્ય આદિ જેવો તત્ત્વજ્ઞ હોય, તે પોતાના માધ્યમ દ્વારા એવા દર્શનને સાકાર કરે છે. જ્યારે કોઈ કવિ કે તત્ત્વજ્ઞ પોતાના મનોગત દર્શનને ભાષાના માધ્યમ દ્વારા સાકાર કરવા મથે છે, ત્યારે એના મનમાં વિચાર અને ભાષા બન્નેનું સુસંવાદી રસાયન તૈયાર થાય છે.

આ તૈયાર થતું રસાયન એ અંતર્જલ્પ છે, અર્થાત્ મનની અંદરની વાણી છે. હજી સુધી આ વાણી માત્ર એ વ્યક્તિના મનમાં જ લહેરાતી હોય છે. પણ એ વ્યક્તિ એ લહેરાતી વાણીને ઇતર શ્રોતાગમ્ય કરવા પ્રયત્ન કરે છે. જ્યારે એ પોતાનો પક્વ વિચાર વૈખરી દ્વારા શ્રોતાઓને કર્ણગમ્ય કરે છે, ત્યારે એના મૂળમાં પેદા થયેલ મનોગત અતીન્દ્રિય દર્શન અને વિચારનો વ્યાપાર, એ શ્રોતાઓને પણ ગમ્ય બને છે.

આ રીતે જેમ મન બીજાઓના મનમાં પેદા થયેલ અતીન્દ્રિય વિચારોને ભાષા સાંભળી જાણી શકે છે, તેમ પોતાના અતીન્દ્રિય દર્શન એ વિચારવ્યાપારને પણ બીજાઓને ગમ્ય બને એ રીતે રજૂ કરી શકે છે. આ દૃષ્ટિએ જોતાં મનની શક્તિનો પ્રદેશ કેટલો વિશાળ અને કેવો સૂક્ષ્મ છે એનો કાંઈક ખ્યાલ આવે છે. પોતાના જ મનમાં પેદા થયેલ અને બીજાને ગમ્ય નહીં

એવા અતીન્દ્રિય વિચારને માણસનું મન પોતે જ પોતામાં સાંભળે છે. આને જ સંતો અંતર્નાદ કહે છે. અને વળી મન બીજાના મનમાં રહેલા વિચારોને પણ યથાર્થ રૂપમાં ભાષા દ્વારા સમજવાની શક્તિ ધરાવે છે. આ એક મનની ચમત્કારી છતાં રોજ અનુભવાતી શક્તિ છે.

જેમ જેમ મનનો વિકાસ યોગ્ય રીતે કરવામાં આવે છે, તેમ તેમ એની શક્તિના નિ:સીમ અજ્ઞાત પ્રદેશો ખૂલે છે. આ વિશે અનુભવી યોગીઓએ એક બાબત નોંધી છે, જે ધ્યાનમાં રાખવા જેવી છે.

યોગીઓએ અનુભવ્યું છે કે શબ્દ, તેનો અર્થ અને તેનાથી થતું જ્ઞાન– એ ત્રણે સામાન્ય જનને માટે સેળભેળ થયેલાં હોઈ એમની દૃષ્ટિએ વિભાગ અશક્ય જેવો છે પણ જ્યારે મનને એ વિષય ઉપર એકાગ્ર કરવામાં આવે, ત્યારે એકાગ્ર ને સ્થિર થયેલું મન તે ત્રણે વચ્ચેનું અંતર અને એની બધી ભેદક વિશેષતાઓ જાણવાની આધ્યાત્મિક સિદ્ધિ પામે છે. આ સિદ્ધિ વખતે તે મન માત્ર મનુષ્યની જ વાચા અને તે પણ પરિચિત જ વાચા નથી સમજી શકતું, પણ મનુષ્ય ઉપરાંત બીજાં પ્રાણીઓની વાચા પણ સમજી શકે છે, એટલે કે તે તે પ્રાણીઓ કઈ લાગણી અને કયા વિચારથી તેમની તેમની ભાષા બોલ્યાં છે, તે આવો યોગી સમજી લે છે. પણ આ સિદ્ધિ એ તો યોગીની સિદ્ધિ હોઈ આપણા જેવાએ એના ઉપર અત્યારે તો શ્રદ્ધા જ કેળવવાની રહે છે.

પરંતુ આવી શ્રદ્ધાને નકારી ન શકાય એવા કેટલાક બીજા પ્રકારના અનુભવો આપણને પણ થતા હોય છે. એક વ્યક્તિએ અમુક વાક્ય કે એક મહાવાક્ય ઉચ્ચાર્યું. ત્યારે સાંભળનાર બધી સમજદાર વ્યક્તિઓ પણ એનો એકસરખો અર્થ તારવતી નથી હોતી. દરેક સાંભળનાર પોતાના મનના આંતરિક સમજણના સંસ્કાર અને સામર્થ્ય પ્રમાણે જ તે એક જ વાક્યનો જુદો જુદો અર્થ તારવે છે, અને અનેક વાર એવું દેખાયું છે કે તેવા તારવવામાં આવેલા અનેક અર્થો પૈકી એકેને પણ આપણે મિથ્યા કહી શકતા નથી. આનો સંક્ષેપમાં ભાવ એ થયો કે એક જ વાક્ય કે એક જ સંદર્ભની પાછળ એના પ્રેરક વિચારને સમજવાની જુદા જુદા માણસોની ચડતી-ઊતરતી અનેક શક્તિઓ હોય જ છે. આવી શક્તિઓ એ જ મનની અંદર રહેલું અતીન્દ્રિય શ્રવણ-સામર્થ્ય છે.★

– પ્રસ્થાન, ૧૯૬૦

★ ઑલ ઇન્ડિયા રેડિયો, અમદાવાદ ઉપરથી તા. ૧૫-૭-૬૦ તથા ૨૨-૭-૬૦ના રોજ આપેલ વાર્તાલાપ માટે તૈયાર કરેલ લખાણ.

# શબ્દસૂચિ

## ગ્રંથ નામ

Outlines of Indian Philosophy ૨૧૨
અગ્નિપુરાણ ૧૦૦, ૧૦૬, ૧૧૮
અથર્વવેદ ૧૬૨
અદ્વૈત વેદાન્ત ૧૦૨
અધ્યાત્મવિચારણા ૬૧
અનંતતત્ત્વ ૨૩
અનાદિ ૧૧, ૨૩, ૭૬, ૮૨, ૮૩, ૧૨૯, ૧૫૦
અનાદિત્વ ૨૩, ૭૮
અનાસક્તિયોગ ૨૧૩
અભિધર્મકોષ ૪૯
અભિધાનચિન્તામણિ કોષ ૧૬૮
અમરકોશ ૯૨
અમોઘવૃત્તિ ૯૯
અર્લી હિસ્ટરી ઑફ ઇન્ડિયા ૯૭
અવેસ્તા ૭૭
અહિર્બુધ્નસંહિતા ૧૯૦
અંગુત્તરનિકાય ૭
આગમ ૭, ૧૯, ૨૨, ૪૪-૪૬, ૧૦૩, ૧૨૮, ૧૩૩, ૧૩૪, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૪૦, ૧૪૧, ૧૫૮, ૧૬૬, ૧૮૩, ૧૮૯, ૧૯૧, ૨૦૨
આગમ ભગવતી ૧૬૬
આજીવક મત ૧૬૬
આત્રેય તૈત્તિરીય ૧૧૮
આદિપુરાણ ૧૪૦, ૧૪૨, ૧૪૬, ૧૪૮, ૧૬૮.
આપણો ધર્મ ૧૯
આવશ્યકગાથા ૧૬૮
આવશ્યકનિર્યુક્તિ ૧૬૮
આવશ્યકવૃત્તિ ૧૬૮, ૧૬૯
આવશ્યકસૂત્ર ૧૪૧
ઇતિહાસ ૧૫૮, ૧૫૯, ૧૬૧, ૧૬૨, ૧૬૫, ૧૬૮
ઈશાવાસ્ય ઉપનિષદ્ ૧૮૫
ઈશાવાસ્ય ૬૭, ૬૮, ૮૨, ૮૫, ૯૫, ૯૯, ૧૯૪, ૧૯૭, ૨૦૧
ઉત્તરપુરાણ ૧૪૨, ૧૫૦, ૧૫૩, ૧૫૪
ઉત્પત્તિપ્રકરણ ૬
ઉપનિષદ ૨, ૪, ૧૪, ૪૪, ૬૩-૬૮, ૭૦, ૮૨, ૯૧, ૧૮૦, ૧૮૭, ૧૮૮, ૧૯૧, ૧૯૪, ૧૯૯, ૨૦૯, ૨૧૧, ૨૧૪, ૨૨૦
ઉપાખ્યાન ૬૮, ૬૯
ઉપાસકદશા ૧૬૯

ઉપાસકદશાંગ ૧૬૬
ઉપાસકાધ્યયન ૧૪૭, ૧૫૦
ઉવાસગદસાઓ ૭
ઉશનસ ૧૧૮
ઋગ્વેદ ૪૩, ૧૬૨
ઋગ્વેદ એન્શન્ટ ઇન્ડિયન હિસ્ટોરીકલ ટ્રેડીશન ૯૭
ઔલૂક્ય ૧૬૭, ૧૬૮
ઔલૂક્ય દર્શન ૧૬૭
કઠ ઉપનિષદ ૧૮૦
કણાદ ૭૩, ૧૧૭, ૧૧૮, ૧૩૪, ૧૬૭, ૧૬૮
કણાદસૂત્ર ૧૬૭, ૧૮૧
કર્મગ્રંથ બીજો ૯
કર્મસમુચ્ચય ૬૬, ૬૭
કલિ ૯૭, ૧૦૯, ૧૧૨, ૧૧૩, ૧૧૮
કલ્પસૂત્ર ૧૪૧, ૧૬૨, ૧૬૯, ૧૭૨
કલ્પસૂત્રસુબોધિકા ૧૭૨
કાઠક ૬૭, ૬૮, ૯૫
કાત્યાયન ૧૧૮
કાપિલેયોપાખ્યાન ૧૫૯
કારિકા ૧૬૩
કાર્તિકેય ૧૦૭
કાવ્યમીમાંસા
કાશિકા ૯૯
કાશ્યપસ્મૃતિ ૧૧૮
કુમારસંભવ ૨૧૮,૨૧૯
કુમારિલકૃત ટીકા ૧૦૨
કુરાન ૧૯૭
કુસુમાંજલિ ૯૨
કૂર્મપુરાણ ૧૦૧, ૧૧૮, ૧૨૫, ૧૨૬
કેમ્બ્રિજ હિસ્ટરી ઑફ ઈન્ડિયા ૯૭
કેવલાદ્વૈત ૫૬, ૬૦, ૬૫, ૮૩
ક્ષણિકવાદ ૧૬૫
ગણિત ૫૭, ૧૩૩, ૧૩૭, ૧૬૨, ૨૩૧
ગરુડપુરાણ ૧૧૮
ગીતા ૪૫, ૮૨, ૮૫, ૧૬૦, ૨૦૪
ગૌતમ ૪૧, ૧૦૩, ૧૧૭, ૧૧૮, ૧૪૫, ૧૪૭, ૧૫૪, ૧૬૪, ૧૬૫, ૧૭૬
ઘડતર અને ચણતર ૬૭
ચતુર્ભાણી ૧૦૨
ચરિતવિભાગ ૧૪૧
છંદ ૧૬૨
જયાદિત્ય ૯૬
જૈન દર્શન ૧, ૭, ૧૩, ૧૫, ૧૩૪, ૧૪૦, ૧૫૮, ૧૬૭, ૧૬૮, ૨૨૭
જૈન સાહિત્ય સંશોધક ૪૧
જૈમિનીય શાસ્ત્ર ૧૧૮
જૈમિનીય સૂત્ર ૧૦૨
જ્યોતિષશાસ્ત્ર ૧૬૨
તજ્જીવતચ્છરીરવાદ ૬૯, ૧૮૧
તત્ત્વાર્થ ૩૮
તત્ત્વાર્થાધિગમ ૧
તત્ત્વોપપ્લવસિંહગ્રંથ ૧૮૩
તન્ત્રવાર્તિક ૧૦૨, ૧૩૪-૧૩૫
તામસ પુરાણ ૧૦૧, ૧૧૭, ૧૧૮
તારકાસુર ૧૦૭
તૈત્તિરીય ઉપનિષદ ૧૯૧, ૧૯૯, ૨૨૦
ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર ૧૪૨, ૧૪૪, ૧૪૫, ૧૫૦, ૧૫૪, ૧૬૮
દર્શનસાર ૧૬૯
દશાધ્યાયી ૧૬૭, ૧૬૮
દશાધ્યાયી પ્રમાણ સૂત્રગ્રંથ ૧૬૮
દીઘનિકાય ૨
સામઞ્ઞફલસુત્ત ૧૨
દૃષ્ટિવાદ ૯૨, ૯૩
ધર્મ આણિ સંઘ ૭
નચિકેતા આખ્યાન ૬૮

નંદી ૩૭, ૨૨૦, ૨૨૧
નંદી-ટીકા ૩૭
નંદીસૂત્ર ૨૨૧
નારદીય પુરાણ ૧૧૮
નિઘંટુ ૧૬૨
નિરુક્ત ૧૬૨, ૧૯૦
ન્યાયશાસ્ત્ર ૧૧૮
ન્યાયસૂત્ર ૧૮૧
ન્યાસ કાશિકા ૯૬
પંજિકા ૩૮
પદ્મપુરાણ ૯૮, ૧૦૦, ૧૦૧, ૧૧૦, ૧૧૮, ૧૪૨, ૧૪૯, ૧૫૦, ૧૫૪
પરાશસ્મૃતિ ૧૧૮
પરિવ્રાજક-દંડિમત ૧૪૯
પર્વત શાસ્ત્ર ૧૫૧
પાણિનીય સૂત્રો ૯૬
પાતંજલદર્શન ૫
પાશુપત ૧૦૧, ૧૦૨, ૧૧૭, ૧૨૫, ૧૩૪, ૧૬૯
પાંચરાત્ર ૧૦૧, ૧૩૪
પિટક ૭, ૧૪, ૧૮૯
પિટકગ્રંથ ૧૬૬
પુરાણ ટેક્સ્ટ ઑફ ધ સ્ટડિજ ઑફ ધ કલિ ૯૭
પુરાણ નિરીક્ષણ ૯૭
પુરાતત્ત્વ ૧૩, ૧૩૭, ૧૬૪, ૧૬૫
પુસ્તક ૧૮, ૧૯, ૪૭, ૬૭, ૬૮, ૯૪, ૯૮, ૧૨૮, ૧૬૪, ૧૬૫, ૨૨૪
પૂર્ણતાષ્ટક ૧૮૭
પૂર્વશ્રુત ૩૮
પ્રજ્ઞાપના ૩૭
પ્રજ્ઞાપના ટીકા ૩૭
પ્રબોધચંદ્રોદય ૧૦૨, ૧૨૯, ૧૩૪
પ્રશસ્તપાદભાષ્યનું વિજ્ઞાપન ૧૬૭
પ્રસ્થાન ૫૫, ૬૮, ૧૬૪
પ્રહસનવિષયક પ્રકરણ ૧૦૨, ૨૧૯
બાઈબલ ૧૮૮
બાદરાયણ સૂત્રો ૧૦૨
બુદ્ધ ૭, ૨૧, ૨૫, ૪૧, ૫૯, ૬૦, ૮૦, ૮૧, ૮૩, ૧૦૩, ૧૨૭-૧૩૧, ૧૩૫-૧૩૭, ૧૬૦, ૧૬૪-૧૬૬, ૧૮૧, ૧૯૭, ૨૧૧-૨૧૩, ૨૧૫, ૨૧૯, ૨૩૬
બૃહજ્જાતક ૧૬૫
બૃહદ્વૃતિ ૯૬
બૃહસ્પતિ ૧૦૦, ૧૦૯, ૧૧૩, ૧૧૪, ૧૧૭, ૧૧૮
બોધિચર્યાવતાર ૧૪
બુદ્ધપ્રણીત બૌદ્ધ શાસ્ત્ર ૧૧૮
બૌદ્ધ ગ્રંથ ૧૨, ૪૫, ૯૨, ૧૬૬, ૧૬૭
બ્રહ્મજાલસુત્ત ૨
બ્રહ્મમહેશ્વરસંવાદ ૧૬૭
બ્રહ્મવૈવર્ત ૧૧૮
બ્રહ્મસૂત્ર શાંકર ભાષ્ય ૧૬૨
બ્રહ્માંડ ૧૧૮
બ્રાહ્મણપુરાણ ૧૧૮, ૧૪૦
ભગવતી ૧૬૨, ૧૬૯
ભગવતી શતક ૧૬૬
ભવિષ્યત્પુરાણ ૧૧૮
ભાગવત ૧૦૧, ૧૧૫, ૧૧૮, ૧૨૫, ૧૫૮
ભારતીય તત્ત્વવિદ્યા ૬૧
ભારદ્વાજસ્મૃતિ ૧૧૮
મજ્જિમનિકાય ૭, ૧૨, ૧૬૪
મત્તવિલાસપ્રહસન ૧૦૨
મત્સ્યપુરાણ ૯૯, ૧૦૫, ૧૧૮, ૧૫૪, ૧૫૫
મનુસ્મૃતિ ૧૬૨
મન્વન્તરાનુકલ્પ-દેવર્ષિ સંવાદ ૧૫૬

મહાભારત ૪૫, ૧૫૮, ૧૬૨, ૧૬૩, ૨૦૩, ૨૦૪, ૨૧૧, ૨૧૬, ૨૧૭
મહાભાષ્ય ૪૪-૯૬, ૧૩૪
મહાભાષ્ય ચાંદ્ર કે કાશિકા ૯૬
મહિમ્નસ્તોત્ર ૪૨
માર્કંડેય ૧૧૮
મુદ્રારાક્ષસ ૧૦૨
મૂલકારિકા ૧૬૨
મૃચ્છકટિક ૧૦૨
યજુર્વેદ ૧૬૨
યજ્ઞીય ૧૦૩, ૧૪૧
યમ ૬૮, ૬૯, ૧૧૮
યાજ્ઞવલ્ક્ય ૧૧૮, ૧૪૪, ૨૩૬
યાસ્કે નિરુક્ત ૧૯૦
યોગદર્શન ૧-૨, ૪
યોગવાસિષ્ઠ ૪, ૫, ૬
યોગદૃષ્ટિ સમુચ્ચય ૧૦
યોગબિંદુ ૧૧
યોગવાસિષ્ઠ ૪, ૫, ૬
રાત્રિસૂક્ત ૪૩
રામાયણ ૧૫૭, ૧૬૦
રામાયણ બાલકાંડ ૧૬૦
લટકમેલક ૧૦૨
લલિત વિસ્તરા ૧૧૮
લિંગપુરાણ ૧૧૮
વરાહપુરાણ ૧૧૮
વરુણસૂક્ત ૪૩
વસિષ્ઠ સ્મૃતિ
વાક્યપદીય
વાચસ્પતિ પ્રભૃતિ ૧૬૦
વાચસ્પતિ મિશ્રની ટીકા ૫
વાચસ્પતિમિશ્રકૃત ૧૦૩, ૧૬૩
વામન ૯૬, ૧૧૮
વાયુપુરાણ ૧૦૦, ૧૦૬, ૧૬૭
વિકૃતિમંડલ ૧૬૧
વિશેષાવશ્યક ભાષ્ય ૧૬૯
વિષ્ણુપુરાણ ૯૮, ૯૯, ૧૦૩, ૧૧૮
વેદત્રયી ૧૦૦, ૧૦૬, ૧૧૩, ૧૨૧, ૧૩૪
વેદસમન્વયી ૧૬૩
વેદાન્ત દર્શન ૧
વેદ ૧૪, ૭૬, ૭૬-૮૦, ૧૧૨, ૧૩૮, ૧૪૧, ૧૪૪, ૧૫૦, ૧૫૩, ૧૬૨, ૨૨૩
વૈદિક દર્શનસાહિત્ય ૧૪, ૧૦૨
વૈશિકાયન ૧૭૪
વૈશેષિક ૫૧, ૫૨, ૭૩, ૭૪, ૧૧૮, ૧૩૯, ૧૫૮, ૧૬૬-૧૬૯, ૧૭૯
વૈશેષિક દર્શન ૭૯, ૧૩૯, ૧૫૮, ૧૬૭-૧૬૯
વૈષ્ણવ ૯૬, ૯૮, ૧૦૧, ૧૦૨, ૧૧૩, ૧૧૫, ૧૧૮, ૧૨૪, ૧૩૪, ૧૮૫
વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ ૧૦૧
વ્યાકરણ ૬૯, ૧૬૨
વ્યાકરણશાસ્ત્ર ૯૬
વ્યાખ્યાસાહિત્ય ૧૪૧
વ્યાસભાષ્ય ૪, ૫
વ્યાસસ્મૃતિ ૧૧૮
શાંકરભાષ્ય ૧૦૨, ૧૩૫
શાબરભાષ્ય ૧૦૨
શાસ્ત્રવાર્તાસમુચ્ચય ૩૭
શિક્ષા ૧૭૬
શિવ પુરાણ ૯૮
શિવસંકલ્પમંત્ર કે શિવસંકલ્પસૂક્ત ૨૦૫
શૈવધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ ૧૦૧
શ્રાવકાધ્યાયસંગ્રહ ૧૪૮
શ્રીભાગવત સ્કંધ ૧૫૯
શ્રુતિ ૧૦૮, ૧૧૩, ૧૩૫, ૧૬૨, ૧૬૩, ૨૦૪, ૨૨૧

શ્વેતાશ્વતરોપનિષદ્ ૧૫૯
ષષ્ટિતન્ત્ર ૧૬૦-૧૬૪, ૧૭૧
સત્યના પ્રયોગો ૨૦૬, ૨૧૦
સમવાય ૮, ૧૭૯
સમવાયાંગ ૮
સર્વદર્શન સંગ્રહ ૧૬૭
સર્વસંગ્રાહક ૧૬૫
સંકીર્ણ ૨૩-૨૪, ૨૦૯
સંવર્ત ૧૧૮
સાતમા અંગ ૧૪૭, ૧૫૦
સાદિ-સાંત ૨૩
સામઞ્ઞફલસુત્ત ૧૨
સામવેદ ૧૬૨
સાંખ્યકારિકા ૧૦૩, ૧૬૦ ૧૬૨, ૧૬૩
સાંખ્યતત્ત્વ કૌમુદી ૧૩૬
સાંખ્ય દર્શન ૧, ૧૬૩, ૧૬૮
સાંખ્ય-યોગમત ૧૪૬
સાંખ્યશાસ્ત્ર ૧૭૧
સીસ્ટીમ્સ ઑફ સંસ્કૃત ગ્રામર ૯૬
સુત્તનિપાત ૪૫
સુત્તવણ્ણ ૭
સુબોધિકા ૧૬૯, ૧૭૨
સુમંગલવિલાસિની ટીકા ૧૨
સૂત્રકૃતાંગ ૪૬, ૧૮૧, ૧૯૯
સૂત્રકૃતાંગ બીજો ૧૬૬
સ્કંદપુરાણ ૧૦૧, ૧૧૮, ૧૨૫
સ્મૃતિઓ ૧૦૧, ૧૧૮
સ્વોપજ્ઞ શબ્દાનુશાસન ૯૬
હઠયોગશાસ્ત્ર ૫૭
હરિકેશબલ ૧૪૧
હારિતસ્મૃતિ ૧૧૮
હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ ૧૦૧, ૧૬૧, ૧૬૨, ૧૬૮

•

## વ્યક્તિ નામ


અખો ૧૫
અગ્નિમિત્રા ૧૭૫
અત્રિ ૧૫૯
અથર્વણ ૧૫૯
અનસૂયા ૧૫૯
અરવિંદ ૬૭, ૬૮, ૯૫, ૯૯,
અરહંત ૧૨૫
અરુંધતી
અર્હત ૧૦૧, ૧૧૧, ૧૧૪, ૧૨૫
અશોક ૪૪, ૮૧
અશ્વઘોષ ૧૬૦
અશ્વિન મ. ત્રિવેદી ડૉ. ૫૫
અંજન ૧૦૪
અંગિરસ ૧૫૯
અંજની ૧૨૧
આનંદ ૨૦, ૧૨૭, ૧૭૯, ૧૯૧
આદિત્યયશા ૧૪૪
આમ ૪૩-૪૫, ૫૨-૫૪, ૫૬, ૬૦, ૬૩, ૬૯, ૭૨, ૭૩, ૭૯, ૮૧-૮૪, ૮૭, ૮૯, ૧૦૧, ૧૧૮, ૧૧૯, ૧૨૮, ૧૩૧, ૧૫૮, ૧૭૫, ૧૭૮, ૧૮૩, ૧૮૬, ૧૯૪, ૧૯૫, ૨૧૪, ૨૧૭, ૨૨૭, ૨૨૯, ૨૩૧
આર્યદેવ ૮૩
આર્હત ૧૦૦, ૧૦૪, ૧૦૬, ૧૨૯, ૧૩૨
આળારકાલામ ૧૬૪
આસુરી ૧૭૦, ૨૦૯
ઇ. જે. રેપ્સન ૯૭
ઇ. પાર્જિટર ૯૭
ઇન્દ્ર ૪૩, ૯૯, ૧૦૦, ૧૦૬, ૧૦૯, ૧૧૫, ૧૧૭, ૨૦૪
ઇંદ્રસૂરિ ૧૦૬, ૧૧૯, ૧૨૦, ૧૨૨
ઉદય ૯, ૩૫, ૫૨, ૭૧, ૮૨, ૯૨, ૧૭૫, ૧૮૮,
ઉદાયમુનિ ૧૭૬
ઉદ્દકરામપુત્ત ૧૬૪
ઉપમન્યુ ૧૧૭
ઉર્વશી ૧૦૫
ઉલૂક ૧૬૭, ૧૬૮, ૧૭૯
ઉષા ૪૩, ૧૧૩
ઋષભદત્ત ૧૬૨
એ. બી. ધ્રુવ ૪૬
એસ. કે. બેલ્વલકર ૯૬
ઔરંગજેબ ૨૯
કણાદ ૭૩, ૧૧૭ ,૧૧૮, ૧૩૪, ૧૬૭, ૧૬૮, ૧૮૧
કપાલિ ૧૩૧-૧૩૩
કપિલ ૧૧૭, ૧૧૮, ૧૫૮-૧૬૦, ૧૬૨-૧૬૪, ૧૬૮, ૧૭૦
કપિલઋષિ ૧૫૮
કપિલયોગી ૧૬૦
કમલાપતિ ૧૧૬
કર્દમ ૧૫૮, ૧૫૯
કલા ૪, ૫, ૨૩, ૧૫૯, ૧૮૮, ૧૮૯, ૨૨૨
કલ્કિ ૧૧૩
કાત્યાયની ૧૩૪
કાપાલિક ૧૨૫, ૧૨૯-૧૩૪
કાલાપહાડ ૨૨૫
કાલિદાસ ૨૦૧, ૨૦૮
કાશ્યપ ૧૬૭, ૧૭૯
કાશ્યપ ગોત્રીય ૧૬૭
કિશોરલાલ મશરૂવાલા ૩૬
કિસસંકિચ્ચ ૧૬૬

કુંદકુંદ ૪૦
કુંભીપાલ ૧૧૯
કુમારપાલ ૧૨૦-૧૨૨
કુમારિલ ૯૯, ૧૦૨, ૧૦૩
કૈટભાર્દન ૧૫૯
કોસાંબીજી ૧૮
ક્રતુ ૧૫૯
ક્રાઈસ્ટ ૨૨, ૧૯૮
ક્રુશ્ચોવ ૧૯૯
ક્ષીર કદંબક ૧૫૧, ૧૫૨
ખ્યાતિ ૫૭,૧૦૩, ૧૩૫, ૧૫૯, ૧૭૬, ૧૭૯
ગણપતિ ૧૧૦, ૨૧૬, ૨૧૭, ૨૨૨
ગણેશ ૨૧૬, ૨૧૭
ગતિ ૨૯, ૬૦, ૧૨૯
ગદ્દભાલિ ૧૬૨
ગાંધીજી ૨૯, ૩૨, ૬૭, ૬૮, ૨૦૦-૨૦૨, ૨૦૭-૨૧૦, ૨૧૩, ૨૧૫,
ગિરિજ ૧૧૮
ગુપ્ત ૧૦૦
ગુપ્તનામ ૧૬૯
ગુરુ ૬૮, ૬૯, ૧૦૯, ૧૧૩, ૧૧૪, ૧૪૪, ૧૫૧, ૧૭૯, ૧૮૬
ગોવિંદ ૧૧૩
ગૌતમ ૧૦૩, ૧૧૭, ૧૧૮, ૧૪૫, ૧૪૭, ૧૫૪, ૧૭૯
ગૌતમ બુદ્ધ ૪૧, ૧૦૩, ૧૬૪, ૧૬૫
ચંદ્રગુપ્ત ૧૩૯
ચંદ્રશેખર ૧૩૧
જગન્નાથ ૧૧૭, ૨૨૫
જનક ૧૦૫
જમદગ્નિ ૧૧૭
જયરાશિ ભટ્ટ ૧૮૩
જ્યેષ્ઠ બંધુ ૪૬
જિનભદ્રગણી ૩૮
જિનેંદ્રબુદ્ધિ ૯૬
જિસસ ક્રાઈસ્ટ ૧૯૮
જૈમિનિ ૧૧૭
ટાગોર ૨૧૩
તારાબાઈ ૩૭
ત્રિપુર ૧૦૦, ૧૦૭-૧૧૦
દુર્બલિક પુષ્પમિત્ર ૪૦
દશવૈકાલિક ૧૬૪, ૨૦૨
દાદુ ૧૫
દાહક ૧૬૦
દિલીપ ૧૧૫
દિવાકરખેચર ૧૫૩
દીર્ઘતપસ્વી મહાવીર ૧૮૧, ૧૯૭
દુર્ગાશંકર ૧૦૧
દુર્વાસસ ૧૧૭
દેવવાચક ૨૨૧
દેવસેન ૧૬૮
દેવહૂતિ ૧૫૮, ૧૫૯
દેવાનંદી ૧૬૨
દેવાસુર ૯૯, ૧૦૦, ૧૦૫, ૧૦૬
દૈત્ય ૧૦૦, ૧૦૧, ૧૦૪, ૧૦૬, ૧૦૮-૧૧૦, ૧૧૩-૧૧૫, ૧૧૭, ૧૧૮, ૧૨૧
ધ્રુવ ૧૯, ૫૨, ૧૫૬, ૨૦૫- ૨૦૬
નંદવચ્છ ૧૬૬
નંદિ ૧૧૫, ૧૧૬
નગ્નમુણ્ડી ૧૧૫
નચિકેતા ૬૮, ૬૯, ૧૮૦
નમુચિ ૧૧૫, ૧૧૭
નરપતિ ૧૦૧, ૧૫૩
નરસિંહ મહેતા ૧૫, ૪૬
નર્મદાશંકર દેવશંકર મહેતા ૧૯, ૧૦૧, ૧૬૨
નહુષ ૪૫
નાગાર્જુન ૬૦, ૮૩, ૧૮૧

નાનાભાઈ ભટ્ટ ૬૭
નારદ ૧૦૯, ૧૧૦, ૧૧૮, ૧૫૦-૧૫૨
નારાયણ ૧૦૫, ૧૧૭
નિરીશ્વર ૧૬૨
નેહરુ ૨૧૪
પતંજલિ ૪, ૪૪
પરાશર ૯૯, ૧૦૩-૧૦૫
પરીક્ષિત ૧૨૫
પર્જન્ય ૧૫૬
પર્વત ૧૧૫, ૧૫૧-૧૫૪, ૧૫૭
પંચશિખ ૧૬૦, ૧૬૪
પંડિતજી ૩૬
પાર્વતી ૧૦૦, ૧૧૬, ૧૧૭, ૧૩૧, ૨૧૮
પાર્શ્વનાથ ૧૬૫, ૧૭૧, ૧૭૫
પિહિતાસ્રવ ૧૭૧
પુરુરવા
પુલસ્ત્ય ૧૫૯
પુલહ ૧૫૯
પુષ્કરાક્ષ ૧૫૮
પૃથુ ૧૧૩
પોટ્ટશાલ ૧૭૭
પ્રહ્લાદ ૧૦૫, ૧૧૫
પ્રાચીનબર્હિ ૧૫૬
પ્રિયવ્રત ૧૫૬, ૧૫૮
બખ્તિયાર ખીલજી ૨૨૫
બટુકવેશધારી ૨૧૮
બર્બર ૧૧૩
બુદ્ધ ૭, ૧૨, ૨૧, ૨૫, ૪૧, ૫૯, ૬૦, ૮૦, ૮૧, ૮૩, ૧૦૩, ૧૨૭-૧૩૧, ૧૩૫-૧૩૭, ૧૬૦, ૧૬૪-૧૬૬, ૧૮૧, ૧૯૭, ૨૧૧-૨૧૩, ૨૧૫, ૨૧૯, ૨૩૬
બુદ્ધકીર્તિ ૧૭૧
બુદ્ધઘોષ ૧૨, ૧૩
બુધ ૧૮૫
બૃહસ્પતિ ૧૦૦, ૧૦૬, ૧૧૩, ૧૧૪, ૧૧૮
બેચરદાસ ૧૩૭, ૧૬૩, ૧૬૭
બૌદ્ધ ૨, ૭, ૧૨, ૧૪, ૧૫, ૧૮, ૪૧, ૪૪-૪૬, ૫૦, ૫૨, ૫૬, ૬૦, ૬૧, ૭૯, ૮૨, ૯૧, ૯૨, ૯૪-૧૦૩, ૧૦૬, ૧૧૮, ૧૧૯, ૧૨૨, ૧૨૫, ૧૨૭, ૧૨૯, ૧૩૪, ૧૩૯-૧૪૧, ૧૫૭, ૧૫૮, ૧૬૦, ૧૬૪, ૧૬૬, ૧૬૭, ૧૬૯, ૧૮૫, ૨૧૧, ૨૨૮
બ્રહ્મા ૮૩, ૯૮, ૧૦૦, ૧૦૧, ૧૦૫-૧૦૭, ૧૧૦
ભદ્રબાહુ ૧૩૯
ભરત ચક્રવર્તી ૧૩૯, ૧૪૨
ભર્તૃહરિ ૧૩૯, ૨૨૧
ભાર્ગવ ૧૧૪, ૧૧૭
ભૃગુઋષિ ૧૧૫, ૧૧૬
મંખલી ૧૨, ૧૭૧
મુકુલભાઈ કલાર્થી ૫૦
મખ્ખલિ ૧૬૬
મતિસાગર ૧૪૫
મધુસૂદન ૧૫૯
મનુ ૧૩૬, ૧૫૮, ૧૯૦
મરીચિ ૧૫૯, ૧૬૩, ૧૬૪, ૧૬૮-૧૭૦
મરુતરાજા ૧૫૩
મરુત ૧૫૦
મશરૂવાલા ૨૧, ૩૯
મહંમદ પેગંબર ૧૯૭
મહાગિરિ ૧૬૯
મહર્ષિ પતંજલિ ૪
મહાકાલ ૧૫૨-૧૫૪

મહાદેવજી ૧૧૫
મહાયશ ૧૪૪
મહાવીર ૨૫, ૪૧, ૮૧, ૧૩૭-૧૩૯, ૧૪૫, ૧૬૬, ૧૭૧-૧૭૨, ૧૭૭, ૧૯૭, ૨૦૩-૨૦૪, ૨૧૧, ૨૩૬
મહેન્દ્ર દેસાઈ ૫૫
મહેશ ૧૧૫, ૧૧૭
મહેશ્વર ૭૯, ૧૦૦, ૧૨૦, ૧૫૧, ૧૬૭, ૧૬૮
માઠરવૃત્તિકાર ૧૬૨, ૧૬૩
માતા ૧૧૨, ૧૨૬, ૧૩૩, ૧૫૯
માધવાચાર્ય ૧૬૭
મામા ૧૧૯
મીરાંબાઈ ૧૫
મુનિચંદ્રસૂરિ ૩૮
મૃકંડુ ૧૧૭
મેધાતિથિ ૧૫૬
મૈત્રેય ૯૯, ૧૦૩-૧૦૫
યયાતિ ૨૦૩
યમ ૬૮, ૬૯
યશોવિજયજી ૪૬, ૧૮૭
યાજ્ઞવલ્ક્ય ૧૧૮, ૧૪૪, ૨૩૬
યુધિષ્ઠિર ૪૫, ૧૧૮, ૧૧૯
રજિ ૧૦૫, ૧૦૬
રજિની ૯૯
રજિરાજ ૯૯
રત્નગંગા ૧૧૯
રવિષેણ ૧૪૨, ૧૫૪
રાજવાડે પ્રો. ૧૬૬
રાજશેખર ૩૭, ૧૬૭
રાજસુ ૧૫૬
રાધાકૃષ્ણ ૬૫, ૬૭-૬૮, ૨૨૭-૨૨૯
રામ ૧૧૯, ૧૨૧-૧૨૪
રામમૂર્તિ ૩૭
રામાનુજ ૬૫
રાવણ ૧૫૦-૧૫૩
રુદ્ર ૧૦૧, ૧૦૭, ૧૧૦, ૧૧૩, ૧૧૫-૧૧૮
રોકફેલર ૨૨૫
રોહગુપ્ત ૧૬૯, ૧૭૭-૧૭૯
લક્ષ્મણ ૧૨૧, ૧૨૨
લક્ષ્મણસેન ૨૨૫
લક્ષ્મી ૧૧૦, ૧૧૬
વરુણ ૪૩
વસિષ્ઠ ૧૧૫, ૧૫૯
વસુ ૧૫૧, ૧૫૫, ૧૫૭
વસુબંધુ ૪૬, ૬૦, ૮૨
વાચસ્પતિ ૧૦૬, ૧૬૦
વાચસ્પતિમિશ્ર ૫, ૧૦૩, ૧૬૩
વાર્ષગણ્ય ૧૬૦, ૧૭૪
વાસુદેવ ૧૬૦
વિક્રમ ૯૭, ૯૮, ૧૪૨, ૧૬૮, ૧૭૧
વિજયનામક શેઠ ૧૭૧
વિદ્યુન્માલી ૧૦૯
વિનયવિજયજી ૧૬૯
વિનોબાજી ૨૧૫
વિન્સેટ સ્મિથ ૯૭
વિમલસૂરિ ૧૪૧, ૧૪૨
વિરજા ૧૫૬
વિશ્વભુગ્ ઇંદ્ર ૧૫૫
વિષ્ણુ ૧૦૦, ૧૦૧, ૧૦૩, ૧૦૭, ૧૦૮, ૧૧૦, ૧૧૩-૧૧૬, ૧૨૦
વિંધ્યેશ્વરીપ્રસાદ ૧૬૭
વેન ૭૬, ૧૧૦-૧૧૩
વૈદ્ય ત્ર્યંબક ગુરુનાથ કાળે ૯૭
વૈનતેય ૧૬૦
વૈશેષિક ૫૧, ૫૨, ૭૩, ૭૪, ૭૭, ૧૧૮, ૧૩૯, ૧૫૮, ૧૬૬, ૧૬૮, ૧૭૯
વ્યાસ ૧૨૧, ૨૧૬, ૨૧૭, ૨૨૨

શક્તિ ૯૧, ૯૨, ૧૧૭, ૧૭૪, ૧૭૬, ૧૮૩, ૧૮૬, ૧૯૦-૨૦૩, ૨૦૫
શતધનુ ૧૦૫
શતધનુ રાજા ૯૯, ૧૦૫
શતરૂપા ૧૫૮, ૧૫૯
શંકર ૬૦, ૮૩, ૧૦૭, ૧૧૬
શંકરાચાર્ય ૬૫-૬૮, ૧૦૨, ૧૦૩, ૧૬૨
શંખ ૧૧૭-૧૧૮
શંખપાદ ૧૫૬
શંયુ ૧૦૦, ૧૦૬
શાંકર ૬૫, ૧૩૬
શાંડિલ્ય ૧૫૨
શાંતિ ૨૫, ૧૩૪, ૧૫૨
શાંતિનાથ ૧૪૫
શિવ ૯૬, ૯૮, ૧૦૦, ૧૦૭, ૧૦૮, ૧૧૦, ૧૧૬
શીતળસ્વામી ૧૪૪
શુક્ર ૧૦૦, ૧૧૪, ૧૧૫
શુક્લધ્યાન ૩૮, ૩૯
શુક્લયજુર્વેદ ૨૦૫
શુદ્ધોદન ૧૦૬, ૧૬૪
શૃંગભૂપાલ ૧૦૨
શૈબ્યા ૯૯, ૧૦૫
શૈબ્યા રાણી ૯૯
શ્રદ્ધા ૧૦, ૩૦, ૫૮, ૬૯, ૮૭, ૯૩, ૧૨૭, ૧૨૯, ૧૩૧, ૧૩૩, ૧૩૮, ૧૪૯, ૧૫૪, ૧૯૫, ૧૯૬, ૨૨૪, ૨૩૭
શ્રીપતિ ૧૧૫
શ્રેણિક ૧૪૫, ૧૪૭, ૧૫૪
સગર ૧૫૨, ૧૫૩, ૧૬૦
સતી ૧૫૯
સદ્દાલ ૧૬૬, ૧૭૫, ૧૭૬
સરસ્વતીદેવી ૧૩૪
સરોજિનીદેવી ૩૭
સર્વાનુભૂતિ
સિદ્ધાર્થ ૧૭૨, ૧૭૪
સુત-સોમપુત્ર ૧૦૫
સુધામા ૧૫૬
સુનક્ષત્ર ૧૭૭
સુનીથા ૧૧૦, ૧૧૨
સુલસ ૧૪૪
સુલસા ૧૫૨, ૧૫૩
સુવિધિ ૧૪૪
સુવિધિસ્વામી ૧૪૪
સુશંખ ૧૧૧, ૧૧૨
સૂર્ય ૧૨૬, ૧૯૬
સ્થૂલભદ્ર ૪૦
હનુમાન ૧૧૮, ૧૨૦-૧૨૪
હરિભદ્રસૂરિ ૧૦, ૩૮
હવિધનિ ૧૫૬
હવિર્ભુવા ૧૫૯
હાલાહલા ૧૭૬, ૧૭૭
હિરણ્યગર્ભ ૧૫૯
હેમચંદ્ર ૯૬, ૧૪૨, ૧૬૮, ૧૬૯
હોર્નલ પ્રોફેસર ૧૩, ૧૬૫-૧૬૬

## પારિભાષિક નામ


અગાર ૮૧
અગ્નિ ૨, ૩, ૧૦, ૪૦, ૪૩, ૬૬, ૧૦૦, ૧૦૪, ૧૦૯
અજ્ઞ ૬૬, ૧૪૪, ૨૧૨
અજ્ઞાન ૨, ૩, ૬, ૧૧, ૧૨, ૮૩, ૯૩
અજ્ઞાનમય ૫, ૧૫૨
અતિમદતમ ૧૦
અતીન્દ્રિય ૫૧, ૧૮૩, ૨૧૨, ૨૩૦-૨૩૭
અતીન્દ્રીય જ્ઞાન ૨૧૨
અધિબ્રહ્મ ૫૦
અધિષ્ઠાન ૫૧, ૫૯, ૮૪
અધ્યાત્મ ૧૧, ૬૧
અનગારપદ ૮૧
અનાચાર ૨૮
અનાત્મભાવ ૮૩
અનિત્યત્વ ૮૩
અનિવૃત્તિબાદર ૯
અનુષ્ઠાન ૯૧
અનુસ્રોત ૩૧
અન્તર્જલ્પ ૨૧૭
અપરિગ્રહ ૩૩
અપસિદ્ધાંત ૧૭૯
અપૂર્વકરણ (નિવૃત્તિબાદર) ૮
અપ્રમત્તસંયત ૮, ૯
અયોગકેવલી ૮
અરહા ૭
અર્ધજાગ્રત ૨૩૩
અર્ધસુષુમ ૨૩૩
અવિકાસ ૨-૫, ૭, ૯, ૧૦, ૧૩
અવિચ્છિન્ન ૫૨
અવિરત સમ્યક્દૃષ્ટિ ૮
અસંદિગ્ધ ૯, ૬૮-૬૯, ૮૬, ૨૩૬
અસંપ્રજ્ઞાત ૫
અસંશય ૬૮
અસંસક્તિ ૬
અંગ ૧૮, ૮૪, ૮૯, ૧૧૨, ૧૭૦, ૧૮૨
અંધ પુથુજ્જન ૭
આઇનસ્ટાઇન ૨૩૬
આચારવાદ ૩૬
આજીવક ૨, ૧૨, ૭૯, ૯૬, ૧૩૯, ૧૫૮, ૧૬૫, ૧૬૬, ૧૬૯, ૧૭૫
આજીવક દર્શન ૧૨, ૧૬૫
આનંદાશ્રમ ૧૦૬, ૧૧૩, ૧૧૫, ૧૧૮
આર્હત ૧૦૦, ૧૦૪, ૧૦૬, ૧૨૯, ૧૩૨
આલોચના ૧૪૩
આસક્તિ ૬, ૮૨, ૮૩, ૨૦૧
ઇતિહાસ ૧૫, ૧૮, ૪૦, ૭૨, ૮૧, ૯૬, ૧૦૧, ૧૩૩, ૧૫૮, ૧૬૨, ૧૬૫, ૧૮૦, ૧૯૬, ૨૧૦, ૨૧૫, ૨૨૩, ૨૨૪
ઈશ્વરપ્રણીત ૮૦
ઉજુગત ૧૨, ૧૩
ઉત્પત્તિ ૬, ૯૯-૧૦૧, ૧૩૦, ૧૩૯-૧૪૨, ૧૪૫, ૧૪૭, ૧૫૦, ૧૫૫, ૧૫૭, ૧૫૮, ૧૬૭-૧૬૯
ઉદયમાન ૯, ૬૭
ઉપવેદ ૧૩૩
ઉપશાંતમોહ ૮
ઉપશાંતમોહનીય ૯
ઉપાદેય ૬૬
ઉપાસનાશુદ્ધિ ૨૯
ઉપાંગ ૧૩૩

એકાગ્ર ૪, ૫, ૮૧, ૨૧૨-૨૧૪, ૨૨૨, ૨૩૩, ૨૩૭
એતદ્દેશીય ૯૭
ઐતરેય ૧૫૭
ઓઘદૃષ્ટિ ૧૦
ઔપપાતિક ૭
કણાદ ૭૩, ૧૧૭, ૧૧૮, ૧૩૪, ૧૬૭, ૧૬૮
કર્મક્ષય ૩૩, ૩૪
કર્મેન્દ્રિય ૫૪, ૧૬૧
કલિ ૧૦૯
કલ્કિરૂપ ૧૧૩
કલ્યાણપુથુજ્જન ૭
કાન્તા ૧૦, ૧૧
કાયદંડ ૧૬૯
કેવલાદ્વૈતવાદી ૫૬
કેશોત્પાટન ૧૧૪
કૈયટ ૯૬
કોશ ૯૨
કૌપીન ૧૬૩
ક્ષણિકત્વ ૮૩
ક્ષિપ્ત ૪, ૫
ક્ષીણમોહ ૮, ૯
ખંડનાત્મક ૧૩૭, ૧૩૮, ૧૪૦
ખિન્ના ૧૨
ગુણસ્થાન ૮, ૯, ૧૦, ૧૨
ગેલીલીઓ ૨૩૬
ગ્રહાવિષ્ટ ૧૦
ચરિત ૧૩૭, ૧૩૯-૧૪૧
ચાક્ષુષ જ્ઞાન ૧૦
ચારિત્રમોહનીય ૮, ૯
ચિત્રપટજીવ ૧૭૧
ચૂર્ણિ ૧૩૯
ચેતન ૩૫, ૫૧, ૫૪-૫૬, ૫૮, ૫૯, ૨૨૪, ૨૨૯
જાગ્રત ૫, ૬, ૨૮, ૨૦૫, ૨૩૧, ૨૩૩
જાગ્રતસ્વપ્ન ૫
જિન ૧૨, ૧૩, ૧૭૬, ૧૭૭
જીવાત્મા ૫૧, ૫૩, ૫૮, ૧૮૬
જ્ઞાનમય ૫, ૨૩૧
જ્ઞાનેન્દ્રિય ૫૪
ટીકા ૫, ૧૨, ૧૪, ૯૪, ૧૦૨, ૧૦૩, ૧૩૯, ૧૪૦, ૧૬૩, ૧૬૭-૧૬૯
તજ્જીવતચ્છરીરવાદ ૬૯, ૧૮૧
તત્ત્વજ્ઞાન ૧૪-૨૧, ૨૮, ૩૧, ૩૫, ૩૬, ૪૨, ૪૭-૫૦, ૫૨, ૫૩, ૫૫, ૫૮, ૬૧, ૬૨, ૭૧-૭૫, ૭૯, ૮૦, ૮૩-૮૫, ૯૧, ૯૪, ૯૭, ૯૮, ૧૦૧, ૧૪૦, ૧૫૯, ૧૬૨, ૨૨૯
તનુમાનસા ૬
તમોગુણ ૪, ૫, ૧૨૭
તર્ક ૫૯, ૭૪, ૮૮, ૧૩૩, ૧૩૭, ૧૪૦, ૧૭૯, ૨૩૧, ૨૩૨
તાત્ત્વિક ૮, ૧૦, ૧૫, ૩૦, ૫૦, ૭૭, ૭૮, ૮૦, ૮૩, ૧૨૯, ૧૭૦, ૨૧૧, ૨૨૦
તામસ ૧૦૧, ૧૦૨, ૧૧૭, ૧૧૮, ૧૨૫, ૧૨૭, ૧૨૮
તારા ૧૧૪, ૧૧૯, ૧૨૮, ૧૫૨, ૧૫૯, ૧૬૦, ૧૭૬
તીર્થોચ્છેદ ૧૪૫
તુચ્છત્વ ૩૮, ૪૦
તુર્યગા ૬
તેજોલેશ્યા ૧૭૪, ૧૭૫, ૧૭૭
ત્રિદંડી ૧૬૩, ૧૭૦
ત્રૈરાશિક સ્થાપના ૧૬૯, ૧૭૧
દર્શન ૧-૨, ૧૨, ૧૯, ૪૩, ૫૫,

૬૦, ૬૮-૬૯, ૮૬, ૮૯, ૯૨, ૧૦૧, ૧૦૩, ૧૦૯, ૧૧૧, ૧૨૩, ૧૨૬, ૧૩૩, ૧૩૪, ૧૩૯, ૧૪૦, ૧૫૦, ૧૫૭-૧૫૮, ૧૬૧, ૧૬૪-૧૬૮, ૧૭૭, ૧૭૯, ૧૮૦-૧૮૧, ૧૯૪-૧૯૫, ૧૯૭, ૨૨૧, ૨૩૧, ૨૩૬
દર્શનમોહનીય ૮, ૯
દર્શનો ૧, ૨, ૧૯, ૬૮, ૬૯, ૮૬, ૮૯, ૧૦૧, ૧૦૩, ૧૩૪, ૧૫૭, ૧૫૮, ૧૬૧, ૧૬૪-૧૬૭, ૧૭૭, ૧૮૧
દીપ્રા ૧૦
દૃષ્ટિરાગ ૬૩, ૯૨
દ્વિજો ૧૦૬, ૧૨૦, ૧૨૩, ૧૪૮
દેશવિરતિ ૮, ૯
દ્રવ્યનંદી ૨૨૦
દ્વૈતભૂમિકા ૫૮
ધર્મ ૧૧, ૩૩, ૩૪, ૩૬, ૫૮, ૬૮, ૬૯, ૭૧, ૮૪, ૯૧, ૯૪, ૯૫, ૯૮-૧૦૧, ૧૦૩, ૧૦૪, ૧૦૮-૧૧૨, ૧૨૮, ૧૨૯, ૧૩૫, ૧૪૪, ૧૪૯, ૧૫૫, ૨૦૮, ૨૨૫
ધર્મશાસ્ત્ર ૧૩૩
ધર્માતિક્રમી ૧૬૫
ધૂંસરી ૯૩
ધૃતિ ૧૫૫
ધ્યાન ૧૦, ૧૧, ૪૨, ૪૭, ૫૮, ૭૫, ૭૭, ૮૧, ૮૪, ૮૯, ૧૦૨, ૧૦૩, ૧૦૯, ૧૧૧, ૧૧૨, ૧૩૨, ૧૩૩, ૧૩૮, ૧૪૦, ૧૭૨, ૧૮૦, ૧૯૬, ૧૯૮, ૨૦૨, ૨૦૪, ૨૦૬, ૨૧૮, ૨૩૩
નયરૂપ ૧૬૫
નયવાદ ૧૬૫
નારદ ૧૦૯, ૧૧૦, ૧૧૮, ૧૫૦-૧૫૪, ૧૫૭
નાસ્તિક ૨૭, ૩૦, ૯૫, ૯૬, ૧૨૫, ૧૩૪, ૧૬૨, ૧૬૩, ૧૬૫, ૧૮૦, ૨૧૮ ,૨૧૯
નિયતિવાદ ૧૭૨
નિરુદ્ધ ૪, ૫
નિર્ગ્રન્થ ગુરુ ૧૧૧
નિર્મોહતા ૧૧
નિર્યુક્તિ ૧૩૮, ૧૩૯, ૧૪૧, ૧૬૮, ૧૬૯, ૧૭૧
નિર્વાણ ૭, ૯, ૧૩૯, ૧૪૪, ૨૧૩
નિર્વાણકાલ ૭
નિર્વિકલ્પક ધ્યાનવાદ ૮૪, ૮૫
નિવૃત્તિ ૩૪, ૮૧-૮૩
નિશ્ચયદૃષ્ટિ ૨૭, ૫૯
નીલપટમત ૧૧૮
નૈષ્કર્મ્યવાદ ૮૫
નૈગમ ૨૭
ન્યાય દર્શન ૧
નોજીવરાશિ ૧૭૯
ન્યાય ૧, ૭૪, ૭૭, ૭૯, ૯૪, ૧૩૪, ૧૬૬, ૧૮૩, ૨૦૧, ૨૧૪
ન્યૂટન ૨૩૬
પત્ર
પદમીમાંસા ૧૨, ૧૩
પદાર્થાભાવ ૬
પર ૪, ૨૫, ૪૧, ૬૩, ૬૯, ૧૧૫, ૧૨૪, ૧૫૩, ૧૭૫, ૧૮૩, ૧૯૪, ૧૯૯, ૨૦૫, ૨૦૯, ૨૨૩, ૨૨૪
પરમચેતન ૫૦
પરમાણુ ૫૨, ૧૭૮
પરમાણુની ભીતરમાં ૫૫
પરમાર્થ ૪૨, ૪૫, ૪૬, ૫૯, ૬૦,

૮૩, ૧૨૬, ૨૨૦
પરા ૧૦, ૧૧, ૬૩
પરાઙ્મુખ ૭, ૧૧, ૧૨૧
પરિષહ ૧૭૪
પર્વત ૧૧૫, ૧૫૧-૧૫૪, ૧૫૭
પાર્થિવ ૫૧, ૫૨, ૭૩
પુરાણ ૯૦, ૯૭-૯૯
પૂર્વમીમાંસા ૧૩૪, ૧૬૬
પૌર્વાપર્ય ૩૩, ૯૮
પૌર્વાપર્ય ૩૩, ૯૮
પ્રકૃતિમંડળ ૧૬૧
પ્રજ્ઞાન ૪૨, ૧૯૯, ૨૦૬
પ્રજ્ઞાપારમિતા ૮૩
પ્રતિપાદી ૨૫
પ્રભા ૧૦,૧૧
પ્રમત્તસંયત ૮, ૯
પ્રવૃત્તિધર્મ ૮૧
બલા ૧૦
બહિર્જલ્પ ૨૧૭, ૨૨૧
બહુશ્રુતત્વવૃત્તિ ૨૯
બીજજાગ્રત ૫
બ્રહ્મચર્ય ૩૩, ૪૬, ૧૫૫, ૧૭૦, ૨૦૭
બ્રહ્માનંદ ૨૭
ભાવનંદી ૨૨૦
ભાવના ૬, ૧૧, ૩૩, ૩૫, ૩૯, ૭૪, ૮૨-૮૩, ૧૩૮
ભાષ્ય ૨૭, ૧૪૧, ૧૬૨
ભૂતચૈતન્યવાદ ૫૬, ૧૮૦-૧૮૩
ભૂતદયા શમ ૧૫૫
મત્સ્ય પુરાણ ૯૯, ૧૦૫, ૧૧૮, ૧૫૪, ૧૫૫
મદતમ ૧૦
મદતર ૧૦
મનદંડ ૧૬૯
મહાસાંઘિક ૮૨
મંદ ૩, ૮, ૧૦, ૧૨, ૧૩૧, ૨૩૪
માયામોહ ૯૯, ૧૦૩, ૧૦૪, ૧૦૬, ૧૧૦, ૧૧૪
માયાવાદ ૬૫, ૧૧૮
માંડલિય સંજ્ઞા ૧૨૧
મિત્રા ૧૦,૧૧, ૨૨૯
મિથ્યાદૃષ્ટિ ૮, ૯, ૧૩૮, ૧૮૦
મૂઢ ૪, ૫, ૧૨૦
મોક્ષકાલ ૧૦
મોહનીયકર્મ ૮
યજ્ઞીય હિંસા ૧૦૩
યોગરૂપ ૧૧
રજોગુણ ૪, ૫
રાગદ્વેષ ૩, ૪
લોકોત્તરવાદીઓ ૫૯, ૮૨, ૧૮૮, ૨૧૨, ૨૧૯
વચનદંડ ૧૬૯
વસુ ૧૫૧, ૧૫૫, ૧૫૭
વિકાસક્રમ ૧, ૨, ૪-૬, ૧૦, ૧૨, ૧૩
વિક્ષિપ્ત ૪, ૫
વિધેય ૬૬
વિપર્યસી ૮૯
વિરતિ ૬, ૯
વૃત્તિઓનો નિરોધ ૫
વૃત્તિક્ષય ૧૧
વેદ ૧૧, ૭૫, ૯૨, ૧૦૩, ૧૫૦
વેદાનભિજ્ઞ ૧૨૫
વેન ૧૧૦-૧૧૩
વૈચિત્ર્ય ૩૫
વૈયક્તિક ૨૪-૨૬, ૩૫, ૩૬
વૈષમ્ય ૩૫
વ્યવહાર ૨૭-૨૯, ૩૩, ૩૫, ૩૭, ૪૨, ૪૬, ૫૯, ૮૩, ૯૨, ૧૧૩,

૧૪૬, ૧૮૪, ૨૨૭
વ્યાખ્યા ૧૨, ૧૭, ૨૨, ૩૩, ૪૫, ૬૪, ૬૫, ૮૨, ૮૬, ૯૨, ૯૯, ૧૦૨, ૧૦૩, ૧૩૭, ૧૩૮, ૧૪૧, ૧૬૨, ૧૬૯, ૧૭૨, ૨૦૨, ૨૦૫
વ્યામોહ ૯૩
શબ્દનિત્યત્વ ૭૮, ૮૦
શાસ્ત્રજ્ઞ ૩૮, ૧૭૧
શાસ્ત્રવિવેક ૨૦૨
શીતલેશ્યા ૧૭૪
શુક્લધ્યાન ૩૮, ૩૯
શુભેચ્છા ૬
શૂન્યતાની ભાવના ૮૩
શૂન્યવાદ ૮૨-૮૪, ૯૦, ૧૩૫
શૈવદર્શન ૧૬૭
શ્રુતધર ૧૬૯
શ્રૌતસ્માર્ત ષષ્ટિતંત્ર ૧૦૮, ૧૦૯
સકદાગામી ૭
સત્ત્વાપત્તિ ૬
સત્યદર્શન ૮, ૯
સદ્દૃષ્ટિ ૧૦
સમણ ૧૨, ૧૩
સમતા ૧૧
સમ્યક્મિથ્યાદૃષ્ટિ ૧૩૮
સમ્યક્ત્વ ૮
સર્વજ્ઞપુરુષપ્રણીત-શાસ્ત્રવાદ ૮૦
સંયોગકેવલી ૮
સંસાર અને ધર્મ ૨૧, ૩૧, ૩૬
સામષ્ટિક ૨૭
સાસ્વાદન ૮
સાંખ્ય ૧, ૫૨, ૬૯, ૧૩૯, ૧૬૨-૧૬૪, ૧૬૮
સુનીથા ૧૧૦, ૧૧૨
સુશંખ ૧૧૨
સુષુમ ૫, ૨૩૧-૨૩૩
સુષુમક ૫
સૂક્ષ્મસંપરાય ૮, ૯
સૂક્ષ્મસ્થૂલ ૫૩
સેખ ૧૨, ૧૩
સોતાપન્ન ૭
સ્થવિર શ્રાવકો ૧૪૪
સ્થાલીપુલાક ૯૪
સ્થિરા ૧૦, ૧૧
સ્થૂલ ૧૨૦
સ્થૂલદૃષ્ટિ ૨૭
સ્ફોટવાદ ૭૫, ૭૮-૮૦
સ્યાદ્વાદ ૧૦૪
સ્વપ્ન ૧૪૮, ૧૪૯
સ્વપ્નજાગ્રત ૫
સ્વપ્રયત્નસિદ્ધ ૮૦
હસ્તામલકવત્ ૮૦
હીનયાન ૩૫
હૈતુક ૧૨૫

●

# પરિશિષ્ટ

'દર્શન અને ચિંતન' ભા-૧-૨માં સમાજ અને ધર્મ, જૈનધર્મ અને દર્શન, પરિશીલન, દાર્શનિક ચિંતન, અર્ધ્ય નામના વિભાગોમાં પ્રકાશિત થયેલ તમામ લેખો છ ભાગમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. તે ઉપરાંત ૧૩ લેખો જે 'દર્શન અને ચિંતન'માં છપાયા નથી તેવા લેખોનો પણ અહીં સમાવેશ કરવામાં આવ્યો છે. 'દર્શન અને ચિંતન' ભાગ - ૨માં અંતે પ્રવાસકથા અને આત્મનિવેદન વિભાગમાં છપાયેલ લેખો અનુભવકથા સ્વરૂપ હોવાથી અને 'મારું જીવનવૃત્ત' નામનું તેમનું આત્મકથાનું પુસ્તક અલગ પ્રગટ થઈ રહ્યું હોવાથી અહીં તેનો સમાવેશ કર્યો નથી.

## સમાજ, ધર્મ અને સંસ્કૃતિ

**('દર્શન અને ચિંતન' ભાગ-૧માં 'સમાજ અને ધર્મ' વિભાગમાં છપાયેલ લેખો)**

૧. મંગળ પ્રવચન [ પ્રબુદ્ધ જૈન' : ૮ – ૧૯૪૫ ]
૨. મંગળ પ્રવચન [ 'બુદ્ધિપ્રકાશ' : નવેમ્બર, ૧૯૫૨ ]
૩. જીવનશિલ્પનું મુખ્ય સાધન [ 'જીવનશિલ્પ' : ૮, ૧૯૫૩ ]
૪. જીવનપથ [ અપ્રકાશિત ]
૫. ધર્મ ક્યાં છે ? [ શ્રી મુંબઈ અને માંગરોળ જૈન સભા, સુવર્ણ – મહોત્સવ અંક ]
૬. ધર્મ પ્રવાહો અને આનુષંગિક સમસ્યાઓ [ 'ધર્મોનું મિલન'ની પ્રસ્તાવના ]
૭. ધર્મ અને પંથ [ પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો : ૨૧-૮-૧૯૩૦ ]
૮. નીતિ, ધર્મ અને સમાજ [ પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો : ૧૯૩૨ ]
૯. ધર્મની અને એના ધ્યેયની પરીક્ષા [ પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો : ૧૯૩૭ ]
૧૦. ધાર્મિક શિક્ષણ [ 'અખંડ આનંદ' : ૧૯૫૧ ]
૧૧. ધર્મદૃષ્ટિનું ઊર્ધ્વીકરણ [ પ્રબુદ્ધ જીવન' : ઑક્ટોબર, ૧૯૫૫ ]
૧૨. પ્રવૃત્તિલક્ષી કલ્યાણમાર્ગ [ પ્રબુદ્ધ જીવન' : સપ્ટેમ્બર, ૧૯૫૪ ]
૧૩. યુવકોને [ જૈન યુવક સંમેલન, અમદાવાદ, સ્વાગત પ્રમુખ તરીકેના ભાષણમાંથી : ૧૯૩૫ ]
૧૪. પાંચ પ્રશ્નો [ 'ગૃહમાધુરી' : ૧૨, – ૧૯૫૪ ]
૧૫. સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ [ 'પ્રબુદ્ધ જીવન' : ૧૯-૯-૧૯૫૨ ]
૧૬. જૈન સમાજ : હિંદુ સમાજ [ પંડિત શ્રી મહેન્દ્રકુમારજી ન્યાયાચાર્ય ઉપર લખેલ પત્ર : ૧૮-૯-૧૯૪૯ ]

૧૭. જૈન ધર્મ - જૈન સમાજ :
હિંદુ ધર્મ - હિંદુ સમાજ [ 'પ્રબુદ્ધ જૈન' : ૧૫-૧-૧૯૪૯ ]
૧૮. પુણ્ય અને પાપ : એક સમીક્ષા [ 'પ્રબુદ્ધ જૈન' : ૧૫-૩-૧૯૪૫ ]
૧૯. શાસ્ત્રમર્યાદા [ પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો : ૧૯૩૦ ]
૨૦. શાસ્ત્ર અને શસ્ત્ર વચ્ચે શો ફેર ? [ પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો : ૧૯૩૨ ]
૨૧. સંપ્રદાયો અને રાષ્ટ્રીય મહાસભા [ પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો : ૧૯૩૮ ]
૨૨. સ્વતંત્રતાનો અર્થ [ 'પ્રબુદ્ધ જૈન' : ૧-૯-૪૭ ]
૨૩. લોકતંત્રનો મુખ્ય પાયો [ 'સંસ્કૃતિ' : જાન્યુઆરી, ૧૯૫૪ ]
૨૪. સત્તાબળ અને સત્યબળ [ 'પ્રસ્થાન' : ઑગસ્ટ, ૧૯૫૫ ]
૨૫. સ્વરાજ્યને છઠ્ઠે વર્ષે [ 'પ્રસ્થાન' : ઑગસ્ટ, ૧૯૫૨ ]
૨૬. સ્વરાજ્ય અને સુરાજ્ય [ 'પ્રસ્થાન' : ઑગસ્ટ, ૧૯૫૩ ]
૨૭. હરિજનો અને જૈનો [ 'પ્રસ્થાન' : જેઠ, ૨૦૦૬ ]
૨૮. રાષ્ટ્રીય સદાચાર અને નવનિર્માણ [ 'જનકલ્યાણ' સદાચાર અંક : ૧૯૫૩ ]
૨૯. મૉન્ટીસૉરી પદ્ધતિ વિશે કેટલાક
વાંધા અને તે સંબંધી મારા વિચારો [ 'શ્રી દક્ષિણામૂર્તિ' : મે, ૧૯૨૫ ]
૩૦. વિચારકણિકા [ શ્રી. કિ. ઘ. મ.ના 'સંસાર અને ધર્મ'ની ભૂમિકા ]
૩૧. યુગ સમાનતાનો છે [ 'ગૃહમાધુરી' : મે, ૧૯૫૬ ]

## જૈન ધર્મ અને દર્શન

### ('દર્શન અને ચિંતન' ભાગ-૧માં 'જૈન ધર્મ અને દર્શન' વિભાગમાં છપાયેલા લેખો)

૧. ઇતિહાસની અગત્યતા [ 'જૈન' : શ્રાવણ, ૨૦૦૯ ]
૨. ભગવાન ઋષભદેવ અને તેમનો પરિવાર [ પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો : ૧૯૪૨ ]
૩. ધર્મવીર મહાવીર અને કર્મવીર કૃષ્ણ [ 'જૈન પ્રકાશ' : ચૈત્ર, ૧૯૯૦ ]
૪. ભગવાન મહાવીર : એમના જીવનને
સ્પર્શતી વિવિધ ભૂમિકાઓ [ 'અખંડ આનંદ' : જૂન, ૧૯૪૮ ]
૫. ભગવાન મહાવીરનો મંગળ વારસો [ 'અખંડ આનંદ' : નવેમ્બર, ૧૯૪૯ ]
૬. ભગવાન મહાવીર અને જમાલિના મતભેદનું રહસ્ય [ 'જૈનયુગ' : ચૈત્ર, ૧૯૮૨ ]
૭. ભગવાન મહાવીરનો ત્રિવિધ સંદેશ :
અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્ત [ 'પ્રબુદ્ધ જૈન' : ૧૫-૧૦-૧૯૪૫ ]

૮. મહાવીરનો સંદેશ [ 'પ્રબુદ્ધ જૈન' : ૧૫-૧૦-૧૯૫૦ ]
૯. વીરપરંપરાનું અખંડ પ્રતિનિધિત્વ [ શ્રી આત્મારામજી જન્મશતાબ્દી ગ્રંથ : ૧૯૩૬ ]
૧૦. ભગવાન નેમિનાથ અને કૃષ્ણ [ 'પ્રબુદ્ધ જૈન' : ૧૫-૧૧-૧૯૪૧ ]
૧૧. આત્મદૃષ્ટિનું આન્તરનિરીક્ષણ [ 'પ્રબુદ્ધ જૈન' ૧૫-૧૧-૧૯૪૭ ]
૧૨. પર્યુષણ પર્વ અને તેનો ઉપયોગ [ પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો : ૧૯૩૦ ]
૧૩. ધર્મપર્વ કે જ્ઞાનપર્વ [ 'સુઘોષા' : અશ્વિન, ૧૯૮૪ ]
૧૪. વહેમમુક્તિ [ 'જૈન'પર્યુષણાંક : શ્રાવણ, ૨૦૦૨ ]
૧૫. આપણે ક્યાં છીએ ? [ 'જૈન' : પર્યુષણાંક : શ્રાવણ, ૨૦૦૩ ]
૧૬. મહત્પર્વ [ 'જૈન' પર્યુષણાંક : શ્રાવણ, ૨૦૧૨ ]
૧૭. વિશ્વમાં દીક્ષાનું સ્થાન અને તેનો ઉપયોગ [ પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો : ૧૯૩૦ ]
૧૮. જ્ઞાનસંસ્થા અને સંઘસંસ્થા તથા તેનો ઉપયોગ [ પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો : ૧૯૩૦ ]
૧૯. આજના સાધુઓ નવીન માનસને દોરી શકે ? [ પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો : ૧૯૩૭ ]
૨૦. શિષ્યચોરીની મીમાંસા [ પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો, વર્ષ બીજું ]
૨૧. સાધુસંસ્થા અને તીર્થસંસ્થા તથા તેનો ઉપયોગ [ પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો : ૧૯૩૦ ]
૨૨. તીર્થોની પ્રતિષ્ઠા કેમ સચવાય ? [ પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો, વર્ષ બીજું ]
૨૩. ત્રણે જૈન ફિરકાઓના પરસ્પર સંબંધ અને મેળનો વિચાર [ પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો, વર્ષ બીજું ]
૨૪. ધાર્મિક શિક્ષણ [ પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો, વર્ષ બીજું ]
૨૫. તપ અને પરિષહ [ પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો : ૧૯૩૦ ]
૨૬. અહિંસા અને અમારિ [ પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો : ૧૯૩૦ ]
૨૭. અસ્પૃશ્યો અને જૈન સંસ્કૃતિ [ પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો : ૧૯૩૨ ]
૨૮. અસ્પૃશ્યતા અને હારજીત [ પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો : ૧૯૩૨ ]
૨૯. જીવનશુદ્ધિ અને ભગવાન મહાવીર [ પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો : ૧૯૩૦ ]
૩૦. ગૃહસ્થધર્મીને નિર્વાણ સંભવી શકે ખરું ? [ 'પ્રબુદ્ધ જીવન' : ૧-૨-૧૯૫૪ ]
૩૧. સાચો જૈન [ 'જૈનયુગ' : ભાદ્ર-આશ્વિન, ૧૯૮૩ ]
૩૨. શુદ્ધિપર્વ [ 'પ્રબુદ્ધ જૈન' : ૧-૯-૧૯૪૫ ]
૩૩. આપણી શ્રુત પ્રત્યેની જવાબદારી [ 'જૈન' પર્યુષણાંક : શ્રાવણ, ૨૦૦૮ ]

34. કલ્પસૂત્રનું વાચન અને શ્રવણ [ 'જૈન' : ૧૩-૯-૧૯૩૬ ]
35. જૈન દૃષ્ટિએ બ્રહ્મચર્ય વિચાર [ સ્વતંત્ર પુસ્તિકા ]
36. પુનઃ પંચાવન વર્ષે [ શ્રી રતિલાલ દીપચંદ દેસાઈના વાર્તાસંગ્રહ 'અભિષેક'ની પ્રસ્તાવના ]
37. ગાંધીજી અને જૈનત્વ [ 'પ્રસ્થાન' : ગાંધીમણિમહોત્સવાંક : ૧૯૮૫ ]
38. જૈન જન [ 'પ્રબુદ્ધ જીવન' : ૧-૧૧-૧૯૫૪ ]
39. કલિકાલસર્વજ્ઞને અંજલિ [ 'જૈન' : ૨૮-૧૧-૧૯૪૮ ]
40. વિજયધર્મસૂરિ અને શિક્ષણસંસ્થાઓ [ 'સમયધર્મ' : વર્ષ ૧૬, અંક ૨૦ ]

## પરિશીલન

### ('દર્શન અને ચિંતન'ના ભાગ-૧ તથા ૨માં છપાયેલ લેખો)

1. વિદ્યાની ચાર ભૂમિકાઓ [ 'બુદ્ધિપ્રકાશ' : જુલાઈ-સપ્ટેમ્બર, ૧૯૪૭ ]
2. નચિકેતા અને નવો અવતાર [ 'નચિકેતા' : મે, ૧૯૫૩ ]
3. હિન્દી સંસ્કૃતિ અને અહિંસા [ શ્રી. ધર્માનન્દ કોસમ્બીજીના પુસ્તકની પ્રસ્તાવના ]
4. 'ગીતાધર્મ'નું પરિશીલન [ 'સંસ્કૃતિ' : એપ્રિલ, ૧૯૫૬ ]
5. તથાગતની વિશિષ્ટતાનો મર્મ [ 'અખંડ આનંદ' : મે. ૧૯૫૬ ]
6. બુદ્ધ અને ગોપા [ 'અખંડ આનંદ' : જુલાઈ, ૧૯૫૪ ]
7. સુગતનો મધ્યમમાર્ગ : શ્રદ્ધા ને મેધાનો સમન્વય [ 'જન્મભૂમિ' : ૨૪ મે, ૧૯૫૬ ]
8. સિદ્ધાર્થપત્નીનો પુણ્યપ્રકોપ [ 'ગૃહમાધુરી' : જુલાઈ, ૧૯૫૪ ]
9. હિંસાની એક આડકતરી પ્રતિષ્ઠા [ 'પ્રબુદ્ધ જીવન' : ૧૫ જૂન, ૧૯૪૯ ]
10. આસ્તિક અને નાસ્તિક શબ્દની મીમાંસા [ પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો : ૧૯૩૨ ]
11. વારસાનું વિતરણ [ 'શ્રી. મનુભાઈ પંચોળી – 'દર્શક'ના પુસ્તક 'આપણો વારસો અને વૈભવ'ની પ્રસ્તાવના ]
12. ચેતન–ગ્રંથો [ 'પ્રબુદ્ધ જીવન' : ૧ નવેમ્બર, ૧૯૪૭ ]
13. વિકાસનું મુખ્ય સાધન [ 'બુદ્ધિપ્રકાશ' : નવેમ્બર-ડિસેમ્બર, ૧૯૪૯ ]
14. સમુલ્લાસ [ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાના પુસ્તક 'સત્યં શિવં સુન્દરમ્'નું પુરોવચન ]
15. ખરો કેળવણીકાર [ શ્રી. નાનાભાઈ ભટ્ટની આત્મકથા 'ઘડતર અને ચણતર'નું પુરોવચન ]

૧૬. અનધિકાર ચેષ્ટા [ શ્રી જયભિખ્ખુની નવલકથા 'મત્સ્યગલાગલ'ની પ્રસ્તાવના ]
૧૭. ત્રિવેણીસ્નાન [ શ્રી 'દર્શક'ના પુસ્તક 'ત્રિવેણીતીર્થ'ની પ્રસ્તાવના ]
૧૮. સ્મૃતિશેષ [ શ્રી. મોહનલાલ મહેતા 'સોપાન'ના પુસ્તક 'દીપમંગલ'ની પ્રસ્તાવના ]
૧૯. બિંદુમાં સિંધુ [ 'સંસ્કૃતિ' : ઑગસ્ટ, ૧૯૫૨ ]
૨૦. સર્વાંગીણ સંશોધન અને સમાલોચના [ ડૉ. ધીરુભાઈ ઠાકરના પુસ્તક 'મણિલાલ નભુભાઈ : સાહિત્યસાધના'નો પ્રવેશક ]
૨૧. જીવતો અનેકાન્ત [ શ્રી મહાવીર જૈન વિદ્યાલય, રજત મહોત્સવ ગ્રંથમાંથી ]
૨૨. વટબીજનો વિસ્તાર [ 'ગુજરાતનાં શૈક્ષણિક પ્રગતિ તથા વિકાસ : અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના પ્રયત્ન' (૧૯૫૧)ની પ્રસ્તાવના ]
૨૩. ઉચ્ચ શિક્ષણની બોધભાષાનો પ્રશ્ન [ 'બુદ્ધિપ્રકાશ' : જાન્યુઆરી, ૧૯૪૯ ]
૨૪. ઉચ્ચ શિક્ષણની બોધભાષા ['બુદ્ધપ્રકાશ' ઑગસ્ટ, ૧૯૪૭]
૨૫. ઉચ્ચ શિક્ષણની બોધભાષા : એક પ્રશ્નોત્તરી [ 'સંસ્કૃતિ' : એપ્રિલ, ૧૯૫૪ ]
૨૬. 'સંસ્મરણો'ની આલોચના [ શ્રી. ગ. વા. માવળંકરની આત્મકથાની સમાલોચના ]
૨૭. સ્ત્રી-પુરુષની બળાબળની મીમાંસા [ 'જૈનયુગ' : જ્યેષ્ઠ, ૧૯૮૫ ]
૨૮. પરિવ્રાજિકાનું રોમાંચક લગ્ન અને તેના પુત્રનો બુદ્ધ સાથે સંલાપ [ 'નચિકેતા' : સપ્ટેમ્બર, ૧૯૫૪ ]
૨૯. દંપતીજીવનનાં દસ્તાવેજી ચિત્રો [ 'ગૃહમાધુરી' : માર્ચ, ૧૯૫૬ ]
૩૦. યાયાવર : [ 'શ્રીરંગ' : એપ્રિલ, ૧૯૫૬ ]

## દાર્શનિક ચિંતન

૧. ભારતીય દર્શનોમાં આધ્યાત્મિક વિકાસક્રમ [ 'પુરાતત્ત્વ', પુસ્તક ૧માંથી ઉધૃત ]
૨. ગુજરાતી ભાષામાં દાર્શનિક તત્ત્વજ્ઞાન [ 'નવમી ગુજરાતી સાહિત્ય પરિષદ'માં આવેલો નિબંધ ]
૩. સંસાર અને ધર્મનું અનુશીલન [ શ્રી કિશોરલાલ મશરૂવાળા કૃત 'સંસાર અને ધર્મ' ગ્રંથ - ૮ પંડિતજીએ કરેલ અનુશીલન ]
૪. સ્ત્રીજાતિને દષ્ટિવાદ અંગ ભણવાના નિષેધ પર એક વિચાર [ જૈન સાહિત્ય સંશોધક, ખંડ - ૩, અંક - ૩ ]

૫. બ્રહ્મ અને સમ [ ગુજરાત સાહિત્ય પરિષદના તત્ત્વજ્ઞાનના પ્રમુખપદે આવેલ પ્રવચન ]

૬. ભારતીય તત્ત્વજ્ઞાનની રૂપરેખા [ અમદાવાદમાં મળેલ ભારતીય તત્ત્વજ્ઞાન પરિષદના ૩૩મા અધિવેશનના ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે આવેલ ભાષણ - ૧૯૫૮ ]

૭. સ્વસ્થ અને ઉત્ક્રાન્ત જીવનની કળા

૮. તત્ત્વજ્ઞાન અને ધર્મની પરસ્પર અસર [ અખંડ આનંદ – ફેબ્રુઆરી - ૧૯૫૯ ]

૯. દાર્શનિક ક્ષેત્રમાં સંશોધન [ જીવન માધુરી નવેમ્બર - ૧૯૬૦ ]

૧૦. સાંપ્રદાયિકતા અને તેના પુરાવાઓનું દિગ્દર્શન (૧) [ 'પુરાતત્ત્વ' : પુસ્તક ૪–૫ ]

૧૧. સાંપ્રદાયિકતા અને તેના પુરાવાઓનું દિગ્દર્શન (૨)

૧૨. સાંપ્રદાયકતા અને તેના પુરાવાઓનું દિગ્દર્શન (૩)

૧૩. ચાર્વાક દર્શન [ અંખડ આનંદ મે, ૧૯૫૭ ]

૧૪. અંતઃ સમૃદ્ધિનું મૂલ્ય

૧૫. માનવતાના પાયા, એનું મૂલ્યાંકન અને જીવનમાં એનો વિનીયોગ [ પ્રસ્થાન - ૧૯૫૯ ]

૧૬. મંગળ આશા [ પ્રસ્થાન - ૧૯૬૩ ]

૧૭. આદિ મંગળ [ બુદ્ધિપ્રકાશ ]

૧૮. જીવનદષ્ટિમાં મૌલિક પરિવર્તન [ જીવનમાધુરી – નવે. - ૧૯૫૭ ]

૧૯. દાર્શનિક વિવરણ [ ૧૯૫૭માં સ્નેહ સંમેલનમાં આપેલ પ્રવચનમાંથી ]

૨૦. માનવ મનની ભીતરમાં [ ઑલ ઇન્ડિયા રેડિયો, અમદાવાદ ઉપરથી ૧૯૬૦માં વાર્તાલાપ માટે તૈયાર કરેલ લખાણ ]


## અર્ઘ્ય

### ('દર્શન અને ચિંતન'ના બીજા ભાગમાં છપાયેલ લેખો)


૧. કરુણા અને પ્રજ્ઞામૂર્તિનું મહાપ્રસ્થાન [ 'સંસ્કૃતિ' : માર્ચ, ૧૯૪૮ ]

૨. અંતે આશ્વાસન કોનાથી મળે છે ? [ 'સંસ્કૃતિ' : માર્ચ, ૧૯૪૮ ]

૩. ગાંધીજીનો જીવનધર્મ [ 'જન્મભૂમિ' વિશેષાંક ]

૪. બંને કલ્યાણકારી : જીવન અને મૃત્યુ [ 'પ્રબુદ્ધ જૈન' : ૧ માર્ચ, ૧૯૪૮ ]

૫. વિભૂતિ વિનોબા [ 'ભૂમિપુત્ર' : ૧૫ સપ્ટેમ્બર, ૧૯૫૪ ]

૬. આજનો યથાર્થ માર્ગ : ભૂદાન [ 'પ્રસ્થાન' : કારતક, ૨૦૧૩ ]

૭. ક્રાન્તપ્રજ્ઞ શ્રી કિશોરલાલભાઈ [ 'બુદ્ધિપ્રકાશ' : જાન્યુઆરી, ૧૯૫૦ ]
૮. સર્વમિત્ર ગૃહસ્થ–સંત [ 'બુદ્ધિપ્રકાશ' : સપ્ટેમ્બર, ૧૯૫૨ ]
૯. બ્રાહ્મણ-શ્રમણ ધ્રુવજી [ 'આચાર્ય ધ્રુવ સ્મારક ગ્રંથ'માંથી ]
૧૦. સ્વ. કોશાંબીજીનાં પ્રેરણાદાયી સ્મરણો [ 'પ્રબુદ્ધ જૈન' : ૧૫ જુલાઈ, ૧૯૪૭ ]
૧૧. શાંતિદેવાચાર્ય અને અધ્યાપક કોશાંબીજી [ 'બોધિચર્યાવતાર'નું પુરોવચન ]
૧૨. આચાર્ય શ્રી આત્મારામજી [ સં. ૧૯૮૫માં શ્રી. મહાવીર જૈન વિદ્યાલયમાં આત્મારામજીની જયંતી પ્રસંગે આપેલ વ્યાખ્યાન ]
૧૩. આચાર્ય જિનવિજયજી [ 'પ્રસ્થાન' : જ્યેષ્ઠ, ૧૯૮૪ ]
૧૪. સ્મૃતિશેષ દાદા [ 'બુદ્ધિપ્રકાશ' : માર્ચ, ૧૯૫૬ ]
૧૫. પરિચય થોડો પણ છાપ ઘણી ઊંડી [ શ્રી. ઝવેરચંદ મેઘાણી સ્મૃતિગ્રંથ 'સૌનો લાડકવાયો'માંથી ]
૧૬. આવો ને આટલો આઘાત કેમ ? [ 'પ્રબુદ્ધ જૈન' : ૧૫ ફેબ્રુઆરી, ૧૯૪૭ ]
૧૭. સ્મૃતિપટ [ 'શ્રી જૈન ધર્મ પ્રકાશ' : વૈશાખ, ૨૦૦૭ ]
૧૮. સૌમાં વૃદ્ધ પણ સૌથી જુવાન [ 'પ્રબુદ્ધ જૈન' : ૧ ઑગસ્ટ, ૧૯૫૨ ]
૧૯. ત્રણ સ્મરણો [ 'પ્રસ્થાન' : જ્યેષ્ઠ, ૧૯૮૩ ]
૨૦. કેટલાંક સંસ્મરણો [ 'પ્રબુદ્ધ જૈન' : ૧૫ ફેબ્રુઆરી, ૧૯૪૬ ]
૨૧. અંજલિ [ 'જૈન' : ૨૧ જુલાઈ, ૧૯૫૬ ]
૨૨. એક બીજા મિસ્ત્રી [ 'પ્રસ્થાન' : ફાગણ, ૧૯૯૨ ]
૨૩. સ્વ. લાડુબહેનની જીવનરેખા [ 'પાલણપુર પત્રિકા' : ૧૯૨૬ ]
૨૪. તેજોમૂર્તિ ભગિની [ 'અપંગની પ્રતિભા'માં 'બે શબ્દ' ]
૨૫. બાબુ દયાલચંદજીનાં કેટલાંક સંસ્મરણો [ 'જૈન' : તા. ૧૧-૨-૧૯૫૬ ]
૨૬. તેજસ્વી તારક આચાર્ય શ્રી નરેન્દ્રદેવજી [ 'જૈન' : તા. ૨૫-૨-૧૯૫૬ ]
૨૭. શાસ્ત્રોદ્ધારક સ્વ. મુનિશ્રી ચતુરવિજયજી [ 'પ્રબુદ્ધ જૈન' : તા. ૩૧-૧૨-૧૯૩૯ ]

## અનેકાન્ત ચિંતન

૧. જૈન તત્ત્વજ્ઞાન [ 'પ્રબુદ્ધ જૈન' : ૧૫-૬-'૪૬ ]
૨. જૈન ન્યાયનો ક્રમિક વિકાસ [ સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ, ભાવનગરમાં વંચાયેલ અને 'જૈન સાહિત્ય સંબંધી લેખોનો સંગ્રહ' (જૈ. ધ. પ્ર. સ. ભાવનગર)માં પ્રકાશિત ]

3. સપ્તભંગી [ એક વિદ્યાર્થીને પત્ર ]
૪. પ્રામાણ્ય સ્વતઃ કે પરતઃ ? [ 'કાન્તમાલા' : ૧૯૨૪ ]
૫. ભારતીય દર્શનોની કાળતત્ત્વ સંબંધી માન્યતા [ 'પુરાતત્ત્વ' : પુસ્તક ૧ ]
૬. કથાપદ્ધતિનું સ્વરૂપ અને તેના સાહિત્યનું દિગ્દર્શન [ 'પુરાતત્ત્વ' : પુસ્તક ૩ ]
૭. નિગોદ જાતિના જીવસમૂહ વિષયક પ્રશ્નોત્તરો [ 'જૈન સાહિત્ય સંશોધક' ખંડ ૩, અંક ૨ ]
૮. આવશ્યકસૂત્રના કર્તા કોણ ? (જૈન સાહિત્ય સંશોધક, ખંડ-૩, અંક-૨)
૯. સન્મતિતર્ક અને તેનું મહત્ત્વ [ 'જૈન' રૌપ્ય મહોત્સવ અંક ]
૧૦. હેતુબિન્દુનો પરિચય [ ગાયકવાડ ઓરિયેન્ટલ સિરીઝમાં પ્રકાશિત 'હેતુબિન્દુ–ટિકા'ની પ્રસ્તાવના ]
૧૧. સ્તુતિકાર માતૃચેટ અને તેમનું અધ્યર્ધશતક [ આનંદશંકર ધ્રુવ સ્મારક ગ્રંથ ]
૧૨. 'હર્ષચરિત'ના સાંસ્કૃતિક અધ્યયનનું અવલોકન [ 'સંસ્કૃતિ' : ફેબ્રુઆરી, ૧૯૫૪ ]
૧૩. શ્રીમદ્ રાજચંદ્રની આત્મોપનિષદ : [ શ્રી. રાજચંદ્રના 'આત્મ સિદ્ધિશાસ્ત્ર'નું પુરોવચન ]
૧૪. 'શ્રીમદ્ રાજચંદ્ર' – એક સમાલોચના [ 'શ્રી. રાજચંદ્રનાં વિચારરત્નો'માંથી ]

**પંડિત સુખલાલજી**નો જન્મ ૮ ડિસેમ્બર ૧૮૮૦માં સુરેન્દ્રનગર પાસે આવેલ લીમડી નામના નાનકડા ગામડામાં થયો હતો. ૧૬ વર્ષની ઉંમરે તેમણે શીતળામાં આંખો ગુમાવી ત્યારથી, તેમના જ જણાવ્યા મુજબ, તેમનો બીજો જન્મ શરૂ થયો. આ પછીનું તેમનું જીવન અકલ્પ્ય પુરુષાર્થ જેવું હતું. સને ૧૯૦૪થી ૧૯૨૧ સુધી કાશી અને મિથિલામાં પ્રથમ સંસ્કૃત ભાષા અને પછી ભારતીય દર્શનનો અભ્યાસ કર્યો અને અધ્યાપનકાર્ય કર્યું. ૧૯૨૧થી ૧૯૩૦ સુધી ગૂજરાત વિદ્યાપીઠમાં રહીને સન્મતિતર્કના પાંચ ભાગોનું સંપાદનકાર્ય કર્યું. તે સમગ્ર ભારતીય દર્શનના ઇતિહાસમાં અનન્ય ઘટના હતી. ૧૯૩૩થી ૧૯૪૪ સુધી બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં અધ્યયન અને અધ્યાપનકાર્ય કર્યું. આ દરમ્યાન તર્કભાષા, પ્રમાણમીમાંસા અને જ્ઞાનબિંદુ જેવા ગ્રંથોનું સંપાદનકાર્ય કર્યું. ૧૯૪૪ બાદ યુનિવર્સિટીમાંથી નિવૃત્ત થઈ સતત વિદ્યાપ્રવૃત્તિ કરતાં કરતાં ૯૭ વર્ષની ઉંમરે બીજી માર્ચ ૧૯૭૮માં અવસાન પામ્યા.

પંડિત સુખલાલજી વીસમી સદીના એક મૌલિક ફિલસૂફ હતા. એમણે જીવનમાં વિદ્વત્તા, સાદાઈ અને મનુષ્ય-પ્રેમનો સંગમ સાધ્યો હતો. ભારતના વિધવિધ ધર્મોમાં રહેલું સમન્વયબીજ એમણે શોધ્યું અને ધર્મને ક્રિયાકાંડથી મુક્ત કર્યો. જે ધર્મ સમાજ માટે ઉપયોગી ન હોય એ ધર્મ અપ્રસ્તુત છે એ વાત તેમણે અનેક ગ્રંથોમાં સમજાવી છે. એક પ્રજ્ઞાચક્ષુ અસહાય યુવાન ભારતીય દર્શનનો વિશ્વવિખ્યાત વિદ્વાન કેવી રીતે બન્યો તેની ગાથા માનવજાત માટે સાચવી રાખવા જેવો વારસો છે.

તેમણે અધ્યાત્મવિચારણા [illegible] તત્ત્વવિદ્યા, સમદર્શી આચાર્ય હરિભદ્રસૂરિ [illegible] ત્ત' નામની આત્મકથા લખી. આ ઉપરાંત ર [illegible] ળવણી વગેરે પર જે અસંખ્ય લેખો લખ્યા તે [illegible] ન'માં પ્રગટ થયા છે.